સંવત ૧૯૩૭ ની બીજી તથા ૧૯૫૮ ની પેહેલી આવૃત્તિ.

સત્યસિંહ

અ થ વા

સુખ દુઃખની સંજ્ઞા.

પ્રકાશક,
સોમાભાઈ મંગળદાસ શાહ.
ગાંધીરોડ, પુસ્તકના માલિક—અમદાવાદ.

અ મ દા વા દ

શ્રી ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાભાઈ મંગળદાસે
છાપ્યું–પ્રગટ્યું.

મુલ્ય રૂ. ૧—૮—૦.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ५३७७ वर्गांक

पुस्तकनुं नाम સત્યસિંહ

विषय ૮ : ૬

એકવાર પ્રસંગ પાડી ખાત્રી કરો.

ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ.

હરેક જાતનું છાપવાનું કામ તાકીદે
તૈયાર થાય છે.

અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી

નવા ટાઇપમાં

સઘળું કામ થતું હોવાથી ગ્રાહકોને હરેક
રીતે સંતોષ મળી શકશે.

તાકીદે અને મુકરર કરેલે વખતે કામ કરી
આપવા માથે લઇએ છીએ.

પ્રુફ વાંચવાની કડાકુટ ગ્રાહકોને કરવી પડશે નહી.

વધુ વિગત માટે જાતે મળ્યાથી ખુલાસો થશે.

રીચીરોડ, પાંચકુવા—અમદાવાદ.

ધોળકાના સુવિખ્યાત

વૈદ્ય જાફરભાઇ જીવણભાઇની રૂ. ૧૦૧ ની ઇનામવાળી

તાવને માટે રામબાણ ☞ જવરહર–ગુટિકા ☜

કોઇપણ જાતનો તાવ એટલે કે, રોજીંદો, એકાંતરીયો, ચોથીયો, ઊન્હો, ટાઢિયો અને ચાલુ જમાનાના નવી નવી જાતના ઉડતા ચેપી તાવો અમારી જવરહર ગુટિકાથી ન ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. અથવા કોઇ સખસ સાબિત કરી આપશે કે વૈદ્ય જાફરભાઇ જીવણભાઇની જવરહર ગુટિકાથી ચોથીયો તાવ નથી જતો તો તેને રૂ. ૧૦૧)નું ઇનામ આપીશું. ગોળી ૬૪ની ડબી ૧ ની કીં. રૂ. ૧)

તદ્દન મફત ધાતુપુષ્ટિ.

ધાતુપુષ્ટિ નામનું પુસ્તક નઠારી સોબત અને ખરાબ વિચારથી મનુષ્યને શરીરની પાયમાલી કરનારી કુટેવો પડે છે, તેવી કુટેવોમાંથી મુક્ત કરવામાં આ પુસ્તક એક સાચા મિત્રની ગરજ સારે છે, અને તનદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય ઉમદા વિચાર અને સંપુર્ણ સુખ મેળવવાનાં અખુટ સાધનો બતાવે છે, તે સિવાય અમારી અકસીર દવાઓની પુર્ણ માહેતી મળે છે. ફક્ત એક પોસ્ટકાર્ડ લખવાથી પોસ્ટખર્ચ કે કીમત લીધા સિવાય તદ્દન મફત મોકલવામાં આવે છે.

રૂ. ૧૦૧ નું ઇનામ. શુક્રસંજીવની ગુટિકા.

દરેક માણસ સમજે છે કે ધાતુની મજબુતીથીજ શરીરની શક્તિ અને મજબુતી કાયમ રહે છે. આવી જીવનરૂપ ધાતુનો કોઇપણ કુટેવ દ્વારા કે અનિયમિત રીતે ગેરઉપયોગ કરવાથી શરીર નિર્બળ થઇ જઇ કળતર, વાંસાનું ફાટવું, ચહેરાનું ફીકું પડી જવું જ્ઞાનતંતુઓની નબળાઇ, થોડી મહેનતે વધારે થાક લાગવો, મગજનું ખાલી પડી જવું, બેચેની, કામ કરવા ઉપર કન્ટાળો, હોજરીનો બિગાડ, યાદશક્તિનું કમી થવું, ઉધરસ, ક્ષય, શ્વાસ વીગેરે વીગેરે અનેક રોગો ઉત્પન્ન થાય છે. તેનો અને તે સિવાય ધાતુ બિગાડથી થએલા તમામ દરદોનો નાશ કરી શુક્ર સંજીવની ગુટિકા કાયમનું પુરૂષત્વ બક્ષે છે. તેમજ પાચનશક્તિને સુધારી દસ્તને સાફ લાવી કોઇપણ રસ્તેથી જતી ધાતુને અટકાવી ગમે તે કારણથી પ્રાપ્ત થએલી નામર્દીનો નાશ કરી શક્તિને વધારી પરિપુર્ણ મર્દાઇ બક્ષવી તે તેનો મુખ્ય ગુણ છે. છતાં કોઇ સખસ સાબિત કરી આપશે કે શુક્રસંજીવની ગુટિકામાં શક્તિ વધારવાનો ગુણ નથી તો તેને રૂ. ૧૦૧ નું ઇનામ આપીશું ગોળી ૧૫૦ ની ડબી ૧ ની કી. રૂ ૨–૮–૦.

પરમીયાની અકસીર દવા.

આ દવા તમામ જાતના પરમીયનો તાકીદે નાશ કરે છે. ડબી ૧ની કીં. રૂ. ૨–૦–૦ મળવાનું ઠેકાણું:—વૈદ્ય જાફરભાઇ જીવણભાઇ

આરોગ્યવર્ધક ઔષધાલય મુ. ધોળકા–(ગુજરાત)

ધૈર્યવાન

સત્યસીંહ

અથવા

(સુખ દુખ:ની સંજ્ઞા.)

લખનાર

ચુનીલાલ પુંજીરામ મણીયાર.

વડનગર—(ગુજરાત)

(માલતી, રામગુણ ગીતા ઇત્યાદિના લેખક)

પ્રકટ કરનાર

સોમાલાલ મંગળદાસ શાહ.

ગુજરાતી પંચના માલિક—અમદાવાદ

સને ૧૯૧૫. સંવત ૧૯૭૧.

(સર્વ હક કર્તાને સ્વાધીન)

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦૦

શ્રી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું

પાંચકુવા—અમદાવાદ.

કિંમત રૂ. ૧—૮—૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૫૩૧૧



ઠાકોર સાહેબ શ્રી વજેસિંહજી અજબસિંહજી.

સાઠંબા (મહીકાંઠા એજન્સી.)

G. P. Press—Ahmedabad.

અર્પણ પત્રિકા.

નામદાર ઠાકોર સાહેબ શ્રી વજેસીંહજી સાહેબ

તાલુકે-સાઠંબા.

પ્રત્યેક મનુષ્ય પ્રતિની આપશ્રીની દિલસોજ લાગણી,
બહોળો અનુભવ, કદી પણ ભૂલી શકાય નહિ તેવી
ગાંભિર્યતા, અને ઔદાર્યતા ઈત્યાદિ સદ્ગુણોથી
આકર્ષાઈ, આપશ્રીની સાથે મને થયેલા
નિકટ પરિચયના સ્મરણાર્થે આ
પુસ્તક આપ નામદારને
અર્પણ કરતાં મને
અત્યંત આનંદ
થાય છે.

લી. આપનો
કૃપાભિલાષી,
ચુનીલાલ પુંજીરામ મણિયાર.
વડનગર-(ગુજરાત.)

પ્રસ્તાવના.

આ અદ્ભુત સંસારમાં જેમ પ્રકાશનું અને અંધકારનું યુગ્મ છે, તેમ સુખ અને દુઃખનું પણ યુગ્મ છે. કેટલાક વિદ્વાનો કહે છે કે સુખની કિમ્મત આંકવાનું સાધન દુઃખ છે અને દુઃખની કિમત સુખ-વડે થઈ શકે છે પરંતુ સુખ અને દુઃખ કોને માનવાં એ પ્રશ્ન ઘણો વિકટ છે. એક પ્રકારનું સુખ, તેના કરતાં વિશેષ સુખની અપેક્ષાએ જ્યારે દુઃખ મનાય છે ત્યારે એક પ્રકારનું દુઃખ વિશેષ પ્રકારના દુઃખની અપેક્ષાએ સુખ મનાય છે. આ કારણસર સુખ અને દુઃખની રૂપરેખા દોરવી એ ઘણું મુશ્કેલ કાર્ય છે. છતાં એટલું તો નિર્વિવાદ છે કે પ્રત્યેક મનુષ્ય માત્ર સુખજ નહિ પણ સુખ અને દુઃખ ઉભય સહન કરવાને સરજાયેલું છે.

જગતમાં મનુષ્યો ત્રણ પ્રકારના છે (૧) ઉતમ (૨) મધ્યમ અને (૩) કનિષ્ટ સુખ અને દુઃખના પ્રશ્ન બાબે ઉક્ત વર્ગોની વહેંચણી કરતાં ઉત્તમ મનુષ્ય તેનેજ કહી શકાય કે જે ગમે તેવી સ્થીતિમાં સંતોષ માની દુઃખમાંથી સુખને શોધી લે છે, વિઘ્નોને ભેદી આગળ વધે છે અને જે સ્થીતિમાં તે મુકાયો હોય તેજ સ્થીતિનો પાઠ ભજવવાને માટેજ જાણે તેને જગતનિયંતાએ-સંસાર-ના સુત્રધારે આ સૃષ્ટિમાં સરજેલો હોય એમ તે માને છે. મધ્યમ પ્રકારના મનુષ્યો દુઃખથી ભય પામે છે તથાપી ઘણી શાન્તિથી તે સહન કરે છે. અને કનિષ્ટ પ્રકારના મનુષ્યો દુઃખની છાયા દેખતાંજ ત્રાસી જઈ બુદ્ધિ ઉપરની સત્તા ગુમાવી બેસે છે.

આ સંસારના મનુષ્યો જેને 'સુખ' કહે છે તે વાસ્તવીક રીતે ખરૂં સુખ નથી, જે સુખનું પરિણામ દુઃખ હોય તેને સુખની ઉપમા આપવી નિરર્થક છે તોપણ જે અર્થમાં જે વસ્તુને તેઓ સુખનું નામ આપે છે તે સુખના પ્રસંગો કરતાં દુઃખના પ્રસંગો મનુષ્યના ઉપર વિશેષ હોય છે. અને તેમાં પણ આધુનિક કાળમાં તો ભારત વર્ષના સંતાનો ઘણા ભાગે દુઃખી હોવાનું પ્રતિત થાય છે. અને તેટલાજ માટે વિદ્વાનોએ આ સંસારને સંકટના સમુદ્રની ઉપમા

આપેલી છે. અને તે વાસ્તવીક છે કારણ કે જગતના પ્રત્યેક મનુષ્યો પોતાની ગૃહરાજ્યરૂપી ન્હાનકડી હોડીમાં બેસી તે સમુદ્રમાં નીરંતર પર્યટન કરે છે સમુદ્રમાં ફરનારી હોડીઓ જેમ તેનાં પ્રબળ મોજાં સામે અફળાઇ મૃત્યુ અને જીવન વચ્ચે ઝોલાં ખાય છે, તેજ પ્રમાણે આ સંસારરૂપી સમુદ્રમાં પણ મનુષ્ય ઉન્નતિ અને અવનતિરૂપ ભરતી ઓટ વચ્ચે અથડાય છે. સમુદ્રમાં જેમ અનેક પ્રકારના ખડકો છે તેમ સંસારરૂપી સમુદ્રમાં પણ વિઘ્નોરૂપી અનેક જાતના ખડકો છે. સમુદ્રમાંની હોડીઓ જેમ ઘણી વખત ખડકો સાથે અથડાઇ ભાગી ભૂકો થાય છે તેમ સંસારરૂપી સમુદ્રમાં પણ મનુષ્યની કર્તવ્યરૂપી નઉકા વિઘ્રરૂપ ખડકો સાથે અથડાય છે. અને તેથી ઘણી વખત ઉલ્કાપાત જેવું બને છે.

બાહોશ અને કાબેલ સુકાની જેમ તોફાની સમુદ્રમાં પણ પોતાની નઉકાને કાબેલીયતથી ચલાવે છે તેમ સંસારમાં આદર્શજીવન વ્યતિત કરનારે પણ પોતાની કર્તવ્યનઉકા, કુનેહ અને હોશીઆરીથી આગળ ને આગળ ચલાવવી જોઇએ. ખડકની સાથે નઉકા અથડાતાં કે સમુદ્રના પ્રબળ તોફાનને ભોગ પડતાં બહાદુર સુકાની જેમ ધૈર્ય અને હિંમતથી સઘળું સહન કરે છે અથવા તો વિઘ્નોને ભેદી પોતાની નઉકા આગળ ચલાવે છે તે પ્રમાણે જગતના વિર મનુષ્યોએ પણ દરેક વિઘ્નોને ભેદી આગળ વધવું જોઇએ અથવા તો સઘળું સહન કરવું જોઇએ. આ સિદ્ધાન્તના દૃષ્ટાન્ત તરીકે આ પુસ્તક વાચક બંધુઓના કરકમળમાં આવે છે. સુખની ખરી કિંમત આંકવાને દુઃખનો અનુભવ આવશ્યક હોવાથીજ જગતનિયંતાએ પ્રત્યેક મનુષ્યને દુઃખની ધરા નીચે મુકેલો છે. યદ્યપિ જ્યારે મનુષ્યને દુઃખ પડે છે ત્યારે તેને દીલાસાની તંગી પડે છે. હિંદુ સંસારમાં દુઃખના પ્રસંગોમાં દિલાસો આપવાની રૂઢિ વિલક્ષણ બુદ્ધિમાંથી જન્મ પામેલી છે. પરંતુ તે રૂઢિના ઉદ્દેશનું હાલ પરિવર્તન થયેલું દૃષ્ટિગોચર થાય છે અને તેટલા માટે દુઃખી મનુષ્યોને દિલાસો મળે, ઉત્તમ વર્ગના મનુષ્યોની માફક તેઓ ધૈર્ય અને હિંમતની ઢાલ હાથમાં લઇ, વિઘ્નોને ભેદી આગળ વધે એવા ઉદ્દેશપર રચાયેલા પુસ્તકોની જરૂર છે.

સંસાર સુધારાના પ્રશ્નોપર પ્રકાશ પાડનારાં પુસ્તકો પ્રગટ

કરવા તરફ ઘણા વિદ્વાનોનું લક્ષ દોરાયેલું હોવાથી ઉક્ત ઉદ્દેશને બંધ બેસતું, અને તે સાથે સામાજીક પ્રશ્નોપર પ્રકાશ પાડતું એક પુસ્તક લખવાનો મને વિચાર થઇ આવતાં તેના ફળરૂપે હાલનું ચિત્ર આ-લેખવાને હું શક્તિવાન થયો છું.

વાર્તાનો મુખ્ય નાયક સત્યસીંહ કેવો ધૈર્યવાન છે અને ગમે તેવા મજબુત હૃદયના મનુષ્યને પણ ડગમગાવે તેવાં સંકટ તેણે કેવી શાન્તીથી સહન કર્યા છે. તેમજ દુઃખના પ્રસંગોમાં તેની સદ્ગુણી સ્ત્રી સર્યુ પોતાના પતિની છાયા નીચે રહી કેવી રીતે દુઃખમાં ભાગીદાર થયેલી છે. એ જો કે પ્રસ્તુત પુસ્તકનો પ્રાધાન્ય વિષય છે તથાપી અન્ય અગત્યના પ્રશ્નોને ગૌણવિષય તરીકે સંકલિત કરી તેને વિશેષ આકર્ષક અને રસીક બનાવવા તરફ લક્ષ આપવામાં આવ્યું છે.

કવચિત્ કોઇ પ્રશ્ન કરશે કે દુઃખના પ્રસંગોમાં દિલાસો મળે એવાં અનેક ચારિત્ર્ય ભારતવર્ષમાં વિદ્યમાન છતાં કલ્પીત ચિત્ર આલેખવાનું પ્રયોજન શું ? તેના ઉત્તરમાં મ્હારે કહેવું જોઇએ કે મનુષ્ય માત્રને નવિનતા પ્રિય છે પ્રાચીન દૃષ્ટાન્તોથીજ મનુષ્યનું મન સંતોષ પામતું હોત તો આધુનિક નાટકકારોને નવીન પ્રયોગો ભજ-વવાની આવશ્યકતા ન હોત અને તેટલા માટે ભારતવર્ષની પ્રજામાં હાલ જે પ્રમાણમાં સાહીત્યનો શોખ ઉત્પન્ન થવા પામ્યો છે તે પ્રમાણમાં અન્ય વિષયો પ્રતિપાદન કરવા ઉપરાંત, દુઃખના પ્રસંગોમાં મનુષ્ય ધૈર્ય રાખતાં શીખે, વિઘ્નને નહિ ગણકારતાં પોતાના કર્તવ્ય પ્રદેશમાં અડગ રહે, આત્મબળ વધારી દુઃખની સામે ટક્કર ઝીલે અને પ્રાપ્ત સ્થીતિથી સંતોષ પામી પોતાનું કર્તવ્ય કર્મ કર્યા કરે એવું જ્ઞાન અર્પણ કરનારાં ચિત્ર આલેખી રસજ્ઞ વાચકોની સન્મુખ રજુ કરવાની અગત્ય છે.

એટલું તો મ્હારે સ્વિકારવું જોઇએ કે આવાજ ઉદ્દેશ ઉપર રચાયેલું એકાદ પુસ્તક કોઇ વિદ્વાનની લેખિનીમાંથી જન્મ પામ્યું હોતતો તે વિશેષ આવકારદાયક લેખાત. તથાપિ તેમ થતાં સુધી આ ક્ષુદ્ર લેખકની લેખનિમાંથી જન્મ પામેલું પુસ્તક એકાદ મનુષ્યને પણ દુઃખના પ્રસંગોમાં દિલાસારૂપ થઇ પડશે તો લેખક પોતાનો યત્ન સફળ થયેલો માનશે.

ભારતવર્ષની અને તેમાં પણ વિશેષતઃ ગુર્જર બંધુઓની ઉન્નતિ માટે સતત પ્રયત્ન કરવાના સ્તુતિપાત્ર ઉદ્દેશથી મ્હારા પરમ મીત્ર સોમાલાલ મંગળદાસે " ગુજરાતી પંચ " દ્વારા બજાવેલી ઉત્તમ સેવા ઉપરાંત જનસમાજની સાંસારિક અને નૈતિક સ્થીતિની સુધારણાર્થે ઉપયોગી પુસ્તકો પ્રગટ કરી ગ્રાહકોને ભેટ આપવાની જે યોજના અમલમાં મુકી છે તે કેટલી આવકારદાયક છે? તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય. તથાપી એટલું તો હું અવશ્ય કહીશ કે, મ્હારા મિત્રના તે વિચારના પ્રારંભમાં હાલના લેખકને " માલતી " નામનું પુસ્તક પ્રગટ કરવાની એક વખતે તક મળ્યા પછી, તેજ લેખકને વાંચક બંધુઓને ભેટવાની પુનઃ તક મળી છે, અને તેને માટે લેખક અંતઃકરણથી ઉપકાર માને છે.

પુસ્તક કેવું રહસ્યપૂર્ણ છે અને તેમાં જીજ્ઞાસા રસનો ઝરો કેવી ઉત્તમ પદ્ધતિથી દાખલ કરેલો છે ઇત્યાદિ પ્રશ્નોનું વિવેચન કેટલીક વખત પ્રસ્તાવનામાં થયેલું પ્રતિત થાય છે. મ્હારી માન્યતા પ્રમાણે એ આત્મશ્લાઘા કરવાને અપરાધ કરવા બરાબર છે. અને તેટલાજ માટે હું આ પુસ્તકની કિંમત આંકવાનું કામ વાંચકોની મુનસફી ઉપર રાખું છું.

ભુલચુકની ક્ષમા માગ્યાવિના પણ આપવી એ સજ્જનોનો પરમ ધર્મ હોવાથી હું તેવી ક્ષમા માગવાની આ સ્થળે અગત્ય ધારતો નથી.

લી. કર્તા.

" ગુજરાતી પંચ " પત્ર તરફથી આપવામાં આવેલી ભેટો.

નામ.	લેખક.	કીંમત.
૧૯૦૩		
૧ માલતી અથવા આર્યોના સાંસારિક દુર્ગુણોથી થતી ખુવારી. ...	રા. ચુનીલાલ પુંજીરામ મણીઆર.	૧—૦—૦
૧૯૦૪		
૨ ભોગીતા અથવા વીજળી ગામડીઅણ. ...	રા. ચત્રુભૂજ માણકેશ્વર ભટ્ટ.	૧—૮—૦
૧૯૦૫		
૩ સંસાર યાત્રા. ...	રા. છગનલાલ કેવળરામ મહેતા.	૦—૧૨—૦
૧૯૦૬		
૪ શૈલપુરની સુંદરી. ...	રા. રશ્મિકાન્ત.	૧—૦—૦
૧૯૦૭ ની બે ભેટો.		
૫ અયોધ્યા અને અંગ્રેજ. ...	રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા.	૧—૮—૦
૬ અલક્ષ્યજ્યોતિ. ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૯૦૮ ની બે ભેટો		
૭ ઉષાકાન્ત. ...	રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીયા બી. એ. (બ.સ.)	૧—૮—૦
૮ પદ્મનાભ. ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૯૦૯ ની બે ભેટો.		
૯ મધુકર. ...	રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.	૧—૮—૦

૧૦ જ્યોતિપુંજ. ... રા. મધુકર. ૧—૮—૦

૧૯૧૦ ની બે ભેટો.

૧૧ શાન્તિદા. ... અ. સૌ. સુમતિ. ૦—૧૨—૦

૧૨ પ્રિયકાન્ત. ... રા. રણજીતભાઇ વજુભાઇ ૧—૮—૦

૧૯૧૧ ની બે ભેટો.

૧૩ સિતારનો શોખ તથા સુરબાળા. ... રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયા. ૧—૮—૦

૧૪ લલિત મોહન. ... રા. દામોદર વખતચંદ શાહ. ૧—૮—૦

૧૯૧૨ ની બે ભેટો.

૧૫ શ્વેતભાનુ. ... રા. માધુભાઇ બાબારાવ દીવેટીયા. ૧—૮—૦

૧૬ સુવર્ણ કુમારી. ... રા. ચત્રુભુજ માણેકેશ્વર ભટ્ટ. ૧—૮—૦

૧૯૧૩

૧૭ કુંજબાળા. ... રા. શિવભાઇ બાપુભાઇ (બન્ધુસમાજ.) ૧—૦—૦

૧૯૧૩ ની બીજી તથા
૧૯૧૪ ની પહેલી ભેટ.

૧૮ સત્યસિંહ. ... રા. ચુનીલાલ પુંજીરામ મણીયાર. ૧—૮—૦

સત્યસિંહ

અથવા

સુખદુઃખની સંજ્ઞા.

પ્રકરણ ૧ લું.

સંસાર એ સંકટનો સમુદ્ર છે.

નહિ જગતમાં સુખીઓ મળે
દુઃખી સર્વ આ સંસારમાં,
રાજા દુઃખી રૈયત દુઃખી
સૌ જન દુઃખી જગ દ્વારમાં;
બાળક દુઃખી યુવક દુઃખી
વૃદ્ધો દુઃખી નરનારમાં,
નિર્ધન અને ધનવાન સર્વે
દગ્ધ દુઃખ અંગારમાં—

શું તે સત્ય હશે ?

શ્રી નગર નામના એક વિશાળ શહેરના છેડા ઉપર ન્હાની સરખી ઝુંપડીમાં રહેનાર એક રંક માણસ ઉક્ત ભજનશ્રવણ કર્યા પછી પોતાના મનોરાજ્યમાં સંકલ્પવિકલ્પ કરે છે. તેનું નામ સત્ય-સિંહ છે પણ હાલ લોકો તેને "સતીઓ" કહી બોલાવે છે. કારણ કે તેની હાલત અતિ કંગાલ છે. નિર્ધનતાએ તેની તરૂણાવસ્થાને કરમાવી નાંખી છે, જો કે તેની બુદ્ધિ અતિ તિવ્ર છે, તથાપિ વસુના અભાવે તે હાલ પશુ જેવો ગણાય છે. ક્ષત્રિય જાતિમાં જન્મ્યો છ

પણ ક્ષત્રિય ગુણો વિકસાવવાનું ક્ષેત્ર અને સંજોગો ન હોવાથી કેટલાક તેને શુદ્ર હોવાનું માને છે. કુટુંબમાં તે પોતે એકલોજ છે, પણ નિર્વાહ પુરતું પ્રાપ્ત કરી ઉપાધી રહીત જીંદગી વ્યતિત કરે છે.

પ્રત્યેક મનુષ્ય ક્રમેક્રમે પોતાના અભ્યુદયને ચ્હાય છે અને નિરન્તર સુખપ્રાપ્તિ વિષેની અભિલાષા ધારણા કરે છે. સત્યસિંહની માનસિક સૃષ્ટિમાં પણ હાલ સુખપ્રાપ્તિના વિચારોનું સામ્રાજ્ય પ્રવર્તે છે.

જ્યારે જ્યારે તે રાજ્યના મ્હોટા મ્હોટા જાગીરદારો, શ્રીમંતો અને સત્તાધીશોના બાહ્ય વૈભવનું નિદર્શન કરે છે ત્યારે તે પોતાની દુઃખી હાલતને માટે અત્યંત શોક પ્રદર્શિત કરે છે. અને તેવું સુખ શી રીતે પ્રાપ્ત થાય? તેને માટે અનેક તર્ક વિતર્ક કરી છેવટ પ્રભુની પ્રાર્થના કરે છે.

" હે પરમકૃપાળુ પરમાત્મા! તુ સમગ્ર સૃષ્ટિનો કર્તા છે. રાજા અને રંક, ધનવાન અને નિર્ધન, સ્વામિ અને સેવક, ભિક્ષુક અને દાતાર, બળવાન અને નિર્બળ સર્વે ત્હારાંજ સંતાન છે. સર્વનો તુ એક મહાન પિતા છે અને વળી હુ સાંભળું છું કે તું અદલ ઇનસાફી છે. ત્યારે શું એક બાળક ઉપર રાગ અને બીજા પ્રત્યે અવકૃપા એ શું ત્હારો ઇનસાફ છે? જગત્નાં સુખોની વહેંચણી કરવામાં શું તુ નિષ્પક્ષ છે? નહિજ. જ્યારે એકને વૈભવ અને સુખનું પ્રદાન કરવામાં તું અતિ ઉદાર થાય છે, ત્યારે બીજાને દુઃખી અને દરિદ્રી બનાવતાં કિંચિત્ દયા દાખવતો નથી, જેમને જરૂર નથી તેમના ત્યાં અખુટ ભંડાર ભરે છે, ત્યારે ગરજુને અનેક પ્રાર્થનાઓ કર્યા છતાં તે તરફ દુર્લક્ષ કરે છે. એ શું ત્હારો વિવેક છે? માટે હે દીનદયાળુ પિતા! તું ત્હારાં સર્વ બાળકો પ્રતિ સમાન દૃષ્ટિથી જો, અને રંકો પ્રતિ વિશેષતઃ રહેમ દીલ થા.

હું દુઃખી છું. દરિદ્રી છું. છતાં ત્હારોજ દીન બાળક છું સુખ પ્રાપ્તિ માટે હું નિરન્તર પ્રાર્થના કરૂં છું. માટે મને સુખી કર. જ્યારે વિના વીનંતીએ તું આ સૃષ્ટિમાં વૃષ્ટિ કરે છે. વૃક્ષોને ફળફુલ અર્પે છે. જળાશયોને જળથી છલોછલ ભરી દે છે. ત્યારે મારી અનેક યાચનાઓ શા માટે લક્ષમાં લેતો નથી?

સત્યસિંહને સંપૂર્ણ આશા હતી કે પરમાત્મા તેની પ્રાર્થના શ્રવણ કરી તેને સુખી બનાવશે પણ જ્યારે તેણે સન્ધ્યા·

સીના ભજનમાં એવું સાંભળ્યું કે જગતમાં કોઇ સુખીજ નથી" ત્યારે તેને અત્યન્ત અજાયબી થઇ. તત્કાળ તે ઝુંપડીમાંથી બહાર આવ્યા. એક અલૌકિક મહાત્માનાં તેને દર્શન થયાં. સત્યસિંહ સહેલાઇથી સમજ્યો કે પ્રસ્તુત ભજન કહેનાર તે મહાત્માજ હતા. સત્યસિંહ મહાત્માને સવિવેક નમન કર્યું, અને સવિનય પૂછ્યું. "પૂજ્ય મહાત્મા ! શું જગતમાં કોઇ પણ સુખી નથી ?"

સન્યાસીએ ઉત્તર આપ્યો,—હા વત્સ ! હું તો એમજ માનું છું. એક સુખી માણુસ પાસેથી ભીક્ષા મેળવવાના ઉદ્દેશથી હું નિકળ્યો છું. પર્યટન કરતાં દીર્ઘ સમય થયો પણ અદ્યાપી કોઇ સુખી મનુષ્ય દ્રષ્ટિગોચર થતો નથી.

સત્યસિંહે વિસ્મય મુદ્રાથી કહ્યું, આશ્ચર્ય છે ! શું રાજાઓ કે જેઓ પોતાની પ્રજા ઉપર સંપૂર્ણ સત્તા ચલાવે છે. જેઓ પોતાની મોજશોખ અને પોતાના આનંદને માટે આખી દુનિયાને ઉંધી વાળવાનું બળ ધરાવે છે. જેઓ સ્વચ્છંદે ચ્હાય તેટલું ખર્ચ કરી શકે છે. ઇચ્છા હોય તેટલી સ્ત્રીઓ પરણી શકે છે. રાત્રી અને દિવસ મોજમઝાહમાં અને રમતગમતમાં નિમગ્ન રહી શકે છે જેમને કોઇ પણ રોકનાર કે ટોકનાર હોઇ શકતું નથી. તેઓને પણ આપ દુ:ખી માનો છો ?

સંન્યાસીએ ઉત્તર આપ્યો,—'હા, તેઓ દુ:ખી છે. એટલું જ નહિ પણ વિશેષ દુ:ખી છે. રાજ્યપદ્વી એ નિરાંત અને નિર્ભયતાની સ્થીતિ નથી; પણ ભય અને મુશ્કેલીની સ્થીતિ છે.

જેઓ તેને વેગળેથી જુએ છે, તેઓ મ્હોટાઇ ભપકો, અને આનંદ શિવાય બીજું કાંઇ દેખતા નથી, પણ જેઓ તેની પાસે જઇ તપાસે છે તેઓને તો ફક્ત શ્રમ, ગુંચવણુ, ચિંતા, અને ભયજ માલુમ પડે છે. રંક મનુષ્યોને માથા નીચે ખડબચડો પત્થર મૂકયા છતાં જે શાન્ત નિદ્રા પ્રાપ્ત થાય છે તે મખમલની તળાંઇઓ અને રૂથી ભરેલાં ઓશીકાં ભોગવનારાઓને ભાગ્યેજ પ્રાપ્ત થાય છે. હીરા માણેકથી શૃંગારેલું સિંહાસન રાજાઓને માટે અણીદાર ભાલાઓનું બીછાનું છે. રાજાના માથા ઉપર ફરતુ છત્ર એ ખરેખાત છત્ર નથી પણ એક પ્રકારનું જવાબદારીવાળું સુદર્શન ચક્ર છે રાજાના મસ્તક ઉપર પહેરેલો મુગટ અનેક ઉપાધિઓનો ભયંકર ટોપ છે.

અને તેના પગ નીચે શ્રમ અને ગુંચવણુની ઉંડી ખીણુ છે. સુખ, મધુર નિદ્રા અને સંકલ્પ વિકલ્પ વગરનું શાન્ત જીવન એ વસ્તુઓ એવી છે કે જે રાજાઓ કરતાં રંકોજ કેટલેક અંશે પ્રાપ્ત કરી શકે છે કે જેની કિંમત રાજાઓની રિદ્ધિ સિદ્ધિ કરતાં પણુ વિશેષ હોય છે.

સત્યસીંહ—ધારો કે રાજાઓને તો કોઇ બીજો રાજા ચઢી આવવાનો ભય હોય, પોતાની પ્રજાને સંભાળવાની ચિન્તા હોય; પરંતુ લક્ષાધિપતી શેઠીઆઓ કે જેમનો વહિવટ ચલાવનાર અનેક ગુમાસ્તાઓ હોય, વ્યાજ વટાવ વગેરેની વાર્ષિક પેદાશ હોય, રહેવા માટે વિશાળ હવેલીઓ હોય, મોજમજા માટે મનોહર બગીચા હોય, સહેલગાહ માટે ગાડી ઘોડા મ્યાના પાલખી ઇત્યાદી વાહનો હોય, સુવા માટે સોના રૂપાના પલંગો, પહેરવા માટે હીરા મોતી માણેક ઇત્યાદી અમુલ્ય જવાહિરો હોય તેમને દુઃખ શાનું ?

સંન્યાસીએ ઉત્તર આપ્યો,—“ વત્સ ! ડુંગર પ્રદેશ દુરથીજ રળીયામણો લાગે છે. સોમલ તેના બાહ્ય દર્શનથીજ ઉજવળ ભાસે છે. ખરૂં શું છે તે તો અનુભવથીજ જાણી શકાય છે. જેનો વૈભવ વધારે તેને વિપત્તી પણુ વધારે. વત્સ ! જ્યારે તું તે શ્રીમંતોના બીછાના પાસે એક ગુપ્તચર તરીકે પળવાર ઉભો રહે ત્યારે તને પ્રતિત થાય કે તેઓ કેવી અશાન્ત નિદ્રાને આધીન થયેલા હોય છે. અને કોઇ કોઇ વખત તેમના મુખમાંથી કેવા શોકોદ્‌ગાર નિકળી જાય છે. અનેક પ્રકારની જંજાળમાં ગુંથાઇ ગયેલા શ્રીમંતો બાહ્યાકારમાં જેવા સુખી જણાય છે. તેટલાજ તેઓ અંદરખાનેથી દુઃખી હોય છે. તેમને હંમેશ રાજાઓનો ભય રહે છે. સદ્‌ભાગ્યે રાજા દયાળુ અને ન્યાયી હોય તો એક પાંચ રૂપીયાના પગારવાળા નોકરથી પણુ તેઓ ધ્રુજી ઉઠે છે. તેને નિરંતર પોતાની લક્ષ્મી લુંટાઇ જવાનો, ધલાઇ જવાનો, ભય રહે છે. ભય, ગ્લાનિ, અનેક જાતના રોગ, અને ચિન્તા હંમેશને માટે તેમના પ્રારબ્ધમાંજ સરજાયેલાં હોય છે.

સત્યસિંહે નમ્ર થઇ વિશેષ પૂછ્યું,—ત્યારે મહારાજ ! તમારા જેવા સાધુ સન્યાસી તો સુખી હશે કે નહિ ?

સંન્યાસીએ ઉત્તર આપ્યો,—“ સાધુ સન્યાસી પણુ દુઃખીજ જોવામાં આવે છે. તેમનુ બાહ્ય દર્શન જાણુ તેઓ સંસારથી વિરક્ત થયા હોય તેવું ભાસે છે. પણુ અંદરખાનેથી તેઓ અનેક પ્રકારની

જંજાળમાં લપટાયેલા હોય છે. સાધુઓને પણ અન્ય મનુષ્યોની પેઠે રહેવાની. ખાવાની, પીવાની, અને પહેરવાની હાજતો હોય છે. તેને પહોચી વળવાનાં તેઓ હમેશ ચિન્તા ધરાવતા હોય છે. જગતના જે મનુષ્યો ઉપર તેમના પાલન પોષણનો આધાર છે. તેઓને રાજી રાખવાની તેમને ખાસ કાળજી રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમીને જેમ તેમનાં સંતાનોનુ પાલણપોષણ કરવાની ચિન્તા હોય છે. તેમ સાધુઓને પણ પોતાના શીષ્યોનું પાલન પોષણ કરવાની ચિન્તા હોય છે.

સત્યસીંહે પુછ્યું,—“ પુજ્ય ગુરૂ ! સ્ત્રીઓ દુ:ખી હોવા માટે આપ શું કારણ બતાવી શકશો ? આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે સ્ત્રીઓને કમાવાની ચીંતા નથી. બાલ્યાવસ્થામાં માતા પિતા તરફથી તેમનું રક્ષણ થાય છે, પરણ્યા પછી સ્વામી તરફથી સર્વ સામગ્રી પુરી પાડવામાં આવે છે. વૃદ્ધાવસ્થામાં સંતાનો તેમની સેવા કરે છે. જગતની સઘળી ઉપાધીઓનો બોજ હમેશાં પુરૂષના શીર ઉપર હોય છે.

સન્યાસીએ કહ્યું,—‘ જૂદી જૂદી વ્યક્તિઓ તરફ દ્રષ્ટિ ફેંકતાં તો સ્ત્રીઓ પશુ પક્ષી કરતાં પણ અત્યંત દુર્દશા ભોગવે છે. તથાપી તે વ્યક્તિદોષ બાજુપર રાખતાં પણ સ્ત્રી એક પરતંત્ર જીવન ગુજારનારી અબળા ગણાય છે. ન્હાનપણમાં તેને માતા પિતાની સેવા ઉઠાવવી પડે છે. તેના ભાવી સુખનો આધાર માતા પિતાની મરજી પર અવલંબે છે, દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય એવી તેની હાલત હોય છે. પરણ્યા પછી સ્વામિ, સાસુ, સસરો, દીયર, જેઠ, નણંદ એ સર્વની તાબેદારી ઉઠાવવી પડે છે. કે જેઓ ભીન્ન ભીન્ન સ્વભાવનાં હોય છે. પ્રત્યેકને વહુ ઉપર સત્તા ચલાવવાનો શોખ હોય છે, સ્ત્રીઓને તે સર્વ હકુમત ચલાવનારાઓની સખતાઇઓ અને મેણાં ટુંણાં સહન કરવાં પડે છે. ચ્હાય પુરૂષનો દોષ હોય કે પ્રારબ્ધનો દોષ હોય પણ જો કદાચ સ્ત્રીને ગર્ભ ન રહ્યો તો તેને વાંઝણી કહી ધી:કારવામાં આવે છે. તેથી સ્ત્રીને નિરંતર તે બાબતની ચિંતા રહે છે. અને ગર્ભાધાન થયા પછી પણ તે ચિન્તાનો અંત આવતો નથી. કેમકે નિર્વિઘ્ને પ્રસવ થશે કે નહિ તેની શંકા રહે છે. પ્રસવ થયા પછી તેમને ઉછેરવાની ચિન્તા રહે છે. ઉછેર્યા પછી તેમને પરણાવવાની ચિન્તા રહે છે. અને પરણાવ્યા પછી પણ માતાને

પુત્રનીજ અધિનતા સ્વિકારવી પડે છે. આ ચિન્તા અને પરતંત્રતા શિવાય પણ સ્ત્રીની જીંદગીમાં અનેક સંકટો હોય છે. કોઇ વખત તેને પોતાના શીલવ્રતને માટે ભયંકર આફતમાં આવવું પડે છે.

સત્યસિંહે પૂછ્યું,–" એ હિસાબે તો સર્વથી સુખી બાળકો કહી શકાય કેમ મહાત્મા !

સંન્યાસીએ કહ્યું,–" નહિ, બાળકો પણ બીચારા પરતંત્ર છે. જનમ્યા પછી વાચા પ્રાપ્ત થતાં સુધી તેમને સર્વ સંકટો મૌન્યપણે સહન કરવાં પડે છે. કંઇક મોટાં થયાં એટલે તેમને ભણવાની ચિન્તા ઉત્પન્ન થાય છે. ભણવાને માટે રાત્રિ દિવસ યત્ન કર્યા છતાં તેમાં ફતેહમંદ થવાનો આધાર પરિક્ષકોની દયા ઉપર રહે છે નાપાસ થતાં વિદ્યાર્થીને પ્રાણાન્ત કષ્ટ પડે છે. એક પૈસાને માટે પણ તેને માતા પિતા પાસે યાચના કરવી પડે છે. તે સ્વતંત્રપણે કોઇ સ્થળે જઇ શકતો નથી, ઘરમાં માતા પિતાનું ઉપરીપણું, નિશાળમાં મહેતાજીનો હવાલો,—પરતંત્ર જીવન બાળકોના પ્રારબ્ધમાંજ હોય છે. અને તેથી તેઓ નિરંતર એવું ચિન્તવન કરે છે કે અમે ક્યારે મ્હોટા થઇએ, અને સ્વતંત્ર થઇએ. " ?

સત્યસિંહ—ત્યારે શું તેઓ મ્હોટા થયા પછી સુખી થાય છે ?

સંન્યાસી—ના. પછી તો તેઓ સંસારની મહાન જાળમાં ફસાઇ પડે છે. આખા કુટુંબના ભરણ પોષણનો આધાર તેનાજ ઉપર આવી પડે છે સંસારના દરેક વ્યવહારોમાં તેને પહોંચી વળવું પડે છે સ્ત્રીને સંતોષવી રાજાઓને કર આપવા, સત્તાવાળાઓને સંતુષ્ટ રાખવા, ન્યાતના આગેવાનોની ખુશામત કરવી, જે ગ્રાહકોના ઉપર પોતાના ઉદ્યોગનો આધાર હોય તેમને રાજી રાખવા. એ સર્વ બાબતનો અસહ્ય બોજો તેમનાજ ઉપર આવી પડે છે અને તેથી તેમની જીંદગી ઘણીજ કંટાળાભરેલી પ્રતિત થાય છે. અને તે વખતે તેમને સમજાય છે કે,–બાલ્યાવસ્થામાંજ તેઓ નિર્દોષ આનંદ અને સુખ મેળવી શકતા હતા.

સત્યસિંહે પૂછ્યું, અને વૃદ્ધાવસ્થા !

સંન્યાસી—વૃદ્ધાવસ્થા તો વળી મનુષ્યને સર્વથી કંટાળા ભરેલી લાગે છે દરેક બાબતમાં તેને બીજાના ઉપર આધાર રાખવાની ફરજ પડે છે. સર્વ ઇન્દ્રીયો શીથીલ થાય છે. અને તેથી શુન્ય જીંદગી

વ્યતીત કરવી પડે છે. વૃદ્ધાવસ્થામાં જેમને સંતતીનું સુખ હોતું નથી તેમને તો જીવતાંજ નર્ક યાતના ભોગવવી પડે છે. જેમને સંતતીનું સુખ હોય છે તેમને પણ પરતંત્રતા કે જે એક પ્રકારનું કેદખાનું ગણાય છે તેમાંજ સમય વ્યતીત કરવો પડે છે.

સત્યસિંહ—આશ્ચર્ય છે કે આપ જગતમાં કોઇને પણ સુખી માનતા નથી.!

સન્યાસી—વત્સ ! તને આશ્ચર્ય લાગતું હશે પણ મેં તો ઘણા માણસોને સુખ સુખ કરતાં સુખની પાછળ દોડતા જોયા છે પણ તે તો મૃગજળની માફક દુરને દુર જતું હોય છે. આ આવ્યું આ આવ્યું એમ પકડતાં પકડતાં તે સરી જાય છે. પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક કોમ, હાલ દુઃખમાંજ સડતી જણાય છે, કોઇને એક પ્રકારનું તો કોઇને અન્ય પ્રકારનું પણ અવશ્ય દુઃખ હોય છેજ. પણ એ વાર્તા એવી અગમ્ય છે કે જ્યાં સુધી તેનો પ્રત્યક્ષ અનુભવ થાય નહિ, ત્યાં સુધી ભાગ્યેજ તેનો સ્વીકાર થઇ શકે.

આ વાર્તા સત્યસિંહની ઝુંપડી નજીક એક વાડની ઓથે રહીને શ્રીનગરના મહારાજા મુકુંદસિંહ સાંભળતા હતા. પોતાના રાજ્યમાંના પ્રત્યેક સ્થળ, નગર, અને ગ્રામમાં વસતી પ્રજા સુખી છે કે દુઃખી તેનો તપાસ પુર્વે રાજાઓજ ગુપ્ત રીતે પર્યટન કરીને કરતા હતા. ઉક્તસંવાદ શ્રવણ કર્યા પછી રાજા મુકુંદસિંહ તે સ્થળે પ્રગટ થયા, તેમણે સંન્યાસીને નમન કરી પૂછ્યું,—“ મહાત્મા ! શું મ્હારા રાજ્યની સર્વ પ્રજા દુઃખી છે ?

મહાત્માએ કહ્યું.—રાજન ! મને તો કોઈ સુખી નજર આવતું નથી ! પહેલાં એ કહો કે શું આપ પોતે સુખી છો ?

પ્રશ્ન પૂછનાર રાજા છે એમ જ્યારે સત્યસિંહે જાણ્યું ત્યારે તેને સહજ ગભરાટ થયો. પણ રાજા હવે સન્યાસીના પ્રશ્નનો શું ઉત્તર આપે છે? તે સાંભળવા ઉત્સુક થયો.

રાજાએ કહ્યું,—“ મહાત્મા ! રાજાઓની જે સ્થીતિનું આપે વર્ણન કર્યું છે તે મ્હારા અનુભવ પ્રમાણે સત્ય છે, અને તે કરતાં પણ હું તો અધિક દુઃખી છું. મારી પ્રજા સુખી શી રીતે થાય ? તેમનામાં સુલેહ શાન્તિ નિરંતર કેવી રીત્યે જળવાઇ રહે તે પ્રમાણિક સદાચારી, સત્યવક્તા, અને રાજ્યનિષ્ટ શી રીત્યે બને ? તેની મને

નિરંતર કાળજી રહે છે. રાજાઓની પદવી જેટલી જવાબદારીવાળી છે તેટલીજ ચિન્તાજનક છે. આટલું છતાં હું એમ તો માનું છું કે રાજા પોતે ભલે દુઃખી હોય, પણ જો તે ધારે તો બીજાને સુખી કરી શકે છે. રાજાઓના એક શબ્દથી અનેક રંકો અમીર બની ગયા છે.

સન્યાસીએ કહ્યું,—"સત્ય છે. કદાચ ભાગ્યનું કારણ બાજુપર રાખી આપણે માની લઈએ કે રાજાઓ રંકને અમીર બનાવી શકે છે. પરંતુ તેઓ અમીર થાય તેથી શું થયું ? જ્યાંસુધી તેઓ સુખ દુઃખના વાસ્તવીક અર્થને જાણી શકતા નથી ત્યાં સુધી તેઓ કદી પણ સુખી થઇ શકતા નથી.

રાજાએ તે પછી સત્યસિંહ સ્હામું જોયું, અને પ્રશ્ન કર્યો, "શું તમે દુઃખી છો ?

સત્યસિંહે કહ્યું,—હા.

રાજાએ પુછ્યું. "ત્યારે તમે કઇ રીતે સુખ મેળવવા ઇચ્છો છો ?

સત્યસિંહે ઉત્તર આપ્યો, "કૃપાનાથ ! હું—આપની સેવા કરી સુખ મેળવવા ઇચ્છું છું.

રાજાએ કહ્યું,—"ઠીક છે. કાલે તમે દરબારમાં આવજો. તમને તમારી યોગ્યતા પ્રમાણે નોકરી આપવામાં આવશે. એમ કહી રાજાએ ચાલવા માંડ્યું. સત્યસિંહે રાજાને સવિનય પ્રણામ કર્યા. સન્યાસીએ આશિર્વાદ આપ્યો. પછી સન્યાસીએ સત્યસિંહને પુછ્યું, "કેમ સત્યસિંહ, હવે તો તું ખુશી થયોને ?

સત્યસિંહે કહ્યું—"હા મહાત્મા, આપનાં પવિત્ર પગલાંથી આજે મ્હારો ઉદ્ધાર થયો. મને લાગે છે કે મ્હારૂં દુઃખ દૂર થયા વના રહેશે નહિ.

સન્યાસીએ કહ્યું,—"અને જો કદાચ તે દુર નહિ થાય તોપણ સુખ દુઃખનુ ખરૂં રહસ્ય તો ત્હારાથી છુપું રહેશે નહિ સત્યસિંહ ! મારા શબ્દો યાદ રાખજે. તુ જે રસ્તે સુખ મેળવવા ચ્હાય છે તે રસ્તો તો સુખનુ નામ નિશાન પણ નથી. પહેલાં તો નોકરી એજ કનિષ્ટમાં કનિષ્ટ ધંધો છે. એવા પરતંત્ર જીવનમાંથી તુ જે સુખ મેળવવા ઇચ્છે છે. એતો પાણી વલોવીને તેમાંથી માખણ મેળવવા જેવું

સાહસ છે. તું જેમ જેમ રાજાની નિકટ થતો જઇશ, તેમ તેમ રાજ ખટપટનાં ભયાનક હથિયારો ત્હારા મસ્તક ઉપર કાળચક્રની પેઠે ફરતાં રહેશે, અને તેમાં પણ રાજાની નીકટ રહેવાની નોકરી વધારે ભયંકર છે. રાજાઓની આસપાસ અનેક પ્રકારની ખટપટોનું વાતાવરણ છે; માટે સત્યસિંહ ? તું જેમ જેમ રાજાની મહેરબાની મેળવવાને આગળ પડતો જઇશ તેમ તેમ ત્હારા શત્રુઓની સંખ્યામાં હમેશ વધારો કરતો રહીશ સત્યસિંહ ! જો કે તમામ રાજાઓ એક સરખા સ્વભાવના હોતા નથી, પણ કેટલાક તો એવા સ્વાર્થી વ્હેમી, કાચા કાનના, અને આપ ખુદ સત્તા ચલાવનારા હોય છે કે તેઓ સત્કર્મોને ભૂલી જઇ ઉલ્કાપાત કરી નાખે છે. જ્યારે તેઓ રીઝે છે, ત્યારે લાભતો મંદ ગતિથી આપે છે. પણ તેઓ જ્યારે ખીજે છે ત્યારે તો વંશપરંપરાના સ્મરણ રહે તેટલી હાની કરે છે. માટે સત્યસિંહ ! જો કદાચ તું રાજ્ય ખટપટના ભોગ પડીશ તો સુખ મેળવવું ઘણે દુર રહેશે, અને દુઃખના ઘોર સમુદ્રમાં ડુબી મરીશ. અરે તું અહિં જે શાન્ત અને નિશ્ચિંત નિદ્રા મેળવે છે. તે તને લાખો રૂપિયા ખર્ચ કર્યા છતાં પણ ભાગ્યેજ મળી શકશે. આટલું છતાં પણ જો ત્હારી નોકરી કરવાનીજ ઇચ્છા થાય તો, સત્યસિંહ ! તું એક રાજાનો સાચો વફાદાર અને નિમકહલાલ સેવક થજે. સત્ય અને પ્રમાણીકપણું પ્રાણાન્તે પણ ચુકીશ નહિ, અને રાજાઓની નિકટ રહેનારાઓનો વિશ્વાસ રાખીશ નહિ. તેમજ અણુવિશ્વાસ બતાવીશ નહિ. યુદ્ધમાં અવશ્ય આગળ થજે, પણ બદલો મેળવવામાં આગળ થઇશ નહિ, એમ કહેતાંજ દુરદર્શી સન્યાસી કોઇ ન જાણે તેમ અદૃશ્ય થઇ ગયો.

પ્રકરણ ૨ જું.

કૃત્રિમ સુખની સાથે દુઃખ હંમેશાં જોડાયેલું છે.

સત્યસિંહ બીજે દિવસે દરબારમાં જાય છે રાજા તેને પોતાના પરિચારકમાં દાખલ કરે છે સત્યસિંહને તેથી આનંદ થાય છે પણ તે આનંદ ચિર સ્થાયી રહેતો નથી, કેમકે તેના દરજ્જાના પ્રમાણમાં તેની જરૂરીયાતો વધી પડે છે. રાજ્ય દરબારમાં શોભે તેવાં વસ્ત્ર

પહેરવાં જોઇએ, પ્રજાગણુમાં માન મળે તેવો ઠાઠ રાખવો જોઇએ, રાજાના અંગરક્ષકથી હવે એક ઝુંપડીમાં રહેવાય નહિ; માટે સારૂં મકાન ખરીદવું જોઇએ, ઇત્યાદિ ભાવનાઓ જન્મ પામે છે. અને તે પ્રમાણેનો વૈભવ વધારતાં આવકના પ્રમાણુમાં ખર્ચ વધી પડે છે. સત્યસિંહ તેથી નિરંતર ઉદાસ રહે છે. રાજા તેને ઉદાસ દેખી એક દીવસે પ્રશ્ન કરે છે,–" સત્યસિંહ ! હવે શા કારણુથી તમારી મુખમુદ્રા ઉપર નિરંતર ઉદાસીનતા છવાયેલી રહે છે ?

સત્યસિંહે ઉત્તર આપ્યો–" કંઇ નહિ, કૃપાસીંધુ ! એ તો સહજજ !

રાજાએ પુનઃ આગ્રહ કરી પૂછ્યુ–" નહીં, સત્યસિંહ ! તમને જે દુઃખ હોય તે ખુશીથી જણાવો ! તમારી મનઃ કામના મેં પુરી કરી છે. તમે શરૂઆતમાં જે દરજ્જાની આશા રાખી શકો તે કરતાં પણુ મેં તમને સારી પદવી આપી છે.

સત્યસિંહે ઉત્તર આપ્યો–" હા, હું આપ નામદારની તે ઉદારતાને માટે ખરા અંતઃકરણુથી ઉપકાર માનું છું તથાપી મ્હારૂં હૃદય એવું પાપી છે કે તેવી પદવીથી તે સંતોષ પામતું નથી. આવક કરતાં ખર્ચ વધી પડયું છે, રહેવા માટે નિવાસ નથી. હાલની મારી પદવીના પ્રમાણુમાં હવે ઝુંપડીમાં રહેવું યોગ્ય નથી. અને મકાન ખરીદવા જેવી સ્થિતિ નથી. તેથી હૃદયમાં દુઃખ થાય છે.

રાજાએ સહર્ષ કહ્યું–" તમારા દુઃખનું કારણુ તદન નજીવું છે. તમને આપેલી પદવીના પ્રમાણુમાં તમે એક ઝુંપડીમાં રહો તે મને પણુ શરમાવનારૂં છે. હું હાલજ તમારા માટે એક સુશોભિત મકાન તૈયાર કરવાની ગોઠવણુ કરૂં છું.

સત્યસિંહને એક સુશોભીત મકાન બક્ષીસ મળે છે તેના પગારમાં વૃદ્ધિ કરવામાં આવે છે. રાજાની અનહદ મહેરબાની ને લઇ તેના સન્માનમાં વધારો થાય છે.

શું સત્યસિંહને તેથી સંતોષ થાય છે ? નહિજ ઘરતો ગૃહિણીનુંજ છે. સ્ત્રી વિનાનું ઘર તેને શા કામનું ? સુંદર હવેલી સ્ત્રી વિના તેને સ્મશાનવત્ ભાસે છે. રાજ્ય દરબારમાં તેને ગમે તેટલું માન મળતું હોય પણુ ઘરમાં તેને માન આપનાર કોઇ નથી. એક ન્હાની સરખી ઝુંપડીમાં રહેનાર રંકમાં રંક મનુષ્યો પણુ પોતાની

અર્ધાંગના સાથે એશઆરામ ભોગવે છે તેમને જોઇ સત્યસિંહ પોતાની દુઃખી હાલતને માટે કઢાપો કરે છે. સત્યસિંહ પોતાના હૃદયની વાત કોને કહે?

એક દિવસ રાજા તેને ઉદાસ જોઇ પૂછે છે.

સત્યસીંહ! ત્હારી હમેશની દિલગીરી મ્હારી વિસ્મયતામાં વૃદ્ધિ કરે છે. પ્રચંડ તપ કરનાર તપસ્વિઓને દેવતાઓ તરફથી જે વરદાન મળી શકે તે કરતાં પણ અધિક ઉદારતા મેં ત્હારા પ્રતિ વર્ષાવી છે. ત્હારા સંકલ્પ કરતાં પણ મનોહર મહેલ તને પ્રાપ્ત થયો છે. વ્યાપારીઓ જીંદગીપર્યંત સમુદ્ર મંથન કરી જે દ્રવ્ય પ્રાપ્ત કરી શકે તે કરતાં પણ અધિક દ્રવ્ય મારી કૃપાથી તને વિના શ્રમે પ્રાપ્ત થયું છે. તે છતાં પણ હજુ તું ઉદાસ છે તે આશ્ચર્ય થવા જેવું છે.

સત્યસીંહે નમ્ર થઇ કહ્યું,–સત્ય છે. મ્હારી યોગ્યતા કરતાં પણ મને અધિક પ્રાપ્ત થયુંછે અને હું તે ઉપકારોનો બદલો સો વખત જન્મ લઇ સેવા કર્યા છતાં પણ વાળી શકુ તેમ નથી. પણ જાણે આવી જાતનાં સુખોની પાછળ છયાની પેઠે દુઃખ પણ સંયુક્ત સરજાયેલું હોય એમ મને ભાસે છે. આ સુંદિર હવેલી કે જેની અપુર્વ શોભા નિહાળવાને પ્રતિદીન હજારો મનુષ્યની મેદની ભરાય છે તેજ હવેલી મને સળગતા સ્મશાનનું ભાન કરાવે છે.

રાજાએ વિસ્મયતાથી પૂછ્યું,—તેનું કારણ?

સત્યસીંહે ગદ્‌ગદ્ કંઠે કહ્યું,-કૃપાનિધાન! કારણ આપ જાણોજ છો. પુરૂષ હંમેશનો પ્રવાસી છે, અને ઘર તો ગૃહિણીનુંજ છે. ગૃહિણી વિનાનું ઘર સ્મશાનવત્ હોવાની કહેવત પ્રાચિન કાળથી પ્રચલિત છે. અને તે સત્યજ છે. દુનિયા મને કહે છે કે, તું અમીર છે. પણ વાસ્તવીક રીતે એક ફકીરમાં અને મ્હારામાં કાંઇ તફાવત નથી.

સત્યસીંહના મનોભાવને સમજી લઇ માહારાજાએ દીલાસો આપતાં કહ્યું,–ઠીક છે, હું તને એ વિષયમાં પણ સુખી કરીશ.

રાજા સત્યસીંહને પોતાના સૈન્યનો અધીપતિ બનાવે છે. જેથી તેના માસીકવેતનમાં અને સન્માનમાં અસાધારણ વૃદ્ધિ થાય છે. જે સત્યસીંહ એક વખતે ભીક્ષુક હાલતમાં હજારો અમીરની ઠોકરનો દડો બન્યો હતો તેજ સત્યસીંહ આજે સર્વના ધ્યાનની અભિવંદનિય વસ્તુ થઇ પડી છે. જે અમીરોના નિવાસ સમીપ જતાં સત્યસીંહ

આનપેરે હડધુત થતો હતો તેજ અમીરો આજે પોતાની વ્હાલી પુત્રિઓનો હાથ સત્યસીંહના અપરીચિત હાથમાં સોંપવાને તૈયાર થયા છે. જો સત્યસીંહે ધાર્યું હોત તો તે પોતાના નિવાસ સ્થાનને અનેક પરીઓનું લીલાસ્થળ બનાવી શકત, પણ તે ધર્મ અને નીતિને ચાહનારો હતો, પ્રેમના રહસ્યને જાણનારો હતો માટે તે એકજ કુળવાન કન્યાનો પતિ થયો કે જેનું મનોહર નામ સર્યું હતું.

સર્યું જેવી સૌન્દર્યવતિ છે તેવીજ ગુણીયલ છે. સર્યુંને ઇશ્વર એકજ છે. અને તે પોતાનો પતિ છે—ખચીત્ત તે જગતનિયંતા પરમાત્માનું ધ્યાન ધરે છે. અને સ્તુતિ કરે છે, પણ તે સ્તુતિ પોતાના પતિનું દીર્ઘાયુ અને કલ્યાણ ઇચ્છવા પુરતીજ કરે છે. સર્યું નીરંતર સેવા કરે છે પણ તે પોતાના ભરથારનીજ કરે છે. સર્યું સર્વદા નામ સ્મરણનો મંત્ર જાપ જપે છે, પણ તે સ્મરણ પોતાના મુગટમણી સત્યસીંહનુંજ કરે છે. સર્યુંને પતિ એજ દેવ, પતિ એજ ગુરૂ, પતિ એજ પ્રાણ અને પતિ એજ સર્વસ્વ છે. પતિની આજ્ઞા એજ સર્યુંનો ધર્મ છે. પતિની ભક્તિ એજ સર્યુંનું કર્મ છે. પતિની ઝુંપડી એજ સર્યુંનું સ્વર્ગ છે.

શું હવે સત્યસીંહ સુખી છે ? ના. આશીર્વાદ આપનાર બ્રાહ્મણો જયારે સત્યસીંહને "પુત્ર ભવતિ" નો આશીર્વાદ આપે છે. ત્યારે સત્યસીંહને ચીંતવન થાય છે કે ખચીત્ત સંતતી એજ સાચી સંપત્તી છે. સત્યસીંહની પાસે અઢળક દ્રવ્ય એકત્ર થયું છે. પણ સત્યસીંહને તેના પરિચીત મનુષ્યો દ્રવ્ય કેટલું છે તે પ્રશ્નો પુછવાને બદલે સંતાન કેટલાં છે તેવો પ્રશ્ન કરે છે ત્યારે સત્યસીંહને ખરૂં જ્ઞાન થાય છે કે સંતાન એજ ખરૂં દ્રવ્ય છે. જ્યારે તે ઘરબાર વિનાનાં રસ્તે જતાં ભીક્ષુક મનુષ્યોને પોતાનાં સંતાન સાથે પ્યાર કરતાં નિહાળે છે ત્યારે તેને ભાન થાય છે કે તે ભીક્ષુકો પોતાના કરતાં વધારે સુખી છે. જ્યારે તે શ્રીમંતો અને અમીરોને સંતાન પ્રાપ્તી માટે હજારો અને લાખો રૂપીઆ જપ જાપ, અને યજ્ઞ દાનમાં ખર્ચ કરતો જુએ છે ત્યારે તે વિચાર કરે છે કે સંતાન વિનાનો મનુષ્ય મહાન્ દુઃખી છે. જ્યારે તે અપુત્ર મૃત્યુ પામનારાઓની મિલકતને અસ્તવ્યસ્ત લુંટાઇ જતી જુએ છે. ત્યારે પોતે એકત્ર કરેલું દ્રવ્ય પણ તેની ચીંતાનું કારણ થઇ પડે છે.

આ વિષયમાં રાજા તેને કોઇ રીતે સુખી કરવા સમર્થ નથી પણ પરમાત્મા તેની પ્રાર્થના શ્રવણુ કરે છે. અર્થાત અનુક્રમે એક પુત્ર અને પુત્રી જન્મ પામે છે. તેમનાં નામ સુમન અને સરલા છે.

સત્યસીંહ, મહારાજાને વફાદાર રહી સત્યનીષ્ટાથી નોકરી કરે છે. "કાર્યં સાધયામી વા દેહં પાતયામી" ના નિયમ પ્રમાણે તે જ્યાં જ્યાં જાય છે ત્યાંથી વિજય મેળવીનેજ પાછો આવે છે. હિંમત એજ મનુષ્યનું બળવાન હથીયાર છે તેવું સત્યસીંહે પોતાના શૌર્યથી અને કર્તવ્યથી સાબીત કરી આપ્યું છે જેણે કામ કર્યું તેણે કામણ કર્યું. એ નિયમ પ્રમાણે સત્યસીંહ માહારાજાનો અગત્યનો હાથ થઇ પડયો છે. મુછનો વાળ થઇ પડયો છે. રાજ્યનીયંત્રણામાં સત્યસિંહ એક અગત્યનું યંત્ર ગણાય છે. રાજા મુકુંદસિંહ તેના ઉપર તુષ્યમાન થયો છે રાજાની મહેરબાનો એ એક દરિયાની લહેર છે. તે લહેર જ્યારે મનુષ્યના હિત ભણી વળે છે ત્યારે લીલા લહેર કરે છે, અને અહિતભણી વળે ત્યારે કાળો કેર વર્તાવે છે. રાજા ધારે તો એકજ શબ્દમાં અમીરને ફકીર બનાવે છે. અને ફકીરને અમીર બનાવે છે રાજા સત્યસિંહને વાર્ષીક લાખ રૂપીયાની ઉપજવાળી જાગીર બક્ષીસ આપી રાજ્યનો આબરૂદાર ઉમરાવ બનાવે છે સત્યસિંહે નંદનવન સમાન મનોહર બગીચા બનાવ્યા છે. તેની અંદર બનાવેલી મહેલાતો ગગન સાથે વાતો કરી રહી છે ઇંદ્રભુવનને આંજી નાખે તેવી રાત્યે તે મહેલોને શૃંગારવામાં આવ્યા છે. ગાડી, ઘોડા, મ્યાના પાલખી ઇત્યાદી વાહનોની ધમાલ ચાલી રહી છે સેંકડો દાસ દાસીઓ દોડાદોડ કરી રહ્યાં છે. અનેક ભાટ ચારણો છંદપ્રબંધથી સત્યસિંહનાં વખાણુ કરી રહ્યાં છે. શહેરના પ્રતિષ્ઠીત શેઠીઆઓ, રાજ્યના અંગત અમલદારો અને અન્ય અમીર ઉમરાવો તેને અભીવંદન કરવા આવે છે.

સત્યસિંહની ચઢતીનો સૂર્ય પૂર્ણકળાથી પ્રકાશમાન થયેલો છે. પ્રજાગણુ સત્યસિંહના કુટુંબને એક સુખી કુટુંબ માને છે. ખરેખાત બાહ્યદર્શનથી તો તે સુખીજ જણાય છે પણ સત્યસિંહની આંતરિક સ્થીતિ અત્યંત દયાજનક છે. "શું આજકાલનો સત્યસિંહ કે જે એક ઝુંપડીમાં રહેતો હતો તે હવે ઉમરાવ થયો?" આ બીના અનેક નોકરોના હૃદયમાં ઇર્ષા ઉત્પન્ન કરે છે અને તેઓ સર્વ સત્યસિંહના

પ્રબળ વિરોધી બને છે. રાજાના ભાયાતો પણ તેના કટ્ટા શત્રુ થઇ પડે છે. તેઓ માને છે કે 'સત્યસિંહ રાજાને આડે માર્ગે દોરે છે કોઈની ઉન્નતિ થતાં આડે આવી અનેક વિઘ્નો નાખે છે, ઇત્યાદી અનેક આક્ષેપોનો તેના ઉપર વરસાદ વરસે છે. કોઈ સત્યસિંહને ઝેર દઇ મારી નાખવાનો વિચાર કરે છે, તો કોઇ રાત્રિને સમયે તલવાર-થી કાપી નાખવાની મસલત રચે છે, કોઇ તેની હવેલી કુટી બાળવા યત્ન કરે છે તો કોઇ તેનું ધનમાલ લુંટાવી દેવા યોજના ઘડે છે અને કોઇ તેને રાજાની દ્રષ્ટીમાં હલકો પાડવાની ખટપટ કરે છે. સત્યસિંહના શત્રુઓની સંખ્યા દીન પ્રતિદીન વૃદ્ધી પામતી જાય છે. સત્યસિંહ આ સર્વ હિલચાલો જાણે છે. તે ઉંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઉઠે છે. સહજ ખડખડાટ થતાં ચોંકી ઉઠે છે અજાણ્યા સ્થળે પાણી પીવું, પાન ખાવું પણ તેને ભયકારક લાગે છે પોતાના વિરુ-દ્ધમાં રાજાનુ મન કોઈ દુષિત કરી શકે નહિ તેને માટે હમેશ સાવચેતી રાખવી પડે છે. તોપણ તેના વિરૂદ્ધમાં અનેક અસત્ય વાતો રાજાને ઝાહેર થાય છે અને તેની અસર રાજાના મનમાંથી દુર થતા સુધી તેને અન્ન ખાવું પણ અપ્રિય લાગે છે. સત્યસિંહ જ્યારે ઝુંપડીમાં રહેતો અને જેવી શાન્ત તથા મધુર નિંદ્રા ભોગવતો, તેવી નિદ્રા હાલ તેનાથી દૂર નાસેછે. સર્યુની મધુર વાતો સત્યસિંહને રીઝ-વવામાં નિષ્ફળ નિવડે છે. સ્વામીનું પ્રસન્ન વદન નિહાળવામાં સર્યું બેનશીબ બનેલી છે. નોકરો ચાકરો પવનવાહક પંખા ચલાવવામાં થાકી જાય છે. પણ સત્યસિંહને તો અશાન્તિનોજ પ્રસ્વેદ થાય છે સત્યસિંહને જેવું સુખ મેળવવાની અભિલાષા હતી. તેવું સુખ હાલ તો તે સ્વપ્નામાં પણ મેળવી શકતો નથી.

સત્યસિંહના વિરૂદ્ધમાં તેના શત્રુઓ તરફથી ભિન્નભિન્ન પ્રકા-રની ખટપટની બાજીઓ ખેલાવી શરૂ થઇ છે કોઇ પણ રીત્યે સત્ય-સિંહની પાયમાલી કરવાના તેઓ ઘાટ ઘડે છે પરંતુ તેવામાંજ તેઓ એક એવી ખબર સાંભળે છે કે રાજકન્યા સુલોચના સુમનની સાથે પ્રીતિલગ્ન કરવાની ઇચ્છા રાખે છે આ ખબરથી શત્રુઓના હૃદયમાં ઉત્પન્ન થયેલી ઇર્ષાગ્નિમાં ઘી હોમાય છે.

જો કદાચ સુલોચનાનું લગ્ન સુમનની સાથે થશે તો રાજાને પુત્ર ન હોવાથી જ્યારે ત્યારે રાજ્યનો માલીક પણ સુમનજ થશે."

એવા અનુમાનથી સત્યસિંહના શત્રુઓનું હૃદય છેદાઇ જાય છે. અને તેથી તેવો પ્રસંગ જન્મ પામતાં પુર્વેજ તેઓ સત્યસિંહનું કળથી, બળથી કે છળથી કાસલ કાઢવા ખટપટના દારૂણ યુદ્ધમાં કેસરીયાં કરી કુદી પડે છે. સત્યસિંહના પ્રારબ્ધ અને તેના શત્રુઓની ખટપટ વચ્ચેનુ ભયંકર યુદ્ધ રાજ્યદરબારની રંગભુમિ પર શરૂ થાય છે.

પ્રિય પાઠક! ચાલો આપણે પણ રાજકન્યા સુલોચના અને સુમનનો પરીચય કરવા તેમની સમીપ જઇએ.

પ્રકરણ ૩ જું.

પ્રેમની સાથેજ પીડા વળગેલી હોય છે.

સુલોચના રાજા મુકુંદસિંહની એકની એક પુત્રી છે. રાજાનો તેના ઉપર અનહદ પ્યાર છે સુલોચનાની માતા મૃત્યુ પામી છે. હાલ તે રાજાની બીજી રાણીની સંભાળમાં છે.

સુલોચનાની વય હાલ પંદર વર્ષની છે સ્ત્રીઓનામાં જે સૌંન્દર્યતા હોવી જોઇએ તે કરતાં સુલોચનામાં કંઇક વિશેષ સૌન્દર્યતા છે તેના શરીરનો રંગ શુદ્ધ સુવર્ણ જેવો છે. તેની મૃગના જેવી ચપળ અને તેજદાર આંખ્યો મોહ પમાડે તેવી છે તેના લલાટનું તેજ ચંદ્રમાની પેઠે પ્રકાશિત છે. શિકાર ઉપર ટાંપેલા સિંહના જેવી તેની લચકાયેલી પાતળી કમર છે. તે સ્વભાવે શાન્ત છે. તેનું હૃદય નિર્મળ છે. સક્ષેપમા તે સર્વાંગ સુંદરી અને સૌન્દર્યની પ્રતિમા છે.

સુમનની વય હાલ વિસ વર્ષની છે. સહજ મુછનો દોરો ફુટેલો છે, તે શરીરે કદાવર અને મજબુત છે, તેનુ મુખ લંબગોળ છતાં સામા મનુષ્યના ઉપર સહજમાં છાપ પાડે તેવું ભરાવદાર છે, અને તે ઉપર મર્દાનગીની છાપ છે, ભલાઇનું નિશાન છે, પોતાના દેશનુ પોતાની જાતનું અને પોતાના ધર્મનું અભીમાન છે. તેની આંખ્યો નિર્મળ છતાં શત્રુઓને ભય પમાડે તેવી તિક્ષ્ણ છે, અને તેમાં મર્યાદા અને કુદરતી મોટાઇ છે. કીર્તિની પ્રકાશિત પ્રભા છે. તેની વાણીમાં ઉત્તમ વિચારોનો નિવાસ છે. અને અલૌકિક મીઠાશ છે. સંક્ષેપમાં સુમન એક કેળવાયેલો યુવાન છે.

સુમન અને સુલોચના બાલ્યકાલથી સાથેજ રમ્યાં છે, સાથે જમ્યાં છે. સાથે ફર્યાં છે. અને સાથેજ ભણ્યાં છે. પરસ્પર એક બીજાના સ્વભાવથી જાણીતાં થયાં છે બાલ્યાવસ્થાની નિર્દોષ રમતે હાલ તેમને પ્રેમની વિચિત્ર રંગભુમિપર ખેંચી આણ્યાં છે. જ્યારે તેઓ બાલ્યાવસ્થામાં સાથે સાથે રમતાં ત્યારે તેમને સ્વપ્નું પણ નહતું કે તેઓના વચ્ચેનો સ્નેહ યુવાવસ્થામાં જુદોજ ભાવ ઉત્પન્ન કરનારો નિવડશે. જ્યારે તેઓ બગીચામાં સાથે સાથે ફરતાં અને સુગંધીત પુષ્પોની પરસ્પર લહાંણી કરી ગુંથેલા પુષ્પહારો એક બીજાને પ્હેરાવતાં, ત્યારે તેઓ જાણતાં નહતાં કે તે પુષ્પના હારો આગળ જતાં પ્રેમનાં શરો થઇ પડશે. જ્યારે તેઓ એક બીજાનાં સાથી થઇ ગમ્મતને માટે ચતુરંગ કે સોગઠબાજી ખેલતાં, ત્યારે તેમને ખબર નહતી કે ભવિષ્યમાં જીંદગી પર્યંતના સાથી બનવાના ભાવ તેમના હૃદયમાં જન્મ પામશે.

હાલ સુલોચનાના હૃદયમાં સુમનના માટે પ્રેમના અંકુરો ફુટી નિકળ્યા છે. તેજ પ્રેમનાં બિન્દુઓએ તેના ફુટતા યૌવનકાળમાં હૃદય ઉપર અજબ રંગ જમાવ્યો છે. તે રંગે તેને ચંચળ બનાવી હૃદયને ઉન્નત કર્યું છે. સુમનનામાં હવે તે કંઇક વિશેષ સૌન્દર્યતા નિહાળે છે સુમનની સાથે વાર્તાલાપ કરતાં તેની ચક્ષુઓમાં મર્યાદા અને લજ્જાનો મિશ્ર આવિર્ભાવ જણાય છે. તેના મુખની માધુર્યતા સીરની ચાતુર્યતા મનની મૃદુતા, ને વાણીની ગાંભિર્યતા, હવે અલૌ-કિક ભાસે છે, સહજ વાત કરતાં તેના ગુલાબી કપોલ ઉપર શરમના શેરડા પડે છે, વાર્તામાં અનેક અલંકારો અને અન્યોક્તિનું મીશ્રણ કરે છે. સુમનની આંખ સાથે પોતાની આંખ મળતાં ત્વરાથી તે પૃથ્વી ભણી જુએ છે. પહેલાંનું નિર્દોષ હસવું તે ભૂલી ગઇ છે, હવે પ્રસંગ આવતાં વિનય ભરેલી સ્મીતહાસ્યથી કોઇ કોઇવાર હસે છે.

સુમન, સુલોચનામાં થતા ફેરફારો જોઇ શકે છે. તેના મનોભા-વને સહજમાં સમજી જાય છે. હવે સુલોચનાની સાથે એકાન્તમાં ફરવું, અને છુટથી વાર્તાલાપ કરવો, તેને સુમન મર્યાદા બહાર માને છે, અને તેથી સુલોચનાની સાથેનો પ્રસંગ તે ધીમે ધીમે ઓછો કરવા યત્ન કરે છે પણ હૃદયને લાવણ્યમયીના સ્મરણને ભુલતુ નથી, ચક્ષુઓ તેને અનેકવાર જોયા છતાં તૃપ્ત થતી નથી, કેમકે સુલોચનાનો

પ્યારનો સુમનના હ્રદયમાં અનિવાર્ય પ્રત્યાઘાત થયો છે. તેના જીવન ગગનમાં નુતન પ્રકારનો પ્રકાશ થયો છે. તેની ચક્ષુ પાસે તે લાવણ્ય મયીની મોહમયી મૂર્તિ નિરંતર તરવરે છે એ ચિત્ર સમાન ભ્રકુટી, ફુલને ફોરે મૂકે એવા મધુમય હોઠ, એ ગોળબાહુ, એ સ્નેહપૂર્ણ નયન, એ મનોરમ્ય અતુલ્ય લાવણ્ય વારંવાર સ્વપ્નમાં જુવે છે. એ આનંદમય છે. એ આનંદમયી મૂર્તિ વારંવાર તેના ચિત્તપર આવી ચાલી જાય છે. પ્રેમનાં શસ્ત્રોએ સુમનના હ્રદયને વીંધી એક ચારણું જેવું બનાવ્યું છે.

બાલ્યકાળની પેઠે સુમન હવે સુલોચનાને વારંવાર પ્રત્યક્ષ મળી શકતો નથી, તેથી તેને વિશેષ આઘાત થાય છે. સુલોચનાના પ્રેમે હાલ તેને બેચેન બનાવ્યો છે. નિદ્રાની સાથે તેને શત્રુતા થઇ છે કોઇ કોઇ વખત તે સુલોચનાને ભૂલી જવાના નિશ્ચયપર આવે છે પણુ હ્રદય તેથી વિરૂદ્ધ પડે છે. હ્રદય સુલોચનાનુંજ ચીંતવન કરે છે. સુમન હ્રદય સાથે વાર્તાલાપ કરતાં કહે છે. "સુલોચના ! હું તને ભૂલી જવા મારા મનને અત્યંત દબાણુ કરૂં છું, મારી લાગણીઓનું અન્વેષન કરૂંછું પણુ કોણુ જાણે મારૂં મન શા કારણુથી તને શોધતુ ફરે છે વળી તે પોતાનેજ ઠપકો આપતાં કહે છે, " સુમન આ શું ? ગાંડો થઇશ ના ! તું કોનું સ્મરણુ કરે છે? તું જેનું સ્મરણુ કરે છે તે એક રાજકન્યા છે. તે એક રાજાનો મહેલ દીપાવવાને—એક રાજાની પટરાણી થવાને—સરજાયેલી છે. ગમે તેવો પણુ તું એક જાગીરદારનો પુત્ર છે. એ સુંદરી શું ત્હારી થશે ? મિથ્યા પ્રેમના વમળમાં ગોથાં થાઇ દુઃખી થઈશ ના. એ વૃથા ભ્રમણુાને છોડી દે ! એ સૌન્દર્યની મૂર્તિને ભૂલી જા ! જે તૃષ્ણુા મૃગજળવત જણુાય છે અને જે જળથી ત્હારી તૃષા કદી પણુ તૃપ્ત થવાની નથી ત્યાં નાહકનો શા માટે દોડી મરે છે ? એ વૃથા તૃષ્ણુામાં શા માટે હ્રદયને બાળી મૂકે છે ?

સુમન જ્યારે વિશેષ બેચન થાય છે, ત્યારે હ્રદયની શાન્તિને માટે પોતાના બગીચામાં આવે છે. પણુ જ્યારે તે સુવાસ આવતાં મનોહર પુષ્પોને જુએ છે, ત્યારે બાલ્યકાળમાં સુમન અને સુલોચના જે પરસ્પર પુષ્પના હારો પ્હેરાવતાં તે કૃતિનું તેને સ્મરણુ થાય છે. તેથી તે પુષ્પને સખેદ ઠપકો આપતાં કહે છે,—" ઓ મનોહર

પુષ્પો ! હવે હું તમને શું કરૂં ? તમે મઝાનાં જણાઓ છો. પણ મ્હારી પાસે હવે કોણ છે કે જેને હું અર્પણ કરૂં ? હું તમને જે કારણથી ચાહતો હતો તે કારણ મ્હારાથી ઘણે દૂર છે.

સમીપમાંથીજ જવાબ આવ્યો.—"દૂર નથી પાસેજ છે" રાજકંન્યા સુલોચના સરસ્વતિ દેવીના મંદિર ભણી જતાં વચ્ચે આવતા સુમનના બગીચામાં પુષ્પો લેવાના બ્હાનાથી આવેલી, છુપી રીતે સુમનના સૌંદર્યને નિરખી રહી હતી. આ વખતે તેનું હૃદય પ્રેમભાવથી જડ ભરતની પેઠે શુન્ય થઇ ગયું હતું પ્રેમ વિદગ્ધા બાળિકા સ્નિગ્ધ નેત્રો ફેરવી શકતી નહતી. મોહની મહત્તાએ તેને લજ્જા વિવેક વિસરાવ્યો હતો. મુખ ઉપર પ્રસ્વેદના ઝેબ વળ્યા હતા. રાજબાળાનું હૃદય મન અને પ્રાણ એ તરફ ધસી ગયાં. મન મોહકતાએ તેના હૃદયમાં પ્રેમનો પ્રવાહ દ્રવિત કરી દીધો. સુમનનામાં જે સૌન્દર્યતા હતી તે કરતાં સો ગણી સૌન્દર્યતા આ બાળિકાને જણાવવા લાગી. સુમનના સ્નેહ ઉદ્‌ગારો સાંભળ્યા પછી તે તેને પ્રકટ મળવાને અધીર થઇ, અને સુમનના પ્રશ્નનો અનિચ્છાએ ઉત્તર અપાઇ ગયો.

રાજબાળાના રણકાર કરતા શબ્દોએ સુમનને ચોંકાવ્યો. તત્ક્ષણાત્ તેણે તે મધુર નાદ ભણી જોયું. દ્રષ્ટો દ્રષ્ટ મળી. ચારે ચંચળ નેત્રોની પ્રેમાળ દ્રષ્ટિમાં ચાલી રહેલું જાદુઈ કૌતક કોણ જાણી શકે ? પ્રેમ તરંગમાં તદાકાર થયેલાં પ્રેમી પંખીડાંની મનોગતિને કોણ પામી શકે ? ઉભયના હૃદયમાં વાગતી ગ્રામવિણાના અલખનાદને કોણ સાંભળી શકે ? પ્રેમ સંજ્ઞામાં ગવાતા મુંગા સંગીતને કોણ પારખી શકે ? પ્રેમના અજબ રંગે રંગાયેલા પ્રેમના છુપા ભેદને અનુભવથી ભણેલા ભેદુઓ જ પ્રેમી હૃદયનું છુપુ રહસ્ય જાણી શકે છે.

"કોણ રાજબાળા !" તમે અચાનક અહિં ક્યાંથી ? ચોરી છુપીથી બીજાઓની વાર્તાઓ સાંભળવી એવી નીતિ તમે કઇ શાળામાં શીખ્યાં ? સુમને સવિસ્મય વાણીથી પ્રશ્ન કર્યો.

"મ્હારા માનીતા શિક્ષકની શાળામાંથી જતો" સુલોચનાએ સ્નેહના ઉમળકાથી ઉત્તર આપ્યો.

"પણ તમે અહીં શામાટે આવ્યાં ? હવે તમે બાલ્યકાલની વાતોને ભૂલી જાઓ. નિર્દોષ આનંદને વિસરી જાઓ" સુમને જરા ભય બતાવતાં અને ગંભીરતાથી શીખામણ આપતાં કહ્યું.

" ઠી.....ક ! પણ પ્હેલાં ત્હમે તો કહો, શું બાલ્યકાલની સર્વ ગમ્મતોને તમે ભૂલી શકયા છો ? સુલોચનાએ આશ્ચર્યજનક મુખ મુદ્રાથી મરડાટ બતાવતાં પૂછ્યું.

" ના, સુમને સત્યનો પ્રભાવ મુખમુદ્રા પર બતાવી શીર હલાલતાં કહ્યું.

" ત્યારે તો ત્હમે પૂરા ઈન્સાફી જણાઓ છો ! કહેવું જૂ દુ અને વર્તન જૂ દુ ! " સુલોચનાએ સુમનને સ્મીત્ હાસ્યથી બનાવતાં કહ્યું.

" રાજબાળા ! પણ હું સત્ય કહું છું કે આવી એકાન્ત હવે તમારા અને મ્હારા હિતને માટે ઇષ્ટ નથી, જયારે આપણે બાલ્યાવસ્થામાં હતાં ત્યારે જે નિર્દોષ આનંદ કરતાં હતાં તે સમય હવે બદલાયો છે. " સુમને રાજબાળાને ધીરજથી સમજાતાં કહ્યું.

" ત્યારે હવે શું આ આનંદ દોષવાળો છે ? સુલોચનાએ પોતાની ભ્રકુટીને સહજ ઉંચે ચઢાવતાં કહ્યું વિશાલ નયનોની ક્ષણ દૃષ્ટિથી યુવકનું હૃદય કંપ્યું.

" ના, દોષ રહિત છે. તમારો અને મ્હારો સંબંધ પવિત્ર છે તે ત્હમે અને હું બન્ને જાણીએ છીએ ત્રીજો પરમાત્મા સાક્ષી છે. પરન્તુ આપણને એકાન્તમાં જોનાર માણસો આપણા વિષે શું ધારે?" સુમને સુલોચનાની ભૂલ બતાવતાં કહ્યું.

" એજ, કે આપણે પરસ્પર એક બીજાને ચાહીએ છીએ અને લોકો એમ ધારે તેમાં ખોટું શું છે ? " સુલોચનાએ નીડર ઉત્તર આપતા કહ્યું.

" પણ હવે આપણે એક બીજાને શા માટે ચાહવું જોઈએ ? " સુમને સ્પષ્ટ કહી દીધું.

" તે ત્હમે જાણો. મોર મયુરને શા માટે ચ્હાય છે ? ચંદ્ર ચકોરને શા માટે ચ્હાય છે ? મીન જળને શા માટે ચ્હાય છે ? બપૈયો સ્વાતિ નક્ષત્રના વર્ષાદને શા માટે ચ્હાય છે ? " સુલોચનાએ પોતાની ભ્રમર રેખાને ઉંચે ચઢાવી એકને બદલે અનેક પ્રશ્નો કરી કહ્યું. સુલોચનાની વિચીત્ર પ્રકારની દ્રષ્ટિએ સુમનના હૃદયમાં પૂર્વે કદી નહિ અનુભવેલી જાદુઈ અસર ઉત્પન્ન કરી. સુમન રાજબાળાના સલજ્જ નો તરફ એકવાર જોઈ રહ્યા.

"એમનું ચાહવું કુદરતી છે" સુમને પુનઃ શંકા ઉત્પન્ન કરી.

"ત્યારે શું આ ચાહવું કૃત્રિમ છે?" સુલોચનાએ સુમનને વાકયુદ્ધમાં હરાવી પૂછ્યું.

"ના, કૃત્રિમ નથી પણ આપણું ચાહવું નિરર્થક છે." સુમને નિરાશા બતાવતાં કહ્યું.

"કેમ?" સુલોચનાએ અજાયબ થતાં પૂછ્યું.

"આપણું ચાહવું પક્ષીઓના ટોળા જેવું છે એક ધર્મશાળામાં ઉતરેલા જૂદા જૂદા ગામના મુસાફરો જેવું છે. કારણ કે ઘડી પછી છુટાં પડવાનાં છે એમ જાણ્યા છતાં તેઓ નાહક સ્નેહ કરી થોડીજ વારમાં જૂદાં પડે છે." સુમને સુલોચનાને સાનમાં સમજાતાં કહ્યું.

"ત્યારે શું તમે કોઇ વિદેશમાં જવાના હશો? સુલોચનાએ જાણી જોઇને ઉલટ પ્રશ્ન કર્યો.

ના, હું તો જવાનો નથી પણ તમે થોડા વખત પછી લગ્નની સંકલ્પનાથી સંધાઇ એક મહાન રાજ્યમાં ચાલ્યાં જશો. એમાં કાંઇ શક છે?" સુમને પોતાની નિરાશાનું સત્ય કારણ સમજાવતાં કહ્યું.

ઠી...ક એ તો જાણે સમજ્યાં! પણ તમારા લગ્નમાં તો અમને તેડાવશો ને? સુલોચનાએ સુમનને વાતમાં ઉડાવતાં પૂછ્યું.

"કોણ જાણે તે વખતે તમે કયા રાજ્યને શોભાવતાં હશો. હમારી શું વિસાત કે અમે તમને આમંત્રણ આપી શકીએ. કદાચ આપીયે. પણ અમારૂં એવું કયાંથી સદ્‌ભાગ્ય કે અમારા નિવાસમાં તમારાં પવિત્ર પગલાં થાય." સુમને દ્વીઅર્થી ભાષામાં ઉત્તર આપી પોતાના મુખ ઉપર થયેલો પ્રસ્વેદ હાથરૂમાલ વતી લુંછતાં કહ્યું.

ઠીક છે. તમે મને નહિ બોલાવો તો પણ વગર આમંત્રણે અમે આવીશું; પણ પહેલાં એ તો કહો કે તમારા માટે કઇ સુંદરીને પસંદ કરવામાં આવી છે?" સુલોચનાએ સુમનના મનોભાવને જાણી લેવા પુછ્યું. શાંત જળમાં એકાએક પત્થર નાંખવાથી જેમ અનેક તરંગો ઉઠે છે તેમ યુવકના હૃદય સમુદ્રમાં અનેક વિચારલહરીઓ ઉઠી. થોડીવાર મૌન રહી કહ્યું.

મ્હારી પસંદગી અર્થ વિનાની છે. પસંદગીના સવાલને હિંદુ સંસારે તીલાંજલી આપી દઇ લાખો અને કરોડો પ્રેમી યુગલોને દુઃખના મહાન

સાગરમાં ફેંકી દીધાં છે. દ્રવ્યની લાલચ, નોકરીની લાલચ, કીર્ત્તિ, કુળાભિમાન, વગ વસીલાનો લોભ, વિષયવાસના, રૂપનો મોહ, ઇત્યાદી સ્વાર્થી હેતુઓ લગ્નની પવિત્રતાને ભ્રષ્ટ કરે છે. પુત્ર પુત્રીઓના વિવાહ કરવામાં માબાપો હંમેશાં પોતાની સગવડ અને પોતાના સ્વાર્થોને વચમાં આણે છે. તેથી લગ્નનો ઉત્તમ ઉદ્દેશ નિરર્થક થાય છે. માબાપો પોતાની પુત્રીઓનાં નશીબને પોતાના હાથેજ ફોડી નાંખીને પછી તેમને નસીબના સ્વાધીન કર્યાનું કહે છે. લગ્નમાં ખરો પ્રેમ એજ મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ. તેના ઉપર તો માબાપ પ્રથમથીજ તાળુ મારે છે.'' સુમને કઢંગા રીવાજ પ્રત્યે પોતાની ગુસ્સાની લાગણી બતાવી કહ્યું.

"સત્ય છે સંસારનાં અનુભવી માબાપો પોતાના સંતાનોને માટે જીંદગીના ભાગીદાર રૂપે યોગ્ય જોડ મેળવી આપે એજ ઇચ્છવા જોગ છે પણ જ્યારે તેમ થતું નથી.

"ત્યારે હવે તે સવાલને કોણ હાથમાં લેશે?" સુલોચનાએ પોતાની અંતરેચ્છાને મર્મમાં જણાવવાના ઉદ્દેશથી પુછ્યું.

"માત્ર પુરૂષો તે સવાલને હાથ ધરે તેથી શું વળે? કેમકે એકલા પુરૂષનો પ્રયત્ન એક પગે ચાલનાર પંથી જેવો છે જ્યારે સ્ત્રીઓ તેમાં મદદગાર થવાને મેદાન પડે તોજ તેનું શુભ પરીણામ આવે." સુમને પોતાની ઇચ્છાના પંથપર સુલોચનાને ઘસડી આણવાના હેતુથી વિનીતભાવે પ્રશ્નનો ઉત્તર આપ્યો.

"ઠીક ત્યારે એ નિશ્ચય ઉપર કાયમ રહેજો. પસંદગીના નિયમને વિસરી જશો નહિ. જોઇતી મદદ મળી રહેશે. હવે હું જઇશ. મારી સખી બહાર ઉભી છે તે કહેશે કે પુષ્પો વીણતાં આટલી વાર શી?" સુલોચનાએ સુમનની રજા માગી અને તીક્ષ્ણ મર્મભેદી દ્રષ્ટી ફેંકી.

"કઇ તરફ જશો" સુમને વિનીત ભાવે પ્રશ્ન કર્યો. સરસ્વતી દેવીના મંદીરમાં. સુલોચનાએ ઉત્તર આપ્યો અને જાણે કાંઇ અચાનક વાત યાદ આવી હોય, એવો ભાવ બતાવી કહ્યું,—"અરે! જે કામ માટે હું આવી હતી તેતો ભૂલમાંજ ગયું. સુમન! દેવીની પુજા માટે કેટલાંક પુષ્પોની જરૂર છે. થોડાંક વીણી આપશો?"

સુમને તેના ઉત્તરમાં કેટલાંક પુષ્પ વીણી સુલોચનાના હાથમાં આપ્યાં.

સુલોચનાએ તેમાંનાં કેટલાંક સુમન પર વર્ષાવતાં કહ્યું—"આતો ઘણાં થયાં દેવીને પુષ્પ ચઢાવતાં પહેલાં પ્રેમનો પ્રથમ પાઠ શીખતી બાળાએ દેવને પુષ્પ ચડાવ્યાં. સુમનના હૃદયપર પુષ્પને બદલે પ્રેમની અજબ ભુરકી પડી. સુમને તેના મનોહર મુખકમળ સામું થોડીવાર જોયા કર્યું. અમૃતનું પાન કરતાં કોણ ધરાયું છે? રાજકન્યા સુલોચના, તીરછી નજરે જોતી-સ્મીત હાસ્યથી હસતી-આસ્તેથી અભીનંદન કરતી—વિદ્યુત વેગે ચાલી ગઇ. સુમનનું હૃદય એકદમ ફુલી ગયું અંદરથી જાણે કોઇ બળથી આઘાત કરતું હોય એમ જણાયું.

પ્રકરણ ૪ થું.

મર્યાદાએ ગુપ્ત ચીંતાપર દબાણ છે.

ખરેખાત સુલોચનાની સખી શર્મદા બગીચાની બહાર તેની રાહ જોતીજ ઉભી હતી. સુલોચનાને આટલો વિલંબ શાથી થયો તેને માટે તે અનેક તર્ક વિતર્ક કરતી હતી સુલોચના ધારતી હતી કે તેને દેખતાંજ પોતાની સખી ઠપકો દેશે અને તેમજ થયું.

રસ્તે ચાલતાં બંન્ને સખીઓએ સંવાદ શરૂ કર્યો.

"અલી સુલોચના! પુષ્પ વીણતાં આટલી બધી વાર શી?" શર્મદાએ લટકો કરતાં પૂછ્યું.

વખત તો લાગેસ્તો! મને કેટલું વીત્યું તે તું કાંઇ જાણે છે? સુલોચનાએ છણકાઇને ઉત્તર આપ્યો.

"ના, હું તેમાંનું કાંઈ જાણતી નથી, પ્રિય સખી! તું મને કહેતો ખરી" શર્મદાએ જરા નરમ બની જઇ જજ્ઞાશાથી પૂછ્યું.

"શું કહું બ્હેન! એક પુષ્પ ઘણુંજ હઠીલું હતું તેણે મને બહુજ સતાવી! સુલોચનાએ પોતાની સખીને વધારે આતુર બનાવવા કહ્યું.

"પણ થયું શું? બીચારા પુષ્પમાં શું તાકાત કે એક રાજબાળાને સતાવી શકે?" શર્મદાએ જરા અભીમાન કરતાં કહ્યું,

"સખી! તને હું શું કહું? એ પુષ્પ એવું મનોહર ખીલેલું હતું કે તેને જોતાંજ થોભવાને મન લલચાયું" સુલોચનાએ પોતાની

સખીના ખભે હાથ દેતાં ધીમા અને લથડાતા સ્વરે સખા પ્રત્યે લાડ કરતાં કહ્યું.

"ઓહો હો હો ! એમાં શું પુષ્પ મનોહર હતું તો ચુંટી લેવું હતુ ?" શર્મદાએ સુલોચનાને આશ્વાસન આપતાં કહ્યું.

શું ચુંટી લઉં બ્હેન ! જોત જોતામાં પવનનો પ્રબળ ઝપાટો આવ્યો જેથી મ્હારા માથા ઉપરની સાડી ખસી જવા લાગી.

સુલોચનાએ કહ્યું.

"તેમાં શું થયું" શર્મદા વચમાંજ બોલી ઉઠી

"હું ગભરાઇને ત્યાંથી દોડવા લાગી પણ જાણે કોઇએ મ્હારો છેડો પકડી રાખ્યો હોય એમ મને લાગ્યું" સુલોચનાએ પોતાનુ ચંદ્રવદન શર્મદાના કાન પાસે લાવી કહ્યું.

"શું ! કોણે ? એવું કોણુ શીર ફરેલ હતું કે જે ત્હારા વસ્ત્રનો છેડો પકડી શકે ?" ભોળી શર્મદાએ આશ્ચર્ય થતાં પૂછ્યું.

"બ્હેન ગભરાઇશ નહિ બીજું તો કોઇજ .નહતુ એતો પેલું રસીલું પુષ્પજ હતુ" સુલોચનાએ પોતાની સખીનો સંદેહ દુર કરતાં કહ્યું.

"ત્યારે શું કોઇ હાથ પગવાળું પુષ્પ હતું ?" શર્મદાએ વ-સ્ત્રનો છેડો મુખ ઉપર દાબી સુલોચનાથી થોડે છેટે ખસી જઇ સ્પષ્ટ પૂછ્યું.

"ગાંડી સખી ! તું બોલતાં જરા પણ શરમાતી નથી ? જો જે કાંઇ ઊંધું સમજતી ના ? મેં તેનો તપાસ કર્યો ત્યારે સમજાયું કે તે પુષ્પના રક્ષણને માટે કુદરતે ફરતી કાંટાની વાડ બનાવેલી છે તેમાં તે વસ્ત્ર ભરાયું હતું" સુલોચનાએ પોતાની સખીને સ્નેહથી ઠપકો આપતાં સરળતાથી સમજાવીને કહ્યું.

"ઠી...ક ! હવે હું સમજી, પણ બ્હેન ! તને કાંઇ ઇજા તો નથી થઇને ? શર્મદાએ નીચે નમી સુલોચનાના સામું જોતાં પૂછ્યું.

ઇજા તો શાયજતો વસ્ત્રને તેના પંઝામાંથી છોડાવતાં કાંટો વાગ્યો. તેની ધીમી ધીમી પણ અસરકારક વેદના શરૂ થઇ છે જીવ ત્યાંનો ત્યાં છે." સુલોચનાએ ખુલાશો કર્યો પણ શર્મદા વચમાં બોલી ઉઠી,–"એટલે બગીચામાં ?

સુલોચનાએ પોતાની સખીને પ્યારમાં એક થપ્પડ મારતાં કહ્યું,—ના, ના, ગાંડી જ્યાં ઇજા થઇ છે ત્યાં?' એ પ્રમાણે રાજકન્યા સુલોચના અને તેની સખી શર્મદા પરસ્પર વાર્તાલાપ કરતી આનંદ નિમગ્ન થતી ચાલી જાય છે થોડી વારે તેઓ દેવિના મંદિરમાં પહોચે છે, પણ ત્યાં શું થાય છે? જોત જોતામાં કેટલાક બળવાન મનુષ્યો શર્મદાને બાજુ ઉપર લઇ જઇ સુલોચનાને મજબુત હાથે પકડી બળાત્કારે મ્યાનામાં પુરી દઇ મ્યાનો ઉપાડી ચાલતા થાય છે શર્મદા પોકાર કરતી નગર ભણી વિદાય થાય છે.

જગતના મનુષ્યો ને ચોંકાવનારી વાતો વાયુ કરતાં પણ વધારે વેગવાળી હોય છે, રાજકન્યા સુલોચનાનું હરણ થયાની વાર્તા વિદ્યુતવેગે આખા નગરમાં પ્રસરાઇ ગઇ, અને તે છેક મહારાજાના કર્ણપર્વત પણ પહોચી ગઇ, પોતાની પુત્રી ઉપર આવી પડેલા સંકટને લીધે મહારાજાને અત્યંત શોક થયો ત્યારે સુમનનું લગ્ન રાજ કન્યા સંગાથે થવાનો સંભવ નષ્ટ પામતાં સત્યસિંહના શત્રુઓને તેથી આનંદ પણ થયો.

રાજકંન્યાનું હરણ કરનાર શત્રુઓનો પીછો પકડવા મહારાજાએ પોતાના સૈન્યને આજ્ઞા આપી અને કહ્યું કે,—“મ્હારા બ્હાદુર સૈનિકો! આ બીના મ્હારી વ્હાલી પુત્રિ ઉપર આવી પડેલા સંકટ કરતાં મ્હારા વડિલોની કીર્ત્તિ સાથે વધારે સંબંધ ધરાવે છે. માટે તમે હાલને હાલ શત્રુઓની પાછળ થઇ તેમનો પરાજય કરો મ્હારી પુત્રિનું અને મ્હારી આબરૂનું રક્ષણ કરો. તમારી બહાદુરીને દિપાવવાનો આ એક સમયરંગ છે, માટે તમારી ચળકતી સમશેરને શત્રુઓના રૂધીરપાનથી તૃપ્ત કરો. જે કોઇ વિરયોદ્ધો પોતાના આણુની દરકાર કર્યા વિના શત્રુઓના પંઝામાંથી મ્હારી પુત્રિને છોડાવી લાવશે તેની હું એક રાજા તરીકે સ્તુતિપાત્ર કદર કરીશ”

વિર પ્રવર સુમન આ વખતે હાજર હતો. રાજકન્યાનું હરણ થયાની ખબર સાંભળતાંજ તેના રોમરોમમાં અગ્નિ પ્રકટ થયો હતો. માત્ર તે આજ્ઞાનીજ રાહ જોતો હતો. મહારાજાનું બોલવું પુરૂં થતાંજ તે સૈન્યની પરવા છોડી દઇ, પોતાના મજબુત ઘોડાપર સ્વાર થઇ ચાલ્યો ગયો. સુમનની ઉત્સુકતા જોઇ મહારાજાને સંતોષ થયો.

પ્રકરણ ૫ મું.

સૌન્દર્ય પણ સંકટનું સોબતી છે.

રાજકન્યાનું હરણ કરનાર વિમળપુરના મહારાજા વિમળસિંહનો પાટવી કુમાર વિકળસિંહ હતો. રાજબાળાના અપુર્વ સૌન્દર્યની મોહીનીએ તેને પ્રેમઘેલો બનાવ્યો હતો. તે રાત્રી દિવસ તેનેજ ઝંખતો હતો. અન્ય સ્ત્રીઓ કરતાં રાજબાળાના સૌન્દર્યમાં કંઇક વિશેષતા છે; તે સંગીતમાં પ્રવિણ છે. તેનો કોકીલા જેવો કંઠ છે મોહક અને મધુર વાણી છે. એવી પ્રસંશાએ રાજકુમારને પ્રેમના વમળમાં નાખી દીધો હતો. તેનાજ ચીંતવનમાં રાજકુમારે આહાર અને નિદ્રાનો ત્યાગ કર્યો હતો. સ્વપ્નમાં તે રાજબાળાની મનોહર છબીને નિહાળી ઘણાજ કાલાવાલા સાથે તેના પ્રેમની યાચના કરતો હતો. તેની પ્રાપ્તીને માટે નિરંતર પરમાત્માની પ્રાર્થના કરતો હતો. ચીંતામાંને ચીંતામાં રાજકુમારનું શરીર ક્ષીણ થતું જતું હતું. પરંતુ સુલોચનાની માગણી કરવાને તેનો પિતા નિરૂપાય હતો; કેમકે રાજા મુકુંદસિંહની સાથે ઘણા વખતથી વૈમનસ્ય ચાલતું હતું. તેઓ પરસ્પર એક બીજાને કટ્ટા શત્રુ તરીકે ઓળખતા હતા. અને એક બીજાની પાયમાલી કરવા માટે અનેક યુક્તિયો યોજતા હતા.

કુમાર વિકળસિંહે ચતુર સ્ત્રીઓની મારફતે પોતાના સૌન્દર્યની, પોતાના ડહાપણની અને પોતાના વૈભવની સ્તુતિ રાજબાળા પાસે કરાવી તેને મોહ પમાડવાની કોશીશ કરી હતી. પ્રેમની નીશાની તરીકે અમુલ્ય ભેટ સોગાતો ગુપ્ત રીત્યે મોકલી હતી, અને રાજકન્યાને મેળવી આપવામાં જે કોઇ ફતેહ પામશે તેને પારિતોષકથી ભરી દેવાની અનેક લાલચો આપી હતી પરંતુ રાજકન્યા સુલોચનાએ તેના પ્રેમનો સ્વિકાર કરવાની સ્પષ્ટ ના કહી હતી. તેની ભેટ સોગાતો તિરસ્કારની સાથે પાછી વાળી હતી. જ્યારે તે પ્રત્યેક પ્રયત્નમાં નિષ્ફળ નિવડયો ત્યારે તેણે છળભેદથી રાજબાળાનું હરણ કરવાનો નિશ્ચય કર્યો અને ઉપર જણાવ્યા પ્રમાણે રાજબાળા સરસ્વતિ દેવીના મંદિરમાં દર્શનાર્થે ગયેલી ત્યાંથી તેનું બળાત્કારે હરણ કરવામાં આવ્યું હતું.

વિક્રળસીંહ મ્યાનાને આગળ ચલાવતો ઘણે દુર નિકળી ગયો અને આગળ ચાલતાં એક આશ્રમ સમીપ આવી પહોંચ્યો.

આશ્રમ એક મહાત્માનો છે. સુવર્ણ સરખી ભૂમિ, સદા નવ પલ્લવ અને પુષ્પો તથા ફળોના ભારથી લચી ગયેલાં ઘટાદાર વૃક્ષો આસપાસ છવાઇ ગયાં છે. તે પર અનેક મનહર શબ્દોથી વિલાસ કરતાં સુંદીર પક્ષીઓ કલોલ કરે છે. અનેક પ્રકારનાં પુષ્પો અને ચંદનનાં વૃક્ષોમાંથી સુગંધ પ્રસરી રહી છે. કુમારે રાજબાળાનો મ્યાનો તે સ્થળે ઉતરાવ્યો. આશ્રમના અધીપતિને કેટલાંક ફળ ફુલ વીણી લાવવાની આજ્ઞા કરી, વિદાય કર્યો. મ્યાનો ઉપાડનાર મજુરો અને સૈનીકોને ચેતન રહી ચોતરફ તપાસ રાખવાની આજ્ઞા આપી વીખેરી નાંખ્યા. નિરાધાર રાજબાળાને શામ દામ દંડ અને ભેદથી પોતાને તાબે કરવા, અને લીધેલા શ્રમનું સાર્થક કરવા મ્યાનો ઉઘાડયો. રાજબાળા બહાદુર સીંહણની પેઠે પોતાના શૌર્યને દાખવતી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી તેમાંથી બહાર નીકળી ક્રોધયુક્ત દ્રષ્ટિથી વિક્રળસીંહ સામું જોઇ રહી અને પૂછવા લાગી.

" અરે ઓ પાપી ! તું કોણ છે અને મને અહીં શા માટે લાવ્યો છે.

વિક્રળસીંહે રાજકન્યાની સમીપ આવી નમ્ર અવાજે કહ્યું કે " હું વિમલપુરના માહારાજાનો પાટવી કુમાર છું પણ અત્યારે તો તમારા પ્રેમનો ભીક્ષુક છું—તમારા સ્નેહનો યાચક છું.-તમારા પ્રેમામૃતનું પાન કરી મારા સંસારને સ્વર્ગ બનાવવાના ઉદ્દેશથી પ્રાચિન પદ્ધતિને અનુસરી ક્ષત્રિઓમાં ચાલતા રીવાજ પ્રમાણે તમારૂં હરણ કરી હું તમને અહીં લાવ્યો છું.

સુલોચનાએ ક્રુર થઇ કહ્યું,—" અરે ઓ કૃતઘ્ની ! એક નિર્દોષ અબળાનું બળાત્કારે હરણ કરી તારા સંસારને સ્વર્ગ બનાવવાનું ડહાપણ તું કોની પાસેથી શીખ્યો ?

વિક્રળસિંહે પ્યાર બતાવતાં કહ્યું,—" કુદરત પાસેથી. જુઓ ! તલીમાં તેલ છે પણ તેને પીલ્યા વિના કંઇ તે નિકલનાર છે ? દહીંમાં ઘી છે પણ તેનું મથન કર્યા વગર તે પ્રાપ્ત થનાર છે? દીવાસળીમાં અગ્નિ છે. પણ તેને ઘસ્યા વિના અગ્નિ પ્રકટ થનાર છે? ગોળમાં ગળપણ છે પણ ખાધા વિના તેનો મધુર સ્વાદ જણાવાનો છે ? વળી જુઓ ! પેલું ગુલાબનું પુષ્પ કેવું મનોહર જણાય છે ? શું તે એની

મેળે ઉડીને આપણી પાસે આવવાનું છે ? જો આપણે તેની મીઠી મજાહ ભોગવવી હોય તો તેને બળાત્કારે ચુંટી લેવું પડશે.

સુલોચનાએ શૌર્ય બતાવતાં કહ્યું,—"મૂર્ખ ! બળાત્કારે ચુંટી લેતા તને કેવી સજા થાય છે તે તું તપાસી જો. કાંતો તેના તીક્ષ્ણ કાંટાથી ત્હારો હાથ વીંધાઇ જશે, અથવા તે પોતાની પાંખડીને વીખેરી નાંખી હતું ન હતું થઇ જશે.

વિકળસીંહે વિશેષ પ્યાર બતાવતાં કહ્યું; ના મ્હારી કોમળ કળી ? તું પોતાના ભોગી ભ્રમરને માટે એવું સાહસ નહિ કરે.

સુલોચનાએ ક્રોધીત સ્વરે કહ્યું,–"દુષ્ટ ! ખરેખાત જો આ કળી કોમળ હશે તો ત્હારા જેવા પાપીનો હાથ અડકતાંજ તે કરમાઇ જશે.

વિકળસીંહે કહ્યું,—"મ્હારી પ્રેમ મૂર્ત્તિ ? તમે નાહક શા માટે ગુસ્સે થાઓ છો ? પહેલાં મ્હારી એક નમ્ર પ્રાર્થના જરા શાન્તિથી સાંભળો.

"મ્હારૂં હૃદય તને વ્હાલથી ચ્હાય છે. ત્હારા ચંદ્ર સરખા વદનની કાન્તી મ્હારા અંતરને અનહદ આનંદ આપે છે. મદનશરથી મ્હારૂં વિંધાયેલું મન ત્હારીજ પાછળ ફરે છે ત્હારા સ્નેહરૂપી સરોવરનું પાન કરવાને તે તલસે છે. હૃદયમાં ઉછળતી પ્રેમની ઉમાઓ ત્હારી પાછળજ દોડે છે. પણ ત્હારા વજ્રવત્ હૃદય સાથે પછડાઇ તે પાછી પડે છે. હૃદયને આનંદ આપનાર પ્રેમ ભરી વાણીસાં ભળવાને મ્હારૂં મન એક પગે થઇ રહ્યું છે તે ત્હારામાંજ સ્વર્ગનું સુખ નિહાળે છે પણ ત્હારા સુંદીર નયનની પ્રેમભરી દ્રષ્ટિ મ્હારા ભણી ફરતીજ નથી એ મ્હારૂં કેવું દુર્ભાગ્ય છે ? મ્હારા પ્રેમની દેવી ! હું ત્હારા પ્રેમમાં અત્યંત દીવાનો બન્યો છું. રાત્રી અને દિવસ પરમાત્માની પેઠે હું ત્હારૂંજ સ્મરણ કરૂં છું. ત્હારા પ્રેમની વિભુતિએ મ્હારૂં ભાન અને સાન સર્વ વિસરાવ્યું છે. ત્હારા પ્રેમની આકાંક્ષામાં મે હજારો બાળાઓની વ્હાલ ભરી માગણીઓનો અનાદર કર્યો છે. ત્હારા પ્રેમની સીદ્ધિ મેળવવા માટે આહાર નિદ્રાનો ત્યાગ કરી એક પ્રકારનો યોગ ધારણ કર્યો છે. હું તને મ્હારા હૃદયની પવિત્ર દેવી અને મ્હારા ભાગ્યનો ભંડાર માનું છું. હું ત્હારા માટે મ્હારૂં રાજપાટ, રીદ્ધિ સીદ્ધિ સર્વ છોડી દેવાને તૈયાર છું. ત્હારા સ્નેહને માટે જે સખતમાં સખત પ્રતિજ્ઞા લેવાની તું આજ્ઞા કરે તેને તાબે થવા હું તૈયાર છું.

હું વિષય વાસનાને તૃપ્ત કરવા નથી ચાહતો. જો તેમ હોત તો મેં હાલ સુધીમાં કેટલાયે લગ્ન કર્યાં હોત, પણ હું હંમેશને માટે મ્હારી જીંદગીના સાથી તરીકે ત્હારી સાથેજ મ્હારૂં ભાગ્ય જોડવા માગું છું. હું ત્હારા પ્રેમનો યોગ્ય અધિકારી છું કે નહિ. તેને માટે મ્હારૂં હૃદય ચીરીને અંદરથી તપાસી જો. તે પ્રેમ નિર્મળ અને કુદરતી છે કે કૃત્રિમ છે? મેં મ્હારી જીંદગીનો મ્હોટો ભાગ તને મેળવવાના પ્રયત્નમાંજ વ્યતિત કર્યો છે. પરંતુ હતભાગ્યે હું તને આ રીત્યે મેળવવામાંજ ફતેહમંદ થયો છું. હું જાણું છું કે ત્હારા જેવા કુમળા પુષ્પને આ જબરીના ઇલાજથી કરમાવું પડયું છે, અને કેટલુંક સહન કરવું પડયું છે, પણ ત્હારા પ્રત્યેના પ્રેમની તીવ્ર લાગણીએ મને તેમ કરવાને ઉશ્કેર્યો છે."

સુલોચના, વિકળસિંહની વક્તૃત્વ શક્તિથી દીંગ થઇ. જો કે તેનું બોલવું તેને પ્રિય નહતું પણ તે અંતઃકરણથી બોલે છે એવી તેની ખાત્રી થવાથી તેને બોલતાં તે અટકાવી શકી નહિ. સુલોચનાનું મૌન્ય રહેવું વિકળસીંહને આશાજનક જણાયું. તેથી તેણે ફરી પોતાનું અસરકારક વર્ણન શરૂ રાખ્યું.

"હું જાણું છું કે મારી આ કસુર તમે ભાગ્યેજ દરગુજર કરી શકો. તથાપી મારી તે કસુરને વધારે ગંભીર બનાવતાં પહેલાં તમે મ્હારો ખુલાસો લક્ષમાં રાખજો કે તમારા પિતા અમારી સાથે ખુલ્લી રીત્યે શત્રુતા દાખવતા હોઇને અમો તમારી માગણી ઝાહેર રીતે કરી શકયા નથી, અને તેથીજ આ રસ્તો લેવાની અમને લાચારીથી ફરજ પડી છે. તમને આ પ્રમાણે દુઃખ દેતાં મ્હારા હૃદયમાં કેટલું દુઃખ થયું છે તે એક હું જાણું છું, અને બીજો પરમાત્મા જાણે છે. પણ હવે તે સઘળું ભૂલી જાઓ. હાલ તમે મારી એ કસુરની ક્ષમા નહિ આપો તો હું તમને અપરિમીત સુખ આપી તમારૂં આ દુઃખ ભુલાવી દઇશ. તમારી ભક્તિ, એક પત્નીવ્રત અને પવિત્ર પ્રીતિ વડે તમારા મનને જીતી લઇ તમારી ક્ષમા મેળવી લઇશ. દેવી! તમે મ્હારા પર પ્રસન્ન થાઓ.

વિકળસીંહનું નિખાલસ બોલવું સાંભળી સુલોચનાને શું ઉત્તર આપવો તેની સમજ પડી નહિ. સુલોચના સુમનને ચાહતી હતી અને એ તેનું ચાહવું કુદરતી હતું.

વિકળસિંહે પોતાનું ભાષણ શરૂજ રાખ્યું, "દેવી ! પહેલાં તમે મારી સાથે થોડા વખત પવિત્ર પરિચય રાખીને મારી દ્રઢ પરિક્ષા કરી જુઓ. હું કેવો માયાળુ અને પ્રેમાળ છું, હું કેવો પરીક્ષક અને કદરદાન છું તેની ખાત્રી કરો. મારી સ્તુતિ હું પોતેજ કરૂં છું તેથી તેની કાંઇજ કિંમત નથી, તે હું જાણું છું. પણ આવા પ્રસંગોમાં મારી સ્તુતિ મારે પોતાનેજ કર્યા શિવાય બીજો માર્ગ નથી. તે છતાં તમારી દ્રઢ ખાત્રી થાય તોજ તમે મ્હારો સ્વિકાર કરજો—નહિ તો મને તજી દેજો. હું તમને ખુશીથી રજા આપીશ. મારા હૃદયમાં તમારા માટે જે પ્રેમની ગ્રન્થી ગુંથાયેલી છે તેને નિર્દયપણે તોડી નાખશો નહિ, ઉગેલી પ્રેમની સુકોમળ વેલીને ક્રૂર થઇ કાપી નાંખશો નહિ. સાહસ કરી છુંદી નાંખશો નહિ. હવે તમારે કહેવું હોય તે કહો. પણ નિશ્ચયાત્મક બુદ્ધિથી પૂર્ણ વિચાર કર્યા પછી કહો.

સુલોચનાએ કહ્યું,—"કુમાર વિકળસિંહ ! જો તમે મ્હારી ક્ષમા મેળવવા ચાહતા હોઓ તો મને તમારા હવાલામાંથી છુટી કરો. હાલના પ્રસગે હું એથી અધીક કંઇ કહી શકતી નથી.

વિકળસિંહે કહ્યું,—"દેવી ! તમારા જેવું અમૂલ્ય રત્ન આ રીતયે પણ મેળવ્યા પછી, હવે તે ગુમાવી દેવાની વાત કહેવી વૃથા છે હવે તો એ રત્નની સાથે જીવન મરણનો સવાલ સંધાયેલો છે.

સુલોચનાનો ક્રોધ કાબુમાં રહ્યો નહિ, તેથી તેણે ગુસ્સે થઇ કહ્યું,—"અરે ઓ ક્ષત્રીના નામને એબ લગાડનાર કુલાંગાર ! પ્રીતિલગ્ન અને વિષયલગ્નમાં અત્યંત તફાવત છે. પણ હવે હું ત્હારી સાથે સવાદમાં ઉતરવા માગતી નથી. મને ખાત્રી છે કે હું તને ગમે તેટલા કાલાવાલા કરીશ તોપણ આટલું સાહસ કર્યા પછી તું મને છોડનાર નથી, અને મ્હને બંધનમાં રાખ્યા પછી પણ ત્હારૂં કાંઇ વળનાર નથી ત્યારે તેનું પરીણામ આખરે મ્હારા મૃત્યુમાંજ આવવાનું છે. ત્યારે ઓ કૃતઘ્ની હવે મીથ્યા વિલંબ કરી મને શા માટે દુઃખી કરે છે ? ઓ કાળમુખા કસાઇ ! હવે જલ્દી મ્હારો અંત આણ્ય. ત્હારી કમરને શોભાવવા તેં જે તલવાર ધારણ કરી છે તેને એક સ્ત્રીના શૃંગારની પેઠે ન દીપાવતાં મ્હારા રૂધિરથી તેને તૃપ્ત કર. અરે ઓ ક્ષત્રીના નામને કાળો ડાઘ લગાડનાર બાયલા ! લોહીની ધારા દેખીને જો તને કંપારી છુટતી હોય તો લાવ, એ તલવારને

મ્હારા સ્વાધીન કર. હું તે વડે મ્હારૂં મસ્તક ઉતારી ત્હારા સ્વાધીન કરૂં. અરે ઓ હિચકારા ! શું એક સ્ત્રીના આવા સખત શબ્દ પ્રહારોથી તને કાંઇ પણ ક્રોધ નથી ચહડતો ?

ખરેખાત ! રાજકન્યા અત્યારે પ્રાણુ ઉપરજ આવી હતી તેણે પુખ્ત વિચાર કરીને છેવટે મૃત્યુજ પસંદ કર્યું હતું. પણ સુલોચનાના પ્રેમમાં અંધ બનેલો વિક્રળસીંહ આટલી બધી મહેનત કર્યા પછી પ્રાપ્ત કરેલા મનોવાંચ્છિત ફળને સાહસ કરી છુંદી નાંખે તેવો ઉતાવળીઓ નહતો, તેણે શાન્તિથી રાજબાળાના શબ્દપ્રહારો એકાન્તમાં સહન કર્યા, અને ક્રોધીત થવાને બદલે નમ્ર થઇ પૂછયું.

“ શું તમને મરવાનો કાંઇ પણ ડર નથી ?

સુલોચનાએ કહ્યું–“ મરવાનો ડર ! શું એક ક્ષત્રીબાળાને મરવાનો ડર હોઇ શકે છે ? અરે ઓ અજ્ઞાન ! તેં ક્ષત્રીબાળાઓનાં જીવન ચરિત્રો કદી પણ વાંચ્યાં છે ? એક અબળાનામાં કેટલી પ્રબળતા હોય છે તે શું તું જાણુતો નથી ? અરે એક ન્હાના સરખા કંટકથી જે સ્ત્રીઓનું સુકોમળ શરીર વ્યથિત થતું હતું, તેમણે સમય આવે પોતાની ગરદન ઉપર તીક્ષણુ તલવારો સહન કરીને પોતાના સતીત્વને દીપાવત્તાં આ માતૃભુમિને રક્ત વડે રંગી દીધી છે. જે સ્ત્રીઓ સૂર્યનો સહજ તાપ સહન ન થતાં પોતાના મુખ ઉપર કપડું આડે કરી દેતી હતી. તેજ સ્ત્રીઓ સમય આવે નિડરપણે અગ્નિની બળતી જ્વાળાઓમાં સુઇ રહેલી છે, અરે ત્હારા જેવા વ્યભિચારી, અને જુલમી માણુસોએ શીયળવંતી સ્ત્રીઓના દેખતાંજ પોતાનાં વ્હાલાં સંતાનોનો શીરચ્છેદ કર્યો છે તે છતાં પણુ તેમનું વજ્ર જેવું હૃદય યત્કીંચિત ડગ્યું નથી. ત્યારે ઓ હીચકારા ! હું પણુ એક સાચા ક્ષત્રીની વીરબાળા છું. તું ત્હારી તેજદાર તલવારના પ્રહારથી મ્હારો સંહાર કરી દે અથવા લાવ કટાર ! હું પોતેજ મ્હારો અંત આણું. ” એમ કહી તેણે સીંહણુની પેઠે છલંગ મારી કુમારની કમરમાં ખેસેલી કટાર ખેંચી લીધી, અને એક વખતે કુમાર સામે તાકી. હવે ભયભીત થયેલા કુમારને પોતાના બચાવને માટે તલવાર ખેંચવાની ફરજ પડી.

પ્રકરણ ૬ ઠું.

સ્ત્રી એ સુખનું સાધન છે કે મનુષ્યોના સંહારનું શસ્ત્ર છે?

રાજબાળાને શત્રુઓના પંઝામાંથી છોડાવવાના ઉત્સાહથી તીરની માફક છુટેલો સુમન પોતાનો પવન વેગી ઘોડો દોડાવતો આગળ વધ્યાં કરે છે. સુમનનું શરીર દ્રઢ અને બળવાન છે. લલાટ તેજઃપૂર્ણ અને આંખ્યો જ્યોતિઃપૂર્ણ છે. અવયવ ઉન્નત અને ગૌર વર્ણ છે. તેના જમણા હાથમાં ભાલો છે. મ્યાનમાં તલવાર કમરે લટકી રહી છે. ડાબા હાથમાં લગામ છે. ખભે ઢાલ છે.

શત્રુઓએ વ્હારે આવનારાઓને અટકાવવા અને રાજકન્યાવાળો મ્યાનો સહીસલામત પહોંચી જાય ત્યાંસુધી અનેક વિઘ્નો નાખી તેમને રોકવાના ઉદ્દેશથી પ્રત્યેક રસ્તા ઉપર સૈન્યની ટુકડીઓ ગોઠવી રાખેલી છે.

સુમન પ્રથમ એક ટુકડી સમીપ આવી પહોંચે છે. ઘોડાનું સમસ્ત શરીર પરસેવાથી લદબદ થયું છે. સુમન હથીયાર સાથે સજ્જ થઇ સાવધ બને છે. હાલ સુમન તે એક સરળ સ્વભાવનો અને ગંભીર સુમન નથી, પણ એક ખીજવાયેલો શૌર્ય પૂર્ણ વિકાળ સિંહ છે, તે એક મહાન બળવાન યોદ્ધા છે. ક્રોધાનલથી તેની આંખો રક્તપૂર્ણ બની છે. તે પવનવેગે પોતાના ઘોડાને ઉછાળતો, ભારતની અધીષ્ઠાત્રિ દેવીના હાથમાંથી છુટેલા વજ્રની સમાન શત્રુ સૈન્યપર તૂટી પડે છે. બકરાઓના ટોળાઓમાં પડેલો સીંહ જેમ બકરાંઓનો સંહાર વાળે તેમ તે શત્રુઓનો સંહાર વાળે છે. ઘોડાઓના હણહણાટ, તલવારોના ખડખડાટ અને મારો કાપોના ભયંકર નાદોવડે આકાશ ગાજી રહ્યું છે અને પૃથ્વી ધ્રુજી રહી છે. પ્રચંડ આંધીના ઝપાટાથી હાલી જતા મ્હોટા જંગલોની સમાન શત્રુ સૈન્ય ખળભળી ઉઠયું છે. વિજળીના ચમકારાની પેઠે તલવારો ઉડી રહી છે. લોહિની ધારાઓ વહિ ચાલી છે, અને મહા ભયંકર ગર્જના વડે યોદ્ધાઓના હ્રદયને ધડકાવતાં પોતાના હસ્ત ચાપલ્યનો અતિ સાવધપણાથી ઉપયોગ કરી જેમ એક ખેડુત દાતરડા વતી અનાજને કાપી નાખે છે, તેમ તેણે તલવાર વતી શત્રુઓને સંહારવા માંડયા છે. તેના તેજસ્વી ધનુષ્યમાંથી એકે સમયે

વિજળીની પેઠે ચળકતાં અસંખ્યાત શરો છૂટે છે. કેટલાક ઘોડાની અડફેટમાંજ પૂરા થાય છે, કેટલાક સુમનની તલવાર તળે કપાઇ જાય છે, કેટલાક વિરો પ્રાણઘાતક શરોવડે ધડોધડ પૃથ્વિપર પછડાય છે, કેટલાકનાં મસ્તકો અંતરીક્ષમાં ઉડે છે, અને કેટલાક મરવાના ડરથી પોબારા ગણી સુમનને આગળ વધવા માટેનો રસ્તો સરળ કરી આપે છે.

ઢેર ઢેર પડેલાં બહાદુર મનુષ્યોનાં મુડદાં અને રૂધિરવડે રંગાયેલી ભુમિ તરફ દ્રષ્ટિ કરતાં સુમનનું-એક આર્ય હૃદય કંપવા લાગ્યું. તે મૃતદેહોને સંબોધી કહેવા લાગ્યો.

"હે જગતના કિંમતી જીવો! શું તમારૂં જગતમાં એક ક્ષત્રીવીર તરીકે જન્મવું. માતૃભુમિના અન્નપાણીથી પોષાઇ બળવાન થવું આટલા માટેજ હતું?

ખચીત રામાયણ, મહાભારત અને ત્યારપછીના ઇતિહાસો પોકારી પોકારીને કહે છે કે આર્યભુમિના અસંખ્યાત વીર સંતાનો કે જેઓ પરોપકાર કરી આર્યસંતાન તરીકેનું આદર્શ જીવન વ્યતિત કરવાને જનમ્યા હતા તેઓ પણ તમારી પેઠે એક સ્ત્રી સંબંધીના ક્ષુલ્લક ઝઘડાને લઇનેજ પોતાનું જીવન ધુળમાં રગદોળી પોતાના રક્તવડે માતૃભુમિને કલંકિત કરી ગયા છે. જગતના મનુષ્યોનાં મૃત્યુ જે જે કારણોને લઇને છે તેમાંની મોટી સંખ્યા ફક્ત સ્ત્રીના કારણને આભારી છે. ત્યારે ઐતિહાસીક દ્રષ્ટિએ વિચારતાં સ્ત્રી કે જેને મનુષ્યના સુખનું સાધન માનવામાં આવે છે. તેજ મનુષ્યોના સંહારનું ભયંકર શસ્ત્ર છે."

સુમન મૃત જીવોની સદ્‌ગતી ઇચ્છી આગળ ચાલે છે. હવે પછી મનુષ્યોની પ્રાણ હાનિ વિના કાર્ય સિદ્ધી થાય તેટલા માટે શત્રુ પૈકીના એક સૈનિકનાં વસ્ત્ર પહેરી લઇને તે આગળ વધે છે. સુમન સહજ અનુમાન કરી શકે છે કે આગળ જતાં પણ તેવુંજ શત્રુદળ તૈયાર હશે. તેથી તે સાવધપણે આગળ વધે છે. થોડે દુર ગયા પછી એક શાન્તિપ્રદ આશ્રમ દ્રષ્ટિગોચર થાય છે. આશ્રમની આસપાસ કેટલાક સૈનિકોને ફરતા દેખે છે અને તેજ આશ્રમમાં એક મ્યાનો પણ દ્રષ્ટિગોચર થાય છે. તે ઉપરથી રાજબાળા તે આશ્રમમાં હોવી જોઇએ એવું સહેલાઇથી તેને સમજાય છે. સુમનના શરીર ઉપર તે સૈનિકોના જેવાંજ વસ્ત્ર હોવાથી તે નિર્વિઘ્ને આશ્રમમાં જઇ શકે છે. અને વિકળસીંહ તથા રાજબાળા વચ્ચે થતી વાર્તા સાંભળે છે.

રાજબાળાની અડગતા માટે તેને સાનંદ સંતોષ થાય છે. હવે પછી શું થાય છે તે આતુરતાથી જોઇ રહ્યો છે. તેવામાં મામલો અણી ઉપર આવેલો દેખી જેમ ધારેલા શિકાર ઉપર સિંહ કુદી પડે છે તેમ ત્યાં અચાનક પ્રકટ થઇ રાજકુમારની પીઠ ઉપર જોરથી લાત મારી તેને ધરણીપર સુવાડી દે છે, અને રાજબાળાનો કટારવાળો હાથ પણ પકડી લે છે, સુલોચના સુમનને જોઇ અજાયબ થતી સ્થીર નેત્રે જોઇ રહે છે. હાલ સુમનની મુખ મુદ્રામાં અવર્ણનિય માધુર્ય અને પ્રભાવનું મિશ્રણ હતું. વિજળી કરતાં પણ વધારે પ્રકાશિત અને ભેદક એવો દ્રષ્ટિ પ્રકાશ તેના નેત્રમાંથી નીકળતો હતો. રાજકુમાર ફરી પૃથ્વી પરથી ઉઠે તે પહેલાં સુમનસિંહે તેના ભણી એક તીક્ષ્ણ અને ચળકતું ખંજર ધર્યું. સુમનસિંહનો તે વખતનો પ્રબળ જુસ્સો, અને કીંચિત હીસીયારી કરતાં મર્ણની તૈયારી ધ્યાનમાં રાખી વિકળસીંહ મૌન્યપણે શરણ થયો. સુમનસીંહે વીકળસીંહને રાજકંન્યાનાં વસ્ત્ર પહેરવા અને પોતાનો પોશાક ઉતારવાની આજ્ઞા કરી. મૃત્યુના મુખમાંથી બચવાની ઉમેદ રાખનાર વિકળસીંહ તે આજ્ઞાને તાબે થયો. સુલોચનાએ સુમનના ઇસારાથી પુરૂષનો પોશાક ધારણ કર્યો.

ત્યાર પછી સુમને વિકળસીંહને મ્યાનામાં બેસવા કહ્યું. વિકળસીંહે તેમ કર્યું. મ્યાનામાં તેને મજબુત બંધનવડે જકડી લેવામાં આવ્યો. છેવટ સુધી એક શબ્દ પણ ઉચ્ચારવામાં આવશે તો તત્કાળ મૃત્યુ નીપજાવવાની સુમને વિકળસીંહને ધમકી આપી હતી. તેથી તે એક શબ્દ પણ બોલી શકયો નહિ. ત્યારપછી સુમને મ્યાનો ઉચકનારાઓને તે સ્થળે બોલાવ્યા, અને મ્યાનો ઉપાડી આગળ ચાલવાની તેમને આજ્ઞા કરી.

એક મનુષ્યે પ્રશ્ન કર્યો—“ રાજકુમાર વિકળસીંહ કયાં ગયા ?

સુમને ઉત્તર આપ્યો—આગળ.

તેણે ફરી પૂછ્યું—અમને શી આજ્ઞા છે ?

સુમને કહ્યું કે—જેમ બને તેમ તાકીદે મ્યાનો ઉપડાવી પ્રયાણ શરૂ કરવું.

સુમન અને સુલોચના ઘોડા ઉપર સ્વાર થઇ થોડે સુધી મ્યાનાની સાથે સાથે ચાલ્યાં છે લાગ મળતાં પોતાના પંથે વળી ગયાં.

પ્રકરણ ૭ મું.

પ્રેમી યુગલની એકાન્ત.

સુલોચના એક બહાદુર ક્ષત્રાણી હતી. તેણે સુમનની પાછળજ પોતાનો ઘોડો મારી મુકયો. જેમ કાળાં વાદળાંની પાછળ વિજળીનો ચમકારો ચાલ્યો જતો હોય તેમ કાળા પોશાકમાં સજ્જ થયેલા સુમન પાછળ સુલોચના પ્રયાણ કરતી હતી. દોડતે ઘોડે પણ સુમન કોઈ કોઈ વાર પાછળ પડી સુલોચના તરફ જોતો હતો. અને રાજકન્યાને પવન વેગે ઘોડા ઉડાવતી દેખી હૃદયમાં તેની સ્તુતી કરતો હતો, કોણ જાણે સુલોચના જેવું ઉમદા સ્ત્રી રત્ન કોના પ્રારબ્ધમાં સર્જાએલું હશે તેને માટે તે પોતાના અંતઃકરણમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરતો હતો.

આ વખતે સુલોચનાના મનમાં પણ કંઈની કંઈ ઉથલ પાથલ થતી હતી, અણીને સમયે સુમનનું એકાએક આવવું તેને આશ્ચર્ય-જનક લાગ્યું હતુ. મ્યાનામાં કેદ થવું, શીયલ ભંગની તૈયારી થવી, મૃત્યુના કિનારે પહોચવું, સુમનનું આવવું, વિકળસિંહે સ્ત્રીનાં વસ્ત્ર પહેરવાં, અને શત્રુઓની નજર ચુકાવી નિર્વિઘ્ને પાછા ફરવું, એ દેખાવો વારંવાર સુલોચનાની દૃષ્ટિ સ્હામે તરવરતા હતા. સુલોચના સુમનની બહાદુરી માટે પોતાના મનમાં મલકાતી હતી. સુમને આપેલા જીવતદાન માટે તેનો વારંવાર ઉપકાર માનતી અંતરમાં તેને વ્હાલ પૂર્વક વધાવતી, પ્રેમના ઉમળકાથી તેનાં ગુણ ગાન ગાતી, સુમનની પાછળ પાછળ તણાતી હતી. હવે કોઈ નિર્ભય અને અનુકુલ સ્થાન આવે ત્યાં આરામ લેવાની અને સુમનની સાથે વાત, વિનોદ કરી આનંદ મેળવવાની તેના હૃદયમાં ઉત્કંઠા થઈ. ત્યાર પછી થોડે દુર આગળ વધતાં એક સુંદર સરોવર દુરથી દેખાયું, સુવર્ણ સરખી અરણ્ય ભૂમિ, સદા નવ પલ્લવ તથા પુષ્પના અને ફળોના લગી ગયેલાં ઘટદાર વૃક્ષો, પક્ષીઓના મધુકર કલરવ સમિપમાં સ્વચ્છ અને સપાટ મેદાન ખુલ્લી અને તાજી હવા એ સઘળા સંયોગો એવા આવી મળ્યા કે ગમે તેવા પંથીને ત્યાં વિશ્રામ લેવાની સ્વાભાવિક ઈચ્છા થાય. સુલોચનાએ પોતાના ઘોડાનો વેગ ધીમો કરી સુમનને મધુર સ્વરે કહ્યું, “બહાદુર સુમન! હજુ તમારા પવનવેગી ઘોડાને આગળ કયાં સુધી ઉડાવ્યા કરશો?

સુમને કહ્યું "આપના વિયોગે શુન્ય બનેલું નગર જ્યાં સુધી આવી પહોચ્યું નથી ત્યાંસુધી. આપણી પવિત્ર માતૃભૂમિના ખોળામાં આપણે શરણુ લીધું નથી ત્યાં સુધી.

રાજબાળાએ વિસ્મય થતાં પૂછ્યું "શૂરવીર સુમન ! ત્યારે શું આપણે નિર્ભંશતાંની શીતળ છાયા નાચે આવી પહોંચ્યાં નથી ?

સુમને કહ્યું. "તમારા જેવી શુરવીર ક્ષત્રાણીને માટે પરમાત્માએ આ સૃષ્ટિમાં ભયને સ્થાજે કયાં આપ્યું છે ?

રાજબાળાએ સ્મીત હાસ્ય કરતાં અને પોતાનું ચદ્રવદન હસાવતાં કહ્યું, "સત્ય છે. તે સ્થન તો તેના સંરક્ષકોએ પોતાની પ્રતિષ્ઠાને માટે રોકી રાખેલું છે.

એ પ્રમાણે ધીમે ધીમે પોતાના ઘોડા ચલાવતાં, પ્રેમાળ દ્રષ્ટિથી પરસ્પર આલ્હાદ વર્ષાવતાં, નિર્મળ પ્રેમના છુપા મંત્રોનો પ્રયોગ અજમાવતાં થોડે દૂર ચાલ્યાં તેટલામાંજ સરવોરનું સ્થળ આવી પહોચ્યું એટલે રાજબાળાએ પુનઃ પ્રશ્ન કર્યો,—" સુમન ! જ્યારે ભય નથી ત્યારે શામાટે ઉતાવળ કરો છો. શું વિશ્રાન્તિને માટે આ સ્થળ પસંદ કરવા યોગ્ય નથી ?

સુમને કહ્યું,—" હા, સૂર્યના સહજ તાપથી કરમાય તેવા સુકોમળ પુષ્પ ને દુષ્ટોના જુલમ રૂપી પ્રચંડ દાવાનળમાં દહન થયા પછી અને વેગ વાળી મુસાફરીને અનહદ શ્રમ સહન કર્યા પછી, વિશ્રાન્તિની જરૂરતો હશેજ, પણ મને લાગે છે કે જે પિતાનો પોતાની વ્હાલી પુત્રી ઉપર અપ્રિતમ વાત્સલ્ય ભાવ હતો અને જે તેના અચાનક હરણથી ચિન્તાની પ્રબળ આગમાં ઉભેલો છે; અને પોતાની પ્રતિષ્ઠાને હાની થએલી સમજી જીવવા કરતાં મૃત્યુને આવકાર આપી રહ્યો છે; તેમની શાન્તીના ઉપચારને માટે આપણે કંઇક વિશેષ કષ્ટ સહન કરીને પણ ત્વરાથી જઇ પહોચવું જોઇએ.

રાજબાળાએ કહ્યું,—" ખચીત્ત ! મ્હારા તિર્થ સ્વરૂપ પિતાશ્રી ની ચિન્તા મુકત કરવા માટે પરમાત્માની પાસે પાંખોની ભીક્ષા માગવી જોઇએ. પરંતુ જે ભલા અને પરોપકારી પુરૂષે; આહાર, નિદ્રા, ભય કે પ્રાણની દરકાર કર્યા વગર મને નવું જીવન આપવા અનહદ શ્રમ લીધો છે તેના શ્રમને પણ શું મ્હારે વિસરી જવો જોઇએ ?

સુમને કહ્યું,—" કોમળાંગી ! આ શરીર સરજનહાર તરફથી

જેને માટે સરજાએલું છે. તેની સેવા માટે, અરે તેના સુખને માટે, આથી હજાર ઘણું શ્રમીત થાય તોપણ તેથી તે શીથીલ થવાને બદલે ઉલટું પ્રફુલીત બને છે માટે એ વિરાંગના મ્હારા શ્રમની ચિન્તા છોડી દઇ હવે ત્વરાથી ચાલો. ”

એમ કહી સુમને ઘોડા ઉપર સ્વાર થવાની તૈયારી કરી, રાજબાળાએ તેને તેમ કરતા અટકાવીને કહ્યું.—“ અરે એ સાહસીક સુમન ! આમ નિર્દય ન થાઓ. મ્હોતના મુખમાં પ્રવેશ કર્યા પછી હૃદયની ભસ્મીભૂત થતી સકળ ભાવનાઓને પુનઃ આશાના જળથી સીંચન કરવાને આનંદ પ્રદર્શીત કરવાની તક આપ્યા વગર અને તે ભયંકર કાળના મુખમાંથી બચાવનાર માનીતા રક્ષકની સાથે વ્હાલ ભરેલો વાર્તા વિનોદ કરવાને ઉછળી રહેલી ઇચ્છાના વેગને ઇનસાફ આપ્યા વગર એક મુંગા પંખીને પાંજરામાં પુરી પકડી જવા જેવું સાહસ ન કરો. આ પ્રમાણે દોડાદોડની મુસાફરી કરતાં તો નગર એક નિમિષ માત્રમાં આવી પહોચશે, અને લોક મર્યાદાના પ્રતિબંધની બેડીઓ તમારા અને મારા મન ઉપર પ્રબળ રીતે જડાઇ જશે મ્હારા અને તમારા મનની ઉર્મીઓ મનમાં અને મનમાં રહી જશે. અને પાછળથી ઉભયના મનમાં પુરે પુરો પસ્તાવો થશે. માટે જરા બેસો આ વડ વૃક્ષની છટાદાર શાન્તિપ્રદ છાયા નીચે થોડો વિશ્રામ લ્યો. આ નિર્મળ સરોવરના શુદ્ધ જળનું પાન કરી ને આપની તૃષાને તૃપ્ત કરો. પ્રાતઃ કાળની ઠંડા અને મધુરી વાયુની લહેરોનો અનુભવ લઇ શાન્ત થાઓ. અને આ આપના સ્નેહની પુતળી કે જે આપને ઘણા લાંબા વખતથી ચહાય છે. અને જેના ઉપર આપે હમણાંજ કોઇ રીત્યે બદલો ન વાળી શકાય તેવો મહાન ઉપકાર કર્યો છે અને જે આપના મુખની મીઠી, મધુરી, અને વ્હાલ ભરેલી વાણી સાંભળવાને આતુર છે તેને વાર્તા વિનોદનો મીષ્ટ મેવો ચખાડી સર્વ શકિતમાન દયાળુ પરમાત્માની કૃપાથી અનાયાસે મળેલી એકાન્તનું સાર્થક કરો.

સુલોચનાના વાણી પ્રવાહ—બોલતી વખતના તેના આકર્ષક અભીનયોથી. અને સ્નેહ સુધાથી છલોછલ ભરેલી મોહક દ્રષ્ટિથી માયાળુ સુમનનું પ્રેમાળ હૃદય દ્રવીત થયું. તેણે પોતાનો ઘોડો કાંઇ પણ આના કાની વગર, સરોવરના કિનારા ઉપરની લીલોતરી ચરવા માટે છુટો

મૂકી દીધો. અને રાજબાળાના ઘોડાને વડ વૃક્ષનાં મુળીયાં સાથે બાંધી દીધો. પરન્તુ રાજબાળાને તે કાંઇ પણ ઉત્તર આપે તે પહેલાં તો તેના હૃદય સાગરમાં અનેક સંકલ્પ વિકલ્પના મોજાં ઉછળવા માંડયાં તેણે પોતાના મન સાથે વિવાદ શરૂ કર્યો કે,—

"આહા ! આ હું શું સાંભળું છું ? રાજબાળાના પ્રેમના પ્રત્યેક શબ્દો મને ખરેખાત દેવતાઇ અમૃતનો આ સ્વાદ આપે છે. આવી એય સૌંન્દર્યની પ્રતિમા કે જે મ્હારા પ્રત્યે અપરીમિત સ્નેહ દાખવે છે અને પોતાને મ્હારા સ્નેહની પુતળી માને છે એ મ્હારૂં કેટલું સદ્‌ભાગ્ય છે ? હે પરમાત્મા ! ત્હારી અપ્રતિમ કૃપાનું આ ફળ છે, અમારા નિર્મળ પ્રેમમાં ત્હારો છુપો હાથ છે. ત્હારોજ ગર્ભીત ઇસારો છે. નહિ તો મ્હારાજ હાથે તેનો બચાવ થવાનો દુર્લભ પ્રસંગ ક્યાંથી પ્રાપ્ત થાય ? હે પ્રેમસુંદરી ! ખરેખાત તેં મને ત્હારા જાદુઇ પ્રેમમાં મસ્ત બનાવ્યો છે હે મ્હારા હૃદય મંદીરમાં સ્થપાયેલ સાૈન્દર્ય મૂર્તિ ! જળમાં સ્થળમાં વૃક્ષોમાં પૃથ્વીપર અને નભો મંડળમાં હું પરોક્ષ રીત્યે ત્હારૂંજ દર્શન કરૂં છું. રાત્રો અને દિવસ હું ત્હારૂંજ ચીંતવન કરૂંછું. જ્યારથી તેં સરસ્વતિ દેવીના મંદીરમાં લઇ જવા નિમીપે મ્હારા પાસેથી મેળવેલાં પુષ્પો મ્હારા ઉપર ફેંક્યાં છે. ત્યારથી તો ખચીત્ત ! હું એક પ્રેમ ઘેલો શુદ્ધિ અને બુદ્ધિને ભૂલી ગયેલો ત્હારૂંજ સ્મરણ કરનારો એક પરમ પવિત્ર ભક્ત બન્યો છું. ત્હારા પ્રત્યેની મ્હારી અંતઃકરણની ભક્તી આજે ફળદાયી થઇ છે, હે મ્હારા પ્રેમનીદેવી ! તું આજે મ્હારા ઉપર પ્રસન્ન થઇ છે. ત્યારે હવે ઓ મ્હારા ભાગ્યની દેવી ! હું તને મ્હારા જીગરના સાચા પ્રેમથી આશ્વાસન આપું તને વ્હાલથી મ્હારા હૃદય સાથે ચાંપું. અને ત્હારા શરીરમાંના પ્રત્યેક બીંદુમાંની ગ્લાનિને દૂર કરૂં." એમ કહી તે હર્ષ ઘેલો સુમન સુલોચનાને ભેટવા જાય છે. પરંતુ એકદમ વિચાર થઇ આવતાં પાછો ફરે છે.

"સબુર ! સુમન ! ઉતાવળો થઇશ ના ! ત્હારો હક માત્ર તેને દુરથી સુખી થયેલાં જોવા પુરતોજ છે, ધીરજને ખોઇશના ! એ કોણ છે ? અને તું કોણ છે ? તેની પ્રથમ તુલના કરી જોજે. શક્યા શક્ય, અને સંભવા સંભવનો પૂરેપૂરો વિચાર અવશ્ય કરી જોજે. શેખસલ્લીની પેઠે હવામાં વજ્રના કીલ્લા બાંધવા જેવી મુર્ખાઇ કરીશ નહિ. મનોહર પાકેલા ફળની મધુરતા ચાખવાને મોં ખુલ્લુ કરતાં પહેલાં

ત્હારો આશારૂપી હાથ તે ફળને પહોંચી શકશે કે નહિ તેનો દ્રઢ નિશ્ચય કરજે. તૈયાર થયેલું ભોજન કોઇ ત્રીજાની તૃપ્તીને માટેજ નિર્માણ થયેલું હોય તો તું તેને અડકીશજ નહિ. માહારાજાએ ત્હારા ઉપર મૂકેલા વિશ્વાસનો ગેરલાભ લઇશ નહિ આભાર તળે આવેલી અબળાના નાજુક મનને લોભાવીશ નહિ. તેના ઉપર કરેલા ઉપકારને પાપીષ્ટ વિકારોના ગંદા પાણીથી ધોઇ નાખીશ નહિ. અને અનાયાસે મળેલી એકાન્તનો દુરૂપયોગ કરીશ નહીં. જાણે શ્રમીત થયો હોય તેવી રીત્યે સુમન પોતાની ચક્ષુઓને બંધ કરી દે છે.

સુલોચના સુમનને આશ્વાસન આપતાં કહે છે;—"વ્હાલા સુમન! કેમ આજે કંઇ બોલતા નથી? મને લાગે છે કે તમે વિશેષ શ્રમીત થયા છો. હું તમને શું કરીને એ શ્રમથી મુક્ત કરી શકું. તમારા ઉપકારનો હું કેવી રીત્યે બદલો વાળી શકું?

સુમનના નિરૂત્સાહી પ્રેમ જીવનને ઉત્સાહનું પુનઃ સીંચન થયું. જાણે તે નિંદ્રામાંથી જાગૃત થયો હોય તેમ સાવધ થયો. તેના હૃદય પટ ઉપર એક જૂદોજ તરંગ ઉછળી આવ્યો. તે પુનઃ વિચાર કરવા લાગ્યો;—શું હું આ રાજબાળાની સાથે સ્પષ્ટ રીત્યે પ્રેમવિનોદ કરવામાં પાપીષ્ટ બનું છું? શું હું તેની ઇચ્છાને અનુકુળ વર્ત્તન ચલાવવામાં વીશ્વાસઘાતી કરૂં છું? શું હું જેના મન ઉપર મ્હારૂં આધિપત્ય થયું છે તેને મેળવવાને અપાત્ર છું? નહીં! એ પણ એક ક્ષત્રીબાળા છે અને હું પણ એક ક્ષત્રીકુમાર છું. તેનો પીતા એક મ્હોટા રાજ્યનો માલીક છે અને મ્હારો પીતા એક નાની જાગીરનો માલીક છે તેથી શું થયું? શરીરની સાથે શરીરનું લગ્ન થવાનું છે? મનની સાથે મનનું લગ્ન થઈ ચુક્યું છે. કંઇ જાગીરની સાથે જાગીરનું લગ્ન થવાનું નથી! ત્યારે હું કઈ રીત્યે અયોગ્ય છું? મ્હારૂં હૃદય એની મેળે જેનું થઇ ચુક્યું છે તેને હું ત્યાંથી શી રીત્યે પાછું વાળી શકું? જે મ્હારી સાથે વાર્તા વિનોદ કરવાને ક્યારનીએ તલસી રહી છે. જે ઉમેદ ભરેલી દ્રષ્ટિથી ક્યારનીએ મ્હારા સામું જોઇ રહી છે. મેં વિચાર કરવામાં આટલો લાંબો વખત લીધો તેને માટે તે પોતાના અંતરમાં શંકાશીલ અને અધીર થઇ રહી છે; અને જેના હૃદયમાં બાલ્યાવસ્થાથી રોકાયેલી પ્રેમનીવેલી અત્યારે ફાલી ફુલી પ્રફુલીત થઇ રહી છે, તે કોમળ વેલીને ક્રૂરતાના કુહાડાથી હું કેવી રીત્યે કાપી શકું?

અરે ! પણ હું ભુલું છું ? ગમે તેવી પણ આ રાજબાળા એક સ્ત્રી જાતી છે. અને તેથી તે પરતંત્ર છે. દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય એ કહેવત પ્રમાણે તેના જીવનના સુખ દુ:ખનો આધાર તેના પિતાની મરજી ઉપર અવલંબે છે, રાજબાળા મને ચ્હાય છે તેથી મ્હારૂં શું વળ્યું ? પોતાની શ્રેષ્ટતાનું અભીમાન રાખનાર રાજા તે રાજબાળાનો મ્હારી સાથે સંબંધ બાંધવાનું કદી પણ પસંદ કરશે નહિ. રાજાઓ પોતાની પુત્રીની ઇચ્છા, અને તેના સુખ દુ:ખની પરવા કરતાં; પોતાની પદ્વીના અભીમાનની વધારે દરકાર કરે છે. રાજાઓ પોતાની કન્યાને માટે એક સારો વર જોતા નથી પણ સારૂં રાજ્ય જુએ છે ! ત્યારે પ્રેમના આવેશમાં પોતાના ભાવિનું ભાન ભૂલી જનાર અને વિચાર કરવાની શક્તીને કામે ન લગાડનાર રાજબાળાના સાહસને માટે શા માટે તાબે થવું જોઇએ ? આ પ્રમાણે મળેલી એકાન્તનો મેં ગેરલાભ લીધો છે એવી માહારાજાને કદાચ ખબર પડે તો તેનું પરીણામ મ્હારા અને આ નિર્દોષ રાજબાળાના હકમાં, અને મ્હારા વડીલોની કિર્તિમાં કેવું હાનીકર્ત્તા નીવડે. માટે સુમન ! જ્યાં સુધી ત્હારો યોગ્ય સંબંધ એ સર્વાંગ સુંદરી સાથે જોડાયો નથી, ત્યાં સુધી તે રાજબાળાને એક અગ્નિનો કુંડ સમજીને દુર રહે. જેનાથી ત્હારા હૃદયના વિકારો સ્ફુરી નિકળે તેવી પ્રેમ વાર્તાઓથી અલગ થા, અને થોડી ઘણી વિશ્રાન્તી મેળવી નગર ભણી ચાલ્યો જા." એ પ્રમાણે વિચાર કરી સુમન એક છેવટ નિશ્ચય ઉપર આવે છે.

" શરમાળ સુમન ! મ્હારા પ્રશ્નોના ઉત્તરો કેમ આપતા નથી ? તમારી મુખમુદ્રા પ્રફુલ્લ કેમ જણાતી નથી ? શું મ્હારૂં બોલવું આપને દુ:ખદાયક થઇ પડે છે ? વ્હાલા સુમન ? જ્યાં સુધી ત્હારી ચીંતાનું સત્ય કારણ મને જણાવીશ નહિ ત્યાં સુધી મને કીંચીત ચેન પડશે નહિ " એમ કહી સુલોચનાએ વાંકા વળી આતુર મુખ મુદ્રાથી પોતાનાં અણીવાળાં કમળ પાંખડી સરખાં વિશાલ તથા કોમળ અને મૃગના સરખાં સુંદર નેત્રો વડે સુમનના સામું જોયું.

સુમનના હૃદયમાં જે ઉથલ પાથલ થતી હતી, તે તેજ જાણતો હતો. બીજાથી તે જાણી શકાય તેમ નહતું તેણે મનના વિચારો મનમાં જ સમાવી દઇને કૃત્રિમ ભાવ બતાવતાં કહ્યું,–" કંઇ નહિ રાજબાળા !

મુસાફરીના લીધે કદાચ તમને એમ જણાતું હશે, પણ મ્હારા હૃદયમાં તો થયેલા વિજયને લીધે અત્યંત આનંદ ઉભરાય છે.”

સુલોચનાએ કહ્યું,—“ખચીત! જો ત્હારા હૃદયમાં આનંદ ઉભરાતો હોય તો મ્હારા વ્હાલા સુમન! તે હૃદયના આનંદને ત્હારા મુખની મનોહર વાણીદ્વારા બ્હાર પ્રદર્શિત કર. સુમન! સુમન! ત્હારો નૈસર્ગિક પ્રેમ કયાં ગયો? ત્હારી વાણીમાં કેમ કૃત્રિમતા જણાય છે? ત્હારૂં મન કેમ અસ્થીર દર્શન દે છે! સુમન! બાલ્યાવસ્થામાં તું મને મધુરગીત શીખવતો, મ્હારી પાસે ગવડાવતો, અને જ્યારે હું ગાતી ત્યારે તું ઉત્સુકત નમનથી એકાટશે મ્હારા સામું જોઈ રહેતો: જ્યારે હું ત્હારાથી રીસાતી અને બોલતી નહિ, ત્યારે મને બોલાવવા—હસાવવા—અને રિઝાવવા તું કેટલો પ્રયત્ન કરતો? અને હું જ્યારે ત્હારાથી છુપાઇ જતી ત્યારે તું મને સોધી કાઢવા કેટલી મહેનત કરતો? અને જ્યારે હું ન મળતી ત્યારે તું કેટલો રડતો? એ બધું શું તું ભૂલી ગયો? અરે મ્હારી સાથે રમવામાં અને ફરવામાં કોઈ કોઇ વખતે તું ખાવાનું પણ ભૂલી જતો અને જ્યારે તું ક્ષુધાતુર થતો ત્યારે મ્હારી પાસે ખાવા માગતો, વળી કોઇ કોઇ વખતે તો ત્હારા હાથ સાહીવાળા હોવાનું બ્હાનું કહાડી મને ખવડાવવાનું કહેતો અને મ્હારે નિરૂપાયે તેમ કરવું પડતું એ સઘળું શું તું વિસરી ગયો છે! ના. હું જાણું છું કે બાલ્યાવસ્થાના એ પ્રેમના અંકુરો હજુ કરમાઇ ગયા નથી, જો તેમ હોત તો દુષ્ટ જાલીમેની જાળમાંથી જીવના જોખમે તું મને શા માટે બચાવત! હા! એટલું તો મ્હારે કહેવુંજ પડશે કે જ્યારે હું તને બગીચામાં મળી ત્યારે ત્હારા હૃદયમાં જે કુદરતી ભાવ મ્હારા હૃદયને ડોલાયમાન કરવાને ઉછાળા મારતા હતા તે કોણ જાણે આજે કયાં છુપાઇ ગયા છે?” એમ કહી સુલોચનાએ એક નિ:શ્વાસ નાખ્યો.

સુમને કહ્યું,—“સર્વાંગ સુંદરી! બાલ્યાવસ્થાનાં એ વાતો શા માટે યાદ કરો છો? શું કદાચ હું તમને ઓળખતો પણ ન હોત તો મ્હારા ક્ષત્રીધર્મ પ્રમાણે તમારો બચાવ કરવાને હું બંધાયેલો નહતો? પવિત્ર બાળા! મ્હારો તમારા પ્રત્યેનો પવિત્ર પ્રેમ જેવોને તેવોજ છે. વ્હેમ આણશો નહિ. આ સુમન પણ જેવોને તેવોજ છે અને તે જેવોને તેવોજ રહેવાનો.”

"રસીક સુમન! ત્યારે ચાલો આપણે આ સરોવર તીરે વિશ્રામ લઇએ અને તેનાં ઉછાળા મારતાં મોજાંની સાથે મઝા ભોગવતા શાન્ત પવનનો આશ્રય મેળવીએ" એમ કહી તેણે સુમનને આગ્રહથી સરોવર ભણી લીધો અને અનેક પ્રસંગો યોજી કાઢી પ્રેમની વાર્તાને પ્રાધાન્ય પદ આપી સુમનને પોતાના હેતુ તરફ આણવાનો પ્રયત્ન કર્યો. ચતુર સુમને તે પ્રેમની વાતોને અટકાવવા કુદરતની અલૌકિક રચનાના ગુઢ વિષય તરફ તેને ઘસડવા યત્ન કરવા લાગ્યો. પરંતુ તે કુદરતની પ્રત્યેક વસ્તુઓ તો તેની પ્રેમવાર્તાના અલંકારોમાં વિશેષ સાધનભૂત થઇ પડી. તેથી તે પ્રેમી યુગલના વાકયુદ્ધમાં સુમન આખરે પરાજીત થયો. અતૃપ્ત રાજબાળાએ તો વાર્તા શરૂ રાખી.

"રસીક સુમન! જો આ સરોવર કેવું સુંદર જણાય છે?"

"હા, કાંચન સમાન સ્વચ્છ અને અમૃત સમાન મીઠા જળથી છલોછલ ભરેલા સરોવરની સુંદરતાનું શું કહેવું?" સુમને ઉત્તર આપ્યો.

રાજબાળાએ પુનઃ પ્રશ્ન કર્યો—"વળી જુઓ! સવરોવરનું હૃદય કેવું સ્વચ્છ જણાય છે."

"હા, તેમાં મલીનતાનું નામજ ન હોવાથી ગમે તેટલા ઉંડા જળમાંથી પણ તેનું તળીયું સ્પષ્ટ દેખી શકાય છે." સુમને ઉત્તર આપ્યો.

રાજબાળાએ અત્યંત વ્હાલ બતાવતાં પૂછ્યું-"વ્હાલા સુમન! જગતમાં કોઇ એવા હઠીલા મુસાફર હશે ખરા કે જેઓ આવું સરોવર પાસે છતાં પોતાની તૃષાને તૃપ્ત કર્યા વગર ચાલ્યા જાય!

સુમન આ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપી શકત પરંતુ આવી શૃંગારિક વાર્તાને લંબાવવી તે પ્રેમના વિકારોને પોષણ આપવા જેવું હોવાથી તેણે મૌન રહેવુંજ પસંદ કર્યું. તેથી સુલોચના ગમગીન થઇ પૂર્ણ વિચારમાં પડી. "હવે સુમનને કયા શબ્દોથી સમજાવવો! સ્ત્રીઓની જીભ ઉપર વિધાતાએ વાસેલું સો મણનું શરમનું તાળું શી રીતે ભાગવું? સુમન વિચિક્ષણ છે. શું તે મ્હારા મનોભાવને સમજતો નથી? ચાતક બોલીને પોતાની અભિલાષા મેઘને જણાવી શકે નહિ. પરંતુ મેઘ દયાળુ થઇને ચાતકની અભિલાષા પૂર્ણ કરે છે. અરે! પણ મેં તો કયારનુંએ અધીર થઇને જે કહેવાનું હતું તે કહી દીધું

છે. ત્યારે શું તેમને વધારે બેશરમ થયેલી જોવા ઇચ્છે છે? અથવા શું તે અન્ય ખુબસુરત સ્ત્રીને ચ્હાય છે? અરે શું તે મને અપાત્ર માને છે?

અનેક વિચારોની ઉથલપાથલને લીધે સુલોચનાનું મગજ ભ્રમિત થવા લાગ્યું. તેણે પોતાની ચક્ષુઓ બંધ કરી. વળી તે પોતાના મનમાંજ બડબડવા લાગી.

"અરેરે! પુરૂષો કેવા વજ્ર હૃદયના હોય છે? કેવા ડગમગતા વિચારોના હોય છે?"

રાજબાળાના હૃદય સમુદ્રમાં અનેક તર્કવિતર્કનાં મોજાં આવ્યાં અને ગયાં. જ્યાં સુધી તેના મનનું સમાધાન થયું નહિ ત્યાં સુધી તે વિચારગ્રસ્ત બાળા સરોવર તટે બેસી બાલિકાભાવથી પાણી ઉછાળવા લાગી વળી કિનારા ઉપર આમથી તેમ આંટા મારવા માંડી. તેણે હવે પોતાના વર્તનનું રૂપાન્તર કર્યું. પ્રેમમાં મદમસ્ત બનેલી રાજબાળાના નાગફણી સમાન સુંદર કાળા અને ચળકતા વાળ હવામાં ઉડવા લાગ્યા. ચંદ્રના જેવું તેનું તેજ સ્ત્રીમુખ હરીણીના જેવાં ચપળ નેત્રો અને કમાનદાર ભમરો હતાં તે કરતાં જૂદાજ સ્વરૂપે જણાવા લાગ્યા. યૌવનના ઉન્માદપર ચઢેલી રાજબાળા સરોવરના તટ ઉપર નિરંકુશપણે ફરવા લાગી. અને કોઇ કોઇ વખતે કોકીલકંઠથી, રસમય આલાપથી, હવામા સંગીતના ધ્વનીને ફેલાવવા લાગી.

સ્ત્રીનામાં શું અપુર્વ મોહીની છે? જે સુમન અદ્યાપિ પર્યંત સુલોચનાના મનોભાવને જાણી ગયા છતાં તેને પ્રસન્ન કરવાને બેદરકાર રહેતો હતો તેજ સુમન હવે રાજબાળાનું અતુલ સૌન્દર્ય અને લાલીત લલનાનો મોહક મધુર કંઠ, અને તેમાંથી ઝરતાં રસમય ઝરણાં પ્રત્યક્ષ નિહાળી મોરલીના નાદથી જેમ નાગ ડોલતો તે તરફ આકર્ષાય અને ચુંબકની પાછળ લોહ તણાય તેમ અનિચ્છાએ તેની પાછળ ખેંચાયો.

પ્રેમ! પ્રેમ! ત્હારી અજબ બલીહારી છે. ત્હારી સત્તા અને મહત્તા અપુર્વ છે. સુલોચના સુમનથી રીસાણી હતી. હવે તેણે સુમનના સન્મુખ જોવાની દરકાર કરી નહિ. જેમ જેમ રાજબાળા મૌન્ય રહી તેમ તેમ સુમનને વધારે વધારે ખેંચાણ થવા માંડયું, જાણે સાક્ષાત્ વનદેવી હોય કે સરોવર તટ ઉપર સ્નાન કરવાને સ્વર્ગમાંથી ઉર્વશી ઉતરી આવી હોય તેવો ભ્રમ સુમનને થવા લાગ્યો.

હાલ સુમન તે સુમન ન હતો, પણ સુલોચનાના વિચારમાં શુન્ય થયેલું એક નિર્જીવ પુતળું હતું. તેનો કલાન્ત ચહેરો, નૈસર્ગીક સૌંદર્ય અને તેના અંતઃકરણના ભાવ જોઈ પ્રેમતરંગનાં મોજાં તેના અંતઃકરણપર અથડાઇ આઘાત કરવા લાગ્યાં. જેમ એક સુત્રધારના સુત્ર પ્રમાણે પુતળાં નાચે છે. તેમ સુલોચનાના પ્રેમ દોરથી બંધાયેલો સુમન તેની પુંઠે નૃત્ય કરતો હતો.

પ્રેમને કોણ ચહાતું નથી? સર્વ કોઇ ચ્હાય છે પ્રેમ એ મનુષ્ય માત્રનું દૈવી જીવન છે. પ્રેમ પ્રવાહ પ્રાણી માત્રના હૃદયપ્રદેશમાં ચાલ્યાંજ કરે છે, પ્રેમપાનને મનુષ્યો અમૃત કરતાં પણ અધીક સ્વાદીષ્ટ ગણે છે. પ્રેમની સત્તામાં સર્વ મનુષ્યો થોડી કે ઘણી પણ અવશ્ય આધીનતા શિવકારે છે. ત્યારે સુમન શિવકારે તેમાં શું આશ્ચર્ય? ખચીત્ત, તે પ્રેમીયુગલના મીલનમાં કુદરતનો છુપો હાથ હતો કેમકેતે તરૂણ સુંદરીની પાછળ પાછળ સુમન ચાલ્યો જતો હતો તેવામાં સામેથી એક હરણીનું ટોળું આવતું તે નવયૌવના સુંદરીએ જોયું તેથી તત્કાળ તે જોરથી પાછી ફરી. તે નહોતી જાણતી કે સુમન પોતાની પાછળ આવે છે. તે વેગપુર્વક જેવી પાછી ફરીને દોડવા ગઇ તેવીજ સુમન સાથે વિચાર નિમગ્ન થયેલા સુમનને જ્યારે સુલોચનાનો સ્પર્શ થયો ત્યારેજ શુદ્ધિ આવી તે ચોંક્યો જોયુંતો પોતાના બાહુ બંધનમાં પોતાની મનમોહીની સુલોચનાજ હતી. તે ભયથી કંપતી કોમળ લતા જો સુમન રૂપી વૃક્ષને વળગી પડી ન હોત, અને સુમને પોતાના બાહુ બળથી તેને અદ્ધર ઉચકી લીધી ન હોત તો ખચીત્ત તે નિરાશ થયેલી લત્તા જમીન ઉપરજ પથરાઇ જાત.

સુમનને આ અકસ્માતથી અનિચ્છાએ હસવું આવ્યું. પણ તેથીતો રાજબાળા ખુશી થવાને બદલે ઉલટી રૂદન કરવા લાગી તેની ચક્ષુઓમાંથી અશ્રુઓનો પ્રવાહ વહી ચાલ્યો. તે અશ્રુપૂર્ણ લોચને અલ્પ સમય સુમન સામું જોઇ રહી. રાજબાળાની દીવ્ય દ્રષ્ટિ એક પ્રકારનો મૃદુ ઠપકો આપતી હતી. સુમન તેની આંખ્યોના અપૂર્વ પ્રકાશમાં પ્રેમ મીશ્રીત રોષ જોઇ શકયો. ચારે આંખો એક થઈ રમણીનું મુખ મંડળ લજ્જાથી કાંઇક રાતું થયું. કંઇક વિચાર થઇ આવતા મુખ નીચુ કરી તે ધીરે ધીરે સરી ગઈ. સુમનથી દૂર જઇ ઉભી રહી. અને પૃથ્વી સામું જોઇ રહી. યુવક પણ લજવાઇ ગયો, ને નીચુ ઘાલી દીધું.

રોમાંચિત થયેલા સુમને રાજબાળાની આંખમાં આસુ જોઇ પૂછ્યું.–" દેવી ! તમારી પ્રેમાળ ચક્ષુઓમાં સુધાને બદલે અશ્રુ ક્યાંથી? તમારા જેવી બહાદુર બાળાનાં હૃદયમાં ભયનો કંપ શાથી ? હરણનું ટોળુ એતો ક્ષત્રિયોનો હમેશનો શિકાર છે.

રાજબાળા કંઇજ બોલીશ નહિ. પગની અંગુષ્ટ વડે જાણે પોતાના હૃદયની ગ્લાનિને પૃથ્વીની સપાટી પર આલેખતી હોય તેમ જમીન ખોતરવા લાગી.

કેટલીકવાર વાચા કરતાં મૌન હૃદયની લાગણી સારી રીત્યે વ્યક્ત કરે છે. સુલોચના મૌન રહી તેથી સુમને ઘણુંજ લાગી આવ્યું તે સુલોચનાની નજીક આવ્યો. રાજબાળાના મનોહર મરિતકાકાશમાં ચળકતા બે તારા જેવા નેત્રો સામું સ્થીર દ્રષ્ટિએ જોઇ રહ્યો,–" ગુણીયલ બાળા ! આ સેવકનો શું કંઇ અપરાધ છે ? અને જો કાંઇ અપરાધ હોય તો શું તે ક્ષમાને પણ પાત્ર નથી ?

ચાર સ્થિર નેત્રોનું તારામૈત્રક અને તેમાંથી ઝરતો પ્રેમપ્રવાહ અને તેમાં રહેલી દૈવીસત્તા ક્યા વજ્ર હૃદયીને દંર્ઘ સમય મુંગુ રાખી શકે ? આખરે સુલોચનાને બોલવાની ફરજ પડી લજ્જાને અને ઉદ્વેગને રોકી રમણી ધીરે ધીરે યુવક તરફ જોવા લાગી ધીમે ધીમે ભૂમિ તરફ નજર ફેરવી અતી મૃદુ અસ્પષ્ટ સ્વરે બોલી–" અપરાધ તમારો કંઇજ નથી. જો તે હોય તો મ્હારો છે. હું તમારા પ્રેમમાં દીવાની બની મ્હારી પદ્વીને ભૂલી ગઇછું. હું તને ખરા સ્વરૂપમાં ઓળખી શકી નહિ તેને માટે મ્હારી બુદ્ધિને ધિઃકારૂં છું. સુમન ! તેં મને દુષ્ટોના પાસમાંથી છોડાવી એક મહાન ઉપકાર કર્યો હતો પણ હવે મને સમજાય છે કે તે ઉપકાર મ્હારા ભાગ્યમાં દુઃખરૂપ નિવડ્યો છે. તેં મ્હારા મનની નબળાઇની પૂરી પરિક્ષા કરી છે. અરેરે ! ! પાપી વિકળસીંહના હાથે મ્હારૂં મૃત્યુ થયું હોત તો તે કેવું સારૂં હતું ! સુમન ત્હારા કઠોર હૃદયની ઘોર યાતના અનુભવ્યા પહેલાં જીંદગીના છેલ્લા શ્વાસ સુધી ત્હારા મધુરા નામનું સ્મરણ કરતાં મેં મ્હારા દેહનો અંત આણવા દીધો હોત તો કેવું સારૂં ? સુમન ! તું હવે ચાલ્યો જા આ અભાગણીને નિસાસા નાંખતી ઘોર જંગલમાં ભટકવા દે. મહાન પહાડોના પત્થરો સાથે પટકાવા દે. જેણે પોતાના કિંમતી પ્રેમને એક બેકદર માણસને વેચી દીધો છે. અને જેણે તેના પ્રેમને પગ તળે કચડી નાંખ્યો છે. તેની નિર્દયતા ઉપર પશ્ચાતાપનો અશ્રુપ્રવાહ ચલાવવા

માટે આ ભોળી ભામિનીને ભટકવા દે. પ્રેમાળ બાળાની આંખોમાંથી પુનઃ અશ્રુ પ્રવાહ ચાલ્યો.

સુલોચનાના શબ્દપ્રહારોથી વ્યથિત થયેલા સુમને દયાર્દ્ર સ્વરે કહ્યું,—"દેવી ! દેવી ! ક્ષમા કરો ! ક્ષમા કરો ! તમારા શબ્દ પ્રહારોથી મ્હારૂં હૃદય ચુર્ણ થાય છે. મીથ્યા કલ્પનાના કારાગૃહમાં આ અભાગી સુમનને કેદ કરી બીનઅપરાધે શામાટે સખ્ત સજા કરો છો? હું કઠોર હૃદયનો નથી હું ગર્વીષ્ટ નથી હું બેકદર નથી મ્હારા હૃદયના નિર્મળ પ્રેમને અને ઉચ્ચ ભાવનાને એક જગન્નિયંતા શિવાય અન્ય કોઇ જાણતું નથી. સુંદરી ! વિધાતાના અચળ લેખની પેઠે મ્હારા શબ્દોને તમારા સ્ફાટિકમણી સમાન શુદ્ધ હૃદયપટ ઉપર આલેખ જો કે આ હીણભાગી સુમન કે જે ગુણ, કર્મ, સ્વભાવથી નહિ, પણ માત્ર જન્મથી તમારા પ્રેમનો ગ્રાહક થવાને અપાત્ર ગણાયેલો છે. તે પોતાના શરીરમાં એક લોહીનું છેવટનું ટીપું હશે ત્યાં સુધી જો કદચ તે ગુણીયલ રાજબાળા પૃથ્વીના એક છેવટના છેડા ઉપર કોઇ મહાન રાજ્ય ભુવનને દિપાવતી હશે અથવાતો ઇંદ્ર પત્નીના પદને શોભાવતી હશે તોપણ તે તેના પવિત્ર નામ સ્મરણના વૃતમાંથી કદી પણ વિમુખ થશે નહિ.

જેમ ઘણા જોરથી દાબી રાખેલો ફુવારો બમણા જોરથી ઉડે તેમ સવિસ્મય દ્રષ્ટિથી સુમનના સામું જોતી સુલોચના બોલી,—'સશંક સુમન! શું તમે એમ માનો છો કે આ સુલોચના એક ઇંદ્રની ઇંદ્રાણી કે કોઇ મહાન ચક્રવર્તી રાજાની પટરાણી થવાનું પસંદ કરે છે? તે સૃષ્ટિની સમગ્ર રીદ્ધિસીદ્ધિ, કુબેર ભંડારીના ભંડાર, અને સ્વર્ગનું સુખ, તે જેવા તેવા પણ પોતાના રસીક સુમનમાંજ નિહાળે છે. આ મન તેનું થયું છે તેનીજ તે થવાની છે. આ જીવન જેણે બચાવ્યું છે તેનેજ સમર્પાયું છે. દુનિયામાં પ્રેમ એ એકજ છે અને તે જેને વેચ્યો છે તેનાજ હાથે તે વેચાવાની છે. આ હૃદય જો ચીરી બતાવાતું હોત તો પ્રિયતમ તમે જોઇ શકત કે તેમાં નિરંતર કોની મૂર્તિ નિવાસ કરી રહી છે? સુમન! સ્મશાનમાં બળ્યા પછી પણ મ્હારી રાખ ત્હારા નામનો પોકાર કરી ઉઠશે. માટે વ્હાલા સુમન તમારા સરળ હૃદયમાંથી એ શંકાને દૂર કરો.

સુમને કહ્યું,—"રમણી! શું એ તમારૂં સાહસ નહિ ગણાય?

સુલોચનાએ આશ્ચર્ય થઇ પૂછ્યું,—"શું આનું નામ સાહસ?

સુમને કહ્યું,—"હા, કેમકે તમારા ભાગ્યનું પાનું તમારા પિતાના હસ્તક પડેલું છે." સુમને ખુલ્લખુલ્લું કહી દીધું.

"હા, પણ તે એક કદરદાન વિદ્વાન અને વિચારશીલ પીતાના હસ્તક પડેલું છે તે પણ ભૂલી જવું જોઇતું નથી. અને જો કદાચ તે કોઇ અવિચારી પિતાના હસ્તકમાં પડયું હોત તોપણ આ દ્રઢ સુલોચનાના મક્કમ વિચારોને ફેરવવા, સૃષ્ટિના સર્વ પ્રાણિઓની ભાગ્ય પાત ઉપર લેખ લખનારી વિધાત્તા પણ અશક્ત છે." સુલોચનાએ પોતાની દ્દઢતાની પરિસીમા બતાવતાં કહ્યું.

"ધન્ય છે વીરબાળા તમારી દ્રઢતાને ! તમારા હિંમતપૂર્ણ શબ્દો નિરાશાથી કરમાયેલા મ્હારા તૃષિત હૃદયને આશારૂપી જળના સીંચનથી વિશેષ પ્રફુલીત કરે છે. પરન્તુ દેવાંગના ! લગ્નની પવિત્ર સંકલનાથી જોડાવાનો મંગળ પ્રસંગ પ્રાપ્ત થયા પૂર્વે આપણા પ્રેમની પવિત્રતા જાળવવામાં પરમ કૃપાળુ પરમાત્મા તરફથી આપણને અર્પણ થયેલા સામર્થ્યનો આપણે ઉપયોગ ન કરી શકીએ ?" સુમને ધૈર્યતાથી પૂછ્યું.

"કરી શકીએ પ......ણ તમે મ્હારા છો, અને હું તમારી છું એતો હવે નકીજને" શરમાળ બાળાએ સ્મીત હાસ્ય કરતાં અને અચકાતાં અચકાતાં પ્રત્યુત્તરમાં પૂછી જોયું.

"હા ! જો તમારા પિતાની સંમતી મળે તો એક વખત નહિ પણ હજાર વખત.

"પણ તેનું સાક્ષી કોણ ?

"સર્વથી ઉંચે રહીને સૃષ્ટિની અદ્દભૂત લીલાનું અનિમેષ દ્રષ્ટિથી દીગદર્શન કરનાર સૂર્ય અને સર્વ વ્યાપક સર્વજ્ઞ અંતર્યામી ! સુમને શુદ્ધ ભાવથી કહી દીધું.

"અને ત્રીજી આ કટાર !" એમ કહી સુલોચનાએ પ્રફુલ વદને હર્ષનાદ કરતાં સુમનની કમરમાં ખોસેલી કટાર પ્રેમની નિશાની તરીકે ખેંચી લીધી.

"માત્ર આપણા પ્રેમના રક્ષણને માટેજ નહિ પણ આખા વિશ્વની દોલત કરતાં પણ જે વિશેષ કીમતી છે તેવા પવિત્ર શીયળના રક્ષણને માટે તે તમારી પાસે મુબારક રહો" સુમને આશિર્વાદ આપ્યો.

"હા ! પણ ચતુર શીરોમણી સુમન ! રક્ષણને માટે જો તે

કટારજ ઉપયોગી હોય તો મ્હારે પણ આપને કટાર આપવીજ પડશે કેમ વારૂ ! ” સુલોચનાએ હાસ્યકરતાં પ્રશ્ન કર્યો.

“ પ્રિયતમ ! એતો તમે કયારનીએ આપી છે. સુલોચનાએ આશ્ચર્ય થઇ પૂછ્યું. ક્યાં છે ? ”

“ એતો અદ્રશ્ય છે અને ઘણા લાંબા વખતથી મ્હારી પ્રેમ સુંદરીના જાદુઇ નયનોમાંથી પ્રાપ્ત થયેલી છે, ” એમ કહી સુમને હાસ્ય કરતાં પ્રેમાળ દ્રષ્ટિથી સુલોચના સામે જોયું.

સુલોચનાના ગુલાબી કપોળ ઉપર શરમના શેરડા પડયા. તેણે સ્મિતહાસ્ય કરતાં પ્રત્યુત્તરમાં તિરછી નજરથી સુમન ભણી જોયું. આનંદનિમગ્ન થતું પ્રેમની રંગ ભુમિકાપર થનથન નૃત્ય કરતું પ્રેમી જોડું પ્રેમનો અદ્રષ્ય વર્ષાવતું સરોવરને શુન્ય કરી સ્વનગર ભણી વિદાય થયું.

અફસોસ ! સુમનસિંહના કાળ શત્રુથી તે પ્રેમીયુગલનો અવર્ણનીય આનંદ સહન થઇ શકયો નહિ જંગલની ઝાડીમાંથી સનનન કરતું એક તીવ્ર બાણ આવી સુમનના વૃક્ષઃ સ્થળમાં ચોંટયું. સુમન તે મર્મભેદક બાણથી ઘાયલ થઇ ધરણી પર ઢળી પડયો.

પ્રકરણ ૮ મું.

આશા અને નિરાશા.

ઇન્દ્રભુવનને આંજી નાખે તેવા એક વિશાળ અને સુશોભીત રાજ્યમહેલના દેદિપ્યમાન દીવાનખાનામાં પલંગ ઉપર એક વીર યુવાન આજે બેશુદ્ધ સ્થાતિમાં સુતેલો છે. તેના પ્રકાશિત મુખારવિંદ શિવાયના આખા શરીર ઉપર આસમાની રંગનું રેશમી વસ્ત્ર આચ્છાદિત કરેલું છે. માત્ર સફેદ હંસના જેવી ડોક ઉઘાડી દેખાય છે. યુવાન બેશુદ્ધ છતાં તેની મુખમુદ્રા પ્રફુલ્લ જણાય છે. તેનું પ્રાકૃતિક સૌન્દર્ય હજી પણ મનોરમ પ્રતિત થાય છે. જાણે તે ઉંડા વિચારમાં નિમગ્ન થયો હોય, ગાઢ નિદ્રામાં હોય કે સમાધીગ્રસ્ત હોય તેવો શુન્ય જણાય છે.

સમીપમાં એક નવયૌવના સુંદરી પલંગના ઓશીકાને અઢીંગી બેઠેલી છે. જાણે સાક્ષાત વિધાતા તેના ભાગ્યમાં લેખ લખવાને બેઠી

હોય નહિ. સુંદરીનું ઔદાસ્યપૂર્ણ મુખમંડલ હાલ ઝાંખુ જણાય છે, હૃદયમાં એક પ્રકારની વિષાદની છાયા જણાય છે, કેમકે તે ગમગીનીમાં ગરકાવ થયેલી છે. આત્મગ્લાનિની વિષમ યાતના અનુભવે છે. અને મ્લાન મુદ્રાથી સ્થીર નેત્રે પોતાના પ્રિયતમને નિહાળી રહી છે. તેની દીવ્ય ચક્ષુઓમાંથી અશ્રુઓનો પ્રવાહ વહિ ચાલે છે. ચિત્તને શાન્તી નથી. તે ઘડીકમાં ઉંડા નિશ્વાસ નાખે છે. ઘડીકમાં તે આકાશ સામું જોઇ પરમાત્માની પ્રાર્થના કરે છે અને ઘડીકમાં પોતાના સુકોમળ હસ્તકમળ વતી પંખો નાંખે છે તે છતાં સુતેલો યુવાન હજુ શુદ્ધિમાં આવતો નથી. જેમ એક મહાન સમુદ્ર તોફાન ઉપર ચઢયો હોહ, અને તેમાં ચાલતી નૌકા તેના ઉછળતાં મોજાં સાથે અફળાતી હોય અને તે ડુબવાની અણી ઉપર આવતાં તેમાં પ્રયાણ કરનારા મુસાફરો વ્હેબાકળા થઇ ગયા હોય તેવીજ સ્થીતિ તે બાળિકાની જણાય છે.

બાળિકાએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. પુનઃ આકાશ ભણી જોયું, અને ગદ્‌ગદ્ કંઠે તેણે પ્રભુની પ્રાર્થના કરી કેઃ—હે દીનદયાળ! દયા કર! કૃપા કર! આ શરણાંગતને સહાય થા! આ વિશ્વરૂપી અદ્‌ભૂત બગીચામાં ખીલતા ખેલતા નુતન રંગમાં ઉછરતા સુકોમળ પુષ્પને અકાળે કરમાવી, ત્હારા દુઃખભંજન પવિત્ર નામને એબ લગાડીશ નહિ. હે કરૂણાસીંધુ! ત્હારી કૃપાથી આ સંસાર સમુદ્રમાં તરતી અસંખ્યાત હોડીઓમાંથી મ્હારી આ નાનકડી હોડીને નિર્દય થઇ ડુબાવીશ નહિ. મ્હારા હૃદયમાં ઉછરતી આશારૂપી વેલીને તું ક્રુર થઇ કાપી નાખીશ નહિ.

પ્રિય પાઠક! પલંગપર સુતેલો યુવાન સુમન છે, અને પ્રાર્થના કરનાર સુલોચના છે.

આપણે જાણીએ છીએ કે સુમન એક અધર્મી અને ઇર્ષાખોર મનુષ્યના પ્રહારથી ઘાયલ થયેલો છે. અને તે ઘાયલ કરનારને શોધી કહાડવામાં સુમન નિષ્ફળ નિવડયો છે.

રાજા મુકુંદસીંહ પોતાની પુત્રીનું હરણ થવાથી અત્યંત ગમગીનીમાં છે. તેના હૃદયમાં ક્રોધ અને ચીંતાની એકસરખી લાગણી જન્મ પામી છે. જાણે એક ક્ષત્રી તરીકેની પોતાની પ્રતિષ્ટાનો મજબુત કિલ્લો ભસ્મીભુત થયો હોય અને તેથી તે પોતાના જીવનને મૃત્યુ કરતાં વધારે દુઃખદાયક માનતો હોય એમ તેને લાગે છે.

જ્યારે તે રાજબાળા આવી પહોંચ્યાની ખબર સાંભળે છે ત્યારે રાજાના હૃદયમાં આનંદનો સાગર ઉલટે છે. જાણે તેનો કીર્તિરૂપી દેશ શત્રુના હાથમાંથી પુનઃ પાછો મળ્યો હોય એટલો તેને હર્ષ થાય છે. રાજબાળાને પિતા વાત્સલ્યભાવે હૃદય સાથે ચાંપે છે.

રાજબાળાએ કહેલા વૃતાન્તથી જ્યારે તે એમ જાણે છે કે પોતાની પુત્રીને પ્રાણઘાતક સંકટોમાંથી બચાવનાર, પોતાના પરમ પ્રિય ઉમરાવનો પુત્ર સુમન છે; ત્યારે તેના હર્ષની સીમા રહેતી નથી.

સુમનને અત્યંત માન ભરેલી રીતે દરબારમાં હાજર કરવાની આજ્ઞા થાય છે. પણ તેજ વેળા, સુમન જખમી થયાની વાત રાજબાળા કહી સભળાવે છે. રાજા તે ખબર સાંભળી દિલગીર થાય છે.

સુમનથી એક પળને માટે પણ વિખુટી પડવાને નહિ ઇચ્છતી સુલોચના, સુમનની સારવાર રાજ્યમહેલમાં થાય એવી ગોઠવણ કરવાને ઉત્સુક છે. ઇશ્વર કૃપાથી તેની તે ધારણા સફળ થાય છે, કારણ કે માહારાજા પોતાના સેવકોને આજ્ઞા કરે છે કે "રાજ્યની સ્તુતિપાત્ર સેવા બજાવતાં જેઓ પોતાના શરીર ઉપર શસ્ત્રના ઘા સહન કરે તેમની સારવાર મારા રાજ્ય મહેલમાંજ થવી જોઇએ." ને તે આજ્ઞાનો તત્કાળ અમલ થાય છે. અને સુમનને રાજ્યમહેલના એક રમ્ય વિભાગમાં સ્થાન મળે છે.

સુમનની સાથે મન ભરીને વાતો કરીશું, તેના મુખદર્શનનું અમૃતપાન કરીશું, ભાવતાં ભોજન પીરસીશું, પુષ્પની માળાઓ પહેરાવીશું, ઇત્યાદી અનેક આશાઓના હૃદયમાં કિલ્લા રચતી રાજબાળા આનંદમાં થનથન નૃત્ય કરે છે, પણ ઘડી પછી તે પ્રેમાળ બાળા આશા ભય અને ચિંતામાં વિરામ પામે છે.

સુમનના જખમમાંથી અનહદ રૂધિર વહિ ચાલ્યું છે. સુમન હાલ બેશુદ્ધ છે. નાડી વેગમાં ચાલે છે, શ્વાસની ગતિ પ્રબળ છે, કેટલાક તો કહે છે કે સુમન જીંદગીનો છેલ્લો શ્વાસ લે છે.

સારવારમાં ખામી નથી, વૈદ્યો અને હકીમો હાજર છે, કિંમતીમાં કિંમતી દવાઓ તૈયાર છે. તોપણ સુમન માંદગીના બિછાનામાંથી આબાદ ઉઠશે કે કેમ ? તેને માટે વૈદ્યો અને હકીમો ચીંતાતુર છે.

સ્વદેશ, સ્વધર્મ, અને સ્વજાતિના કલ્યાણને માટે રાજ્યના ગૌ-

રવની વૃદ્ધિ માટે, વખાણુને પાત્ર વફાદારી અને નિર્લોભ રાજ્યભક્તિને માટે પ્રાણુ અર્પણુ કરવાને તત્પર થનારની, ચીરસ્મરણિય કદર થવી જોઇએ, તેવી કદર કરવાને માહારાજા આતુર છે. એક ભવ્ય દરબાર ભરવો, પોતાના દેશના પ્રત્યેક વિભાગમાંથી અમીર ઉમરાવો તથા પ્રતિષ્ટીત શહેરીઓને આમંત્રણ કરવું, સુમનનો એક બહાદુર ક્ષત્રી તરીકે સત્કાર કરવો, અને પ્રત્યેકના હૃદયમાં માહારાજાની કદરદાનીનો મુદ્રા લેખ અંકિત થઇ રહે તેવું ઇનામ આપવું. એવા વિચારો માહારાજાનઃ હૃદયમાં ઉછાળા મારે છે. એ દિવસ સમીપ આવેલો જોવાને માહારાજા ઇન્તેજાર છેઃ પણ નિર્ભાગી સુમન હાલ જીંદગીના છેલ્લા કિનારા ઉપર છે.

મારો પુત્ર એક બહાદુર ક્ષત્રી તરીકેનું સન્માન પ્રાપ્ત કરશે, વડિલોની કિર્તિને ઉજવળ કરશે, માહારાજાના સ્નેહનું પાત્ર થશે, રાજ્યનું એક ઉમદા રત્ન ગણાશે, યુદ્ધપ્રિય ભૂમિનો વિર યોદ્ધો કહેવાશે, ઇત્યાદિ ભાવિ આશાઓના તરંગોપર નૃત્ય કરતી માતા સર્યું, અને પિતા સત્યસીંહ પોતાના પ્રિય પુત્રના જીવન દીપને નિસ્તેજ થતો નિહાળી, સુમનને બદલે પોતાના આત્માનું દાન લઇ સંતોષ પામવાની, ક્રૂર કાળને પ્રાર્થના કરે છે.

કદી પણ નહિ જોયેલો આનંદોત્સવ થશે, સુમનને એક રત્ન જડીત્ર તલવારનું ઇનામ મળશે, કોઇ કહે, નહિ નહિ, એક સારી જાગીર મળશે, કોઇ કહે, નાહ નહિ, રાજા પોતાની કન્યારત્નનું દાન પણ સુમનને કરશે, ચાલો, કેટલાક જીવનના દિવસો આનંદમાં પસાર થશે. એ પ્રમાણે હાલથીજ હર્ષના હિંચોળે ઝુલતા પ્રજાજનો ઘણાજ ખેદની સાથે હાલ એમ સાંભળે છે કે “ સુમનની હવે અંતઘડી છે. ”

સુલોચનાનું શરીર લેવાઇ ગયું છે. મુખ નિસ્તેજ થયું છે. જે આંખમાંથી અમૃતનો વર્ષાદ વરસતો હતો ત્યાં હાલ આંસુ છે. તે આનંદ નથી, તે ઉત્સાહ નથી, સુલોચનાની જીવન નૌકા પણ દુ;ખના ભરદરીયે ચિંતાના ખડકો સાથે વારંવાર અથડાય છે.

“બેટા, સુમનની આવી સ્થીતિ જોઇ તને ઘણું દુઃખ થાય છે. નહિ વારુ, ” માહારાજાએ પોતાની વ્હાલી પુત્રીને ચિંતાગ્રસ્ત જોઇ આશ્વાસન આપતાં કહ્યું.

"હા, પિતા, મ્હારા પ્રાણની રક્ષા કરતાં દૈવ તેના પ્રાણનો ભક્ષ કરવા તત્પર થયો છે. એ જોઇ મને ઘણું દુઃખ થાય છે." રાજબાળાએ મૃદુ સ્વરે ઉત્તર આપ્યો.

"પુત્રી! પરમાત્મા તેનો મદદગાર છે. અંતર્યામી પ્રભુ મને પ્રેરણા કરે છે કે તે રાજ્યનું કિંમતી રત્ન હજુ વધારે પ્રકાશ આપવાને આબાદ રહેશે."

રાજાએ પુનઃ આશ્વાસન આપતાં કહ્યું.

"પિતા! આપ ઇશ્વર સ્વરૂપ છો, હું ઇચ્છુ છું કે આપનો પવિત્ર આશીર્વાદ તેને નવું જીવન આપવામાં સહાય થાઓ." સુલોચનાએ રાજાની અંતરેચ્છાને પુષ્ટિ આપતાં કહ્યું.

"બેટા મ્હારા હૃદયમાં એવી ઉત્કૃષ્ટ ઇચ્છા છે કે, તેને ચીરસ્મરણીય ઇનામ આપવું. અને જગતને બતાવી આપવું કે મુકુંદ સીંહ બહાદુર ક્ષત્રીઓની યોગ્ય કદર કરી જાણે છે. હા, પણ ઠીક યાદ આવ્યું, બેટા કહે જોઇએ, કયું ઇનામ આ પ્રસંગને માટે યાદગાર ગણાશે. ?

"હું આપની દીનબાળા એમાં શું સમજી શકું?" રાજબાળાએ શરમને આધીન થઇ એટલોજ ઉત્તર આપ્યો.

"બેટા શરમાઇશ નહિ, તું શાણી છે, સુપાત્ર છે, સુમનની બહાદુરીનું વર્ણન મેં તો માત્ર સાંભળ્યું છે, અને તેં તો પ્રત્યક્ષ જોયું છે.

"આહા! કેવો પ્રશ્ન! કેવો સુખી સમય! કેવી અણધારી તક! કેટલાયે દિવસથી મારા અંતરનો વિચાર પિતાશ્રીને પ્રદર્શીત કરવા ચીંતવન કરતી હતી, તે પ્રસંગ આજે અચાનક આવી મળ્યો છે ત્યારે આ અમુલ્ય તક મ્હારે શા માટે ખોવી જોઇએ?

આ પ્રમાણે બાળાના હૃદયમાં ઉત્કૃષ્ટ ઇચ્છા ઉદ્‌ભવી પણ શરમ નામની ન્હાનકડી સખીએ બાળાના મર્યાદાશીલ મુખને ઉઘડવા દીધું નહિ.

હૃદયની ઇચ્છા શબ્દોચ્ચારણ વિના પણ વ્યક્ત કરવાની કળા ઓમાં નૈસર્ગીક હોય છે. રાજબાળા પ્રશ્નનો ઉત્તર આપવાને મૈન

રહે છે, પણ રાજા તેના મનોભાવને સહજમાં સમજી જાય છે.

"સમજ્યો, સમજ્યો, મારી શાણી પુત્રી હું ત્હારા મનોભાવને સમજ્યો. પ્રાચિન ઇતિહાસનાં આવા પ્રસંગને લગતાં દ્રષ્ટાંતો ત્હારી પક્ષમાં છે, નગરજનો પણ એવુંજ ભવિષ્ય ભાખી રહ્યા છે માટે પરમાત્મા સુમનને આ ભયંકર માંદગીમાંથી બચાવશે તો ખચીત ત્હારો હાથ હું તેના બહાદુર હાથમાં સોંપીશ અને મારી પાછળ આ રાજ્યની ગાદીનો વારસ પણ તેનેજ ઠરાવીશ."

પિતાની ઉદારતા સાંભળી પુત્રીના હૃદયમાં હર્ષનું પુર આવ્યું બાળાએ પિતાને આલ્હાદપુર્વક પ્રણામ કર્યા. એક પળને માટે તે પ્રેમાળ બાળા આ જગતને ભુલી ગઇ. પોતાની ઇચ્છા સફળ કરવા માટે તે અંતરમાં પરમાત્માના ગુણગાન ગાવા લાગી હર્ષને હીચોળે ઝુલવા લાગી. પણ વળી તેને યાદ આવ્યું કે શું આ આનંદરૂપી અમૃતનું પાન કરવા જેવું મ્હારૂં ભાગ્ય છે? અરે! આ સુખદ સમાચાર સાંભળવાને સુમન શુદ્ધિમાં આવ્યો હશે? એમ વિચારતી પ્રેમાળબાળા પોતાના હૃદયવલ્લભને આ સુખી સંદેશો સંભળાવવા સુમન પાસે ગઇ.

સુમન હજુ બેશુદ્ધ હતો. બાળાએ ખીન્ન ચહેરે સુમનના કમળ જેવા પ્રફુલિત પણ ફીક્કા પડી ગયેલા મુખ તરફ સ્થિર નેત્રે જોયું, તેના સ્વચ્છ કપાળ ઉપર પોતાનો કોમળ હાથ મૂકયો. સુમનની આંખ્યો બીડાયેલી હતી, છાતી ઉછળતી હતી, નાડી જોશબંધ ધબકતી હતી, માથું ગરમ થઇ ગયું હતું. તે જોઇ હેતાળ બાળાએ ગાઢ નિઃશ્વાસ નાંખ્યો.

"સુમન! સુમન! મ્હારા વ્હાલા સુમન! એક સુખી સંદેશો સાંભળવાને સાવધ થા. ઓ પ્રાણાધાર! તું હાલ શુદ્ધિમાં હોત તો મ્હારા હૃદયમાં કેટલો આનંદ ઉભરાતો હોત? ઓ દુર્દૈવ! શું મ્હારા પ્રારબ્ધમાં સુખ સરજાયેલુંજ નથી? ઓ પરમાત્મા! તું મને આશા નિરાશાના વમળમાં શા માટે ગોથાં ખવડાવે છે? એક તરફ મને સહાય થઇ મારી મનેચ્છા પૂર્ણ કરે છે. બીજી તરફ નિર્દય થઇ તેના પરિણામ માટે શંકાશીલ કરે છે. એક તરફ હીરા—મોતી માણેક ઇત્યાદી રત્નોના ભંડાર બતાવે છે. બીજી તરફ તે લેવા જતાં કાળરૂપી નાગને ફુંફાટા મારતો સામો મોકલે છે. એક તરફ ભાવતાં

ભોજન જમાડવાની તૈયારી કરે છે, બીજી તરફ તે જમતાં પહેલાંજ મસ્તકને ધડ ઉપરથી ઉડાવી દેવાની યોજના ઘડેછે. અરે ઓ સંસારના સુત્રધાર ! જગતને આવા વિચીત્ર ખેલ બતાવવાને શું અમારા સિવાય તને અન્ય કોઇ પાત્ર મળતાં નથી ?" એમ કહી પુનઃ તેણે દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો, અને પુનઃ આકાશ ભણી જોયું.

પ્રિયપાઠક ! આખરે સુલોચનાની દિનવાણીનો ગંભીર નાદ શ્રી હરીની હજુરમાં જઇ પ્હોચ્યો. તેની આંખમાંથી ચાલતાં આંસુ પરમાત્માના પગ સુધી પહોંચી ગયાં. સર્વ શક્તિમાન ભક્તવત્સળે રાજબાળાના શુદ્ધ હૃદયની–સાચાજીગરની પ્રાર્થના શ્રવણ કરી. સુમનને શુદ્ધિમાં આણ્યો. જાણે આશ્વાસન માટે ફરતા સુલોચનાના સુકોમળ હસ્તદ્વારાએ વિદ્યુતનો પ્રવાહ સુમનના શરીરમાં દાખલ થયો હોય એમ એકાએક બન્યું. સુમને પોતાની બંધ કરેલી આંખો અચાનક ખુલ્લી કરી આસપાસ વિસ્મીત નેત્રે જોયું. રાજબાળાને પોતાના સમીપ બેઠેલી જોઇ વિસ્મીત થઇ પૂછ્યું.

"કોણ રાજબાળા !"

"હા ! પ્રિયતમ ! હુંજ છું" સુમનનું એકાએક શુદ્ધિમાં આવવું અને મધુર વાણીથી બોલવું રાજબાળા ને તરસી ચાતકને પ્રથમ વર્ષાદના બીન્દુ સમાન, રાત્રે રસ્તો ભૂલેલા પ્રવાસીને પ્રથમ ઉષાના પ્રકાશ સમાન લાગ્યું.

"હું અહીં કયાં છું ?" સુમને બીજો, પ્રશ્ન કર્યો.

"રાજ મહેલમાં" રાજબાળાએ ઉત્તર આપ્યો.

"રાજ મેહેલમાં કયાંથી?" શંકાશીલ સુમને પૂછ્યું.

"મ્હારા પિતાશ્રીની આજ્ઞાથી તમને અહીં આણ્યા છે."

શા માટે ?

સારવાર માટે.

"ત્યારે શું હાલ સુધી હું બેભાન હતો !" સુમને પ્રશ્ન કર્યો.

"અરે ! બેભાનજ નહિ, પણ જીંદગીના છેવટ કિનારાપર હતા, પણ પરમાત્માએ આ દિનબાળાની આજીજી સાંભળી છે, અને મ્હારૂં ડુબતુ વ્હાણુ એ દીનદયાળુએ તારી દીધું છે.

સુમન હવે બરાબર શુદ્ધમાં આવે છે. રંભા સમાન પોતાની

પ્રિયતમાને સમીપ બેઠેલી જોઇ ખુશી થવાને બદલે તેના હૃદયમાં ભયનો સંચાર થાય છે. તેથી અલ્પ સમય વિચાર કરી તે રાજબાળાને કહે છે.—

"રાજબાળા ! હું માનું છું કે મ્હારા પ્રત્યેની સદ્દલાગણીને લીધે મ્હારી સંભાળ લેવા તમે આવ્યાં હશો. અને તેને માટે હૂં તમારો ઉપકાર માનું છું. પણ આ રાત્રિનો સમય છે, એકાન્ત અ-વાસ છે, અને આપણી યુવાવસ્થા છે. માટે વ્હેમી અને ખટપટીયા મનુષ્યોને અપવિત્ર અનુમાન કરવાનું કારણ મળશે. તો જો તમે તમારી સદ્દલાગણીને મારા કલ્યાણનું સાધન બનાવવા ઇચ્છતાં હોઓ તો હવે કૃપા કરી જલદી વિદાય થાઓ. આમ છેક સાહસિક ના થાઓ ! મ્હારા પ્રત્યેના તમારા નિર્મળ પ્રેમને હાલ તમારા હૃદયમાંજ છુપાવી રાખો.

સુમનની આજ્ઞા સાંભળી રાજબાળાને હસવું આવ્યું તેણે સ્મીત હાસ્ય કરતાં સુમનને કહ્યું,—"વ્હાલા સુમન ! ચિંતા કરશો નહિ. તમારી સારવારનું કાર્ય મારા પિતાએ મનેજ સોંપ્યું છે."

"એમ ? ત્યારે તો માહારાજાનો મ્હારા ઉપર મ્હાન ઉપકાર થયો છે. માટે જો, જો, એ ઉપકારનો બદલો મેં અપકારથી આપ્યો એમ કહેવાય નહિ તેની સંભાળ રાખજો. સુંદરી ! હું હવે શુ-દ્ધિમાં આવ્યો છું. માટે તમે જાઓ મને આ તરફ કોઇનો પગરવ સંભળાય છે.

"સુમન ! હું કદાચ ત્હારા પ્રેમની અધિકારણી થઇ ચુકી હોઉ તો ?"

"એમ થવું અસંભવિત છે"

"કદાચ હું તને એક સુખી સંદેશો સંભળાવવા આવી હોઉ તો ?"

"સુખી સંદેશો ?"

હા.

તે શું ?

હું ત્હારી છું. તું મ્હારો છે.

કોણ કહે છે ?

આકાશના દેવતાઓ, અને મારા પુજ્ય પિતા ?

શું તે સત્ય છે ?

હા, તમારી બાહાદુરીના બદલામાં એ નજીવું ઇનામ છે, શું એ ઇનામ સ્વિકારતાં તને આનંદ નહિ થાય?

રાજ્યબાળાનો. સંદેશો સાંભળતાં સુમનના હૃદયમાં આનંદનો વિધુત પ્રવાહ પ્રસરાય છે, તેના રોમરોમમાં પ્રેમની જ્યોતિ પ્રકટાય છે. સુમનને નવું જીવન, નવું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. તે હર્ષના આવેશમાં એકદમ બેઠો થાય છે.

અરે ! આ હું શું સાંભળું છું? શું આ સત્ય છે? કે જેમાંથી હું જાગીશ એવું એક સ્વપ્ન છે?

પ્રત્યેકની આંખમાંથી આનંદનાં અશ્રુ વહી ચાલ્યાં. સુમન સુલોચનાનાં વિશાળ સ્નેહપૂર્ણ નયન જોઈ જોઇને જગતને ભુલી ગયો. પ્રાતઃકાળને સુચવતાં પક્ષીઓ મધુર કંઠથી તેમના પવિત્ર પ્રેમનાં મંગળ ગીત ગાવા લાગ્યાં. કોકિલાએ મધુર કંઠથી ગીત ગાઇ તેમના પ્રેમમાં સહૃદય સાક્ષી પુરી. આ વખતે ઉભયના હૃદયમાં કેવી ભાવનાઓનો ઉદય થયો હતો, અને ઉભયનાં પ્રેમાળ અંતઃકરણ હર્ષના હીંચોળે કેવી રીતે ઝુલતાં હતાં? તેનું વર્ણન કરવાને કોઇપણ કવીની લેખીનિ અશક્ત છે. ધન્ય પ્રેમ ! ત્હારૂં મહાત્મય આલેખવાને કોણ સમર્થ છે? વિદ્વાનો કહે છે કે પ્રેમને આંખ્યો છે છતાં તે અંધ છે. પ્રેમને કાન છે છતાં તે બહેરો છે, અને પ્રેમને મોઢું છે છતાં તે મુંગો છે. અમે પણ કહીએ છીએ કે તેમજ છે.

પ્રકરણ ૯ મું.

દુઃખ વિદારક દવા.

સૂર્ય દેવતા પોતાનાં પ્રખર કિરણોને પોતાનામાં પાછાં સમાવે છે. આકાશ વિચીત્ર રંગે રંગાયું છે. પક્ષીઓ પોતાના માળામાં વિશ્રામ અર્થે પ્રવેશ કરે છે. વૃક્ષો મર્મર શબ્દથી પોતાના પલ્લવોને પવન સાથે રમાડી રહ્યાં છે. તે વખતે એક વીર પુરૂષ પત્થરની ખડબચડી શીલા ઉપર ગમગીન ચ્હેરે ગાઢ નિઃશ્વાસ નાખતો બેઠેલો છે.

શું તે સુર્યને અસ્ત પામતો નિહાળી ઉદાસ થતો હશે? ના. ત્યારે શું વીર પુરૂષ છતાં રણસંગ્રામમાં જવાને કાયર થતો હશે?

ના, તેમ પણ નથી. તેની ચિન્તાનું તાત્પર્ય એ છે કે પોતાની ચઢતીનો સૂર્ય કે જે પૂર્ણકળાથી પ્રકાશમાન થયેલો છે તે રખેને અસ્ત થાય !

તે વીરપુરૂષ રણસંગ્રામથી યત્કીંચીત્ ડરતો નથી પણ રાજ્યમાં ચાલતા ખટપટ રૂપી ઘોર સંગ્રામથી તે કંપે છે. રાજખટપટનું યુદ્ધ પુર્વે તેણે કદી જોયું નથી. તે યુદ્ધનો તેને અનુભવ નથી. રણસંગ્રામના યુદ્ધનો તે યોધ્ધો છે, પણ રાજ્યખટપટના યુદ્ધનો તો તે કાયરજ છે. દીર્ઘકાળથી ચાલતી રાજખટપટનું દર્શન તેને હમણાંજ થાય છે.

વીરપુરૂષે ફરી નિઃશ્વાસ નાખ્યો, આકાશ ભણી જોઇ દીનવાણીથી કહ્યું,–હે પ્રભૂ ! તું મને શા માટે દુઃખી કરે છે ?

શું હજુ પણ તું દુઃખી છે ? જાણે આકાશમાંથી ગેબી અવાજ થયો હોય તેમ અચાનક એ શબ્દો સંભળાયા. વિસ્મિત નેત્રે સર્વ દિશા ભણી જોયું પાછળ એક સંન્યાસી ઉભો છે. વીરપુરૂષે ઉભા થઇ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

" હા પ્રભુ ! હું અત્યંત દુઃખી છું. " સત્યસીંહે નમ્રતાથી કહ્યું.

" ત્હારી મુખમુદ્રા ઉપરથી જણાય છે કે તું એક ક્ષત્રી વીર છે. ત્હારા શરીર ઉપરનાં આયુધો સાક્ષી પુરે છે કે તું એક બ્હાદુર પુરૂષ છે. ત્હારા અંગ ઉપરના અલંકારો સુચના કરે છે કે તું સમૃદ્ધિવાન છે. ત્હારૂં લલાટ કહી આપે છે કે તું એક જાગીરદાર અથવા જમીનદાર છે. ત્હારો વેશ માહીતિ આપે છે કે તું એક રાજ્યનો માનીતો સરદાર છે. તો પણ ત્હારે દુઃખ શાનું ? " સંન્યાસીએ અજાણ્યુ થઇ પૂછ્યું.

" દુઃખ શાનું ? પુજ્ય મહાત્મા ! મ્હારા દુઃખનો પાર નથી ! મ્હારા સંકટની સીમા નથી ? હમેશ હજારો વીંછીના દંશથી જે વેદના થવી જોઇએ તે કરતાં અધિક થાય છે. કોઇ કોઇ વખતે તો મને શું થાય છે? તે હું પોતે સમજી શકતો નથી.

" શું કોઇ સ્ત્રી ઉપર મોહીત થયો છે ?

" ના, સ્ત્રી તો રંભા સમાન ખુબસુરત, સીતા જેવી પતીવ્રતા, અને સંસારને સ્વર્ગ બનાવે તેવી ચતુર, મ્હારા ગૃહરાજ્યને દીપાવે છે.

" ત્યારે શું પુત્ર નથી ?"

પુત્ર પણ છે. " જે બહાદુર, વિદ્વાન, આજ્ઞા પાળક, અને આખા કુટુંબને તારે તેવો કુળદીપક છે."

" ત્યારે શું કોઇ બીમાર છે ? "

" ના, પ્રભૂની કૃપા છે; મ્હારૂં આખું કુટુંબ નીરોગી છે. શરીર સંપત્તિમાં સર્વે શ્રીમંત છે."

" ત્યારે શું ધન સંપત્તીની ખામી છે ?

" ના. ધનના ભંડાર ભરપુર ભરેલા છે. હીરા, મોતી, માણેક, સોનું, રૂપું, જે જોઇએ તે સર્વ છે."

" ત્યારે દુઃખ શાનું ? "

" તોપણ દુઃખ અત્યત છે. મસ્તિક નિરંતર ભમે છે ! હૃદય ધ્રુજે છે ! સ્થીતિ બેચેન રહે છે ! નિશ્ચિંત નિંદ્રા નથી ! મધુર શાન્તિ નથી !"

" કારણ ? "

" આપે મ્હારા પ્હેરવેશ ઉપરથી અનુમાન કર્યું છે તે સત્ય છે. હું એક રાજાનો માનીતો સરદાર છું. રાજાનો મરજીદાન છું. એજ મ્હારા દુઃખનું કારણ છે. હું સમૃદ્ધિવાન છું એજ મ્હારી ચિંતાનું પ્રયોજન છે."

સંન્યાસીએ પૂછ્યું "ઝુંપડીમાં રહેવું, પગે ચાલવું, ભોંય સૂઇ રહેવું, જે મળે તે ખાવું, જંગલમાં ભટકવું, એતો જાણે દુઃખરૂપ ગણી શકાય. પરન્તુ મહાન મ્હેલમાં વસવું, ઘોડાગાડીમાં ફરવુ, પલંગમાં પોઢવું, ઉમદાં ભોજન આરોગવાં, બાગબગિચામાં મોજ મારવી ત્યાં દુઃખનો સંભવજ ક્યાં છે ?"

" પુજ્ય મહાત્મા ! ઝુંપડીમાં જે નિર્ભયતા છે, તે વિશાળ મ્હેલમાં નથી, પગે ચાલવામાં જે સુખ છે, તે ગાડીઘોડામાં નથી. પૃથ્વી માતાના ખોળે સૂતાં જે મધુર શાન્તી મળે છે, તે પલંગ અને મખમલની તળાઇમાં નથી. સાદા ભોજનમાં જે સ્વાદ છે, તે ઉમદાં ભોજનમાં નથી. "

" સર્વથા અસત્ય. તમે ઝુંપડીમાં રહ્યા હોઓ, જંગલમાં નિવાસ કર્યો હોય, અને ગરીબાઇ અનુભવી હોય, ત્યારે તમને દુઃખનો અનુભવ હોઇ શકે.

" પવિત્ર દેવતા ! આપનો શરણાગત સેવક એક વખતે ઝુંપડી-માંજ નિવાસ કરતો હતો. ગરિબાઇમાંજ ઉછરતા હતો. પરંતુ તે વખતે મ્હારા હૃદય ઉપર અજ્ઞાનતાનું આચ્છાદન હોવાથી હું શ્રીમંતાઇમાં સુખ સમજતો હતો, મહાન સત્તામાં મોજ માનતો હતો, અને તેવી સ્થીતિ પ્રાપ્ત થવા નિરંતર પરમાત્માની પ્રાર્થના કરતો હતો. પ્રભૂએ મ્હારી તે પ્રાર્થના સાંભળી, મને સમૃદ્ધિવાન બનાવ્યો, પણ હવે મ્હારી ભુલ ભાંગી છે. મ્હારા હૃદયમાં જે સુખની વાન્છના હતી, તે સુખ મને મળી શક્યું નથી. અરે તે સુખને તો મેં સ્વપ્નમાં પણ નિહાળ્યુંજ નથી. મ્હારા પ્રારબ્ધમાં તો દુઃખ દુઃખને દુઃખજ છે."

" પરમાત્મા જેનો મદદગાર છે, પરમાત્મા જેની પ્રાર્થના ઉપર પુરતું ધ્યાન આપે છે, પરમાત્મા જેને મનોવાન્છિત ફળ આપે છે, અને પરમાત્માની કૃપાથી જે રંક હાલતમાંથી સમૃદ્ધિવાન બન્યો છે, તે શું હજી વિશેષ લોભની ઇચ્છા રાખે છે ? " સંન્યાસીએ પૂછ્યું.

" ના પ્રભૂ ! હવે મ્હારે તે કરૂણાસિંધુ પાસેથી કાંઇપણ જોઇતું નથી. રીદ્ધિ સીદ્ધિ, પુત્ર પરિવાર, કુટુંબ કબીલો, ધન, સત્તા, બળ જે જોઇએ તે સર્વ છે, માત્ર નિશ્ચિંત નિદ્રા અને અખંડ સુખ મળે એટલીજ ઇચ્છા છે."

" આશ્ચર્ય ! પુત્ર પરિવાર રીદ્ધિ સીદ્ધિ, ધન, સત્તા, બળ, સર્વ વાતે જે સુખી છે, તેને દુઃખનું સ્વપ્ન પણ શાનું ? સર્વથા અસત્ય ?"

" પ્રભુ ! પૂર્વે હું પણ એમજ માનતો હતો. અરે ! આપના જેવા એક પવિત્ર મહાત્માના સત્ય ઉપદેશને હું એક વખતે ધિઃકારતો હતો. આજે હું તે પુજ્ય પ્રભૂના શબ્દોને મારા જીવનનો મુદ્રાલેખ માનું છું. મ્હારૂં એવું ક્યાંથી સદ્ભાગ્ય હોય કે પુનઃ એ મહાત્માના પવિત્ર દર્શનનો હું અલભ્ય લાભ મેળવી શકું ! "

મહાત્માએ મનમાંજ હાસ્ય કર્યું.—" વાહ વીરનર ! તમને હરકત ન હોય તો તમારા સંકટનું કારણ સમજાવશો ? "

" શું સમજાવું ? સમજાવવા જેટલી બુદ્ધિજ મ્હારામાં ક્યાં છે ? સંકટ એવા પ્રકારનું છે કે જેનું શબ્દોથી વર્ણન ભાગ્યેજ થઇ શકે અને જો થઇ શકે તો અનુભવ વિના ભાગ્યેજ તેનું ખરૂં રહસ્ય સમજી શકાય."

"તોપણુ હું ધારૂં છું કે બીજાને દુઃખ જણાવવાથી હૃદય ઉપરનો વિષમ બોજો કંઇક ઓછો થાય છે."

"મહાત્મા ! હું એક રાજાનો માનીતો સરદાર છું અને હજારો મનુષ્યના વૈરનું કેન્દ્રસ્થાન છું. મ્હારા ઉપર જેટલા અંશે રાજાની મહેરબાની વધતી જાય છે, તેટલાજ અંશે ખટપટીયા લોકોની ખટપટ પણુ વધતી જાય છે. જે પ્રમાણુમાં રાજ્યની ઉદારતાનો હાથ મ્હારા ભણી લંબાતો જાય છે. તેજ પ્રમાણુમાં શત્રુઓનો પાપી હાથ મને નુકશાનમાં નાખવાને તત્પર થતો જાય છે. જેમ જેમ રાજ્ય તરફથી મ્હારૂં વિશેષ સન્માન થતું જાય છે, તેમ તેમ શત્રુઓના હૃદયમાં ઇર્ષાની પ્રબળ આગ પ્રસરાતી જાય છે. મહાત્મા ! હું સત્ય કહું છું કે શત્રુઓની સંખ્યા મેં પોતે ઉત્પન્ન કરેલી નથી પરન્તુ તેની મેળે ઉત્પન્ન થવા પામી છે. દુનીયામાં એવા અસંખ્યાત મનુષ્યો છે કે જેઓ બીજાની ચઢતી જોઇને તેના શત્રુ બની જાય છે. કેટલાકો એવા છુપા શત્રુઓ છે કે જેમને હું અદ્યાપિપર્યંત મ્હારા વિશ્વાસુ મિત્ર માનતો હતો. જેમને હું ઘણુાજ વજનપાત્ર અને પ્રમાણિક ધારતો હતો, જેઓના ઉપર મેં હજારો ઉપકાર કર્યા છે, અને હજુપર્યંત જેઓ મ્હારા સમક્ષ તે ઉપકારોનું વર્ણન કરી મ્હારી સ્તુતિ કર્યા જાય છે; તેઓ પણુ અંદરખાનેથી શત્રુઓના મંડળમાં સામેલ થયાનું દીર્ઘ દૃષ્ટિથી નિરિક્ષણુ કરતાં જણુાય છે. કેટલાક મને નુકશાન કરી પોતાની ઉન્નતિ કરવા ચ્હાય છે, કેટલાક પોતાની ઉન્નતિ ન થાય તોપણુ મને હાનિ પહોંચાડવામાં પોતાની જીંદગીનું સાર્થક માને છે, અને કેટલાક માખીની પેઠે પોતાનો ભોગ આપીને પણુ મ્હારૂં ભુંડું કરવાને તત્પર રહ્યા છે. મ્હારા વિરૂદ્ધ કઇ વખતે શું ખટપટ ઉભી થશે? તે અનિશ્ચિત છે. ખટપટીયાઓનાં ક્રુર કાવતરાં જોઇ હું અત્યંત કંપુ છું. રાત્રિ અને દિવસ ચિંતામાં ને ચિંતામાં દગ્ધ થાઉં છું. હૃદય ધ્રુજે છે, મસ્તક ભમે છે, ચિત્તની વ્યગ્રતા, અશાન્તિ ભય, અને ગ્લાનિ એ મ્હારી હાલની પેદાશ છે,"

વાર્ષિક એક લાખ રૂપિયાની ઉપજ વાળી જાગીર છે, પણુ લોકો મ્હારાથી સંતુષ્ટ નથી. હું તેમના ઉપર ગમે તેટલી રહેમીયત રાખું છું, તથાપિ તેઓ મ્હારી પેટપુર નિંદા કરે છે. નોકરો તેમના ઉપર જુલમ કરે તેની તેઓ મને ફરિયાદ કરતા નથી, અને મને અંધ કહી

ગાલિપ્રદાન કરે છે. હું જ્યારે તેની છુપી તપાસ કરૂંછું, ત્યારે નોકરો મને વહેમી કહી નિંદે છે, મ્હારે તો માત્ર દિવસનું પાશેર અન્ન જરૂરનું છે. સિવાયની સમગ્ર પેદાશ ખર્ચમાંજ વ્યય થાય છે. તે છતાં મને ન્યાતિલાઓ, સગાં સબંધીઓ અને નોકરો ચાકરો કૃપણ કહી વખોડે છે. હું સારૂં કરૂં તેનો કાંઇ હિસાબ નથી, પણ કવચિત ભૂલે ચુકે કંઇક નઠારૂં કૃત્ય થઇ ગયું; તો અસંખ્યાત મનુષ્યો મ્હારા કટ્ટા વૈરી બની જાય છે. પુજ્ય દેવ ! મ્હારા દુઃખની કહાણી કેટલી સાંભળશો? તેનો કાંઇ પણ અંત આવે તેમ નથી. સારાંશમાં હું અત્યંત દુઃખી છું.”

“આર્ય વીર ! ત્યારે શું તને પુનઃ ગરીબાઇ પ્રાપ્ત થાયતો તેથી તું ખુશી છે ?” સંન્યાસીએ પૂછ્યું.

“ના, પ્રભૂ ! તેથી તો મ્હારી વિશેષ હાંસી થાય; લોકો મ્હારી વિશેષ નિંદા કરે, મ્હારા અને મ્હારા કુટુંબની પાછળ તેઓ આંગળીઓ કરે. શત્રુઓ અનેક શબ્દ પ્રહારોથી વીંધી નાખે, ભોગવેલી સમૃદ્ધિનું સ્મરણ વ્યથિત કરે, સુખ સમૃદ્ધિમાં ઉછરેલું મ્હારૂં કુટુંબ ગરીબાઇની સાદાઇ નિભાવી શકે નહિ, એશઆરામી થયેલાં તેમનાં શરીર ગરીબાઇનું સંકટ સહન કરી શકે નહિ. હવેતો ગરીબાઇ પણ અમારા માટે દુઃખરૂપ છે. હવે સુખપ્રાપ્તિનું અમારા માટે સૃષ્ટિમાં સ્થાનજ નથી.”

પ્રિય પાઠક ! પુર્વાપર સંબંધને લીધે તમે સમજ્યા હશો કે ઉક્ત સંવાદ સત્યસીંહ અને એક સંન્યાસી વચ્ચે ચાલે છે. સંન્યાસી તેજ છે કે જેણે સત્યસીંહની ઝુંપડી પાસે ભજન ગાયું હતું કે

“ નહિ જગતમાં સુખીઓ મળે, દુઃખી સર્વ આ સંસારમા,
“ રાજા દુઃખી, રૈયત દુઃખી, સૌજન દુઃખી, જગ દ્વારમા ”
“ બાળક દુઃખી, યુવક દુઃખી, વૃદ્ધો દુઃખી, નર નારમાં,
“ નિર્ધન અને ધનવાન સર્વે દગ્ધ દુઃખ અંગારમાં.”

સન્યાસી યોગસિદ્ધિવાળો મહાત્મા છે. તે સત્યસીંહના અંતરનું દુઃખ જાણે છે. તોપણ જાણી જોઇને ઉલટ પ્રશ્નો પૂછીતેની કસોટી કરે છે. સત્યસીંહ હજુ જાણતો નથી કે પુર્વે મળ્યો હતો તે સન્યાસી આ પોતેજ છે.

સન્યાસીએ સત્યસીંહની સર્વ હકીકત સાંભળી લઇને ઉપદેશ આપ્યો,—“ બહાદુર વીર ! ક્ષત્રીઓનું મુખ્ય હથિઆર હિંમત

છે. જેઓ સંપત્તિમાં ફુલાતા નથી, અને આપત્તિમાં મુંઝાતા નથી તેઓજ ખરા બહાદુર ગણાવા જોઇએ. જેને તું સંકટ માનેછે તેતો સંકટ જ નથી સકટનો સત્ય અનુભવ તો હજુ હવેજ થવાનો છે. માટે ગભરાઇશ નહિ, મુંઝાઇશ નહિ. હજુ તો પાશેરામાં પહેલી પુણી છે. આફતનું વાદળું ટમટમી રહ્યું છે. ત્હારી ઉન્નતીનો સુર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. આકાસ સામુંજો ! હાલ સુર્ય જે રંગે દર્શન દેછે, તેજ રંગ ઉદય કાળે હોય છે. મનુષ્યે ચડતી પડતીમાં એકજ રંગે રહેવું જોઇએ. સુખમાં ગર્વીષ્ટ થવું નહિ, દુઃખમાં દીલગીર થવું નહિ. મનુષ્ય જીવન અવનતિશીલ હોય કે ઉન્નતિશીલ હોય તોપણ સુખ અને દુઃખ સરખાં માની સમભાવે વર્તવું”

સત્યસીંહે ગભરાઇને પૂછ્યું,—“ મહાત્મા ! પુજ્ય મહાત્મા ! ક્ષમા કરો ! ક્ષમા કરો ! મને દુઃખી થવાનો શ્રાપ ન આપો !”

“ હું શ્રાપ નથી આપતો, પણ ત્હારૂં ભવિષ્ય જોઇ અગમ ચેતી આપું છું.”

“ ત્યારે મને સ્પષ્ટ સમજાવો. મને કોણ દુઃખી કરશે, હું શા કારણથી દુઃખી થઇશ, મ્હારે કેટલાં સંકટ ભોગવવાં પડશે. અને શું પુનઃ મને સુખનું સ્વપ્નું પણ નહિ આવે ? પુજ્ય પ્રભુ ! મને મ્હારૂં સવ ભવિષ્ય કહી સંભળાવો.”

“ વીરનર ! ભવિષ્યનો પડદો ખુલ્લો કરવામાં કંઇજ સાર નથી. પુર્વજન્મ અને ભવિષ્યની વાર્તા મનુષ્યથી અગમ્ય રાખવામાં પરમાત્માનો ઉચ્ચ હેતુ છે, તેને તું માન આપ. કેમકે ભાવિનો પડદો ઉઘાડવાથી આશારૂપી દીપ બુઝાઇ જાય છે. જીવન આશા શુન્ય, પ્રકાશ શુન્ય, ભોગ શુન્ય, થઇ જાય છે. માટે ભાવી જાણવાની ઇચ્છા કરવી એ મૂર્ખાઇ છે. સુખમાં નિમગ્ન રહો કે દુઃખમાં લદ્બદ રહો, પણ સમયને કોઈ રોકી શકતું નથી. હમણાંજ પુર્વદિશામાં સુર્યનો ઉદય થશે અને એક નવીન દીવસ જન્મ પામ્યાની તે વધામણી આપશે. પણ તેજ સુર્ય સાયંકાળે અસ્ત થઇ પુનઃ પ્રાતઃકાળે ઉદય પામતાં, પોતાની દૈવી ભાષામાં ઢંઢેરો પીટી જાહેર કરશે કે; હે માનવી ! તારા નિયમીત આયુષ્યમાંથી એક દિવસ ઓછો થઇ ગયો.”

“ ત્યારે પ્રભુ ! મને સંકટ સહન કરવાનું સામર્થ્ય આપો.”

" સામર્થ્ય મેળવવું એ ત્હારાજ અધિકારમાં છે. નીચેના મંત્રોનું નિરંતર સ્મરણ રાખજે એટલે દુઃખ હમેશ ત્હારાથી દુર રહેશે.

(૧) સંસારમાં સુખ અને દુઃખ સરખાં માનવાં.

(૨) ગમે તેવી સ્થીતિમાં સંતોષ માની નિભાવી લેવાની ટેવ રાખવી.

(૩) દુનિયાને એક નાટક સમજવું. અને તેમાં જે કંઇ બનાવો બને તે પરમાત્મા સુત્રધારરૂપે અનેક પ્રકારના ખેલ ભજવે છે એમ માની લઇ સહનશીલ થવું.

(૪) ભુંડું થાય તે ભલા માટે સમજવું.

(૫) દુઃખનો સમય ચીરસ્થાઇ હોતો નથી. માટે એ સમય પણ એની મેળે વીતી જશે, એવા દૃઢ નિશ્ચયથી હિંમતપુર્વક દુઃખને ભેટવા તત્પર થવું.

(૬) સત્ય, ધર્મ, ન્યાય, નીતિપર કાયમ રહી બુદ્ધિપુર્વક કર્મ કરવાં. ફળ જે મળે તેથી સંતોષ માનવો. " ઇશ્વરેચ્છા બલીયસી " મંત્રનો જાપ જપવો.

(૭) જે દિવસ ઉગે તેને જીંદગીનો પહેલોજ દિવસ માનવો.

સત્યસીંહ ! નિશ્ચય માનજે કે દુનિયામાં દુઃખ અને સુખ, માત્ર મનની માની લીધેલી કલ્પીત વસ્તુઓ છે. એક સુખ તેનાથી ચઢતા પ્રકારના સુખની અપેક્ષાએ દુઃખ મનાય છે. એક દુઃખ તેનાથી વિશેષ દુઃખની અપેક્ષાએ સુખ મનાય છે. કોને સુખ માનવું અને કોને દુઃખ માનવું એ અનિશ્ચિત છે. સુખ અને દુઃખની વાખ્યા હાલ સુધીમાં કોઇ કરી શકયું નથી. વાસ્તવિક સુખ તો તેનુંજ નામ છે કે, જેના પછી દુઃખ હોઇ શકતું નથી. જો ત્હારે તેવું સુખ મેળવવું હોય તો સંતોષનો મહાન મંત્ર ભૂલીશ નહિ. સ્વર્ગ અને નર્કની પેઠે અસાધારણ ફેરફાર થાય તો પણ ધૈર્ય રાખજે, સંતોષથી જંગલમાં પણ જીવનનાં અમુલ્ય ઝરણાં પ્રાપ્ત થશે. અરણ્ય સંસારમાં પણ સ્વર્ગની લહેરો આવશે. સૃષ્ટીસૌન્દર્યના અદ્દ્ભુત ઇશ્વરી રંગોથી આત્માને ઉજ્વળ કરજે."

" સત્યસીંહે સંન્યાસીને બન્ને હાથ જોડી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. " મહારાજ ! હવે એકજ પ્રશ્ન પુછવો છે. "

" ખુશીથી પુછ. "

" પ્રભૂનો આશ્રમ કયા પ્રદેશમાં છે ?

" પૃથ્વી એજ મ્હારો પ્રદેશ છે."

" આ નરાધમને પુન: પ્રભુનાં દર્શન કયારે થશે ?

" ઇશ્વરેચ્છા બલીયસી."

" સેવકનું નામ સત્યસીંહ છે એમ પ્રભુએ કયારથી જાણ્યું."

" તું ઝુંપડીમાં રહેતો હતો ત્યારથી."

સત્યસીંહે હવે સંન્યાસીને ઓળખ્યા, ભક્તિભાવથી તે સન્યાસીના ચરણમાં પડયો. થોડીવારે ઉભા થઇ જોયું તો સન્યાસી ન હતો માત્ર તેના ભજનનો મધુર સ્વર સંભળાતો હતો. ભજન પણ તેજ હતું.

" નહિ જગતમાં સુખીયો મળે
દુ:ખી સર્વ આ સંસારમાં........"

એજ સંન્યાસી અને એજ ભજન. સત્યસીંહ અવાજ ભણી દોડયો પણ સંન્યાસી અદ્રશ્ય.

પ્રકરણ ૧૦ મું.

રંગમાં ભંગ.

વર્ષાઋતુમાં કૃષિકારો જેમ મેઘની રાહ જુએ તેમ નાગરિકો લગ્નના માંગલિક દિવસની આતુરતાથી રાહ જુએ છે. શહેર સમસ્તમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો છે. જાણે ઘેરેઘેર લગ્ન પ્રસંગ હોય નહિ ? તેમ પ્રત્યેક નાગરિકો પોતાનાં નિવાસ સ્થાન ભિન્ન ભિન્ન પ્રકારના મનોહર રંગો ધોળી સુશોભીત કરવા લાગ્યા છે.

સર્વકોઇ કહે છે કે સુમન શુભ પગલાંનો ! સુલોચનાનો વિવાહ સંબંધ સુમન સાથે થતાંજ રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. હર્ષમાં હર્ષ ઉમેરાયો. રાજાના આનંદની સીમા નથી. એક તરફ લગ્ન સમારંભની ધામધુમ બીજી તરફ પુત્ર જન્મોત્સવની ધામધુમ !

રાજાની વૃદ્ધાવસ્થા હતી, પુત્ર પ્રાપ્તીની આશા નહતી, મંત્ર-જંત્ર, જપ—જાપ, હોમ—હવન, યજ્ઞ ઇત્યાદિ ધાર્મીક ક્રિયાઓ પુત્ર પ્રાપ્તી અર્થે કરવામાં આવી હતી. પણ હાલ સુધી સર્વ પ્રયત્ન વ્યર્થ

હતા. હવે પ્રભૂએ ઇચ્છા પુરી કરી, રાણીની કુખે પુત્ર પ્રસવ્યો. ભવિષ્યનો રાજા જનમ્યો. આખા શહેરમાં આનંદ પ્રવર્ત્યો. જાણે સોનાનો વરસાદ વરસ્યો.

પુત્ર જન્મોત્સવની ખુશાલીમાં દરબાર ભરાયો. અમીર, ઉમરાવ, સરદાર, પટાવત, પ્રધાન, સેનાધિપતી, અમલદાર, શેઠીયા, ભાટ, ચારણો વિદ્વાન બ્રાહ્મણો અને ગાયકોની મેદની જામી. સર્વના હૃદયમાંથી આનંદ ઉભરાઇ જતો હતો. તોપોના બહાર અને વાજીંત્રોના નાદથી આકાશ ગાજી રહ્યું હતું. દિશાઓ જગમગી રહી હતી સૌથી વિશેષ આનંદ સત્યસીંહ અને સુમનની મુખમુદ્રા ઉપર જણાતો હતો.

ભાટ ચારણોએ રાજાની સ્તુતિનાં કવિત કહ્યાં, બ્રાહ્મણોએ આશિર્વાદ આપ્યો, નાયકાએ નાચ મુજરાથી સર્વનાં મન રંજન કર્યાં. અમીર ઉમરાવોએ અને નાગરિકોએ ભવિષ્યના રાજા માટે ભેટ સોગાદો રજુ કરી. રાજરીત પ્રમાણે નજર નોછાવર થયા. અવિચ્છિન્ન આનંદમાં દરબાર બરખાસ્ત થયો.

સત્યસીંહ રાજાની કૃપાથીજ ઉમરાવ બન્યો છે. સત્યસીંહ રાજાની રહેમથીજ શ્રીમંત થયો છે. હવે તો સગાઇના નિકટ સંબંધથી સંધાયો છે. તેના હૃદયમાં આજે આનંદની ઉર્મીઓ ઉછાળા મારે છે. પોતાના પુત્રના સાળા માટે, રાજકુમારને માટે ભવિષ્યના રાજા માટે, સવા લક્ષ રૂપીયાનાં સાચાં મોતી એક સુવર્ણની ડબીમાં મૂકી ભેટ આપે છે.

કોના કોના તરફથી ભેટમાં કઇ કઇ વસ્તુઓ આવી છે? તેની દરબાર બરખાસ્ત થયા પછી રણવાસમાં નોંધ થાય છે. સર્વ કોઇ સત્યસીંહ તરફની ભેટ જોવાને જીજ્ઞાસુ થાય છે. ખચીત્ત તે ભેટ કિંમતી હશે એવું સર્વકોઇ ધારે છે.

“ ગજબ થયો ! સત્યસીંહની મતિ ભ્રષ્ટ થઇ. સ્વાર્થાંધ સત્યસીંહે મ્હેરબાનીનો દુરૂપયોગ કર્યો. સત્યસીંહ સ્વભાવે સરળ જણાય છે પણ કાળો ઝેરી નાગ નિવડયો. ” ઇત્યાદિ અનેક આક્ષેપોનું એકાએક વાતાવરણ થઇ ગયું.

કારણ શું? સત્યસીંહે ભેટ મૂકેલી ડબીમાં સાચાં મોતી નહતાં, પણ કાળું કાજલ અને કાળા વાળ હતા. ડબી ઉપર સત્યસીંહનું નામ હતું.

• આશ્ચર્ય ! મોતીનું રૂપાન્તર શી રીત્યે થયું ? શું કોઇએ જાદુઇ વિદ્યા ચલાવી, અથવા કાંઇ હસ્ત દોષ થયો કે દ્રષ્ટિ દોષ થયો ?

દોષ સત્યસીંહના પ્રારબ્ધનો છે. હવે તેના પ્રારબ્ધે પલટો ખાધો છે. પ્રારબ્ધ ! ત્હારી બલિહારી છે જ્યારે તું અનુકુળ હોય છે ત્યારે સર્પ હીરાનો હાર બને છે. અને પ્રતિકુળ હોય છે ત્યારે હાર સર્પ બને છે. ત્હારી પ્રતિકુળતાએ સકળ દુનિયા પલટાય છે. સત્યસીંહને માટે તેમજ થયું. સત્યસીંહની ગરદન ઉપર જે ખટપટનાં હથિયાર કાળચક્ર રૂપે ફરી રહ્યાં હતાં, તે હથિયારના પ્રહાર શરૂ થયા. રાજ ખટપટથી આકાશના તારા ઉંચેથી નીચે આવે, સમુદ્રનું પાણી સુકાઇ જાય, ત્યારે સાચાં મોતીનું કાજળ ન બને ?

ખટપટનાં મુળ કેટલાં ઉંડાં હોય છે તે કોકજ જાણે છે ? ખટપટના પ્રાણઘાતક ઝેરથી કહો કે કાકતાળીક ન્યાયે કહો, પણ સત્યસીંહનું પ્રારબ્ધ તેના અહિતમાં આપણે એટલા માટેજ માનીશું કે જે પુત્રના જન્મોત્સવની ખુશાલી એક પળ પહેલાં આખા શહેરમાં પ્રસરાતી હતી, તેજ ખુશાલી એક પળ પછી દિલગીરીના સ્વરૂપમાં ફેરવાઇ ગઇ. કેમકે રાણીએ જે પુત્રને જન્મ આપ્યો હતો, તે પુત્રનું અચાનક મર્ણ નિપજ્યું.

મર્ણ શાથી થયું ? તેનો કોઇ નિશ્ચય કરી શકયું નહિ. પણ જે વ્હેમે, હિંદુસ્તાનનું સત્યાનાશ વાળ્યું છે, જે વ્હેમે, ક્ષત્રીઓના ગૌરવને ઝાંખું બનાવ્યું છે; જે વ્હેમે, સત્યધર્મપર કાળો ડાઘ લગાવ્યો છે, તેજ વ્હેમ રાજપુત્રના મર્ણમાં પણ સત્યસીંહનો કાળશત્રુ થઇ પડયો.

રાણીના હૃદયમાં વ્હેમનું પ્રબળ સામ્રાજ્ય થયું. તેના રૂવે રૂવે આગ પ્રકટ થઇ તેણે રાજકુમારના મૃત્યુનો સર્વ દોષ સત્યસીંહ ઉપર મૂકયો. તે સત્યસીંહથી પોતાના વૈરની તૃપ્તી કરવા તત્પર થઇ. પોતાનો કટો વૈરી માનવા લાગી. સત્યસીંહના રૂધિર પોતાની સાવકી પુત્રી સુલોચના અને સુમનના નામ ઉપર પણ તેણે તિરસ્કારનો વર્ષાદ વરસાવ્યો. સત્યસીંહ કામણ ટુમણનો ભરેલો, જાદુઇ વિદ્યા જાણનારો અને પોતાના સ્વાર્થને માટે રાજાનું નિકંદર કરનાર ગણાયો છે.

માહારાજાને પુત્ર પ્રાપ્તથી જેટલે અંશે આનંદ થયો હતો, તે કરતાં સહસ્ત્ર ગણી દિલગીરી પુત્ર મૃત્યુના સખત આઘાતને લીધે થઇ. શોક ભારથી રાજાનું હૃદય જડવત્, વિચાર શુન્ય, અને ઉન્મત બન્યું તે પોતાની રાણીને આશ્વાસન આપવા મહેલમાં ગયો. ત્યાં

સત્યસીંહનાંજ છાબડયાં લેવાતાં હતાં. રાણી હૃદયફાટ કલ્પાંત કરતી હતી. પોતાના મસ્તકને પૃથ્વી સાથે પછાડતી હતી. તેના માથાના વાળ અસ્તવ્યસ્ત વિખરાએલા હતા. આંખમાંથી અશ્રુનો પ્રવાહ ચોધાર ચાલતો હતો. રાણીએ રડતાં રડતાં સત્યસીંહ, સુમન, અને સુલોચના વિરૂદ્ધમાં જેટલું રેડાય તેટલું ઝેર રાજાના હૃદયમાં રેડી દીધું. સત્યસીંહે આવું દુષ્કૃત્ય શા માટે કર્યું? તેનું કારણ પણ રાજાને અસરકારક રીત્યે સમજાવ્યું. સુલોચનાનું લગ્ન સુમન સાથે કરી સુમનને રાજ્યગાદી આપવાની લાલચ કેવી પ્રાણઘાતક નીવડી તેને માટે રાણીએ અત્યંત વિલાપ કરતાં કરતાં કહી સંભળાવ્યું. ગુન્હેગાર તરીકે સત્યસીંહનું નામ સાંભળતાં, રાજાને પ્રથમતો અત્યંત અજાયબી થઇ, એકદમતો તેણે તે વાત સાચી માનવાને આનાકાની કરી, પરંતુ જ્યારે સત્યસીંહ તરફથી ભેટમાં આવેલી વસ્તુઓ તેણે પ્રત્યક્ષ જોઇ, અને તેના સંબંધમાં થતી ચર્ચા તેણે સાંભળી, ત્યારે તેનું મન ડગમગવા લાગ્યું. જેમ જેમ રાણીએ પોતાના પુત્રનું સ્મરણ કરી વધારે વધારે અશ્રુપાત કર્યો તેમ તેમ પ્રતિપળે રાજા વધારે ઉશ્કેરાતો ગયો. ગુસ્સાના આવેશથી તે બોલી ઉઠયો કે–"આવા નીચ કૃત્યનો હું સખત બદલો લઇશ." ઉશ્કેરાએલી હાલતમાં તે દરબાર ગઢ ભણી ગયો!

પ્રકરણ ૧૧ મું.

રાજ્યના રીપુ.

પાઠક ગણ! ચાલો આપણે મુકુંદસીંહનો દરબાર કે જે રાજ્ય ખટપટની રંગભુમી છે, ત્યાં જઇ ખટપટીયાઓ રાજાને કેવી ખુબીથી રમાડે છે, તેનું નિરીક્ષણ કરીએ.

જો કે રાણીના ભમાવવાથી રાજા હાલ સત્યસીંહ ઉપર ગુસ્સે થએલો છે. તથાપિ સત્યસીંહની વફાદારી અને સુમનની બહાદુરી હજુ પણ તે ભૂલી શકયો નથી. પોતાનો પુત્ર સત્યસીંહના કાવત્રાને ભોગ પડયો હોય એમ માનવાને જાણે તેને કોઇ ના કહેતું હોય, એમ તેના હૃદયમાં થાય છે. અનેક પ્રકારનાં ચિત્ર તેની દ્રષ્ટિ સન્મુખ વારંવાર

ખડાં થાય છે. એક વખત રાજકુમારનો જન્મ, ખુશાલીનો દરબાર. નગરમાં મચેલી ધામધુમ, ભેટમાં આવેલ અમાંગળીક વસ્તુઓ, કુમા-રનું અચાનક મૃત્યુ, રાણીનો વિલાપ, એ સઘળાં બનાવોનાં ચિત્ર રા-જાના હૃદયપટપર નૃત્ય કરી ચાલ્યાં જાય છે. બીજી વખત સત્યસીંહના સદ્દગુણો, તેની નિર્દોષ મુખમુદ્રા, તેની વખાણવા યોગ્ય વફાદારી, તેણે હાલ સુધી કરેલી રાજ્ય સેવા એ સઘળા બનાવોનાં ચીત્ર હૃદય પટ પર ખડાં થાય છે. 'હવે આ ગુંચવાડાનો અંત શી રીત્યે આણવો ? સત્યસીંહને શું કરવું ? રાણીને શી રીત્યે સંતોષ આપવો ?" એ પ્રશ્ન વારંવાર રાજાના હૃદયમાં જન્મ પામે છે. કાંઇ પણ સુજ નહિ પડતાં તે ગમગીન ચહેરે તખતપર અવ્યવસ્થિત પડેલો છે.

નિર્દોષ, અને સદ્દગુણી માણસના ઉપર પ્રારબ્ધયોગે કદાચ આફતનું વાદળ આવાં પડે, તોપણ સત્ય તેની બાજુમાં હોવાથી નિર્દોષને મદદ કરવાને સામા મનુષ્યના હૃદયમાં ગેબી અવાજરૂપે સત્ય શોધવાની પ્રેરણા કરે છે. પણ એશઆરામ, ક્રોધ, પ્રમાદ અને અભિ-માનરૂપી સેતાનો ભોળા અને અજ્ઞાન સત્તાધીશોપર એવા તો ફાવી ગયેલા હોય છે કે, તે પવિત્ર અવાજને ઓળખવા જેટલી શુદ્ધી તે-નામાં રહેવા દેતાજ નથી. વળી પાસે રહેનાર ખુશામતખોર અને ખટ-પટી મનુષ્યો તરફથી વાગતાં ઢોલ ત્રાંસામાં તે કોમળ અવાજ વિલુપ્ત થઇ જાય છે.

મહારાજાની દીલગીરીમાં ભાગ લેવા, અને રાજકુમારના મૃ-ત્યુથી તેમને કેવી દુઃખદાયક લાગણી થવા પામી છે તે પ્રદર્શીત કરવા, કેટલાક ખટપટી અને ખુશામતખોર રાજદારી વિના આમંત્રણે હાજર થયેલા છે. હૃદયમાં પ્રસ્તુત બનાવનું પરીણામ જોવાની, અને રાજાને ઉશ્કેરવાની તીવ્ર જીજ્ઞાસા છે. પણ રાજા નિઃસ્તબ્ધ નિઃશબ્દ છે. ખટપટી ટોળાનો નાયક અબુધસીંહછે. અબુધસીંહ રાજા મુકુંદસિંહનો પીત્રાઇ ભાઇ થાય છે. રાજ્યનો અધીપતિ થવા તે દીર્ઘ સમયથી તલપી રહ્યો છે. રાજ્યકુમારના જન્મથી જ્યારે આખા શહેરમાં આ-નંદ પ્રવર્ત્યો હતો, ત્યારે અબુધસીંહના હૃદયમાં શોક ઘટા છાઇ રહી હતી. અને રાજકુમારના મૃત્યુ વડે તે આનંદના પ્રકાશમાં ભવિષ્યનાં સ્વપ્ન જોતો હતો. પોતાની ઇચ્છાના સામ્રાજ્યમાંથી સત્યસીંહરૂપી કંટક દૂર કરવાને તે દીર્ઘ સમયથી પ્રયત્ન કરતો હતો, તથાપિ દેખાવમાં

તે સત્યસીંહ સાથે મિત્રભાવ પ્રદર્શીત કરતો હતો, અણુધસીંહના મુખમાં સાકરથી પણ અધિક મીઠાશ હતી. કિન્તુ શરીરમાં હળાહળ ઝેર ભરેલું હતું. ખટપટનાં છુપાં હથિયાર ચલાવવામાં તે ઘણો કુશળ હતો. આજે પણ તેનું હથિયારજ સત્યસીંહના અહિતમાં વિશેષ કારગર થઇ પડયું છે. તે પોતાના સાગ્રીતોને છુપા મંત્રોવડે સાજ કરી દરબારમાં આવેલો છે. અણુધસીંહ એક અનુપમ ખેલાડી છે. તેણે પ્રથમ રાજકુમારના મૃત્યુ વીષે પોતાની દિલગીરી પ્રદર્શીત કરી, આંખમાં કૃત્રિમ આંસુ આણ્યાં. ત્યારપછી તેણે પોતાણા સાગ્રીતોને ઇસારો કરી પોતાની ખટપટનું હથિયાર ચલાવવાનો પ્રારંભ કર્યો.

કપટસીંહ કે જે છળકપટથી પૈસા પ્રાપ્ત કરવામાં પોતાની જીંદગીનું સાર્થક માનતો હતો, અને જે પોતાના નજીવા લાભને માટે રાજ્યને લાખો રૂપીઆના નુકશાનમાં ઉતારવા તત્પર થતો હતો તેની તે દુષ્ટતા પકડાઇ આવતાં સત્યસીંહે એક વખત ઠપકો આપી જતો કર્યો હતો તેણે વાત ઉપાડી.–" આ ભયંકર કાવતરાનો સુત્રધાર સત્યસીંહ છે, એમ જાણીને અત્યંત ખેદ થાય છે. રાજકુમારના મૃત્યુથી માત્ર માલીકનેજ હાની થઇ છે એમ નથી. આખુ રાજ્ય રંડાયું છે. રૈયતે ભવિષ્યનો રાજા ગુમાવ્યો છે."

રસીંહ કે જેના જુલમથી પ્રજામાં ત્રાસ વરતાયો હતો, અને જે ત્રાસ સત્યસીંહના શુભ પ્રયત્નથીજ નિવૃત થયો હતો. અને જેને લાધે તે સત્યસીંહ પ્રત્યે ઇર્ષા દાખવતો હતો, તેણે તે વાતને પુષ્ટી આપતાં કહ્યું,—" ભાઈ! રાજ્ય લોભ એ વસ્તુજ એવી છે કે જેને માટે પુત્ર પિતાનું ખુન કરે છે. અને ભાઇ ભાઇનું ખુન કરે છે. ત્યારે સત્યસીંહ એમ કરે તેમાં આશ્ચર્ય શું?"

અણુધસીંહ જાણે સત્યસીંહની તરફેણુ કરતો હોય તેવા જુસ્સાથી ડોલી ઉઠયો.–" શું મ્હારા મીત્ર સત્યસીંહ ઉપર વાસ્તવીક દોષારોપણ કરવામાં આવે છે! સત્યસીંહને રાજ્યલોભ શાનો? રાજ્યપુત્રના મૃત્યુથી સત્યસીંહને શું લાભ? ખટપટીયાઓએ પ્રથમથીજ બાજી ગોઠવી રાખી હતી. એક દમનસીંહ નામના દુષ્ટ માણસે કહ્યું.—" રાજ કન્યા સાથે સુમનનું લગ્ન કરવું, અને રાજાની હયાતી બાદ સુમનને રાજ્યગાદીનો હકદાર ઠરાવવો એમ રાજકન્યાએ, સુમને અને સત્યસીંહે રાજા પાસેથી વચન મેળવ્યું હતું. પરંતુ વચ્ચે વિક્ષેપરૂપ રાજકુમારનો જન્મ થયો. હવે સુમનને ગાદી શી રીત્યે મળી

શકે ? તેટલા માટે સ્વાર્થાંધ સત્યસીંહે મલીન વિદ્યાના પ્રયોગથી ભાવ-ષ્યના રાજાનો પ્રાણ લઇ તે વિઘ્ન દુર કર્યું." `

ખુલાસો બંધ બેસતો થઇ પડયો. રાજાના શુન્ય હૃદયમાં પુનઃ ક્રોધનો પ્રબળ જુસ્સો પ્રગટી નિકળ્યો. તેણે ગુસ્સાથી કહ્યું,–" હું સત્ય ધર્મના કસમ પર કહું છું કે સત્યસીંહ આવો દગાબાજ પ્રપંચી અને ઘાતકી હશે, તે હું હાલ સુધી જાણી શકયો નહિ.

અબુધસીંહે તેમાં ટાપશી પુરતાં કહ્યું,–" મને પણ એજ અ-જાયબી થાય છે. કેમકે સત્યસીંહ દેખાવમાં અત્યંત પ્રમાણિક, અને સદાચારી જણાય છે. અને તેથીજ હું તેને મ્હારો પરમ સ્નેહી મા-નતો હતો.

કપટસીંહે કહ્યું,–" ઓળખાઇ આવે એવા ઘાતકી મનુષ્યો કરતાં તે વધારે ભયકંર ગણાય."

એક વિજયસિંહ નામના ઉમરાવે શુદ્ધ બુદ્ધિથી પ્રશ્ન કર્યો,– " આ બાબત સત્યસીંહનો ખુલાસો સાંભળવામાં આવે તો મને લાગે છે કે આ બાબતપર ઘણું સારૂં અજવાળું પડી શકશે."

એક દમનસીંહ નામના દુષ્ટ માણસે વિજયસીંહની વાતને તોડી પાડવાના ઉદ્દેશથી કહ્યું,–" હા, કેમકે સત્યસીંહની વાક્પટુતા, કોઇ પણ વાત સિદ્ધ કરવાની શક્તિ, એવી અલૌકિક છે કે, ભાગ્યેજ તેનો ઉત્તર આપવાની કોઇનામાં હિંમત હોય, એમ સરદાર વિજયસીંહ માને છે."

અબુધસીંહે વિજયસીંહપર થયેલ પ્રહારની મલમપટો કરતાં કહ્યું,—" વિજયસીંહનું કહેવું કેટલેક અંશે સત્ય છે. તથાપી સત્યસીં-હને દરબારમાં હાજર કરવો, એ તેમની પ્રતિષ્ટાને હાની પહોચાડવા જેવું માનવામાં આવે તો, તેમના ઉપર જે ભયંકર આરોપ રાખવામાં આવે છે, તેના સંબંધમાં પુરાવો શું છે? તેતો અવસ્ય જાણવું જોઇએ.

મદનસીંહ બોલી ઉઠયો,—" હોંશીયાર અને બાહોશ માણસની ભયંકરતા એવી ગુપ્ત અને ઉંડી હોય છે કે તે સાબીત કરવા જેટલો પુરાવો ભાગ્યેજ હોઇ શકે છે." પુરાવા વગરની કલ્પીત વાતો પણ રાજાને સત્ય મનાવવા માટે તેણે એક ચાલ કરી.

ગર્વસીંહ કે જેનામાં માત્ર મીથ્યાભીમાન શિવાય ભાગ્યેજ કંઇ હતું તેણે મદનસીંહના અભિપ્રાયને પુષ્ટી આપતાં કહ્યું,—" અને આ-

પણ ઇન્સાફી રાજ્યપિતાતો પુરાવા વિના કોઇ વાત સત્યજ માનતા નથી. પછી તેમનાં ગુપ્ત કાવતરાં કોણ પ્રકાશમાં આણી શકે ?"

રાજાએ ક્રુદ્ધ થઇ કહ્યું,—" હા. પુરાવા વિનાની કોઈપણ વાત સત્ય નહિ માનવાનું મને સત્યસીંહેજ શીખવ્યું હતું."

વિજયસિંહે દ્રઢતાપૂર્વક કહ્યું,—" સત્યસીંહનું એ શીક્ષણ ગેર વ્યાજબી હતું એમતો ભાગ્યેજ કહી શકાય ? "

એક ક્રુરસીંહ નામના કાવતરાખોરે વિજયસીંહ તરફ ક્રુર દ્રષ્ટિ કરી કહ્યું,—" સત્યસીંહ પુરો પહોંચેલો છે, તે પાણી પહેલાં પાળ બાંધે તેવો કાબેલ છે. તે ઉપરથી શાણો જણાય છે, પણ અંદરથી દંભી છે. દંભી માણસો સામાન્ય રીતે દુષ્ટ થઇને સંતોષ પામતા નથી. સદ્‌ગુણની પ્રતિષ્ઠા સાથે તેઓ દુર્ગુણી થવા માગે છે. અને જે દેખાવ પરીણામે ખોટો માલુમ પડી આવે છે. "

અબુધસીંહે તેના સીદ્ધાન્તને પુષ્ટિ આપતાં કહ્યું,—" તેવા સદ્‌ગુણના દેખાવથી તેઓ ખરા સદ્‌ગુણ ઉપર પણ ભરોંસો રાખતાં મનુષ્ય જાતીને અટકાવે છે. "

વિજયસીંહે પૂછ્યું,—" અબુધસીંહજી ! ત્યારે શું પુરાવા વિનાની વાતો સાચી માનવાનું મન્તવ્ય તમે પણ સ્વિકારો છો ?"

અબુધસીંહે ઉત્તર આપ્યો—" મ્હારૂં મન્તવ્ય જૂદુજ છે. પુરાવાની જરૂરીયાત સર્વ પ્રસંગોમાં એક સરખી રીતે લાગુ પાડી શકાય નહિ. તથાપી, સત્યસીંહ કે જે મ્હારા પરમ મિત્ર છે. અને જેમના માટે આવું દુષ્કૃત્ય ઉપરથી અસંભવિત લાગે છે, તેમના માટે તો પુરાવાની ખાસ જરૂરીયાત હોવાનું હું કદાચ કહીશ તો ભાગ્યેજ મ્હારા પર પક્ષપાતનો આરોપ રહી શકશે "

રાજા મુકુંદસીંહે ગુસ્સે થઇ કહ્યું,—" અબુધસિંહ ! સત્યસીંહ તમારો મિત્ર હોય કે મ્હારો મિત્ર હોય ! મ્હારા હૃદયની ખાત્રી થાય તેજ પુરાવો, અને તેજ સાબિતી. મ્હારા મનમાં જે કંઈ પ્રેરણા થાય છે, તે સત્યજ હોય છે.

ગર્વસીંહે કહ્યું,—" રાજા એતો ઇશ્વરનો અંશ છે. તેમના હૃદયમાં જે અસર થાય તે સત્યજ હોય."

અબુધસીંહે કહ્યું,—જે ડબીની અંદર એ અમંગળીક વસ્તુ મુકવામાં આવી હતી તે ડબી ક્યાં છે ?

મદનસીંહે તે ડબી અબુધસીંહના હાથમાં આપી અબુધસીંહે તે તે હાથમાં લઇ તપાસી જોઇ આશ્ચર્યની મુદ્રા કરી કહ્યું.–" આ ડબી ઉપર કોઇનું નામ કોતયેલું હોય એમ જણાય છે. વાંચી જુઓ તેના ઉપર કોનુ નામ છે,

મદનસીંહે ડબી જોઇ બુમ મારતાં કહ્યું,—" પોગળ પકડાયું. ડબી ઉપર સત્યસીંહનુંજ નામ છે."

દમનસીંહે અબુધસીંહની તારીફ કરતાં કહ્યું,—" ધન્ય છે અબુધસીંહજી ! બુદ્ધિની કિંમત આવા પ્રસંગોમાંજ થાય છે."

અબુધસીંહે દિલગીર થઇ કહ્યું,—" હું દીલગીર છું કે મારા મીત્રને માટે પુરાવાની શોધ કરવાનું નિમીત્ત મ્હારેજ લેવું પડયું "

માહારાજા મુકુંદસીંહે ગુસ્સો પ્રકટ કરી કહ્યું,–" બસ ! આ બાબતમાં હું કોઇની પણ સલાહ લેવા ઇચ્છતો નથી. ખુનને બદલે ખુન !"

અબુધસીંહે હાથ જોડતાં કહ્યું,—" મનુષ્ય ભૂલને પાત્ર છે. સ્વાર્થ એ વસ્તુ એવી ભયંકર છે કે ગમે તેવા મનુષ્યને તે અંધ બનાવી અધર્મ તરફ દોરે છે. સત્યસીંહ એક વખતે આપનો મરજીદાન હતો, માટે ઇન્સાફને નહિ સમજનાર લોકો કદાચ વિપરીત થયલું માનશે; માટે હું સત્યસીંહની તરફથી એ કસુરની ક્ષમા માગું છું."

કપટસીંહે પોતાની દાંભિકતા પ્રકટ કરી કહ્યું,–" ન્યાય એજ રાજ્ય સંરક્ષણનો કિલ્લો છે. ન્યાયની આગળ ઉમરાવ અને રંક સરખાજ છે. દુનિયામાં પુત્ર કરતાં બીજી કોઇ પ્રિય વસ્તુ હોઇ શકતી નથી. પુત્રને માટે મનુષ્યો પોતાનું સર્વસ્વ કુરબાન કરે છે. રાજકુમારના મરણથી માત્ર માલીકનેજ હાની થઇ છે એમ નથી. રૈયતે ભવિષ્યનો રાજા ગુમાવ્યો છે. માટે જો અબુધસીંહની માગણી તરફ ધ્યાન આપવામાં આવશે તો પ્રજામાં બેદિલી ફેલાશે.

અબુધસીંહે ફરી નમ્ર થઇ કહ્યું. ખુનને બદલે ! ખુન ? એતો મ્હારા મિત્રના ઉપર અત્યંત સખ્તાઇ છે. આપ નામદારની ક્ષમા આપવામાં આનાકાની હોય તો ભલે તેની જાગીર લઇલ્યો. માલમીલકત પડાવી લ્યો. દેશની મર્યાદા પાર કરો. પરંતુ જો તે હયાત હશેતો આપની ઉદારતા માટે તે હંમેશ ખરા અંતઃકરણથી આપનો ઉપકાર માનશે" સત્યસીંહના દુઃખી દીવસો લંબાય અને પોતે તે દુઃખ સંતોષ દ્રષ્ટિથી જુએ ! એવા નીચ ઉદ્દેશથી તેણે સત્યસીંહના મિત્ર તરી કે ઉક્ત માગણી કરી.

મહારાજા મુકુંદસીંહ જોકે ચતુર, અને ગુણવાન હતો, પણ રાજાઓકે જે ઘણે ભાગે કાચા કાનના હોય છે, તેમાં તે અપવાદરૂપ ન હતો. રાજાઓની આસપાસ હંમેશાં ખુશામતખોર અને ખટપટીયા માણસોનું મંડળ વિંટાયેલું હોય છે, રાજા ઘણી વખતે ખટપટીયાઓના હાથમાં રમકડું થઇ પડે છે. રાજાના દરબારમાં ખટપટ અને ખુશામતની એવી બળ સત્તા જામે છે કે સચ્ચાઈ ત્યાં ભાગ્યેજ પ્રવેશ કરી શકે છે.

પડતા ઉપર સર્વ કોઇ પાટુ મારે છે. ઉદયકાળનેજ મનુષ્યો માન આપે છે. સત્યસીંહનો આજે અસ્ત થતો હતો. સત્યસીંહની પક્ષમાં હાલ કોઇ નથી—સત્યસીંહને સહાય કરે, રાજાને સચ્ચાઇના પંથપર ખેંચી આણે એવો કોઇ નથી. જ્યારે સત્યસીંહનું પ્રારબ્ધજ તેનાથી પ્રતિકુળ છે, ત્યારે બીજું કોણ તેના પક્ષમાં હોય ? સત્યસીંહનાં વસ્ત્ર પણ આજે તેનાં નથી. તેના માથા ઉપરના વાળ પણ આજે તેના શત્રુ છે. સમય ત્હારી બલિહારી છે !

રાજાએ તેના મગજનું સમતોલ પણ ગુમાવી દીધું હતું રાણીના રૂદનથી રાજાના હૃદયમાં ગુસ્સાની પ્રબળ આગ પ્રકટ થઇ હતી. તે આગ શાન્ત કરવાને બદલે ખટપટીયાઓએ આ તકને સોનેરી તક માની, એક પછી એક એવી અનેક વાતો કહીને ધીમે ધીમે તે આગને વધારે પ્રજવલિત કરી તેમાં ધીમે ધીમે ઘીનું સીંચન કર્યું તેથી ગુસ્સાની આગનો ભયંકર ભડકો પ્રગટી નીકળ્યો. જેની જવાળા ચક્ષુઓમાં જણાઇ આખરે તે આગ સત્યસીંહ અને તેના નિર્દોષ કુટુંબને ભસ્મિભૂત કરવામાં કારણભુત થઇ પડી. જે સત્યસીંહ એક વખત રાજાના હૈયાને હાર હતો—મુછનો વાળ હતો—તે વિષરૂપ કાળા નાગ રૂપ પ્રતિત થયો. તેથી રાજાએ સત્યસીંહને સહકુટુંબ દેશનીકાલ કરવાની, અને તેની જાગીર તથા સર્વ સંપત્તિ જપ્ત કરવાની હૃદય ભેદક સજા ફરમાવી.

આ શીક્ષા સાંભળી સત્યસીંહના શત્રુઓ ખુશી થયા, માત્ર સરળ હૃદયના વિજયસીંહને શોક થયો. પણ તે ના ઇલાજ હતો. નિર્લજ્જ, કપટી, પેટમાં પેસી જવાની હીકમતવાળા, દંભ કરવામાં કુશળ, ખટપટીયાઓની આગળ રાજા એક રમકડું થઈ પડયો હતો. એટલે તેણે કાંઈ પણ કહેવું ઉચિત ધાર્યું નહિ. તે પોતાના મનમાંજ

વિસ્મય થતાં કહેવા લાગ્યો; રાજાઓનો શું વિસ્વાસ ? રાજ્યની સેવા બજાવતાં સત્યસીંહના શરીર ઉપર થયેલા શસ્ત્ર પ્રહાર હજુતો તાજાજ છે. સત્યસીંહની પ્રશંસાને માટે રાજાના મુખમાંથી નીકળેલો ધ્વની હજુતો હવામાંજ ગુંજારવ કરે છે.”
તે સત્યસીંહની આજે આ દશા? જે સત્યસીંહ ઘડી પહેલાં સાચો રાજ્યભકત મનાતો હતો તે શું આજે રાજવિદ્રોહી ગણાય છે? હત્યારો મનાય છે? ઘડી પહેલાં રાજા સુમનને ક્ષત્રિયકુળ દીપક માનતો હતો, એક વીરરત્ન માનતો હતો, પોતાની પુત્રિનું તેની સાથે લગ્ન કરવાનું ધારતો હતો, તે શું ઘડી પછી ઘર બાર વિનાનો, માલ મિલકત વિનાનો, ધનસંપત્તિ વિનાનો થઇ જશે? પ્રભુ ! તે નિર્દોષને સ્હાય થા ! દુઃખી પર દયા કર ! તેના શત્રુઓને સન્મતિ આપો!

પ્રકરણ ૧૨ મું.

અણચીંતવ્યો આઘાત.

સત્યસીંહ નિર્દોષ છે. તે જાણુતો નથી કે રાજ્યદરબારમાં તેના વિરુદ્ધ આજે કેવા પ્રાણઘાતક પ્રપંચો રચાય છે. એક તરફ રાજકુમારના જન્મથી સત્યસીંહનું હૃદય આનંદથી ઉભરાય છે, બીજી તરફ રાજકુમારના મૃત્યુ માટે સત્યસીંહ ઉપર આફતનું વાદળ છવાય છે. પ્રભૂ ! ત્હારી અદ્‌ભૂત લીલા છે. ત્હારી અકળકળાને કોઇ પામી શકયું નથી.

સત્યસીંહ આજે પોતાના નિર્દોષ કુટુંબના સમાગમમાં નિશ્ચિંત પણે વાર્તાવિનોદ કરે છે. તેની ગુણીયલ સ્ત્રી સર્યુ આનંદિત મુખમુદ્રાથી પોતાના સ્વામિનુ મન રંજન કરતી સમીપ બેઠેલી છે.

સર્યુ સ્વરૂપમાં જેવી સૌન્દર્યવતિ છે. તેવીજ ગુણવતિ છે. સર્યુની મુખમુદ્રા જેવી મોહક છે તેવીજ તેની વાણી પણ મધુર છે. સર્યુ જેવી ભાગ્ય સંપન્ન છે તેવી સદ્‌ગુણ સંપન્ન છે. સર્યુનું હૃદય આજે આનંદે છલકાય છે.

સંસાર વ્યવહારમાં કાર્યોથી શ્રમિત થઇ પુરૂષ ઘેર આવ્યો હોય, જીવન યુદ્ધમાં તેનો પરાજ્ય થયો હોય, તેનુ અપમાન થયું હોય, અનેક

પ્રકારના કલેશથી તે કંટાળેલો, મુંઆયેલો હોય, ગભરાયેલો હોય, નિરાશ બન્યો હોય ત્યારે તેને મધુર સુસ્મિતથી, અને પ્રીતિથી વધાવી લેનાર, તેના હૃદયમાં ઉત્સાહ રેડનાર, તેનું જીવન આશામય કરનાર, સ્નેહ ધી–પ્રીત –કોમળતાથી–પતિની માનસિક અને શારિરિક વેદનાઓને વિસરાવનાર આ જગતમાં જો કોઇપણ હોય તો તે પ્રથમ દરજ્જે સુલક્ષણી ભાર્યાજ છે.

સર્યું એવીજ સુલક્ષણી છે. તે રાજપુત રમણી પતિ ભક્તિ પરાયણ છે. તેણે સુશોભિત વસ્ત્રાલંકારો ધારણ કર્યા છે. હૃદય આનંદના હીંચોળે ઝોલા ખાય છે. યદ્યપિ પોતાનો પ્રાણાધાર પતિ ઉદાસ છે. પતિના મુખચંદ્રપર શોકનું અને ચિંતાનું વાદળ છે.

સર્યું સ્મીત હાસ્યનાં મધુરાં પુષ્પ વેરતી, આંખમાંથી અમૃત વર્ષાવતિ, મધુર સ્વરે સ્વામિને પ્રશ્ન કરે છે.

“ હૃદય વલ્લભ ! સુમનનો લગ્ન દિવસ સમીપમાં છે. શહેરમાં સર્વસ્થળે આનંદોત્સવ પ્રકટી રહ્યો છે. મારૂં હૃદય પણ આનંદ સાગરમાં આજે થનથન નૃત્ય કરે છે. છતાં કોણ જાણે આપનું રળિયાળું મુખ આજે પણ કેમ ઉદાસિત છે. વ્હાલા ! આપની હાર્દિક ચિંતાનું સત્ય કારણ જાણવાનો મને કાંઇ અધિકાર નથી ?

સત્યસિંહે ગંભીર મુદ્રાથી ઉત્તર આપ્યો,–“ પ્રિયતમા ” ખરેખાત! તને જોયા પછી હું આ જગતને ભુલી જાઉ છું. તથાપી પ્રાણવલ્લભા ! પ્રત્યેક મનુષ્યે એટલુંતો સ્મરણમાં રાખવું જોઇએ કે જગતનાં ક્ષણિક સુખો, અને ઝાંજવાના જળ જેવો આ અસ્થિર આનંદ ચીરસ્થાઇ હોતાં નથી. માટે તેના ઉપર દ્રઢ શ્રદ્ધા રાખી આનંદમાં છલકાવું કે ફુલાવું એ શાણપણ નથી. કોણ જાણે છે કે ભાવિના પડદા પાછળ હજુ કયા ખેલ ભજવાતા હશે. ”

સર્યુંએ કહ્યું–“ સ્વામિનાથ ! આશા અમર છે, આશાજ મનુષ્યના જીવનમાં આનંદ અને ઉત્સાહનો પ્રવાહ વહાવે છે. અને નિરાશા તેમજ ચિંતા મનુષ્યને કંગાલ બનાવે છે. ભાવિના પડદા પાછળ ભલે ગમે તેમ થતું હોય પણ તેની ચિંતા કરવી વ્યર્થ છે ! કોણ કહે છે કે ભાવિના પડદા પાછળ હવે દુ:ખનુંજ ચિત્ર આલેખાયું છે. પ્રિયતમ ! આપણે નીતિમાર્ગનું ઉલંઘન કરતાં નથી, બીજાનું ભુંડું થયેલું જોઇ રાજી થતાં નથી, બીજાની હાનીના ભોગે આપણો સ્વાર્થ સાધતાં નથી,

પરમાત્માના ઉપકારોને ભૂલતાં નથી ત્યારે આપણે શ્રદ્ધા રાખવી જોઇએ કે આપણા ભાગ્યમાં શાન્તિ અને સુખજ સરજાયેલાં છે માટે સર્વ શક્તિમાન પરમાત્મા આપણને જે સમયે સુખનું દાન કરે તે સમયને હસતા મુખે વધાવી લેવો જોઇએ. અને ચિંતાથી દુર રહેવું જોઇએ.

"મ્હારી શાણી સુંદરી ! ત્હારા શબ્દો એક ગુણીયલ સ્રીના મુખમાં શોભે તેવાજ છે. તથાપી સંસારિક સુખની સાથે દુઃખ પણ સંલગ્ન થયેલું હોય છે માટે રાજકન્યાની સાથે સુમનનું લગ્ન થાય એ બીના જેટલી હર્ષોત્પાદક છે, તેટલીજ વખતે દુઃખની ઉત્પાદક થઇ પડે એમ પણ બનવાજોગ છે. માટે ભલે સમયને આધીન થાઓ પણ આનંદમાં છલકાઓ નહિ.

"વ્હાલા નાથ ! આપનું કહેવું સત્ય છે, પણ એક રાજાની પુત્રી આપણા ઘરમાં, એતો સ્વર્ગની ગંગા પાતાળમાં આવ્યા જેવું છે. અરે ! આ લગ્નની અસરતો મ્હારા પીયરની કીર્તિમાં પણ વૃદ્ધિ કરનાર નીવડશે. હું તો એમ માનું છું કે જેનું ધન્યભાગ્ય હોય તેનેજ આવા સંજોગો પ્રાપ્ત થાય."

"શાણી ! અનુભવી માણસો એમ કહે છે કે "સંબંધ બરોબરીયાની સાથે કરવામાંજ સુખ છે" એ સુત્રપર વિચાર કરતાં હૃદયમાં એવો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે–" શું એક રાજકન્યાના મનોવેગને આપણે પહોચી શકીશું, તેની જરૂરીયાતોને સંતુષ્ટ કરી શકીશું ? તેના મનને નિરંતર પ્રસન્ન રાખી શકીશું ? મને લાગે છે કે જો આપણે તેમાં નિષ્ફળ નિવડીશું તો માહારાજાની આપણા પ્રત્યે જે સદ્ લાગણી છે તેનો તીરોભાવ થશે.

નહિ, સ્વામી એવો ભય રાખવાનું પ્રયોજન નથી, કેમકે રાજકન્યા અત્યંત શાણી છે. તે ઘણીજ નમ્ર મર્યાદાશીલ. ગુણવાન, અને ગંભીર છે. મને તેના સદ્ગુણોનો સંપૂર્ણ પરિચય છે.

પ્રેમાળ દંપતિની વાર્તામાં સુમન અને તેની બેન સરલાએ ભંગાણ કર્યું તે બંન્ને હર્ષથી ઉછળતાં, આનંદે નૃત્ય કરતાં તે સ્થળે આવ્યાં.

સુમન જાણતો હતો કે તેનાં લગ્ન થોડા વખતમાંજ થવાનાં છે સુમનને સ્નેહની સરિતામાં સ્નાન કરી જીવન પવિત્ર કરવાનું છે—સુલોચનાના હૃદયમાં ઉભરાતા પ્રેમામૃતનું પાન કરવાનું છે—નિશ્ચિંતપણે

તેનાં મધુર વચનો શ્રવણ કરી આનંદિત થવાનું છે. જીવનનો ચીરસ્મ-રણીય દિવસ હવે સમીપ છે. જે સુખ,— જે શાન્તિ,— જે પ્રેમ,—જે આનંદ,— જે હર્ષ—સંસારમાં એક નિર્દોષ પ્રેમી યુગલના વૈભવ માટે—ઉપભોગને માટે—સરજાયલાં છે, તેના શ્રીમંત બનવાનો દિવસ નજીકજ છે. એક તરફ સુમન હર્ષના હીંચોળે ઝુલી રહ્યો છે, બીજી તરફ સુલોચના આનંદ સરોવરમાં થન થન નૃત્ય કરી રહી છે. બંન્નેની ભાવનાઓ એકજ છે. સંયોગનો સમય એજ ઉભયનું દૃષ્ટિ બીન્દુ છે. પરન્તુ એક તરફ મનુષ્ય શું ધારે છે? ત્યારે બીજી તરફ વિધાતા શું શું ઘાટ ઘડે છે? તે તેઓ જાણતાં નથી. નથી જાણતાં તેજ સારૂં છે. સરલાએ સુમનને હર્ષીત જોઈ કહ્યું, ભાઇ! લગ્નની ખુશાલીમાં બ્હેનને શું આપશો,

સુમને ઉત્તર આપ્યો,—" બ્હેનને તો લેવાનીજ વાતો છે!

સરલાએ કહ્યું,—" હાસ્તો વરને વ્હાલી કન્યા અને જાને-યાને જમણ બ્હેનનું મન મનાશે ત્યારેજ બ્હેન ભાઇનો ઘોડો આ ગળ ચાલવા દેશે.

સુમને શરમાતાં કહ્યું,—" ઠીક બ્હેન! ઠીક! તું જે માગીશ તે આપીશ. પછી કંઇ?

સરલાએ મુખ મલકાવતાં કહ્યું,—" હું તો કંઇનું કંઇ માગીશ ભાઇના લગ્નમાં ખરો લ્હાવો બ્હેનનેજ લેવાનો છે, ભાઇ મ્હોટાના ઘેર પરણે ત્યારે બ્હેનની આશા પણ મ્હોટીજ હોય.

સૂર્યએ ભાઇ બ્હેનની રસીક વાર્તામાં ભાગ લઇ કહ્યું,—"બ્હે-ન સરલા! સારૂં સારૂં લેવાનું તે તો ભાઇના સાસરેથી, ભાઇની પા-સેથી નહિ.

સરલાએ જરા છણકાઇને કહ્યું,—" નહિ કેમ? જો સાંભળ! પ્હેલાં ભાઇ પાસેથી, પછી ભાઇના સાસરેથી, અને પછી...... ભો-જાઇ પાસેથી." સરલાએ પોતાના હાથમાંજ તાલી પાડતાં અને રાજી થતાં કહ્યું.

દિવાનખાનાની બ્હારથી શોકજનક અવાજ સંભળાયો એક માણસે ડચકારો કરતાં કહ્યું. " ઘણુંજ ખરાબ થયું " સત્યસીંહે તે બાજુ જોયું. પૂછ્યું? ઉત્તર મળ્યો કે " જન્મેલા રાજકુમારનું અચા-

નક મૃત્યુ થયું ” સત્યસીંહનું હૃદય શોકના ભારથી જડવત્ બન્યું સર્યુના કોમળ હૃદયપર આઘાત થયો, સુમન અને સરલા પણ ઉદાસીનતાનું વાદળું દીવાનખાનામાં છવાઇ ગયું. સર્યુને સત્યસીંહના શબ્દો સ્મરણમાં આવ્યા.

સત્યસીંહે આકાશ સામું જોઇ પ્રભૂની પ્રાર્થના કરી,—“ હે પ્રભુ ! હે કરૂણા નિધાન ! તેં આ શું કર્યું ? જે રાજાએ પુત્ર પ્રાપ્તીને માટે ત્હારી અનેક રીત્યે પ્રાર્થનાઓ કરી હતી અને જે પ્રાર્થનાઓનો સ્વિકાર કરીને તેં ઇચ્છીત ફળ આપ્યું હતું. તેનું સ્વપ્નવત્ ક્ષણીક સુખ બતાવી તે પાછું પડાવી લેતાં તને કંઇ પણ દયા ન આવી ? હે દયાનીધી ! કૃષિકારોએ વર્ષાદ માટે પ્રાર્થના કરી તેં સૃષ્ટિમાં વૃષ્ટિથી લીલા લ્હેર કરી. કૃષિકારો ખુશી થયા, પણ તૈયાર થયેલા પાક ઉપર તીડ પડયાં. દુનિયામાં દુષ્કાળ પડયો. ત્યારે વૃષ્ટિ કર્યાનું ફળ શું ? હે દયા સીંધુ ! જો ત્હારે સુખ બતાવી દુઃખજ દેવું હતું તો સુખ બતાવવુંજ ન હતું.”

એક તરફ સત્યસીંહ રાજકુમારના મૃત્યુથી અત્યંત શોક નિમગ્ન થઇ પ્રભુપ્રાર્થના કરતો હતો ત્યારે બીજી તરફ સત્યસીંહની ચઢતી દેખી દગ્ધ થયેલા ખટપટી રાજકર્મચારીઓ રાજાના હૃદયમાં કેવી રીતે ક્રોધાગ્નિ પ્રકટાવવાની તદબીર રચતા હતા તે આપણે જાણીએ છીએ.

પ્રકરણ ૧૩ મું.

અમીરનો ફકીર.

જેમ સ્વચ્છ આકાશમાં આકસ્મિક વાદળો છવાય તેમ સત્યસીંહના નિવાસને રાજાના સૈન્યે ઘેરી લીધું. આ બનાવથી સત્યસીંહ, સર્યુ, સુમન અને સરલા આશ્ચર્ય ચકિત થયાં.

સર્યુએ કંપિત સ્વરે પૂછયું; “સ્વામી ! આ શું ?

સત્યસિંહ ઉત્તર આપે તે પહેલાંજ તહસીલદાર ત્યાં આવી પહોંચ્યો. સત્યસીંહે આગમનનું કારણ પૂછયું. તહસીલદારે ટુંકમાં સર્વ વૃતાન્ત વિદીત કર્યું.

સર્વે આફતનું કારણ શ્રવણ કરતાંજ મ્હેંબાકળી થઇ, તેના હૃદય ઉપર અનિવાર્ય આઘાત થયો અને એકદમ મૂર્છિત થઈ ધરણીપર ઢળી પડી. નિર્દોષ બિચારી સરલા રાક્ષસોના સ્વરૂપમાં સૈનિકોને જોઇ ભયથી એક ઓરડામાં છુપાઇ ગઈ. અને છુપું રૂદન કરવા લાગી.

તહસીલદારે કહેલો વૃતાન્ત સત્યસીંહના હ્રદયને વિદીર્ણ કરવામાં શસ્ત્ર સમાન થઇ પડયો સ્વપ્ને પણ નહિ ધારેલી ભયંકર ખટપટથી અને ત્રાસદાયક અન્યાયથી તે દીંગમુઢ થયો. તેનું મગજ ભ્રમિત થવા લાગ્યું. ખરેખાત આ તે સ્વપ્ન જાળ છે કે જાગૃતાવસ્થા છે તેજ તેને પ્રથમ તો સમજાયું નહિ. શું કહેવું ? શું કરવું ? તેની કાંઇ સુઝ પડી નહિ. તથાપી મહાત્માનો ઉપદેશ હ્રદયનો પટ ચીરી બ્હાર ઉભરાઇ આવ્યો. દુ:ખ પડે ત્યારે ભયથી નહિ ગભરાતાં ધૈર્ય ધારણ કરી દુ:ખમાંથી પણ સુખને સોધી લેવું જોઇએ એ મહાવાકય યાદ આવ્યું. સત્યસિંહ સ્વસ્થ થયો. તેણે તહેસીલદારને પૂછ્યું,–" શું માહારાજાએ મારા ઉપરનો આ ગંભીર આરોપ સત્ય માન્યો છે ?

તહેસીલદારે ઠાવકા થઇ ઉત્તર આપ્યો,–" તેનો ઉત્તર તમને થયેલી શિક્ષા આપશે."

સત્યસિંહે આશ્ચર્યચકિત થતાં કહ્યું,–" અરે પણ માહારાજાને મ્હારા સ્વભાવનો પૂર્ણ પરિચય છે. પ્રભૂએ પ્રત્યેક પ્રસંગોમાં મારી પૂર્ણ કસોટી કરી છે. એક રંકમાં રંક નિરપરાધી કીડીને પણ દુ:ખ દેવાનો વિચાર મારા હ્રદયમાં જન્મ પામે નહિ. એ વાત તે કૃપા નિધાન જાણે છે. માલીકના મુખમાંથી એક શબ્દ નીકળતાં પહેલાં સેવક પોતાનું તન મન અને ધન કુરબાન કરતો હતો તે પણ તેઓ-શ્રીને સુવિદીત છે. રાજ્યની સેવા બજાવતાં મારા શરીર ઉપર થયેલ શસ્ત્રના ઘા પણ તેમના સ્મરણમાં છે. મારા વીરપુત્ર સુમનની બાહાદુરીનો બનાવ તો હજુ તાજોજ છે. અને તે પ્રસંગે પ્રભૂએ પ્રકટ કરેલા ઉદ્દગારોનો ધ્વની હજુ મ્હારા કાન સાથે અથડાય છે. શું તે સર્વ બાબતોનું વિસ્મરણ થયું હશે ? અરે તે છતાં શું તેમણે મારા વિરૂદ્ધ જાહેર થયેલી હકીકત સત્ય માની હશે ?

તહસીલદારે ધીમા સ્વરથી કહ્યું, સત્યસીંહજી ! એ બધું મ્હારી પાસે શા માટે કહેવડાવો છો ? કાન એ રાજાઓના કટ્ટા શત્રુ હોય છે. તે શું તમે જાણતા નથી ?

ખેર ! તોપણ આખરે તો સત્યનોજ વિજય થશે. તહેસીલદાર સાહેબ ! આપ કૃપા કરો અલ્પ સમય અહીં વિશ્રામ લ્યો હું પ્રભૂને પ્રત્યક્ષ મળી—મ્હારૂં નિર્દોષપણું પુરવાર કરી આપી–છેવટનો હુકમ સાંભળી પાછો આવું છું," સત્યસીંહે તહસીલદારને સવિનય કહ્યું.

તહેસીલદારે માથું ધૂણાવતાં ઉત્તર આપ્યો.–"નહિ સાહેબ ! એમ નહિ બની શકે. માહારાજા અત્યંત ક્રોધિત છે. સમય ઘણો પ્રતિકુળ છે. હવે તમારી એક પણ વાત ત્યાં સંભળાય તેમ નથી.

સત્યસીંહે પૂછ્યું.–" કારણ ? "

તહસીલદારે શોકમય મુદ્રા કરી કહ્યું,—"સત્યસીંહજી ! માહારાજાના મુખમાંથી નિકળેલા શબ્દો સંભળાવવાનું દુર્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. માટે મ્હારે કહેવુંજ પડશે. રાજઆજ્ઞા એવી છે કે "સત્યસીંહનું પાપી મુખ હું પુનઃ જોવા પામું નહિ એટલી ત્વરાથી શિક્ષાનો હુકમ અમલમાં આણવો"

" શું એ શબ્દો શ્રી મુખના છે ?

" હા, હા, શ્રી મુખના. ત્યારે બીજા કોની મગદુર છે કે તમારી વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારી શકે?

શસ્ત્ર પ્રહારથી જે યાતના સત્યસીંહને થઈ શકે નહિ તેટલી યાતના ઉક્ત શબ્દો શ્રવણ કરતાં થઈ. સત્યસીંહે દીર્ઘ નિઃશ્વાસ નાખતાં કહ્યું,—" ત્યારે શું મ્હારૂં નિર્દોષપણું સાબીત કરવાનો હવે એક પણ માર્ગ નથી."

' ના. " તહેસીલદારે મક્કમપણે કહ્યું.

સુમને ઉશ્કેરાઇ કહ્યું,—" શું એક નિરપરાધીને પોતાનું નિર્દોષપણું સાબીત કરવાની તક મળે નહિ તેનું નામ ન્યાય છે ? શું ખટપટીયાઓનું જ્યાં સામ્રાજ્ય હોય તેનું નામ રાજ્ય છે ?

તહેસીલદારે ઉત્તર આપ્યો,—"સુમન ! તમારા શબ્દો અસ્થાને છે અને વળી જ્યારે શાન્તીની જરૂર છે ત્યારે તે શબ્દો માહારાજાના ક્રોધને વિશેષ ઉત્તેજી કરે તેવાં છે.

સત્યસીંહે કહ્યું—"નહિ, તહેસીલદાર સાહેબ, મહારાજાના ક્રોધને વેગ મળે તેમ કરવા હું ખુશી નથી. સુખેથી રાજ્ય આજ્ઞા અમલમાં આણો.

તહેસીલદારે સૈનિકોને આજ્ઞા કરી કે ઘરમાંથી તમામ મનુષ્યોને બહાર કાઢો. અને તે મકાન કબજે કરો.

તહેસીલદારની આજ્ઞા સાંભળતાંજ સર્વ સૈનિકો સત્યસીંહના નિવાસ સમીપ આવ્યા નોકરો-ચાકરો બહાર નિકળી ગયા. મર્યાદશીલ સર્યું પણ સાવધ થઇ બહાર આવી.

નિર્દોષ બીચારી સરલી કે જે કાળાપોશાકના સૈનિકોને જોઇ ભય પામી હતી તે ઘરમાંથી બહાર નીકળી નહિ. સરલા હૃદયફાટ રૂદન કરતી હતી. એક સૈનિકે સરલાને બહાર નિકળવા કહ્યું. સરલાએ કારમી ચીસ પાડી. સરલા મૂર્છિત થઇ પૃથ્વીપર પડી.

સરલાની બુમ સાંભળી સુમને ઘરમાં જવા પ્રયત્ન કર્યો. બહાર ઉભેલા સૈનિકે તેને અંદર જતાં અટકાવ્યો.

સુમને વીનિત ભાવે કહ્યું કે-" હું અંદર જઈ સરલાને બહાર લઇ આવું.

તુંડ મીજાજી સૈનિકે ગણકાર્યું નહિ. સૈનિકની બુદ્ધિ વિરૂદ્ધ સખ્તાઇથી સુમનના રોમરોમમાં ક્રોધાગ્નિ પ્રકટ થયો. સુમન યુવાન હતો. બહાદુર વીર યોધ્ધો હતો. તેણે પોતાની જીવન યાત્રામાં કદી અપમાન સહન કર્યું ન હતું. આવી આફત કદી અનુભવી ન હતી. સુમનના શરીરમાં ઉછળતું લોહી-તેનું અતુલ શૌર્ય-આ અન્યાય સહન કરી શક્યું નહિ. વિરયોદ્ધાની ચક્ષુઓ રક્તપૂર્ણ થઈ. તેણે સૈનિકને બાહુ પ્રહારથી નીચે નાંખ્યો, અને અંદર જઇ સરલાને આશ્વાસન આપ્યું. સરલા ભાઇની કોટે વળગી પડી. સુમન તેને લઇ બહાર આવ્યો.

સુમનના બાહુ પ્રહારથી નીચે પડેલા સૈનિકે બુમ પાડી. તેથી અન્ય સૈનિકો, અને તહસીલદાર સમીપ આવ્યા. ભોંય પડેલા સૈનિકની હાલત જોઇ સુમનને ક્રોધયુક્ત વાણીથી કહ્યું-" સુમન ! હું જ્યારે તમારી સાથે વીનિતભાવે વર્તવા ચાહું છું ત્યારે શું તું હજુ પણ ત્હારા બળનો ગર્વ રાખે છે ? આ સૈનિકો નિર્બળ હાથે તરવાર પકડતા નથી. એ ત્હારે ખાત્રીપૂર્વક ખ્યાલમાં રાખવું જોઇએ.

સુમન વળી વિશેષ ખીજવાયો. અત્યંત ઉશ્કેરાયો તેણે શૌર્ય પૂર્ણ સ્વરે ઉત્તર આપ્યો-" તહેસીલદાર સાહેબ ! શું આ ક્ષત્રી પુત્ર તમારા સૈનિકોની તલવારોથી ભય પામી તમારા હુકમને આધીન થયો છે એમ તમે માનો છો ? એમ હોય તો લાવો તમારા સૈનિકો, હું જોઉં કે આ સીંહની ગુફામાં કોણ પ્રવેશ કરી શકે છે ?

સુમન સીંહની પેઠે છંછેડાયો. તેની આંખમાંથી અગ્નિના તણુખલા નિકળવા માંડયા. સુમનની વિરહાકથી જાણે ઇમારતો ધ્રુજતી હોય એવો ભાસ થયો.

સુમનનો વિક્રાળ ચહેરો જોઇ તહસીલદાર ભય પામ્યો. તોપણ તેણે પોતાનો ડીમાક બતાવતાં, અને દમ ભીડાવતાં કહ્યું,—" સુમન ! શું તું સહેલાઇથી નહિ માને ?

સુમને કહ્યું,—" તહસીલદાર સાહેબ ! શું તમે મારા પિતાની એક સાચા ક્ષત્રી તરીકેની સંપાદન કરેલી કીર્તિને દુષિત કરવા ચાહોછો ? રાજ્ય આજ્ઞાનું પાલન કરવા માટેતો અમે અમારી મિલકત તો શું પણ અમારા પ્રાણની આહુતી આપવાને પણ તત્પર છીએ તથાપી જ્યારે તમે તમારા સૈન્યનો અમને ભય બતાવો છો ત્યારે તો હજારોના પ્રાણની આહુતી આપ્યા વગર સીંહની ગુફામાં સહેલાઇથી પ્રવેશ કરવાનું નાહ બને ? એ નિઃસંદેહ માનવું.

તહસીલદારે પોતાનાં નસ્કોરાં ફુલાવતાં કહ્યું,—" એમ ?

સુમને પણ શીઘ્ર ઉત્તર આપતાં કહ્યું,—" હા. એમ. સુમનના હાથમાં જ્યાં સુધી તલવાર છે; સુમનના દેહમાં જ્યાંસુધી પ્રાણ છે; સુમન જ્યાંસુધી પોતાના ગૌરવને શીરોવંદ્ય માને છે. ત્યાંસુધી એક નિરાધાર વિધવાની મિલકત લુંટી લેવા જેવી સરળતા નહિ મળે !"

સત્યસીંહ ઉક્ત કોલાહલ સાંભળી સમીપ આવ્યો. સુમનને ઉશ્કેરાયેલો જોઇ સત્યસીંહે તેને શાન્ત કર્યો. અને સ્વામી પ્રત્યેનો સેવક ધર્મ સમજાવ્યો.

ખરેખાત સત્યસીંહે સુમનને વાર્યો ન હત, અને સુમન, પિતાનો આજ્ઞાપાળક પુત્ર ન હોત તો આજે સત્યસીંહનો નિવાસ રૂધિરથી રંગાઇ જાત. જમીન શોણીતના પ્રવાહની સરીતા થાત. હજારોનાં મસ્તક ધડ ઉપરથી જુદાં પડત, અને સુમન પણ ક્યાચે ક્ષત્રી નામને ચળકતું કરી હમેશની ઘાઢ નિદ્રામાં પડત. પણ સહનશીલ સત્યસીંહે તેને આજ્ઞા બળથી અંકુશમાં રાખ્યો.

સત્યસીંહ નરેંદ્રને પ્રભૂ માને છે. નરેંન્દ્રની આજ્ઞાને પ્રભુ આજ્ઞા માને છે. પ્રભુ આજ્ઞા એજ સત્યસીંહના જીવનનું દષ્ટિબિન્દુ છે. પ્રભુના કાર્યમાં સત્યસીંહ કદી વિમુખ થયો નથી. મહારાજાના હૃદયમાં ઉત્પન્ન થયેલ ક્રોધાગ્નિ જો સત્યસીંહના રૂધિરથી શાન્ત થતો

હાય તો સત્યસીંહ પોતાનું રૂધિર વર્ષાવવા તૈયાર છે. રાજકુમારના મૃત્યુની ભિષણુ યાતના સત્યસીંહની સંપત્તી લુંટાવાથી દુર થતી હોય તો સત્યસીંહ પોતાની સંપત્તિને તુચ્છ માને છે.

તહસીલદારની તાકીદથી દુઃખી કુટુંબ ત્યાંથી નિકળી પાસેના બગીચામાં આવ્યું મિલકત સહીત ઘરનો કબજો તહસીલદારે લીધો.

સત્યસીંહે અને સુમને પોતાનું મકાન આર્દ્ર દૃષ્ટિ વડે જોઇ લીધું. પ્રત્યેક મનુષ્યને પોતાની જન્મભુમિ છોડતાં પ્રાણાન્ત કષ્ટ થાય છે. ત્યારે સત્યસીંહ અને સુમન તેમાં અપવાદ રૂપ નહતા.

ઘણાજ હર્ષથી, ઉત્સાહથી, અને દીર્ઘ આશાઓથી સત્યસીંહે મનોહર મહેલ બંધાવ્યો છે. સુમને પોતાના ખાનગી નિવાસને વળી વધારે રમ્ય, અને સુશોભીત કર્યો છે. સુમન તે નિવાસ ભણી દ્રષ્ટિ કરતાં કહે છે.—"અહો ! મ્હારા રમ્ય નિવાસ ! મેં તને ઘણા સ્નેહથી શણગાર્યો હતો. તથાપી કોણ જાણતું હતું કે એક દિવસ એવો પણ આવશે કે જ્યારે તને દ્રષ્ટિથી જોવાનો અધિકાર પણ નષ્ટ પામશે.

સત્યસીંહને પોતાની બાલ્યાવસ્થાની ઝુંપડીનું સ્મરણ થયું. તેણે પોતાના મનમાંજ કહ્યું,—"ઓ મ્હારી વ્હાલી ઝુંપડી ! આખરે તુંજ મ્હારા સુખની સહાયક થઇશ. ઓ વિશાળ મહેલ ! તું ઉપરથી જેટલો મોહક છે તેટલોજ અંતે દુઃખદાયક છે.

સુમને પોતાના રમણીય ઉપવન ભણી જોયું. ઓ જગતને સુવાસ આપનારા ઉપવન ! તને પણ હું સદાને માટે તજી દઉછું. હવે તું ત્હારી મીઠી સુગંધીને પવનઅશ્વપર આરૂઢ કરી હું જ્યાં હોઉ ત્યાં મોકલજે. જો કે જળસીંચનથી તારી સેવા કરવાનો મારો અધિકાર હવે નષ્ટ થયો છે તોપણુ

સત્યસીંહે તે સુંદીર ઉપવન તરફ જોયું,—"અરે ! ઓ શ્રેષ્ટ ઉપવન ! ત્હારા મનોહર છોડ ઉપર ઉમંગે નૃત્ય કરનારાં સુકોમળ પુષ્પો વારંવાર જમીન પર ખરી પડી ઉદય અસ્તનો મહાન સિદ્ધાન્ત જ્યારે સમજાવતાં ત્યારે કોણ જાણતું હતું કે મને તેનો અનુભવ આટલી ત્વરાથી થશે. અરે ઓ ઉપદેશક ઉપવન ! તું ત્હારો એ ધોરી સિદ્ધાન્ત જગતનાં પાપી અને ખટપટી મનુષ્યોને અવશ્ય શીખવજે.

સર્યુએ પોતાની સુઘડતાથી, ઘરને સ્વર્ગનું મંદિર બનાવ્યું હતું.

સર્યુએ પોતાની ચાતુર્યતાથી તેને વિધવિધ વસ્તુઓ વડે અલંકૃત કર્યું હતું. સર્યુએ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુઓ તેને યોગ્ય સ્થાને ગોઠવી હતી. સર્યુએ કેટલીક વસ્તુઓ ઘડી પછી લેવાના વિચારથી એક ગોખમાં મૂકી હતી. સ્નાન કરતી વખતે કેટલીક વસ્તુઓ ખીંટીએ મૂકી હતી. સર્યુની સઘળી વસ્તુઓ જ્યાંની ત્યાં રહી, પ્રભુની અવકૃપા થતાં પળમાં પૃથ્વી રસાતાળ પહોંચે છે, ત્યારે સત્યસીંહ અને સર્યુ કોણુ માત્ર ? સર્યુને પોતાની પ્રિય વસ્તુઓનું સ્મરણુ થાય છે. પણુ તે સ્મરણુ દુ:ખરૂપ છે. સર્યુ જે વસ્તુઓને પોતાની વસ્તુ તરીકે ઓળખતી હતી, હાલ તે વસ્તુઓ પ્રતિ દ્રષ્ટિ કરવાનો પણુ તેને અધિકાર નથી. સર્યુના હૃદયમાં અસહ્ય દુ:ખ થાય છે તે દુ;ખને હૃદયમાં સમાવી સર્યુ ચાલી જાય છે.

પ્રત્યેક મનુષ્ય જીવનાન્તે સર્વ માલ ખજાનો છોડી દઈ ચાલ્યા જાય છે. સત્યસીંહ ના કુટુંબને તે પોતાની હયાતીમાંજ છોડી દેવાનું છે. મર્ણુ પછી શું થાય છે ? તે મૃત શરીર જોઈ શકતુ નથી. સત્યસીંહના કુટુંબને સ્વચક્ષુએ જોવાનું છે.

મુગ્ધ બાળા સરલાએ જતાં જતાં પૂછ્યું, "માડી ! આપણે ક્યાં જઈએ છીએ ?"

સર્યુએ પ્રશ્નનો ઉત્તર આંસુથી આપ્યો. સરલાએ હવે સુમનને પૂછ્યું "ભાઈ ! મા કેમ રડે છે ? મને ઉત્તર કેમ આપતી નથી ? આપણે ક્યાં જઈએ છીએ ?"

સુમને પોતાની બ્હેનના મસ્તક ઉપર હસ્ત ફેરવતાં કહ્યું " બીજે દેશ જઈએ છીએ. ભોળી સરલાએ ફરી પૂછ્યું " ત્યારે તમારૂં લગ્ન ક્યારે થશે ? લગ્ન થયા પછી ગયાં હોતતો ભાભીને પણુ સાથે લેત !

સુમન ગમે તેવો દ્રઢ હતો છતાં તેનું હૃદય દ્રવિત થયું આંસુંનું એક ટીપું અનિચ્છાએ સરી પડયું પ્રશ્નનો ઉત્તર એક નિ:શ્વાસથી આપ્યો.

સરલાએ હવે સત્યસીંહને પૂછ્યું " બાપુ ! મને કહોતો ખરા ! આપણે ગામ જઈએ છીએ તોયે ગાડી ઘોડા કેમ મંગાવ્યા નથી ? પ્હેરવાનાં વસ્ત્ર સાથે કેમ રાખ્યાં નથી ? ઘર કોણુ સંભાળશે ? આ લોકો અહીં ઉભા છે તે બધું લુંટીને લઈ જશે ત્યારે ?"

સત્યસીંહ કાંઈ ઉત્તર આપી શકયો નહિ. માતા, પિતા, અને બંધુ સામે આતુર ભાવે જોતી ઘડીકમાં રોતી, ધૈર્યને ખોતી, ગભરાતી

મુંઝાતી, બાળા ધીમે ધીમે સાથે ચાલી. સત્યસીંહના નોકરો, ચાકરો દાસ, દાસીઓ, સગાં સંબંધી કે મીત્રો સત્યસીંહની સાથે વાત કરવાની પણ હિંમત કરી શક્યા નહિ આજે સત્યસીંહના માટે એક શબ્દ નો દિલાસો પણ મોંઘો થઇ પડયો છે. સહૃદય સ્ત્રી પુરૂષો! અંતઃકરણ હોયતો આ કમનશીબ બનાવ માટે ગુપ્ત રીત્યે પણ આંસુ વરસાવો! દયા હોયતો દિલસોજી બતાવો! મનુષ્ય હોતો દિલાસો આપો, અને કાવતરાં ખોર ખટપટી નરાધમોને શ્રાપ આપો.

પ્રકરણ ૧૪ મું.

સુખ કે સ્વપ્નું.

"કુંવરીબા! આજ્ઞા હોય તો આજે એક પ્રશ્ન પુછું?"

"ખુશીથી પુછ" સખીના ઉત્તરમાં રાજબાળાએ કહ્યું.

"ઠીક, ત્યારે સાંભળો! આજે મ્હારી ચતુર સખીને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે બે કુમાર જોયા. એકનું શરીર સુવર્ણ જેવું, મુખ ચંદ્ર જેવું, કેશ રેશમ જેવા, જાણે સૌન્દર્યની આબેહુબ પ્રતિમા, પણ મન જોયું હોય તો તદન મેલું. બીજાનું મન ઉદાર, પવિત્ર, પ્રેમાળ, અને આકર્ષક, ચતુરબાળા સૌન્દર્યને પસંદ કરશે કે સુમનને?

સુલોચના સમજી ગઇ કે ચતુર સખી સુમનના નામોચ્ચારણ માટે યુક્તિ કરે છે. રાજબાળાએ ગર્ભિત ઉત્તર આપ્યો—"બાહ્ય સૌન્દર્યથી થતાં લગ્નો ઘણી વખત પાછળથી નિષ્ફળ નિવડે છે."

સખીએ ફરી પુછ્યું:—"ત્યારે તે વીરબાળા સૌન્દર્યને પસંદ કરશે કે સુમનને?"

રાજબાળાએ પુનઃ ઉડાઉ ઉત્તર આપ્યો—"સૌન્દર્યને તો નહિ જ."

સખીએ સ્પષ્ટ નામોચ્ચારણ કરાવવાના ઉદ્દેશથી પુનઃ પૂછ્યું, ત્યારે કોને?

સુલોચનાએ ઉત્તર આપ્યો—"બીજાને."

"બીજો કોણ?"

"બાકી રહ્યો તે!"

" પણ તેનું નામ હશે ને ? "

" નામ તો તું જાણે છે ? "

" હુ કયાંથી જાણું ? "

" વાત તો તું લાવી છે ! "

" પણ સ્વપ્ન તો મ્હારી પ્રિય સખીને આવ્યું છે. "

" તે સખી કોણ ? "

" મ્હારી સન્મુખ ઉભી છે તેજ. "

સુલોચનાએ પોતાની સખીના ગુલાબી ગાલ ઉપર વ્હાલથી મૃદુ હાથે સ્પર્શ કર્યો.

સુલોચના ખરેખાત આજે એક યૌવનમાં આવેલી સરિતાની પેઠે સ્નેહભાવે ઉછળતી હતી. જાણે તે પોતાના પ્રિય સાગરને મળવા તલપી રહી હોય નહિ તેમ ઉંચી નાંચી થતી હતી. યૌવનરૂપી વર્ષા-રૂતુમાં પ્રેમનું પુર એટલા જોરથી વહેતું હતું કે જાણે તે સ્નેહસરિતા હમણાંજ સાગરમાં ભળી જશે. એમ સૌ કોઇ ધારતું હતું. અને રા-જબાળાનું આશા પુર્ણ હૃદય માનતું હતું. લગ્નનો માંગલિક દિવસ પાસેજ છે. પ્રેમની શરમરૂપી નાનકડી બ્હેનને સાસરે વળાવીશું. પિ-યુને સહર્ષ મળીશું. દીર્ઘ કાળથી હૃદયમાં પુરી રાખેલા વાતોના ભં-ડાર ઉઘાડીશું. પ્રેમનો વર્ષાદ વરસાવીશું. અને અમારા સંસારને સ્વર્ગ બનાવીશું.

ભોળી બાળા ભાવીના પડદા પાછળ કયો ખેલ ભજવાય છે તે જાણતી નથી. આનંદના હીંડોળે ઝુલતી બાળાને અચાનક ધક્કો વાગ્યો. એક કારમી ચીસ સંભળાઇ. ભ્હાવરી બાળા તે ભણી દોડી. સાંભળ્યું કે પોતાનાં પ્રિય બન્ધુનું એકાએક મૃત્યુ થયું છે. બાળાની આંખમાં આંસુની ધારા હતી. કલ્પાંત કરતી તે સમીપમાં ગઇ ત્યાં તેણે શું જોયું ? સાવકી માતાનો અનિવાર્ય ક્રોધ.

" જા......અહીંથી જા......અરે એ કાળમુખી ? અહીંથી જા......મ્હારા પુત્રની કાળ શત્રુ તુંજ છે " રાણીએ દ્વેષ અને ગ-ર્વની મીશ્ર લાગણીથી ઉંચું જોયું.

" માજી, માજી, આશું ? આપની નિર્દોષ બાળા ઉપર આશું? "

" જાય છે કે નહિ, ત્હારૂં કલંકિત મુખ છુપાવે છે કે નહિ ? ત્હારો ઢાંગ, ત્હારો દંભ, ત્હારા કાલાવાલા અહીં નહિ ચાલે ! ત્હારા

પિતાને ઠગવાનો ધંધો લઇ બેઠેલી બાળા ! તું મને નહિ ઠગી શકે. એકદમ ચાલીજા. મ્હારા આવાસમાં આવવાનો તને કંઇ અધિકાર નથી ! ',

દુ:ખી બાળા, અશ્રુપુર્ણ લોચને ધીમે પગ દેતી પોતાના ભુવને ચાલી ગઇ. અનિવાર્ય રૂદન કર્યું ! રડતાં રડતાં થાકી ગઇ. આંસુનો ખજાનો ખાલી થઇ ગયો.

સુલોચનાની વાસ્તવિક સ્થીતિથી આપણે અજાણ્યા છીએ. તેની જનુની તેને બાલ્યાવસ્થામાં મૂકી સ્વર્ગવાસી થઇ હતી. હાલની રાણી સુલોચનાની સાવકી માતા છે. સુલોચના શાણી છે, કેળવાયેલી છે, અને એજ રાણીની ઇર્ષાનું કારણ છે. સુલોચના રાણીને પોતાની માતા સમજે છે, પણ રાણી તેને પોતાની પુત્રી માનતી નથી. રાણી તેને હંમેશ સંતાપે છે. ઘણી વાર તેનું અપમાન કરે છે. સહનશીલ બાળા તે સર્વ દુ:ખને મનમાંજ સમાવે છે. કોઇ કોઇ વખત રડે છે. પિતા આશ્વાસન આપે છે. હૃદયનું દુ:ખ પિતાથી છુપાવે છે. કલેશનું મુખ કાળું કરવું, પોતાને દુ:ખે પિતાને દુ:ખી ન થવા દેવા, વૈરના અગ્નિને પ્રજ્વલિત ન થવા દેવો એ રાજબાળાના હાર્દીક વિચારો હતા. પિતાનો પુત્રી ઉપર અત્યંત પ્રેમ હતો. રાજબાળાના આશ્વાસનનું માત્ર એ એકજ કારણ હતું. હવે સુલોચના પુખ્ત વયની થઇ છે. મનમાન્યો પતિ મળ્યો છે. હવે લગ્ન થશે—પરણીને સાસરે જશે.—હવે તેનું સર્વ દુ:ખ .દુર થશે—એવી આશાથી સુલોચનાનુ જીવન ટકી રહ્યું છે.

સુલોચના એક રાજકન્યા છે. નગરજનો માને છે કે રાજકન્યાને દુ:ખ શાનુ ? રાજ કન્યા માને છે કે ગરીબની કન્યાઓ તેના કરતાં અત્યંત સુખી છે. તેઓ પરણીને સાસરે જાય છે. સ્વામીના સુખમાં સહભાગી બને છે. સ્વામીને સુખ દુ:ખની વાતો કરે છે. સ્વામી તેને હૃદયથી ચાંપી પ્યારથી આશ્વાસન આપે છે. સુલોચનાના હૃદયમાં હવે સુખની આશા બંધાઇ છે. સાવકી માતાના જુલમથી છુટીશ. પ્રેમાળ પતિને મળીશ—સુખ દુ:ખની વાતો કરીશ—અને હવે હું સુખી થઇશ.

સુખ સુખ કરતાં મનુષ્યો સુખની પાછળ દોડે છે. પણ સુખ સુખ છે ક્યાં ? મૃગજળની પેઠે તે દુર ને દુર નાસે છે.

રાજબાળાને પોતાના બંધુના મૃત્યુથી અત્યંત દુઃખ થયું હતું. સાવકી માતાએ અપમાન કરી તે દુઃખ ઉપર ડામ દીધો હતો.—તેમાં એકાએક ઘી રેડાયું. તત્કાળ એક અભાગીણી દાસીએ ખબર આપી કે,—"રાજકુમારના મૃત્યુનો આરોપ સત્યસીંહ ઉપર આવ્યો અને તેનું આખુ કુટુંબ દેશનીકાલ થયું. બાગ બગીચા, ઘરબાર, જમીન જાગીર, ધન માલ. સર્વ જપ્ત થઇ ગયું."

સુલોચનાએ અધીર થઈ પુછ્યું,—"અને સુમન !"

દાસીએ કહ્યું,—તે પણુ દેશનીકાલ.

સુલોચના એકદમ ગાભરી બની અને બોલવા લાગી, કોણુ? મારા પ્રાણુને! આનંદ, નયનનો પ્રકાશ, જીવનનું અમૃત, પ્રેમનો ઝરો, સ્નેહનો ભંડાર, દેશનીકાલ ?

એકાએક વીજળી પડતાં મનુષ્યની જે સ્થીતિ થાય, તેવીજ સ્થીતિ આ વખતે રાજબાળાની થઇ અને મૂર્છીત થઇ પૃથ્વીપર ઢળી પડી, જાણે તે કોઇ સમુદ્રમાં ડુબી જતી હોય—પહાડ પરથી ગબડી પડતી હોય-તેમ થયું. તેનું હૃદય દુઃખના શસ્ત્રોથી વીંધાઇ ચારણી સમાન બન્યું. તેના શરીરનું રૂધિર પાણી સ્વરૂપે ચક્ષુઓદ્વારા વહિ ચાલ્યું. અત્યંત શ્રમે તે સાવધ થઈ. જાણે મહાન ધરતીકંપથી કે જ્વાળામુખી પર્વત ફાટયાથી કે દુનિયાનો મહાન પ્રલય થવાથી તે દીંગમુઢ બની હોય, તેવી જણાવા લાગી. મેં શું સાંભળ્યું ? અને શું થાય છે ? કોણુ દેશનિકાલ થયું ? કોણે કહ્યું ? કયાં છે એ કુલટા?

દાસી તો સુલોચનાને મુર્છીત દેખી કયારનીએ પલાયન થઇ ગઇ હતી. રાજબાળાની હાલત રાજાને ઝાહેર થઈ તેથી તે આવી પહોંચ્યો, અને જોયું તો સુલોચના ગમગીન છે, મોં નિસ્તેજ થયું છે, આંખ્યો લાલ છે, વાળ અવ્યવસ્થીત છે, શરીર પ્રમાદી અને મન ખેદવાળું છે.

" સુલોચના ! કેમ તને શું થયું છે ?

" હું પોતેજ સમજી શકતી નથી."

" ત્યારે તું આમ તેમ ફાંફાં મારી કોને શોધે છે !

" દાસીને.

" શા માટે !

" તે હમણાંજ મને કંઇક કહી ગઇ.

" શું ?

" દેશનિકાલ, દેશનિકાલ, એવું કંઇક.

" હા, સત્યસીંહને તેના પાપી કૃત્યના બદલામાં મેં તેને સહકુટુંબ દેશનીકાલની શીક્ષા કરી છે.

" સત્યસીંહનું પાપી કૃત્ય ?

" રાજકુમારનું ખુન, એના કરતાં બીજું કયું પાપી કૃત્ય હોઇ શકે ?

" ખુન ? અને શું તેનો કર્તા સત્યસીંહ ?

" હા.

" પિતા ! કદાચ ભુલ થતી હશે ?

" ના બ્હેન, મેં સંપૂર્ણ ખાત્રી કરી છે.

" હજુ પણ હું કહુંછું કે તે વાત સત્ય માનવામાં આપ ઠગાયા હશો ? "

" નહિ, હુ સત્યસીંહ અને સુમનપર વિશ્વાસ રાખવામાં ઠગાયો છું. તેમને એક ભિક્ષુકની હાલતમાંથી ઉમરાવ બનાવ્યા એ મેં સર્પને દુધ પાઇ ઉછેરવા જેવી ભુલ કરી છે. ત્હારો હાથ સુમનના હાથમાં સોંપવાનું અને મારી પાછળ તેને રાજ્યગાદીનો વારસ બનાવવાનું વચન આપ્યું ન હોત તો ભાગ્યેજ આ કમનશીબ બનાવ બનવા પામ્યો હોત. "

" પિતા ! પિતા ! ખચીત કોઇ અધર્મી, ખટપટી, અને પ્રપંચી માણસોએ આપના કાનને પોતાનું ભયંકર શસ્ત્ર બનાવ્યું છે. મને લાગે છે કે આપની ઇચ્છા વિરૂદ્ધ પણ હડહડતો અન્યાય થયો છે. જે સત્યસીંહે રણસંગ્રામમાં આપના અનેક વખત પ્રાણ બચાવ્યા છે. જે સત્યસીંહે રાજ્યની સેવા બજાવતાં પોતાના શરીર પર શસ્ત્રના ઘા સહન કર્યા છે જે સત્યસીંહના પુત્રે આપની ઉજવળ કીર્તિને કલંકિત થતાં બચાવી છે. તેમની રાજ્યભક્તિને, વફાદારીને શું આપ વિસરી ગયાછો, ઘડી પહેલાં જેને આપ જમણો હાથ માનતા હતા, શુરવીર સીંહ માનતા હતા તેને શું હવે આપ સર્પ કહોછો ? "

સુલોચના ! હું કબુલ કરૂં છું કે તેમણે અદ્યાપી પર્યંત મ્હારી સેવા ઘણીજ પ્રમાણિક નીષ્ટાથી કરી હતી, પણ હાલમાં તેમને, રાજ્ય મેળવવાની લાલચે સ્વાર્થાંધ બનાવી, વફાદારીનો પવિત્ર માર્ગ

ભુલાવ્યો છે. શું હું એવો મૂર્ખ છું કે સંપૂર્ણ ખાત્રી થયા પહેલાં, જેઓ મ્હારા બાહુસ્વરૂપ હતા તેમને આવી સખત શિક્ષા કરવાને એકદમ તત્પર થાઉં?

પિતા! પિતાનો પુત્રીને, સ્વામિનો સેવકને, અને રાજાનો પ્રજાને પાયમાલ કરવાનો દુષ્ટ ઉદ્દેશ હોતો નથી છતાં પ્રપંચી અને ઘાતકી મનુષ્યોની પ્રાપંચિક જાળ, કાપટય કળાકૌશલ્ય અને સામા મનુષ્યના હૃદયમાં વિરોધાભાસ ઉત્પન્ન કરવાની ખુબી એવી અદ્ભુત અને અસરકારક હોય છે કે હળાહળ કૃતઘ્નતા પણ તેના બાહ્ય સ્વરૂપમાં ન્યાય નીતિ અને વાસ્તવિકતાનું ભાન કરાવે છે. ખટપટી અને ખુશામતખોરનું ટોળુ રાજાઓની પાછળ એવું ઘેરાયેલું હોય છે કે જ્યાં સચ્ચાઇનું કિરણ પ્રવેશ થવા પામતું નથી. પિતા! હજુ સમય છે. વિચાર કરો. સાહસ ન કરો, જુઠા, કૃતઘ્ની, નીંદાખોર, અને બીજાઓની નિંદા કરનાર, હાની પહોંચાડનાર ખટપટી, ખુશામતખોર ઉપર કિંચિત ભરોસો ન રાખો.

ભોળી બાળા! હું ઇનસાફી છું, મારા પવિત્ર ઇનસાફનાં વખાણ પ્રત્યેક રાજ્યમાં થાય છે. હું ખટપટને ધીઃકારનારો છું. મ્હારા રાજ્યમાં એવી વીરહાક વાગે છે કે મારી આગળ એક શબ્દ પણ અસત્ય બોલવાની કોઇ હિંમત કરી શકતું નથી. સુલોચના મેં સાંભળેલી વાત ઉપરથી સત્યસીંહને શિક્ષા કરી નથી પણ જેનો કાંઇપણ ખુલાસો આપી શકાય નહિ તેવા વિશ્વાસપાત્ર પુરાવાના પરીણામે શિક્ષા કરી છે.

"પિતા! જો એમ હોય તો આપે જે શિક્ષા કરી છે, તે ઘણીજ રહેમીયત ભરેલી છે, વારૂ, પણ મને ફરમાવશો કે એવો કયો પુરાવો મળી આવ્યો છે.

સત્યસીંહે મલીનવિદ્યાનો પ્રયોગ અજમાવવા જે ડબ્બીની અંદર કાજળ, અને કાળાવાળ ભરી મોકલ્યા હતા, તે ડબ્બી ઉપર સત્યસીંહનું નામ છે,

બસ એજ કે બીજું કંઇ

એટલો પુરાવો બસ છે.

પિતા! પિતા! શું એટલાજ પુરાવાથી આપે તે પવિત્ર માણસોને આવી દુષ્ટ સજા ફરમાવી છે? જે ક્ષણે સત્યસીંહે તે ડબ્બી ... મૂકી વે ... તું? તેનો આપે તપાસ કર્યો છે?

"ઉક્ત મલીન વિદ્યાવાળી વસ્તુઓજ હોવી જોઇએ ?"

અને શું એવા અનુમાન ઉપરથી આપે શિક્ષા કરી છે ?

ત્યારે શું તું એમ કહેવા માગે છે કે સત્યસીંહે મુકેલી વસ્તુ-ઓનું કોઇએ રૂપાન્તર કર્યું છે ?

હા, એમ થવું સંભવિત છે.

પણ એવો કોઇ પણ દુષ્ટ માણુસ આપણા રાજમહેલમાં નથી કે જે એવી દુષ્ટતા કરી શકે ?

પિતા ! આપની પાસે કેવા દુષ્ટ માણુસો વિંટાઇ વળેલા છે. તે જો કદાચ આપના જાણુવામાં હોત તો, ખચીત ધર્મરાજા પણુ આપની પવિત્રતા માટે મુક્ત કંઠે પ્રસંશા કરતા હોત. સત્યસીંહ અને સુમન ઉપરની આપની કૃપાએ દુષ્ટ અને ખ-ટપટી મનુષ્યોના હૃદયમાં જે ઇર્ષાનો અગ્નિ સળગાવ્યો હતો તેજ અગ્નિએ તે નિર્દોષ કુટુંબના સુખને સળગાવી મૂકયો છે. પિતા ! આ દીન પુત્રીની ભવિષ્યવાણીનું સ્મરણુ રાખજો કે તેજ અગ્નિ આખરે આપના, પવિત્ર સુખને, આપની મધુર શાન્તિને, અને આપની અમુ-લ્ય રાજ્ય સંપત્તીને સળગાવી મુકશે માટે ચેતો ! હજુ ચેતો ! સમય છે ! એ વાત ખરી છે કે રાજાની સત્તા સંપૂર્ણુ છે, પણુ રાજા ઉપર ન્યાય અને નીતિની સત્તા પરિપૂર્ણુ છે, સારૂં કરવા માટે રાજાની સત્તા અનહદ છે. પણુ નુકશાન કરવાની સત્તા મર્યાદિત છે. સર્વને પોતાના સંતાનની પેઠે પાળવાની સરતેજ લોકો રાજાને રાજા માને છે. મનુષ્યો એ રાજાના હાથમાં કિંમતી અનામત છે. એક મનુષ્યનું ડહાપણુ અને ન્યાય ઘણા માણુસોના સુખનું કારણુ હોવું જોઇએ ઘણા મા-ણુસોની કંગાલીયત, અને ગુલામગીરીથી એક મનુષ્યના ગર્વને તૃપ્ત કરવો જોઇએ નહિ. રાજાઓના ઉપર પણુ એક મહાન રાજા છે તેનો ભય રાખવો જોઇએ પિતા હું તો હજુ બાળક છું. આપની દીન પુત્રી છું આપને ઉપદેશ આપવાને હું યોગ્ય ગણાઉં નહિ. પણુ પ્રસ્તુત ભુલ એવી ભયંકર છે કે જે પરીણામે આપનુંજ અનિષ્ટકર્તા થઇ પ-ડશે. એમ મને લાગે છે. પિતા ! આપની બીજી પણુ એક ભુલ થાય છે. શું મલીન વિદ્યાનો પ્રયોગ આપ સત્ય માનોછો ? મલીન વિદ્યાના પ્રયોગથી જો કોઇનુ મૃત્યુ થતું હોય તો તે વિદ્યાના નેતાઓ ચક્રવર્તિ રાજાઓ શામાટે ન હોય ? તેવાજ લોકોનું પુજન શામાટે

ન થાય ? વિના શસ્ત્ર મૃત્યુ નિપજાવવાની દુનિયામાં વિદ્યા હોય તો સૈન્યમાં તેવી વિદ્યા જાણનારાઓની ભરતી શામાટે ન થાય ? અથવા સૈન્યને બળવાન બનાવવા કરતાં તેવી વિદ્યાનુ શિક્ષણ શામાટે ન અપાય ? માટે ઓ મ્હારા દયાળુ પીતા ! આપ વહેમના ગાઢ અંધકારમાં ભુલા પડયા છો, માટે થયેલી ભુલ ને સુધારો, એ નિર્દોષ કુટુંબને સન્માન સાથે પાછું બોલાવો.

રાજાના હૃદય ઉપર, રાજબાળાના ઉપદેશની સચોટ અસર થાય છે. રાજાનુ હૃદય કોઈ કોઇ વખત સત્યસીંહનું પક્ષપાતી થાય છે. સત્યમાં એવી ખુબી છે કે હૃદયમાં રહેલ અંતર્યામી સત્યનો સહાયક છે. રાજા પોતાના હૃદયમાં વિચાર કરે છે " ખચીત્ત ! હૃદયનો પ્રેમ હજુ સત્યસીંહના સ્મરણ ઉપરજ ઢોળાય છે. શું ત્યારે ઇર્ષાખોર અને ઘાતકી મનુષ્યોની ચાલબાજી હશે ? અરે ! મેં સત્યસીંહને બોલાવી આ વિષેનો ખુલાસો પૂછ્યો હોત તો કેવું સારૂ ? અરે ! કદાચ મારી ભુલ થઈ. પણ તેને અંન્યાય મળ્યો હતો તો શા માટે તે મારા હૃદયનું સમાધાન કરવા મારી પાસે આવ્યો નહિ, શું તેને મારી પાસે આવતાં કોઇએ અટકાવ્યો હશે ? ત્યારે શું હું તેને સન્માન સહીત પાછો બોલાવું ?

રાજાઓની આંતરિક હાલત અત્યંત દુઃખદાયક હોય છે. આકાશના તારાઓને પણ નીચે ઉતારે તેવી ખટપટો, ભિન્ન ભિન્ન સ્વભાવના, ભિન્ન ભિન્ન દેખાવના, અને વિધવિધ યુક્તિઓ વાળા અસંખ્યાત મનુષ્યોની. પૃથ્વીની ઉથલ પાથલ કરનારી વાતો સદ્‌ગુણના આડંબર નીચે છુપાયેલ દાંભીકતાના દેખાવો કૃત્રિમ હાસ્ય, કૃત્રિમ આંસુ અને, કૃત્રિમ લાગણીના ચિતારો, રાજાઓના એશઆરામી થયેલા હૃદયને કોઇ કોઇ વખતે એવું ડહોલી નાખે છે—હચમચાવીનાખે છે કે, જેથી જેમ મધ ઉપરથી ઉડેલ ભમરાઓનું ટોળું ગણગણાટ કરતું. એક રસ્તે જનાર માણસપર ડંખના પ્રહાર કરી તેને વ્યથીત કરે તેમ રાજાઓના હૃદયમાં, ન સમજાય તેવા ભણકારાઓથી વર્ણન થઇ શકે નહિ તેવા ડંખ પ્રહારોથી અસાધારણ વ્યથા થાય છે, અને તેથી શું કરવું તેની સુઝ પડતી નથી;

રાજા સુકુંદસીંહ અનેક વિચાર પ્રવાહમાં તણાતો આખરે ચાલ્યો ગયો, સુલોચનાએ પિતાનો નિર્ણય સાંભળવા અંત્યત કાલાવાલા કર્યા

પિતાના પગે વળગી પણ રાજા, વિચાર તરંગોમાં નિમગ્ન થઇ અને ચાલ્યો ગયો. સુલોચના મૂર્ચ્છીત થઇ પૃથ્વીપર પડી.

પ્રકરણ ૧૫ મું.

સંતોષમાં માધુર્ય.

સૂર્યના સહજ તાપથી જેઓનું શરીર કરમાતું હતું, તેઓને ઉન્હાળાના પ્રચંડ તાપમાં આજે અનિચ્છાએ પ્રયાણ કરવું પડે છે. સર્યું, સુમન, અને સરલા કે જેમણે મ્યાના, પાલખી, અગર ગાડી, ઘોડા વિના ઘરની બહાર કદી પણ પગ મૂકયો ન હતો, તેમને દુઃખદાયક લાગણી સાથે પગે ચાલતાં પંથ કાપવો પડે છે. સર્યું અને સરલાના પગ કાંટાથી વિંધાઇ ગયા છે. શ્વાસથી શરીર ભરાઇ ગયું છે, ચાલવાની શક્તિ નથી. મુગ્ધ બાળા સરલાના સંકટની તો કંઇ સીમાજ નથી. તે સુકોમળ પુષ્પ તદ્દન કરમાયું છે, શ્રમથી મુખ લાલચોળ થયું છે, હવે તો રડતાં પણ આંસુ આવતું નથી. સત્યસીંહ અને સુમન તેમને દિલાસો દઇ આગળ ચલાવે છે.

ધૈર્યવાન સત્યસીંહ કે જે ચઢતીના સમયમાં પણ નિરંતર દુઃખી અને ચીંતાતુર રહેતો હતો, તેની મુખમુદ્રા ઉપર આજે દુઃખનું નામ નિશાન પણ જણાતું નથી. જાણે તેના મસ્તક ઉપરથી લાખો મણ બોજ કમી થયો હોય, જાણે તે સળગતા દાવાનળમાંથી બચી ગયો હોય, જાણે તે નર્કમાંથી નિકળી સ્વર્ગભૂમિમાં આવી પહોચ્યો હોય, અને તેથી તે :: હૃદયમાં સંતોષનો પ્રકાશ પ્રકટી નિકળ્યો હોય એમ તેના વર્તનથી પ્રતિત થતું હતું. સત્યસીંહના હૃદયમાં દુઃખનો અંશ પણ હોયતો તેનું એકજ કારણ હતું. અને તે એકે પોતાનું કુટુંબ આ પરિવર્તન પામેલી સ્થીતિને દુઃખી સ્થીતિ માનતું હતું. સત્યસીંહની ધૈર્યતા, અને સંતોષ મુખ્યત્વે સંન્યાસી મહાત્માના મહાન મંત્રને આભારી હતાં. સત્યસીંહે પોતાની વ્હાલી પ્રિયા સર્યુને સંતોષ આપવા, અને વાર્તાવિનોદમાં પ્રયાણનો શ્રમ ભૂલાવી દેવા, વાત ઉપાડી.

" સર્યું ! લોકો જેને જંગલ કહે છે, તે તો પરમાત્માની પ્રકૃતિની સંચળ લીલા સ્થળ છે. જો ! નાના પ્રકારના વૃક્ષ લતાદિથી

અલંકૃત આ સૃષ્ટિનો ફૂળ ૫ બગીચો ૫ બગીચો કેવો અદ્ભૂત છે. અહીંની હવા કેવી પવિત્ર છે. કુવા, વાવ, તળાવ, અને સરિતાઓનાં જળ કેવાં નિર્મળ છે. સર્યુ ! પ્રાતઃકાળનો મધુર પવન, મનુષ્યના મનને પણ મધુર બનાવે છે. સુર્ય ! પરમાત્માની આ અલૌકિક રચના જોઇ ! શું તને આનંદ થતો નથી ! મ્હારી મધુરી ! શું આ નૈસર્ગિક વસ્તુઓ ત્હારા હૃદયનું દુઃખ દુર કરવામાં નિષ્ફળ નિવડશે ?

સર્યુએ દીન મુદ્રાથી સ્વામી સન્મુખ જોયું. સ્વામીના મીઠા શબ્દોએ સર્યુના હૃદયમાં જાદુઇ અસર કરી, તે તુરતજ બોલી ઉઠી, "પ્રભુ ! હું આપનું પ્રસન્નવદન જોઇને મ્હારૂં સર્વ દુઃખ વિસરી જાઉં છું.

સત્યસીંહે દીલાસો આપતાં કહ્યું,—સર્યુ ! હું જાણું છું કે ત્હારા હૃદયમાં—મ્હારી સ્થીતિના અકસ્માત પરિવર્તનથી—અનિવાર્ય દુઃખ ઉત્પન્ન થયું છે. પણ એ પરિવર્તને મ્હારા હૃદયમાં કેવું સંતોષનું સ્થાન મેળવ્યું છે એ જો તું જાણતી હોત તો ભાગ્યેજ તું આટલા દુઃખમાં દટાયેલી હોત ? હવે મ્હારા હૃદયનો સંતોષ કયા શબ્દો વડે વ્યક્ત કરૂં તેનોજ હું વિચાર કરૂં છું ? સર્યુ ! તું સત્ય કહે, ત્હારા હૃદયમાં આ બનાવથી કેવું દુઃખ થયું છે ?

સર્યુએ કહ્યું,—"સ્વામી ! મને વારંવાર એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે એક પળ પહેલાં શું હતું ? અને પળ પછી શું થયું ?

સત્યસીંહે પોતાના હૃદયમાં સહજ હાસ્ય કરી ઉત્તર આપ્યો, "સર્યુ ! શું તું જાણતી નથી કે પળમાં પ્રભૂ ચ્હાયતે કરી શકે છે ? જળ ત્યાં સ્થળ કરી શકે છે, સ્થળ ત્યાં જળ કરી શકે છે, પ્રભુ પળમાં જંગલને મંગલ બનાવે છે, વસ્તીને વેરાન કરી દે છે. સર્યુ ! મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીના પ્રાતહાસથી કોણ અજાણ્યું છે ? જે પ્રભાતમાં શ્રી રામચંદ્રજીને યુવરાજ પદ પ્રાપ્ત થવાનું હતું તેજ પ્રભાતે તેમને વનવાસ જવું પડયું. ત્યારે એમજ સમજવું કે ભાવી પ્રબળ છે.

સર્યુએ શંકા કરી,—"સ્વામી ! પણ આ બનાવમાં તો પ્રભુને દોષ શા માટે દેવો જોઇએ ? આ બનાવથી તો જગત્‌ને એજ શિક્ષણ લેવાનું છે કે રાજાઓનો સ્વપ્નમાં પણ વિશ્વાસ કરવો નહિ.

સત્યસીંહે કહ્યું,—"સર્યુ ! એ નિયમ ખાસ રાજાઓનેજ લાગુ

પાડવો, એતો અન્યાય ભરેલું ગણાશે. જગતના લોકો રાજાઓ ઉપર આવી જાતનો આક્ષેપ કરે છે, એ વાત સત્ય છે, પણ તેમાં દુનિયા ધારે છે તેટલો દોષ રાજાઓમાં ક્વચિતજ હોય છે. રાજાઓનો સ્વભાવ ઘણુ ભાગે સીંહના સ્વભાવને મળતો આવે છે તેઓ ચોતરફ જોવાને બદલે સીધુ જોવાને ઘણું ઇચ્છે છે, તેથી રાજાઓની નિકટ રહેનારાઓમાં જેઓ લુચ્ચા, નિર્લજ, કપટી, અને પેટમાં પેસીજવાની હિકમત વાળા અને દુર્ગુણી છતાં સદ્‌ગુણીનો વેશ ધારણ કરનારા હોય છે. તેઓ અનેક પ્રકારની ખટપટ અને વીચિત્ર વ્હેમોના અંજન વડે રાજાઓને એવા અંધ બનાવે છે કે, જેથી તેઓ સત્ય શોધવામાં બીલકુલ નાઈલાજ નિવડે છે. આપણી બાબતમાં પણ તેમજ થયેલું હોય એમ હું માનું છું.

સર્યુએ કહ્યું,—નાથ! આપનું કહેવું સત્ય છે, તથાપી રાજાઓનો એવો સ્વભાવ, તેમનાં કૃત્યોની જવાબદારીમાં ભાગ્યેજ ક્ષમ્ય ગણી શકાશે. એવા નિરંકુશ રાજાઓ ભલે નિર્દોષ મનુષ્યોને કચડી આનંદ પામતા હોય, પણ સર્વશક્તિમાન પરમાત્માની દ્રષ્ટિમાં તેઓ ગુન્હેગાર જ ગણાવાના. સ્વામી! શું આ જુલમની પરાકાષ્ટા ન કહેવાય?

સત્યસીંહે કહ્યું,—“સર્યુ! રાજાઓના જુલમ તેં હજુ જોયા નથી, સાંભળ્યા નથી, તેમજ ઇતિહાસોમાં વાંચ્યા નથી. અરે! જુલમ સહન કરનારાઓએ, અને તેનું અવલોકન કરનારાઓએ રાજાઓના ભયંકર ભયને લીધે તેને ખરા સ્વરૂપમાં વર્ણવ્યાજ નથી. તેથી તને આ બનાવથી અત્યંત અજાયબી થાય છે. કેટલાક રાજાઓ તો એમ સમજે છે કે આ સૃષ્ટિમાં જે કાંઇ સમજાયેલું છે, તે તેઓના સુખ, અને આનંદને માટેજ છે. અને તેથી હજારોના ભોગે તેઓ પોતાની મનઃકામના પુરી કરે છે. એવા અનેક દ્રષ્ટાન્તો છે કે એક નજીવા કારણસર રાજાઓએ રસ્તે જનારા નિર્દોષ માણસોને એક જીવ જંતુ કરતાં પણ હલકા ગણી કચડી નાખ્યા છે, કેટલાક નિર્દય રાજાઓએ માતાપિતાની સમક્ષ તેમનાં કુમળાં બાળકોનો વધ કર્યો છે, સ્ત્રીના દેખતાં સ્વામિને માર્યો છે, સ્વામિના દેખતાં સ્ત્રીનું ખુન કર્યું છે. અરે! કેટલાક જુલમી રાજાઓએ ક્રોધવશ બની આખાં શહેરનાં શહેર સળગાવી દીધાં છે. સંખ્યાબંધ કુટુંબોને છંદી નાખ્યાં છે. કેટલાક નિર્દોષો

ફાંસી લટકી ગયા છે. કેટલાક તલવાર નીચે કપાઇ મુવા છે, કેટનાક અગ્નિમાં સજીવ બળી મુવા છે ! સર્યુ ! ત્હારે વિચાર કરવો ઘટે છે કે તેના પ્રમાણુમાં આપણા રાજા કેવા રહેમ દીલ છે ?" સત્યસીંહે થોડીવાર મૌન્ય રહી પુનઃ કહ્યું,—" મ્હારો કાંઇ પણ અપરાધ નથી એવાત ખરી છે, પણ માહારાજાને હું અપરાધી છું એમ લાગ્યું ત્યારેજ તેમણે મને સીક્ષા કરી છે. અને તેમની સત્તાના પ્રમાણુમાં તેઓ મને જે સીક્ષા કરી શકે, તે કરતાં આ શીક્ષા ઘણીજ ઉદાર છે. મનુષ્ય માત્ર અલ્પજ્ઞ હોવાથી તેઓ ભૂલને પાત્ર છે. રાજાઓ તેમાં અપવાદ રૂપ નથી. ત્યારે આપણે શામાટે ખુરૂ માનવું જોઇએ ?

સર્યુએ કહ્યું,—" મહારાજાએ મ્હારા સમસ્ત કુટુંબને જંગલમાં રઝળતું કર્યું જાગીર પડાવી લીધી, દ્રવ્ય લુંટી લીધું, અને ઘરબાર પણ લઇ લીધાં એ શીક્ષા શું સખત નથી ? સ્વામિ ! આપનું નિર્દોષ પણું સાબીત કરવાની તક આપ્યા વગર આવી જુલમી શીક્ષા કરવામાં આવે ત્યારે હું તો તેને હડહડતો અન્યાય, અને જુલમ થયેલોજ ગણીશ.

સત્યસીંહે ઉત્તર આપ્યો—" શાણી સર્યુ ! ત્હારૂં કહેવું સત્ય છે. રાજાઓ ગંભીર, અને સહનશીલ થઇ નીરપરાધીને, પોતાનું નિર્દોષપણું સાબીત કરવાની તક આપે તો તે રાજનીતિ ઘણી સારી ગણાય, તથાપી જગતના કેટલાક બનાવો એવા હ્રદયભેદક અને માનસિક લાગણીઓને ઉશ્કેરનારા હોય છે કે મનુષ્ય પોતાના મગજનું સમતોલપણું જાળવી રાખવાને લાચાર, નિરાધાર બની જાય છે. રાજકુમારનું અકસ્માત મૃત્યુ, અને તેનો મ્હારા પર આરોપ, એ બનાવ પણુ તેવાજ પ્રકારનો છે. આવા સંજોગોમાં હલકા વિચારના શ્રુ ઓ રાજાના હ્રદયપર કાબુ મેળવવા ધારે તો તેમ સહેલાઇથી બની શકે. અને તેના પરિણામમાં રાજાનું મન જે પ્રકારની હાની કરવા તરફ ઉશ્કેરાવું સંભવિત છે, તેમાં જેટલા અંશે ઓછાપણું આપણને પ્રતિત થાય તેટલો આપણે ઉપકાર માનવો જોઇએ. સર્યુ ! તું સંકુચિત વિચાર છોડી દઇ દીર્ઘદ્રષ્ટિથી જો ! મહારાજાએ આપણા પ્રત્યે કેટલી રહેમદીલી બતાવી છે. સૌથી પ્રથમ તો મ્હારી જીંદગી સલામત રાખી છે. એવી સમજથી કે જો તે જીવતો હશે તો પુનઃ પોતાની ઉન્નતિ કરી લેશે. સર્યુ ! તું કહે છે તેમ માહા-

રાજાને ત્હારૂં કુટુંબ રઝળતું કરવું હોત તો મને એકલાનેજ દેશનિકાલ કર્યો હોત અથવા મને જીંદગી પર્યંત કેદ રાખીને, અથવા દેહાન્તદંડની સજા કરીને તમને સઘળાઓને દેશનિકાલ કર્યાં હોત પણ મહારાજાએ ત્હારા કુટુંબ પ્રત્યે અત્યંત દયા દર્શાવી છે, કેમકે તેમને માતાપિતાથી વિખુટાં પડવા દીધાં નથી. હવે તું જે જાગીર, ઘર બાર, અને દ્રવ્ય પડાવી લીધાનું કહે છે. તે તમામ વસ્તુઓ સ્વપ્નવત્ છે. એ વસ્તુઓ કોઇની થઇ નથી, અને થવાની નથી. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે કરોડાપતી શેઠીઆઓ એક દિવસમાં દેવાળું કાઢી કંગાલ બને છે. લાખો રૂપીયાના મહેલો પળમાં બળી ભસ્મ થાય છે. મહાન ચક્રવર્તી રાજાઓ કે જેઓ હાથીના હોદ્દે બેસતા, કુબેરભંડારી જેટલી રીદ્ધિ ભોગવતા, હજારો દાસ દાસીઓના ખમા ખમાના શબ્દોવડે સન્માન પામતા, તેઓ અને તેમની રીદ્ધિ સીદ્ધિ ક્યાં ગઈ તેનું હાલ સ્વપ્નું પણ નથી, હજારો પ્રખ્યાત શહેર હાલ ખંડેર થઇ પડેલાં છે. આપણે પરમાત્માનો વિશેષ ઉપકાર એ માનવાનો છે.કે આપણીસંપત્તી લુંટાઇ ગઇ નથી, આગમાં બળી ગઈ નથી, પણ જેની કૃપાથી તે સંપાદન થઇ હતી તેમનાજ ત્યાં તે જવા પામી છે. સર્યું ! પુર્વના ઇતિહાસો તપાસી જો ! વિશ્વામીત્ર જેવા વિદ્વાન રૂષિએ હરીશ્ચંદ્ર જેવા સત્યવાદી રાજાને કેવી હાલતમાં રાજ્ય છોડાવ્યું હતું તું જાણે છે કે શરીર ઉપર એક વસ્ત્ર શિવાય કંઇ રહેવા દીધું નહતું. એટલેથીજ ન અટકતાં તે ખાનદાન રાજવંશીને એક ભંગીના ત્યાં વેચ્યો હતો. તેની સુકોમળ રાણીને દાસી તરીકે વેચી હતી. તેના પુત્રનું મૃત્યુ નિપજાવ્યું હતું. સ્વામીના હાથેજ સ્ત્રીની કતલ કરવા પ્રપંચ રચ્યો હતો. તે શું ઓછી કુરતા હતી ? સર્યું ! આ દ્રષ્ટાન્તના પ્રમાણમાં મહારાજાની આપણા ઉપર કેટલી રહેમીયત છે, તે તું સરખાવી જો ! સર્વના શરીર ઉપર પુરતાં વસ્ત્ર રહેવા દીધાં છે. ત્હારા શરીર ઉપરનાં અને સરલાએ પ્હેરેલાં ઘરેણાં પણ જપ્ત કર્યાં નથી.

સર્યુએ પૂછ્યું,—“ સ્વામી ! શું ત્યારે આ ભયંકર આફતથી આપને કંઇજ દુ:ખ થતું નથી ?

સત્યસીંહે ગંભીર થઇ ઉત્તર આપ્યો, ના, કેમકે મેં કાંઇપણ અપરાધ કર્યો હોત તો ખચીત્ત પશ્ચાતાપ રૂપી પ્રબળ શિક્ષા મ્હારી પાછળ પડછાયાની પેઠે નિરંતર લાગેલી રહેત, પરંતુ જ્યારે આ

જન્મના કોઈ દુષ્કૃત્યને લીધે નહિ, પણ પુર્વના પાપ કર્મોથી બંધાચેલા પ્રારબ્ધ યોગે દુઃખ આવી પડયું છે, ત્યારે તો આપણે તેને હસતા મુખે વધાવી લેવું જોઇએ. સર્યુ ! જે વખતે મહારાજાએ આપણને આશ્રય આપી આપણી ક્રમે ક્રમે ઉન્નતિ કરી હતી, ત્યારે તો આપણે તેમને ઉદાર, દયાળુ, સુજ્ઞ, ઇત્યાદી વિશેષણો વડે સારા કહેતા હતા, અને હવે જ્યારે પ્રારબ્ધ યોગે તેમાં પરિવર્તન થયું છે ત્યારે તેમની નિંદા કરીએ છીએ એ ઠીક ગણાય. સર્યુ ! આપણે સ્વાર્થાંધ થવું જોઇતું નથી.

સર્યુએ સ્વામીને ધન્યવાદ આપતાં કહ્યું, ધન્ય છે પ્રભૂ ! આપનો સ્વભાવ સાત્વીક છે, આપ ભુંડું કરનારનું પણ ભલું ઇચ્છોછો, દોષના સમુદ્રમાંથી ભલાઇનુ અમૃત ગ્રહણ કરો છો. તે આપની સૌજન્યતા છે. સ્વામી ! આપની સહનશીલતાને ધન્યવાદ ઘટે છે.

સુખ દુઃખના સંવાદમાં રસ્તો ટુંકો થયો. સુર્ય અસ્ત પામ્યો. સર્વ સ્થળે અંધકારનું સામ્રાજ્ય થયું. જંગલ નિઃશબ્દ, અને શુન્ય બન્યુ, તેથી તેમણે એક જળાશયના સમીપમાં વૃક્ષો નીચે વિશ્રામ કર્યો.

સરલા થાકી ગઈ છે, ક્ષુધા તૃષાની તૃપ્તી અર્થે વારંવાર યાચના કરતાં સર્યુના ખોળામાં પડી છે. નિંદ્રાદેવી તેને શાન્તી આપવા યત્ન કરી રહ્યાં છે. સુમન આ પ્રસંગને માતા પિતાની ભક્તિ કરવા માટેની અમુલ્ય તક માની, પ્રથમ સર્વને જળપાન કરાવ છે. પછી કીંચીત્ વિશ્રામ ન લેતાં જંગલમાં જઇ ફળાદિક વીણી લાવે છે. પાંદડાં એકત્ર કરી તેની ભોંયપર પથારી કરે છે. સોના રૂપાના પલંગપર શયન કરનાર કુટુંબ તે પથારીને શરણુ થાય છે. સુમન એક બાહોશ પ્હેરેગીરની પેઠે જાગૃત રહી રક્ષકનું કામ કરે છે.

સીંહની ગર્જનાઓ, રીંછ, વરૂ, ઇત્યાદી વિકાળ પ્રાણીઓના બરાડાથી સરલા ચમકી ઉઠે છે. સુમન શાન્તવન આપે છે. ફરી તે નિંદ્રાધીન થાય છે, વળી ચમકી ઉઠે છે, સુમન દ્રઢ છે, હિમતવાન છે. સીંહની ગર્જના તેના હ્રદયને કાંઇ અસર કરી શકે નહિ. વિકાળ પ્રાણીઓને તે એક નિર્બળ જીવજંતુ માને છે. લુંટારૂઓને તે કાદવના કીડા માને છે. બ્રહ્મચર્યના પ્રતાપથી સુમન હીંમતવાન નિર્ભય અને નિશ્ચિત છે.

સુમનના મનમાં જો હાલ કાંઇપણ વ્યાપાર ચાલતો હોય તો તે

માત્ર સુલોચના અને તેનો નિર્મળ પ્રેમ છે. અંધકારના સામ્રારાજ્યમાં પણ વિદ્યુત્પ્રભાની પેઠે સુલોચના વારંવાર તેની દ્રષ્ટિ સન્મુખ હાજરી આપે છે. જાણે તે આદાસ્યપૂર્ણ મુખમંડળથી સુમનને નિહાળી રહી હોય, જાણે તેનાથી રીસાઇ મૌનપણે ઠપકો આપતી હોય, એમ તેને લાગે છે.

સુલોચનાનું સ્મીત હાસ્ય, તેનું મધુર વાકચાતુર્ય, તેની ધીમી ચાલ, તેનું મનોહર ગીત, તેના કુદરતી અભીનયો, હજુ કોઇ રીત્યે સુમનથી ભુલાતા નથી.

સુમનના હ્રદય સમુદ્રમાં એક વિચારનો તરંગ તરી આવ્યો.–"પ્રિય સુલોચના ! કઇ કમનશીબ પળમાં તેં અમારા દુઃખનો હેવાલ સાંભળ્યો હશે. ? તે સાંભળ્યા પછી તને કેટલું કષ્ટ થયું હશે ? અરે શેખસલ્લીના જેવા ત્હારા ભાવિ સુખના વિચારો ભસ્મિભૂત થતાં તને કેટલો આઘાત થયો હશે ? શું તું હજુ મૂર્છિત હઇશ ? હા, હશેજ. પણ હવે મને આશ્વાસન આપવાનો શું અધિકાર છે ? ત્યારે તને કોણ દીલાસો આપશે ? રાણીતો મુળથીજ ત્હારી કાળશત્રુ છે. રાજાની પ્રીતિ એ ત્હારા જીવનનો આધાર હતો. અરેરે ! હાલતો તે પણ ત્હારા વિરૂદ્ધ હશે ? ત્યારે ત્હારૂં શું થશે ? ત્હારી અવિચલિત પ્રતિજ્ઞા તું કેમ પાળી શકીશ ? સુમન ગાઢ નિઃશ્વાસ નાખે છે.

જાણે પુનઃ તે સુલોચના સન્મુખ વાર્તાલાપ કરતો હોય તેમ પોતાના મન સાથે વાતો કરે છે,–" સુલોચના ! તેં આ નરાધમ ઉપર શા માટે સ્નેહ કર્યો ? હૂંજ ત્હારો વૈરી છું. સર્વ દુરાશાના સમુદ્રમાં શા માટે ઝંપલાવ્યું ? સુલોચના ! ઉપદ્રવના કારણભૂત હૂંજ છું. તેને મ્હારો સંદેશો કોણ પહોચાડે ?

મ્હારે એકજ વાત કહેવાની છે. તે એજકે " હવે આ અભાગી સુમનને ભૂલી જા ! મને ભૂલી જવામાંજ તને સુખ થશે. હવેતો હું એક જાગીરદારનો પણ પુત્ર નથી. રણ વગડાનો રઝળતો ભીક્ષુક છું. વનફળ ખાનાર પશુ જેવો છું. હવે મને વિસરી જા ! તને મ્હારો સંદેશો કોણ પહોચાડે !

સુલોચના ! તું મને સંભારીશ નહિ, મ્હારા માટે ખેદ કરીશ નહિ, મ્હારા માટે દીલગીરી પ્રદર્શિત કરીશ નહિ, તેમાંજ તને સુખ થશે. નહિ તો મ્હારા કાળ શત્રુઓ તને પણ દુઃખ દરીયામાં પટકી દેશે.

સુંદરી ! તું હવે મ્હારા પિતાની આજ્ઞાને તાબે થા. મ્હારી પરવાનગી છે. પણ આ સંદેશો તને કોણ પહોચાડે ?

કોઇજ નહિ, હું હવે નોકરચાકર, સગાંસંબંધી, મીત્રસહોદર વિનાનો છું. એકલોજ છું. મ્હારા હૃદયની વાત હું કોઇને કહી શકું તેમ નથી. ત્યારે મ્હારો સંદેશો તને કોણ પહોચાડે ?

સુમન એકદમ આવેશમાં આવી જઇ બોલ્યો, "હું પોતેજ પહોંચાડીશ ! મ્હારી મનમોહક ! હું તને પ્રત્યક્ષ મળીશ ! તને હું પોતેજ આશ્વાસન આપીશ ! મ્હારા હૃદય સાથે ચાંપીશ ? પ્રાણાન્ત કષ્ટે પણ તને મળીશ. નગરના કિલ્લાઓ, અને પ્હેરેગીરોના પહેરાઓને ભેદીને પણ એક વખત હું તને અવશ્ય મળીશ.

શું ત્યારે હાલજ જાઉં ? નહિ, માતાપિતાની ભક્તિ કરવાની આ અમુલ્ય તક મ્હારે ખોવી જોઇએ નહિ. દયાળુ પ્રભુ ! દયા કરી તે દેવીના હૃદયમાં શાન્તિ આપ. તેનો મ્હારા પ્રત્યેનો સ્નેહ ભૂલાવી દે.

પ્રકરણ ૧૬ મું.

કુમાર કે કન્યા ?

પાઠક મહાશય ! ચાલો આપણે સ્ત્રીના પોશાકમાં સજ થયેલા વિકળસીંહની મુલાકાત લઇએ.

વિકળસીંહને સુમનની આજ્ઞાથી સ્ત્રીનો પોશાક પહેરી મ્યાનામાં બેસવું પડયું હતું. ત્યાર પછી પણ તેને એવુંજ જ્ઞાન હતું કે સુમન પડછાયાની પેઠે મ્યાનાની સાથેજ આવે છે. તેથી જો પોકાર કરીશ તો તત્કાળ મ્હારૂં મૃત્યુ થશે તેવા ભયથી ઘણે દુર પ્રયાણ કર્યા પછી પણ તે બોલી શકયો નહિ; વળી તેને એમ પણ લાગતું હતું કે પોતાના તાબાના માણસો તેને સ્ત્રીના પોશાકમાં દેખી તેની હાંસી કરશે, અને હંમેશને માટે તે વાર્તા કીર્તીના કલંકરૂપે કાયમ રહેશે; તેથી કંઇક યુક્તિ શોધી કાઢવાના ચીંતવનમાં તે ચુપાચુપ મ્યાનામાં બેસી રહ્યો હતો. વિકળસીંહને કંઇ યુક્તિ સુજી નહિ, અને નગર તો આવી પહોંચ્યું.

મ્યાનો રાજમંદિરમાં દાખલ થયો. વિકળસીંહ કયા મંગળકા-

યંને માટે સોધાવ્યા છે તે જે દાસીઓ જાણુતી હતી, તેમણે જ્યારે રાજમંદિરમાં આવેલા મ્યાનાને દ્રષ્ટિગોચર કર્યો ત્યારે તરતજ તેઓ હર્ષઘેલી થઇ, મ્યાનો ઉપાડનારને એક દાસી અધીર થઈ પૂછ્યું "કેમ ? સીંહ કે શિયાળ ?

"સીંહ સીંહ," મ્યાનાવાળાએ અભીમાનમાં ઉત્તર આપ્યો.

હર્ષમાં ઉછળતી દાસીઓ દોડાદોડ કરવા લાગી, રાજકુમાર વિકળસીંહની બહાદુરીનાં ગુણગાન ગાવા લાગી. વિદ્યુત વેગે વિકળસીંહના વિજયની વાર્તા નગરમાં, અને રાજમંદિરમાં પ્રસરી ગઇ. જ્યારે મ્યાનો ઉપાડનાર પુરૂષો બહાર ગયા ત્યારે દાસીઓ મ્યાનો ઉપાડવા તત્પર થઇ, અર્થાત રાજ્યમંદિરને દિપાવવા આવેલ નવવધુને જોવા માટે તલપાપડ થઇ.

એક દાસીએ પ્રશ્ન કર્યો,—"અલી રમા ! ઉતાવળી થઇશ ના ! કુમાર સાહેબને આવવા દે ! નહિ તો આપણુને ઠપકો આપશે.

એક ઉતાવળીયા સ્વભાવની દાસીએ કહ્યું,—" કુમારશ્રીતો વિજયરંગ કરીને આવ્યા છે, માટે તેમના પિતાને વધામણી આપવા ગયા હશે. જ્યારે ત્યાં બનેલો સર્વ વૃતાન્ત કહી સંભળાવશે ત્યાર પછી અહીં આવશે. ત્યાંસુધી શું રાજબાળાને મ્યાનામાં પુરી રખાય કે ? ચાલ, ચાલ, આપણે તેમને સન્માનપુર્વક દિવાનખાનામાં લઈ જઇએ.

કુમાર વિકળસીંહને દાસીઓની વાર્તા સાંભળી મર્ણતુલ્ય વેદના થતી હતી, જો તેની પાસે તે વખતે કોઇ શસ્ત્ર હોત, અથવા કોઇ પ્રકારનું પ્રાણુઘાતક ઝહેર હોત તો ખચીત તે પોતાનું કલંકિત મુખ બતાવવાને મ્યાનામાંથી જીવતો બહાર આવત નહિ, પણ તે લાચાર અને નિરૂપાય હતે

દાસીઓએ મ્યાનો ઉઘાડયો, તે વખતે વિકળસીંહે શરમથી ઘુંઘટ ખેંચી લીધો. એક દાસીએ કહ્યું—"અહીં પુરૂષ વર્ગ કોઇ નથી, શાને શરમાઓ છો ?

ઘુંઘટ કાયમજ હતો. છાતી ધડકતી હતી પગ ઉપડતો ન હતો, આંખમાં આંસુ હતાં, હૃદયશુન્ય હતું.

એક દાસીએ ઉત્તર આપ્યો—"અલી શરમાયતો ખરાંજતો. જ્યારે આપણા ભેગાં મળી જશે, ત્યારે શરમ ઓછી થશે,

નવવધુને દિવાનખાનામાં લઇ ગયાં. સુવર્ણાસનપર બેસાડયાં. હજુ ઘુંઘટ કાયમજ હતો.

એક દાસીએ કહ્યું,—અલી રમા ! રાજબાળાતો આપણા કુમાર સાહેબ જેવડાંજ છે હો ! જોડું તો ઠીક મળ્યું.

રમાએ ઉત્તર આપ્યો,—"હા, શરીર પણ બન્નેનું સરખું મળતુંજ છે.

ત્રીજી દાસીએ ઉમંગમાં આવી જઇ કહ્યું,—"ત્યારેજ કુમાર સાહેબ મોહ પામ્યા હશે તો.

નવવધુને જોવા કોણ આતુર ન હોય. તમામ સ્ત્રીવર્ગ તે સ્થળે તીડની પેઠે એકત્ર થયો હતો.

"બા સાહેબ ! હવે કયાં સુધી અબોલ્યાં રહેશો. હમેતો આપનાં સેવક છીએ. હમારી આગળ આટલી બધી શરમ શાની ?" એક દાસીએ અધીર થઇ પુછ્યું.

"બીજીએ સાહસીક થઇ કહ્યું,—"એમના પિયરમાં ઘુંઘટ દુર કરાવવાની રીત કંઇક જૂદીજ હશે."

"કુમાર સાહેબ આવશે એટલે ધણીએ દુર કરાવશે !"

કુમાર સાહેબ તો કોણ જાણે કયારે આવશે ? પણ એમનું ચંદ્રવદન જોવા આ બધાં એકઠાં થયાં છે તે શું નિરાશ થઇ પાછાં જશે.

"ત્યારે થાને ઉતાવળી. આપણેજ શરમ તોડાવીએ.

કુમારે ઇશારતથી ઘણીએ ના કહી. પણ બેત્રણ દાસીઓ ચેષ્ટા કરતી તેની સમીપ ગઇ અને યુક્તિથી ઘુંઘટ ખેંચી લીધો. પણ અફસોસ ! રાજબાળાને બદલે રાજકુમારનું દર્શન થયું. રાજકુમારે પોતાના બંન્ને હાથવડે પોતાનું નિસ્તેજ મુખ ઢાંકી દીધું. દાસીઓ દીગ્મુઢ બની, ઝંખવાણી થઇ ચાલી ગઇ. વિકળસીંહના સંકટની સીમા રહી નહિ. શરમ અને અપકીર્તિના લીધે કેટલાક દિવસ સુધી તો તે મહેલની બહાર પણ નીકળી શકયો નહિ.

વિકળસીંહના પિતાએ જ્યારે આ વાર્તા જાણી, ત્યારે તેને અત્યંત ખેદ થયો. તેણે મન સાથે દ્રઢ નિશ્ચય કર્યો કે કુમારને થયેલા અપમાનનું વૈર વાળવું.

પ્રકરણ ૧૭ મું

દુઃખમાં દીલાસો.

પ્રાતઃકાળ થયો છે. પક્ષીઓ કલ્લોલ કરતાં પોતાના માળામાંથી બહાર નીકળવા લાગ્યાં છે. પક્ષીઓના મધુર કલરવથી જંગલ મંગલમય ભાસે છે. સત્યસીંહ પોતાની પ્રિયાને મધુર સ્વરે કહે છે,–" સર્યુ ! આજે અત્યંત શાન્ત અને મધુર નિદ્રા પ્રાપ્ત થઇ.

સર્યુએ ઉત્તર આપ્યો,—" સ્વામી ! જગતનિયંતા પ્રભૂ આપને નિરંતર સુખ અને શાન્તિ આપે એમ હું ઇચ્છું છું.

સત્યસીંહે પુછ્યું,—સર્યુ ! શું હજુ પણ તને દુઃખ થાય છે ? હું શું કરૂં કે જેથી તને સુખ થાય.

સર્યુએ ઉત્તર આપ્યો,—" નાથ ! સ્રીને સ્વામી વિના બીજું સુખ કયું છે ? સ્રીને સ્વામીની સેવા વિના અન્ય કર્તવ્ય શું છે ?

સત્યસીંહે કહ્યું,–" હૃદયમણી ! તુંજ મ્હારા દુઃખમાં દિલાસારૂપ છે. તું સુગડ અને સુલક્ષણો હોવાથી મ્હારા સુખના ભંડારરૂપે છે. પણ સર્યુ ! આપણી પરીવર્તન પામેલી જીંદગીનો આજે પહેલોજ દિવસ છે. માટે શહનશીલ થતાં શીખજે.

સર્યુએ કહ્યું,–" ઠીક, પણ સ્વામી ! હવે આપણે અહીંથી કયાં જઇશું ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,–" પરમાત્મા પ્રેરણા કરશે ત્યાં એક રાજ્યપિતાના કરતાં જગતપિતાનો મુલક અતિ વિશાળ છે. પુરૂષાર્થી મનુષ્યોને માટે જગત્ એ એક મ્હોટું મેદાન છે.

સર્યુએ વિશેષ પૂછ્યું,–" ઉદર નિર્વાહ શી રીત્યે કરીશું ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,–" તેની ચીંતા સરજનહારને છે. જે પ્રભૂએ માતાના ઉદરમાં આપણું પોષણ કર્યું હતું, જેણે જન્મતાં પહેલાં આપણા માટે પયપાન બનાવ્યું હતું, તેણે આપણને દાંત આપ્યા તે પહેલાંજ આપણા પોષણની ગોઠવણ કરી રાખી છે. સર્યુ ! જગતમાં કોણ પોતાનું પેટ ભરી શકતું નથી ? કીડીને કણ હાથીને મણ, નિરંતર મળ્યાં જાય છે. મહાન સાગરમાં રહેતા મગરમચ્છો

કે જેમને હંમેશ ખોરાકનો મ્હોટો જથો જોઇએ છે. તેમનું પણ તે દયાનીધિની અપરિમીત દયાથી પુરૂં થાય છે.

સર્યુએ કહ્યું,–" તે સત્ય છે, પરમાત્માની કૃપા એજ મનુષ્યના અવલંબન માટે મુખ્ય છે. પણ જળચર ભૂચર, અને ખેચર પ્રાણીઓ કરતાં મનુષ્યના ઉપર પરમાત્માએ કંઇક વિશેષ ફરજ નાખેલી છે, અને તે એકે તેણે ઉદ્યમ કરી પોતાનો નિર્વાહ કરવો. આપણે કાંઇ પણ હુન્નર જાણતાં નથી, વ્યાપાર કે ખેતીનો આપણને અનુભવ નથી, ત્યારે આપણે શું ઉદ્યમ કરી શકીશું ?

સત્યસીંહે કહ્યું,–" જે પરમાત્માએ કુતરાંઓને પોતાના માલીકને ઓળખવાની શક્તિ આપી છે. જેણે ચકલાંઓને માળા બાંધવાની યુક્તિ શીખવી છે, જેણે માખીઓને મધપુડો બનાવવાની અકલ અર્પી છે, અને જેણે કરોળીઆઓને ઝુલતા પુલ બાંધવાની બુદ્ધિ બક્ષી છે. તેણે મનુષ્યને પણ અનેક સાધન પુરાં પાડયાં છે. માટે વ્હાલી સર્યુ ! તું તલમાત્ર ચીંતા કરીશ નહિ.

સર્યુને સ્વામીના ઉત્તરથી સંતોષ થયો પણ તેણે વિશેષ પૂછયું,– "પ્રત્યેક ધંધામાં દ્રવ્યની પ્રથમ જરૂર પડે છે, અને આપણી પાસે દ્રવ્યનો જે ખજાનો હતો તે તો લુંટાઇ ગયો માટે હજુ આપણે ભવિષ્યમાં વિશેષ મુશ્કેલીમાં આવીશું એમ લાગે છે.

સત્યસીંહે ઉત્તર આપ્યો,–" પરમાત્માનો અખુટ ખજાનો આપણા માટે ખુલ્લો છે. પ્રભૂનો ભંડાર ભરપુર છે. સોના રૂપાની ખાણો, હીરા અને રત્નોની ખાણો, સમુદ્રની અંદરનાં મોતી કે જેને દુનિયાનાં મનુષ્યો અનાદી કાળથી ગ્રહણ કરે છે. છતાં પણ જે ખજાનો ખાલી થયો નથી તેજ ખજાનો આપણને પણ સહાયક થઇ પડશે. સર્યુ ! તું ભાગ્યવતી છે. મ્હારા જેવો ત્હારે સ્વામી છે. સુમન જેવો ગુણવાન પુત્ર છે. માટે ભાવીની ચીંતા છોડી દે. પ્રભુ પ્રત્યે દૃઢ શ્રદ્ધા ધારણ કર.

સર્યુએ હર્ષમાં આવી જઇ કહ્યું,–" સત્ય છે, જ્યાં આપછો ત્યાંજ મ્હારેતો સ્વર્ગ છે. આપની કૃપા એજ મ્હારી રીદ્ધિ સીદ્ધિ છે. આપનું પ્રસન્ન વદન એજ મ્હારા ભાગ્યનો ભંડાર છે, આપણા જેવા ગુણીયલ સ્વામીની સ્ત્રી હોવામાં હું મ્હારૂં ધન્યભાગ્ય માનું છું. પ્રભૂ ! આપને અને મ્હારા પુત્ર રત્નને દીર્ઘાયુ કરે એટલીજ મ્હારી વાન્છના છે.

આ પ્રમાણે સત્યસીંહ અને સર્યુ વાર્તાવિનોદ કરે છે. તેટલામાં સુમને જંગલમાં ફરી ફળ ફુલ વીણી, માતા પિતાની સેવામાં હાજર કર્યાં. સુમનની ભક્તિ જોઇ માતા પિતા પ્રસન્ન થયાં.

સર્યુએ સુમનને જોઇ કહ્યું,—"સ્વામી ! સુમન જેવો બહાદુર છે તેવોજ સહનશીલ અને સદ્‌ગુણી છે. સુમન એ મ્હારૂં અમુલ્ય રત્ન છે, તેની ધૈર્યતાને જોઇ મને અત્યંત દીલાસો મળે છે- કયાં લગ્નની તૈયારી અને કયાં આ જંગલવાસ ? સુખની શ્રેણીપર ચડતાં ચડતાં સુમન દુઃખ દરીયે પટકાઇ પડયાં છતાં તેની મુખમુદ્રાપર શોકનું ચિન્હ જણાતું નથી, આંખમાં આંસુ જણાતું નથી, એ તેના ધૈર્યને ધન્યવાદ ઘટે છે. સ્વામી ! સુમન આપણી બરદાસ્ત કરવામાંજ મગ્ન છે, આહાર, નિદ્રા. ભય અને શ્રમની દરકાર કર્યા વગર તે આપણી ભક્તિ કરે છે. દિવસે અથાગ મહેનત કર્યા છતાં રાત્રે પણ જાગૃત રહી સુમન પ્હેરેગીરનું કામ કરે છે. અરેરે ! તેના પ્રારબ્ધમાં પણ આવું કષ્ટ કયાંથી સરજાયું હશે.

સત્યસીંહે કહ્યું,—"સર્યુ ! માબાપો તરફથી સંતાનોને ઉત્તમમાં ઉત્તમ જે વારસો મળવો જોઇએ તે સદ્‌ગુણ સંબંધી વારસો છે. અગણિત દ્રવ્ય, આખી પૃથ્વીનું રાજ્ય, સંગેમરમરના મેહેલો, અને રત્નજડીત્ર વસ્ત્રાભૂષણો તેની આગળ કિંમત વગરનાં છે.

સુમને ઉપકાર માનતાં કહ્યું,—"અને તેજ વારસો મને દેવસ્વરૂપ માતાપિતાઃતરફથી પ્રાપ્ત થયો છે. તેનો ઉપયોગ મુખ્યત્વે હું માતાપિતાની ભક્તિ કરવામાંજ કરીશ. આજથી સંસારનો ભાર હવે હુ મ્હારા શીરપર લઉ છું. જ્યાંસુધી મ્હારા બાહુમાં બળ હશે, દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હુ મજુરી કરીને, ગુલામગીરી કરીને અથવા કાઠી વેચીને પણ આપને સર્વથા સુખી કરવાને તત્પર રહીશ. માતૃભકિત, અને પીતૃભક્તિમાંજ મ્હારૂં કલ્યાણ અને મોક્ષ માનીશ. માતા ! એક રાજકન્યા સાથેના લગ્નથી તો શું, પણ આખી દુનિયાનું રાજ્ય પ્રાપ્ત થતાં મને જે સ્વાભાવિક આનંદ થવો જોઇએ તે કરતાં વિશેષ આનંદ આપની ભક્તિ કરવાથી પ્રાપ્ત થશે.

પુત્રનું મધુર સંભાષણ સાંભળી, માતાનું હૃદય હર્ષથી પ્રફુલિત થયું. આંખમાં પ્રેમાશ્રુ આવ્યાં તે આનંદમાં ઉશ્કેરાઇ કહેવા લાગી,— "સ્વામી ! હવે મ્હારા હૃદયમાં દુઃખનું નામ નીશાન પણ નથી. આ

ખર તોપણ હું સ્ત્રી છું, અને હવે મને સમજાય છે કે હું અાત મૂર્ખ છું ! મ્હારી પાસે આવાં અમુલ્ય રત્ન છતાં હું વૃથા નિર્જીવ રત્નો માટે વારંવાર શોક કરૂં છું. ચાલો આપણે ફળાહાર કરી આગળ પ્રયાણ કરીએ.

સર્યુએ સરલાને સાવધ કરી આગળ ચાલવા કહ્યું, સરલા ઘાર્દ સ્વરે બોલી,—"માડી ! મ્હારાથી હવે નહિ ચલાય, પગે કંઇક થાય છે."

સુમને કહ્યું,—"બ્હેન ! હું તને મ્હારી પીઠપર ઉચકી લઇશ, મ્હારામાં બળ હશે ત્યાંસુધી તને કોઇ રીતે દુ:ખી થવા દઇશ નહિ.

દુરથી કોલાહલ સંભળાયો. તે તરફ દ્રષ્ટિ કરતાં ધુળના ગોટેગોટ ઉડતા પ્રતિત થયા.

સત્યસીંહ અને સુમન સાવધ થઇ તે તરફ માર્ગ પ્રતિક્ષા કરવા લાગ્યા.

પ્રકરણ ૧૮ મું.

કરજ જે કરવત ?

સર્યુએ પોતાના સ્વામિને કહ્યું,—"સ્વામી ! કેટલાક મનુષ્યોનું ટોળું આ તરફ આવતું હોય એમ લાગે છે.

સત્યસીંહે કહ્યું,—"ભલે આવે ! સારૂં થયું. તેમની સોબતમાં ચાલવાનું ઠીક પડશે.

સર્યુએ કહ્યું,—"સાથે કેટલાંક ટટુ પણ છે. માટે કદાચ સરલાનો થોડે સુધી નિભાવ પણ થઇ શકશે.

દ્રષ્ટિગોચર થયેલા મનુષ્યો તે સ્થળે આવી પહોંચ્યા. તેઓ પોતાના વતની અને ઓળખીતાહોવાથી સત્યસીંહને સ્વાભાવિક આનંદથયો.

આવનાર મુસાફરો વ્યાપારી વર્ગના હતા. તેમાંના એક માણસે આવતાંજ સત્યસીંહ પ્રત્યે કહ્યું,—"આપની આવી દુ:ખી હાલત જોઇને અમો ઘણા દિલગીર છીએ."

જે સત્યસીંહ હજારોને દિલાસા આપતો, તેને આજે એક સાધારણ માણસનો દિલાસો સાંભળવો પડયો, તેથી તેને કંઇક ખેદ થયો તોપણ તેણે સવિનય ઉત્તર આપ્યો,—"અસ્તોદયનો નિયમ અના-

દિથી છે સમય નિરંતર એકસરખો હોતો નથી. જગતમાં સુખ ક્યારે અવિચળ હોય છે? સુખના શીખરપર આનંદ ભોગવતા મનુષ્યોને માટે દુઃખનાં ઘોર વાદળાં ટમટમી રહેલાં હોય છે. પૂર્ણીમાના ઉજ્વળ પ્રકાશની પાછળ અમાવાસ્યાનું ઘોર અંધારૂં તૈયાર હોય છેજ દુનિયા ફેરફારનીજ એક રંગભુમિ છે.

બીજાએ કહ્યું,—" સત્ય છે ભાઇ ! બે દિવસ એવા પણ હોય હોય, રાખે તેટલે રહેવાનું છે.

ત્રીજાએ કહ્યું,—" આખું શહેર જાણે છે કે, માહારાજાએ આપના પ્રતિ હડહડતો અન્યાય કર્યો છે.

સત્યસીંહે ઉત્તર આપ્યો,—" એટલાજ માટે મનુષ્યોનો ન્યાય ઇશ્વરી ન્યાય કરતાં ઉતરતો ગણાય છે.

ચોથાએ કહ્યું,—" અરે શું મારૂં બેઠું સટ શુપાઇ જાય, અને મારા બેટા લુચ્ચાઓ જીટી જાય એ કાંઇ ઇનસાફની રીટ છે.

સત્યસીંહે ઉત્તર આપ્યો,—" એટલાજ માટે આપણે એવા સંજોગોમાં ન્યાયાધીશને દોષ ન દેતાં પ્રારબ્ધને દોષ દઇએ છીએ.

પાંચમાએ કહ્યું,—" જ્યારે રાજા જુલ્મી હોય ત્યારે પરાલબ્ધ પણ બીચારૂં શું કરે ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,—" હું મહારાજાની નિંદા સાંભળવા ઇચ્છતો નથી, મ્હારા માટે તમારા હૃદયમાં જે સદ્‌લાગણી છે તેને માટે હું તમારો ઉપકાર માનું છું ચાલો ! હવે આપણે બીજી વાત કરીએ. આપ સર્વ ગૃહસ્થો ક્યાં સુધી સીધાવો છો ?

એકે કહ્યું,—" અમે વળી ક્યાં સુધી સીધાવીએ સાહેબ ! અહીં સુધીજ તો,

સત્યસીંહે સ્પષ્ટ પૂછ્યું,—" અહીં નજીકના કોઇ ગામમાં જવું હશે. ?

બીજાએ કહ્યું,—" નહિ, નહિ, સાહેબ આપની પાસેજ.

સત્યસીંહ વિસ્મય થઇ પૂછ્યું,—" શું મ્હારી પાસે ?

વણીકે કહ્યું,—હા,

સત્યસીંહે પૂછ્યું,—" કેમ તસ્દી લેવી પડી ?

પહેલાએ કહ્યું,—" એમાં તસ્દી શાની, એકટો આપને મળવા અને બીજું તો......એમ કહીને ખડખડ હસી પડ્યો.

સત્યસીંહે પૂછ્યું,—"બીજું શું ?

વણીકે કહ્યું,—"બીજું તો કાંઈ નહિ, પણ આપની પાસે થોડા ઘણા પૈસા લહેણા પડે છે માટે......

સત્યસીંહે પૂછ્યું,—"ત્યારે શું તમે સર્વ મ્હારા લેણદાર છો?

વણીકે ઉત્તર આપ્યો,—હા. વહિવટ આપના મહેતાઓ કરે, તેથી કદાચ આપને માહિતી નહી હોય પણ તેમાં ચીંતા શી છે ? અમારી પાસે દીવા જેવો હિસાબ છે." એમ કહી વાણીઆઓએ પોતાના ચોપડા પહોળા કરી સત્યસીંહ સન્મુખ મૂકયા.

સત્યસીંહે સવિનય ઉત્તર આપ્યો,—"ગૃહસ્થો ! તમારા લહેણાથી હું જોકે તદન અજાણ છું તથાપી તમે આબરૂદાર શાહુકાર કહેવાઓ છો એટલે સત્યજ કહેતા હશો એવા વિશ્વાસથી હું તે લહેણું સ્વિકારૂં છું. પણ આપ સર્વે જાણો છો કે મ્હારી સર્વ મિલકત રાજ્યને તાબે થઇ છે, માટે કેટલોક સમય આપને ધૈર્ય રાખવું પડશે.

એક વણીકે શરમ છોડી કહ્યું,—"એમ નહિ બને સાહેબ અમે કયાં તમારી પાછળ પાછળ દોડતા ફ્રૂરીએ.

બીજાએ કહ્યું,—"અનુઢસીંહજીએ ઢુંઢી પીટાવી અમને ભેગા કર્યા. અમે જાણ્યું કે મીલકત રાજ્યે લીધી છે માટે લહેણું પણ રાજ્ય ચુકાવી આપશે. પણ ત્યાંતો ઉલટા ધક્કા પડયા. અને સાફ સંભળાવી દીધું કે સત્યસીંહની પાછળ જાઓ. એટલે અમારે આવવું પડયું. શું સમજ્યા ? હવે તમે પણ આવો જવાબ આપો ત્યારે અમારે શું સમજવું ?

સત્યસીંહે કહ્યું,—"વારૂ, ત્યારે તમેજ કહો મ્હારે આવી સ્થીતિમાં શું કરવું જોઇએ ?

વાણીઆએ ભવાં ચઢાવી કહ્યું,—"કહું, સાહેબ આપને માઠું તો નહિજ લાગેને. પે...લાં સરલા બ્હેન ઉભાં રહ્યાં છે તેમની કોટમાં કાંઇ ચળક ચળક થાય છે તે અળખું કરોને ? વણીકે સરલા તરફ આંગળી કરી કહ્યું,

નિર્દોષ બિચારી સરલા સમજી કે આ લોકો મ્હારૂં ઘરેણું લુંટી લેવાની ઇચ્છા રાખે છે તેથી ભય પામતી તે પોતાની માતાના શરણે સંતાઇ ગઇ.

સુમનને વાણીઆઓની ધૃષ્ટતા જોઇ ક્રોધ થયો, તેથી તેણે ક્રુદ્ધ થઇ શૌર્યપૂર્ણ શબ્દોથી કહ્યું કે.—

"અરે ઓ નિર્દય અને બેશરમ લોકો! તમારામાં કાંઇ પણ રહેમ અને દયા છે કે નહિ? તમે કંઇક વિચારીને તો બોલો! આ સમય તો અમને આશ્રય આપવા જેવો છે કે લ્હેણું વસુલ કરવા જેવો. હાલ અમારી પાસે એવું શું દેખો છો કે આવી શરમ ભરેલી સખ્તાઇ કરો છો? શું અમારા વચન ઉપર તમને વિશ્વાસ નથી? હું પોતે પણ હવે લાયક ઉંમરનો થયો છું. માટે થોડા જ વખતપછી મ્હારો અન્ય ઇલાજ નહિ હોય તો એક ભંગીના ત્યાં મ્હારી જાતે વેચાઇને પણ મ્હારા પિતાનું તમામ રૂણ અદા કરીશ. ત્યાંસુધી તમારે ધૈર્ય રાખવું પડશે. માટે એક ગૃહસ્થાઇને છાજતી રીત્યે ચાલ્યા જાઓ."

સત્યસીંહે સુમનને વાર્યો,—સુમન! સુમન! શાન્ત થા, તેઓ આપણા લ્હેણદારો છે. આપણે તેમના કરજદારો છીએ. લેણદાર એ કરજદારનો મુરબ્બી છે—સરદાર છે. આપણી શાહુકારી ઉપર જ્યારે તેમણે ઉધાર દીધું છે, ત્યારે તેમનો મહાન્ ઉપકાર માનવાને બદલે તું ગુસ્સે થાય છે તે ઠીક નથી. વાસ્તવિક રીત્યે તો ભૂલ આપણીજ છે. કેમકે પાસે દ્રવ્ય છતાં પણ ઉધાર લેવાની આપણે મૂર્ખાઇ કરી છે, અને ઉધાર લીધા પછી પણ યોગ્ય વખતમાં તેમનાં નાણાં ચુકાવી આપવાની દરકાર કરી નથી.

એક વેપારીએ જોશમાં કહ્યું—"ઠીક, ભાઇ ઠીક, ઉદાર દીધું તે જખ મારી. ભલે એ ગાળો દેવી હોય તો ડયો. એ લાટો માડવી હોય ટો મારો. પણ અમારા નાણાં આપો એટલે જાણે જગ જીત્યા.

કેમ ભાઇ બોલટા નથી એજ કે બીજું.

બીજાએ પુષ્ટી આપી,—એ જ ભાઇ એ જ

જે વેપારીઓ રસ્તે જતાં સત્યસિંહને નીચા નમી નમી સલામો કરતા હતા, જેઓ સત્યસીંહને પોતાના વ્યાપારનો ગ્રાહક બનાવવાની એક વખતે દોડાદોડી કરતા હતા, અને જેઓ રાજ્ય પ્રકરણી કાર્યમાં સત્યસીંહનો વશીલો મેળવવા નિરંતર ખુશામત કરતા હતા, તેમણે આજે શરમને તીલાંજલી આપી અસાધારણ શઠતાનો પરિચય આપ્યો.

વેપારીઓનું નિર્દયપણું જોઇ સર્યુને અત્યંત શોક થયો. તેણે કંપીત સ્વરે પોતાના સ્વામિને કહ્યું,—"પ્રાણનાથ! મ્હારાં તમામ

ઘરેણાં વેચી દઇ આ વ્યાપારીઓનું કરજ હમણાં જ ચુકાવી આપો. તેટલાથી પણ તે કરજ અદા ન થતું હોય તો સરલાનાં ઘરેણાં આપી તેમનું કરજ અદા કરો.” એમ કહી સર્યુએ પોતાનાં અને સરલાનાં ઘરેણાં લ્હેણદારોની સમક્ષ રજુ કર્યાં.

કરજ એ મનુષ્યના મન ઉપરની ભયંકર વ્યાધિ છે, માન, પ્રતિષ્ઠા, અને આબરૂને હાનિ પહોચાડનાર કરજ છે. અસંખ્યાત વીંછીઓના દંશથી જે વેદના થાય છે તે વેદના એક કરજને લીધે કરજદારને થાય છે. ધીમું ધીમું ઝેર પીતાં મનુષ્યની જેવી સ્થીતિ થાય છે, તેવી સ્થીતિ એક કરજદાર મનુષ્યને લહેણદારોના શબ્દ પ્રહારોથી થાય છે. કરજદાર મનુષ્ય ગમે તેવો ડાહ્યો હોય તે છતાંપણ દુનિયામાં દીવાનો મનાય છે.

લેણદારે સર્વને ઘરેણાં કાઢતી જોઇ કહ્યું,–“ધન્ય છે આનું નામ તે ડહાપણ! આજકાલ સ્ત્રીઓમાં જેટલી વટ છે તેટલી વટ પુરૂષોમાં ભાગ્યે જોવામાં આવ છે.

બીજાએ તેમાં પુષ્ટી આપતાં કહ્યું,–“ખરૂં છે. દુઃખના વખતે સ્ત્રીનાં ઘરેણાં કામ ન આવે ત્યારે બીજે કયે પ્રસંગે આવવાનાં છે?

ત્રીજાએ ટાપશી પુરતાં કહ્યું,–“હોય ભાઈ ચાર દહાડા દુઃખ પણ હોય.

સુમન વાણીયાઓની તુંડાઇ અને નિર્લજતા જોઇ બળી રહ્યો હતો, પણ પોતાના પિતાની આજ્ઞાને આધીન રહી તે ચુપચાપ બેસી રહ્યો હતો.

વાણીયાઓએ ઘરેણાંની કિમત અટકળી, પોતાનો હિસાબ મેળવી જોયો. એક જણે કહ્યું,–“થોડું ઘણું ખુટશે ખરૂં પણ ખેર! આપણે ઘણા દિવસની ઘરવટ છે. માટે ખેર! થોડું ઘણું નુકસાન વઠી લઇશું.”

સત્યસીંહે કહ્યું,–“ના ગૃહસ્થો! હું તેમ ઇચ્છતો નથી. વ્યાજબી ભાવે તે ઘરેણાં વેચાણ કરજો. અને તેમ કરતાં આપનું લહેણુ નિકળશે તો હું તેનો જવાબ દઇશ.

વણીકે ઉત્તર આપ્યો,–“એ બોલ્યા તે વટ! ઠીક ત્યારે જેગોપાળ સાહેબ! હવે અમે રજા લઇશું મહેરબાન! કામકાજ હોય તો સુખેથી લખજો મહેરબાન! અમારૂં ઘર તે આપનું જં ઘર છે. જુદાગરી જરી પણ રાખશો નહિ. શું સમજ્યા?

સત્યસીંહે તેનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. લ્હેણદારો વિદાય થયા. બીજા શબ્દોમાં કહીએ તો ધોળે દિવસે લુંટનાર લુંટારૂઓ ચાલ્યા ગયા. કેમકે ઘરેણાંની કિંમતના પ્રમાણમાં તેમનું લહેણું નહતું.

સર્યુએ આકાશભણી જોઇ કહ્યું,—"પ્રભુ, ત્હારી અકળકળા છે. નવી જીંદગીના પોષણ માટે જે વસ્તુઓ ઉપયોગી થાત તે પણ હાથમાંથી ગઈ."

સત્યસીંહે આશ્વાસન આપતાં કહ્યું,—"સર્યુ ચિંતા કરીશ નહિ. એક રીતયે તો આપણે કરજની મહાન જવાબદારીમાંથી મુક્ત થયાં એ ખુશી થવા જેવું છે. જ્યારે એ ઘરેણાં આપણી પાસે રહેવાને સરજાયાં જ નહતાં. ત્યારે તે કાં તો લુંટાઈ જાત કે ખોવાઈ જાત તેને બદલે તેનો સદુપયોગ થવા પામ્યો એ આપણું સદ્ભાગ્ય છે. સર્યુ ! તું જાણે છે કે કંચનનાં પ્રત્યેક પરમાણુંઓ વિકારથી વિભુષિત હોય છે. જંગલની અંદર રહેનાર લુંટારૂઓને વિકાર વશ કરનાર તેજ વસ્તુઓ છે કે જે વસ્તુઓએ તેને ધારણ કરનારના કિંમતી જીવનનું અનેક વખત દાન કરાવેલું આપણે જાણીએ છીએ, સર્યુ, પરમાત્માની એવી પણ ઇચ્છા હશે કે એક પતિભક્તિપરાયણ સ્ત્રીનું દ્રષ્ટાંત જગત્‌ને બતાવવા આવા પ્રસંગને જન્મ આપ્યો હોય. જગતની સ્ત્રીઓ પોતાના ભરથારના દુઃખમાં ભાગીદાર થવા ત્હારા આચરણનું અનુકરણ કરે એમ હું ઇચ્છું છું. પરમાત્મા જે કરે છે તે આપણા હિત માટે જ કરે છે એવો આપણે દ્રઢ વિશ્વાસ રાખવો જોઇએ.

સરલા ઉક્ત બનાવ સ્થીર નેત્રે જોઇ રહી હતી, જ્યારે વણીકો ત્યાંથી વિદાય થયા ત્યારે તેનામાં કંઇક હિંમત આવી. એક વખત દીર્ઘશ્વાસ લઇ, આમ તેમ જોઇ સર્યુને પૂછ્યું,—"માડી ! તારાં અને મારાં ઘરેણાં એ લોકો ક્યાં લઇ જાય છે ?

સર્યુએ સરલાના મસ્તકપર હાથ ફેરવતાં અને આશ્વાસન આપતાં કહ્યું કે,—"બ્હેન ! ત્હારા માટે બીજાં સારાં ઘરેણાં ઘડાવીશું !

મુગ્ધ બાળાએ વળી પોતાની કાલી ઘેલી ભાષામાં પૂછ્યું,—"માડી ! કેમ ત્હારાં ઘરેણાં તને નહોતાં ગમતાં ? તું પણ બીજાં ઘડાવીશ ? મા, મને તો મ્હારાં ઘરેણાં ઘણાં ગમે છે ? માટે મને તો તેજ પાછાં લાવી આપને ? સરલાએ સુમન સામું જોયું, સુમન ચુપ રહ્યા. સર્યુએ ફરી કહ્યું,—"બ્હેન ! એ ઘરેણાં તને હવે શોભતાં નથી. ત્હારા માટે જંગલમાં હવે ઘણાં ઘરેણાં છે.

સરલાએ કહ્યું,–" મા! શું તું ખરૂ કહે છે ? ત્યારે જંગલમાં ઘરેણાં મને આણી આપને ?

સર્યુએ સુમનને કહ્યું,–" સુમન! જા, બ્હેનના માટે બે ફુલના ગજરા બનાવી લાવ તે ગજરા બ્હેનના હાથે પ્હેરાવીશું, થોડાં છુટાં ફુલ પણ લાવજે તેની માળા બનાવીશું, અને બ્હેનના કંઠે પ્હેરાવીશું.

સર્યુએ સરલાને વ્હાલથી ચુંબન કર્યું તેની આંખમાં આંસુ હતાં, સુમનની આંખ પણ ભીનીજ હતી.

દુઃખી કુટુંબે પોતાની મુસાફરી શરૂ કરી.

પ્રકરણ ૧૯ મું.

રાજ્ય પ્રપંચ—અને સ્ત્રી ચરિત્ર.

સત્યસીંહ દેશનીકાલ થયા પછી પણ રાજ્યમાં ચાલતી ખટપટ હજુ શાન્ત થઇ નથી. રાજ્યના પ્રત્યેક નેતાઓ પોતપોતાની ઇચ્છાના પંથ ઉપર મનમાનતી રમત ચલાવી રહ્યા છે.

રાજ્યતંત્રનો મુખ્ય નેતા હાલ અબુધસીંહ થઇ પડ્યો છે તેના હૃદયમાં એક ઉંડી જીજ્ઞાસા છે અને તે એકે રાજા મુકુંદસીંહનો જલ્દી અંત આવે તો પોતે રાજ્યનો અધીપતિ થાય. તેટલા માટે તેણે રાજ્યની રંગભૂમિપર વિચિત્ર પ્રકારની શેત્રંજ ગોઠવી છે. એક તરફ રાજા વિમળસીંહની સાથે તેણે–રાજકન્યા સુલોચનાને તાબે કરી ગાદી મેળવવાની છુપી ગોઠવણ કરી છે. બીજી તરફ રાજકુમારના મૃત્યુ બદલ સુલોચનાપર પુરૂં વૈર લેવા નીમીત્તે રાણીને પોતાના વિશ્વાસમાં લીધી છે. રાજા મુકુંદસીંહ હાલ અશાન્ત અને વ્યાકુળ છે, રાજ્યકાર્ય તરફ બિલકુલ ધ્યાન આપતો નથી. તેથી રાજ્યના એક છેડાથી બીજા છેડા સુધી અબુધસિંહનુંજ ચલણ છે. અબુધસીંહ એક યુક્તિપુર્વક ખુશામત કરનારો છે.

ખુશામત કરીને વશ કરવાની તેનામાં એવી તો કળા છે કે તેને લીધેજ તેણે રાજા રાણીનો સંપૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. તે રાણીની રૂચિ અને વલણમાં વિશેષ કરીને ભળી જાય છે, સુલોચનાનું કાસળ કાઢવા માટે રાણીના વિચાર સાથે તે છુપી રીતે સંમત થયો છે. જ્યારે

તેની સલાહ પુછવામાં આવે છે ત્યારે કયો જવાબ સૌથી વિશેષ અનુકુળ અને પ્રિય થઇ પડશે. તેનો વિચાર કરી તે જવાબ આપે છે. ગમે તે રીત્યે પણ રાણીને વિશેષ ગમતો થઇ પડવાને તે પોતાની શોધક બુદ્ધિ અને ખંતને નિરંતર પ્રવૃત્ત ને પ્રવૃત રાખે છે.

એક દિવસ રાણીએ અને અબુધસીંહે, સુલોચનાનું કાસળ કેવી રીત્યે કાઢવું તે વિષે વિચાર કર્યો, અબુધસીંહે પોતાના ધારેલા નીશાન તરફ દ્રષ્ટિ રાખી એવો અભિપ્રાય ઝાહેર કર્યો કે—જે વિકળસીંહને સ્ત્રીનાં વસ્ત્ર પહેરાવી તેનું અપમાન કર્યું છે તેનીજ સાથે સુલોચનાનું લગ્ન કરવામાં આવે તો વિકળસીંહ તેનું વૈર લીધા શિવાય રહેશે નહિ, કદાચ સુલોચના વીકળસીંહની સાથે લગ્ન કરવા નાકબુલ થશે તોપણ તેનું કાસળ કાઢવું તદન સહેલું થઇ પડશે. રાણીને આ યુક્તી પસંદ પડે છે.

એક દિવસ રાણીએ અબુધસીંહની હાજરીમાં રાજાને કહ્યું,—"સ્વામી ! શું રાજા વિમળસીંહે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે, એ સત્ય વાત છે ?

રાજાએ કહ્યું,—"હા, પણ તેમાં ડરવા જેવું શું છે ?

અબુધસીંહ રાજાના ઉત્તરને અનુમોદન આપતાં બોલ્યો,—"કંઇજ નહિ, વિમળસીંહ જેવા મગતરાને એક પળમાં પીલી નાંખવા અમારૂં સૈન્ય એકેપગે તૈયાર છે.

રાણીએ વાર્તાનો મુળ ઉદ્દેશ પ્રકટ થવાના હેતુથી પૂછ્યું,—"પણ તે વિમળસીંહ શા માટે રાજ્યની શાન્તીમાં ભંગ પાડતો હશે ? તેના હૃદયમાં આવી પ્રબળશત્રુતા શાથી જન્મ પામી હશે ?

રાજા ઉત્તર આપે તે પહેલાંજ અબુધસીંહ બોલી ઉઠયો,—"જ્યારથી સુમને વિકળસીંહને સ્ત્રીનો પોષાક પહેરાવી અપમાન કર્યું છે, ત્યારથી વિમળસીંહની શત્રુતાએ ઉગ્રરૂપ ધારણ કર્યું છે.

રાણીએ કહ્યું,—"ખચીત્ત એ સુમનની ઉદ્ધતાઇ છે. યુદ્ધમાં જય પરાજય તો આદીઅન્ત છે, જ્યારે વિકળસીંહ શરણે થયો હતો ત્યારે તો સુમને ક્ષાત્રધર્મ પ્રમાણે તેનું સન્માન કરવું જોઇતું હતું તેને બદલે અનહદ અપમાન કરી નાહક રાજ્યની શાન્તિમાં ભંગ પડયો છે.

અબુધસીંહે રાણીના મતને ટેકો આપતાં કહ્યું,—"આપનું કથન

સત્ય છે. રાજપુત પરાજય સહન કરી શકે પણ અપમાન સહન કરી શકે નહિ.

રાજાએ કહ્યું,—" માટે શું મ્હારે શત્રુને શરણુ થવું ?

અનુધસીંહે રાજાને પોતાના વિશ્વાસમાં લેવાના ઉદ્દેશથી–તેની તરફેણુ કરતાં કહ્યું,–" કદી નહિ, મહારાજા શત્રુને નમે તે પહેલાં અમારાં શીર ધડપરથી જૂદાં પડવાંજ જોઈએ.

રાણીએ કહ્યું,–" તેમાં શું સાર્થક થયું. રાજ્યના અગત્યના હિતને માટે, અથવા પ્રજાહિતને માટે જો આપણા શુરવીરોનાં શીર આપવાં પડતાં હોત તો તેને માટે કંઇપણ દીલગીરી નહતી, પણ માત્ર એક બાળકની ઉદ્ધતાઇના બદલામાં તે કિંમતી જાનોની ખુવારી થતી હોય તો મને લાગે છે કે કોઇ રીત્યે સલાહ શાન્તિ થાય તેનો ઇલાજ કરવો વધારે વ્યાજબી ગણાશે.

અનુધસિંહે રાણીના અભિપ્રાયને પુષ્ટિ આપવા કહ્યું,–" સલાહ, પણ સહજમાં થાય તેવી છે. વિમળસિંહની માગણી માત્ર એટલીજ છે કે સુલોચનાનું વિકળસીંહ સાથે લગ્ન કરવું.

રાણીએ આશ્ચર્ય થતાં કહ્યું,–" શું અનુધસીંહ તમે સત્ય કહો છો ? જો વિમળસીંહની એજ માગણી હોય તો તે સહજમાં સ્વિકારી શકાય તેવી છે. હું તો એમ ધારતી હતી કે વિમળસીંહની માગણી ઘણી વીચિત્ર હશે. "

અનુધસીંહે રાજાને સારૂં લગાડવા કહ્યું,–" વિમળસીંહ અનુચિત માગણી કરતાં પહેલાં સારી રીત્યે જાણે છે કે રાજા મુકુંદસીંહ નીર્બળ હાથે તલવાર પકડતો નથી. "

રાજાએ કહ્યું,–" વીમળસીંહની માગણી ઉચીત હોય યા અનુચિત હોય પણ તે યુદ્ધનો ભય બતાવી મ્હારી પાસે તે માગણી કબુલ કરાવવા ધારે છે, એ તેની કેટલી મૂર્ખાઈ છે ?

અનુધસિંહે હાજી હા કરવાની નીતિ અખત્યાર કરી કહ્યું,— " તદન મૂર્ખાઈ છે. કદાચ તેણે નમ્રતાથી માગણી કરી હોત તો તે જૂદી વાત હતી.

રાણીએ કહ્યું,–" હું ધારૂં છું કે મ્હારા સ્વામીના આવા ઉત્તમ વિચારોની વિમળસિંહને કોઇરીત્યે જાણ પડે તો તે યુદ્ધનો વિચાર

માંડી વાળીને રાજ્યરીતી પ્રમાણે સવિનય માગણી કરવાનું સ્વિકાર્યા વિના રહે નહિ.

અબુધસીંહે પુષ્ટી આપતાં કહ્યું,–" આપનું ધારવું વાસ્તવિક છે, કેમકે વીમળસીંહ જાણે છે કે રાજા મુકુંદસીંહની સાથે યુદ્ધ કરવું એ પતંગીયાને દીવામાં પડી બળી મરવા સમાન છે. પરંતુ માહારાજાની આજ્ઞા હોય તો વીમળસીંહ સવિનય માગણી કરે એવી યુક્તીપુરઃસર યોજના કરવાને હું તૈયાર છું.

રાજાએ કહ્યું,–" અબુધસીંહ! એવી યુક્તી આપણા તરફથી કરવી એ તેને શીર નમાવવા જેવુંજ છે. વળી સુલોચના પણ ભાગ્યેજ વીકળસીંહ સાથે લગ્ન કરવાનું કબુલ કરશે માટે એ પતંગીયાને દીવામાં પડી મરવાજ દો.

રાણીએ મુખમુદ્રાપર ઉદાસી આણી કહ્યું,–" સ્વામી! વખતે પતંગીયું દીવાનો પણ નાશ કરે. યુદ્ધમાં જય પરાજય એતો ઇશ્વરાધીન છે. લડાઇ એતો આખરનોજ ઇલાજ છે. સ્વામી! હું સ્ત્રી છું આવી રાજકીય બાબતોમાં સલાહ આપવાને યોગ્ય નથી પણ મ્હારા જીવનનો આધાર હવે આપના ઉપરજ છે મ્હારે એક પુત્ર હતો તેના મૃત્યુનો ઘા મારા હૃદયમાં હજુ તાજો છે. તેવામાં આ ભયનું વાદળ આવી ઉભુ રહ્યું છે. માટેજ કહું છું. વળી રાત્રીએ મને ભયંકર સ્વપ્ન પણ આવે છે જાણે મને કોઇ લુંટી લેતું હોય મ્હારા માથાપરના કેશ ઉતારતું હોય, મ્હારો મ્હેલ કોઇ સળગાવતું હોય, મ્હારૂં વહાણ ભાગી નાંખતુ હોય એવું એવું દેખાય છે. એટલુ છતાં પણ મ્હારા દુઃખની આપને પરવા ન હોય તોપણ સુલોચનાના હિતને માટે પણ લડાઇનું કારણ નિર્મુળ કરવાની જરૂર છે. શું સુલોચનાને અવિવાહીત રાખવી છે? સર્પના ભારા સાચવવા કેટલા મુસ્કેલ છે તેતો અમે સ્ત્રીઓજ જાણીએ. ગમે ત્યાં પણ સુલોચનાનું લગ્ન કર્યાશિવાય તો છુટકોજ નથી. ત્યારે વિકળસીંહ શું લાયક નથી? સુલોચના ભવિષ્યમાં મહારાણી થશે.

રાજાએ કહ્યું,–" સુલોચના ભાગ્યેજ એ સંબંધ કબુલ રાખશે.

રાણીએ કહ્યું,–" તેતો હું પણ જાણું છું, કેમકે સુમન પ્રત્યે તેનો પ્યાર છે. અને સુમનને આપે દેશનીકાલ કર્યો છે, માટે જે રીત્યે તેનો સખ્ત બદલો આપને મળે એવુંજ તે કરશે. કદાચ તે

સુમનની સાથેજ લગ્ન કરવાની માગણી કરશે. શું આપ તે માગણી સ્વિકારશો ?

રાજાએ કહ્યું,–" નહિજ. કદાચ અન્ય રાજ્યવંશીને શોધી કાઢીશ.

રાણીએ કહ્યું,–" આપનો તે પ્રયત્ન મીથ્યા છે, કેમકે કુમાર વીકળસીંહે એક વખત તેનું હરણ કર્યું હતું. ત્યારપછી સુમન સાથે સંબંધ થયાની વાત બહાર પડી હતી. માટે કોઇ કુળવાન અથવા પોતાની જાતનું માન સાચવનાર ક્ષત્રી સુલોચનાનો સંબંધ સ્વિકારશે નહિ. શું રાજપુતોમાં કન્યાઓનો કંઇ તોટો છે ? રાજા વિમળસીંહ પણ ટેકની ખાત્તરજ એનો સંબંધ સ્વીકારે છે. ત્યારે આપણે શા-માટે સુલોચના સુખી થાય, અને પ્રજા નિર્ભય થાય, એવો રસ્તો ન લેવો જોઇએ ? સ્વામી ! જુઓ પ્રજા હાલથીજ નાશભાગ કરવા લાગી છે. તેમને પોતાની લક્ષ્મી લુંટાઇ જવાનો ભય ઉપત્ન થયો છે માટે શાન્તી અને સમાધાની ભોગવતા રાજ્યને જોખમમાં ન નાખો. પ્રભૂ ! હું નિરાધાર છું, મને રઝળતી ના કરો. એમ કહી રાણીએ આંસુની રેલ ચલાવી. અબુધસીંહે પણ રાણીપર દયા ખાઈ કૃત્રિમ આંસું આણ્યાં. રાજાનું હૃદય રાણીની હાલત જોઇ દ્રવિત થયું. તેણે રાણીને આશ્વાસન આપતાં કહ્યું,–' રાણી ! તમારી સલાહ કીમતી છે તેના ઉપર હું પુરતું ધ્યાન આપીશ, અને ઘટતો વિચાર કરીશ.

વિષયસુખથી બંધાયેલા, અને મોહક ઇન્દ્રજાળ જેવા દેખાવોથી લલચાયેલા મનુષ્યોની સ્થીતિ દયાજનક હોય છે.

રાજા, રાણીની સલાહનું ચીંતવન કરતો સુલોચનાના નિવાસ ભણી ગયો. પાઠક મહાશય ! ચાલો આપણે પણ તેમની પાછળજ જઇએ. અને દુઃખી સુલોચના શું કરે છે તેનું અવલોકન કરીએ.

પ્રકરણ ૨૦ મું.

સ્વપ્નમાં પણ પ્રેમનુંજ સામ્રાજ્ય.

સત્યસીંહ અને તેનું દુઃખી કુટુંબ મુસાફરીનાં અનેક વિઘ્નોને ભેદી હજુ જંગલમાંજ પ્રયાણ કરે છે. સત્યસીંહ ન્હોતો જાણતો કે એક દિવસ એવો પણ આવશે કે જ્યારે પોતાની સ્ત્રી, અને ન્હાની

પુત્રીનાં ઘરેણાંપર પોતાને આધાર રાખવા પડશે. પોતાના કુટુંબને એક ભિક્ષુકની હાલતમાં આવી પડેલું જોઇ તેને સહજ લાગણી થઇ આવી, પરંતુ પુનઃ તેણે મહાત્માનો મહાન મંત્ર સ્મરણમાં આણ્યો.

સર્યુ આખર તોપણ સ્રી છે તેનું મનોબળ કેટલું હોઈ શકે ? સ્વામીનો દિલાસો એજ સર્યુના સંતોષનું ઔષધ છે, સ્વામિના મધુર શબ્દો, અને અસરકારક દ્રષ્ટાન્તો એજ સર્યુના મનનું સમાધાન છે. સર્યુને હજુપણ ભોગવેલી સુખી જીંદગીના દિવસો યાદ આવે છે સત્યસીંહ સર્યુના મનની હાલત સારી રીત્યે જાણે છે તેથી ફરી ઉપદેશ શરૂ કરે છે.

"સર્યુ ! આ જંગલમાં ફરતા ગરીબ મનુષ્યો તરફ જો ! તેમના શરીર ઉપર પ્હેરવાને પુરાં વસ્ત્ર પણ નથી, તે છતાં તેઓ કેવા ઉલ્લાસમાં દોડે છે. ઉન્હાળાનો સખ્ત તાપ, અને તપેલી ધરતી પણ તેમને દુઃખી કરવામાં અશક્ત નીવડે છે. સર્યુ ! આપણો એશઆરામ એજ હાલના દુઃખનું કારણ છે એમ હવે તને સમજાય છે ?

સર્યુએ કહ્યું,–"હા, સમજાય છે, શરીરની નિર્બળતા, અને મનની નિર્બળતા એશઆરામમાંથીજ જન્મ પામે છે.

સત્યસીંહે બીજું દ્રષ્ટાન્ત બતાવી કહ્યું,–" વળી જો ! સર્યુ ! સામે પેલી બાળકી શું કરી રહી છે ? તે હાલ એકલીજ જંગલમાં રખડે છે. અને કાંટાવાળા વૃક્ષોમાંથી પણ સ્વાદિષ્ટ ફળો ચુંટી ખાય છે. આહા ! તે દેખાવમાં દુઃખી જણાય છે, છતાં તેના મુખમંડળ પર કેવો આનંદનો મધુર પ્રકાશ જણાઇ આવે છે ?

સર્યુએ કહ્યું,—"હા, પ્રભુ ! હું જોઇ શકું છું. આપણી સરલા કરતાં તેની વય વધારે નથી, પણ સરલા સુખમાં ઉછરેલી છે એજ હાલ તેના દુઃખનું કારણ છે.

સત્યસીંહે કહ્યું,—"સર્યુ ! વાસ્તવિકરીતે તો સુખ, અને દુઃખ એ માત્ર મનની માન્યતા છે. એક પ્રકારનું સુખ તેનાથી શ્રેષ્ટ પ્રકારના સુખની સરખામણીમાં દુઃખ ગણાય છે, ત્યારે એક દુઃખ તેનાથી અધીક દુઃખની સરખામણીમાં સુખ મનાય છે. નિઃસ્વાર્થપણે કામ કરવાની મનોવૃત્તિ દુઃખની સામે અડગ રહેતાં શીખવે છે. શુદ્ધ બુદ્ધિથી અને સદાચરણથી કર્તવ્ય બજાવતાં વિઘ્નરૂપે આવી પડતાં સંકટો દ્રઢતા અને ધૈર્યતા ધારણ કરતાં શીખવે છે. જ્યારે

અસ્તોદયના નિયમ પ્રમાણે સુખ અને દુઃખ એ કુદરતનો કાયદોજ છે, ત્યારે પછી તે કાયદાને તાબે થતાં દુઃખને દુઃખ નહિ સમજતાં ફરજ માનવી જોઇએ. અને જે એ પ્રમાણે માને છે, તેને દુઃખ કાંઇ અસર કરી શકતું નથી, માટે સર્યુ ! સુખ, અને દુઃખપ્રત્યે સમાન ભાવ ધારણુ કરવાનો, અને ગમે તેવી હાલતમાં પણુ સંતોષ માનવાનો સદ્‌ગુણુ ઘણોજ કિંમતી છે.

સર્યુએ કહ્યું,—“નાથ હું પરમાત્માની પાસે એજ માગું છું કે તે મને સંતોષી અને સહનશીલ બનાવે.

આ પ્રમાણે વાતો કરતાં તેઓ માર્ગક્રમણુ કરે છે. સરલાનું શરીર શ્વાસથી રૂંધાઇ ગયું છે, ગળું તૃષાથી સુકાઇ ગયું છે. ચાલવાની તેમનામાં શક્તિ નથી. સુમન પણુ શ્રમિત થયેલો છે.

પરમાત્માએ પ્રાણિમાત્ર ઉપર કરેલા અસંખ્યાત પરોપકારોની કિંમત કોણ કરી જુએ છે ? સાતમાળની હવેલીમાં વસનાર શ્રીમંતો ગાડી, લાડી, અને વાડીમાં નિરંતર વિલાસમસ્ત રહેનાર ધનાઢયોને પરમાત્માની અનહદ દયાજન્ય કૃતિ માટે વિચાર કરવાની એક પળની પણુ ફુરસદ ક્યાં છે ? નિઃસંદેહ જંગલ નિવાસ કરનારા ગરીબો અને પર્યટન કરનારા પથીકોજ કુદરતના ફળદ્રુપ બગીચા, પાણીથી ભરપુર ભરેલાં સરોવરો, શિતળછાયા અર્પણુ કરનાર ઘટાદાર વૃક્ષો ઇત્યાદી વસ્તુઓના સાનુભવવડે પરમાત્માની અદ્‌ભૂત કૃતિનું ચીંતવન કરી શકે છે. અરે ઓ જગતના મનુષ્યો ! તમારી આંખ એક પળને માટે ઉઘાડી કુદરતની અમુલ્ય બક્ષીસો પ્રતિ દ્રષ્ટિ કરો. શું તેણે તમારા માટે ઉત્પન્ન કરેલ સુખનાં સાધનો, કરોડોની લક્ષ્મી ખર્ચ કર્યા છતાં પણુ તે પ્રાપ્ત કરવાનું તમે સામર્થ્ય ધરાવી શકો છો ? નહિજ.

સત્યસીંહ અને તેના દુઃખી કુટુંબને આગળ જતાં કુદરતની પ્રસાદીરૂપ એક જળાશયનો આશ્રય મળે છે. તે જળાશય સુંદીર સરોવરને નામે ઓળખાય છે. સરોવર જળથી છલોછલ ભરાયેલું છે. એક પછી એક તેમાં અનેક તરંગોનું આવાગમન થાય છે, શાન્ત અને મધુર પવન આમથી તેમ પ્રસરાય છે, અનેક જળચર પ્રાણીઓ તેમાં કુદાકુદ કરી રહેલાં છે. સરોવરની આવી મનોહર રમણિયતા નિહાળી તે માર્ગે પ્રયાણુ કરનાર પ્રત્યેક પથીકો ત્યાં વિશ્રામ કરવાને લલચાય છે. આપણો સત્યસીંહ અને તેનું દુઃખી કુટુંબ પણુ સરોવર સમીપનાં વૃક્ષો નીચે વિશ્રામ લે છે.

શ્રમીત થયેલી સરલા અમૃતસમાન સરોવરના મીઠા જળનું પાન કરી માતાના ખોળે વિશ્રામ લે છે અતિશ્રમને લીધે કંટાળેલી બાળા થોડીવારે નિદ્રાધિન થાય છે. સર્યુ અને સત્યસીંહ શ્રમથી લાલચોળ થયેલા સરલાના દયામણા મુખપર વ્હાલથી ચુંબન કરે છે.

જંગલમાંથી વીણેલાં ફળ સુમન હાજર કરે છે પણ સરલા ઉંઘી ગયેલી છે. તેથી તેને ક્ષુધાયુક્ત રહેવા દઈ ખાવું એ વર્તન દયાળુ માતાપિતાને અનુચિત લાગે છે તેથી ફળાહાર કરવાનું તેઓ માંડી વાળે છે.

સુમન સરોવર પાસે જાય છે. સમીપ જતાંજ તેના હૃદયમાં સુલોચનાના પ્રેમનું પુર પૂર્ણ વેગમાં ચઢી આવે છે. સરોવરપરનો પ્રેમ સંવાદ મૂર્તિમાનરૂપે તેની દ્રષ્ટિ સમક્ષ આવી હાજર થાય છે, પ્રણયિની પ્રતિનો પ્રેમ એ એક એવી ચમત્કારી વસ્તુ છે કે જ્ઞાનીમાં જ્ઞાની મનુષ્ય પણ શક્યાશક્ય અને સંભવાસંભવનું ભાન ભૂલી જઈ પોતાની પ્રિયતમાની મનોહર મૂર્તિને જળના તરંગોમાં, વૃક્ષના પલ્લવોમાં, આકાશના વાદળાંઓમાં જોવા તત્પર બની જાય છે. સુમન પણ જાણે પોતાની પ્રિયતમાને શોધતો હોય તેમ આમથી તેમ આંટા મારે છે. પણ ત્યાં સુલોચના ક્યાંથી? સુમન ધાઢ નિઃશ્વાસ નાખે છે. સુમન બહાદુર છતાં પણ તેની આંખમાંથી બે અશ્રુબીંદુ સરી પડે છે.

સુમન સરોવરના કિનારે ચળકતી રૂપેરી રેતી ઉપર શયન કરે છે પોતાની પ્રણયિનીના વિચારમાંજ નિદ્રાધીન થાય છે. સુમનને એક મધુર સ્વપ્ન આવે છે. જાણે સુમન ફળફુલ વિણવાને જંગલમાં ગયો છે. આકાશ વાદળાંથી ઘેરાયેલું છે. નિશાદેવીની ભયંકર કાળી છાયા ધીમે ધીમે જગતમાં પ્રસરાવા માંડી છે. પર્વત પ્રદેશની નૈસર્ગીક સૌન્દર્યના ઉપર પણ કાળા રંગનો પડદો પડી ગયો છે.

સુમન ભૂલો પડયો છે. માર્ગ સુજતો નથી, ક્યાં જવું? શું કરવું? તેનું તે ચીંતવન કરે છે એકાએક સીતારના તાર સાથેનું એક મધુર ગીત સંભળાય છે.

સુમન તે સ્વર ભણી જાય છે, જાળાં અને જાંખરાંમાં આમથી તેમ અથડાય છે, શરીરે ઉઝરડા ભરાય છે, કાંટાવાળા વૃક્ષોથી વસ્ત્રો તણાય છે પણ તેટલામાં આકાશે વિજળીની પ્રખર રૂપ જ્યોતિ પ્રકટાય છે. તે જ્યોતિમાં સુમનને એક નવયૌવના સુંદરીનું દર્શન થાયછે.

આહા ! તે રમણીનું રૂપ કેવું રમણીય ! કેવી ચંચળ અને મોહક દ્રષ્ટિ ! કેવું વિશાળ વેણીબંધન ! વસંતરાજના સમીર તુરંગપર સ્વાર થયેલ મનોહર ગુલાબના પુષ્પને જોવા કોણ આતુર થતું નથી? ચંપક પુષ્પની રમ્ય છટા નિહાળવા કોણ લલચાતું નથી ? લલીત લલનાના લાવણ્ય-માધુર્ય પર કોણ મોહ પામતું નથી ? અરે ! આવી એક તરૂણ સુંદરી આવા એક અઘોર જંગલમાં એકલી શા માટે આવી હશે ? યમને પણ ડરાવે તેવી શ્યામ રાત્રી શું તેના હૃદયમાં કાંઇ પણ ભય સંચાર નહિ કરતી હોય ? શું જગતમાં પ્રેમ સંચાર કરનારી બાળાઓ આવા ઘોર અરણ્યમાં પણ પ્રેમનું મંગળ ગીત ગાતી ફરતી હશે ?

શું ત્યારે હું તેને પૂછી જોઉં ? મ્હારે શા માટે પુછવું જોઇએ? મ્હારે શા માટે અન્ય સ્ત્રી પ્રતિ દ્રષ્ટિ પણ કરવી જોઇએ ? એ પ્રમાણે તર્કવિતર્ક કરતો સુમન જાણે તે દીવ્ય મૂર્તિ સમીપ જાય છે.

કેવી જગદાધારની અપરીમિત લીલા ! એકાએક આકાશમાંના કાળાં વાદળાં દુર થાય છે. જગતમાં ચંદ્રની દીવ્ય પ્રભા પથરાય છે. જંગલનાં વૃક્ષો અને પર્વત પ્રદેશો રૂપેરી વસ્ત્ર ધારણ કરે છે. અનેક વૃક્ષો અને લીલી વનસ્પતિને ધારણ કરતું વૈભવશાળી વન, હાલ કુદરતના અનુપમ નંદનવન સમ ભાસે છે.

સુમન તે તરૂણ લાવણ્યવતિ તરફ પોતાની દ્રષ્ટિને સ્થીર કરે છે, સીતારના સપ્ત તારપર ફરતી રમ્ય આંગળીઓ અને કોકીલના જેવો મધુર કંઠ જોઈ સુમનના હૃદયમાં એક વિચિત્ર ભાવ ઉત્પન્ન થાય છે, શું આ સુલોચના હોય ?

નિર્ભાગી જીવ ! રાજ્યમહેલની એક અંધારી કોટડીમાં આંસુ પાડી દુઃખી જીવન વ્યતિત કરનારી બાળા અહીં કયાંથી ? આતો કોઇ જંગલની અધિષ્ટાતા દેવી હશે, અથવા તો સ્વર્ગમાંથી ઉતરી આવેલી કોઇ રંભા અથવા ઉર્વશી હશે.

સુમન આ પ્રમાણે તર્કવિતર્ક કરે છે તેટલામાંજ તેના આશ્ચર્ય વચ્ચે તે ખુબસુરત બાળા પોતાના કમળનાળ સમાન હાથમાંનો સીતાર દુર ફેંકી દઇ, હર્ષના વેગમાં ઉભી થાય છે, અને પ્રશ્ન કરે છે.

કોણ સુમન ?

“ કોણ મ્હારી પ્રિયતમા ? ”

“ હા, હા, હું તમારીજ પ્રિયતમા ”

વેલી જેમ વૃક્ષથી વિંટાય તેમ સુલોચનાની આંખમાંથી આંસુની ધારા ચાલે છે. સુમનનો ખભો આંસુથી ભીંજાઇ જાય છે, હૃદયહૃદયને પ્રસારી આપે છે, ગુપ્ત સંદેશો પહોંચાડે છે, પણ ઉભયમાંથી કોઇ શબ્દોચ્ચાર કરી શકતું નથી.

સુલોચના જાણે સુમનને કહે છે,—"સુમન ! હું રાજપુત રમણી છું! રાજપુત રમણીની પ્રતિજ્ઞા દ્રઢ છે, અવિચલિત છે.

"ત્યારે શું હજી પણ હું તમારા પ્રેમનો અધિકારી છું."

"પવિત્ર દંપતીના પ્રેમનો અધિકાર નષ્ટ કરવા જગતમાં કોણ સમર્થ છે?

"ખચીત્ત સુલોચના! તમે પવિત્ર છો. સુલોચના શરમને આધીન થાય છે. પ્રેમાવેશથી કાંપતો સુલોચનાનો હાથ સુમન પોતાના હાથમાં લે છે. આકાશમાં દેવો દુંદભી નાદ કરે છે, અથવા કહોકે મેઘની ગર્જના થાય છે. દેવતાઓ પુષ્પની વૃષ્ઠિ કરે છે. અથવા કહોકે જગત્‌ને નવું જીવન આપનાર મેઘરાજા જળની વૃષ્ટિ કરે છે. પુન: કાળાં વાદળાં નિર્મળ આકાશને ઘેરે છે. બીજી પળે અસખ્યાત સૈનિકોનું દળ તે પ્રેમી જોડાને ઘેરી ઉભું રહે છે. પ્રેમાળ દંપતી આશ્ચર્ય ચકિત થતાં. પરસ્પર એક બીજાની મુદ્રા નિકાળે છે.

ઉભયના મુખમાં હાસ્યની છટામાં, ઉભયના હૃદયમાં એક સરખી દ્રઢતા છે, ઉભય નિડર છે, ઉભય અકંપિત છે.

સૈન્ય બે વિભાગમાં વહેંચાય છે. એક વિભાગ સુમનને પકડી પુર્વ દીશામાં જાય છે, અન્ય વિભાગ સુલોચનાને લઇ પશ્ચિમ દીશામ જાય છે. બન્નેના વચ્ચે તેમના દુર્ભાગ્યનો પર્વત આવી પડે છે.

સુમન, સીંહની માફક ગર્જના કરતો શત્રુ દળમાંથી મુક્ત થાય છે અને એક પર્વત પર ચડે છે. તેની દ્રષ્ટિમાં અલૌકિક પ્રકાશ છે. તે પ્રકાશ પોતાની પ્રિયતમા તરફ ફેંકે છે. સુલોચના સુમનની સહાય માગતી હોય, કલ્પાન્ત કરતી હોય, એવી હાલતમાં પ્રતિત થાય છે. સુમન જાણે પર્વતપરથી ઉડવા પ્રયત્ન કરતો હોય, એક પક્ષીને પોતાની પાંખો આપવા યાચના કરતો હોય, અથવા દેવતાઓને એક વૈમાન અર્પણ કરવાની પ્રાર્થના કરતો હોય, તેમ આકાશની સામે જોતાં પોતાના હૃદયમાં ચીંતવન કરે છે એટલામાં આકાશ વાણી થાય છે. "સુમન! ઉતાવળો થઇશ ના!

સુમન જાગૃત થઇ જુએ છે. પર્વત નથી, પ્રિયા નથી, કોઇ નથી. આહા! કેવું મધુરૂ સ્વપ્ન! અરે પણ આખરે મૃગજળ! ખચીત્ત આ સંસાર એ પણ સ્વપ્નુંજ છે! મનુષ્યની જીંદગીનું પરિવર્તન એ પણ સ્વપ્નુંજ છે.

સુમન સાવધ થઇ માતા પિતાની સંભાળ લેવા જાય છે. તેઓ પણ કુદરતની સૌન્દર્યતા અને સરોવરની મનોહરતા નિહાળી પરસ્પર વાર્તાલાપ કરી રહ્યાં છે.

સત્યસીંહ, પોતાની પ્રાણેશ્વરી સર્યુને કહે છે, "સર્યુ! જો આ વિશાળ આકાશમાં શુકલપક્ષનો ચંદ્ર કેવી છટાથી આખા જગતને હસાવી રહ્યો છે.

"હા અને તે પોતે પણ હસે છે."

"સર્યુ! તે શા માટે હસે છે? તેના હાસ્યમાં ગુપ્ત રહસ્ય છે. તે જગતને હસીને પોતાનો ભાવિ સંદેશો સંભળાવે છે. ઢંઢેરો પીટીને તે સુજ્ઞ મનુષ્યોને સમજાવે છે કે, ઓ મોહમાં લુબ્ધ થયેલ માનવી જાત! તું આજે જેનો અલૌકિક પ્રકાશ જોઇ આનંદ પામે છે, તેના પ્રારબ્ધમાં પણ અસ્ત થવાનું સરજાયું છે.

"ઓ ઉદય અને અસ્ત! ત્હારૂં ગૌરવ સર્વ વ્યાપી છે. ત્હારી ગતિને કોણ રોકનાર છે? સૂર્ય ચંદ્ર ઇત્યાદી પણ ત્હારા ચક્રમાં આવી જાય છે તો અમે કોણ માત્ર?

"સર્યુ! ઉદયમાં હર્ષ પણ ન રાખવો અને અસ્તમાં શોક પણ ન કરવો એ પુજ્ય મહાત્માની શિક્ષા છે."

"તે શિક્ષા શિરોવંદ્ય છે."

"વળી જો સર્યુ! એ ચંદ્રમા પોતાના પ્રકાશિત પ્રતિબીંબ વડે સરોવરની છાતીપર જાણે ચુંબન કરતો હોય, એમ જણાય છે.

"હા, અને તેથીજ આ સરોવરની શોભા અત્યંત રમણિય લાગે છે.

"પણ તેની સાથે સર્યુ! એ પણ જો કે અદેખો વાયુ જળને સ્પર્શ કરી ચંદ્રનાં કિરણોને અસ્તવ્યસ્ત કરી નાખે છે. સર્યુ! શું અદેખાઇ માત્ર મનુષ્યમાંજ છે, સૂર્ય, ચંદ્ર, પવન, પાણી ઇત્યાદી કુદરતી તત્વોમાં પણ અદેખાઇનું મીશ્રણ ઉમેરાયલું છે.

'તે છતાં પણ સરોવર તો રમ્ય અને મનોહરજ લાગે છે."

"સયુ'! એજ પ્રમાણે આપણે ગંભીર અને સમાન ચીત્તવાળા થઇએ તો જગતમાં રમ્ય અને મનોહર દેખાઇએ.

દુરથી કોઇનો પગરવ સંભળાયો. સુમનનું તે ભણી ધ્યાન ખેંચાયું. "પિતાજી! આ તરફ કોઇ મનુષ્ય આવતો હોય એમ ભાસે છે."

'ભલે આવે! આ જળાશય, અને તેના કિનારે ઉગેલાં ઘટાદાર વૃક્ષો મુસાફરોને માટે વિશ્રામસ્થાન જેવાં છે."

સુમન પુનઃ તે દિશા ભણી પોતાની દૃષ્ટિ મર્યાદા ફેંકે છે, ત્યારે એક કદાવર બાંધાનો મનુષ્ય દૃષ્ટિગોચર થાય છે. જેણે શરીર ઉપર કાળો પોશાક ધારણ કરેલો છે. માથા ઉપર કાળા રંગના છુટા વાળ વિખરાયેલા છે. દાઢીના વાળ છાતી સુધી પ્રસરાયેલા છે. આંખ્યો રક્તપૂર્ણ છે, અને શરીર ઘણું મજબુત છે. જાણે કાળો પહાડ! કે પ્રચંડ રાક્ષસ!

સયુએ કંપિત સ્વરે કહ્યું—સ્વામી આ તો કોઇ પીશાચ!

પ્રકરણ ૨૧ મું.

કાળો સિંહ.

પ્રિય પાઠક! ખરેખાત શું તે પિશાચ હતો?

એ પ્રશ્નનો ઉત્તર તે પોતેજ આપશે.

તે કદાવર બાંધાના રાક્ષસી મનુષ્યે આવતાંજ પ્રશ્ન કર્યો,—અરે તમે કોણ છો?

સુમને ઉત્તર આપ્યો,—'અમે મુસાફર છીએ.'

"અરે ભલા મુસાફરો! શું તમે જાણતા નથી કે આ એક વિકટ જંગલ છે, જ્યાં અનેક ફાડી ખાનાર પશુ પ્રાણીનો નિવાસ છે. હંમેશ કેટલાક વિકરાળ સીંહ આ સરોવર પર પાણી પીવા આવે છે. અરે! જો તમે આ જગતમાં બે દિવસ વધારે જીવવાની આશા રાખતા હો તો એક પળનો પણ વિલંબ કર્યા વિના રસ્તે પડો.

સુમને ઉત્તર આપ્યો,—"જંગલના સીંહને શિયાળ માનનાર મનુષ્યસીંહનો તમને પરીચય નથી એમ લાગે છે. તમારૂં શરીર એક રાક્ષસના જેવું છતાં એક બીલાડીના બચ્ચાથી પણ ભય પામતા

હો તો અમારા આશ્વાસનથી નિર્ભય થાઓ. તમારો પ્રાણ બચાવવા માટે અમારા હાથ ઘણા મજબુત છે.

સુમનનો શૌર્યયુકત ઉત્તર સાંભળી તે કદાવર માણસ પોતાના મનમાં ચિંતવન કરવા લાગ્યો,—"ખરેખાત ! આ માણસો બહાદુરછે. માટે તેમની સામે સહજમાં ફાવી શકાય તેમ નથી.

હવે બીજો દાવ ખેલવો જોઇએ. એમ વિચારી તેણે પ્રકટ રીતે કહ્યું,—પૃથ્વીને નક્ષત્રી કરવામાં પરશુરામ નિષ્ફળ નિવડયા છે. એવી આજ મારી સંપૂર્ણ ખાત્રી થઈ એમ કહી તે પ્રચંડ મનુષ્યે ભોંયપર આસન લીધું. અને વળી કહ્યું;—માફ કરજો મુરબ્બી ! મેં આપને સાધારણ મુસાફર જાણી, અજાણતાં અપમાન કર્યું,— હવે મને સમજાય છે કે વિધાતા જેના હાથે વીરકંકણ બાંધે છે તેવા તમે આર્યભુમિના વીરસંતાન છો.

સુમને પૂછ્યું,–' એતો ઠીક, પણ આપ કોણ છો ? એ વાત કૃપા કરી કહેશો ?

' શા માટે નહિ કહું ? અને વળી તમારા જેવા એક વીર પુરૂષની આગળ તો અવશ્ય કહીશ.

સર્યુ અને સત્યસીંહ તેમની વાર્તામાં વિઘ્ન નાખ્યા વગરજ શાન્ત ચિત્તે શ્રવણનું કાર્ય કરતાં હતાં અને પ્રતિ પળે તે ભયાનક મૂર્તિને નિહાળતાં હતાં.

ભયાનક મૂર્તિએ પોતાનો હેવાલ શરૂ કર્યો,–હું આ પર્વત પ્રદેશનો રાજા છું. લોકો મને કાળા સિંહને નામે ઓળખે છે. તમને કદાચ અજાયબી લાગશે પણ જંગલનો સિંહ આ કાળા સિંહને દ્રષ્ટિગોચર કરતાંજ પગમાં પુંછ ભરાવી પલાયન થાય છે. મારૂં રહેઠાણ આકાશમાં છે, અથવા પાતાળમાં છે તે કોઇજ જાણતું નથી, મ્હારૂં કર્તવ્ય ઘણું વિચીત્ર છે. અને તે એકે રાજાઓ અને શ્રીમંતોને લુંટી ગરીઓને ન્યાલ કરવા. કારણ કે કુદરતની દ્રષ્ટિએ મનુષ્ય માત્ર એકજ પરમાત્માના સંતાનો છતાં રાજાઓ અને શ્રીમંતો રંક માણસને પોતાના પગ નીચે કચડી તેમના રુધિરમાંથી પોતાના વૈભવને ખીલવે છે. ગરીબોના દુઃખનું તેમને સ્વપ્નું પણ હોતું નથી. અને તેટલા માટે એક માણસ જાત તરીકે તેમના વૈભવમાંથી હિસ્સો મેળવવાને તેઓ હકદાર છે, અને ગરીબાઇના અંગે લાગેલી નિર્બળતા

તેમને તે હક અમલમાં આપતાં લાચાર બનાવે છે, માટે જેમના હૃદયમાં મર્દાનગીની ઉંડી છાપ છે, જેમના હાથે વિધાતાએ વીરકંકણ બાંધેલા છે, તેમણે તેવા ગરીબોને મદદ કરવી આવશ્યક છે. અરે ઓ વિર યુવાન! તું પણ એક વીર શ્રેષ્ટ છે, માટે અમારી મંડળીમાં સામેલ થા,—અમારા કર્તવ્યમાં સહાયક થા,—એક વખત આ જગતના તરફ દ્રષ્ટિ કરીને જો. જ્યાં ન્યાય, નીતિ, અને ડહાપણની વાતો સંભળાય છે ત્યાંજ અન્યાય, અનીતિ, અને ક્રુરતાનો નિવાસ છે. રાજાઓ પોતાનો વૈભવ વધારવા હજારો અને લાખો માણસોને પોતાના પગ તળે નિર્દયતાથી કચડે છે. ગરીબોના દુઃખનું તેમને સ્વપ્નું પણ નથી, ગાડી લાડી અને વાડીમાં મોજમાણુતા શ્રીમંતો પણ ગરીબોના રૂધિરમાંથીજ પોતાના સુખને શોધે છે, અને તેથીજ એક કણમાંથી હજાર કણની કુદરતી બક્ષીસ મેળવનાર ખેડુતો પોતાની બગલમાં ખેતર છતાં ભૂખે મરતા દ્રષ્ટિગોચર થાય છે, અરે ઓ વીર યુવાન! તું વિશાળ અને રમણીય જણાતાં શહેરોની જીંદગીને ભૂલી જા! એવી જીંદગી ગુજારનારાઓ તરફ એક વખત જ્ઞાનદ્રષ્ટિથી અવલોકન કર. મનુષ્ય નામને ધારણ કરનાર પશુઓ ત્યાં જઇને શું કરે છે? રાજાઓ—અને શ્રીમાનો—ની ખુશામત. એ શિવાય કંઇજ નહિ. હાજી હા કરનારાઓજ તેમની ગુલામગીરી કરવાને પાત્ર ગણાય છે. સત્ય અને નીતિથી ચાલનારાઓ દુઃખી થાય છે. દાંભિક, અટપટી, અને કાવતરાંખોર, હજારો મનુષ્યો પર સત્તા ચલાવવાનું શસ્ત્ર મેળવવામાં ફતેહમંદ થાય છે. અને પ્રમાણિક સાત્વિક વૃત્તિવાળા, અપમાન અને અપ્રીતિના ભોગ થઇ ચાલ્યા જાય છે. કાયર, ભીરૂ, અને બેકદર પ્રજા એવા જુલમગારોની વાહ વાહ પોકારે છે, અને સાદા, સરળ, અને દેવ જેવાઓને લોકો ઢીલા, ભોળા, અને ના હિંમતવાળા કહી વગોવે છે. વેર, ઝેર, દગો, પ્રપંચ, લુચ્ચાઇ, દોંગાઇ, ઇત્યાદિ અનાચારો જ્યાં ત્યાં દ્રષ્ટિગોચર થાય છે. ભલા, અને પ્રમાણિક નિષ્ટાવાળાઓ પણ આખરે પોતાના પેટ સામું જોઇ, ભાવે અથવા કભાવે તેવાજ પ્રપંચોને આધિન થાય છે અને ત્યારેજ તેઓ, પોતાનો પગ સ્થીર કરવામાં કેટલેક અંશે ફતેહમંદ થાય છે. અરે ઓ વીર પ્રવર! મારી દાઢીના વાળ કરતાં પણ વિશેષ કાવતરાં મેં મ્હારી દ્રષ્ટિએ જોયાં છે. અનુભવ્યાં છે. અરે એક વખતલો સંસા-

રનાં એ અધમ કાવતરાંથી છુટવા મેં વૈરાગ્યનો માર્ગ પસંદ કીધો હતો. પણ તે પછી મને એવો વિચાર થયો કે વૈરાગ્ય ધારણ કરવાથી સફળ શું ? વૈરાગ્યમાં સુખ હશે તોપણ તે એકલપેટું સુખ ગણાશે. વૈરાગ્ય ધારણ કરવાથી શું જગતમાંની બદી ઓછી થશે ? નહિજ, વીરયુવાન ! આખરે મેં એ નામર્દીનો માર્ગ તજી દીધો છે અને હવે મર્દાનગીના કીર્તિવંત માર્ગપર હું પ્રયાણ કરૂં છું. મનુષ્યની જીંદગીની સાથે દુઃખ જોકે જોડાએલું છે પણ હું એવા દુઃખમાંથી તો ખચિત્ત મુક્ત થયો છું કે જે દુઃખ સુખના આડંબરવાળું હોય છે. માટે ઓ મ્હારા ભલા મીત્ર ? તું અમારી વીરમંડળીમાં સામેલ થા. કુદરતની સૌન્દર્યતા, અને વન પ્રદેશની અલભ્ય પ્રસાદીઓ, ભોગવવામાં અમારો સહભાગી થા.

કાળાસીંહનું વૃતાંત સુમનને રસીક લાગ્યું. સત્યસીંહે પણ તે ધ્યાન પુર્વક સાંભળ્યું. સર્યુ તો આશ્ચર્યમાંજ ગરકાવ થઇ.

કાળોસીંહ ઉત્તર માટે પ્રતીક્ષા કરવા લાગ્યો, પણ સુમન તો કાળાસીંહનું અદ્‌ભુત વૃતાન્ત સાંભળી તેનું હ્રદયમાં મનનજ કરતો હતો તેથી પુનઃ કાળોસીંહ વાણી પ્રવાહ ચલાવવા લાગ્યો.

વીર પ્રવર ! પ્રભુએ મ્હારી દ્રષ્ટિમાં અદ્‌ભુત પ્રકાશ મૂક્યો છે, જેવડે હું જોઈ શકું છું કે તમારા મુખ ઉપર મર્દાનગીની ચળકતી પ્રભા છે. તે છતાં તમારી સ્થીતિ હાલમાં કરૂણાજનક થઈ પડી હોય એમ મને લાગે છે. હું ધારૂં છું કે તમે પણ જગતના પ્રપંચોને ભોગ પડેલા હશો. અને તે ઉપરથી હું અટકળી શકુ છું કે તમે ઘણાજ ભલા વિચારના, અને પ્રમાણિક નિષ્ટાવાળા હશો. તમારી પાસે પુરતો સામાન પણ નથી તે ઉપરથી જેને બુદ્ધિની સાથે શત્રુતા હોય તે પણ સમજી શકે છે કે તમે હાલમાંજ કોઇ મહાન સંકટના ભોગ થઇ પડયા છો. ત્યારે શું પુનઃ તમે એવાજ દુર્ભાગ્યને આધીન થવા વસ્તીમાં જાઓ છો ? તમારા હ્રદયમાં દ્રવ્યની વાંચ્છના હોય તો તે પણ અમારી મંડળીમાં સહેલાઇથી તૃપ્ત થઇ શકે છે.

ખરેખાત સત્યસીંહ ગંભીર અને પ્રભાવશાળી પુરૂષ ન હોત તો આજે તે કાળાસીંહની વાક ચાતુર્યતા આગળ મસ્તક નમાવ્યા વિના રહેત નહિ. પણ સત્યસીંહ ધાર્મીક અને સદાચારી હતો. તેથી તે કાળાસીંહની વાણીમાં લુબ્ધ થયો નહિ.

સત્યસીંહે ગંભીરતાથી પ્રશ્ન કર્યો—" વારૂ કાળાસીંહ ! તમારી પ્રસ્તુત કાર્કીદિને કેટલો સમય વ્યતિત થયો.

' આશરે દશ વર્ષ. '

' તે દરમ્યાન તમારા પરોપકારનાં કાર્ય કહી સંભળાવશો ? '

' શું તેની કંઇ નોંધ રખાય છે ? પણ હજારો શ્રીમંતો મારા બાહુબળ વડે પોતાના વૈભવથી નષ્ટ થયા હશે. અને અસંખ્યાત ભીક્ષુકો, મારા ઉદાર હાથે અન્ન ભેગા થયા હશે. મારા મજબુત હાથે સેંકડો ખુન થયાં હશે અને લાખો મનુષ્ય લોહીમાં રગદોળાયા હશે. મારી બહાદુરીનાં વખાણ હું પોતેજ કરૂં તે ગોગ્ય કહેવાય નહિ તે છતાં મારે કહેવું જોઇએ કે કાળાસીંહનું નામ સાંભળતાં .જંગલનાં વૃક્ષો પણ કંપી ઉઠે છે. પર્વતપ્રદેશ પણ મારા પગની ઠોકરથી ડોલાયમાન થાય છે વિકરાલ અને ફાડી ખાનારાં પશુઓ મને દેખતાંજ ત્રાસ પામી પોતાની ગુફાઓમાં ભરાઇ પેસે છે.

સત્યસીંહે ઘણીજ શાન્તિથી તેને ઉપદેશ આપ્યો–' કાળાસીંહ ! જગતના પાપી મનુષ્યો પ્રતિનો તમારો તિરસ્કાર સર્વથા સત્ય છતાં તમારા જીવનનો ક્રમ મને આદરણીય લાગતો નથી. પરમાત્માએ તમને અર્પણ કરેલું શૌર્ય ઘણા માણસોના દુ:ખનું કારણ થાય એ તો રૌરવ નર્કના દ્વારમાં પ્રવેશ કરવા જેવું મહાન પાપ છે. કાળાસિંહ ! વિદ્યા જગત્માં સર્વના ઉપર સરસાઇ ભોગવે છે, અને આ વિદ્યા એજ દુ:ખનું કારણ છે. શ્રીમતો અને રાજાઓ ગરીબોના રૂધિરમાંથી પોતાના સુખને શોધે છે. એ વાત સત્ય છે પણ એ સઘળું જગત્માં પ્રસરાયેલા અધર્મનું પરીણામ છે. શું એવો અધર્મ, અધર્મના પ્રત્યાઘાત વડે દુર થવો સંભવિત છે ? કાળાસિંહ ! તમારા હૃદયમાં જો પરોપકારની વૃત્તિ દૃઢ થયેલી હોય તો જગત્માં સુલેહશાન્તિ નિરંતર પથરાયેલી રહે તે માર્ગનું અવલંબન કરો. કેમકે સુલેહ શાન્તિની ફળદ્રુપ ભુમિમાં અનેક સુખનાં કલ્પવૃક્ષ ઉગી નીકળે છે. તેજ દેશ પ્રતિષ્ઠિત, અને ગૌરવશાળી ગણાય છે. પ્રજાની મધુર શાન્તિને ખલેલ પહોંચાડી અશાન્તિ ફેલાવનારાઓ અને જેની પાછળ ઉન્નતિનો પ્રકાશ અવશ્ય હોય છે એવા સુલેહના સ્વચ્છ માર્ગ· પર ભયના કંટક વેરનારાઓજ દેશના કટ્ટા શત્રુઓ છે. કાળાસિંહ ! શું દ્રવ્ય એ કીર્તિ અને સદાચાર કરતાં કિંમતી વસ્તુ છે ? કાળા-

સિંહ ! સીંહ કદાચ ભુખે પ્રાણ તજે પણ તૃણ ચરવાનો સ્વપ્ને પણ વિચાર કરે ? ભલા મીત્ર ! જે મનુષ્યનો ઉદ્યોગ ઘણા માણસોના સુખનું સાધન થાય તેનુંજ નામ સદ્કાર્ય છે. કે જે સદ્કાર્યની ભુમિકા શૌર્યશાળી અને બુદ્ધિશાળી મનુષ્યોના માટેજ નિર્માણ થયેલી છે. મ્હારો પુત્ર સુમન દુષ્કાળનો ભુખમરો સહન કરવા તત્પર છે. પણ જેમાં અપકીર્તિ, ઉચ્છૃંખલપણું, અને દુષ્ટતા અવિભક્ત છે તેવા કાર્યવડે કુબેરભંડારીનો ભંડાર મેળવવા તત્પર નથી.

કાળાસિંહે આશ્ચર્ય થતાં કહ્યું,—" શું ત્યારે એ વીરયુવાન તમારો પુત્ર સુમન છે ? જો તેમ હોય તો તમારૂં નામ સત્યસીંહ હોવું જોઇએ. અરે સત્યસીંહ ! તમારે અમારી મંડળીમાં સામેલ થવું કે નહિ એ તમારી મરજીની વાત છે, પણ જો તમે તમારૂં જીવન ચાહતા હોઓ તો બને તેટલી ત્વરાથી નાશી જાઓ, અથવા તો સ્વર્ગના દેવો પણ તમને દેખી શકે નહિ તેવા ગુપ્ત સ્થાનમાં છુપાઈ જાઓ, કેમકે જેમ ચતુર પારધિઓ પોતાની તીવ્ર દ્રષ્ટિથી નાશી ગયેલા શિકારને શોધે છે; તેમ વિમળસીંહ રાજાનું સૈન્ય જંગલે જંગલ, અને પર્વતે પર્વત તમને શોધે છે.

કાળાસીંહની વાત સાંભળી સુમન પોતાનાં માનીતાં હથીયાર સંભાળવા લાગ્યો, પણ સત્યસીંહના હ્રદયમાં તે શબ્દોની કાંઇ અસર થઇ નહિ, તેણે ગંભીરભાવે ઉત્તર આપ્યો, કાળાસીંહ ! તમારી વાણીમાં શૌર્ય અને ભયની ભભક એકસરખી જણાય છે તોપણ તેમાં ભલી લાગણીનું તત્વ છે તેને માટે હું ઉપકાર માનવાનું ભૂલી જઇશ નહિ.

કાળાસીંહે વળી ત્વરિત ગતિએ કહ્યું,—" આ સમય મ્હારી વાણીનું અવલોકન કરવાનો નથી, પણ સમયસુચકતા વાપરવાનો છે, સંકટની વખતે સહાય થવામાં પહેલ કરનાર પરમાત્માનો તમે ઉપકાર માનો કે તમારા મિત્ર કાળાસીંહને તે વિષેની પ્રથમ ખબર મળી ચુકી છે નહિ તો એક દમ ખેંચવા જેટલો સમય પણ ભાગ્યેજ મળત.

સત્યસીંહે કહ્યું, કાળાસીંહ ! ભયથી કાયર થઇ રાની પશુની માફક પર્વતની ગુફાઓમાં છુપાઇ રહેવું એ પણ એક જાતની શીક્ષાજ છે. મ્હારૂં હ્રદય એક પ્રકાશિત અવાજવડે મને હિંમત આપે છે કે " તું નિર્દોષ છે, અને નિર્દોષના હ્રદયને શિક્ષા કરવા કોઇ સમર્થ નથી."

કાળાસીંહે કહ્યું,–"તમારા આવા જક્કી સ્વભાવને માટે હું તમને કાંઈ ઠપકો આપી શકતો નથી, કેમકે એવો સ્વભાવ–એ વિર-પુરૂષોનો અમુલ્ય અલંકાર ગણાય છે. પણ મીત્ર એ ઉદાહરણ તમારે સ્મરણમાં રાખવું જોઇએ કે પાંજરામાં પુરાયેલો સીંહ માત્ર ગર્જ-નાઓ કરવામાંજ પોતાના સામર્થ્યને ગુમાવે છે, અને ગુફામાં છુપા-યેલો સીંહ હજારોના હાંજા ગગડાવી નાખે છે. તોપણ ખેર, હું તમને છેવટની એક ભલામણ કરૂં છું અને તે એ કે કદાચિત્ તે સૈનિકોનો તમને ભેટો થાય તો તેમને તમારૂં ખરૂં નામ જણાવશો નહિ.

સત્યસીંહે શીઘ્ર ઉત્તર આપ્યો,—કાળાસીંહ! મને અસત્યાચર-ણનો પાઠ ભણાવશો નહિ.

વાર્તાનો અંત આવે તે પહેલાંજ ધુળના ગોટેગોટ આકાશભણી ઉડતા દ્રષ્ટિગોચર થયા, તેથી કાળોસીંહ વિદ્યુત વેગે પલાયન થયો. તે પછી અલ્પ સમયમાં જેમ આકાશમાં એકાએક વાદળ ચઢી આવે તેમ રાજા વીમળસીંહનું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું અને સત્યસીંહના કુટુંબને ઘેરી લીધું.

કોમળ હૃદયની સર્યુ, અને શ્રમીત થયેલી સરલા, આ અચા-નક આફત નિહાળી હક્બક થયાં અને આકાશ સામું જોઇ સર્વ-શક્તિમાન્ પરમાત્માની પ્રાર્થના કરવા લાગ્યાં કે "હે પ્રભુ! હવે અમારૂં શું થશે?"

પ્રકરણ ૨૨ મું.

સત્ય કે પ્રપંચ.

જેમના હૃદયમાં દયાનું એક કિરણ પણ હોતું નથી તેઓના વૈરની કોઇ રીત્યે તૃપ્તિ થતી નથી. જ્યારે તેઓનો આત્મા તેમના પાપી શરીરને છોડી ચાલ્યો જાય છે, અને તે શરીર જ્યારે કુદરતની માટીમાં મળી જાય છે, ત્યારેજ તેમની ક્રુરતા અને દુષ્ટતાની સમાપ્તિ થાય છે.

પાપી અણુધસિંહે માનુષિક લાગણીઓ, અને કુદરતી દયાને તિલાંજલી આપી સત્યસીંહ અને તેના કુટુંબને હદ પાર કરાવ્યું,

તેમની સઘળી મિલકત રાજ્યમાં જપ્ત કરાવી, લ્હેણદારોને લ્હેણું વસુલ કરવા તેમની પાછળ મોકલ્યા. એટલેથીજ તેના કીનાખોર હૃદયને શાન્તિ વળી નહિ, તેથી તેણે રાજા વિમળસીંહ ઉપર એક પત્ર લખી મોકલ્યો, અને તેમાં કુમાર વિકળસિંહના અપમાનનું વૈર લેવા માટે સત્યસીંહ અને સુમનને કેદ કરવાની સુચના કરી, તેમજ તેઓ કેવી હાલતમાં કઇ દિશાભણી નિકળ્યા છે, અને તેમને કેદ કરવાનું પરિણામ કેવું ફળદાયક નિવડશે, અને રાજબાળા સુલોચના કે જે કુમાર વિકળસીંહના પ્રેમની વસ્તુ છે તે કેવી રીત્યે પ્રાપ્ત થશે તે પણ વિગતથી દર્શાવ્યું.

આ પત્ર રાજા વિમળસીંહને પહોચ્યો. અને તે તેણે ધ્યાનપૂર્વક વાંચી જોયો. કુમાર વિકળસિંહને થયેલા અપમાનનું વૈર લેવા તે આતુર હોવાથી પ્રસ્તુત પત્ર તેને આવકારદાયક લાગ્યો. તથાપી સત્યસીંહ, અને સુમન કે જેઓ પોતાના શત્રુ તરફથી અપમાન પામેલા છે તેમને વધારે દુ:ખી કરવાના નિર્ણયપર તે આવી શક્યો નહિ. કિન્તુ તેમને સન્માનપુર્વક બોલાવી, ઘટતો આશ્રય આપી રાજા મુકુંદસિંહનું વૈર લેવાને ઉપયોગી બનાવવા એવા નિશ્ચય ઉપર તે આવ્યો. તેથી તેણે સત્યસીંહ અને તેના કુટુંબની શોધ માટે પોતાનું સૈન્ય રવાના કર્યું.

પ્રસ્તુત સૈન્ય, સત્યસીંહ અને તેના કુટુંબને જંગલે જંગલ અને પર્વતે પર્વત શોધવા લાગ્યું. કાળોસીંહ કે જે પ્રખ્યાત બહારવટીઓ હતો અને જે ઘણું કરીને પર્વત પ્રદેશમાંજ રહેતો હતો. તેણે આ સૈનિકોના કર્તવ્યની છુપી તપાસ કરવા માંડી. અને તેમની તપાસનું કારણ જાણી લીધું.

કાળોસીંહ બહાદુર અને લડાયક વૃત્તિનો માણસ હતો, તેણે પોતાનું જે વર્ણન કર્યું હતું તે કરતાં પણ તે અધિક બળવાન હતો. ચોતરફ તેની એવી વીરહાક વાગી ગયેલી હતી કે જેથી તેને પકડવાની કોઇ હિંમત કરી શકતું નહતું. કાળોસીંહ જેવો શૌર્યપૂર્ણ હતો તેવોજ બુદ્ધિશાળી હતો, પણ કુદરતે તેના હૃદયમાં અર્પણ કરેલી સહનશીલતા ઉપરાંત રાજકિય જુલમ થવાથી તે પોતાના શૌર્યનો અને બુદ્ધિનો દુરૂપયોગ કરવાના નિર્ણયપર આવી ગયો હતો. અને હાલ તે નહિ ઇચ્છવા યોગ્ય માર્ગપર ઉભો હતો. ખરેખાત દેવ જેવા મનુષ્યોને રાક્ષસવૃત્તિના બનાવનારા મનુષ્યોજ છે.

કાળોસિંહ, વીરપુરૂષોને ખરા જીગરથી ચાહતો હતો. જગતમાં જીવવાને માટે તેઓજ લાયક છે એમ તે માનતો હતો. પોતાની સામે યુદ્ધ લેનાર જો કોઇ બહાદુર માણસ હોય તો બનતાં સુધી તેનો પ્રાણ લેવા તે પ્રયત્ન કરતો નહિ, કિન્તુ તેને જગત્‌ના પ્રપંચોનું દિગ્દર્શન કરાવી પોતાના પક્ષમાં લેવા પ્રયત્ન કરતો. કાળાસીંહના આવી જાતના પ્રયત્નવડે વીરપુરૂષોનું એક મંડળ ઉભુ થયું હતું.

કાળાસીંહે સત્યસીંહ અને સુમનની બહાદુરીનાં વખાણ ઘણી વખત સાંભળ્યાં હતાં. રાજા મુકુંદસિંહે તેમનું અપમાન કર્યાની વાત પણ તેણે જાણી હતી. અને તેથી તેને અત્યંત શોક થયો હતો, વળી જ્યારે તેણે જાણ્યું કે રાજા વિમળસીંહનું સૈન્ય પણ તેમને પકડવા ધારે છે. ત્યારે તો, સૈન્ય પોતાના કાર્યમાં ફતેહમંદ થાય તે પહેલાંજ બની શકે તેટલી ત્વરાથી તેમને મળવાનો તેણે વિચાર કર્યો અને આખરે મળ્યો.

કાળોસીંહ સરોવર ઉપર આવ્યો અને સત્યસીંહ તથા સુમનને જોયા ત્યારે તત્કાળ તેમની વીરતા વિષેનું વ્યાજબી અનુમાન કરી લીધું. અને વિશેષ ખાત્રી કરવા માટે કેટલાક પ્રયોગ અજમાવી જોયા.

કાળાસિંહને સંપૂર્ણ ખાત્રી હતી કે એક ક્ષત્રી પોતાના હૃદય-માંથી વૈરને ખોશે નહિ અને તત્કાળ વીરમંડળીમાં સામેલ થવાનું સ્વિકારશે પણ તેની તે આશા ખોટી પડી કારણકે સત્યસિંહ, એક માણસ કલ્પના કરી શકે તે કરતાં પણ વધારે નીતિશાળી હતો. અને કર્તવ્યાકર્તવ્યને જાણી શકે તેવો બુદ્ધિશાળી હતો.

કાળોસીંહ પોતાના પ્રયત્નમાં નિષ્ફળ નિવડયો તેથી ચાલ્યો ગયો અને સત્યસીંહ પુનઃ એક મહાન આફત નીચે આવી પડયો.

સૈન્યને સમીપ આવતું જોઇ, સુમન ઉશ્કેરાઇ ગયો, અને હથી-યાર હાથમાં લઇ સીંહની માફક કુદી પડવા તત્પર થયો પણ સત્ય-સીંહે તેને શાન્ત પાડતાં કહ્યું કે; સુમન ! મનુષ્યનો ધાંધલીઓ સ્વ-ભાવ વખતે તેના અધઃપાતનું કારણ થઇ પડે છે, માટે ધૈર્ય રાખ. સૈન્યના આગમનનું કારણ જાણવા દે. અને ખરેખાત તેઓ જુલમ કરવા માટેજ આવ્યા હોય તોપણ અન્યાયાચરણનું પ્રથમ પગલું તેમ-નેજ ભરવા દે.

સુમન આજ્ઞા પાળક હતો, તેથી તે પિતાની આજ્ઞાને આધીન

થયો, સૈન્યનો અધિપતિ આ પરિવર્તન દુરથી પણ દ્રષ્ટિગોચર કરી શકયો. અને સત્યસીંહની ગંભીરતા અને વિચારશીલતા માટે વ્યાજબી અનુમાન કરી શકયો.

સર્યુ અને સરલાની હાલત આ વખતે કેવા પ્રકારની હતી તેનું ચિત્ર ભાગ્યેજ અમારાથી આપી શકાશે. 'સર્યુનું હૃદય ભયથી કાંપતું હતું, છતાં તે પરમાત્માની પ્રાર્થના કરવામાં એક પળ પણ વિરામ પામતું નહતું. " અરે ! શું આકાશ અને પાતાળ પણ અમારી પાછળ વૈર લઇને પડયાં છે. ઓ પ્રભુ ! દુઃખનાં માર્યાં ઘર છોડી વનમાં આવ્યાં ત્યાં પણ શું તું દાવાનળ પ્રકટાવે છે ? અરે ઓ નિર્દય દેવો ! શું તમારા હૃદયમાં દયાનું એક ટીંપું પણ નથી ?

કરમાયેલી કોમળ કળી સમાન સરલા, સૈન્યને સમીપ આવેલું જોઇ માતાની કોટે વળગી પડી હતી, તેની છાતીમાં ભયને લીધે એવા ધબકારા થતા હતા કે જેના વેગથી સર્યુની છાતીમાં પણ પ્રતિધ્વનિ થતો હતો. સરલા આંસુભરેલી તીરછીઆંખે, પીશાચવૃત્તિવાળા સૈન્યને જોઇ રહી હતી, અને ડુસકાં ખાતી હતી. " માડી ! શું આ પીશાચો આપણુને પકડી જશે ? "

આ પ્રશ્નનો ઉત્તર કોણ આપી શકે ? આ નિર્દોષ બાળાને દિલાસો કોણ આપે ? સર્વનું ધ્યાન હાલ અસ્તવ્યસ્ત હતું.

સૈન્યનો ઉપરી આગળ આવ્યો, અને ઘોડા ઉપરથી નીચે ઉતરી, ઘોડો બીજાને સ્વાધિન કરી, સમીપ આવી, પ્રશ્ન કર્યો,—" સત્યસીંહના નામે ઓળખાતા ક્ષત્રીકુળદીપક આપ પોતેજ છો ?

સત્યસીંહે ગંભીરભાવે ઉત્તર આપ્યો,

હા,

નાયકે હાસ્ય મુદ્રાથી સત્કાર માટે હાથ લાંબો કર્યો, સત્યસીંહે સવિનય તે સત્કાર સ્વિકાર્યો.

નાયકે આગમનનું કારણ જણાવતાં કહ્યું—" આપના જેવા એક પ્રતાપી રણવીરને જોઇ હું ઘણો ખુશી થયો. પણ અમને જોયા પછી આપ ભાગ્યેજ ખુશી થયા હશો. કારણ કે અમારા પોશાકનો રંગ અમારી પ્રતિષ્ટા ઉપર પણ તેવોજ પડઘો પાડે છે. અમારા આગમનનો ઉદ્દેશ ગમે તેવો સ્તુત્ય હોવા છતાં, પ્રથમ દર્શનિક તે ઉદ્દેશપર કાળો પડદો નાખે છે. અને પ્રયત્ન વડે તે પડદો દુર કરવામાં આવે તો પણ તેના ઉપર તે રંગની પ્રભા પથરાએલી રહે છે.

સુમને વચમાંજ કહ્યું—" પ્રસ્તાવના ટુંકી કરો, અને આગમનનું સત્યકારણ ત્વરાથી કહો." સુમનની આંખ રક્તપૂર્ણ હતી અને વાણી ઘણી તિક્ષણ હતી.

નાયકે સુમનની શૌર્ય પૂર્ણ દ્રષ્ટિ જોઇ કહ્યું-" આ યુવાન એજ આપનો વીર પુત્ર સુમન હશે નહિ વારૂ ?

સત્યસીંહે ઉત્તર આપ્યો—હા.

'વીર સુમન ! તમે પણ તમારા પિતાના જેવા ગંભીર થઇ અમારા આગમનનું કારણ શ્રવણ કરો—મહારાજા વિમળસીંહ કે જેઓ સત્‌યુગના સત્યવાદી રાજાઓની યાદ આપે છે, તેઓશ્રીએ તમને થયેલા અપમાનની ખબર ઘણાજ ખેદની સાથે સાંભળી છે. રાજસ્થાનના વીરબાહુ રાજપુતો, કે જે ભારત વર્ષની એક મહા જાતિ છે. અને જેમના સર્વાંગમાં આર્ય તેજ—વીર પ્રતિભા—શ્રેષ્ઠ ગૌરવ-અને ઉચ્ચભાવનાઓ છે—તેમના ગૌરવનું—સન્માનનું—અને સ્વતંત્રતાનું રક્ષણ કરવું. તેને અમારા સ્વામિ જીંદગીનું પ્રથમ કર્તવ્ય માને છે. અને તેટલાજ માટે તેઓશ્રીએ તે દુ:ખદ ખબર જાણ્યા પછી સન્માન પૂર્વક આપને આમંત્રણ કરવાની મને આજ્ઞા કરી છે. અને તેથી આ સેવક આપની આગળ આવીને હાજર થયો છે.

આ ખબર સાંભળી સર્યું, અને સરલાના મુખ ઉપરથી શોકનો ભાવ કંઇક ઓછો થયો પણ સુમનના હૃદયમાં તો તેથી વિપરીત ભાવ પેદા થયો તે આ સઘળું પ્રપંચની જાળ હોવાનું માનવા લાગ્યો અને પોતાના પિતા શું ઉત્તર આપે છે. તે સાંભળવા આતુર દ્રષ્ટીથી જોવા લાગ્યો.

સત્યસીંહે સૈન્યના અધિપતિને ઉત્તર આપતાં કહ્યું—"જુઠું બોલીને—બીજા માણસોને પોતાના વિશ્વાસમાં લઇને અથવા ગમે તે પ્રકારે યુક્ત પ્રયુક્તિ કરીને એક માણસના શરીરમાંથી એક લોહીનું ટીપું પણ ટપકાવ્યા વિના, કાર્ય સિદ્ધી કરનારાઓ આ જમાનામાં ઘણું કરીને કાબેલ ગણાય છે, મને એવા કાબેલ માણસોનો પુર્વે ઘણો પરીચય થયો છે. ભલે તમે પણ એવી કાબેલીયતનું માન મેળવવા ઇચ્છતા હો, અને તેવું માન હમારા ભોગે તમને પ્રાપ્ત થઇ શકતું હોય તો, અમે તમારી સાથે આવવા તત્પર છીએ, પણ સાહેબ ! અસત્યાચરણ અને વિશ્વાસ ઘાતકતા એ મહાન પાપ ગણાય છે માટે પુન: એવું પાતક વ્હોરી લેશો નહિ.

નાયકે કહ્યું–" મારા કથન ઉપર અણવિશ્વાસ આણવાનું આપને કંઇ કારણ છે?

સત્યસીંહે કહ્યું—હા, કુમાર વિકળસીંહના પરાજયનો બદલો લેવા માટે મહારાજાનો વિચાર હોય એ સંભવિત છે. પરંતુ અમારી હાલની સ્થીતિમાં ભાગ્યેજ બદલો લીધેલો ગણી શકાશે.

નાયકે કહ્યું–સત્યસીંહજી! સંકટથી ગભરાયેલા મનુષ્યો હીરાના હારને પણ સર્પ માની કોઇ વખત તરછોડે છે. હું ધારૂં છું કે તમારી કલ્પના પણ તેવીજ છે. હું પ્રતિજ્ઞા પૂર્વક જણાવું છું કે આપને સન્માન પુર્વક આમંત્રણ કરવાની અમને આજ્ઞા થઇ છે. મારા માનવા પ્રમાણે આપના વિશ્રામસ્થાન માટે પણ ઘટતી યોજના થઇ ચુકી થઇ છે.

સુમન પોતાના મનમાંજ બડબડયો–શું આ તે સત્ય કે પ્રપંચ?

નાયકનું કથન સત્ય હો યા અસત્ય હો. પણ સત્યસીંહે સમયને માન આપી સશંક હૃદયે તેમની સાથે જવાનું સ્વિકાર્યું. અને ઘટતા માન અને આરામ સહીત તેઓ વિમળપુર પહોંચ્યા. ખરેખાત ત્યાં તેમના ઉતારા માટે ઘટતી ગોઠવણ થઇ ગયેલી હતી, અને એક રાજવંશીને છાજતી બરદાસ્ત, કરવા માટેની તૈયારીયો પણ થતી હતી.

પ્રકરણ ૨૩ મું.

વિયોગમાં પ્રેમની પ્રબળતા.

સુલોચનાએ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે, તેને સંસાર દુઃખના સળગતા દાવાનળ જેવો ભાસે છે. તેની જીંદગી હાલ ખારીઝેર થઇ પડી છે, તે આજે અસ્વસ્થ હાલતમાં બિછાનાપર પડેલી છે. અંતઃકરણ ચિંતાથી વ્યાકુળ છે, તે કોઇની સાથે બોલતી નથી, આનંદ ગયો છે, હાસ્ય ગયું છે, ઉત્સાહ ગયો છે, શાન્તિ ગઇ છે, રૂપ પણ નાશ પામતું જાય છે, શોકને લીધે તેનું શરીર કૃશ થઇ ગયું છે. આંખ્યો ઉંડી ઉતરી ગઇ છે. શરીરનું માંસ સુકાઇ ગયું છે. પ્રતિદીન નબળી અને ક્ષીણ થતી જાય છે, વર્ણની તે ઉજ્વળતા નથી–તે શોભા નથી–આંખની તે પ્રખરતા નથી. માત્ર હાડકાંનો માળો છે. સંક્ષેપમાં તે

ફુલતી ફાલતી કોમળ કળી આજે અનુકમ્પા થઇ આવે તેવી રીતે કરમાયેલી છે. તેનું સકળ સૌન્દર્ય ભસ્મમાં ઢંકાયેલા અગ્નિની પેઠે શોક અને ચીંતાના આવરણ નીચે છુપાયેલું છે.

સુલોચનાએ આહાર નિંદ્રા તજી દીધાં છે. સુમનના પ્રેમનું સ્મરણ એજ તેનો ખોરાક છે, એજ તેનો મંત્ર છે. બેસતાં, ઉઠતાં, હરતાં-ફરતાં તેનુંજ સ્મરણ છે, અને તેનીજ ચીંતા છે.

બાલ્યાવસ્થાનો પ્રેમ, બગીચાની સ્નેહકથા, સરોવરપરનો સંવાદ, મંદગી પ્રસંગનો પરિચય, પિતાનું વચન, લગ્નની તૈયારીઓ આ સર્વ બાબતો એક પછી એક સુલોચનાની દ્રષ્ટિ સમક્ષ તરવરે છે. શોકથી તેનું અંતઃકરણ ફાટી જાય છે. સુલોચના કોઇ કોઇ વખતે હ્રદયની અપરિમિત વ્યથાથી બેશુદ્ધ થાય છે. કોઇ કોઇ વખતે તેને સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તેને સુમનની પ્રેમમયી—અમૃતમયી—પ્રતિમાનાં દર્શન થાય છે. તે સ્વપ્નમાં શું જુએ છે? તે જુએ છે કે સુમનનું મનોહર મુખ તેના તરફ સ્થીર નેત્રે જોઇ રહ્યું છે—તે થોડું મધુર હાસ્ય કરે છે "આહા ! તે કેવું મધુર હાસ્ય? આહા ! તેનાં કેવાં આકર્ષક નેત્રો ? આહા ! તેનો કેવો નિર્મળ પ્રેમ? સુમન તેને ફુલની માળા પ્હેરાવે છે, માળા પ્હેરવાને વાંકી વળતી બાળા અચાનક પડી જાય છે, સુમન તેને પડતાં બચાવે છે, પોતાની છાતી ઉપર તેને વિસામો આપે છે, સુલોચના જાગી ઉઠે છે, જુએ છે, સુમન નથી, ફુલની માળા નથી; કોઇ નથી. નિરાશ થાય છે. નેત્રમાંથી આંસુની ધારા ચાલે છે, પથારી ભીંજાઇ જાય છે, કમનશીબ બાળાના આશ્વાસન માટે દીર્ઘ નિઃશ્વાસ શિવાય હાલ કાંઇ નથી !

આ પ્રમાણે એક તરફ સુલોચના સુમન પ્રત્યેના સ્નેહમાં આરૂઢ છે, બીજી તરફ તેનો પિતા સુમનને ભુલી જવા અને અન્ય રાજ-કુમાર સાથે લગ્ન કરવા ફરજ પાડે છે. સુલોચના પિતાની પાસે પ્રથમ મર્યાદાને આધીન થઇ ચુપ રહે છે; પણ હવે તે મૌન્ય તેને અવન-તિના માર્ગ તરફ, અધર્મના પંથ તરફ ઘસડી જતું પ્રતિત થાય છે. રાજબાળા હાલ ધર્મસંકટમાં છે. એક તરફ પિતાની આજ્ઞા, બીજી તરફ સુમનનો પ્રેમ,—માનસીક લગ્ન ! પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, એ શું પાપ નથી? ત્યારે વચનભંગ થઇ પવિત્ર પ્રતિજ્ઞાપર પગ દેવો એ શું પાપ નથી? લોકો મને સ્વચ્છંદી કહેશે? ભલે કહે. સંકલ્પ-

બળને માન આપનાર સુજ્ઞ જનો શું કહેશે? એજ કે રાજપુત રમણી પોતાની દ્રઢ પ્રતિજ્ઞા પ્રણાન્તે તોડી શકે નહિ. પ્રેમ એ હૃદયનો કિંમતી ખજાનો છે. ન્યાયના ત્રાજવામાં સુમનનો પ્રેમ વધવા લાગ્યો. પ્રેમ સુધાના સાગરમાં સુમન તરતો જણાયો. જાણે સુમનની પ્રેમમયી મુર્તી પોતાની સામે ઉભી છે. તે મ્લાન મુદ્રાથી પુર્વની પ્રતિજ્ઞાઓ યાદ દેવડાવે છે.

રાજા સુલોચના પાસે આવે છે.

રાજા–સુલોચના ! ત્હારૂં શરીર જોઇ મને ઘણું લાગી આવે છે.

સુલો–શા માટે ન લાગી આવે આપ મ્હારા પિતા છો. મ્હારા ઇશ્વર છો. હું આપની શરણાંગત પુત્રિ છું.

રાજા–સુલોચના ! જો તું મ્હારી પુત્રી હોય તો આજ્ઞા પાળક થા.

સુલોચના–પુત્રીનો પિતા તેજ હોઇ શકે કે જે તેને ધર્મના માર્ગ પર કાયમ રાખે છે, જે મન, વચન, કે શરીરથી તેને દુષિત થવા દેતો નથી.

રાજા–સુલોચના ! જો કે તું મને પિતા તરીકે ચહાતી નથી, તથાપી હું ત્હારા હિત ભણીજ હંમેશાં ખ્યાલ રાખું છું તું ત્હારા હાથવતી દુ:ખનું ઝેર પીવા તૈયાર થાય છે. હું તે ઝેરમાંથી પણ અમૃત સોધી તને સુખી કરવા ઇચ્છું છું.

સુલોચના–પિતા ! હવે મ્હારે અમૃત અને ઝેર સરખાંજ છે. મ્હારા હૃદયની આશા ખુટી ગઇ છે. મારા હૃદયમાં પ્રકાશતું એકનું એક કિરણ હંમેશને માટે લય પામ્યું છે.

રાજા–ઘેલી ! તું વિદ્વતાનો દુરૂપયોગ કરે છે ધર્મશાસ્ત્ર પ્રમાણે લગ્ન થયું ન હોય ત્યાં સુધી ત્હારા ઉપરનો મ્હારો સર્વ અધિકાર કાયમ છે

" તેની કોણ ના કહે છે પિતાજી, પણ રાજપુત બાળાનો ધર્મ આપનાથી કયાં અજાણ્યો છે?

રાજાએ–સુલોચના ! પિતાની આજ્ઞા,–પ્રજાનું કલ્યાણ,–રાજ્યની પ્રતિષ્ટા–એ સર્વને માન આપવું તે સુપાત્ર પુત્રીનું કર્તવ્ય છે. જો ! સર્મીષ્ટાએ પિતાની આજ્ઞા પાળવા દાસીપણું સ્વિકાર્યું હતું કે નહિ?

સુલોચના–પિતા ! પ્રજાના કલ્યાણની સાથે આ વાર્તા શી રીત્યે સંબંધ ધરાવે છે?

રાજા–રાજા વીમળસીંહ આપણા રાજ્યપર ચઢી આવે છે, પ્રજા

ભયથી નાસભાગ કરે છે, લડાઇ શરૂ થશે તો હજારોના જાનની ખુવારી થશે, લાખો માણસોની લક્ષ્મી લુંટાઇ જશે, કોણ જાણે મ્હારૂં પણ શું થશે ? કારણ કે રણસંગ્રામમાં જય પરાજય અનિશ્ચિત હોય છે માટે કદાચ મ્હારો પરાજય થશે તો ત્હારે તેના તાબે થવુંજ પડશે, તે કરતાં એ સર્વ હાની અટકાવવાને તું મ્હારી આજ્ઞાનું પાલન કરવા તત્પર હોય તો હું તને તેના પાટવી કુમાર વિકળસિંહ સાથે પરણાવવા તૈયાર છું. ભવિષ્યમાં તું મહારાણી થઇશ,–અનંત સુખની અધિકારણી થઇશ. મને એ માર્ગ સર્વના હિતના માટે એક સરખો અનુકુળ લાગે છે.

આ વૃતાન્ત સાંભળતાંજ સુલોચનાના રોમરોમમાં ક્રોધાગ્નિ વ્યાપી ગયો તેણે ક્રોધ અને ગ્લાનિયુકત સ્વરે કહ્યું,–પિતા ! શું આ શબ્દો તમારા પોતાનાજ છે અરે ! એ શબ્દોએ આપના મુખમાં પ્રવેશ કર્યો તે પહેલાં તેનો ભાષામાંથીજ રોધ થયો હોત તો કેવું સારૂં હતું ? અથવા તે સાંભળતાં પહેલાંજ મ્હારૂં મૃત્યુ થયું હોત તો કેવું સારૂં હતું ? પિતા ! મહારાણા પ્રતાપે પોતાના ટેકને માટે કેટલુ ગુમાવ્યું છે ? સત્યવાદી હરિશ્ચંદ્રે પોતાના સત્યપાલન માટે કેટલુ સહન કર્યું છે ! મહારાજા દશરથે પોતાના વચન પાલન માટે કેટલુ નુકસાન ઉઠાવ્યું છે ! અરે એ વચનની વાત તો બાજુપર રહી પણ મારા પીતા જેને ક્ષત્રી તરીકેનું સ્તુતિપાત્ર અભીમાન હતું તે શું હવે રણસંગ્રામના ભયથી કંપીત થઇ–કાયર થઇ–પોતાની પુત્રિનું–અરે પુત્રિના શિયળનું–નજરાણુ કરવા ઇચ્છે છે ? હાય ? હું આ શું સાંભળુ છું ? પિતા ? જો તમારા શૌર્ય વડે પ્રજાનું કલ્યાણ ન થઇ શકતુ હોય અને મ્હારા ભોગે થઇ શકતુ હોય તો સુલેહની સરતોમાં મ્હારો વધ કરવાનું સ્વિકારો અને પછી મને આજ્ઞા કરો. જુઓ ! આપની પુત્રિ આજ્ઞાનુવર્તિ છે કે નહિ ? ઓ પ્રભુ ! હવે હદ થઇ. તુ આ દુનિયાનો પ્રલય કર કે જેથી મનુષ્યોની પાપ બુદ્ધિનો પણ તેની સાથેજ પ્રલય થાય. ઓ સુર્ય દેવતા ! તું ત્હારી સોળે કળાથી તપીને આ સૃષ્ટિને સળગાવી દે અરે કંઇ નહિ તો મ્હારો પોતાનો અંત આણ."

"સુલોચના ! ત્હારા શબ્દો તલવારની અણીની માફક મારા હૃદયમાં ભોકાય છે.

"પિતાજી ! તો પણ મ્હારૂં દુર્ભાગ્ય છે કે આપને કંઇ અસર થતી નથી."

"શું હિંદુઓનાં ધર્મશાસ્ત્ર પુત્રિઓને આમ અમર્યાદ થતાં શીખવે છે?"

"ના, પણ પોતાના ધર્મ અને પ્રતિજ્ઞા પર પગ દેવો તેને અમર્યાદ ગણતાં શીખવે છે.

"સુલોચના! મ્હારૂં કહેલું માની જા. નહિ તો તું દુઃખી થઇશ.

"પિતા! મનુષ્યનું જીવન સુખમય હોવાનું કોણ કહે છે? હું તો દુઃખમાંજ ઉછરી છું અને દુઃખમાંજ મરણ પામીશ. ભલે! મ્હારા દુઃખી જીવનથી આપ સુખી થજો.

"શું ત્યારે અંતે તેં મરવાનોજ નિશ્ચય કર્યો છે?"

પિતા! મરણ પણ હાલ તો મ્હારૂં વૈરી થયું છે સુલોચનાની આંખમાંથી ચોધાર આંસુનો પ્રવાહ ચાલે છે. તેની આંખ્યો રક્ત પૂર્ણ થયેલી છે. સુલોચનાની દીન મુદ્રા જોઈ રાજાને દયા આવે છે, તેથી રાજા તેની સમીપ જઈ તેને છાંની રાખવા પ્રયત્ન કરે છે.

બેટા સુલોચના તું રડીશ નહિ, તને રડતી જોઇ મને અત્યંત દુઃખ થાય છે.

સુલોચના એ રાજાની એકની એક પુત્રી હતી, બાલ્યકાળથી પિતાનો પુત્રીપર અત્યંત પ્યાર હતો. સુલોચનાને દુઃખી કરવી એવો તેને સ્વપ્નમાં પણ વિચાર નહતો તથાપિ રાજાઓની સ્થીતિ ઘણી દયાજનક હોય છે. તેમાં પણ રાજા મુકુંદસીંહનુ હૃદય ઘણુ સરળ હતું. તેથી તેના હૃદયને જે માર્ગ તરફ દોરવા કુશળ માણસો પ્રયત્ન કરતા તે માર્ગે તે દોરવાઇ જતું.

"બેટા! ત્યારે તને સુખી કરવા હુ શું કરૂં?

"પિતાજી! હવે સુખ કેવું? સમયનું પરીવર્તન થાય ત્યારે સુખ કેવું? એક સમય એવો પણ હતો કે વિકળસીંહે મ્હારૂં હરણ કર્યું ત્યારે મારા પિતા સમસ્ત રાજ્યનું બળિદાન આપવા તત્પર થયા હતા આજે એક સમય એવો પણ છે કે પિતા પુત્રોના ગળામાં ફાંસો ઘાલી તેની દોરી શત્રુના હાથમાંજ સોંપે છે. પિતા! જગતની સઘળી નિર્દયતા હાલ મારા ઉપર વરસવા માંડી છે. પિતા! મને સુખી કરવાનો માર્ગ એકજ છે અને તે એ કે મ્હારો વધ કરવો.

એમ કહેતાંજ સુલોચના પોતાનું મસ્તક પિતાના ચરણોમાં મુકે છે. સુલોચનાના અશ્રુજલવડે પિતાના પગનું પ્રક્ષાલન થાય છે. આ દેખાવથી રાજાનુ હૃદય ચુર્ણ થાય છે.

"ખચીત ! હું દીવાનો થયો છું, આ મ્હારી પ્રેમાળ પુત્રી કે જે મને દુરથી દેખતાંજ હર્ષમાં કુદાકુદ કરતી હતી, તે હવે મને એક રાક્ષસના સ્વરૂપમાં નિહાળી ભય પામે છે. આ મ્હારી સ્નેહાળ બાળકી, કે જેણે સ્વપ્નમાં પણ કોઇનું અપમાન કર્યું નહતું, તેણે આજે એક શત્રુ કરતાં પણ મ્હારૂં અધિક અપમાન કર્યું છે. ત્યારે આવો અસાધારણ ફેરફાર શાથી થયો ? શું મ્હારી દશાનું પરિવર્તન થયું ? મ્હારૂં હૃદય, મ્હારાં જ્ઞાન તંતુઓ ! શું તે પણ હવે મ્હારાં નથી ? રાણી શું સુલોચનાની શત્રુ છે ? ના, તેણે કહેલી વાર્તા મને સુલોચનાના હિતમાં વાસ્તવિક લાગતી હતી, અરે ! ત્યારે શું સુલોચના હઠીલી છે ? નહિ, તેના પ્રત્યેક શબ્દો ડહાપણથી ભરેલા છે ? ત્યારે હવે હું શું કરૂં ? કોની સલાહ લઉ ? એ પ્રમાણે અનેક તર્કવીતર્ક કરતો રાજા પોતાના મહેલ ભણી ચાલ્યો જાય છે.

પ્રકરણ ૨૪ મું.

ધર્મસંકટ.

રાજા મુકુંદસિંહના દરબાર કરતાં રાજા વિમળસિંહનો દરબાર કંઇક વિશેષ દમામદાર છે. રાજા એક મણિજડીત સિંહાસનપર વિરાજમાન થયેલ છે. તેની ઉંમર હાલ પચાસ વર્ષની છતાં તે બાંધી દડીનો અને ભવ્ય દેખાવનો જણાય છે, તેનું કપાળ વિશાળ છે અને તે ઉપર હઠીલો સ્વભાવ દ્રશ્યમાન થાય છે. શરીરનો વર્ણ શુક્લ છે, પણ જ્યારે તે ગુસ્સે થાય છે ત્યારે તેમાં રક્તપણું વ્યાપે છે. કેટલાક રાજાઓ કે જેમણે પોતાની આંખ્યો અને કાન બીજાઓને વચી દીધેલા હોય છે તેમના કરતાં તે જૂદા સ્વભાવનો છે. રાજ્યનું સકળ તંત્ર પણ તેના એકલાનાજ હાથમાં છે. તે પોતાના હુકમનો આધાર બીજાઓની સલાહ ઉપર નહિ પણ પોતાની મરજી ઉપરજ રાખે છે. રાજાના હૃદયમાં હાલ કયો વિષય નૃત્ય કરે છે તે કોઇ જાણી શકતું નથી, તે પોતાના હુકમને એક દેવનાઇ પાશાના સમાન લેખે છે, પોતાની ઇચ્છાને આધિન નહિ રહેનાર પોતાનો પુત્ર હોય તોપણ તેને શત્રુ સ્વરૂપે દેખે છે.

આજનો દરબાર આટલા દબદબાથી શામાટે ભરવામાં આવ્યો છે, તે કોઇ જાણતું નથી રાજાની નિકટ રહેનારાઓ માત્ર એટલુંજ જાણે છે કે, એક સત્યસીંહ નામનો શુરવીર ક્ષત્રી રાજ્યનો મેમાન થયો છે, અને તેમના સન્માનને માટે આજનો દરબાર ભરવામાં આવ્યો છે.

સીંહાસનની પાસે કેટલાક અમીર ઉમરાવો, અને સરદારો રાજા વિમળસીંહના મુખમાંથી નીકળતા શબ્દો ઝીલી લેવાને આતુર હોય એવી ઢબથી બેઠેલા છે. પણ તેમની વચ્ચે બે સુખાસન ખાલી છે. તે ઉપરથી એમ જણાય છે કે અદ્યાપી બે મનુષ્ય દરબારમાં આવી શકયા નથી.

ખરેખાત સત્યસીંહ અને સુમન માટે માર્ગ પ્રતિક્ષા થતી હતી, તેટલામાંજ તેઓ ત્યાં આવી પહોંચ્યા અને બન્નેએ ઘટતી નમ્રતા વડે હાસ્ય મુદ્રાથી માહારાજાને વંદન કર્યું, પછી માનપ્રદ આસનપર તેઓ આરૂઢ થયા. સર્વ દરબારીઓનું તેઓ પ્રતિધ્યાન ખેંચાયું.

માહારાજાએ સૌથી પ્રથમ સત્યસીંહને ખુસખબર પૂછી, અને તેમને પડેલા સંકટ પ્રતિ દિલસોજી પ્રદર્શીત કરી. સત્યસીંહે પ્રત્યુત્તરમાં ઉપકાર માન્યો. એ પ્રાથમિક વીધી સમાપ્ત થયા પછી, રાજા વિમળસીંહે વિવેચનનો પ્રારંભ કર્યો.—તમારા જેવા એક બહાદુર અને સાચા વફાદાર ક્ષત્રીને—એક શત્રુની આંખમાં પણ આંસુ આવે એટલી હદે—રાજા મુકુંદસીંહે દુઃખ દીધું. એ ઘણુંજ અઘટિત થયું છે અને તેથી આર્યાવર્તના રાજપુત્ર રાજાઓના નામને મહાન દૂષણ લાગ્યું છે.

સત્યસીંહે વિજય પ્રદર્શીત કરતાં કહ્યું,—" ખેર ! પ્રારબ્ધમાં નિર્માણ થયું હોય એમ બન્યાં જાય છે. પણ સંતોષ લેવા યોગ્ય એ છે કે મને સુખ આપનાર પણ તેઓજ હતા.

રાજાએ પ્રતિ ઉત્તર આપતાં કહ્યું,—" હા, તે ઠીક છે, પણ જે રાજાઓએ પોતાના કાન બીજાઓને વેચી દીધેલા હોય છે, તેમણે આપેલું સુખ પણ અંતે દુઃખનુંજ ઉત્પાદક થઇ પડે છે.

સત્યસીંહે પુનઃ નમ્રતા પ્રદર્શીત કરતાં કહ્યું,—" પ્રભુની સદ્‌લાગણી માટે સેવક આભારી છે.

રાજાએ કહ્યું,—" એમાં ઉપકાર માનવાની કાંઇજ જરૂર નથી કેમકે રાજપુત પ્રત્યેનો મ્હારો ધર્મ હું સારી પેઠે જાણું છું. સત્યસીંહ !

હવે તમારે તલમાત્ર ગભરાવાની જરૂર નથી. રાજા મુકુંદસીંહે તમને આપેલી જાગીર કરતાં બમણી જાગીર અર્પણ કરવાનો મેં નિશ્ચય કર્યો છે, અને તમારો પુત્ર સુમન કે જે એક વીરયુવાન છે તેને પણ મારા બળવાન સૈન્યનો અધીપતી નીમવા મેં ઠરાવ કર્યો છે.

રાજાની ઉદારતા સાંભળતાં સર્વ દરબારીઓ ચકિત થયા, કેટલાક મહારાજાની ઉદારતા માટે હૃદયમાં ધન્યવાદ આપવા લાગ્યા, અને કેટલાક હૃદયમાં સળગેલ ઇર્ષાગ્નિને છુપાવવા યત્ન કરવા લાગ્યા કેટલાક પરસ્પર એક બીજા સાથે દ્રષ્ટિપ્રયોગ કરવા લાગ્યા, કેટલાક સત્યસિંહના ભાગ્યશાળી ભાલ પ્રદેશ તરફ જોવા લાગ્યા, અને કેટલાક હવે પછી મહારાજાના મુખમાંથી નિકળતા શબ્દો સાંભળવાની આતુરતાથી મહારાજા તરફ જોઈ રહ્યા.

સત્યસિંહે મહારાજાને અભિવંદન કરતાં કહ્યું—" કૃપાનિધાન ! આપની આવી ઉદારતાને માટે મારે કયા શબ્દોમાં આનંદ અને સંતોષ પ્રદર્શીત કરવો એ સમજાતું નથી.

રાજા વિમળસિંહે કહ્યું—સત્યસીંહ ! આવી નાચીજ ઉદારતાને માટે વારંવાર ઉપકાર માનવાની જરૂર નથી. ઉપકાર માનવો હોય તો એકજ વખતે માનજો. અને તે ત્યારે કે જ્યારે તમને કરેલા અપમાનનો હું પુરેપુરો બદલો વાળી શકું. મુકુંદસીંહ સાથે મેં યુદ્ધની તૈયારી કરી છે, તેમાં સુમન મ્હારો જમણો હાથ થશે. અને હું યુદ્ધમાં વિજય મેળવી પાછો ફરૂં ત્યાં સુધી મારૂં રાજ્ય મારા પુત્ર વિકળસીંહના વાલી તરીકે તમારી સંભાળમાં રહેશે. "

રાજા વિમળસીંહે એકદમ બતાવેલી અપરીમિત ઉદારતાનું ગુપ્ત રહસ્ય હવે સત્યસીંહના સમજવામાં આવ્યું. અને તેથી પ્રથમ તેના હૃદયમાં જે આનંદની પ્રભા પથરાઈ રહી હતી તે નષ્ટ થઇ અને પુનઃ શોકની છાયા પ્રસરી ગઇ. રાજા વિમળસીંહને કયા શબ્દોમાં ઉત્તર આપવો તે સત્યસીંહને કઠિન લાગ્યું.

ખરેખાત રાજા વિમળસીંહે પ્રસ્તુત ઉદારતા મુકુંદસીંહનું વૈર લેવા માટેજ બતાવી હતી, પોતાના પ્રિય પુત્ર વિકળસીંહને થયેલું અપમાન તેના હૃદયમાં તાજું હતું અને સત્યસીંહ તથા સુમન જેવા બાહાદુર અને જાણીતા માણસો અચિત્ત તેમાં ઉપયોગી થઇ પડશે એમ તે માનતો હતો, અને એવી માન્યતાથીજ તેણે સત્યસીંહ અને

સુમનને ત્યાં સન્માનપૂર્વક આમંત્ર્યા હતા. ત્યારે સત્યસીંહે ઉત્તર આપવામાં વિલંબ કર્યો ત્યારે રાજાએ અધીર થઇ પ્રશ્ન કર્યો કે,– "કેમ સત્યસીંહ! મ્હારા વિચારની સાથે તમે સંમત થયા છો કે નહિ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,—"મ્હારા જેવા એક રંક માણસ ઉપર આપની અત્યંત કૃપા છે એમાં કાંઇ શક નથી તથાપી ચુપ રહી તે ઉદારતા સ્વિકારવી તે કરતાં સ્પષ્ટ કહેવું ઉચીત છે કે જે ભુમિના અન્નવડે મારા પુત્ર સુમનનો દેહ બંધાયો છે તે ભુમિના હિત વિરૂદ્ધ તે કદીપણ તલવાર હાથમાં લેશે નહિ. તે શિવાયનું કોઇપણ કઠિન કાર્ય હશે તે સુમન ખુશીથી કરશે, અને વખતે આપ નામદારની સેવા બજાવતાં પોતાના પ્રાણની કુરબાની પણ કરશે.

સત્યસીંહનો ઉત્તર સાંભળી રાજા વિમળસીંહ ગમગીન થયો તેના મુખ ઉપરનો પ્રકાશ ઓછો થયો તોપણ તેણે પુનઃ કહ્યું, સત્યસીંહ! તમે હજુ ભોળા છો, સંસારના કાવાદાવાઓથી અજાણ્યા છો, અન્યાયાચરણને લીધે જે રાજા હજારો મનુષ્યોના કાળસ્વરૂપે પ્રસિદ્ધ છે, જેની જુલ્માગ્નિથી લાખો મનુષ્યો નર્ક યાતના ભોગવે છે અને જે અપરીમિત પાપાચરણને લીધે એક રાજા તરીકે વધારે વખત જીવવાને યોગ્ય નથી તેના પ્રત્યે આવી સાધુતા રાખવી તે સર્પને દુધ પાઇ ઝેરી બનાવવા જેવી મૂર્ખાઇ છે, કે જે ઝેર પરિણામે તમને અને સમગ્ર પ્રજાના વિનાશનું હથીયાર થઇ પડશે. સત્યસીંહ! પોતાનું ગૌરવ જાળવનાર રાજપૂત કદી પણ પોતાના અપમાનને ભૂલતો નથી. તે થયેલા અપમાનનું વૈરવાળીને માત્ર પોતાની કીર્તિનેજ નહિ, પણ રાજપૂત કોમના ગૌરવને ચળકતું કરે છે.

સત્યસીંહે કહ્યું,–રાજન! આપ જાણો છો કે એ અમારા રાજ્યપિતા છે, પિતા વખતે પુત્રને કષ્ટ આપે, પણ જો પુત્ર સુપાત્ર હોયતો પિતા સાથે શત્રુતા દાખવે નહિ. રાજન્! આર્યાવર્તની પ્રજા રાજાને હંમેશથી પોતાનો ઇશ્વર માનતી આવેલી છે, આર્યોનાં ધર્મશાસ્ત્રો પણ રાજાને–ઇંદ્ર–પવન–યમ–સૂર્ય–અગ્નિ–વરૂણ–ચંદ્ર–અને કુબેરના સ્વરૂપે ઓળખવાની આજ્ઞા કરે છે. માટે હું એ ધર્મશાસ્ત્રોની આજ્ઞાનું ઉલંઘન કરવાનો સ્વપ્ને પણ વિચાર કરી શકીશ નહિ.

રાજા વિમળસીંહે કહ્યું,—સત્યસીંહ! તમારૂં કહેવું સત્ય છે, તથાપી મુકુંદસીંહ એ પ્રજાનો રાજા નથી, પણ પ્રજાનો શત્રુ છે.

વગર વિચારે કાર્ય કરવું, પારકી મિલકત પડાવી લેવી, દુષ્ટજનોની સંગતમાં રહેવું, મનુષ્ય જેવા પ્રાણિને પશુ કરતાં પણ અધમ ગણવું. એ શું એક રાજા તરીકે ઓળખવાને યોગ્ય છે.? સત્યસીંહ ! મ્હારા મહેલની દિવાલ સામું જો એ જડ પદાર્થ છતાં પણ વૈર લેવાનું જાણે છે. દીવાલને બળથી ધક્કા મારનારને તે સામો પ્રહાર કરે છે. ત્યારે તું તો મનુષ્ય છે અને વળી એક રાજપૂત છે, તારા મુખમાંથી આવા નામર્દાના વિચારો બહાર પડશે એવી મને કલ્પના પણ નહતી. ખેર ! હજુ હું તને થોડો સમય આપું છું તે દરમ્યાન ત્હારા હિતાહિતનો વિચાર કરી જો.

સત્યસીંહ અલ્પસમય મૌન રહી—ઉત્તર આપે છે.—“ ભુપેંન્દ્ર ! મ્હારો નિશ્ચય એકજ છે. જે રાજ્યના અંનથી આ દેહ બંધાયો છે.—જે રાજ્યના પોષણથી મ્હારા શરીરમાંનું રૂધિર રમી રહ્યું છે તે રૂધીરતો જ્યારે ત્યારે પણ તેજ રાજ્ય અને તેજ રાજાના હિતને માટે રેડાશે. તેમનું અહિત તે રૂધિરના એક રજકણમાં પણ સરજાયું નથી.

રાજા વિમળસીંહે જરા નમ્ર થઈ કહ્યું,—“ ખેર ! હજુ પણ મને તમારાપર દયા આવે છે તેથી કહું છું કે તમારે અને સુમનને મારી સાથે લડાઇમાં આવવું નહિ, પણ ખાનગી રીત્યે અમને સલાહ આપવી. કેમ, એ વિચારની સાથે તો તમે સંમત થશો કે નહિ ?

સત્યસીંહે નમ્રતાથી કહ્યું,—“ નહિ. મન વચન કે શરીરથી ગુપ્ત રીત્યે વિદ્રોહી થવું એ તો વળી ઝાહેર વિદ્રોહિ કરતાં વધારે દોષ રૂપ છે.

હવે રાજા વિમળસીંહનો મિજાજ ગયો. તે પોતાના હુકમનું અપમાન થયેલું માનવા લાગ્યો. તેથી તેની ચક્ષુઓ રક્તપુર્ણ થઇ, ભાલપ્રદેશપર કરચલી વળી, નસકોરાં ફુલી ગયાં. થોડીવાર ચુપ રહી કડક અવાજે ચીડાઇને કહ્યું,—“ હું તમારી સાથે સભ્યતાથી વાત કરવા માગું છું.”

સત્યસીંહે સવિનય ઉત્તર આપ્યો,—“ હુ પણ તેના ઉત્તરો આદાઈથીજ આપવા ચાહું છું.

રાજાએ કહ્યું,—સત્યસીંહ ! પણ તમારી સાથે વાત કરનારા એક રાજા છે, એમ તમારે સમજવું જોઇએ.

સત્યસીંહે ધીમાશથી કહ્યું,–હા, નામવર, પણ તે સાંભળનાર એક સાચો નીમકહલાલ સેવક છે, એમ આપે જાણવું જોઇએ.

રાજાએ કહ્યું,—"સત્યસીંહ! જો તમે મ્હારો હુકમ ઉઠાવશો તો હું તમને બાદશાહી ઇનામ આપીશ.

સત્યસીંહે ઉત્તર આપ્યો,–"પણ આપ નામદાર મને ધર્મ અને નીતિના પંથપર ચાળતા દેશો તો હું તેની કિંમત બાદશાહી ઇનામ કરતાં પણ વધારે માનીશ.

રાજા વિમળસીંહનો મીજાજ હવે હાથમાંથી ગયો. તેનું શરીર ક્રોધના આ વેશથી લાલ પીળું થઇ ગયું. સત્યસીંહના જેવો નિડર ઉત્તર આપનાર તેણે જીંદગીમાં જોયો નહતો, તેથી તે વિશેષ ચીડાયો અને સીંહની માફક ગર્જના કરતો બોલ્યો,–"અરે મૂરખ! પૈસા વગરનું જીવન નકામું છે એમ ત્હારે ખાત્રી પૂર્વક માનવું."

સત્યસીંહે કહ્યું,–"પણ રાજન! સંતોષ વગરનું જીવનતો તેથી પણ નકામું છે. એમ આપે નિઃસંદેહ જાણવું.

રાજા વિમળસીંહે હવે આંખને ક્રોધીત બનાવી ટટાર થઇ કહ્યું,–"તું જાણે છે કે મ્હારામાં તને સજા કરવાની શક્તિ છે.

સત્યસીંહે નિડર થઈ કહ્યું,–"હા, હું જાણું છું. પણ આપ જાણો છો કે તે સહન કરવાની મારામાં શક્તિ છે?

એ પ્રમાણે વિવાદ કરતાં વાત વધી પડી તેથી રાજાએ મોં બગાડી કહ્યું,–"મને લાગે છે કે ત્હારો આ ભવ બગાડવાનોજ છે.

સત્યસીંહે હિંમતથી કહ્યું,–"ભલે બગડે, પણ મને શ્રદ્ધા છે કે પરભવ સુધરવાનો છે.

રાજા વિમળસીંહે કહ્યું,—"અરે પાગલ! પરભવ સુધરવાનો છે તેની કોણ ખાત્રી આપે છે?

સત્યસીંહે ઉત્તર આપ્યો,—"ત્યારે આ ભવમાં અમર રહીશું તેનું કોણ જામીન થાય છે?

રાજા હવે પોતાની સહનશક્તિ ગુમાવી બેઠો તે દાંત કડકડાવી બોલ્યો,–"સત્યસીંહ! થોડો સમય ત્હારી જીભને અંકુશમાં રાખ કેમકે હવે ત્હારું મ્હોત મારા હાથમાં ભળે છે.

સત્યસીંહે ધૈર્ય રાખી કહ્યું,–"પણ આપનો હાથ પરમાત્માના હાથમાં રમે છે.

રાજાએ પોતાનું ગર્વિષ્ટ મસ્તક હલાવતાં કહ્યું,–"એમ ! જો ત્યારે સાંભળ ! ત્હારા પુત્ર સુમને મારા પુત્ર વિકળસીંહના પરાજયથી સંતોષ નથતાં સ્ત્રીનો પોશાક પહેરાવી અસહ્ય અપમાન કર્યું છે. એ ગંભીર આરોપને માટે હું તેને એવી સીક્ષા ફરમાવું છું કે તેને સ્ત્રીનો પોશાક પહેરાવી, તે પોશાકમાંજ તેનો વધ કરવો" ત્યાર પછી તેણે પોતાના સૈનિકો ભણી જોઇ કહ્યું,–" મ્હારા બહાદુર સૈનિકે સુમનને પરહેજ કરો.

રાજાના મુખમાંથી શબ્દો નિકળતાંજ વિદ્યુતના વેગે સૈનિકોએ સુમનને કેદ કર્યો. સુમનને એવું સ્વપ્નું પણ નહતું કે પોતે આટલી ત્વરાથી બંધનમાં આવી પડશે. અચાનક બનેલો આ બનાવ હજુ તો સુમન આશ્ચર્યની દ્રષ્ટિથી જુએ છે તેટલામાંજ સત્યસીંહે પોતાના પુત્રને .કમનશીબ હાલતમાં આવી પડેલો જોઇ કહ્યું,–"રાજન્ ! આમ ક્રૂર ન થાઓ, ઘડી પહેલાં રાજપુત જાતિને માટે અભિમાન બતાવનાર રાજા ! આપ નિર્દય ન થાઓ ! દયા કરો ! ક્ષમા કરો !

રાજા વિમળસીંહે ભ્રમર ચડાવી કહ્યું,–" રાજપુત જાતિને માટે તું કોઇ રીત્યે યોગ્ય નથી, કારણકે તને માન અપમાનનો કિંચિત્ ખ્યાલ નથી. વળી તું મ્હારી આજ્ઞા સ્વિકારતો નથી, ત્યારે હું ત્હારી યાચના ઉપર તલમાત્ર ધ્યાન આપતો નથી. સત્યસીંહે સવિનય કહ્યું,–"નરપતિ ! આપની આજ્ઞા નીતિ વિરૂદ્ધ છે. મ્હારી યાચના ધર્મ પુરઃસર છે.

" તું એવા વ્હેમી ધર્મને કંઠે બાંધી જગતમાં ભટકતો ફરજે. હવે એક ક્ષણ પણ અહીં સ્થંભવાનો તમને અધીકાર નથી " રાજાએ ક્રોધની પરીસિમા બતાવતાં કહ્યું.

સત્યસીંહે બે હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું,–" મહારાજા હજુ કંઇક વિચાર કરો. એ મ્હારે એકનો એક પુત્ર છે. અમારા અનહદ દુઃખ દાવાનળમાં હાલ દિલાસા રૂપ છે. હજુ તે યુવાન છે. અને આપના આશ્રયે આવેલો છે. માટે શરણાંગતને ન મારો ! રહેમ કરો ! દયા એજ મનુષ્યનો મહાન સદ્‌ગુણ છે. દયા એજ મનુષ્યનો મુખ્ય ધર્મ છે.

રાજાએ ક્રુદ્ધ થઇ કહ્યું,–" હું ત્હારો એ ઉપદેશ સાંભળવા ચાહતો નથી. માત્ર સુમનને શિક્ષા કરી તને જીવતો જવા દઉં છું એજ ક્ષમા છે–અને એજ દયા છે.

સત્યસીંહે હવે ગંભીર થઇ કહ્યું,—"ત્યારે હવે મ્હારી એક છેવટની પ્રાર્થના સાંભળો. સુમનને છોડી દઈ તેને બદલે મને જે શિક્ષા કરવી હોય તે ખુશીથી કરો.

"નહિ, હજુ ત્હારે જગતમાં જીવતા રહી ત્યારે દુઃખ દ્રષ્ટિગોચર કરવાની જરૂર છે" રાજાએ પોતાનું મસ્તક હલાવતાં ઉત્તર આપ્યો.

સત્યસીંહે રાજાની ક્ષમા મેળવવા થઇ શકે તેટલી પ્રાર્થના કરી પણ રાજાએ તે ઉપર બિલકુલ ધ્યાન આપ્યું નહિ, અને સત્યસીંહને એકદમ ચાલ્યા જવાની આજ્ઞા કરી.

રાજાને આજ્ઞા કરવી એ ઘણું સહેલ હતું. પણ પોતાની આંખ્યોના તારા સમાન પુત્રને છોડી ચાલ્યા જવું એ સત્યસીંહ માટે ઘણું કઠીન હતું. તેથી તે અત્યંત વિચાર વમળમાં પડી ગયો. શું કરવું તેની સુઝ પડી નહિ.

શું પુત્ર જેવી એક ક્ષણભંગુર વસ્તુને માટે વિદ્રોહી થવું? ત્યારે શું સુમન જેવા પુત્ર રત્નનો આમ સહજમાં નાશ થવા દેવો?

એક તરફ પુત્ર પ્રતિનો પ્યાર બીજી તરફ સ્વામિ પ્રત્યેનો ધર્મ એ બન્ને પ્રશ્નો વચ્ચે વિવાદાસ્પદ યુદ્ધ ચાલ્યું. આ અચાનક આવી પડેલા ધર્મ સંકટથી સત્યસીંહ મુંઝાયો, ગભરાયો, અને અંતે ઉશ્કેરાયો. તેથી ક્રુધસ્વરે પ્રશ્ન કર્યો—" શું ત્યારે ખચીત તમે મ્હારા પુત્રનો પ્રાણ લેશો?

રાજાએ નિડર થઇ કહ્યું,—" હા.

સત્યસીંહે વળી પૂછ્યું,—" શું આપ મ્હારી પ્રાર્થના નહિજ સ્વિકારો.

રાજાએ કડક સ્વરે કહ્યું,—" ના.

સુમન કે જે હાલ સુધી શાન્ત હતો, અને પોતાના પિતાના પ્રયત્નમાં વિઘ્ન નહિ નાખવાને ચુપ રહ્યો હતો, તે હવે શુરવીર સીંહની માફક છંછેડાયો. તેના શરીરમાં ચોમાસાના પુરની પેઠે અસાધારણ શૌર્ય વાપ્યું. રાજાનો ગર્વીષ્ટ ઉત્તર સાંભળી તેના રોમ રોમમાં અગ્નિ પ્રકટ થયો. તેથી તે ઉશ્કેરાયેલી હાલતમાં ક્રુદ્ધ સ્વરે રાજાને કહેવા લાગ્યો "અરે ઓ ઘમંડી રાજા? શું અમને આમ પ્રપંચથી બોલાવી, ફસાવી, વિશ્વાસમાં લઇ, કુટિલતાથી મારો તમારે પ્રાણ લેવો છે?

ખેર! હું એક ક્ષત્રી છું. મને મ્હોતની પરવા નથી. પણ જો તમે સાચા ક્ષત્રી હોઓ તો મારા હાથમાં એક હથીઆર આપી રણના મેદાનમાં મને છુટો મૂકો. અને પછી તમારા વૈરનો બદલો લેવા વિચાર કરો. અને જુઓ કે એક પળમાં હું તમારો ઘમંડ ઉતારવાને શક્તિવાન છું કે નહિ? અને શું તમે મને સ્ત્રીનો પોશાક પ્હેરાવવા ઇચ્છો છો? રાજન્! સ્ત્રીનો પોશાક તેનેજ માટે યોગ્ય છે કે જે તલવારની તિક્ષણ ધારથી ધ્રુજે છે. સ્ત્રીનો પોશાક તેનેજ માટે યોગ્ય છે કે જે એક લોહીનું ટીપું દેખી થરથર કંપે છે. હું કુમાર વિકળસીંહ નથી કે મૃત્યુથી ડરી સહજમાં સ્ત્રીનો પોશાક પ્હેરી લઉં. હું હિંમતથી કહું છું કે એક સીંહના પુત્રને સ્ત્રીનો પોશાક પ્હેરાવવા હજુ આ જગતમાં કોઇ જનમ્યુંજ નથી."

રાજાએ ગુસ્સે થઈ કહ્યું,—"સૈનિકો! હાલને હાલ આ અભિમાનીને વધસ્થાનપર લઇ જાઓ, અને તેના સહસ્ત્ર ટુકડા કરી કાગડાઓ અને ગીધને તૃપ્ત કરો.

રાજાની આજ્ઞા સાંભળતાંજ સુમનની આંખમાંથી લોહી વરસવા માંડયું. અને એ છંછેડાયેલો સિંહ ભયંકર ગર્જના વડે કહેવા લાગ્યો. " અરે ઓ વિશ્વાસઘાતી!—નિર્દય—શું આમ સહેલાઇથી મારો પ્રાણ લેવો છે" એમ કહેતાંજ તે પોતાની જગાપરથી ઉછળ્યો. અને એક વખતતો બંધનમાંથી મુક્ત પણ થયો. તથાપી સૈનિકોએ તેને બળપુર્વક પકડી લીધો. છતાં સુમનમાં અસાધારણ સામર્થ્ય હતું. તે જે તરફ પોતાના બળનો ધસારો કરતો તે તરફના સર્વ સૈનિકો ભૂમિશરણ થતા. પણ બીજી બાજુના સૈનિકો તેને બળ પુર્વક પકડી રાખતા. તેથી તે તદન મુક્ત થઇ શકતો નહિ. પણ તે વખતનો તેનો દેખાવ ગમે તેવા બળવાનને પણ ધ્રુજાવે તેવો હોવાથી રાજાનો દરબાર વિખેરાઇ ગયો, નબળા મનના મનુષ્યો પોતાનો પ્રાણ જોખમમાં હોવાનું માની જ્યાં રસ્તો મળે ત્યાં નાસવા લાગ્યા. રાજા પણ સુમનનું શૌર્ય જોઇ, ભયભીત થઇ ચાલ્યો ગયો. સુમનની પાછળ સૈનિકોનું વાદળ ઘેરાઇ ગયું. એકનું ઔષધ અનેક. સુમન ગમે તેવો શુરવીર હોય પણ તે એકલો શું કરી શકે? આખરે તેને મજબુત દોરડાં વતી બાંધી લેવામાં આવ્યો. અને ત્યાર પછી રાજ્ય મહેલમાં ફેલાયેલો ગભરાટ ઓછો થયો.

પ્રકરણ ૨૫ મું.

કષ્ટ સહિષ્ણુતા.

આજે દરબારગઢ આગળ મનુષ્યોની મહાન મેદની ભરાયેલી છે. તમાશગીરોનાં ટોળેટોળા મળે છે. જાહેર રસ્તાઓ ઉપર માણસો દોડાદોડ કરે છે. કોઇ કહે છે કે એક મહાન જબરજસ્ત સીંહને પાંજરામાં પૂર્યો છે. કોઇ કહે વાઘ અને હાથીનું યુદ્ધ થવાનું છે. કોઇ કહે બળવાન પહેલવાનો કુસ્તી કરવાના છે.

પાઠક ગણ! વાસ્તવિક રીત્યે તેમાંનું કાંઇજ નથી, આપણો શુરવીર સીંહ સુમન કે જેને રાજા વિમળસીંહે કેદ કર્યો છે. તેને હાલ કારાગ્રહ તરફ લઇ જવામાં આવે છે. સુમનની આસપાસ સેંકડો માણસોની હાર લાગી ગયેલી છે. તેઓના હાથમાં ખુલી તલવારો અને ભાલાઓ ચળકાટ મારી રહ્યા છે, સર્વની દ્રષ્ટિ સુમન તરફજ છે.

એક કેદીની સાથે આટલા સૈનિકો શહેરના લોકોએ કદી જોયા નહતા, અને આવો સુકુમાર ગુલાબના પુષ્પ જેવો યુવાન કેદી પણ જોયો નહતો. લોકો સ્વચ્છંદે કલ્પનાના ઘોડા દોડાવવા લાગ્યા. પણ સત્ય શું છે તે સમજાયું નહિ.

સૈનિકો સુમનને લઇ આગળ ચાલ્યા જાય છે તેમની પાછળ એક પ્રૌઢ અવસ્થાનો માણસ ઉઘાડે પગે દોડે છે. તેનું મુખ લાલચોળ થયેલું છે. શરીરપર પ્રસ્વેદની ધારા ચાલી રહી છે. તે સૈનિકોને ઉભા રહેવાની પ્રાર્થના કરે છે. એકત્ર થયેલા મનુષ્યો તે ઉપરથી અનુમાન કરી શકે છે કે પાછળ દોડનાર મનુષ્ય તે કેદીનો કોઇક સંબંધી હોવો જોઇએ.

સુમન પોતાના પિતાને પાછળ આવતા જોઇ ઉભો રહે છે. સૈનિકો તેને આગળ ચાલવાની આજ્ઞા કરે છે. પણ સુમન હજુ અડગ ઉભો રહ્યો છે. સત્યસીંહ સમીપ આવી પહોચે છે. તેને જોઇ સૈન્યનો આગેવાન નમ્રતાપૂર્વક કહે છે—"સરદાર સાહેબ! આપના પુત્રની સાથે કાંઇ વાતચીત કરવાની હોય તો ખુશીથી કરો. પણ જોજો સાહેબ! અમને ઠપકો મળે તેટલો વિલંબ કરશો નહિ. સરદાર સા-

દેવ ! તમારા પુત્રની આ સ્થીતિ જોઇ અમે ઘણા દિલગીર છીએ. પણ આપ જાણો છો કે અમે માત્ર ચીઠ્ઠીના ચાકર છીએ.

સત્યસીંહ તેનો કાંઈ ઉત્તર આપી શકયો નહિ. ઉપકારના શબ્દો પણ ઉચ્ચારી શકયો નહિ. તેનું મન અને તેનો આત્મા હાલ સુમનમાંજ પરોવાઇ ગયો હતો. તેથી તેણે સુમન પ્રતિ કહ્યું,—"મ્હારા વ્હાલા પુત્ર ! શું આ સઘળો દેખાવ સત્ય છે, કે જેમાંથી હું જાગીશ તેવું આ એક સ્વપ્નું છે?

સત્યસીંહના ઉક્ત શબ્દો સાંભળી સુમનને ભય ઉત્પન્ન થયો કે રખેને તેના પિતાનું હૃદય ભ્રમિત થઇ જાય. તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. અરે? જો કદાચ તેમ થયું તો મ્હારી વ્હાલી માતા અને નિર્દોષ બિચારી સરલાના માટે જગતમાં રહેશે કોણ !" એમ વિચારી તેણે સત્યસીંહને કહ્યું,—પૂજ્ય પિતા ! ખરેખર આ એક સ્વપ્નુંજ છે. જગતના સત્ય સ્વરૂપ ઉપર મોહ-માયાનો પડદો પડવાથી આપણને અનેક ભ્રમણાઓ ઉત્પન્ન થાય છે. અને જ્યારે જ્ઞાનબળ વડે તે આવરણ દુર થાય છે ત્યારેજ સંસારના મનુષ્યો ખરી રીતે જાગૃત થએલાં ગણાય છે. જ્યારે આપ એ અવસ્થાને પ્રાપ્ત કરશો ત્યારે આપને સમજાશે કે આ સઘળું એક સ્વપ્નુંજ હતું. પિતા ! મ્હારી સમક્ષ આપ જે સૈનિકોનું દળ જુઓ છો તેઓ શું મને બંધનમાં રાખવાને શક્તિમાન છે? શું તેઓ સહેલાઇથી મ્હારો પ્રાણ લઇ શકેછે? નહિજ. પણ પૂજ્ય પિતા ! વફાદારીને માટે પ્રાણ અર્પણ કરવાની આ એક અમુલ્ય તક છે કે જે તક વફાદારીનો ધર્મ જાણનારાને વિરલજ પ્રાપ્ત થાય છે. માટે આપ સુખેથી પાછા જાઓ. અને મ્હારી વ્હાલી માતાને તથા નાની સરલાને બની શકે તેટલું આશ્વાસન આપો.

સત્યસીંહના હૃદય-સાગરમાં અનેક વિચારોની લહરિઓ ઉઠી હતી, પણ સુમનના ઉક્ત ઉદ્દગારો શ્રવણ કરતાંજ તે શાન્ત પામી થોડો વખત તે મૌન્ય રહ્યો. ચર્મચક્ષુઓ બંધ કરી, અને અંતરચક્ષુથી સારાસારનો નિશ્ચય કર્યો. અને પછી જાણે ભર નિદ્રામાંથી જાગ્રત થયો હોય તેવી રીતે સ્વસ્થ થઇ કહેવા લાગ્યો,—"મારી આંખ્યોના તારા આખરે હું તને છોડી ચાલ્યો જાઉં છું. પવિત્ર ધર્મને માટે તને કાળના મુખમાં રહેવા દઇ નિર્દય થઈ-ચાલ્યો જાઉં છું. બેટા ! તું વિરશ્રેષ્ટ છે

ત્હારા સર્વાંગમાં આર્ય તેજ અને ક્ષત્રિયકુળ વિભુષિત વિર પ્રતિભા છે. સાધારણ મનુષ્યો કરતાં ત્હારામાં વિશેષતા છે, કષ્ટ સહિષ્ણુતા છે. માટે બેટા! તું એક વીર નરને છાજતી રીતે મરજે.

સત્યસીંહનો શ્વાસ રૂંધાયો. આંખમાં સહજ ઝળીઝળીયાં આવ્યાં. થોડો સમય મૌન્ય રહી પુનઃ હિંમત રાખી કહેવા લાગ્યો,—"બેટા! ત્હારી કીર્તિ સંપૂર્ણ છે. માટે ત્હારા આત્માને તું શાન્ત થવા દેજે, બેટા! એક રીતે તો જે સંકટો વેઠવાનું અમારે ચાલુ રહ્યું છે તે સંકટોમાંથી તું મુક્ત થાય છે અને વળી અત્યંત કીર્તિમાન રસ્તે થઇને વધારે સારા લોકમાં જાય છે. જા, બેટા! ત્યાં ખુશીથી જા; એક વખત તું આ સંસારનું મધુર પુષ્પ હતું. હવે સ્વર્ગનું પ્રકાશિત પુષ્પ થા. હું એમજ માનીશ કે જાણે તું આ પાપી પૃથ્વીમાં બે દિવસ રમવા માટે આવ્યો હતો.

સત્સસીંહ હાથ રૂમાલવતી પોતાના મુખ ઉપરનો પ્રસ્વેદ લુછવા લાગ્યો. અને વળી કહ્યું,—બેટા! હું તને કદી પણ મર્ણ પામેલો માનીશ નહિ. આખી દુનિયા પણ તને ચીરસ્મરણિય માનશે. સત્યાચરણ પર પ્રીતિ ધરાવનાર પરમાત્મા તને સદ્દગતિ આપશે. વફાદારી પર તુષ્યમાન થનારી સ્વર્ગની અપ્સરાઓ તને વિજયમાળ પહેરાવશે બેટા સુમન! આ જન્મમાં તને છેલ્લા પ્રણામ છે. મારા વિરપુત્ર! મારો આશીર્વાદ છે કે સ્વર્ગ ત્હારા આત્માને સ્થાન આપો. ત્હારી આગળ સ્વર્ગનાં ક્ષેત્રો ખુલ્લાં થાઓ, અને છેલ્લામાં છેલ્લા જમાના લગી ત્હારી આબરૂ જળવાઇ રહો. બેટા! ત્હારો આત્મા હમેશને માટે શાન્તિમાં રહો.

સુમન બહાદુર છતાં તેની આંખમાં આંસું આવ્યા વિના રહ્યાં નહિ. તેણે ગદ્દગદ્દ કંઠે ઉત્તર આપ્યો,—" પિતા! ક્ષત્રીને માટે મર્ણ એતો સ્વપ્નું છે. અને વળી આપના ઉપદેશથી તો હસ્તે મુખે તેને વધાવી લેવાનું મન થાય છે. પિતા! મને શોક એટલો જ છે કે, માતાપિતાની ભક્તિ કરવાનું મારા પ્રારબ્ધમાં સરજાયું નહતું વ્હાલા પિતા! આશીર્વાદ આપો. મારૂં તે કરજ અદા કરવાને હું મ્હારી તેજ માતાની કુખે આપના પુત્ર તરીકે પુનઃ જન્મ ધારણ કરૂં. પિતા! મ્હારી દયાળુ માતા! વાત્સલ્ય ભાવને ધારણ કરનારી માતા! મ્હારા

મૃત્યુની ખબર ઘણુજ ખેદની સાથે સાંભળશે. હૃદયફાટ કલ્પાન્ત કરશે. પિતા ! મ્હારી માતાને કેટલું દુઃખ થશે તે હું હાલથીજ કલ્પી શકું છું. અને તેથીજ મારૂં હૃદય વીદીર્ણ થાય છે. માટે પિતા ! મારી હેતાળ માતાને આશ્વાસન આપજો. તેને કિંચિત્ રડવા દેશો નહિ. મારી પુજ્ય માતાને કહેજો કે ત્હારો કમનશીબ પુત્ર,—તેનો છેલ્લામાં છેલ્લો શ્વાસ હશે તે વખતે પણ ત્હારીજ કુખે ફરી જન્મ લેવાની ભાવના કરશે. અને જગત્ નિયંતા પ્રભુ તેની છેલ્લી પ્રાર્થના ઉપર અવશ્ય ધ્યાન આપશે. પિતા ! પિતા ! મ્હારી નાનકડી બ્હેન સરલાને બરાબર સંભાળજો તેને રડવા દેશો નહિ. વળી તે હેતાળ બ્હેનને કહેજો કે ત્હારાં લઇ લીધેલાં ઘરેણાં ફરી ઘડાવી આપવાનું મેં જે વચન આપ્યું હતું તે આ જન્મમાં પુરૂં કરી શક્યો નથી, પણ ફરી જન્મે તે ખચિત્ત પુરૂં કરી શકીશ. તે મ્હારી ભોળી સરલાને હવે કહેજો કે તે વારંવાર મારા લગ્નની વાતો સંભારે નહિ. કેમકે તેથી મ્હારી માતાને દુઃખ થાય છે. પિતા ! હવે છેવટ એક મર્યાદા બહારની વાત કરૂં છું. પણ હવે તે બીજાને કરી શકું તેમ ન હોવાથીજ કહૂંછું. તે એ કે રાજબાળાને કોઇ પણ રીતે એટલો સંદેશો પહોંચાડજો કે સુમને પોતાનું જીવન આખરે તમારા કાર્યમાંજ સમર્પણ કર્યું છે. ”

સુમનથી હવે વધારે બોલી શકાયું નહિ. તેની છાતી ભરાઇ આવી. સત્યસીંહ છેવટ સુમનને વ્હાલથી ભેટયો. ત્યાર પછી સૈનિકો સુમનને લઇ આગળ ચાલ્યા. સુમન દ્રષ્ટિ મર્યાદાની પાર થાય ત્યાં સુધી સત્યસીંહ ત્યાં ઉભો રહ્યો અને તે દિશા ભણી જોઇ રહ્યો. આખરે આ હૃદયભેદક હેવાલ પોતાની દુઃખી સ્ત્રીને સંભળાવવા તે નિર્બળ પગે રવાના થયો.

પ્રકરણ ૨૬ મું.

રાજવંશી કાવતરૂં.

આકાશમાં ચંદ્ર હસે છે—જગતને હસાવે છે. પણ કાળાં વાદળ જાણે તેથી નારાજ હોય તેમ પોતાની પાંખ નીચે તેને દબાવે છે. તે છતાં પણ તે મનોહર ચંદ્ર અલ્પ સમયમાંજ તેમની જાળમાંથી છટકી પુનઃ ડોકીયું કરે છે. વળી કાળાં વાદળ તે ઉપર પોતાની સત્તા જમાવે છે, અને વળી ચંદ્ર તેમના બંધનમાંથી મુક્ત થાય છે. એ પ્રમાણે એક તરફ નભો મંડળમાં દેવાસુર સંગ્રામ ચાલે છે. બીજી તરફ એક બાળીકાના હૃદયાકાશમાં અનેક તર્ક વિતર્કોનું દારૂણ યુદ્ધ ચાલે છે. બાળીકા એક વિશાળ મહેલના ઝરૂખામાં બેઠેલી છે.

" જ્યારે આ પાપી દેહનો અંત આણીશ ત્યારેજ દુઃખથી છુટીશ."

" નહિ નહિ. જો જીવતી હઇશ તો કોઇક દિવસ પણ સ્વામિને મળીશ. ગમે તેટલા પ્રયત્ને તેમના દર્શનનો લાભ લઇશ. અથવા તેઓ પણ મ્હારી અવશ્ય સંભાળ લેશે.

આ પ્રમાણે વિચાર ચગડોળે ચડનારી બાળા સુલોચના છે. સુલોચનાનું આજે જગત્‌માં કોઇ નથી. હાલનો સંસાર તેને સળગતા દાવાનળ જેવો લાગે છે.

સુલોચનાની આંખ્યોમાં પલક નથી, નસકોરામાં શ્વાસ નથી, આંખમાં પાણી નથી. અધરોષ્ટ ઉપર હાસ્ય નથી. અંગ પ્રત્યંગની ક્રિયા નથી. માત્ર હૃદયની ગતિ વેગવાળી છે. અને તેમાં સુમનનું સ્મરણ છે.

આવી હાલતમાં સુલોચના શી રીતે જીવે છે? માત્ર એકજ આશાથી જીવે છે. હજુ સુમનના મેળાપની તેને આશા છે. મનુષ્યની આશા બળવત્તર છે. આશા મનુષ્ય જીવનની ઉત્કૃષ્ટ દોરી છે. સ્વપ્નની સુખ સૃષ્ટિ કરતાં પણ આશારૂપ સુખ સૃષ્ટિ અદ્‌ભુત છે. દુઃખી મનુષ્યને દુઃખની નિવૃતિ કરાવનાર આશા છે. નિર્બળને બળવાન બનાવનાર આશા છે. ઇચ્છા એ આશાની પુત્રી છે. જે માતાને નિરંતર વળગેલી રહે છે. નિરાશાના ઘોર અંધકારનું વિદારણ કરનાર દીપક

તે આશાજ છે. જ્યાં સુધી દેહમાં પ્રાણનો નિવાસ છે ત્યાંસુધી હૃદયમાં આશાનો વાસ છે. આશા અમર છે. આશા નથી તો વિશ્વ પણ નથી.

ગમે તેવા પણ એ મારા પિતા છે, આખરે તેમનેજ દયા આવશે. શત્રુના હાથમાં જીવન સોંપવાની નિર્દયતા તેઓ કદી પણ નહિ કરે. મારી પ્રાર્થના તેઓ ખચિત્ત ધ્યાનમાં લેશે."

એક તરફ સુલોચના હજુ પણ પોતાના પિતા પ્રતિ સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસની દ્રષ્ટિથી વિચાર કરે છે. બીજી તરફ તેના પિતાનું હૃદય અદ્‌ભુત રીત્યે ડખોળાઈ ગયું છે. રાજાનું હૃદય હાલ તેની સત્તામાં નથી, રાણીએ રાજાના હૃદયને હાલ પોતાના વિચારનું રમકડું બનાવ્યું છે. જ્યારે રાજા રાણીની પાસે જાય છે ત્યારે રાણીની વાક્‌ચાતુર્યતા અને યુક્તિઓને આધિન થઈ તેના વિચાર પ્રમાણે વર્તવાનું વચન આપે છે, અને જ્યારે તે સુલોચનાની પાસે આવે છે ત્યારે સુલોચનાની પ્રાર્થના તેને વાસ્તવિક લાગે છે.

ખરેખાત્ રાજાઓની સ્થિતિ ઘણા ભાગે આવી દયાજનકજ હોય છે. આશાને જન્મ આપવો એ કામ મનુષ્યનું છે પણ આશાને સફળ કે વિફળ કરવી તે સત્તા પરમાત્માની છે, સુલોચના એક વખત આશાની શ્રેણીપર ચડે છે. બીજી વખત નિરાશાના સમુદ્રમાં તરફડે છે. એક વખત આત્મહત્યાનો વિચાર કરે છે. બીજી પળે આશા તેને જીવન ધારણ કરવાની આજ્ઞા કરે છે. વિચારમાંને વિચારમાં સુલોચના નિદ્રાધીન થાય છે.

સુલોચનાનો નિવાસ હાલ સુમશામ છે. છેટે એક વૃક્ષ ઉપર ઘુવડ બોલે છે. તેનો સ્વર હાલ ભયાનક ભાસે છે. વાદળોએ પુનઃ આકાશના ચંદ્રને ઘેરી લીધો છે. સુલોચના અસ્તવ્યસ્ત પથારીપર પડેલી છે. દીવાનો પ્રકાશ કંઈક ઝાંખો જણાય છે. તોપણ તેના મુખ ઉપરની નિર્દોષતા—અને મધુરતા હજુ જેવીને તેવીજ છે.

કાળા પોશાકમાં સજ થયેલ, એક રાક્ષસ ધીમે પગલે ત્યાં પ્રવેશ કરે છે. તે પોતાની રક્તપૂર્ણ દ્રષ્ટિ મર્યાદાને આસપાસ ફેંકે છે. ઘડીકમાં તે પોતાની આંગળીને દાંત વચ્ચે ઘાલી જાણે તે કરડતો હોય એવા ચાળા કરે છે. ઘડીકમાં તે પોતાના પગ જમીનપર ઠેકાવી

ખેડી ઉંચી કરી, તીવ્રદ્રષ્ટિથી એક વસ્તુને ધ્યાનપુર્વક જુએ છે. ક્ષણમાં એ માણુસ મહેલની દિવાલ સાથે લપાઇ જાય છે. અને ક્ષણમાં હિંમત દાખવતો આગળ વધે છે. જેમ કાળો નાગ કરડવાને આતુર થયો હોય તેમ કેટલીક વારે તે છુપાતો લપાતો રાજબાળાની સમીપ જાય છે. બાળા હજુ ભર નિંદ્રામાં છે. તેનું મુખ કમળ કર-માયેલું છે. તોપણ તે ઉપર શૌર્યની પ્રભા છે. આવનાર માણુસ જાણે છે કે સુલોચના એક બહાદુર ક્ષત્રાણી છે—એક બળવાન સીંહણુ છે.

નિદ્રા એ એક રીતે મૃત્યુનું બીજું સ્વરૂપ છે. પણ જગતમાં સર્વોપરી સત્તા ભોગવતી ચૈતન્ય શક્તિ તે અવસ્થામાં પણ સંપૂર્ણ સહાનુભુતિ આપે છે. સુલોચના અચાનક પાસુ બદલે છે. તે જોઇ આવનાર અસુરના પગ ધ્રુજી ઉઠે છે. અને અંધકારની છાયામાં છુપાઇ જાય છે. જ્યારે તે જાણે છે કે સુલોચના ખરેખાત નિદ્રામાંજ છે ત્યારે તે સમીપ આવી ઔષધી પ્રયોગવડે તે નિર્દોષ બાળાને બે-શુદ્ધ કરે છે. ત્યાર પછી બહાર ઉભેલા માણુસોને તે અંદર બોલાવે છે, તેઓ સુલોચનાને ઉપાડી ત્યાંથી ચાલતા થાય છે.

અચાનક ધીમેથી એક દ્વાર ઉઘડે છે. અને એક સ્ત્રી ત્યાં પ્રવેશ કરતાંજ પ્રશ્ન કરે છે. કેમ ફતેહ ”

“ હા ” ફતેહ, ”

એ ઉત્તર સાંભળતાંજ તે સ્ત્રી ઉતાવળા પગે પાછી ફરે છે. અને તે અસુર જેવા દેખાવનો માણુસ પણ ત્યાંથી ચાલ્યો જાય છે.

પાઠકગણુ ! એ નર પીશાચ કોણુ હતો ?

કદાચ તમે તેને વિકળસીંહ માનવાની ઉતાવળ કરશો, પણ તે સેતાન અણુધસિંહ હતો. અને ફતેહનો ઉત્તર સાંભળી પાછી ફરનાર સ્ત્રી ખુદ રાણી હતી.

શું આ કાવતરૂં રાજાની જાણુ બહાર રચવામાં આવ્યું હતું ? નહિજ. રાજા વિમળસિંહ નમ્રતાપૂર્વક રાજબાળાના વેવીશાળની માગણી કરે તો તે માગણી સ્વિકારવામાં આવશે એવું રાજા મુકુંદ-સિંહે છેવટ રાણી, અને અણુધસીંહ આગળ કબુલ કર્યું હતું.

અણુધસીંહનો વિમળસીંહ સાથે પ્રથમથીજ પત્ર વ્યવહાર ચાલુ હતો. તેથી એક પત્રમાં તેણે કરેલી સુચના પ્રમાણે રાજકન્યાની

માગણી માટે વિમળસીંહે રાજા મુકુંદસીંહપર પત્ર લખી મોકલ્યો હતો. તે પત્ર નીચે પ્રમાણે હતો.

"યુવાન પુત્ર પુત્રીઓના છુપા પ્રેમને પ્રકટ કરવાની ફરજ તેમના માબાપોને શીર આવી પડે એ અત્યંત ખેદજનક બીના છે. આપની પુત્રી સુલોચના, અને મ્હારો પુત્ર વિકળસીંહ પરસ્પરના સૌન્દર્યથી, અને સદ્‌ગુણોથી મોહ પામી એક સ્નેહ સંકલનાથી સંધાયાં છે. પ્રેમની નીશાની તરીકે પરસ્પર ભેટ સોગાદો સ્વીકારી છે. કદાચ આપને અજાયબી લાગશે, પણ કુમાર વિકળસીંહે આપની પુત્રીનું જે સ્થળે હરણ કર્યાનું કહેવામાં આવે છે. ત્યાં તે પ્રથમથી કરી રાખેલા સંકેત પ્રમાણે આવી હતી. પરંતુ હું ઉભયનું હિણભાગ્ય સમજું છું કે કુમાર સુમનસીંહે પાછળ આવી તેમના પવિત્ર સ્નેહામૃતમાં ઝેર ભેળવ્યું છે. સુમનને તેનો બદલો મળી ચુકયો છે. સુલોચનાનો તેમાં કિંચિત્ દોષ નથી; કેમકે સુલોચનાએ આપની સંમત્તી વગર કરેલા સંકેતને છુપાવવા માટે આપના પરિચિત્ત માણસ આગળ પોતાનું નિર્દોષપણું બતાવ્યા વિના તેને અન્ન કંઈ ઇલાજ ન હતો. અલબત્ત, હું માનું છું કે સુલોચનાને વિકળસિંહના હવાલામાંથી છોડાવ્યા પછી તેમને મળેલી એકાન્તમાં રાજબાળા ઉપર આશક થયેલા એક રંક સુમનને વશીકરણ મંત્રપ્રયોગથી અંધ બનાવવાની પૂરી તક મળી હશે અને તેથી તે કદાચ કુમાર વિકળસિંહના સ્નેહને ભૂલવા ચહાતી હશે, પણ અમને અમારી જાતનું અને અમારા ચળકતા કુળનું સંપૂર્ણ અભીમાન છે અમો પરાજય સહન કરીશું, પણ અપમાન સહન કરીશું નહિ. જેનામાં મનુષ્યત્વ છે તે અગત્યની માણસ જાતને એક નજીવા કારણસર રણસંગ્રામનું બલી બનાવતા પહેલાં સુલેહ શાન્તિનું વધારે સન્માન કરે છે આશા છે કે આપ મ્હારા મન્તવ્યમાં સંમત થઇ રાજબાળાનું લગ્ન મ્હારા કુમાર સાથે કરવાનું સ્વિકારશો."

"એ યુવાન જોડાએ પ્રથમથીજ તેમના મનોવેગને વિજય આપવા પોતપોતાના માબાપોની મદદ માગી હોત તો વચ્ચે જે ક્ષોભદાયક બનાવો બનવા પામ્યા તે ભાગ્યેજ બનત. સુજ્ઞ મનુષ્યો ભૂત જ્ઞાન્તને ભૂલી જઇ ભાવી સુધારવામાંજ શાણપણ માને છે."

રાણીએ અને અણુવસિંહે વિમળસિંહના પત્રના, તેમાં જણા-

વેલી નમ્રતાના, ડહાપણયુક્ત વિચારોના, અત્યંત વખાણ કર્યાં. રાજાના મન ઉપર પણ તે પત્રની જાદુઇ અસર થઇ. તે હવે એકદમ સુલોચનાનું વિકળસિંહ સાથે લગ્ન કરી દેવાના નિશ્ચય ઉપર આવ્યો. પણ તે સુલોચનાના સ્વભાવથી, અને તેના દૃઢ સંકલ્પથી પૂરેપૂરો જાણીતો હતો તેને ખાત્રી હતી કે સુલોચના સ્વેચ્છાથી પોતાનો હાથ વિકળસિંહને આપશે નહિ. વખતે લગ્ન સમારંભ સમરક્ષેત્ર અથવા સ્મશાનભુમિનું સ્વરૂપ ધારણ કરે તેનો પણ તેને ભય હતો. તેથી રાજાએ અને રાણીએ અબુધસીંહ સાથે તે સંબંધમાં મંત્રણા કરી તેના પરિણામે રાજબાળાને ઔષધીપ્રયોગથી બેભાન કરીને રાજમહેલમાંથી લઇ જવા અને રાજા વિમળસીંહને સ્વાધીન કરવા અબુધસીંહને આજ્ઞા થઈ, અને આપણે જાણીએ છીએ તે પ્રમાણે તે આજ્ઞાનો અમલ થયો.

પ્રકરણ ૨૭ મું.

વાક્ચાતુર્યતાપાસે તલવારનો પરાજય.

બેશુદ્ધ સુલોચનાને જે ગાડીમાં નાખી હતી તે ગાડી વિકટ જંગલમા આવી પહોચી. જંગલની તાજી અને મધુર હવા શ્વાસોશ્વાસ દ્વારાએ સુલોચનાના બેશુદ્ધ શરીરમાં દાખલ થઇ. સુલોચના શુદ્ધિમાં આવી ત્યારે તેણે જાણ્યું કે પોતે એક ગાડીમાં છે. પહેલાંતો તેને એમજ લાગ્યું કે આતો સ્વપ્ન છે. તેથી અલ્પ સમય શાન્ત પડી રહી. ફરી ઉઠી. હવે સમજાયું કે સ્વપ્ન નથી. ગાડીનું બારણું ઉઘાડવા યત્ન કર્યો. બારણું બંધ હતું. માત્ર હવાના આવાગમન માટે છત્રીને મથાળે એક વેંતદર્શદ ગોળ જાળી હતી. તેમાંથી આકાશના કેટલાક તારા ગણોનું દર્શન થતું હતું. ગાડીવાનને સુલોચનાએ ઉચે સ્વરે પ્રશ્ન પૂછ્યા. કંઇ ઉત્તર મળ્યો નહિ. ગાડીવાન દ્રષ્ટિથી દેખાતો નથી. ગાડી કઇ તરફ જાય છે? તેને કોણ લઇ જાય છે? શા માટે લઇ જાય છે? સુલોચના તેમાંનું કંઇ જાણતી નથી. સુલોચનાના હૃદયમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક થવા લાગ્યા. શું કરવું? કોને પૂછવું? કંઇ સુઝયું નહિ. ફરી ગાડીનું બારણું ઉઘાડવા યત્ન કર્યો કંઇ વળ્યું નહિ. તેનો કલ્પાન્ત—તેની ચીસો કોઇ સાંભળતું નથી. સાંભળનારાઓ ઉત્તર આપતા નથી. હવે તો ગાડીને

પણ ઉતાવળી ચલાવવામાં આવે છે. મનુષ્ય માત્રને દુઃખમાં પ્રભુ યાદ આવે છે. રાજબાળાએ પ્રભૂની પ્રાર્થના શરૂ કરી. અનેક સતીઓને સંકટ સમયે મદદ કરનાર પરમાત્માનો તેને સંપૂર્ણ વિશ્વાસ હતો, તેથીજ તેણે છેલ્લી ઘડીએ તેનું ધ્યાન ધર્યું. એકમન, એકપ્રાણ, અને એકચિત્તે તે પ્રભુનું ભજન કરવા લગી, પરમાત્માનું શરણુ ઇચ્છવા લાગી.

શું હવે મ્હારૂં કોઇ સહાયક નથી? બાલ્યાવસ્થામાં પુત્રિનો રક્ષક તેનો પિતા છે તેતો જ્યારે ભક્ષક થઇ પડયો છે. ત્યારે શું હવે મ્હારૂં રક્ષક કોઇજ નથી? ભીડ ભંજન ભગવાન મ્હારો રક્ષક છે. જેનું રક્ષણ કરનાર જગતમાં કોઇ નથી તેનું રક્ષણ કરનાર જગત્પિતા પરમેશ્વર પોતેજ છે. તે અનાથનો નાથ છે. અબળાનો આધાર છે. દુઃખી બાળાનો બેલી છે. નિરાધારનો સહાયક છે.

અનુધસિંહે રાજા વિમળસિંહને પત્ર લખી ખબર આપી હતી કે મહારાજાની આજ્ઞાથી પોતે સુલોચનાને લઇ તે તરફ આવે છે. માટે પુરતા સૈન્ય સાથે અમુક સ્થળે આવી મળવું અથવા કુમાર વિકળસિંહને મોકલવા.

પત્રમાં તેણે જે સ્થળની સુચના કરી હતી. તે સ્થળ તેજ હતું કે જ્યાંથી સુમને, સુલોચનાને વિકળસિંહના હવાલામાંથી મુક્ત કરી હતી. ગાડી તે સ્થળે આવી પહોંચી. કુમાર વિકળસિંહ કે તેમના તરફનું કોઇ મનુષ્ય ત્યાંજ આવી પહોચ્યું ન હતું. અનુધસિંહે ત્યાં મુકામ કર્યો.

સુલોચના ઘણું રડી છે. હદપાર રડી છે. રડી રડીને થાકી ગઇ છે. તેની આંખના આંસુનો ખજાનો ખાલી થઇ ગયો છે. હવે તેનાથી રડાતું નથી. રડવાથી શું વળે? રડવાથી શું કોઇને દયા આવે તેમ છે? ત્યાં દયાળુ માણસજ ન હતું. સુલોચના હવે ભ્રમીત થઇ શબવત્ પડી રહી હતી.

અનુધસિંહનો વિચાર ગાડીનાં દ્વાર ઉઘાડવાનોજ ન હતો, પણ હવે સુલોચનાનો શબ્દ સંભળાતો નથી, હવે તે ચીસો પાડતી નથી, કલ્પાંત કરતી નથી, ત્યારે શું તેણે આત્મઘાત કર્યો હશે? કદાચ તેને ક્ષુધા લાગી હશે તો? તૃષા લાગી હશે તો? પુછી જોઉં? નિર્દયના

હૃદયમાં દયાનું એક પુરાણું ટીંપું પડી રહ્યું હશે એ સુલોચનાનું સદ્ભાગ્ય હતું.

ગાડીનું બારણું ઉઘાડયું. સુલોચના પડી રહી હતી. 'સુલોચના' 'સુલોચના' એ ત્રણ વખત હાંક મારી. ખચિત સુલોચના મૃત્યુ પામી છે. ચાલો એમ થયું તો પણ રાણીની મનકામના એક રીતે પૂર્ણ થઇ. વધુ ખાત્રી માટે અબુધસિંહે સુલોચનાનો સ્પર્શ કર્યો. સુલોચના એકદમ ચમકી ઉઠી. છલંગ મારી ગાડીમાંથી કુદી બહાર પડી.

અબુધસિંહે કહ્યું—"ગભરાઇશ નહિ એ તો હૂં છું.

સુલોચના—કોણ કાકા અબુધસિંહ!

અબુધ—હા.

સુ—કાકા મને કયાં લઇ જાઓ છો?

અબુ—જયાં તને અનંત સુખ મળે ત્યાં.

સુ—કાકા! આ ફાની જગત્માં સુખનો સંભવજ કયાં છે? વળી લોકો જેને સુખ માને છે તેવું કલ્પીત સુખ પણ મ્હારા ભાગ્યથી ઘણું દુર છે. ત્યારે કહો, કહો, કાકા! આપના દીન બાળાને કયાં ઘસડી જાઓ છો?

અબુધ—સુલોચના હવે સુખ ત્હારા ભાગ્યથી દુર નથી. કુમાર વિકળસિંહ અહીં આવી પહોંચે તેટલોજ વિલંબ છે. મહારાજાની આજ્ઞાથી ત્હારૂં તેની સાથે લગ્ન થશે. ભવિષ્યમાં તું મહારાણી થઇશ.

સુલોચનાનો મીજાજ હાથમાંથી ગયો. તેનાં નેત્રો વિશાળ થવા લાગ્યાં. નસકોરાં ફુલવા લાગ્યાં. ભ્રમરો ઉપર કરચલીયો વળી, શરીરમાંનો સર્વ જુસ્સો નયનોમાં આવ્યો; આંખો રક્તપુર્ણ બની. તેણે કડક અવાજે ઉત્તર આપ્યો કે; "કાકા! શું આપની મતિ પણ ભ્રષ્ટ થઇ છે? મ્હારા પિતાને આવી નાપાક સલાહ આપવામાં શું આપ સામેલ રહ્યા છો? રાજા વિમળસીંહના વૈરની તૃપ્તી માટે મ્હારા પવિત્ર શિયળનું નજરાણું કરવામાં શું તમે ખુશાલ થયા છો? કાકા! શૌર્ય ન હોયતો બંગડી પહેરો. દ્રવ્ય ન હોયતો કાઠી વેચો, બુદ્ધિ ન હોયતો ભીક્ષા માગો, પણ મનુષ્યની અધમતાનો છેડો બતાવી

કસાઈનું કામ ન કરો ? કાકા ? વિમળસિંહનું લગ્ન મ્હારી સાથે તો નહિજ થાય પણ મૃત્યુની અધિષ્ટાતા દેવી સાથે થશે. કાળ વીતિ જશે કહેણી રહી જશે.

અનુપસિંહનો ક્રોધ કાબુમાં રહ્યો નહિ તેણે તત્કાળ તલવાર મ્યાન બહાર કાઢી, ને ગુસ્સાથી બોલ્યો, છોકરી ! શું તું મને નાદાન સમજે છે ? એકજ પ્રહારથી હું ત્હારા અનેક ટુકડા કરી દઈશ. તારા પિતાની સામે બકવાદ કરવામાં તું ગમે તેટલી છુટ લતી હોય તો પણ મ્હારી સાથે એક શબ્દ ઉચ્ચારીશ તો આ ક્ષણેજ સહસ્ત્ર ટુકડા કરી નાંખીશ. સમજી કે ?

સુલોચના મૃત્યુ માટે તત્પરજ હતી. તે ખુલ્લી તરવાર દેખી કીંચીત પણ ભય પામી નહિ. અનુપસિંહ સામે અડગ ઉભી રહી અને કહ્યું—" સાબાશ ! કાકા સાબાશ ! આપની બહાદુરીને ધન્યવાદ ઘટે છે. વિમળસિંહના શૌર્ય સામે કંપાયમાન થનાર કાકા ! આ દીન બાળકી સામે તલવાર ખેંચવા જેટલી પણ હિંમત અને મર્દાઈ આપનામાં છે એ જાણી સંતોષ પામું છું.

અનુપ—હઠીલી બાળા ! ત્હારા શબ્દોજ ત્હારૂં ખુન કરવાને માટે મને ઉશ્કેરે તેવા સખત છે, તથાપી હું તને બાળક સમજી ક્ષમા આપું છું. સુલોચના ! હજી પણ તું મ્હારૂં કહેવું માની જા, નહિ તો મહારાજાની બીજી આજ્ઞાનો અમલ કરવો પડશે.

સુ—તે બીજી આજ્ઞા શી છે ?

અ—શીરચ્છેદ.

સુ—એટલે પુત્રીવધ ?

અ—હા. રાજાને પુત્ર પુત્રી ભાઈ ભગીની સગું સંબંધી કોઈ હોઈ શકતું નથી. રાજા સર્વનો માલીક છે. તેના હુકમનું પાલન કરે તે રાજાનો ભક્ત છે, હુકમનું ઉલંઘન કરે તે શત્રુ છે. ભક્ત રહેમીયતને પાત્ર છે, શત્રુ સજાને પાત્ર ;છે. મહારાજાએ એ પ્રકારની નીતિ અખત્યાર કરીને છેવટની આજ્ઞા આપી છે.

સુ—કાકા ! પ્રથમની આજ્ઞા કરતાં બીજી આજ્ઞા મ્હારા માટે ઘણીજ રહેમીયત ભરેલી છે, અને તે મ્હારા બહાદુર કાકાના પવિત્ર હાથેજ અમલમાં આવનાની છે—એ મ્હારૂં સદ્ભાગ્ય સમજું છું.

અનુપ—સુલોચના ! શું ત્યારે તું ત્હારા પિતાની આજ્ઞા નહિ જ માને ?

સુ—કાકા ! તે આજ્ઞા નીતિ વિરૂદ્ધ છે. ધર્મ વિરૂદ્ધ છે.

અ—રાજાનો હુકમ તેજ નીતિ–રાજાની આજ્ઞા તેજ ધર્મ. રાજાની ઇચ્છા તૃપ્ત કરવાને પહાડોએ જમીનમાં ઉતરી જવું જોઇએ, સમુદ્રે સુકાઈ જવું જોઇએ.

સુ—કાકા તમે જાણો છો કે રાજાઓના ઉપર પણ એક મહાન રાજા છે. શું તમને તે મહાન રાજાનો ભય નથી ?

અ—જે ભય નજીક છે તેની પ્રથમ નિવૃત્તિ કરવી જોઇએ. તું જાણે છે, કે ત્હારા પિતાના હુકમનો અમલ કરવામાં હું કાંઇ પણ છળભેદ કે આપખુદી કરૂં તો મ્હારે મૃત્યુના મુખમાં પ્રવેશ કરવો પડે ? સુલોચના ! અલબત્ત ! હું ત્હારો કાકો છું પણ મ્હારા દુર્ભાગ્યથી આવી ભયંકર ફરજ મ્હારા ઉપર આવી પડી છે. એક તરફ મને દયા ઉત્પન્ન થાય છે પણ બીજી તરફ સ્વામિધર્મ તે દયાને દુર હઠાવે છે.

સુ—કાકા ! ભલે ત્યારે એ મહાન ફરજને આધીન થાઓ. હું પણ મ્હારા પિતાની તેવી આજ્ઞાને તો તાબેજ છું. આપ પણ સત્વરે તે પવિત્ર આજ્ઞાને અમલમાં આણો. કાકા ! હું આપને દયા માટે વિનવતી નથી. મ્હારાપર દયા આણશો નહિ–રહેમ લાવશો નહિ. હું આપની કંઇ પણ સહાય માગતી નથી. હા, જો મને આ વખતે કોઇ શત્રુ મારી નાંખતો હોત તો–કાકા ! કાકા ! પિતા ! પિતા ! એમ પોકાર કરતી–મને બચાવવા માટે આપની સહાય માગત, પણ જ્યારે એ ઉત્તમ કાર્ય આપનાજ હાથે થાય છે–ત્યારે તો હું સંતોષની સાથે મરૂં છું. કાકા ! ઘરમાં આગ લાગે ત્યારે પાણીની મદદ માગીએ, પણ પાણીજ સળગી ઉઠે, પછી સહાય કોની ? જગતમાં અંધકાર ફેલાય ત્યારે સુર્યની પ્રાર્થના કરીએ, પણ સુર્યના પ્રકાશથીજ અંધારૂં થવા માંડે ત્યારે શોક શાનો ? વાડ પોતેજ ચોરી કરવા શીખે, પછી ફરીયાદ શાની ?

અનુપ—સુલોચના રામચંદ્રજીની આજ્ઞા પાળવાને લક્ષ્મણે શું કર્યું હતું ? શું પોતાની માતા સમાન સીતાને જંગલમાં નહોતી મૂકી ? પરસુરામે પિતાની આજ્ઞા પાળવાને પોતાની માતાનો વધ ન્હોતો કર્યો ? સુલોચના ! આજ્ઞા પાળક ધર્મ એવો વિકટજ છે.

સુલોચના—કાકા ! હું આપને ક્યારે દોષ દઉં છું ? દોષ મ્હારો પ્રારબ્ધનોજ છે; કેમકે જે પિતા ! એક વખતે મ્હારી સામે આંખ કાઢનારની આંખ ફોડી નાખવા તૈયાર હતા, હાથ ઉંચો કરનારનો હાથ કાપવા તૈયાર હતા, અને અપમાન કરનારની જીભ છેદવા તૈયાર હતા, તેજ પિતાએ જ્યારે મ્હારો વધ કરવાની આજ્ઞા આપી છે ત્યારે તે મ્હારા પ્રતિકુળ પ્રારબ્ધનુંજ પરીણામ છે. કાકા ! હૃદયની પવિત્રતા જાળવવા માટેની પ્રભુ આજ્ઞાને આધીન થતાં પિતાની એક આજ્ઞાનું ઉલંઘન કરી લૌકિક રીતે કદાચ હું દોષીત મનાતી હઇશ, તો પિતાની બીજી આજ્ઞાને આધીન થઇ, મ્હારા પ્રાણનું બળીદાન આપવાથી તે દોષનું પ્રાયશ્ચિત થયેલું ગણાશે. પિતાની આજ્ઞાનુસાર વર્તી પુત્રી હોવાનો ચીર સ્મરણીય લેખ જગતમાં હંમેશને માટે કાયમ રહેશે ! કાકા ! એનેજ હું મ્હારી જીંદગીનું સાફલ્ય માનીશ.

અણુધ—ત્હારા અસરકારક શબ્દો જો કે મ્હારા હાથને કંપાવે છે; તથાપી સ્વામી ધર્મ મને તલવાર મ્યાન કરતાં હજુપણ અટકાવે છે. “ એમ કહી સુલોચનાને મારવાની તૈયારી કરે છે.

સુલોચના ઘુંટણે પડી હાથ જોડતી કાકાના ચરણ સામે માથું નમાવે છે, અને કહે છે, કાકા ! વીર પ્રવર કાકા ! મારો ! મારો ! વિલંબ ના કરો ! તમારી તરસી તલવારને મ્હારા રૂધિરથી ત્વરાએ તૃપ્ત કરો, કારણકે હું પોતેજ મૃત્યુ ઇચ્છુ છું. આ સંસારમાં મ્હારૂં કોઇ નથી. જગતનું સુખ અને આનંદ મ્હારા માટે હંમેશને સારૂ લય પામ્યાં છે. માટે હું સડેલા કાષ્ટની પેઠે થોડે થોડે રીબાઇ રીબાઇ મૃત્યુ પામું, તે કરતાં મ્હારા બહાદુર કાકાના હાથે એકજ પ્રહારે મર્ણ પામું—એ વધારે ઇચ્છવા જોગ છે. કાકા ! મને મૃત્યુનો ડર હોતતો ખચિત આપનું કહેવું હું માન્ય કરત, પણ હવે મ્હારે જીવીને શું કરવું છે ? મ્હારા મૃત્યુની સાથેજ સર્વ સંકટનો છેડો આવશે. કાકા ! આપનો મહાન ઉપકાર થશે.”

“ ઓ વિર ભૂમિ ! તું આ દીન બાળાને ત્હારા ઉછરંગમાં લેજે. તું મ્હારી ચીર સ્મરણીય ભૂમિ છે. કેમકે એક વખતે દુષ્ટ વિકળસિંહના હાથે મૃત્યુ પામતાં વીર શ્રેષ્ટ સુમને આ ભૂમિ પરથીજ બચાવી હતી. તેજ ભુમિ ઉપર મ્હારા પિતા સમાન કાકાના હાથેજ મ્હારી જીંદગીનો છેડો આવે છે.

"વ્હાલા સુમન, હું તને કોઇ રીતે સંતોષ આપી શકી નથી, પણ આ ત્હારી વિજય ભુમિ છે. તેને આજે હું ત્હારા નામ સ્મરણ સાથે મ્હારા રૂધિરથી તૃપ્ત કરીશ. બાકીનું રૂણ આ લોકમાં નહિતો પરલોકમાં ત્હારી અર્ધાંગના થઇ ચુકાવી આપીશ.

"કાકા! મ્હારા ભોળા પિતાને—મ્હારા તિર્થસ્વરૂપ પિતાને—મ્હારીવતી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પ્રાર્થના કરજો કે હું આપને દુઃખ દેવાનેજ જન્મી હતી. હવે હું જાઉંછું. મ્હારા જવાથી આપને સુખ થશે તો હું સ્વર્ગમાં રહીને પણ સંતોષ પામીશ. મ્હારી માતાને પણ તેમજ કહેજો"

અબુધસિંહે તલવાર ભોંય ફેંકી દઈ કહ્યું,—"સુલોચના! મ્હારી પાસેની કિંમતી તલવાર ત્હારી વાક્ચાતુર્યતા પાસે પરાજય પામે છે ત્હારા પ્રત્યેક શબ્દોથી મ્હારા હૃદયમાં કમકમાટ ઉત્પન્ન થાય છે. મ્હારી દિકરી કરતાં પણ મને ત્હારા ઉપર અત્યંત વ્હાલ આવે છે. બેટા! હું તને નહિ મારૂં! પણ હવે મ્હારી એક વાત ધ્યાનપૂર્વક સાંભળ.

સુલોચનાએ કહ્યું,—"કાકા! ખુશીથી કહો.

અબુધસિંહે કહ્યું,—"વિકળસિંહની સાથે તારૂં લગ્ન થાય તેમાં ખોટું શું છે?

સુલોચનાએ સલજ્જ થઇ કહ્યું,—"નાકની જગાએ કાન લગાવીએ, કાનની જગ્યાએ આંખ્યો ચોટાડીએ, ઉંટને મોઢે સુંઢ લગાવીએ, હાથીની ખાંધે ખુંધ લગાવીએ, પશુને પાંખ આપીએ, અને પક્ષીને દાંત આપીએ, ગુલાબપર કેરી, અને આંબાપર ગુલાબ ઉગાડીએ તેમાં જો કોઇપણ ખોટું ન હોય તોજ વિકળસીંહની સાથે લગ્ન કરવું એ ખોટું નહિ ગણાય.

અબુધસિંહે કહ્યું,—"વારૂ, પણ સુમન કદાચ મૃત્યુ પામ્યો હશે તો?

સુલોચનાએ કહ્યું,—"પતિના મૃત્યુ પછી સ્ત્રી શું કરે છે? કાંતો સતિ થાય છે. કાંતો પ્રિયતમના નામ પર પોતાના આંસુ વરસાવી જીંદગી પુરી કરે છે. હું પણ તેમજ કરીશ. અરે સ્મશાનમાં બળ્યા પછી મારી રાખ પણ તેના નામનો પોકાર કરી ઉઠશે.

અબુધસીંહે કહ્યું,—"વારૂ વીકળસીંહની સાથે લગ્ન કરવું કે નહિ

એ ત્હારી ખુશીની વાત છે, પણ મને પોતાને દ્રોહી ન બનાવવા તું વિકળસીંહની સાથે ખુશીથી જા. ત્યાં ગયા પછી ત્હારૂં મન માનેતો તેની સથે લગ્ન કરજે, અથવાતો કોઇ ખુબસુરત અપ્સરા સાથે લગ્ન કરવાને તેને સ્વર્ગમાં મોકલજે. હું તને ઠગતો નથી, તેનો પુરો વિશ્વાસ કરજે. સુમન હજુ મૃત્યુ પામ્યો નથી પણ મૃત્યુના કિનારા પર ઉભો છે. તેને તારી છેવટની મુલાકાત આશ્વાસન આપનારી થઇ પડશે. પ્રભુની કૃપા હશે તો તું તેને મદદગાર પણ થઇ પડીશ. હવે ત્હારૂં મન માને તેમ કર." એમ કહી અણુધસિંહે તલવાર મ્યાન કરી.

પ્રેમાળ બાળાને અન્ય સર્વ સુખો કરતાં પોતાના પ્રિયતમનું મનોહર મુખ જોવાની ઉત્કૃષ્ટ ઇચ્છા હતી. તે ઇચ્છાના વેગને કોઇ અટકાવી શકે તેમ ન હતું, તેથી મૃત્યુ પામવાનો વિચાર તેણે હૃદયમાંથી દૂર કર્યો. શું પ્રેમ એવીજ વસ્તુ છે કે બીજા સુખો કરતાં તે વધારે પ્રિય હોય છે? હા. પવિત્ર પ્રેમ એ સ્વર્ગનું અમૃત છે. પવિત્ર પ્રેમ એ કુબેરનો ભંડાર છે. પવિત્ર પ્રેમ એ બ્રહ્માની સૃષ્ટિ છે. અને પવિત્ર પ્રેમ એ સાક્ષાત પરમાત્માનો પ્રસાદ છે. રાજબાળાએ તેજ અમુલ્ય પ્રસાદ પ્રાપ્ત કર્યો હતો, પણ તે પ્રસાદ ક્રૂર વિધાતાએ ઇર્ષા કરી પડાવી લીધો હતો. તેજ પ્રસાદ પુનઃપ્રાપ્ત કરવાને તે ઉત્કંઠીત હતી. સુમનના દર્શનની ઝાંખી થાય, તેનાં સુધાનીધી સમાન પ્રેમાળ નેત્રો જોવામાં આવે, તેના મુખમાંથી વર્ષતુ અમૃત જોવામાં આવે, તેવી તેની ઉત્કૃષ્ટ ઇચ્છા હતી તેથી તેણે અણુધસિંહની છેવટની સલાહ માન્ય કરી.

હજુ પણ વિકળસીંહ આવી પહોચ્યો ન હતો, સંધ્યા સમય થયો. રાત્રી થઇ તોપણ તે આવ્યો નહિ. સુલોચના ઝુંપડીમાં વિશ્રાન્તિ લેવાને સુઇ રહી. શ્રમીત થયેલી સુલોચના થોડીવાર નિદ્રાધીન પણ થઈ. અણુધસીંહ વારંવાર તેની ખબર કાઢતો. સુલોચનાએ તેનું કહેવું માન્ય કર્યું તેથી તે પોતાના મનમાં મલકાતો હતો.

ઇશ્વરની ઇચ્છા ઉદ્‌ભવે છે, ત્યારે મનુષ્યની ચાલાકી અને ચંચળતા નકામી થઇ પડે છે. સુમનને મળવા માટે અધીર થયેલી બાળા મધ્યરાત્રીએ વિચાર નિદ્રામાંથી જાગી ઉઠી. અને જોયુંતો સંરક્ષક અણુધસીંહ ઉપર પણ નિદ્રાદેવીએ સામ્રાજ્ય જમાવ્યું હતું. તે વખતે સુલોચનાના હૃદયસાગરમાં એક વિચાર તરંગ ઉદ્‌ભવ્યો. શું સુમનને મળવાની લાલચે ફરી વિકળસીંહની જાળમાં ફસાવું એ

ઈષ્ટ છે? હૃદયે ઉત્તર આપ્યો. નહિં. તેને સ્વતંત્રતાથી મળવું એજ ઈચ્છવા જોગ છે. એવા નિર્ણયથી તેને નાશી છુટવાનો માર્ગ શોધ્યો.

રાત્રી બે પહોર વીતિ છે. આકાશમાં થોડી વાદળીયો જળના ફુવારા ઉઠાવી રહી હતી તે તેજ વખતે આ દુઃખી બાળાના કમળ નયન-માંથી છલકાતાં આંસુઓની ધારા ચાલી વહી છે. વાદળાંઓના ઘર્ષ-ણથી બહાદુર ક્ષત્રીઓની ઉછળતી ચળકતી તલવારોની પેઠે વિજળીના તેજસ્વી ચમકારા એક પછી એક થઇ રહ્યા છે. તેજ સમયે આ વિરહણી બાળાના હૃદયાકાશમાં અનેક તર્ક વિતર્ક રૂપ વિજળીના ચમકારા ચાલી રહ્યા છે. વિજળીઓના ચમકારાની પાછળ મેઘની ભયંકર ગર્જનાઓનો ઘોર નાદ પૃથ્વી, પહાડોને અને જંગલના સિંહ વગેરે વિકાળ પ્રાણીઓ ભયંકર ગર્જના કરી દુઃખી બાળાના હૃદયમાં ભયનો વિશેષ સંચાર કરી રહ્યાં છે. છતાં તે પ્રેમાળ બાળા પોતાના પ્રિયતમને મળવાના ઉલ્લાસથી ઝુંપડીની એક બાજુએ થઇને ગુપ્ત રીત્યે નાશી નીકળે છે.

પ્રકરણ ૨૮ મું.

શું હીરાનો હાર પણ કાળો નાગ થઇને ડશ્યો?

આજે ભોજન માટેની સર્વ સામગ્રી રાજમંદિરમાંથી આવી છે. સર્યું રસોઇ કરે છે, સરલા મદદ કરે છે, વચ્ચે, વચ્ચે મા દિકરી ભાવિ સુખની અનેક આશાઓનું અવલંબન કરી વાતો કરે છે.

સરલા—માડી! ત્યારે શું ભાઇનું લગ્ન હવે નહિજ થાય?

સર્યું—થશે બ્હેન થશે! ભાઇના યોગ્ય કન્યા મળી આવશે એટલે જરૂર થશે.

સરલા—માડી, તુ કેમ એવું કહે છે? ભાઇ તો રાજકંન્યા સાથે પરણવાના છે ને! વળી તું બીજી કઇ કંન્યા માટે કહે છે. મને તો રાજબાળા બહુજ ગમે છે. તેઓ મ્હારા ઉપર બહુ પ્રેમ રાખે છે. મ્હારી સાથે કેવી મઝાની વાતો કરે છે? માડી, તું એમના માયાળુપણાને હજુ જાણતીજ નથી.

સર્યું—બ્હેન! હવે તું એ વાતો ભૂલી જા. આપણે ઘર છોડયું; દેશ છોડયો; માટે હવે એ રાજકંન્યા સાથે ભાઇનું લગ્ન થવાની આશા સ્વપ્નવત્ છે, આપણે નવેસરથી ઉન્નતિના માર્ગમાં પ્રયાણ કરવાનું

છે. જ્યારે ભાઇને સારી નોકરી મળશે, અને ત્હારા પિતાની પેઠે તે પ્રખ્યાતિ પામશે, ત્યારપછી કોઇ લાયક કન્યા સાથે તેને પરણાવી દઇશું.

સરલા—માડી, ત્યારે ભાઇને એવી નોકરી કયારે મળશે ?

સર્યુ—ઇશ્વરની ઇચ્છા હશે તો આજેજ મળશે. કારણ કે સુમન વીરશ્રેષ્ટ છે, વિદ્વાન છે, સદ્‌ગુણી છે, માટે સુમન જેવા કીમતી હિરાને કોઇપણ રાજ્યના મુગટમાં અલંકૃત થતાં વીલંબ શાનો ? સરલા ! હવે આપણા સર્વના સુખનો આધાર તે વીર ચુડામણી સુમન ઉપરજ છે.

સરલાએ તેમાં પુષ્ટી આપતાં કહ્યું,—' માડી ! ભાઇ મ્હારા પર અત્યંત વ્હાલ રાખે છે. જ્યારે હું રડું છું ત્યારે સ્નેહથી મ્હારાં આંસુ લુંછે છે. મીઠી મીઠી વાતો કરી, મને વારંવાર હસાવે છે.-રીઝાવે છે.

સર્યુએ કહ્યું,—" સુમન આપણા દુઃખમાં દિલાસારૂપ છે. અંધકારમાં સૂર્ય રૂપ છે; આપણા કુળનો દીપક છે. મ્હારી આંખનો તારો છે; તેણે ખરા સંકટના વખતમાં ઘણી ધીરજ, અને ખંત વડે આપણને સુખ આપ્યું છે, અને ભવિષ્યમાં આપણા સુખનો આધાર એ મારા લાડકવાયા સુમન ઉપરજ છે.

સરલાએ કહ્યું,—" માડી ! શું ફરી આપણે પહેલાંના જેવું સુખ મેળવી શકીશું ?

સર્યુએ ઉત્તર આપ્યો,—" હા બ્હેન ! હવે સુખના દિવસો નજીકજ છે. એમ કહી નિર્મળ હૃદયની સર્યુ સુમન માટે અનેક આશાઓના કિલ્લા હૃદયક્ષેત્રપર બાંધતી એક મધુર ગીત કહેવા લાગી.

મ્હારા સુખનો સુરજ કોક દિવસ ફરી ઉગશેરે,
થઇ દુઃખ અંધારૂં દુર પ્રભાસુખ સ્ફુરશેરે;
ઓ મન ભમરા શું ભરમાવે. સુખ દુઃખ પલમાં આવે જાવે,
ઉદય અસ્તનો નિયમ અનાદી ફર્યા જશેરે મારા૦

ધર્મેધાડ ભલે કદી આવે, આફત છો શીરપર વરસાવે,
સાચો ન્યાય નિયંતા અંતે આપશેરે— મારા૦

દશા ચક્ર ચગડોળ ચડાવે, ઘડી ઉંચે ઘડી નીચે લાવે
સુખ દુઃખની ઘટમાળ નિરંતર ચાલશેરે— મ્હારા૦

સર્યુ અને સરલા ભાવી સુખની આશાના હીંડોળે ઝુલતાં હતાં. સર્યુના પવિત્ર હૃદયમાંથી ઉપરનું ગીત કુદરતી રીત્યે સરી પડતું હતું. સરલા તે ગીત ધ્યાનપુર્વક સાંભળતી હતી. ગીત પુરૂં થયું. સરલાએ તે ગીતને હૃદયમાં આલખી લીધું, અને તે ગીતની પ્રથમ પંક્તી વારંવાર બોલતી આમથી તેમ ફરવા લાગી તેવામાં સરલાએ પોતાના પિતાને દુરથી આવતા જોયા. માતાને વધામણી આપી. હજુ ભાઇને દેખ્યો નહિ. અધીર સરલાએ પિતાને પૂછયું,–" બાપુ ! ભાઇને નોકરી મળી ?

સત્યસીંહના હૃદયપર આઘાત થયો. તેનું વજ્ર જેવું હૃદય દ્રવિત થયું. કંઇજ બોલાયું નહિ. સર્યુનું મુખ હજુ હસતુંજ હતું. તેણે પૂછયું,–" સ્વામી ! કેમ સરલાના પ્રશ્નનો ઉત્તર આપતા નથી. ? મ્હારો સુમન ક્યાં છે ? રસોઇતો તૈયાર છે. "

સર્યુને હવે કયા શબ્દોમાં ઉત્તર આપવો તે સત્યસીંહને મુશ્કેલ લાગ્યું. સર્યુની અધૈર્યતા વધી પડી. તેણે ફરી અધીર થઇ પૂછયું,– " પ્રભુ ! કેમ આજે ઉદાસ છો ? કેમ કંઇ બોલતા નથી ?

સત્યસીંહે કહ્યું,—" શું બોલું ? પ્રિયા ! હજુ ભાગ્ય પ્રતિકુળ છે.

સર્યુએ ઉદાશ થઇ પૂછયું,–" એટલે ? સુમનને નોકરી આપવાની ના કહી તેજ કે બીજું ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,–" ના, નોકરીતો તૈયાર છે, પણ ધર્મ તે સ્વિકારવાનો પ્રતિબંધ કરે છે.

સર્યુ—તેમાં શોક શાનો ? પિયુ ! આપેજ કહ્યું છે ને કે પુરૂષાર્થી મનુષ્યને માટે જગત્ મોટું મેદાન છે.

સત્યસીંહ—હા. પણ ઘણોજ કમનસીબ બનાવ બનવા પામ્યોછે.

સર્યુ—શું આપનું અપમાન થયું છે ?

સત્યસીંહ—તેથી પણ કંઇક વિશેષ.

સર્યુ હાલ સુધી જીજ્ઞાસા બળે ઉભી હતી. પણ હવે નિરાશાજનક ઉત્તરોથી તેના પગ ધ્રુજવા લાગ્યા. તે નિશ્વાસ નાખતી જમીન પર બેસી ગઇ. અધીર થઇ પૂછ્યું,–" જલ્દી કહો, પ્રભુ ! જલ્દી કહો. એવું શું બન્યું છે ? "

સત્યસીંહ—અરે ! આ હૃદયભેદક ખબર કહેતાં પહેલાંજ મ્હારૂં મૃત્યુ થયું હોત તો કેવું સારૂં હતું.

સર્યુ—શું મ્હારો એ આંખનો તારો કેદ થયો છે ?

સત્યસીંહ—હા.

સર્યુ—કંઈ અપરાધ ?

સત્યસીંહ—રાજકુમાર વિકળસીંહના પંઝામાંથી રાજબાળા સુલોચનાને મુક્ત કરી તે, અને વિકળસીંહને સ્રીનો પોશાક પ્હેરાવી અપમાન કર્યું તે.

સર્યુએ અજાયબ થઇ પૂછ્યું—શું ત્યારે આખરે જે શંકા હતી તે ખરીપડી ?

સત્યસીંહ—હા.

સર્યુ—હાય ! ત્યારે તો ખચીત્ત તેનું વૈર લેવા મ્હારા પુત્રને સખ્તમાં સખ્ત સજા કરશે.

સત્યસીંહ— સિક્ષા થઈ ચુકી છે.

સર્યુ—શું ?

સત્યસીંહ—શીરચ્છેદ.

સર્યુના મર્મ સ્થળપર પ્રાણઘાતક આઘાત થયો. "ઓ પ્રભુ ......" એમ કહેતાંજ સર્યુ મુર્ચ્છિત થઇ. તેનો શ્વાસ રૂંધાયો. આંસુથી વસ્ત્ર ભીંજાઇ ગયાં. છાતીના ધબકારા વધી પડયા. સર્યુ હવે છેલ્લો શ્વાસ લેતી હતી છતાં "સુમન" "સુમન" એમ કંપિત સ્વરે બેશુદ્ધિમાં તે બોલતી હતી. સરલા આ બનાવથી હૃદય શુન્ય જડવત્ બની હતી, તે સુમનની સ્નેહમયી ભગીનિ હૃદયફાટ કલ્પાન્ત કરતી રડતી હતી. સરલા મુગ્ધ બાળા હતી. જો કે તે મુર્ચ્છિત નહોતી થઇ. તથાપિ માતાને પૃથ્વીપર બેશુદ્ધ સુતેલી જોઇ બ્હેબાકળી અને બેશુદ્ધ જેવીજ બની ગઇ હતી. સરલા છુટા કેશે ધરણીપર આળોટતી હતી. સત્યસીંહ સંકટને હૃદયમાં દબાવી રાખી સર્યુને પવન નાખતો હતો. શુદ્ધિમાં આણવા પ્રયત્ન કરતો હતો. પણ તે પ્રયત્ન નિષ્ફળ થતો હતો. સર્યુ શુદ્ધિમાં આવી શકી નહિ. સરલાએ માતાની પાસે બેસી ત્રાસજનક રડવા માંડયું. સરલાના અશ્રુપ્રવાહથી સર્યુનાં સકળ વસ્ત્ર ભીંજાઇ ગયાં. સર્યુ જેમ સ્વપ્નામાંથી અચાનક જાગૃત થઇ હોય, તેમ એકાએક સાવધ થઇ. જાણે સુમનનો પોતાની સમક્ષ

વધ થતો હોય તેમ કહેવા લાગી કે-" ઉભા રહો ! મ્હારા લાડકવાયા પુત્રને કોઇ મારશો નહિ." આસપાસ જુવે છે. સુમન જણાતો નથી. સરલા હજુ રડે છે. સર્યુ ખરેખાત આજે હૃદય શુન્ય થઇ છે. સર્યુએ સજલ નયને સત્યસીંહપ્રતિ કહ્યું,-" સ્વામી ! શું હીરાનો હાર પણ કાળો નાગ થઇને ડસ્યો ? સ્વામી ! મને સુમન સાથે ત્વરાથી મેળવો. અરે ! મ્હારા પુત્રનું પ્રેમાળ મુખ એક વખતે મને જોવાદો. કહો. કહો, નાથ, એ મ્હારા હૈયાનો હાર હાલ કયાં હશે ? દયા કરી મને તેની પાસે લઇ જાઓ તેના મરણોદ્દગાર સાંભળવાદો.

સત્યસીંહે કહ્યું,-" સર્યુ ! ઘેલી થઇશ ના. પવિત્ર ફરજ બજાવતાં એક ખાંપદાર બહાદુર ક્ષત્રાણીના શુરવીર પુત્રનું મૃત્યુ થાય તેને માટે આ પ્રમાણે રૂદન કરવું શું યોગ્ય છે ? ક્ષત્રીઓનાં જીવન હમેશાં એવાંજ અસ્થીર હોય છે. હિંદુધર્મના તત્વજ્ઞાનને જેઓ જાણતા નથી તેઓજ મૃત્યુથી ડરે છે. વાસ્તવીક રીત્યે આત્માનું મૃત્યુ થતુંજ નથી. જે પ્રકૃતિ વડે આ દેહ બંધાયેલો છે તે પ્રકૃતિના પરમાણુઓ છુટા થાય છે. તેમાં શું ? એતો પ્રકૃતિનો ધર્મ છે. આત્માનેતો એક વસ્ત્ર તજી દઇ અન્ય વસ્ત્ર ધારણ કરવા જેવુંજ બને છે.

સર્યુએ કહ્યું,—" સ્વામી મ્હારૂં મનોબળ અલ્પ છે. એવા દિલાસાથી મ્હારા મનને શાન્ત્વન થતું નથી. અરે ! હૂં ફરીને જેનું આ સંસારમાં કદીપણ મુખ જોવાની નથી, તેનો વિયોગ હું શીરીતે સહન કરી શકું ? સ્વામી ! અરે જે થોડાજ વખત પહેલાં મ્હારા માટે પ્રાણ પાથરતો હતો. હિંમત અને બહાદુરી ભરેલી વાતો કહી મને આશ્વાસન આપતો હતો-અરે એક દિવસ તેણે મને આશ્વાસન આપતાં કહ્યું હતું કે સુપાત્ર રત્ન શ્રવણનું અનુકરણ કરીને હું માતાપિતાની ભક્તિ કરીશ તે શબ્દો હજુ મ્હારા કાન સાથે અથડાય છે. અરે ! તે મ્હારો શ્રવણ ! તે મ્હારો સુમન પોતાનું વિશેષ ડહાપણ બતાવવાને આ જગતમાં ના રહે ત્યારે હું ધૈર્ય શી રીત્યે ધારણ કરી શકું."

સત્યસીંહે કહ્યું,—" સર્યુ ! ખરેખાત સુમને શ્રવણનુંજ અનુકરણ કર્યું છે. પણ તું જાણે છે કે પ્રભૂની ઇચ્છા આગળ શ્રવણની મનેચ્છા પરીપુર્ણ નહોતી થઇ ? કેમકે રઘુકુળ તીલક દશરથરાજના

બાણુથી અચાનક તેનું મૃત્યુ થયું હતું. સુમનનું મૃત્યુ શ્રવણુ કરતાં વધારે કીંમતી નિવડયું છે. કેમકે તેણે પોતાના માલીકની વફાદારી માટે આત્મભોગ આપ્યો છે. માટે જેમ શ્રવણનું નામ આ દુનિયામાં અમર છે તેમ સુમનનું નામ પણ અમર રહેશે. એ વાત ખરી છે કે સુમનના મૃત્યુથી આપણા હીતને હાની થશે, પણ સર્યુ ! આપણા સ્વાર્થ કરતાં સુમનના કલ્યાણુ તરફ આપણે વધારે પ્રીતિ બતાવવી જોઇએ. સર્યું ! જે સ્વર્ગ લાખો અને કરોડો રૂપીઆ દાન કર્યા છતાં જવલેજ પ્રાપ્ત થાય છે તે એક પ્રમાણીક, વફાદાર, પવિત્ર ફરજ અદા કરનાર અને સત્ય નીષ્ટાથી ચાલનાર મનુષ્યને સહજમાં પ્રાપ્ત થાય છે.

સર્યુએ કહ્યું,—"સત્ય છે. હું મ્હારા સ્વાર્થનેજ રડું છું પણ પુત્રના મૃત્યુથી માતાઓ ન રડે એવી વજ્રહૃદયની સ્ત્રીઓ શું આ જગતમાં હોવી સંભવે છે !

સત્યસીંહ—હા, એક નહિ પણ અનેક. સર્યુ ! પુર્વના ઇતિહાસો તપાસી જો. રણસંગ્રામમાં લડાઇ અર્થે પુત્ર માતાની પરવાનગી લેવા જાયછે. માતા થયેલા વિલંબને માટે શબ્દ પ્રહારોથી પુત્રને ઠપકો આપી તત્કાળ રણસંગ્રામમાં મોકલે છે. વિચાર કરતે માતાનું હૃદય કેવું હશે ? પુરૂષનું એક સ્ત્રી સાથે લગ્ન થાય છે હજુ લગ્નનું મીંઢળ હાથેજ છે. પુરૂષને રણસંગ્રામમાં જવાની ફરજ આવી પડે છે. સ્ત્રી હર્ષિત વદને પોતાના ભરથારને રણુમાળ આરોપે છે. તુલનાકર તે સ્ત્રીનું હૃદય કેવુ હશે ? સર્યું માતાને પુત્ર વ્હાલો છે, સ્ત્રીને ભરથાર પ્યારો છે, માતાએ પુત્ર ઉપર અનેક આશાઓ બાંધી છે, લગ્નની સંકલનાથી જોડાએલ દંપતીને દુનીઆની મોજમઝા ભોગવવાની અંત્યત ઉલ્લાશા છે—તો પણ તેઓ ધર્મ અર્થાત્ ફરજને પહેલો દરજ્જો આપે છે. ફરજઅર્થેજ તેઓ પોતાના પ્રાણનું બળીદાન આપવા દોડે છે. સર્યું ! રણસંગ્રામમાં શું થાય છે ? હજારો અને લાખો માણસો તલવારથી કપાય છે, ભાલાઓથી છુંદાય છે, લોહીના ફુવારા ઉડે છે, લોહીની નદીઓ ચાલે છે, સુમનને તેથી વિશેષ શું થયું છે ? સુમન એક બહાદુર વીરનરને છાજતી રીત્યે મરશે, તે તલવારથી ભય પામશે નહિ, તે મૃત્યુને ખુશીથી આવકાર આપશે—મૃત્યુના ડરથી તેના આંખમાં એક આંસુનું ટીપું પણ આવશે નહિ.

સર્યુએ કહ્યુ.—"સ્વામી ! સુમને જયારે એ ઘાતકી સીક્ષા સાંભળી, ત્યારે તેને કેવું દુઃખ થયું હતું ? આપ તેનાથી છુટા પડયા

ત્યારે તેને કેવુ કલ્પાન્ત કર્યું હતું ? શું તેણે પોતાની હેતાળ માતાને તે વખતે યાદ નહોતી કરી ?"

સત્યસીંહે કહ્યું.—"સુમન એ ઘાતકી સજા સાંભળતાં રતીમાત્ર ડર્યો ન હતો, તે શિક્ષાનો અમલ થતાં પણ અકંપિત ઉભો હતો. સુમનના મનમાં જો કાંઇપણ દુઃખ થતું હતું તો તે માત્ર ત્હારા નાજુક સ્વભાવને લીધેજ થતું હતું. તે જાણતો હતો કે, તેની માતા ક્ષાત્રધર્મને ભૂલી જઇ કલ્પાન્ત કરશે.

સર્યુએ કહ્યું,—"સ્વામી ! ક્ષમા કરો. પુત્ર પ્રત્યેનો વાત્સલ્ય ભાવ મને ક્ષાત્રધર્મ વિસરાવે છે. હે પ્રભુ ! તું મને આ સંકટ સહન કરવાનું સામર્થ્ય આપ. પણ સ્વામી ? શું સુમનને તે શિક્ષા થઇ ગઇ હશે ! ચાલો આપણે ત્યાં જઇએ. હું તેના દેખતાં હિંમત રાખીશ. અને જેમ તેને ઓછું કષ્ટ થાય તેમ કરીશ.

આ પ્રમાણે વાર્તા થાય છે તેવામાં ચાર હથિયારબંધ માણસો તે સ્થળે આવી પહોચ્યા અને કહ્યું કે,—"તમારે તત્કાળ આ રાજ્યની સીમા છોડી દેવી—" વિશેષમાં તેમણે સુમનનો શીરચ્છેદ થઇ ગયાની, અને તે શિક્ષા ઘણી બહાદુરીથી તેણે સહન કર્યાની ખબર કહી સંભળાવી.

સુમનના શીરચ્છેદની પ્રાણઘાતક ખબર સાંભળતાંજ સર્યુનો શોક પુનઃ તોફાની સમુદ્રની પેટે ઉભરાઇ આવ્યો. અને તેથી તે તદ્દન દીવાના જેવી બની ગઇ. રક્તપુર્ણ સુજેલાં ચક્ષુઓથી આમતેમ જોવા લાગી. "હાય ? શું આખરે સુમન મૃત્યુ પામ્યોજ ? ખચીત શું તે મરી ગયો ? જ્યારે તે મૃત્યુ પામ્યો હોય ત્યારે હું શામાટે જીવું છું ? ઓ મ્હારા વ્હાલા સુમન ! મને આશા હતી કે ત્હારી છાતી આગળ હું મ્હારો છેલ્લો શ્વાસ મુકીશ. ત્યારે શું તુંજ પ્રથમ ચાલ્યો ગયો ? અરે મ્હારા બાળક ! અરે મ્હારી સંભાળ અને આશાની પ્રિય વસ્તુ ! શું હું તને ફરી જોવા નહિ પામું ? સુમન ! સુમન ! બાપ ! ત્હારી દુઃખીયારી માતા પર દયા લાવ ! જ્યાં આગળ ત્હારો જીવ ગયો છે; ત્યાં તું મને બોલાવી લે." એમ કહેતાંજ સર્યુ મુર્છીત થાય છે. સરલા સર્યુની કોટે વળગી પડી હ્રદયફાટ રૂદન કરે છે. સત્યસીંહ પોતાની પ્રિયાનાં આંસુ મૌન્યપણે લુછતો હવે તેને કયા શબ્દોથી આશ્વાસન આપવું તેનો વિચાર કરે છે. સત્યસીંહ

અતી પ્રયત્ને સર્યુને સાવધ કરે છે. પણુ હજુ તેનુ હૃદય સ્થીર નથી હજુ તેનું મગજ ભ્રમિત છે. તે પોતાના સ્વામીના સન્મુખ અશ્રુપુર્ણ લોચને જોતી વિસ્મય પામતી પુછે છે,–" સ્વામિ ! હમણાંજ જે સુમન મને માતા કહી બોલાવતો હતો તે સુમન શું આ સંસારમાંથી સદાને માટે ગયો ?. અરે મ્હારા પુત્ર સુમન ! તું હંમેશને માટે ગયો છે પણુ મ્હારા જીવનના સઘળા દિલાસાઓને સાથે લેતો ગયો છે. શું હું પુનઃ ત્હારૂં ચંદ્રવદન વિલોકવાની નથીજ ? ત્હારો એક પણુ શબ્દ શ્રવણુ કરવાની નથીજ ? તને આ જન્મમાં ફરી માતા તરીકે ભેટવાની નથીજ ? અરે મ્હારી ચિન્તાઓનો બોજો હવે તારી આગળ કદી પણુ વિશ્રામ પામવાનો નથીજ ? મારી દિલગીરીમાં તુ હવે ભાગ પડાવવાનો નથીજ ? સુમન ! શું હમેશને માટે તું જતો રહ્યો છે ? ઓ માણુસ જાતની વિપત્તીમાં આનંદ પામતા દેવો ! શું આ ખરૂં હશે ? કે જેમાથી હું જાગીશ એનું આ એક સ્વપ્નુંજ છે ? અરે નહિ. આતો સત્ય વાત છે.

સૈનિકનું હૃદય સર્યુના રૂદનથી દ્રવિત થયું તેણે કહ્યું,–" બાઇ ! હવે રૂદન કરવાથી શું વળશે. તમે તમારા સ્વામિ જેવાં સહન શીલ થાઓ. સુમન જેવાં દ્રઢ થાઓ. સુમનની બહાદુરી અને અડગતાની કદર કરી મહારાજાએ જે ભુમિ ઉપર તેનો અગ્નિ સંસ્કાર થશે તે ભુમી ઉપર એક દેવડી બંધાવવાની આજ્ઞા આપી છે.

સુમનના સ્મારક અર્થે દેવડી બંધાશે એ જાણીને સત્યસીંહની મુખમુદ્રાપર કંઇક સંતોષનો પ્રકાશ જણાયો.

સર્યુ બોલી ઉઠી—" સુમન ! જો હું જીવતી હઇશ તો પુનઃ એક વખત ત્હારી દેવડીમાં આવી તાજાં પુષ્પ ચડાવીશ. અને મ્હારાં આંસુવડે ત્હારા પગની આકૃતિને ભીંજવી નાખીશ.

સૈનિકના આગ્રહથી સત્યસીંહ, સર્યુ, અને સરલા દુઃખી હૃદયે ત્યાંથી વિદાય થયાં.

પ્રકરણ ૨૯ મું.

"સર્યુને આશ્વાસન."

સુમનના મૃત્યુનો તાજો પ્રહાર સહન કરતું દુઃખી કુટુંબ આજે ઘોર અરણ્યમાં પ્રવાસ કરે છે. હાલ સુધીના પ્રવાસમાં સુમન જંગલમાંથી ફળ ફુલ લઇ આવતો હતો, જળાશયમાંથી પાણી ખેંચી લાવતો હતો, રાત્રે જાગૃત રહી સર્વનું સંરક્ષણ કરતો હતો, તે સુમનનું વિસ્મરણ શી રીત્યે થાય? એવી એક પણ પળ ખાલી જતી ન હતી કે જે વેળાએ સુમન અને તેના સદ્ગુણો યાદ આવતા ન હોય?

સત્યસીંહના ઉપદેશની સર્યુઉપર માત્ર એટલીજ અસર થઇ છે કે હવે તે સ્વામિની સમક્ષ કલપાન્ત કરતી નથી. પોતાના સ્વામિને કષ્ટ ન થાય અને તેમના દુઃખમાં દિલાસો મળે તેટલા માટે તે પોતાના સંકટને અંતરમાં છુપાવી રાખે છે, પણ સ્વામીથી ક્ષણવાર છુટી પડતાં તે હૃદયફાટ કલ્પાન્ત કરી હૃદય હલકું કરે છે.

સત્યસીંહ જો કે ધૈર્યવાન અને હિંમતવાન છે તથાપી સુમનની ખોટ ખમવાને, તેનું હૃદય અશક્ત નિવડયું છે. તેથી અંતરના દુઃખની શાન્તી માટે તે પ્રભુની પ્રાર્થના કરે છે કે,—"હે પ્રભુ! હું નિરંતર ત્હારી ઇચ્છાને આધીનછું. મને જે સ્થીતિમાં રાખવાને ત્હારી ઇચ્છા હશે તેજ સ્થીતિમાં હું આનંદ માનીશ. પ્રભુ તું સર્વ શક્તિમાન છે. તું ધારે તો ધરતીકંપ વડે સર્વનો નાશ કરી શકે, અથવા સમુદ્રમાં બેટ બનાવી અસંખ્યાત મનુષ્યોથી તેને વિભૂષિત કરી શકે. તું ધારેતો દુષ્કાળ પાડીને—મરકી ચલાવીને—ભયંકર લડાઇઓની વૃતિ કરાવીને દેશના દેશ ઉજડ કરી શકે, અને તું ચાહેતો ઉજડ દેશને ફળદ્રુપ પણ બનાવી શકે. પ્રભુ! ત્હારી ઇચ્છાનો ગુપ્ત ભેદ જાણવાને અમારામાં સામર્થ્ય નહિ હોવાથીજ, ત્હારી કૃતિમાં અમને દુઃખનો ભાસ લાગે છે. તથાપી મનેતો સંપૂર્ણ વિશ્વાસ છે કે મને આ સ્થીતિને આધીન કરવામાં ત્હારો ઉચ્ચ આશય હશે. પ્રભુ! મને ત્હારી કૃતિ પર સંપૂર્ણ શ્રદ્ધા છે."

સત્યસીંહે પાછળ ફરીને જોયું તો સર્યુની આંખમાં આંસુ હતાં

તેથી સર્યુ આવી પહોંચે ત્યાં સુધી ઉભા રહ્યો, અને મૃદુ શબ્દો વડે કહ્યું,–"સર્યુ! હવે તને કયા શબ્દો વડે આશ્વાસન આપવું તે સમજાતું નથી."

સર્યુએ કહ્યું,–"સ્વામી? હું હવે પ્રભુની એજ પ્રાર્થના કરૂં છું કે મ્હારૂ હૃદય વજ્રનું કરે. અને જે પ્રમાણે તે દુઃખ આપે તેજ પ્રમાણમાં સહન કરવાની શક્તિ પણ આપે."

સત્યસીંહે કહ્યું,–„સર્યુ! તું સાંભળે છે: ઘણે દુર માંગળીક વાજીંત્ર વાગી રહ્યાં છે. મને લાગે છે કે ત્યાં લગ્નનો પ્રસંગ હશે. પણ તે બીચારાં ભાગ્યેજ જાણતાં હશે કે આખરેતો તેમને પણ રડવાનુંજ છે.

સર્યુએ વિસ્મય થતાં વચ્ચેજ કહ્યું,–"અરે? પણ આ તરફ દુઃખની કારમી ચીસ સંભળાય છે.

સત્યસીંહે કહ્યું,–"કોઇનું મર્ણ થયું હશે. સર્યુ! આ દુનીઆ એક અજબ રંગથી રંગાયલી છે. દુનિઆની અંદરનાં તમામ પ્રાણીઓ એક કાચી માટીનાં પુતળાં છે. પરમાત્મા તેમને નચાવનારો સુત્રધાર છે તે સરજનહાર પોતાના સર્વ શક્તીમાનપણાથી અદ્‌ભુત લીલા પ્રવર્તાવી રહ્યા છે. એકજ પળે હજારો મુનુષ્ય હર્ષ કરતા હોય છે. અને એકજ પળે હજારો મનુષ્ય રડતા હોય છે. એક સ્થળે વિવાહનાં માંગળીક ગીતો ગવાય છે, બીજે સ્થળે મર્ણની ચીસો સંભળાય છે. એક સ્થળે મનુષ્યો લાભની શ્રેણી ઉપર ચડતા આનંદમાં ઝુલાતા જણાય છે; ત્યારે બીજે સ્થળે મનુષ્યો હાનિના સમુદ્રમાં તરફડીઆં મારતા દ્રષ્ટિગોચર થાય છે. એક તરફ મનુષ્યો શેખસલ્લીની પેઠે અનેક આશાઓના હવાઈ કીલ્લા બાંધતા જણાય છે. ત્યારે બીજીબાજુ મનુષ્યો નિરાશાના ખાબોચીયામાં ડુબી મરતા વિલોકવામાં આવે છે. એક તરફ મનુષ્યો સંતાન પ્રાપ્તી માટે હાથ વરાળ કાઢતા જોવામાં આવે છે. બીજી બાજુ માબાપો સંતાનોને શ્રાપ આપતા દેખાય છે વગેરે વગેરે અનેક બનાવો એકજ પળે જુદા જુદા સ્વરૂપમાં બનતા વિલોકી તે જગત્કર્તાની અદ્‌ભુત કૃતિનું ભાન થાય છે, માટે ઇશ્વરની ઇચ્છાને આધીન રહેવું એજ ડહાપણ છે. શાણા અને ધૈર્યશીલ મનુષ્યો સંપત્તીમાં ક્ષમા રાખી જે જે થાય તે શાન્તિથી જોયા કરે છે અને ઇશ્વરની ઇચ્છાને હસ્તે મુખે તાબે થાય છે"

એ પ્રમાણે વાત કરતાં જે સ્થળેથી પોકારનો ધ્વની આવતો હતો ત્યાં તેઓ આવી પહોંચ્યાં. અને જોયું તો એક વૃદ્ધ પુરૂષ કે જેના માથા ઉપરના તમામ વાળ સફેદ થયેલા છે તે મૃત્યુ પામેલો હતો અને તેની વૃદ્ધ સ્ત્રી પાસે બેસીને હૃદયફાટ રૂદન કરતી હતી. મરનારના શરીરપર શસ્ત્ર પ્રહાર થયેલા હતા. તે ઉપરથી સહજ અનુમાન થતું હતું કે તેનુ ખુન કરવામાં આવેલું છે. સત્યસીંહે તે વૃદ્ધ સ્ત્રીને આશ્વાસન આપતાં પૂછ્યું.—"માતા ! તમે કોણ છો ? અને ભયંકર બનાવ શી રીત્યે બનવા પામ્યો છે તે હરકત ન હોય તો મને કહી સંભળાવો

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું.—"ભાઇ ! હું શું કહું ? મ્હારા દુઃખનો હેવાલ અતિ કરૂણાજનક છે. હું તે તમને ટુંકામાંજ કહીશ. આ મૃત્યુ પામેલ પુરૂષ મ્હારો સ્વામી છે અને હું તેની સ્ત્રી છું. તેનું ખુન કોઇ શત્રુએ અથવા લુંટારૂએ કર્યું નથી પણ મ્હારા પુત્રેજ કર્યું છે.

સર્યુએ કહ્યું—"શું એ પુત્ર કે શત્રુ ?

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું,—"શત્રને પણ દયા આવે એવું ધાતકી કામ તેણે કર્યું છે. બ્હેન ! મ્હારે એ એકજ પુત્ર નથી. કુલ ચાર છોકરાઓ છે. દરેકને ઉછેરી મ્હોટા કરવામાં, અને તેમને પરણાવવામાં અમે હજારો રૂપીઆ ખર્ચ કર્યું છે અને પ્રાણાન્ત કષ્ટ ભોગવ્યું છે. પણ તેનો અમને તે પુત્રો તરફથી કેવો બદલો મળ્યો છે તે જ્યારે તમે જાણુશો ત્યારે એમજ કહેશો કે એવા પુત્રો હોય તે કરતાં તો વાંઝીયાપણું હજાર દરજ્જે સારૂં છે.

સર્યુએ પૂછ્યું,—"શું એ ચારે પુત્ર એવા કુપાત્ર છે?

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું.—"હા, જ્યારે તેમને પરણાવવામાં આવ્યા ત્યાર પછી તેમણે જૂદા રહેવાનો નિશ્ચય કર્યો. દરેકને જૂદાં જૂદાં ઘર બંધાવી આપવામાં આવ્યાં તેમાં તેઓ રહેવા લાગ્યા. અમારા માટે એક મકાન અને થોડી મિલકત રાખી. પણ એક પુત્ર જુગારી નીકળ્યો. તેણે પોતાની તમામ મિલકત અને હમારૂં ઘર એક વાણીઆને ગીરો લખી આપી નાણાં કાઢયાં અને તે નાણાં જુગારમાં ઉડાવી દીધાં. બીજો પુત્ર વ્યસની નીકળ્યો તેણે અમારી મિલકત સર્વે ચોરી લીધી. ત્રીજો પુત્ર વ્યભિચારી નીકળ્યો તેણે મ્હારાં સર્વ ઘરેણાં ઉચા-

પત કર્યા. હવે હમારી પાસે કેટલુંક ઝવેરાત હતું તે લઇને અમે બીજે ગામ રહેવા જતાં હતાં તેવામાં ચોથાએ આવી તેના પિતાનું ખુન કર્યું અને સઘળું ઝવેરાત લઇ લીધું. હું મ્હારા સ્વામીથી ઘણે દુર હતી તેથી છુપાઇ રહી અને બચી ગઇ. અરે? હાય! પણ વાસ્તવિક રીત્યે તો હું થોડે થોડે રીબી રીબીને મરવા માટેજ બચી છું.

સત્યસીંહે પૂછ્યું,—"તમારા તે પુત્રોને ધર્મ અને નીતિનું શિક્ષણ આપ્યું હતું?

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું,—"ના એતો ભણ્યાજ નહતા.

સત્યસીંહે પૂછ્યું,—કેમ?

વૃદ્ધ સ્ત્રીએ ઉત્તર આપ્યો.—"અમારી પાસે પુષ્કળ દ્રવ્ય હતું. એટલે તેમને ભણાવવાની અમોએ દરકાર કરી નહતી.

સત્યસીંહે સર્યુંને કહ્યું—"સર્યું! કર્તવ્ય નહિ સમજનાર મનુષ્યોની સ્થીતિ આવી દયાજનક હોય છે. આ વાર્તામાંથી આપણે કેટલોક સાર ગ્રહણ કરવા જેવો છે અને તે એકે આ જગતમાં દરેક મનુષ્યને પોતાનું કર્તવ્ય બજાવવાનું હોય છે. સંતતિ ઉત્પન્ન કરવાનો હેતુ પણ તે જગતમાં પોતાનું કર્તવ્ય કરી શકે તેટલા માટેજ છે. અને તે કર્તવ્ય કરવાને લાયક થાય તેવું જ્ઞાન આપવું એ માબાપોનું કર્તવ્ય છે. તે કર્તવ્યમાં જેટલી અપૂર્ણતા તેટલીજ કુદરતી રીત્યે હાની થાય છે. સર્યું! સુમનને ધર્મ અને નીતિની કેળવણી આપી આપણે આપણું કર્તવ્ય બજાવ્યું હતું. સુમને તે કેળવણીનો સદુપયોગ કરી પોતાનું કર્તવ્ય પુરૂ કર્યું છે. સર્યું! હવે તને સમજાય છે કે આ વૃદ્ધ સ્ત્રી કરતાં તું અત્યંત ભાગ્યવતિ છે. તેના પુત્રે પિતાનું ખુન કર્યું છે. અને ત્હારા પુત્રે સ્વર્ગના દેવોને પ્રસન્ન કરી પોતાના પિતાને માટે પણ સ્વર્ગમાં સ્થાન મેળવ્યું છે. આ વૃદ્ધ સ્ત્રી ચાર પુત્રો છતાં નિર્વંશ ઇચ્છે છે. અને તું પોતાના કર્તવ્યને ચળકતુ કરી કીર્તિ દેહે અમર થનાર પુત્રને માટે શોક કરે છે. વૃદ્ધ સ્ત્રીને દિલાસો આપનાર તેનો સ્વામી તેના સમક્ષ મૃત્યુ પામે છે, તને દીલાસો આપનાર ત્હારો સ્વામી ત્હારી સેવામાં હાજર છે.

વૃદ્ધ સ્ત્રીના ભવી સુખપર તાળુ વસાવ્યું છે, ત્હારે સરલા જેવી

શાણી પુત્રી છે અને ભાવી સુખ માટેનાં દ્વાર હજુ ખુલ્લાં છે. માટે સર્યુ ! પરમાત્માનો ત્હારાપર જેટલો ઉપકાર છે તેને હર્ષથી વધાવી લે અને શોક છોડી દે.

શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે,—" **मनएव मनुष्याणां बंध मोक्षयोः कारणम्** । જગતનાં મનુષ્યો દુઃખની અત્યુક્તિ કરે છે તેથીજ તેઓ વધારે દુઃખી થાય છે. મનુષ્યના શરીરમાં એક આંગળી પણ ઓછી હોયતો દુઃખના દર્પણમાં તે સર્વસ્ત્ર દુઃખથી રંગાએલું જુએ છે. સુખની હજારો વસ્તુઓ છે તેમાંથી બે ચાર પાંચ ઓછી હોય તેથી શું ? સુખને લોકો દુર્બીનની ઉંધી બાજુએથી, અને દુઃખને સીધી બાજુએથી જુએ છે, એથીજ તેને સુખ છે તે કરતાં સો ગણું ઓછું અને દુઃખ હોય તેથી સો ગણું વધારે લાગે છે. ખરૂં જોતાં અમુક સંપત્તી ન હોવી એ કાંઇ દુઃખ નથી. પરમાત્મા અનેક રીત્યે પોતાની માનીતિ મનુષ્ય જાતિપર સુખના વરસાદ વરસાવે છે. દુષ્ટોની દુષ્ટતા, સંબંધીઓના વિયોગથી થતું દુઃખ જગતમાં મળતો અન્યાય અને થતું અપમાન દુઃખદાયક લાગે છે પણ એ સર્વેનું યોગ્ય તોલ કરતાં જણાશે કે સુખનું પાસું વજનમાં ઘણું વધી જાય છે. અખુટ ખજાનામાંથી કેટલાંક રત્ન ચોરાયાં તો શું થયું ? પ્રભુએ મનુષ્યના સુખની વિવિધતા માટે કાંઇ બાકી રાખ્યું નથી માટે સર્યુ સંતોષી થા.

વૃદ્ધસ્ત્રીને આશ્વાસન અને ઘટતી મદદ આપી તેઓ આગળ ચાલ્યાં.

પ્રકરણ ૩૦ મું.

સંકટની પરાકાષ્ઠા.

સર્યુ હવે સરલાને જોઇ સંતોષ મેળવે છે પણ નિર્દોષ બિચારી સરલા ભાઇના વિયોગે હવે દુઃખના સત્ય રહસ્યને સમજવા લાગી છે. તેથી તેની મુખમુદ્રાપર શોકની પ્રબળ છાયા છવાયેલી છે. સરલા હવે સમજી શકે છે કે આપણે તિર્થયાત્રા કરવા નિકળ્યાં નથી. પણ સંકટ પ્રદેશમાં ભ્રમણ કરીએ છીએ. સરલા માતાના રૂદનમાં

વખતો વખત ભાગ લે છે, ભાઈનું વારંવાર સ્મરણ કરી હૃદયફાટ કલ્પાન્ત કરે છે.

સરલા જેવી સુકોમળ બાળાને, વિકટ રસ્તાઓમાં પગે ચાલવું ફળ ઉપરજ નિર્વાહ કરવો, જમીનપર શયન કરવું, નિર્જન અરણ્યમાં નિવાસ કરવો એ સમગ્ર બાબતો અસહ્ય દુ;ખનું પ્રદાન કરનારી થઇ પડી છે. અનેક પ્રકારની વિટંબનાઓ-ભય, ગ્લાની અને ચીંતાથી તેનું શરીર કૃશ થઇ ગયુ છે. આંખ્યો ઉંડી ઉતરી ગઈ છે. અવાજ ધીમો પડી ગયો છે. આંખે અંધારાં આવે છે. મસ્તક ભમે છે. પગે સ્થીર રહી શકાતું નથી. સરલાની સ્થીતિ અત્યંત અનુકંપા ઉત્પન્ન કરનારી થઇ પડી છે. તોપણ તે સર્યુંના દુ:ખમાં દીલાસારૂપ છે. સરલા, સર્યુંના આનંદનું-શાન્તિનું-રમકડું છે. સરલા માતાના અશ્રુ લુછી નાંખે છે. કાલીઘેલી ભાષાથી માતાના મનને રીઝવે છે. માતાના કાર્યમાં મદદગાર થાય છે. સર્યું હવે પ્રભૂની પ્રાર્થના કરે છે કે,-"પ્રભુ હવે સરલાને સુખી રાખો ! સરલાને સામર્થ્ય આપો.

દુ:ખી કુટુંબનું પ્રયાણ હજુ ચાલુ છે. અનેક રાક્ષસી પર્વતો, ભયંકર ખીણો. અને નિર્જન અરણ્યો વટાવી તેઓ આગળ વધે છે. તેમના હૃદયમાં એવી તીવ્ર ઇચ્છા ઉદ્‌ભવે છે કે હવે કોઇ વસ્તીવાળુ ગામ આવે તો સારૂં, પણ તેમનું દુર્ભાગ્ય તેમને એવા વિકટ પંથ તરફ ધસડી જાય છે કે જ્યાં એક વૃક્ષ અથવા જળાશય પણ દ્રષ્ટિગોચર થતું નથી.

રેતીનું મહાન રણુ સુર્યના સખ્ત:તાપથી આભ સમાન તપેલું છે, જેમાં તે દુ:ખી પથિકોના પગ સરી જાય છે. અસહ્ય સંકટથી નાજુક સરલા રડે છે, ત્રાસ કરે છે.

સર્યુંએ દુ:ખીત અવાજે પૂછ્યું.—" નાથ ! આપણે આ વિકટ બુમિપર ક્યાં આવી ચઢયાં ?

સત્યસિંહે આશ્વાસન આપતાં કહ્યું,—ધૈર્ય રાખો. હવે ગામ સમીપમાંજ હશે.

અતિ શ્રમથી સરલા હતાશ થઇ જમીનપર બેસી ગઇ. અને ઘાર્દ્ર સ્વરે બોલી,—" માડી ! હવે હું ચાલી શકતી નથી. મ્હારા પગ બળી જાય છે.

સરલાની દીનવાણી સાંભળી, સર્યુની આંખમાંથી અશ્રુ પ્રવાહ વહી ચાલે છે. તે પોતાની પ્રેમાળ બાળકીના મનોહર મસ્તકપર હાથ ફેરવતાં કહે છે, બેટા દુઃખ સહન કરો. દુઃખ સહન કરવાજ આપણે સરજાયાં છીએ. આગળ ચાલતાં ખચિત્ત એકાદ વૃક્ષ આવશે, તેની શીતળ છાયા નીચે આપણે વિશ્રામ લઇશું.

પ્રાણાન્ત કષ્ટે સરલા ઉભી થઇ, અને આગળ ચાલવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ નીવડી. તેથી તેણે પોતાના પિતાને કંપિત સ્વરે કહ્યું,—

" બાપુ ! હવેતો મ્હારો પ્રાણ નીકળી જાય છે. મ્હારાથી કિંચીત્ ચાલી શકાતું નથી. " એમ કહી તે સર્યુની કોટે વળગી પડી. સર્યુએ તેને હૃદય સાથે ચાંપી વ્હાલથી ચુંબન કર્યું. સરલાની આંખમાંથી ચાલતી આંસુની ધારાવડે સર્યુનો ખભો ભીંજાઇ ગયો. ધૈર્યવાન સત્યસીંહ પણ સરલાનું સંકટ જોઇ મુંઝાયો. છેવટ તે દુઃખી દંપતિએ સરલાને ઉચકી પ્રયાણ શરૂ કર્યું. પણ વિશ્રામ લેવા યોગ્ય સ્થળ દ્રષ્ટિગોચર થયું નહિ.

સરલાએ વળી એક ધીમો નિશ્વાસ નાખતાં કહ્યું,—" માડી ! તૃષાથી ગળું સુકાઇ જાયછે.

સર્યુએ દિલાસો આપતાં કહ્યું,—" બ્હેન ધીરીથા. તૃષાતો મને પણ લાગી છે. શું કરીએ ? કાંઇ ઉપાય નથી. થોડે દુર જઇશું એટલે જરૂર એકાદ જળાશય આવશે. ત્યાં આપણે સઘળાં જળપાન કરીશુ.

સરલા તે ઉત્તરથી સંતોષ પામી. તૃષાનું સંકટ સહન કર્યું. પણ જળાશય તો ઘણી રાહ જોયા છતાં આવ્યું નહિ. અને સરલાનો પ્રાણ કંઠે આવ્યો તેથી પુનઃ તેણે કહ્યું,—

" બાપુ ! પાણી વિના હવે હું ખચીત્ત મરી જઇશ. "

" નહિ મરે બેટા નહિ મરે, જગદિશ્વર દયાળુ છે—માયાળુ છે—ત્હારા જેવી નિર્દોષ પુત્રિપર એવો રોષ નહિ કરે.

થોડે દુર જતાં પાણીનો એક મહાન સમુદ્ર દ્રષ્ટિગોચર થાય છે, સર્યુ અને સત્યસીંહના મનમાં કંઇક હર્ષ ઉત્પન્ન થાય છે, આશામાંને આશામાં તેઓ સરલાને ઉચકી લેઇ આગળ વધે છે, પણ

જેમ જેમ તેઓ પ્રયાણ કરે છે તેમ તેમ સમુદ્ર જાણે દૂર દૂર જતો હોય તેમ જણાય છે.

" પ્રિયત્તમ ? આ શું ? કેમ જળાશય સમીપ આવતું નથી ?"

" ધૈર્ય રાખો, હમણાં આવશે. જળાશયને કંઇ પાંખો નથી કે ઉડી જશે " સત્યસીંહે આશ્વાસન આપતાં કહ્યું.

" સરલાએ કારમી ચીસ પાડી—" ઓ મા ! હું જાઉં છું."

" દિકરી ! દિકરી ? મ્હારી વ્હાલી સરલા ! આમ ન કર. બાપુ ! સહનશીલ થા. આ ગરીબડી માપર દયા લાવ ! આ દુઃખી માતાને નિરાધાર ના કર !

સરલાએ ઇશારત વડે પાણી પીવાની જીજ્ઞાસા જણાવી પણ પાણી હતુંજ ક્યાં ?

સરલાની દયાજનક સ્થીતિ જોઇ સર્યુનું હૃદય છેદાઇ ગયું. તે ગભરાયેલી હાલતમાં પોતાના પતિને કહેવા લાગી.

" ઓ પ્રભુ ! ઓ પ્રભુ ! દયાકર ! હાય હવે શું થશે ? સ્વામિ ! હવે હું શું કરૂં ? મ્હારી વ્હાલી સરલાનું શું થશે ?

સત્યસીંહ કાંઇ ઉત્તર આપી શકયો નહિ. પણ તેણે વસ્ત્રની એક ઝોળી બનાવી તેમાં સરલાને નાખી પ્રયાણ આગળ ચલાવ્યું. સર્યુ તે ઝોળી ઉપાડવામાં સ્વામિની સહભાગીદાર થઇ.

ધન્ય છે સર્યુ ! તુંજ સ્વામિના સંકટની સાચી સહભાગી છે. સર્યુના પગનાં તળીઆં દઝાઇ ગયાં છે, ફોલ્લા ઉપડી આવ્યા છે, શરીર શ્રમીત્ થયું છે. ગળુ સુકાઇ ગયું છે, શ્વાસ જોરથી ચાલે છે, છતાં રેતીનું રણુ ગમે તેટલાં સંકટે પસાર કરવાની આશાથી તે સ્વામિનિ જોડેજ સરલાનો બોજ ઉપાડી ચાલે છે. થોડી થોડી વારે સરલાને સંભાળે છે, હજુ સરલાનો શ્વાસ ચાલે છે—પણ તે શુદ્ધીમાં નથી.

સત્યસીંહને હવે સમજાય છે કે જે જળ દુર રહીને જણાય છે, તે તો મૃગજળ છે.સત્યસીંહ અત્યંત ગમગીન થાય છે. સર્યુ તો તદન હતાશ થઇ જમીનપર બેસી જાય છે. અને શ્વાસ ઘુંટતી સરલાને પોતાના ઉચ્છરંગમાં લઇ આશ્વાસન આપતાં કહે છે,—" બ્હેન ! સરલા ! હવે પાણી નજીક છે, સાવધ થાઓ. બેટા ! દુઃખી માતાને આમ ના ટળવળાવો !

સરલા સ્થીર નેત્રે માતા સન્મુખ જોઇ રહી અને હોય તેટલું સામર્થ્ય અજમાવી, બોલવા લાગી.

" બોલુંછું, માતા બોલુંછું, પણ હવે છેલ્લુંજ બોલુંછું. ઘડી પછી મ્હારાથી નહિ બોલી શકાય. ગળુ સુકાઇ ગયું છે. માડી ! મ્હારી આંખે અંધારાં આવે છે. હવે મ્હારા બલીદાનનો સમય સમીપ આવ્યો છે. "

સર્યુએ અશ્રુધારા ચલાવતાં કહ્યું,—" એવું બોલશો નહિ બ્હેન ! એવો સમય ત્હારા શત્રુને આવે !

સરલાએ દીનવાણીથી કહ્યું,—" ના માડી ! હું સત્ય કહુ છું—" મોહ પમાડે તેવા સંગીતના સુર સંભળાય છે. આખી કુદરત આ વખતે શાન્તીમાં નિદ્રા લે છે. અને તે જાગે તે પહેલાં જે નિ-દ્રામાંથી લોક જાગતાંજ નથી. તે ગાઢ નિદ્રામાં હું પડીશ. થોડાજ વખતમાં તમારી દુર્ભાગી દિકરીનો આત્મા એના સ્થાનમાં ઉડીને જશે કે જ્યાં ચીરકાળ શાન્તી હશે. અને જ્યાં આ જગતનો કોલા-હલ નહિ હશે. માટે માડી ! તું રડીશ નહિ. માતા ! પિતા ! મેં આપને ઘણું કષ્ટ આપ્યું છે. પણ હવે કષ્ટ નહિ આપું ! મને ક્ષમા કરજો, અને મ્હારી કાલીઘેલી વાતોને ભૂલી જજો. હવે હું જાઉ છું. ભાઇની પાસે જાઉં છું. આકાશના પુણ્યવાળા લોકોની તરફ જાઉં છું. અખંડ ચીદાનંદ જયોતિનો જ્યાં ઝળહળતો પ્રકાશ છે. ત્યાં જઇશ, અને મ્હારા બંધુને શોધી કાઢીશ. અને તમારાં દુઃખની સઘળી વાતો તેને કહી સંભળાવીશ.

" બાપુ ! મ્હારી માતાને સંભાળજો. તેને રડવા દેશો નહિ. મા ! તું રડીશ તો ત્હારાં અશ્રુ લ્હોનાર હવે આ જગતમાં કોઇ નથી,

સરલાના પ્રત્યેક શબ્દો સર્યુના હૃદયમાં તીરની પેઠે વાગ્યા. તે એકદમ મૂર્ચ્છિત થઇ પૃથ્વીપર ઢળી પડી.

સત્યસિંહ આ બનાવથી ગભરાયો. શું કરવું ? તેની સુઝ પડી નહિ. તેણે ભયભીત દ્રષ્ટિએ ચોતરફ જોયું. કોઇની સહાય મળી શકે તેમ નહતું. પુનઃ તેણે આકાશ ભણી જોયું. " ઓ પ્રભુ ! આ મ્હારા નિર્દોષ કુટુંબને ત્હારા શરણે સોંપું છું. " સત્યસિંહ મુઠીયો વાળી પોતાની હોય તેટલી શક્તિથી દોડી ગયો,

પ્રકરણ ૩૧ મું

"પડતા પર પાટુ."

સર્યુ શુદ્ધિમાં આવી, અને જોયું તો પોતાનો સ્વામિ દ્રષ્ટિગોચર થતો નથી. આસપાસ દ્રષ્ટિ પર્યટન કર્યું પણ ત્યાં કોઇ નહોતું. સર્યુ આશ્ચર્ય ચકિત થઇ. આ શું ? શું તેઓ આવી હાલતમાં અમને તજી ચાલ્યા ગયા હશે ? એમ હોય નહિ. મારા નાથ એવા નિર્દય નથી. શું ત્યારે પાણીની શોધ કરવા ગયા હશે ? એમ હશે તો હમણાંજ પાછા આવશે. ઘણી રાહ જોઇ વારંવાર માર્ગ પ્રતિક્ષા કરતાં શ્રમિત થઇ, કોઈ આવ્યું નહિ. દુઃખની અવધિ થઇ.

સરલાની વાચા બંધ થઈ છે. આંખ મીંચાયેલી છે. શ્વાસ જોરથી ચાલે છે. અંધારી ઘોર રાત્રિ છે. સરલાનું મુખ દર્શન પણ થતુ નથી. સર્યુ રડે છે. આર્ત્ત નાદથી દીશાઓ કંપે છે. રડતાં રડતાં થાકી જાય છે. આંખમાંથી આંસુને બદલે રૂધિર આવે છે. હવે તો રૂધિર પણ સુકાઇ ગયું છે. સર્યુમાં રડવાની શક્તિજ નથી. હવે તેને કોઇ દિલાસો આપે તેમ નથી.

અરે ઓ નાથ ! આ નિર્દોષ અબળાને તજી દઇ તમે ક્યાં ચાલ્યા ગયા ? દયાળુ થઇ નિર્દય કેમ થયા ? શું તમે અમને મૃત્યુ પામેલાં જાણી જતા રહ્યા હશો ? પ્રભુ ! દમયંતીને તજી દઇ નળ ચાલ્યા ગયા હતા. શું આપે તેમનું અનુકરણ કર્યું ? શા માટે ન કરો ? અમે આપના સુખના માર્ગમાં કંટક સમાન હતાં. અમારા લીધે આપને શું સુખ હતું ? કંઇજ નહિ. આપને તો પીડા ટળી. હવે આપ નશ્ચિંત થઇ જગતમાં ફરશો. ઉપાધિ રહિત થઇ પ્રભૂની પ્રાર્થના કરશો. પણ અમારૂં કોણ બેલી ? જગદાધાર હવે અમને ત્હારી હજુરમાં સત્વર બોલાવી લે.

સર્યુ સરલાને તપાસે છે ત્યારે તેને જણાય છે કે હવે તો શ્વાસ પણ ચાલતો નથી. તે જોઇ સર્યુ કલ્પાન્ત કરે છે. આકાશ ભણી જોઇ પ્રભૂની પ્રાર્થના કરે છે.

" જગદાધાર ! મ્હારી વ્હાલી સરલા ત્હારા વિશાળ ખોળામાં સુતી છે, તે ત્હારી દિન બાળકી છે. હે કૃપાનિધાન ! ત્હારી ઇચ્છા

વિના આસમાનથી એક પાણીનું ટીપું પણ નિચે પડતું નથી. માટે પ્રભુ ! દયા કરી મ્હારી તે લાડકી પુત્રીને બચાવ ! વળી તેણે સરલા ભણી જોઇ કહ્યું—મ્હારી પ્રાણાધાર પુત્રી ! તેં મ્હારા પેટે જન્મ લઇ શું સુખ પ્રાપ્ત કર્યું છે, અરે ! મેં પાપીણીએ ત્હારી એક પણ મનઃકામના પુર્ણ કરી નથી. ત્હારાં ઘરેણાં પણ અમોએ નિર્દય થઇ પડાવી લીધાં છે. બીજાં ઘરેણાં ઘડાવી આપવાનું વચન આપ્યું હતું તે પણ પુર્ણ કરી શક્યાં નથી. સરલા ! ત્હારા મનની સઘળીજ ઉમેદો મનમાંજ કરમાઇને સમાઇ ગઇ છે. સંસારમાં ત્હારૂ જન્મવું હતું નહતું થઇ ગયું છે,

કોણ જાણતું હતું કે ત્હારો જન્મ એક સુખી કુટુંબમાં થયા છતાં, એક સમય એવો પણ આવશે કે પાણીના એક બિંદુ માટે ત્હારો પ્રાણ પરલોકમાં ચાલ્યો જશે ? અને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અગ્નિદાહ પણ તું નહિ પામે. સરલા ! સ્વર્ગમાં તું મ્હારી આતુરતાથી રાહ જોજે. બ્હેન ! હું ત્હારી પાછળજ આવું છું. એમ કહી સર્યુ આત્મઘાત કરવાના નિશ્ચય ઉપર આવે છે, અને પ્રભુની પ્રાર્થના કરે છે કે ઓ જગતને અવનવા ખેલ ભજવી બતાવનાર ભીડભંજન ! આ મ્હારી દીનપુત્રીના સુવર્ણમય શબને ત્હારા પવિત્ર ઉછરંગમાં શરણ આપીને હું નિર્દય અને નિષ્ઠુર થઇ ચાલી જાઉં છું.”

સર્યુ ! થોડે દુર ગઇ પણ તેનો પગ ઉપડતો નથી. એક વખત સરલાનું નિષ્કલંક રૂપ જ્યોતિવાળું, નિદ્રાવસ્થા—સ્વપ્નાવસ્થા—સૌંન્દર્યમય મનોહર મુખ જોવાની લાલચથી પાછી ફરે છે.

“ શું બેટા ! જીવન પર્યન્તને માટે હું ત્હારાથી છુટી પડું છું? અરે શું આ મધુર પુષ્પ મ્હારા ઉછરંગમાં રમ્યું છે તેને આવા વિકટ અરણ્યમાં, ક્રૂર અને વિકાળ પ્રાણીઓના સમુહમાં મૂકી ચાલી જાઉં છું ?

સરલાનો જીવ જાણે નિર્મળ મહા પ્રદેશમાં પવિત્ર ભાવે વિચરી રહ્યો છે. સરલાના મુખ ઉપર વિશ્વાસ અને સરલતા છવાઇ રહી છે. સર્યુનું હૃદય વિંધાઇ જાય છે. ભયાનક અરણ્યને પણ સ્તબ્ધ બનાવે તેવું રૂદન કરે છે.

સર્યુ શા માટે આક્રંદ ન કરે ? માબાપના શરીરની સાથે સૌથી

નિકટનો સંબંધ ધરાવનાર, પોતાના શરીરમાંથીજ,-પોતાના લોહીમાંથીજ-ઉપરન્ન થયેલી કિંમતી પેદાશ તેનાં વ્હાલાં સંતાનોજ છે. તેમનો અકાળે નાશ થવો એ સંકટ વિરલાઓજ સહન કરી શકે છે. લાખો રૂપીયાની હાનિ થતાં જે દુઃખ થતું નથી તે પોતાનાં સંતાનોના મૃત્યુથી થાય છે. કારણ કે બાળકો એજ ખરૂં ધન છે. દુનિયામાં સર્વ વસ્તુઓ કરતાં સંતાન એ સર્વોત્તમ વસ્તુ છે. ધન તો કદાચ નાશ થાય તો તે પાછું મેળવી શકાય છે પણ ગયેલું બાળક પાછું આવી શકતું નથી એ મહાન દુઃખનું કારણ છે. પશુપક્ષી જેવાં અજ્ઞાન પ્રાણીઓની પણ પોતાનાં સંતાન પ્રત્યે એવી ચાહના હોય છે. ત્યારે મનુષ્ય જેવાં બુદ્ધિવાન પ્રાણીઓને હોય તે સ્વાભાવિકજ છે. માતાના દુઃખનો દીલાસો-તેના અનુપમ પ્યારની વસ્તુ-તેમના હૈયાનો અમુલ્ય ઉમળકો-એ સંતાનનાં પ્રાણીજ છે. ઘરબાર વિનાની અન્નવસ્ત્રને માટે ફાંફાં મારનારી, કંગાલમાં કંગાલ ભટકતી-ભીખ માગતી-સ્ત્રીઓ પણ પોતાના બાળકને છાતી સરસાં દબાવી લાડકોડથી રમાડી પોતાનાં તમામ દુઃખોને વિસરી જાય છે, ત્યારે તે માતાના આનંદનું-તેના પ્રેમનું-સંતાનરૂપી અમુલ્ય પુષ્પ કાળીના કુહાડાથી અકાળે છુંદાઇ જતાં સર્યુને કેટલું દુઃખ થયું હશે ? તેનું શબ્દોમાં વર્ણન થવું અશક્ય છે.

સર્યુ હવે નિરાધાર છે-છેક લાચાર હાલતમાં આવી પડી છે. હવે તેને આ સંસાર ઝેરના સમુદ્ર જેવો થઇ પડયો છે. તેથી તે એવા નિશ્ચય ઉપર આવે છે કે “ આ જીવનનો અંત આણવામાંજ સુખ સમાયેલું છે. ” સર્યુ એ વિચાર અમલમાં આણવાના ઉદ્દેશથી વિદાય થાય છે.

પ્રકરણ ૩૨ મું.

પ્રિય પાઠક ! શું સત્યસિંહ પોતાના નિર્દોષ કુટુંબને રઝળતું કરી–નિર્દય થઇ ચાલ્યો ગયો છે ?

નહિ, સત્યસીંહ પોતાના પ્રિય કુટુંબનું હૃદય વિદારક ચિત્ર જોઇ–એક વખત તો ગભરાયો–હતાશ થયો પણ બીજીજ પળે તેને મહાત્માનો ઉપદેશ યાદ આવ્યો. મહાત્માએ કહ્યું હતું કે વીર પુરૂષો દુ:ખ વખતે નિરાશ થઇ પુરૂષાર્થહિન થતા નથી, પણ દુ:ખની સામે યુદ્ધ કરવા તત્પર થાય છે. એ મહાવાકયનું સ્મરણ થતાંજ તે પાણીની શોધ માટે ત્વરીત ગતિએ નીકળી પડયો હતો.

શ્રમની કે સંકટની કાંઇ પણ દરકાર કર્યા વગર પગ લઇ જાય ત્યાં તેણે દોડયા કર્યું. ઘણે દુર નિકળી ગયો, પણ હજુ જળાશય દ્રષ્ટિગોચર થઇ શકયું નહિ.

સત્યસિંહ છેવટ તોયે એક મનુષ્યજ હતો. મનુષ્ય કાંઈ સર્વ શક્તિમાન નથી. તેની શક્તિ પરિમીત છે તેથી તે થાકી ગયો. સત્યસીંહની છાતી શ્વાસથી ભરાઇ ગઈ હતી શબ્દોચ્ચાર થઇ શકતો ન હતો. ક્ષુધા અને તૃષા વડે આંખે અંધારાં આવતાં હતાં. લાચાર થઇ સત્યસીંહ જમીનપર બેસી ગયો. તેણે સાચા હૃદયથી પરમાત્માનું ધ્યાન ધર્યું. પરમાત્માનું સ્મરણ કરતાંજ તેના દેહનો અંત આવે એમ તેણે ઇચ્છયું. બીજીજ પળે તેણે એક વૃક્ષ દૃષ્ટિગોચર કર્યું. તેથી તેના હૃદયમાં આશાનું એક ઝાંખુ કિરણ ઉત્પન્ન થયું. મહા યત્ને તે દ્રષ્ટિગોચર થતાં વૃક્ષ નીચે આવ્યો. જ્યાં તેણે એક મધુર સંગીતનો સ્વર સાંભળ્યો. તેણે તે સ્વર સાથે પોતાના કર્ણનું ત્રાટક કર્યું. ત્યારે તેને સ્પષ્ટ શબ્દોવડે સંભળાયું કે,—

વરસે સુધા સૃષ્ટિ વિષે, પરબ્રહ્મની કરૂણાવડે;
સો વર્ષ પીતાં થાકશો, દુ:ખની કરો દરકાર શું.
રળીયામણો જંગલ વિષે, બગીચો બનેલો રહે સદા;
નાચો કુદો ખેલો રમો, દુ:ખની કરો દરકાર શું ?
પ્રભુના ખજાના અખુટ છે, ચાલી જુઓ લખલુંટ છે;
પણ ના ખુટે ભંડાર એ, દુ:ખની કરો દરકાર શું ?

જળમાં રમે સ્થળમાં ભમે, દરમાં વસે જે પ્રાણીઓ;
પાલન કરે કરૂણાનીધિ, દુઃખની કરો દરકાર શું ?
રક્ષક તમારો મર્દ છે, ભક્ષક બિચારો શું કરે;
દુઃખ શબ્દથી દીલમાં ડરી, દુઃખની કરો દરકાર શું ?
દોરંગી દુનિયાથી અતિ, દોરાય આલમ આંધળી;
પ્રભુના તમે બાળક બની, દુઃખની કરો દરકાર શું ?

સત્યસીંહને માટે ઉક્ત ગીત વખતસરનું હતું તે એ ઉપદેશરૂપી અમૃતપાન કરતાં જળને, અને તૃષાને ભૂલી ગયો. ગીતની પ્રત્યેક લીટી અને તેનો પ્રત્યેક શબ્દ હૃદયપાટીપર અંકિત થયો. તે ત્વરીત ગતિએ તે સ્વર ભણી દોડયો. અને જોયું તો ભરજંગલમાં એક રમ્ય પર્ણકુટિ છે અને ત્યાં એક પવિત્ર યુવતી નિર્ભયપણે મધુર ગાન કરી રહી છે.

સત્યસીંહને જોતાંજ યુવતિએ ગીત સમાપ્ત કર્યું, અને પૂછયું, આવો બંધુ ! તમે કયાંથી આવ્યા ? તમે ઘણા શ્રમિત જણાઓ છો. બેસો, આ ઝુંપડી તમારીજ સમજી થોડો વિશ્રામ લ્યો.

સત્યસીંહે કહ્યું–" બ્હેન ! વિશ્રામ લેવાનું મ્હારા પ્રારબ્ધમાં સરજાયું નથી. પહેલાં થોડું પાણી આપો, પાણી વિના મ્હારા સમગ્ર કુટુંબનું સત્યાનાશ વળવા બેઠું છે.

યુવતિએ તત્કાળ સત્યસીંહને જળપાન કરાવ્યું અને જળથી ભરેલું એક પાત્ર તેની આગળ મુકયું.

સત્યસીંહે જળપાત્ર હાથમાં લેતાં કહ્યું—" બ્હેન ! તમારો ઉપકાર માનવા જેટલો પણ હાલ મને વખત નથી. માટે ક્ષમા કરજો. ઇશ્વરની ઇચ્છા હશે તો હું પુનઃ તમને મળીશ. એમ કહેતાંજ તે વિદ્યુતની ગતિએ ચાલવા લાગ્યો.

પ્રિય પાઠક ! ચાલો આપણે આત્મઘાત કરવાને નીકળેલી સર્યુની સંભાળ લઇએ.

આત્મઘાત શી રીત્યે કરવો ? આત્મઘાત કરવામાં મનોબળની જરૂર છે. સાધનની આવશ્યકતા છે. સર્યુ તેવા સાધનની પ્રાપ્તી માટેજ ચિન્તવન કરતી આગળ ચાલે છે. આકાશમાં ધીમે ધીમે ચળકતા કેટલાક તારાગણો આકાશના પેટમાંજ સમાઇ જવા લાગ્યા છે. અંધકાર પોતાની સત્તા ધીમે ધીમે ઓછી કરે છે, પૃથ્વીના પટપર થોડું થોડું અજવાળું પ્રસરાવા માંડયું છે.

સત્યસીંહના પગ રેતીમાં પડેલા છે. સર્યુ સ્વામિના પગને સારી રીત્યે ઓળખે છે. તેને ખાત્રી થાય છે કે પોતાનો ભરથાર એ રસ્તે ગયો છે. આત્મહત્યા કરતાં પહેલાં સ્વામીની એક વખતે મુલાકાત લેવાનું તેને મન થઇ આવે છે. તે પતિવ્રતા સ્ત્રી સ્વામીના પગની રજને મસ્તકે ચડાવે છે. સ્વામી? આપ મ્હારા આરાધ્ય દેવ છો. આપ પાણીની શોધ માટેજ ગયા હશો. પણ મેં પાપીણીએ આપના પ્રત્યે સંકુચિત વિચાર દાખવ્યો છે. પિયુ! મને સત્વરે દર્શન આપો હું આપની ક્ષમા માગું.

સર્યુને સ્વામીના મીલન માટેની જીજ્ઞાસાથી એક પ્રકારનું નુતન બળ આવ્યું છે. ઝપાટાબંધ સ્વામિના પગલે પગલે તે ચાલે છે. ઘણે દુર નિકળી જાય છે. પણ સ્વામિનો પત્તો નથી. સર્યુ શોકથી, વિષાદથી, નૈરાશ્યથી, અસહ્ય યાતનાથી દયાજનક પોકાર કરે છે અંતે નિરાશ થઇ પૃથ્વીપર પછડાય છે.

હાય! પિયુથી વિખુટી પડી, મર્ણાન્તે સ્વામિનું દર્શન ન પામી. પ્રભુ! હવે તો હદ થઇ. વિભુ! હવે ચાલવાની શક્તિ નથી. કંઠ સુકાઇ ગયો છે–'પાણી' 'પાણી'–કરતાં સરલા મૃત્યુ પામી. હું પણ તેજ રીત્યે પ્રાણ વિસર્જન કરૂં છું. સર્યુએ આંખ્યો મીંચી દીધી. સર્યુના નયનનો પ્રકાશ બુઝાઇ ગયો છે. સર્યુ છેલ્લો શ્વાસ મુકતી હતી, છતાં હૃદયમાં સ્વામિનુંજ ચિન્તવન કરતી હતી.

એક સતી સ્ત્રી પરમાત્માનું ચિન્તવન કરે, તે કરતાં પોતાના પતિને દેવ માની તેનું સ્મરણ કરે તે પ્રભુને વધારે પ્રિય છે. પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી. સત્યસીંહ તે સ્થળે આવી પહોચ્યો.

સત્યસીંહે સર્યુને મૃત્યુના કિનારાપર જોઇ કહ્યું,–" સર્યુ! સર્યુ! મ્હારી પ્રાણાધાર સર્યુ! તું આ સ્થિતિમાં અહીં કયાંથી? સરલા કયાં?"

સર્યુએ પોતાના ભરથારના મધુર શબ્દો સાંભળ્યા. સ્વામીના વચનામૃતથી સતી સર્યુના જીવનને પોષણ મળ્યું. તેણે આંખ ઉઘાડી હાર્દ દ્રષ્ટિથી સ્વામીના સામું જોયું. પૂછ્યું,–" પિયુ! તમે કયાં હતા?

"પાણીની શોધ માટે ગયો હતો–સરલા કયાં છે?" સર્યુ મુશ્કેલીથી બેઠી થઇ, સ્વામિને વળગી પડી–રડાય તેટલું રડી, સરલાના મૃત્યુની ખબર ગદ્‌ગદ્ કંઠે કહી સંભળાવી

સત્યસીંહના હૃદયપર સખ્ત ફટકો પડયો. તથાપી તે હંમેશની માફક ધૈર્ય ધારણ કરવાને ચુકયો નહિ. તેણે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું—"રાજકીય આફત ! ઇશ્વરિય આફત ! સાંસારિક આફત ! આફતપર આફત ! દુઃખપર દુઃખ ! દુઃખની પરાકાષ્ટા ! સંકટની પરિસીમા ! આવ ! ઓ જગતને નીચોવી નાખનાર કૃતઘ્ની દુઃખ ! આવ. હું મ્હારી પ્રિય સર્યુને જેટલા વ્હાલથી ભેટયો નથી, તે કરતાં અધીક વ્હાલથી તને ભેટવાને તૈયાર છું. હવે જગતમાં તુંજ મ્હારી સોબતી છે.

સરલા માટે સત્યસીંહે જળપાત્રના અભાવે વસ્ત્ર ભીંજાવી પાણી લાવવાની તદબીર રચી હતી. પણ કાળની કૃતઘ્નતા આગળ સત્યસીંહનો કીમીયો કાંઇ કામ આવ્યો નહિ. તગદીરની આગળ તદબીરનો પરાજય થયો. કમનસીબ સરલાને માટે એક પાણીનું ટીપું કામમાં આવી શકયું નહિ.

સરલાનો ભૂમિદાહ કરવા સત્યસીંહે વિચાર કર્યો પણ સર્યુ મૃત્યુના કિનારા પર હતી. અને તે ઘણીજ દૂર નીકળી આવી હતી. સર્યુને મૃત્યુના મુખમાં રહેવા દઇ લાંબા પંથે જવું અઘટિત લાગ્યું. સત્યસીંહ મુંઝાયો શું કરવું તેની સુઝ પડી નહિ. આખરે તેણે સરલાના મૃત દેહને કુદરતના સ્વાધીન રહેવા દઇ સર્યુના બચાવ તરફ લક્ષ આપ્યું. પ્રથમ સર્યુને જળપાન કરાવ્યું.

હવે સર્યુ સ્વસ્થ થઇ પણ સરલા હજુ તેની દ્રષ્ટી આગળજ તરવરતી હતી. જાણે સુમન અને સરલા પોતાની પાસે ઉભાં છે આનંદમાં હસેછે—નાચેછે,—કુદેછે,—કલોલ કરે છે. મધુર વાણીથી બોલે છે—ખોળામાં લોટે છે—વાસ્તવ તેમાંનું કંઇજ ન હતું. સર્યુ હૃદયફાટ કલ્પાન્ત કરે છે. અશ્રુની ધારા ચલાવે છે. હવેતો અશ્રુપણ ખુટી ગયાં છે. સર્યુ દીવાના જેવી જણાય છે. સ્વામીને જોતાંજ તે રડે છે. હૃદયમાં થતું દુઃખ શબ્દોથી જણાવી શકતી નથી. સત્યસીંહ પોતાની પ્રિયાની દુઃખદ સ્થીતિ ઘણાજ ખેદની સાથે અનુંભવે છે.

સર્યુએ આક્રંદ કરતાં પોતાના સ્વામીને કહ્યું,—વ્હાલા ! મ્હારાં સુકોમળ, સુવાસીત-મનોહર પુષ્પો—સંસાર રૂપી વૃક્ષની ડાળીએથી ખરી પડયાં ! !

સત્યસીંહે દિલાસા આપતાં કહ્યું,—" સર્યુ ! વ્હેલાં મોડાં તે

ખરવાનાંતો હતાંજ પરંતુ આપણે પરમાત્માનો ઉપકાર માનવો જોઇએ કે તે પુષ્પો પોતાની મધુરી સુવાસ આપણા હૃદયમાં મૂકતાં ગયાં છે. તેમના ડહાપણની જ્યોતી આપણા અંતઃકરણમાં પ્રકટાવતાં ગયાં છે. સર્યું! સર્વ કોઇના માથે મૃત્યુ ભમે છે. જન્મ તથા મૃત્યુ એ જીવનના સંસ્કારમાં આદિ તથા અન્ત છે. સર્યું! સમુદ્રમાં હજારો વહાણ ચાલે છે દરેક વહાણમાં સંખ્યાબંધ મનુષ્યો બેઠેલા હોયછે સહજ પવનનું તોફાન થતાં કેટલાંક વહાણો તેમાં ડુબી જાય છે અને કોઈ કોઇ વખતતો આખાં કુટુંબનાં કુટુંબ તેમાં ગરાસ્ત થઇ જાય છે. સર્યું! ધરતીકંપ વડે આખાં ગામનાં ગામ નાશ પામે છે. મનુષ્યો પૃથ્વીમાં ઉતરી પડે છે કેટલીક વિશાળ ઇમારતો નીચે કચડાઇ મરે છે. કોઇ કોઇનું સહાયક રહેતું નથી. કોઇ વિધવા થાય છે, કોઇ વિધુર થાય છે, કોઇ સંતાન વિનાનો થાય છે, જ્વાળામુખી પર્વત ફાટે છે—અગ્નીનો પ્રવાહ વહે છે— અનેક વસ્તીવાળાં શહેર તેમાં બળી ભસ્મ થાય છે. પાણીની રેલ આવે છે, ગામનાં ગામ, સંખ્યાબંધ મનુષ્યો,—મુંગાં પશુઓ—તેમાં અચાનક તણાઇ જાય છે. મુડદાંનો ઢગલા જોવામાં આવે છે. દુષ્કાળ પડે છે; અસંખ્યાત મનુષ્યો અન્ન વિના મરે છે, પાણી વિના ત્રાસે છે. ઘાસ વિના પશુ પક્ષી પ્રાણ છોડે છે, મનુષ્યો રાક્ષસ બને છે, પોતાના સંતાનોને પણ વખતે પોતાનો ભક્ષ બનાવે છે. સર્યું! પુખ્ત વિચાર કરતાં સંસારમાં સંકટો અનેક પ્રકારનાં છે. મનુષ્ય સંકટને સાથેજ લઇનેજ જન્મે છે. પણ ધીર મનુષ્યો તેજ કહેવાય છે કે જેઓ સર્વ સંકટને શાન્તીથી સહન કરે છે."

સત્યસીંહ આ પ્રમાણે ઉપદેશ આપે છે. તેવામાં છેટેથી એક યુવાન ઘોડા ઉપર સ્વાર થઇને, ઘોડો વેગપૂર્વક દોડાવતો સમીપ આવી પહોચે છે. યુવાનથી શબ્દોચ્ચાર થઇ શકતો નથી પણ અભિનય વડે પાણીની યાચના કરે છે. એ યુવાન કોણ?

તે કુમાર વિક્રમસીંહ હતો. સત્યસીંહે તેને તત્કાળ ઓળખ્યો હતો. વિક્રમસીંહને દ્રષ્ટિગોચર કરતાંજ સુમનના શીરચ્છેદનો ઘાતકી પ્રસંગ તેના સ્મરણમાં આવ્યો હતો પણ સત્યસીંહ ધાર્મીક વિચારનો હતો તેણે પોતાના મનમાંજ કહ્યું,—"શું આ પ્રસંગ તેનો બદલો વાળવાનો છે? નહિ. શત્રુ છતાં પણ હાલ તે શરણાગત છે. તૃષાથી

આકુળવ્યાકુળ છે. ભુલો પડેલો છે-માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવો-તૃષાતુરને પાણી પાવું—એ સુજ્ઞ મનુષ્યનો ધર્મ છે. તેણે કુમાર પ્રતિ કહ્યું,—" કુમાર જળાશયતો ઘણે દુર છે. મ્હારી પાસે થોડું પાણીછે તે પીઓ. વિકળસીંહ ઘોડાપરથી નીચે ઉતર્યો. અને જળપાન કરી શાન્ત થયો. ત્યારપછી તેણે સત્યસીંહનો અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યો. નામ ઠામ જાણી લેવા કેટલાક પ્રશ્ન કર્યા. સત્યસીંહે તે જણાવવા ના કહી. ત્યારે વિકળસીંહે પુનઃ આભાર માનતાં કહ્યું કે,—" આપે મ્હારો પ્રાણ બચાવ્યો છે. જો કે હાલ હું તેનો કાંઇ બદલો વાળી શકું તેમ નથી તથાપી કોઇ પ્રસંગે વિમળપુર આવવું થાયતો ખચીત મ્હારી મુલાકાત લેજો. હું સહર્ષ તમારૂં સન્માન કરીશ. હું મ્હારી ઓળખાણ આપવી જરૂરની ધારૂં છું કે મારૂં નામ વિકળસીંહ છે, અને હું વિમળપુર રાજ્યનો પાટવી કુમારછું. એમ કહી તે ઘોડેસ્વાર ચાલતો થયો. ચાલતાં ચાલતાં સત્યસીંહ પાસે પુનઃ પાણી માગી લઇ પોતાની પાસેનો એક હાથ રૂમાલ ભીંજાવી લીધો.

સર્યુએ પૂછ્યું—" શું એ વિકળસીંહ હતો ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,—" હા, મેં તેને દેખતાંજ ઓળખ્યો હતો, પરંતુ પ્રિયા ! અપકાર પર ઉપકાર કરવો એજ મનુષ્યનો ધર્મ છે. ચંદનને બાળી નાખ્યા છતાં, અથવા કુહાડીથી છુંદી નાખ્યા છતાં, તે પોતાની સુગંધી છોડતો નથી. મનુષ્યજાતિ કૃતઘ્ન છે, તોપણ સારૂં કરવાથી આપણે કંટાળવું જોઈએ નહિ. આપણે મનુષ્યની ખાતર પરોપકાર કરવાનો નથી, પણ ઇશ્વરની આજ્ઞા ખાતર કરવાનો છે. આપણે જો કાંઇ સારૂં કરીએ તો તે કદી પણ વ્યથા જતું નથી. માણસો કદાચ ઉપકારને ભુલી જાય છે પણ ઇશ્વર તેને ભુલી જતો નથી. ઇશ્વર સારાનું ફળ સારૂંજ આપે છે. સર્યુ ! જે જળ વડે આજે ત્હારો બચાવ થયો છે તે જળ પણ એક પરોપકારી સ્ત્રીએજ આપ્યું છે. સર્યુ ? તે સ્ત્રી એક ઝુંપડીમાં રહે છે પણ ખરેખાત સ્વર્ગની દેવી છે. તેને જોયા પછી તું ત્હારૂં સઘળું દુઃખ ભૂલી જઇશ. ત્હારા દુઃખી હૃદયમાં નવું જીવન પ્રાપ્ત થશે.

સર્યુએ આતુર થઇ પૂછ્યું,—" તે સ્ત્રી ક્યાં છે ?"

સત્યસીંહે કહ્યું,—" આગળ આવશે."

સત્યસીંહ અને સર્યુ ત્યાંથી આગળ ચાલ્યાં અને તે પર્ણ-કુટિમાં પહોંચ્યાં.

પર્ણકુટીની અધિષ્ટાતા તેમની માર્ગપ્રતિક્ષા કરતીજ ઉભી હતી.

સત્યસીંહે તે યુવતી તરફ આંગળી કરી સર્યુને કહ્યું,–" સર્યુ ! આ દેવીએજ દયા કરી ત્હારો પ્રાણ બચાવ્યો છે.

સર્યુએ યુવતિને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

યુવતિએ સવિનય ઉત્તર આપતાં કહ્યું કે એમાં દયા શાની? મેં કાંઇ કર્યું છે તે મારી ફરજ બજાવવા ઉપરાંત કાંઇ કર્યું નથી. એક બાજુએ રેતીનું મહાન રણ છે, અને બીજી બાજુએ પણ જળાશય ઘણે દુર છે. તેથી અનેક પથિકો પાણી પાણી કરતા અહીં આવે છે. તેમની તૃષા તૃપ્ત થાય, અને તે રીત્યે પણ દુનિયામાં કંઇક પરોપકાર કરી શકાય, તે હેતુથી મેં અહીં ઝુંપડી બાંધવી પસંદ કરી છે. મ્હારો સ્વામી મજુરી કરી મ્હારૂં ગુજરાન ચલાવે છે, અને હું ઘણે દુરથી પાણી લઇ આવી મુસાફરોને માટે તેનો સદુપયોગ કરૂં છું. ભાઇ અમારી હાલત જો કે કંગાલ છે તથાપી અમને આ સ્થીતિમાં ઘણો સંતોષ છે.

સત્યસીંહે ધન્યવાદ આપતાં કહ્યું,–" બ્હેન ! તમારી પરોપકાર વૃતિને ધન્યવાદ ઘટે છે, તમે કંગાલ નહિ પણ ખરાં શ્રીમંત છો. તમારા તરફથી થતું દાન પાણીનું નહિ પણ સજીવની અમૃતનું–અરે જીવનનું દાન છે, તમારા માટે આ જંગલ તે જંગલ નહિ પણ સ્વર્ગ ભુમિ છે. અને તમારી આ ન્હાની સરખી ઝુંપડી એ ઝુંપડી નહિ પણ ધર્મમંદિર છે. તમે એક સાધારણ સ્ત્રી નથી પણ સાક્ષાત્ લક્ષ્મી સ્વ-રૂપછો. આવી સ્થીતિમાં પણ કેવો અમુલ્ય પરોપકાર થઇ શકે છે તેનું તમે જગતને શિક્ષણ આપો છો. આથી વિશેષ હું કાંઇપણ કહી શકતો નથી.

યુવતિએ સત્યસીંહ અને સર્યુનું સ્નેહપૂર્વક આદરાતિથ્ય કર્યું અને તેથી તેમણે ત્યાંજ વિશ્રામ કર્યો.

પ્રકરણ ૩૩ મું.

"એ નહિ તો આ."

અણુધસિંહના પત્રથી ઉત્સુક થયેલો વિકળસિંહ સુલોચનાને હસ્તગત કરવા માટે કેટલાક સૈન્યસાથે નિકળ્યો હતો, પોતાના હૃદયનું માનીતું રમણીરત્ન પ્રાપ્ત કરવાના ઉત્સાહમાં તે અનેક સંકલ્પ વિકલ્પ કરતો પોતાનો વિદ્યુત વેગી ઘોડો આગળને આગળ દોડાવ્યા કરતો હતો. વિકળસિંહના મનની વિહ્વળતા—સૈનિકોની ગમતનું એક સાધન થઇ પડયું હતું. તે અનેક ટોળ ટપ્પાં ઉડાવતા, વ્યંગમાં વિકળસિંહની વિહ્વળતા માટે હાંસી કરતા, પાછળ પાછળ ચાલતા હતા. વિકળસિંહની ઉત્સાહિત ગતિ, અને સૈનિકોની નિરૂત્સાહિત ગતિ વચ્ચે ક્રમે ક્રમે ઘણું અંતર પડતું ગયું. સંકલ્પ વિકલ્પનાં મોજાં સાથે મજાહ ભોગવતો વિકળસિંહ આખરે ભૂલો પડયો. રેતીના મહાન રણમાં તે આમથી તેમ અથડાયો. જ્યારે વિકળસિંહ દ્રષ્ટિમર્યાદાની બહાર હોવાનું સૈનિકોને જણાયું ત્યારે તેમણે પોતાના ઘોડા વેગ પુર્વક દોડાવ્યા પરંતુ તે કુમાર દ્રષ્ટિગોચર થયો નહિ. અને જે માર્ગે તેમને પ્રયાણ કરવાનું હતું તે માર્ગે વિકળસિંહના ઘોડાનાં પગલાં પણ પ્રતિત થયાં નહિ. હવે સૈનિકોની ખાત્રી થઇ કે વિકળસિંહ ખચિત્ત ભુલો પડયો છે. કન્યા મેળવતાં વર ગુમાવવાનો બનાવ સૈનિકોને માટે લજ્જાસ્પદ થઇ પડયો. સૈનિકો કેટલાક ભાગમાં વહેંચાઇ ગયા.
એક વિભાગ વિકળસિંહના ઘોડાનાં પગલાં કઇ તરફ ગયાં છે તેની તપાસ માટે નિકળી પડયો, અને અન્ય વિભાગો જૂદી જૂદી દિશામાં કુમારની શોધ માટે ગયા.

વિકળસિંહ ઉક્ત કારણથીજ—અણુધસિંહ પાસે—મુકરર કરેલા સ્થળપર આવી શકયો નહોતો. અને તેથીજ સુલોચનાને ત્યાંથી છટકી જવાની અનુકુળતા પ્રાપ્ત થઇ હતી.

વિકળસિંહ રેતીના મહાન રણમાં પ્રવાસ કરતાં થાકી ગયો. તૃષાથી તેનો કંઠ સુકાઇ ગયો જળાશયની શોધ કરી પણ તેમાં તે નિષ્ફળ નિવડયો.

આપણે જાણીએ છીએ કે સત્યસિંહે તેને પાણીની મદદ આપી બચાવ્યો હતો ત્યાર પછી વિકળસીંહ તેજ રેતીના મહાન રણમાં

થઇને નિકળ્યો. રસ્તે ચાલતાં એક બાળાની લાસ તેણે દૂરથી જોઈ. તેથી તેણે તે તરફ પોતાના ઘોડાને દોડાવ્યો અને સમીપ જઇ જોયું તો પ્રાતઃકાળમાં ખિલતા ગુલાબના પુષ્પ જેવી, મધુર નિદ્રાથી નિમગ્ન થયેલી; શુકલ વર્ણની, ચંદ્ર વદની, દીવ્ય સ્વરૂપી બાળીકા સુતી હતી જાણે સમસ્ત વિશ્વનું સૌંદર્ય ચોરી લઇને નિશ્ચંત પણે સુતી હોય, અને સુખ સ્વપ્નાં અનુભવતી હોય એમ કુમારને લાગ્યું.

ખરેખાત, બાળીકાનું સૌન્દર્ય મનુષ્ય માત્રનું ધ્યાન ખેંચે તેવું હતું. ઇન્દ્રના ઘરની મોહિની દેવિનું સ્વરૂપ હોય તેવુંજ તેનું સૌન્દર્ય હતું. મુખ મંડળ ઉપર એક પ્રકારની ચિત્તાકર્ષક જ્યોતિ જણાતી હતી. આંખ ઉપરની બે ભ્રમરો જાણે કોઇ અદ્વિતિય ચિતારાની પીંછીથી ચિત્રાયેલી હોય તેમ અતિશય શોભા આપતી હતી. તેનાં બંન્ને નેત્રો સાક્ષાત પ્રફુલ્લ કમળનાં ફુલોને લજાવે તેવાં હતાં. ગળાનો કોમળ ગોળ વિભાગ જાણે કમળનાળ હોય, અને શરીરરૂપી સરોવરમાંથી ફુટી નિકળ્યો હોય, તેવી અપુર્વ શોભા આપતો હતો.

વિકળસિંહ બાલિકાના સૌન્દર્યથી ચકિત થયો, તેણે પોતાના મનમાં કહ્યું—"આહ ! આતો સુલોચનાને પણ ભુલાવે તેવી છે. પોતાને પડેલી વિપત્તીપરથી તેણે અનુમાન કર્યું કે કદાચ આ બાલીકા પણ તૃષાથીજ પીડાતી હશે પોતાની પાસે એક હાથ રૂમાલ પાણીથી ભીંજાવેલો હતો. તેમાંથી પાણી બાળીકાના મુખમાં સીંચ્યું. ગળુ ભીંજાયું. ખચીત્ત જળ એજ મનુષ્યની જીવન કુપ્પી છે, ગળું ભીંજાતાંજ બાલીકાએ ચક્ષુ સહજ ઉંચી કરી આખની તેજસ્વી કાળી કીકી જરા હાલી. વિકળસિંહની ખાત્રી થઇ કે હજુ તેનામાં પ્રાણ છે. પુનઃ તે કુમારે જળ સીંચન કર્યું. બાલિકા વિશેષ શુદ્ધિમાં આવી, પણ હજુ તેનાથી બોલી શકાતું નથી. તે પળમાં આંખ ઉઘાડે છે, પુનઃ મીંચે છે, બોલવાની કોશીશ કરે છે, પણ ઉચ્ચાર થઇ શકતો નથી. કુમારે તેને આસ્તેથી પોતાના ઘોડા ઉપર લીધી. ઘોડો આગળ ચલાવ્યો કેટલેક દૂર નિકળી ગયા પછી એક જળાશય આવ્યું. જેના કિનારા ઉપર મધુર વૃક્ષોથી લચી પચી રહેલાં અનેક વૃક્ષો હતાં. કુમારે ત્યાં વિશ્રામ લેવા વિચાર કર્યો. બાળીકાને ઘણીજ સંભાળપૂર્વક ઘોડા ઉપરથી નીચે ઉતારી; ઘોડાપરનો સામાન ભૂમિપર બિછાવી બાલીકાને તે ઉપર શયન કરાવ્યું જળાશયમાંથી જળ લાવી

થોડુ થોડું તેના મુખમાં સીંચ્યું. બાળીકા હવે સાવધ થતી જણાય છે. તે આંખ ઉઘાડે છે, વળી બંધ કરે છે. કુમાર તેને પ્રાણદાન આપવા હવે વધારે આતુર થાય છે તેથી એક વૃક્ષ ઉપર ચઢી કેટલાંક ફલ ઉતારી તેનો રસ બાલિકાના મુખમાં રેડે છે. બાલિકા હવે પોતાના હાથ પણ હલાવે છે, પાસુ ફેરવે છે, પણ બોલી શકાતુ નથી તેથી ઇસારત વડે સમજાવે છે. કુમાર ધીમે ધીમે ફળાહાર કરાવે છે. અશક્ત બાળિકા હજુ બેઠી થઇ શકતી નથી તે વારંવાર કુમારને નિહાળે છે " આ કુમાર કોણ હશે ? સુમન તો નથીજ ! તે કયાંથી હોય ? અરેરે ! તે મ્હારો બહાદુર બંધુ તો કયારનોએ સ્વર્ગમાં પહોચી ગયો, ત્યારે મ્હારી માતા કયાં ? પિતાશ્રી કયાં ? હું અહીં કયાંથી ? ખચીત આ કુમાર તો કોઇ દયાળુ અને પરોપકારી જણાય છે, તે મને જીવિતદાન આપે છે ત્યારે શું હું તેને પૂછી જોઉ ?" પૂછવાની કોશીશ કરે છે. પણ અશક્ત બાળાથી બોલી શકાતુ નથી.

વિકળસિંહ તે સઘળુ સમજી શકે છે. તે આશ્વાસન આપતાં કહે છે,—" બાળા ! ગભરાશો નહિ. હું તમને સહાય કરીશ—મ્હારા રાજ્યમાં લઇ જઇશ—સંભાળપૂર્વક તમારી સારવાર કરીશ—મ્હારાથી ભય પામશો નહિ—હું રાજા વિમળસિંહનો પાટવી કુમાર વિકળસિંહ છું.

વિકળસિંહ નામ સાંભળતાંજ બાલિકાના હૃદયમાં ભયનો સંચાર થયો—આતો સુમનનો ખુની ! સુલોચનાનો શત્રુ ! ક્ષત્રીય લોહી ઉકળી આવ્યું. પણ કુમારની પરોપકાર વૃતિ જોઇ તે લોહી શાન્ત પડયું. બાલિકાએ સમય જોઇ ચુપ રહેવુંજ પસંદ કર્યું.

જમીનપરથી આકાશમાં ધુળના ગોટે ગોટ ઉડતા દુરથી જણાયા. વિકળસીંહ સાવધ થયો. જોતજોતામાં કેટલાક સ્વારો ત્યાં આવી પહોંચ્યા. જેઓ પોતાના સૈનિકો હતા. કુમાર વિકળસીંહને કુશળ અને આરોગ્ય જોઇ તેમને આનંદ થયો. પરસ્પર પ્રત્યેકને વીતેલી વાર્તા કહી સંભળાવી. અશક્ત બાળાને સંભાળ ભરેલી રીત્યે પોતાના રાજ્ય મહેલમાં લઇ જવાની કુમારે સૈનીકો ને આજ્ઞા કરી. બાળિકાને લઇ કેટલાક સૈનિકો વિમળપુર તરફ ગયા અને વિકળસિંહ કેટલાક સૈન્ય સાથે અનુધસિંહ તરફ જવા નિકળ્યો. થોડે દુર જતાં અનુધસિંહ પોતેજ સામો મળ્યો, પરસ્પર પ્રત્યેકે સત્કાર કર્યો.

અણુધસિંહ—હું ધારૂં છું કે મારો પત્ર તો આપને વખતસર પહોંચ્યો હશે.

વિકળસિંહ—હા, પણ વચ્ચે અકસ્માત નડયાથી વિલંબ થયો.

અણુધસિંહ—પણ તે વિલંબ મ્હારા સઘળા પ્રયત્નોને ધુળમાં મેળવનાર થઇ પડયો.

વિકળસિંહ—કારણ ?

અણુધસિંહ—સુલોચના છટકી ગઇ.

વિકળસિંહ—કઇ તરફ.

અણુધસિંહ—જો તે હું જાણતો હોય તો મેં કયારનીયે તેને પકડી હોત. હું તેની શોધમાંજ નિકળ્યો છું.

વિકળસીંહની મુખમુદ્રાપર દિલગીરીની છાયા પથરાઇ. તે થોડી વાર મૌન્ય રહ્યો. ક્રોધયુકત દ્રષ્ટિથી અણુધસીંહ સન્મુખ જોયું. "અણુધસીંહ! તમારા જેવા કાબેલ અને બહાદુર ક્ષત્રી પાસેથી સુલોચના જેવી એક બાળિકા છટકી ગઇ, અને તે નિરાશાજનક ખબર સંભળાવવા તમે બેશરમ થઇ અહીં આવ્યા તે કરતાં તમે પણ તમારૂં મોં છુપાવવાને છટકી ગયા હોત તો હું ઘણો ખુશી થાત.

અણુધસીંહ આ શબ્દ પ્રહારોથી ક્રોધાવેશમાં આવી ગયો અને બોલ્યો,—"કુમાર! આવો ઠપકો આપવા જેવી યોગ્યતા જો કદાચ આપ મેળવી શકયા હોત તો ભાગ્યેજ આપના શબ્દ પ્રહારોથી હું મ્હારૂં અપમાન થયેલું માનત. આપે સંતોષ માનવો જોઇએ કે જગતમાં હું મોં બતાવવાને લાયક ગણાઉં નહિ એવી અધમ હાલતમાં મને રડતો મૂકી તે છટકી ગઇ નથી પણ એક ચોરની માફક નાશી ગઇ છે.

વિકળસિંહને અણુધસિંહનો ઉત્તર હૃદયવેધક જણાયો પણ તેણે ગંભીરતા જાળવી રાખીને કહ્યું.—અણુધસિંહ? એવી પતરાજી કરવાને તમે કોઇ રીતે યોગ્ય રહ્યા નથી. રાજ્યનો દ્રોહ કરી વડીલ બંધુ સાથે વિશ્વાસઘાત કરી સુખ મેળવવાની આશા રાખનાર કાયર પુરૂષે એક નીચમાં નીચ અને રંકમાં રંક માણસનો ઠપકો સહન કરવાને સહનશીલ થવું જોઇએ.

અણુધસિંહે આશ્ચર્ય થઇ કહ્યું,—શું? તમારા પિતાની મીત્રતા

જાળવવાનો, અને તમને સહાયતા આપવાનો,- આ બદલો ?

વિકળસિંહે ઉત્તર આપ્યો—ના, તેનો બદલો તો હજુ ભવિષ્યમાં મળશે. અમારા તરફથી નહિ તો પરમાત્મા તરફથી મળશે. જેઓ વિશ્વાસઘાતી, દગલબાજ અને અધમ કાર્યો કરનારાછે. તેમની પાછળ દેવતાઈસજા હમેશાં લાગેલીજ હોય છે. એ સુત્ર તમારે સ્મરણમાં રાખવું.

અનુધસિંહે શોક પ્રદર્શીત કરતાં કહ્યું,—જો આવું હું પ્રથમથીજ જાણતો હોત તો આવું સાહસ કદી પણ કરત નહિ.

વિકળસીંહે ઉત્તર આપ્યો;-અને જો તેવું સાહસ આપે ન કર્યું હોત તો સુલોચના જેવું અમુલ્ય રત્ન આજે લાગેજ જંગલમાં રઝળતું થયું હોત.

અનુધસીંહે કહ્યું,—શું સુલોચના કે જેણે તમારૂં અસહ્ય અપમાન કર્યું છે; જે અત્રાપીપર્યંત તમને ધિક્કારે છે અને જે હજુપણ સુમનનેજ પોતાનો શીરતાજ માને છે. તેનો તમે પક્ષપાત કરો છો?

વિકળસીંહે કહ્યું,-હા, હું નહિ પણ મ્હારૂં હૃદય તેનો પક્ષ કરે છે તે મને ચહાતી ન હોય તેથી શું થયું ? તેના સદ્ગુણો, તેનું શૌર્ય, તેની દ્રઢતા, મને તેના પ્રત્યે વધારે ને વધારે માન ઉત્પન્ન કરે છે. હું તેને કોઇ રીતે દુઃખી થએલી જોવા ઇચ્છતો નથી જો તે હાલ તેના પિતાના મહેલમાં હોત અને તે સુખી છે એટલુંજ કોઈ રીતે હું જાણતો હોત તો તેટલાથીજ હું સંતોષ પામત પણ અરે ! તે અમુલ્ય રત્ન તે કોમળ પુષ્પ તે કોણ જાણે કયે સ્થળે કરમાતું હશે ! એ રમણી રત્ન કોણ જાણે કયા રણની રેતીમાં રગદોળાતું હશે ?

અનુધસિંહ ! મ્હારી ઇચ્છા તેની સાથે બળાત્કારે લગ્ન કરવાની તો ન હતીજ. માત્ર મ્હારૂં હૃદય તેને કેટલા દરજ્જે ચ્હાય છે, અને મ્હારો તેના પ્રત્યેનો પ્રેમ કેવો નૈસર્ગિક છે તેની ખાત્રી કરી આપી તેની સંમતીથી લગ્ન કરવા વિષે હતી, અને તેવી ઇચ્છા મેં પુર્વે તેને પણ વ્યક્ત કરી હતી. પરંતુ હાય ! અંતે મ્હારો તેના પ્રત્યેનો પ્રેમ તેને દુઃખના ગાઢ અંધકારમાં રીબાવનારજ નીવડયો. એ જાણી મને અત્યંત દુઃખ થાય છે.

અનુધસિંહે કહ્યું;—કુમાર ! તમારા શબ્દો જો કે સુલોચનાની

આગળ તો જાદુઇ અસર ઉત્પન્ન કરનારા છે, તથાપી મ્હારી આગળ તો તે એક બાળકની રમત જેવા લાગે છે.

વિકળસિંહે કહ્યું;—લાગેજ! તમારા વજ્ર હૃદય ઉપર હાલ તેની કંઈજ અસર નહિ થાય એ સ્વભાવીક છે. ખચીત્ત તમારા પાપ કર્મોનો ઘડો જ્યારે પૂરેપૂરો ભરાઇ રહેશે. ત્યારેજ પ્રભૂ અદલ ન્યાયી છે એમ તમને સમજાશે. એમ કહી વિકળસિંહ ત્યાંથી પુરપાટ ઘોડો દોડાવતો ચાલ્યો ગયો. અબુધસિંહ પણ વિકળસિંહના વિચીત્ર વિચારો ઉપર અનેક સમીક્ષા કરતો પોતાના નગર ભણી નીકળ્યો.

કુમાર વિકળસિંહના હૃદયમાં, ચક્ષુઓમાં, પ્રાણમાં, દિગન્તોમાં અને સમસ્ત વિશ્વમાં સૌન્દર્યવતિ સરલાની મૂર્તિજ ઘુમી રહી હતી. કુમારે પોતાના હૃદયમાં અનેક આશાઓના કિલ્લા રચતાં પોતાના મનમાંજ કહ્યું—ચાલો! "એ નહિ તો આ."

પ્રકરણ ૩૪ મું.

ઝુંપડી કે નંદન વન?

ગામથી થોડે દુર સપાટ મેદાનમાં એક ન્હાની સરખી ઝુંપડી બાંધેલી છે. તેની અંદર એક દીપક ઝાંખો ઝાંખો પ્રકાશ આપે છે. ઝુંપડીની આસપાસ લીંબડાનાં, વડનાં, અને પીંપળાનાં ઝાડ હારબંધ ગોઠવાયેલાં છે. તે ઝાડની ડાળીઓ જાણે પવન વાહક પંખાનું કામ કરતી હોય તેમ આમથી તેમ ડોલે છે. મંદમંદ પવનને પ્રસરાવે છે. ઝુંપડીની આગળ એક વિશાળ ચોક છે. ચંદ્રના ધવલ પ્રકાશવડે તે ચોકની રમણિયતા એવી મનોહર ભાસે છે કે જાણે સ્ફટિક પત્થરવડે તે અલંકૃત કરવામાં આવ્યો હોય. ચોકની બન્ને બાજુએ વિવિધ પ્રકારના ક્યારા હાલમાંજ કરેલા દૃષ્ટિગોચર થાય છે.

ચોકમાં ચંદ્રના પ્રકાશની ચાદર પથરાયેલી છે, અને તે ઉપર એક પ્રૌઢ અવસ્થાનો પુરૂષ બેઠેલો છે તે હાલ આકાશની સામું જોઇ રહ્યો છે. તેની મુખમુદ્રા ઘણી ગંભીર છે. હૃદયમાં અનેક તર્ક વિતર્ક થતા હોય એમ તેને જોતાંજ જણાઇ આવે છે.

અલ્પ સમય આકાશની સામે જોઇ તેણે પોતાની ઝુંપડી સામે જોયું. તે પછી તેના અધરોષ્ટપર સ્મીતહાસ્ય તરી આવ્યું. એકાએક તેના મુખમાંથી મધુર સંગીત સ્રવવા માંડયું.

જેવી તેવી પણ મ્હારીરે—આ બાલુડી ઝુંપડી,
નંદનવનસમ મને પ્યારીરે—આ બાલુડી ઝુંપડી;
ઉદય અસ્તમાં એક રસે રહેનારી જીવન પ્રાણ,
તું મધુરી મીઠી કુદરતની સુધાપ્રસાદી જાણ.
શીતળ છાયા દેનારીરે—આ બાલુડી ઝુંપડી.—જેવી૦

નરપતિ ધનપતિ રોગી ભોગી રહેતા મહેલનીમાંય,
દેવસમાન મહાયોગીને, પર્ણકુટિની છાંય.
સિદ્ધિ લબ્ધી કરનારીરે—આ બાલુડી ઝુંપડી—જેવી૦

ભવ્ય ભુવન વસતા શ્રીમાનો ચીંતાથી અમુંઝાય,
જુઓ કમલદલપર પંખીડાં બ્રહ્મ લીલાને ગાય,
નિશ્ચય પાવન કરનારીરે—આ બાલુડી ઝુંપડી—જેવી૦

શીતળ છાયાથી સંતોષી, આપે અમૃત સાર;
અંતસમે સંઘરતી માડી, તું સુરલોકનું દ્વાર.
સુંદિર મહેલોથી સારીરે—આ બાલુડી ઝુંપડી—જેવી૦

“ આખરે તું જ મ્હારા દુઃખમાં ભાગીદાર થઇ, આખરે તું જ મને શાન્તિદાતા થઇ, માતા! હવે હું ત્હારો છું તું મ્હારી છે. ત્હારી પાસેથી જે સુખ અને સંતોષ મને મળશે તે હવે કોઇ છીનવી લેશે નહિ, અને ખરૂં સુખ તેજ છે કે જેની પાછળ દુઃખ નથી.”

પ્રિય પાઠક! આ વીર પુરૂષને તમે ઓળખ્યો? હા, ઓળખ્યો જ હશે. એ માણુસ તેજ છે કે જેના માટે તમારા કોમળ અંતઃકરણમાં અનુકંપા ઉત્પન્ન થયેલ છે, તે સત્યસીંહ.

સત્યસીંહ અનેક જંગલો, પર્વતો, અને ખીણો વટાવી, અનેક વહેળાઓ અને નદીઓને ઓળંગી એક ગામડામાં આવ્યો છે. અને કુદરતની પ્રસાદીરૂપ કાષ્ટ અને જંગલની વનસ્પતિવડે એક સુંદર ઝુંપડી બાંધી તેમાં નિવાસ કરે છે.

સર્યુ હવે પતિસેવામાં જ પોતાનો કાળ નિર્ગમન કરે છે. તે પતિને જ પોતાનો દેવ, પોતાનો ગુરૂ, પોતાનો પ્રભુ માની સત્યનિષ્ઠાથી તેની ભક્તિ કરે છે. પતિની ભક્તિમાં જ તે પોતાનો મોક્ષ માનેછે.

સ્ત્રી એ ઘરની રાણી છે, ઉદ્યોગ, આરોગ્ય, સ્વચ્છતા, અને સુઘડતાથી, ઘરની શોભા વધારવી, એક પર્ણકુટિમાં પણ રાજાઓના વૈભવ અને સુખવિલાસનું દર્શન કરાવવું, ભાન કરાવવુ, મૃદુતા, કોમળતા, પવિત્રતા પ્રસન્નતા અને પ્રીતિથી પુરૂષનું જીવન આશાભર્યું, ઉત્સાહિત, સુખમય, આનંદમય, માધુર્યમય કરવું એ સદ્દગુણી સ્ત્રીનું મુખ્ય કર્તવ્ય છે.

સર્યૂ એક પરમ પવિત્ર પતિવ્રતા સ્ત્રી છે. તેણે એક ન્હાની ઝુંપડીને પણ પોતાની સુઘડતાવડે નંદનવન સમાન બનાવી છે, જેને સત્યસીંહ એક રાજમહેલ કરતાં પણ વધુ માન આપે છે.

સર્યુ પ્રાત:કાળમાં વ્હેલી ઉઠી, ઝુંપડીને સાફસુફ કરી—સ્નાનવડે શુદ્ધ થઇ,—ભોજન સામગ્રી તૈયાર કરી, પતિને પ્રસનવદને જમાડેછે. સ્વામિ પોતાના કાર્યથી નિવૃત્ત થઇ ઘેર આવે ત્યારે શ્રમની નિવૃત્તિ માટે અનેક ઉપચારો કરી જે રીત્યે તેને આરામ મળે તેવાં સાધનો તૈયાર કરે છે. સ્વામિની પ્રકૃતિ સહજ ઉદાસ જણાતાં સંગીતવડે પતિને ઉદાસીમાંથી મુક્ત કરે છે.

સર્યુની સ્વામિભક્તિ જોઇ સત્યસીંહ પ્રસન્ન થાય છે. સર્યુ સોના રૂપાના અલંકારો કરતાં સદ્દગુણના અલંકારોથી તું મને અત્યંત પ્રિય લાગે છે. ત્હારો સાદો પોશાક ત્હારા સદ્દગુણોને વળી વિશેષ પ્રકાશીત કરે છે. સ્ત્રીના સતિત્વપણાની અને સ્વામિભક્તિની ખરી કસોટીનું સ્થાન ગરીબાઇ છે. સર્યુ, હું સત્ય જ કહું છું કે તું મ્હારા દુ:ખનો વિસામો, સાચો દિલાસો, અને મ્હારા અંતરની વાતોનો ખજાનો છે. હું તને મ્હારા ભાગ્યની દેવી સમજુ છું.”

સત્યસીંહના પ્રેમાળ શબ્દોથી સર્યુનું હૃદય શોકને ભુલી, હર્ષમાં ડુલી જતું હતું. તે પોતાના મનમાં નિશ્ચય કરતી હતી કે સુખ દુ:ખ ભલે ભાગ્યપ્રમાણે આવે જાય પણ આવો સદ્દગુણસંપન્ન અને પ્રેમાળ સ્વામી વારંવાર મળવો દુર્લભ છે.” આવા પતિની શીતળ છાયા નીચે એક ઝુંપડીમાં—અરે એક વૃક્ષ નીચે—જે સ્વર્ગીય સુખ મળે છે. તે આખી દુનિયાના રાજ્ય કરતાં પણ અધિક છે.

સર્યુ ગર્ભવતિ છે. આટલા સંકટમાં પણ પ્રભુએ તેને આશાની શ્રેણીપર ઉભી રાખી છે. પરમાત્મા તેને પુન: પુત્રરત્નનું દાન કરે છે. સર્યુના દુ:ખમાં હવે ભુલાવો થવા માંડયો છે. નિર્જીવ રમકડાં જોઇને મનુષ્યનું મન પ્રસન્ન થાય છે, ત્યારે સજીવ બાળકો કે જે

માતાના હૃદયમાંનું ચળકતું કિર્ણું છે, તેનાથી તેમનો સમય આનંદમાં વ્યતિત થાય તે સ્વાભાવિક છે.

જે સ્થળે સત્યસીંહ, અને સર્યું નિવાસ કરતાં હતાં. તે ભૂમિનો સ્વામી એક ભાટી સરદારને નામે ઓળખાતો હતો. ગામ ન્હાનું હતું પણ રળિયામણું અને સમૃદ્ધિવાન હતું. અને તે સરદાર પણ ધનસંપત્તિમાં શ્રીમંત હતો. તેણે હાલમાં નદી કિનારે એક વિશાળ મહેલ બાંધવા માંડયો હતો. સત્યસીંહ સમયને માન આપી તે કાર્યમાં જોડાયો હતો. સત્યસીંહને હમેશ સાયંકાળ સુધી ત્યાં રહેવું પડતું હતું.

ઘણા મજુરો અને કારીગરો તે સ્થળે એકત્ર થતા હતા. સત્યસીંહ તેમના ઉપર દેખરેખ રાખવાનું કાર્ય કરતો હતો. તેથી તેને ત્યાંજ હાજરી આપવાની જરૂર પડતી હતી.

સર્યું મધ્યાન્હ પછી શુદ્ધ જળ અને મુખવાસ લઇ હમેશ સ્વામીની પાસે જતી હતી. અને સ્વામીને જળપાન કરાવી, મધુર શબ્દો અને સ્મીતહાસ્યવડે સ્વામીને પ્રસન્ન કરી, સ્વામીનાં પ્રેમાળ ચક્ષુઓમાંથી ઝરતું અમૃત ચાખીને પાછી ફરતી હતી.

સર્વ કારીગરો, મજુરો અને સરદારના નોકરોનું ધ્યાન સર્યું તરફ ખેંચાતું હતું. જાણે સર્યું કોઇ રાજ રાણી હોય, અને સત્યસીંહ અમીર હોય. પણ પ્રારબ્ધયોગે રંક હાલતમાં આવી પડયાં હોય એમ સર્વને પ્રતિત થતું હતું.

સરદાર પણ સર્યુંને જોઇ જગત્‌ને ભૂલી ગયો. એક વખત સર્યુંની સાથે વાર્તાલાપ કરવાની તેને ઇચ્છા થઇ. તેથી એક દીવસ તે આતુર દ્રષ્ટિએ સર્યુંની માર્ગ પ્રતિક્ષા કરવા લાગ્યો. હમેશના સમયે સર્યું ત્યાં આવી પહોંચી. તેને જોઇ તેના હૃદયમાં આનંદનું મોજું ઉછળી આવ્યું.

સત્યસીંહ પાસે જવાનો રસ્તો હવેલીમાં થઇનેજ હતો. પણ આજે ઇરાદાપુર્વક તે માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. સર્યું હમેશના માર્ગે જવા લાગી. પણ એક માણુસ તે સ્થળે ઉભો હતો તેણે કહ્યું, તે રસ્તો આજે બંધ છે.

સર્યુંએ પૂછ્યું—"ત્યારે કયાં થઇને જઈ શકાશે? માણુસે આંગળીવડે માર્ગ બતાવ્યો. સર્યુંએ ત્યાં પ્રવેશ કર્યો. પ્રથમ એક દ્વાર આવ્યું સર્યું અંદર ગઈ. તત્કાળ તે દ્વાર અચાનક બંધ થયાં.

સર્યું ચોંકી અને પોતાના મનમાંજ બોલી, હાય ! દગો !
સર્યું ઉપર વળી એક નવી આફત આવી.

પ્રકરણ ૩૫ મું.

" આર્યદેવી તે આનુંજ નામ."

સરદારે સયુને ફસાવવા પ્રથમથીજ યોજના રચી રાખી હતી. સયુંએ જે નિવાસમાં પ્રવેશ કર્યો. તે સરદારનો ખાનગી આવાસ હતો. જે વિલાસભુવનના નામે ઓળખાતો ઉત્તમ પ્રકારના ગાલિચા અને બિછાનાઓથી તે અલંકૃત કરેલો હતો. સાચાં મોતીની ઝુલોવાળી આલમારીઓ, સુવર્ણની ઝારીઓ, અને સોનારૂપાનાં નકશી કામવાળી બીજી ભીન્ન પ્રકારની વસ્તુઓ પ્રદર્શનરૂપે ત્યાં ગોઠવવામાં આવી હતી. સરદારની સમૃદ્ધિનું તે ઉપરથી સહજમાં ભાન થતું હતું.

વચ્ચે એક સુવર્ણનો હિંચકો, ગુલાબ, ચંપો, મોગરો, ચમેલી ઇત્યાદિ રંગ બેરંગી પુષ્પવડે શૃંગારવામાં આવ્યો હતો. સરદાર તે હિંચકા ઉપર બેસી ઝુલતો હતો સુવાસિત અંબરના ધુમાડાથી શાંત ઓરડો સૌગંધિત થઇ ઉઠયો હતો. સોળ સોળ વર્ષની બે બાળકીઓ તે સરદારને ધીમે ધીમે ઝુલાવતી હતી. સર્યુને દેખતાંજ સરદાર હીંચકા ઉપરથી ઉઠી ગયો અને બે બાળાઓ અંદર ચાલી ગઇ.

સર્યુનો પોશાક સાદો છતાં તેનું સૌન્દર્ય અતુલ હતું. તેની વાંકી ભ્રકુટી અને માથાપરના કેશકલાપ ગમે તેવાને મોહ પમાડવાને શક્તિમાન હતાં. સર્યુનું અતુલનિય સૌન્દર્ય જોતાંજ સરદાર વિકારવશ થયો. તેણે સર્યુને હિંચકાપર આસન લેવાની આજ્ઞા કરી. તે આજ્ઞા સાંભળતાંજ સર્યુ ભયથી ધ્રુજવા લાગી. તેને પોતાના શીળવ્રત માટે શંકા ઉપસ્થીત થઇ. તેણે ભયગ્રસ્ત સ્વરે પૂછયું–" મ્હારા સ્વામીની પાસે જવાનો રસ્તો કઇ તરફ છે ?

સરદારે પાસે પડેલા સુવર્ણ પાત્રમાંથી તાજાં સુગંધીદાર પુષ્પનો ગુચ્છ લઇ તેની સુગંધી લેતાં કહ્યું–" હું પણ તમારો સ્વામીજ છું."

સરદારનો નિર્લજ ઉત્તર સાંભળતાંજ સર્યુ સભય આશ્ચર્ય ચકિત થઈ, ભયથી ધ્રુજવા લાગી. થોડીવારે તેણે સવિનય વાણીથી કહ્યું, "આપના જેવા ભલા સરદારને ભ્રષ્ટ વચન ઉચરવું ઉચીત નથી."

સરદારે ગર્વ સહિત કહ્યું, કેમ ? હું તમારા સ્વામીનો પણ સ્વામી છું, ત્યારે તમારો સ્વામી નહિ કે ?

સર્યુએ વિષાદયુક્ત વાણીથી કહ્યુ, "સરદાર સાહેબ ! એમ તો આ જગતનો પણ એક મહાન સ્વામી છે, યદ્યપિ તે સંસારનાં મનુષ્યોને પોતાનાં સંતાન માને છે.

સર્યુનો ઉત્તર સાંભળી સરદાર સ્તબ્ધ થયો. સરદારે હમણાંજ યૌવન પ્રદેશમાં પગ મૂકયો હતો. તેનો ચહેરો સુંદીર હતો, યુવાવસ્થાના મદથી ભરપુર હતો. તેથી તે એમ માનતો હતો કે સર્યુ તેને જોતાંજ મોહિત થશે ! પણ તેની તે કલ્પના નિષ્ફળ નિવડી.

સરદારે સર્યુના દેખતાંજ એક કિંમતી પેટી ઉઘાડી, અને તેમાંથી હીરા, મોતી અને રત્ન જડિત અમુલ્ય આભરણો કાઢી સર્યુના ચર્ણમાં અર્પણ કરતાં કહ્યું—" સુંદરી ! તમે એક રમણી—રત્ન છો. તમારૂં સૌન્દર્ય એક રાજરાણીને યોગ્ય છે. છતાં તમારૂં દુર્ભાગ્ય તમને એક મજુરની પાસે ઘસડી ગયું છે. અને તેટલાજ માટે હું તમારો ઉદ્ધાર કરવા ઇચ્છું છું.

સર્યુએ ક્રુદ્ધ થઇ કહ્યું–" સરદાર સાહેબ ! વૃથા યત્ન શા માટે કરો છો ? મારા સ્વામીનો એક મધુર શબ્દ તમારી સઘળી રીદ્ધિ-સીદ્ધિ કરતાં વધારે કિંમતી છે મારો સ્વામી ઇશ્વર કરતાં પણ મને વધારે પ્રિય છે, માટે નાહક દોષિત શા માટે થાઓ છો ? હું આપને હાથ જોડી વિનવું છું કે મને મ્હારા સ્વામીની પાસે જવાનો માર્ગ બતાવો.

સરદારે કહ્યું,—" સ્ત્રીઓની વાકપટુતા ઘણી વિચીત્ર હોય છે. તેમના અંતઃકરણનો ભાવ વ્યક્ત કરતાં તેઓ જાણી જોઇને વિલંબ કરે છે. કેમકે તે વિલંબમાં પણ પ્રેમની છુપી મહત્તા, અને વિશેષ આકર્ષત્તા હોયછે. તે હું સારી રીતે સમજું છું. સુંદરી ! તમારા જેવી મારા મહેલમાં અનેક સૌન્દર્યવતિ સ્ત્રીઓ છે. તે છતાં માત્ર તમારી ખુબસુરતીની કદર કરવા, અને કાદવમાં રઝળતા રત્નને તેના યોગ્ય સ્થાનમાં અલંકૃત કરવાના ઉચ્ચ ઉદ્દેશથીજ મ્હારા કિંમતી શબ્દોનું તમને પ્રદાન કરૂં છું.

સર્યુને તે સરદારની મુર્ખતાપર વિશેષ હસવું આવ્યું. તેણે પ્રત્યુત્તરમાં કહ્યું,—" જે શબ્દોને આપ કિંમતી માનો છો તેને વૃથા ધુળમાં ... દાળશો નહિ. આ શરીર જો કે એક રત્ન છે તો તે તેના

યોગ્ય સ્થાનમાં જડાઇ ગયેલું છે. હવે તેના માટે જગતમાં અન્યસ્થાન જ નથી, અને તે કેવા ઉત્તમ સ્થાને જડાયેલું છે તે જ્યારે કોઇપણ વખતે તમારા જાણવામાં આવશે ત્યારે તમારી ઉદ્ધતાઇ માટે તમને ઘણો પશ્ચાતાપ થશે માટે આટલેથીજ તમારી અધમતાનો અંત આણો."

સરદારે કહ્યું.—"કોમળાંગી ! મનુષ્યનો જન્મ વારંવાર પ્રાપ્ત થતો નથી, અને કદાચ પ્રાપ્ત થાય તોપણ મોજમજાહ ભોગવવાનાં કિંમતી સાધનો તો કવચિતજ પ્રાપ્ત થાય છે. માટે લક્ષ્મી વધાવી લેવા આવે ત્યારે લલાટ ધોવા જશો નહિ. એક કંગાલની સાથે ઝુંપડીમાં રહી જીંદગી બરબાદ કરશો, તે કરતાં જુઓ. આ હિરા, માણેક મોતી, રત્ન, સુવર્ણ જે કંઇ દેખાય છે તે સઘળું તમારૂં જ છે. ખુશીથી ભોગવો—દાસ દાસી પર હુકમ ચલાવો. સ્વર્ગમાં એક ઈંદ્ર પણ ન ભોગવી શકે તેવું સુખ જીંદગીપર્યંત ભોગવો.

સર્યુએ કહ્યું,—"ભલા સરદાર ! તમને સુખની કંઇ કીમતજ નથી. ખરેખાત જો તમારી સમૃદ્ધિમાં જ સઘળું સુખ સમાયેલું છે તો મારા જેવી એક ગરીબ સ્ત્રીમાં તમે શા માટે સુખ શોધવા આવ્યા છો ? મ્હારા ગરીબ સ્વામિથી મને જે સુખ છે તેવું સુખ તમારી સમૃદ્ધિથી તો શું પણ આખા બ્રહ્માંડની સમૃદ્ધિ એકત્ર કરતાં પણ મળી શકે તેમ નથી.

સરદારે છેવટ કંટાળીને કહ્યું,—"હાલ તમને દુર્ભાગ્યનો હાથ દોરે છે માટે જ તમે મારી માગણીનો અનાદર કરો છો. સુંદરી ! જ્યારે તમને ડહાપણનો હાથ દોરે ત્યારે તમે જરૂર મારી પાસે આવજો. તમે એમ જોવાને ઇચ્છતાં હશો કે મારા જેવો એક અમીર તમારા જેવી એક રઝળતી કંગાલ સ્ત્રીને ઉચ્ચ પદવીનું અભિમાન તજી કાલાવાલા કરે. પણ એમ ધારવામાં તમે ઠગાઓ છો. તમારે જવું હોય તો ખુશીથી જાઓ. જેના નશીબમાં દુઃખ સરજાયેલું હોય તેને સુખનો માર્ગ જવલ્લેજ પ્રાપ્ત થાય છે.

સરદારના શબ્દોને સર્યુએ મિથ્યા બકવાદ માની લીધો, અને કાંઇપણ ઉત્તર આપ્યા વિના ત્યાંથી ચાલતી થઇ, અને જ્યાં સત્યસીંહ હતો ત્યાં ગઇ.

ખરેખાત ! સર્યુ એક સાધવી સ્ત્રી હતી; અને તેથીજ પોતાના

પતિવ્રત આગળ સરદારની રીદ્ધિ સીદ્ધિ તેને તૃણુ સમાન લાગતી હતી. સાચી સતિ શીરોમણી તેજ કહેવાય કે જેનો પ્રેમ પોતાના પતિપ્રતિ ઉદય અને અસ્તકાળે એક સરખો કાયમ રહે.

સર્યુએ સ્વામીને વીતક વાર્તા કહી નહિ, કહેવાની જરૂર ધારી નહિ, હમેશની માફક હાસ્યમુદ્રાથી તે સ્વામિના દિલાસાનું સાધન થઇ પડી, ધીમેથી જળપાન કરાવ્યું, મુખવાસ આપ્યો, સત્યસીંહે બાળપુત્રની ખબર પૂછી.

સત્યસીંહ પોતાની પ્રિયતમાની ભક્તિ જોઇ સર્વ શ્રમ વિસરી જાય છે. પાછલું દુઃખ ભૂલી જાય છે. જાણે તેની જીંદગીની હવેજ શરૂઆત થતી હોય એમ તેને લાગે છે. તે ઉદય પામતા દિવસને જીંદગીનો પહેલો દિવસ માને છે. ધીમે ધીમે તેને પુનઃ સુખની આશા બંધાય છે. હવે તેની વૃતિ પરોપકાર તરફ વળેલી છે. મનુષ્ય તરીકેના જન્મનું સાર્થક શું ? જીંદગીનો હેતુ શું હોવો જોઇએ ? સોનેરી સમય કોને કહેવો ? ઇત્યાદિ પ્રશ્નો તરફ સત્યસીંહનું ધ્યાન ખેંચાયેલું છે. સુખના માર્ગપર કિંચિત્ પગ ટકતો થાય તો ગરીબા-વસ્થામાં પણ પરોપકાર કેવી રીત્યે કરી શકાય ? તેને માટે તે પોતાના હૃદયમાં કાર્યક્રમ નક્કી કરી રહ્યો છે. પણ ઇશ્વરની ઇચ્છા બળવાન છે. કેમકે પુનઃ તેના દુર્ભાગ્યનો નવિન પડદો પ્રકટ થાય છે.

સત્યસીંહ જે હવેલીમાં કાર્ય કરતો હતો તે હવેલીની એક દિવાલપર કામ કરવાની અનુકુળતા માટે પાલખ બાંધવામાં આવ્યો હતો જેના ઉપર બેસીને કેટલાક કારીગરો અને મજુરો કામ કરતા હતા. સત્યસીંહ અને સર્યુ પણ તે પાલખ ઉપરજ ઉભાં હતાં તેવામાં અચાનક પાલખ તુટી પડ્યો. કેટલાક કારીગરો અને મજુરો પાલખ-પરથી નીચે વહેતી નદીમાં ધબોધબ પડયા. પાલખનો તમામ સામાન પણ નદીમાં પડી તણાયો. માત્ર એક લાંબુ અને પાતળુ કાષ્ટ ભા-ગ્યવશાત્ તે પાલખની સાથે વળગી રહ્યું હતું, તેનો સત્યસીંહ અને સર્યુને આશ્રય મળવાથી તેઓ તેને આધારે લટકતાં હતાં, તેઓ મજબુત હાથે તે કાષ્ઠને પકડી રહ્યાં હતાં. હાલતો પરમાત્માએજ તેમને અણુચીંતવ્યો આધાર આપ્યો હતો.

સર્યુએ પોતાના સ્વામીને એક કાષ્ટપર અદ્ધર લટકતા જોયા. તેથી તેનો જીવ ઉડી ગયો. સત્યસીંહ ધૈર્ય રાખી, હવેલીની બારીમાં

ચડવા યત્ન કરવા લાગ્યો. પણ તે કાષ્ટમાં બે મનુષ્યનો બોજ સહન કરવા જેટલી શક્તિ ન હતી. અસહ્ય વજનથી તે એવા શબ્દ કરતું હતું કે જાણે તે પણ નદીમાં પડવાની સુચના કરતું હોય, બુદ્ધિવાન સર્યુ સમજી શકે છે કે બન્નેનો બોજ આ કાષ્ટ સહન કરી શકે તેમ નથી. અને તેથી તે સ્વામીના બચાવ માટે અંદર પડવાનો વિચાર કરે છે.

ઉપર આકાશ છે, નીચે નદી છે. નદીમાં ભરપુર પાણી છે—તેનું તળીયું ઘણું ઉંડું છે. સ્વામિને બચાવવાનો તાત્કાળીક બીજો ઇલાજ નથી. સર્યુ ગભરાય છે. આમતેમ જુએ છે. અને છેવટ નદીમાં પડવાના નિર્ણયપર આવે છે.

નદિમાં પડતાં પહેલાં સ્વામિને કંઇક કહેવું છે, પણ કહેવાનો સમય નથી તેથી ભાગ્યા તુટયા શબ્દોમાં તે કહે છે કે—"વ્હાલા! જેવું ધૈર્ય રાખ્યું છે તેવુંજ કાયમનો રાખજો. જીવનના ઉત્સાહ, તથા આનંદ તોડશો નહિ. વિપત્તી સમયે તમને ધૈર્ય તથા આશ્વાસન આપનાર હવે કોઇ નથી. પ્રિયતમ તમારે વાત કરવાનું હવે કોઇ ઠેકાણું રહેશે નહિ. પ્રભુ! હું જાઉં છું પણ મ્હારૂં હૃદય તમને સોંપતી જાઉં છું હું સ્વર્ગમાં પણ તમારૂંજ સ્મરણ કરીશ, પરમાત્માના દરબારમાં નિરંતર તમારૂંજ ગુણગાન કરીશ. તમારૂંજ ચિન્તવન કરીશ, પરમાત્મા તમને સુખી રાખે એવી મ્હારી પ્રાર્થના છે. તમને સુખી જોઈ હું સ્વર્ગમાં પણ શાન્તિ પામીશ. મ્હારા વ્હાલા ન્હાના પુત્રની કુમળા ફુલની સંભાળ રાખજો. પ્રભૂ હવે હું જાઉં છું. મર્ણ કાળે તમારા દર્શનની છેલ્લી ઝાંખી કરી સ્વર્ગમાં જાઉં છું. એમ કહેતાંજ તેણે નદીમાં પડતું મૂકયું."

આ બનાવ પ્રત્યક્ષ જોનારાઓએ આકાશને ગજાવી નાખે તેવા સ્વરે કહ્યું કે,—"આર્યદેવી તે આનુંજ નામ."

પ્રકરણ ૩૬ મું.

વીરબાળા.

તાપ સખ્ત પડે છે, સૂર્ય દેવતા સંપૂર્ણ કળાથી ઉષ્ણતા વર્ષાવી રહ્યા છે. નદીનાં ઝરણાં, વૃક્ષનાં પલ્લવો, પર્વતના પત્થરો, પૃથ્વિની

સપાટી સર્વ અગ્નિ સમાન થઇ ગયાં છે. પહેરવાનાં કપડાં પણ ગરમ ગરમ થઇ રહ્યાં છે. પક્ષીઓ માળામાંથી બ્હાર નિકળી શકતાં નથી, જાણે સમસ્ત સંસાર અગ્નિમાં તપાવેલા લોઢાની પેઠે તપી રહેલો છે. સાંજ પડવા છતાં શિતળતા પથરાતી નથી. સુલોચનાના શરીરમાંથી પ્રસ્વેદનો પ્રવાહ ચાલી રહ્યો છે. સુલોચના ઉઘાડા પગે પ્રયાણ કરે છે. તેના પગનાં તળીયાં દઝાઇ ગયાં છે. પૃથ્વીમાતા પોતાની રંગભૂમિ પર જાણે તેને નૃત્ય કરતાં શીખવતાં હોય તેમ રાજબાળા પગે દાહ થતાં ઉંચી નીચી થાય છે. તેના માથાના વાળ વિખરાયા છે, આંખમાંના આંસુ પ્રસ્વેદ સાથે ભળી ગયાં છે. જળ વિના કંઠ સુકાઇ ગયો છે. આંખે અંધારાં આવે છે, તે છતાં પણ સુંદરી પોતાના પ્રેમી રત્નને શોધવા ઉમંગભરી ચાલી જાયછે. જળમાં—સ્થળમાં વૃક્ષોમાં—અને તેના પલ્લવોમાં તે સુમનની છબી નિહાળે છે. માત્ર સુમનનું સ્મરણ અને તે પર આંસુંનું સીંચન એજ તેના હૃદયનો વ્યાપાર છે.

"સુમન ! વ્હાલા સુમન ! શું તું આ અભાગિણીને ભૂલી ગયો હઇશ ? હું મારી પ્રતિજ્ઞાપર દૃઢ નહિ રહું એવી શંકા તને થતી હશે ? ના તું મ્હારો બાલકાલનો સાથી છે. મ્હારા દૃઢ સંકલ્પનો તને પરિચય છે."

"સુમન ! શું તું ખરેખાત કેદમાં હઇશ ? તું જ્યાં હઇશ ત્યાં હું તને પ્રાણાન્ત કષ્ટે પણ મળીશ. ત્હારા દુઃખમાં મદદગાર થઇશ. તું ગમે તેવી સ્થીતિમાં હઇશ તો પણ હું ત્હારીજ થઇશ.

"અરે ! કોણ જાણતું હતું કે આપણા સ્નેહપાનના પ્રથમ ગ્રાસમાંજ મક્ષીકા આવશે. સુમન ! ત્હારા દુઃખની ઉત્પાદક હું છું. હુંજ ત્હારા સુખના માર્ગમાં કંટક થઇ છું. પણ તે કંટક હું પોતેજ કાઢીશ ! અરે ! પણ મને ત્હારૂં પુનઃ મીલન ક્યારે થશે ?"

સુમનને ત્વરાથી મળવાના લોભે સુલોચનાએ પગ ઉપાડયો પણ જેણે કદી પણ પગે ચાલીને મુસાફરી કરી ન્હોતી તે કેટલું સહન કરી શકે ? આખરે તે થાકી ગઇ. તેથી કેટલાંક વૃક્ષોના જુથ નીચે વિશ્રામ લેવાને બેઠી. પણ અફસોસ ! રાજબાળા આરામ લે તે પહેલાંજ તે વૃક્ષોપરથી ચાર લુંટારૂ ત્યાં કુદી પડ્યા. અને સર્વ ઘરેણાં સ્વાધીન કરવાની માગણી કરી દુઃખથી કંટાળેલી સુલોચનાએ કાંઇ પણ આનાકાની કર્યા વગર સર્વ ઘરેણાં લુંટારૂઓને આપી દીધાં. તથાપી લોભી

લુંટારૂ તેટલાથી સંતોષ પામ્યા નહિ. અને શરીર પરનાં તમામ વસ્ત્ર પણ ઉતારી આપવા કહ્યું. તેથી સુલોચનાના શરીરમાં ક્રોધનો આવિર્ભાવ થયો. સખ્ત ચોળીથી ઢંકાયેલી તેની .છાતી શ્વાસથી ઉછળવા માંડી. લુંટારૂઓ જેમ જેમ તેને વધારે નિહાળતા ગયા તેમ તેમ તેમના હૃદયમાં જુદોજ ભાવ પેદા થયો.—"આહા ! આ બાળા અતીશય સુકુમાર ગાત્રની, ચંચળ નેત્રોવાળી, અતિશય સુંદરાંગી, અને મનોહર જણાય છે ત્યારે તેના સૌન્દર્યનો અમુલ્ય ખજાનો છોડી દઇને આ તુચ્છ ઘરેણાં તરફ શા માટે લલચાવું જોઇએ ?" લુંટારૂઓને જાણે હથેળીમાં સ્વર્ગ આવ્યું.

સુલોચના તેમના મનોભાવને સમજી જાય છે. પોતાના શીલવ્રતના સંરક્ષણ માટે ચિન્તા થાય છે. તે પોતાના મનમાં વિચાર કરે છે. ખચીત્ત સુમનને મળવાની અભિલાષાનો મ્હારા મૃત્યુમાંજ લય પામશે. હું એક અબળા જાતી છું અને આ ચાર પહેલવાન પુરૂષો છે. મ્હારી પાસે ફક્ત એક ન્હાની સરખી કટાર છે, અને તેમની પાસે પુષ્કળ હથિયારો છે. વળી હું દુઃખ ત્રાસ, અને થાકથી કંટાળી ગયેલી છું. અશક્ત થયેલી છું. "છેવટ તેણે પોતાના સંરક્ષણનો ભાર પ્રભૂના શીર ઉપર મૂક્યો.

એક લુંટારૂએ પૂછ્યું,—" સુંદરી ! આ તમારાં ઘરેણાં તમને પાછાં આપીએ પણ હમારી એક માગણી તમે કબુલ રાખશો ?

સુલોચનાએ શોકમુદ્રાથી ઉત્તર આપ્યો—' હું તમારી માગણી સમજી ગઇ છું. પણ ઘરેણાંના તમે ચાર હીસ્સા કરશો તો તે તમને સર્વ રીતે ઉપયોગી થઇ પડશે અને મ્હારા પોતાના ચાર ટુકડા કરી વહેંચી લેશો તો તે તમને કોઇપણ રીતે ઉપયોગી થશે નહી."

એક લુંટારૂએ આવેશમાં આવી જઇ કહ્યું,—"તમારા ટુકડા કરનાર કોણ છે ? સર્વનો આગેવાન હું છું."

બીજાઓએ પોતાનાં નસકોરાં કુલાવી કહ્યું,—" ચાલ ચાલ દૂર ખસ ! તું કોણ અમારો આગેવાન થનાર છે. બધાઓમાં બહાદુર હું છું અને જે બહાદુર હોય તે આગેવાન ગણાય."

ત્રીજાએ પોતાનું માથું હલાવતાં ઘમંડમાં કહ્યું—" બહાદુ-

રીની પરિક્ષા કંઇ ભપકાદાર પોશાકથી નહિ થાય. બહાદુરી બતાવવી હોયતો આવી જા મ્હારા સામો."

ચોથાએ પોતાના હાથની બાંહ્યો ચડાવતાં કહ્યું—"હવે ફીસીયારી જવાદેને! પાડાની પેઠે શરીર વધારવાથી બહાદુર થવાતું નથી. બહાદુરીની પરીક્ષા એક આંખ ઉપરથી થાય છે."

ચારે લુંટારા અભીમાનના આકાશમાં ઉડવા લાગ્યા. સર્વેને પોતાની બહાદુરીનો ચમત્કાર બતાવી સુલોચનાને મોહ પમાડવાની આકાંક્ષા ઉત્પન્ન થઇ અને તેથી તેઓ આપસ આપસમાં બળ અજમાવવાને મેદાન પડયા.

મનુષ્યને હજાર હાથના ઉંડા ખાડામાં પટકવાને, અથવા ઉંચે આસમાનપર ચડવાને નારીનું એક તીવ્ર કટાક્ષ બસ થઈ પડે છે. નારીની એક તિરછી નજરથી ઘણી વખતે લાખો મનુષ્યોની કાપાકાપી ચાલેલી છે. નારીના એકજ માર્મીક શબ્દથી હજારો ભયંકર લડાઇઓ ઉત્પન્ન થયેલી છે. દુનિયાની સપાટી ઉપર વારંવાર થયેલા ઉલ્કાપાત અને વારંવાર પ્રસરાયેલ પ્રલયાગ્નિ સ્ત્રીઓના કારણનેજ આ અનેક યુદ્ધો—વિગ્રહો—રમખાણો ભારીછે અનેક વિગ્રહો, રમખાણોને અને જન્મ આપનાર સુવર્ણની લંકાને બાળી—ભસ્મ કરનાર પાણીપતના ઇતીહાસ પ્રસિદ્ધ મેદાનને રક્તથી તરબોળ કરનાર કારણોનું મધ્યબીન્દુ સ્ત્રીઓજ છે. રામાયણ અને મહાભારતના પ્રસિદ્ધ ગ્રન્થો તેનીજ સાબીતી આપે છે.

ઉક્ત લુંટારૂઓની આપસઆપસની લડાઇમાં ત્રણ લુટારૂ માર્યા ગયા. અને એક જીવતો રહ્યો તે પોતાની મૂછપર આમળો ચડાવતો સુલોચના પાસે આવી કહેવા લાગ્યો,—"કેમ? હવે તો મ્હારી બહાદુરીની પરિક્ષા થઇ કે નહિ"?

સુલોચનાએ ઉત્તર આપ્યો,—"હા, પણ ધન્યવાદ તો ત્યારેજ આપી શકાય કે જ્યારે બંધુભાવથી મ્હારા ઉપર ઉપકાર કરવામાં આવ્યો હોય."

લુંટારૂએ કહ્યું—નહિ સત્યવાતતો એ છે કે મેં તમારા ચંદ્ર સમાન મુખ ઉપર મોહિત થઇને મ્હારા ત્રણે મિત્રોને ઠાર કર્યા છે.

સુલોચનાએ કહ્યું—"મૂર્ખ! ચંદ્રથી મોહીત થવાના કાર્યને

મુર્ખાઇનું કૃત્ય ગણી શકાય અને તેને ભેટવાની અશક્ય આશાએ ઉંચા મિનારા ઉપરથી કુદકો મારવાનું કાર્ય તો વળી તેથી પણ ખરાબ ગણાય ?"

લુંટારૂએ પૂછયું,—"ત્યારે શું તમે મ્હારાથી છટકવા માગો છો ?"

સુલોચનાએ કહ્યું,—"અરે ઓ પાપી! ત્હારા જેવા-એક નિચ સ્વાર્થને માટે પોતાનાજ મિત્રોને મારી નાખનારા-નરાધમને શું શિક્ષા કરવી તેનો હજુ તો વિચાર કરૂં છું."

રાજબાળા પાસે સુમનની આપેલી કટાર તૈયારજ હતી તે રણધીર અને શૌર્યપૂર્ણ વેગવતી યૌવનાને એક માણસને પરાસ્ત કરવાનું કાર્ય કંઇ મુશ્કેલ ન હતું અને શિયળ સંરક્ષણ માટે તે વિના અન્ય કંઇ ઇલાજ પણ ન હતો તેથી રાજબાળાએ વિજળીના ચમકારાની પેઠે તે તિક્ષણ કટાર લુંટારૂના વૃક્ષ:સ્થળમાં મારી તેને લોહીમાં તરબોળ કર્યો તે પોતાના પગ તરફડાવતો હંમેશની ચીર નીંદ્રામાં સુતો.

સુલોચનાના દયાળુ હૃદયમાં લુંટારૂઓના મૃત્યુથી સ્વાભાવિક શોક થયો. તેણે પોતાના મનમાંજ વિચાર કર્યો કે—"જ્યારે એક સ્ત્રીનું સૌન્દર્ય અનેક મનુષ્યોના મોહનું કારણ થઇ પડે છે ત્યારે તેજ સૌન્દર્ય અનેકના વિનાશનું પણ સાધન થાય છે. સૌન્દર્યવતિ સ્ત્રીઓને તેમનું સૌન્દર્ય એજ દુ:ખનું ઉદ્દ્પાદક છે. જોકે આખરેતો સતી સ્ત્રીની આગળ વિષયવાસનામાં રમનાર દુરાચારી કીડાઓની ખુવારીજ થાય છે પણ તે ખુવારીનું નીમીત્ કારણ તે સૌન્દર્યવતિ સ્ત્રીઓજ થઇ પડે છે. ઓ પ્રભુ! ત્યારે તેં મને આવું સૌન્દર્ય શા માટે આપ્યું ?

સુલોચનાએ હવે ભવિષ્યની ઉપાધીઓથી સાવધ રહેવા પુરૂષનો પોશાક ધારણ કર્યો, અને પોતાના પ્રિયતમને મળવાના ઉલ્લાસમાં આગળ વધી.

પ્રકરણ ૩૭ મું.

સંકટની પરિસીમા.

પાલખનું અચાનક તુટવું, લોકોનું ધબોધબ નદીમાં પડવું, એક જ કાષ્ટપર બંન્નેનું લટકવું, અને સર્યુ શું કહે છે તે સાંભળવું, એ બનાવો એક પછી એક એવા ત્વરિત ગતિએ બન્યા કે સર્યુને નદીમાં પડતાં અટકાવવાની સત્યસીંહને તક મળી નહિ.

જ્યારે સર્યુ નદીમાં પડી, તેના વ્હેનમાં તણાણી—અંદર ડુબી—દ્રષ્ટિ મર્યાદાની બહાર થઇ. ત્યારે સત્યસીંહ જેવા ધૈર્યશીલ મનુષ્યના હૃદયમાં પણ ગભરાટનું પુર ચઢયું.

સત્યસીંહને આ સઘળો બનાવ એક સ્વપ્ન તૂલ્ય લાગ્યો. શું ખરેખાત આ પાલખ તુટયો? શું ખરેખાત સર્યુ નદીમાં પડી? શું હજુપણ મારા ઉપર દૈવનો કોપ છે? શું આકાશ અને પાતાળ મ્હારી પાછળ વૈર લઇને પડયાં છે?

સત્યસીંહ ગમે તેવો ધૈર્યવાન હતો, તોપણ આજે તેનું હૃદય તેના હાથમાં નહતું. હાલ સુધીનાં સંકટ તેણે ઘણી હિંમતથી સહન કર્યાં હતાં પણ હાલનું સંકટ તેને માટે અસહ્ય થઇ પડયું હતું. હાલ સુધી તો તે વરસના સંકટોમાં પોતાની પ્રિયાને દિલાસો દેતો હતો, અને દિલાસો લેતો હતો. પણ હવે તેને કોઇ દિલાસો આપે તેમ નહતું. તેથી સત્યસીંહે પોતાની પ્રિયાની પાછળ નદીમાં પડવાનો નિશ્ચય કર્યો. પણ તેટલામાં જ હવેલીનો સરદાર અને તેના માણસો આવી પહોચ્યા. સત્યસીંહને આસ્તેથી હવેલીમાં લઇ ગયા. અને ઘટતું આશ્વાસન આપવા લાગ્યા.

સત્યસીંહની હાલત પ્રતિપળે વીચિત્ર થતી ગઇ. તે ફાટી આંખે આમ તેમ જોવા લાગ્યો. દીલાસો આપનારને તે એવો પ્રશ્ન પૂછવા લાગ્યો કે "શું આ સઘળો બનાવ સત્ય છે?" શું ખરેખાત મ્હારી જીવનેશ્વરી ડુબી ગઇ? અરે ઓ દયાળુ મનુષ્યો! જો તમારા હૃદયમાં દયા હોય તો તમે પણ નદીમાં પડો, અને મ્હારી સર્યુ જ્યાં હોય ત્યાંથી તેને શોધી લાવો." અથવા ઉભા રહો હું પોતેજ જાઉં અને તેને શોધી લાવું.

"ખચિત્ત સત્યસીંહનું મગજ ભ્રમિત થયું છે. શા માટે ન થાય? સ્ત્રીઓ ઘરની દેવી સમાન છે. અર્થાત્ પતિના સુખની અભિવૃદ્ધિ કરનાર, પતિના સુખોપભોગને સૌન્દર્ય આપનાર તેમાં મિઠાશ મૂકનાર, અને સંકટના સમયે દીલાસો આપનાર છે. સર્યુ સત્યસીંહના જીવનમાં આધાર રૂપ હતી, અને જે પતિને જીવનદાન આપવા નિમીત્ત નદીમાં પડી હતી તેના અકાળમૃત્યુથી તેને પ્રાણાન્ત કષ્ટ થાય એ સ્વાભાવિક હતું.

સરદારે કહ્યું,—"સત્યસીંહ! હિંમત રાખો. આપ છેક ગભરાઓછો શું? હું જાણું છું કે એક રાજાના મહેલમાં પણ ભાગ્યેજ હોય તેવી ગુણીયલ સ્ત્રીને ગુમાવતાં તમને ઘણું દુઃખ થાય છે. પણ દૈવેચ્છાને આધિન રહેવું એજ આપણું કર્તવ્ય છે. તમે ચ્હાય તેટલુ રડશો તો પણ પુનઃ એ ચીંતામણી રત્ન મેળવી શકશો નહિ.

સત્યસીંહે કહ્યું,—"ખચિત્ત! મેં આજે એક ચીંતામણી રત્ન ગુમાવ્યું છે. છતાં તે રત્નનો દિવ્ય પ્રકાશ મ્હારા હૃદયમાંથી કદી વિલુપ્ત થવાનો નથી. હું તે પ્રકાશમાંથી નિરંતર તેની મનોહર છબીને નિહાળી સાચા પ્રેમથી તેની ભક્તિ કરીશ; અને મ્હારા હાથમાં તેના સ્મારક રૂપે જે સંતાનની થાંપણને સોંપતી ગઇ છે. તેનું લાલન પાલન કરવા માંજ હું મ્હારૂં કર્તવ્ય માનીશ.

સત્યસીંહના શબ્દોથી સાંભળનારાઓનું હૃદય દ્રવિત થયું. સત્યસીંહ બરાબર શુદ્ધિમાં આવ્યો ત્યાર પછી તે પોતાની ઝુંપડી તરફ ચાલવા માંડયો. રસ્તે ચાલતાં વળી તેને નદી તીરે જવાનો વિચાર થયો. નદીના તમામ કાંઠા તેણે બારીકિથી તપાસી જોયા. પણ ત્યાં સર્યુ ક્યાંથી? સત્યસીંહ નિરાશ થયો.

હવે જીવવું વ્યર્થ છે? એ નદી માતા! શું મ્હારા કરતાં સર્યુ તને વધારે વ્હાલી છે? શું તું મને ત્હારા વિહંગમાં આશ્રય નહિ આપે? ખચીત્ત ત્હારા ખોળેજ મને ચીર નિદ્રા મળશે કે જે નિદ્રામાંથી હું આ પ્રપંચી જગતને જોવા કદી જાગ્રત થઇશ નહિ. એમ વિચારી કરી તેણે નદીમાં પડતું મૂકવા વિચાર કર્યો પણ વળી સર્યુના અંતિમ શબ્દોનું તેને સ્મરણ થયું. પોતાની વંશવૃદ્ધિનો છેવટનો છોડ કરમાઇ જશે. એવો વિચાર આવતાંજ તે હિંમત રાખી ઝુંપડી તરફ ચાલ્યો.

ઝુંપડીને દ્રષ્ટિએ દેખતાંજ તેણે ઘાઢ નિશ્વાસ નાખ્યો. પ્રિયા વિનાની ઝુંપડી તેને સ્મશાનવત્ લાગી. દ્વાર ઉઘાડી સત્યસીંહ અંદર ગયો. પારણામાં બાળક રમતુ હતું અશ્રુબિન્દુ ગાલપર સુકાયેલાં હતાં તે ઉપરથી એમ જણાતુ હતું કે ઘણો વખત રડીને તે છાનુ રહ્યું છે. બાળકે જાણ્યું કે તેની માતા આવી. તેથી આતુર દ્રષ્ટિએ તે ઉંચુ-નીચુ થયું. હમણાંજ મ્હારી માતા મને પયપાન કરાવશે. હમણાંજ મને છાતી સાથે દબાવી વ્હાલ કરશે નિર્દોષ બાળકની કલ્પનાઓ મિથ્યા હતી. માતાને બદલે પીતાને જોયો. બાળકે પારણામાંથી બહાર નિકળવા પોતાના હાથ ઉંચા કર્યા. સત્યસીંહની આંખમાંથી કેટલાંક અશ્રુબિન્દુ સરી પડયાં ધ્રુજતા હાથે તેણે પારણામાંથી બાળકને બહાર કાઢયો. બાળકની દ્રષ્ટિ હજુ ઝુંપડીના દ્વાર ભણી હતી. તે પોતાની માતા માટે માર્ગપ્રતિક્ષા કરતુ હતું. માતા વિનાનું તે બાળક બેચેન જણાતુ હતું વાચા વિનાનું બાળક મૌન્ય હૃદયથી પોતાની ઇચ્છા વ્યક્ત કરતું હતું. સત્યસીંહ બાળકની ચેષ્ટાઓ જોઇ સઘળું સમજતો હતો પણ તેની ઇચ્છા કોઇ રીતે તૃપ્ત કરવા તે શક્ત નહોતો. સત્યસીંહ માત્ર ભીંની આંખે બાળક સામું જોઇ રહ્યો. અને વિચાર કરવા લાગ્યો,—અરે! આ બિચારૂં નિર્દોષ બાળક કયાં જાણે છે કે તેની માતા તેને હંમેશને માટે તજી દઇ ચાલી ગઇ છે. બેટા! હવે મિથ્યા ફાંફાં શા માટે મારો છો! ત્હારો પિતા પણ હું છું અને માતા પણ હું છું. એ વાત ખરી છે કે ત્હારી માતાના જેવું વ્હાલ મ્હારામાં નથી. પણ હવે મ્હારાથીજ તમારે સંતોષ માનવો પડશે. બેટા! ત્હારા પોષણ માટેનું અક્ષયપાત્ર પણ ત્હારી માતા પોતાની સાથેજ લઇ ગઇ છે.

સર્યુંનાં વસ્ત્ર, ઝુંપડીની સ્વચ્છતા અને સુઘડતા જોઇ સત્યસીંહ સર્યુંને વારંવાર સંભાળે છે. ઓ મ્હારી પ્રાણાધાર સર્યુ ? શું આખરે તું પણ મને તરછોડીને ગઇ. અરે ઓ ગુણીયલ સર્યુ ! ત્હારા જેવી જેવી સુંદર સ્ત્રીથી આ જીવનમાં જે સુખ મળ્યું છે તેનું માત્ર સ્મરણજ મ્હારા હૃદયના ચુરેચુરા કરેછે. મારી ધૈર્યતાને ડગાવી દે છે અરે પ્રેમાળ સ્ત્રીઓ! તમે તમારા ભરથાર ઉપર પોતાનો પ્રાણ કુરબાન કરવાનું ઘણી વખત કહો છો. પણ મ્હારી ભાગ્યદેવી સર્યુ એ તો તે પ્રત્યક્ષ કરી બતાવ્યું. મારા પ્રાણની સલામતી માટે તેણે પોતાના

જીવનનો ભોગ આપ્યો. પ્રેમની અખંડ જ્યોતિ છેક સ્વર્ગ સુધી પ્રકટાવી. સર્યું ! એ પ્રકાશિત જ્યોતિમાં હું તને જોઇ શકું છું. ભલે ! સ્થુળ દેહ તું મને તરછોડી ચાલી જા પણ મારા હૃદયમાં ત્હારી જે મનોહર મૂર્તિ કોતરાઇ રહી છે. તેને જીવનાન્તે પણ કાયમજ રહેશે.

અરે ઓ જગતની સ્ત્રીઓ ! આવો અને મ્હારા પ્રાણાધાર સર્યું પાસેથી આત્મસંયમનો—પતિભક્તિનો—અમુલ્ય પાઠ શીખો. તેની સ્તુતિનાં ગીત ગાવા માટે મારી સાથે સામેલ થાઓ.

ખરેખાત સત્યસીંહને કોઇએ ભાલાઓથી વીંધી નાંખ્યો હોત શસ્ત્રથી છુંદી નાંખ્યો હોત તોપણ આ બનાવથી તેને જેટલું દુઃખ થયું તેટલું દુઃખ ક્વચિતજ થાત. સત્યસીંહપર વરસેલા સંકટમાં તેણે કદી પણ દુઃખના ઉદ્ગારો બહાર કાઢયા હોય તો તે આજેજ કાહાડ્યા હતા.

દુઃખમાં પ્રભૂ યાદ આવે છે. સત્યસીંહે પણ આકાશ ભણી જોયું,–'ઓ પ્રભુ ! શું તું મને દુઃખનો અંત બતાવવા ઇચ્છે છે. બસ હવે તો હદ થઇ. દયાનીધિ દયા કર."

સત્યસીંહ શુન્ય થઇ ઝુંપડીમાં પડી રહ્યો વળી ઉઠયો. બાળકની સારવાર કરી એક પુત્રવતિ માતાને કાલાવાલા કરી બાળકને પયપાન કરાવ્યું. પુનઃ તે ઝુંપડીમાં આવ્યો. બાળકને પારણામાં સુવાડી પારણું ઝુલાવવા માંડયો.

કેટલોક સમય શોકમાં વ્યતિત કર્યા પછી તેને માહાત્માનો ઉપદેશ યાદ આવ્યો,–"સત્યસીંહ ! સંકટથી ભય પામીશ નહિ. સંકટ મહત્તાના ગર્વને નરમ પાડે છે. બીનલાગણીને કોમળ બનાવી દયા ઉત્પન્ન કરે છે."

સત્યસીંહ પ્રભૂની ઇચ્છાને આધીન થવાના નિશ્ચય ઉપર આવ્યો. તેણે દુઃખથી વિહ્વળ થયેલા પોતાના હૃદયપર કાબુ મેળવ્યો. સર્વ શક્તિમાન સરજનહારપર પુનઃ દ્રઢ શ્રદ્ધા ધારણ કરી. તે પોતાના મનમાંજ કહેવા લાગ્યો કે "હું પ્રભૂને ઉપાલંભ આપી શા માટે દુષિત થાઉં છું. ? કેમકે પ્રકાશનો ખરો અનુભવ અમાવાસ્યાની ઘોર રાત્રી પછીજ થાય છે. દુઃખ અને વિપત્તીજ સ્વર્ગના સુખની અપેક્ષા કરાવનાર, અને ખરી મર્દાનગી બક્ષાવનાર છે. માટે તે કરુણાસીંધુ

જે કાંઇ કરે છે તે મ્હારા ભલાને માટેજ કરે છે. સોની સોનાને માટે શું કરે છે? તેને અગ્નિમાં નાખી તપાવે છે. હથોડા વતી ટીપે છે. કસોટીપર ચડાવી ઘસે છે. શું ત્યારે તે સોની સોના ઉપર સંકટ વરસાવે છે? નહિજ. એ પ્રમાણે કરી તેનો કિંમતી દાગીનો બનાવે છે. કે જે દાગીનો મનુષ્યના શરીરનો કિંમતી અલંકાર થઇ પડે છે. પરમાત્મા મ્હારી પણ તેવીજ કસોટી કરે છે." એ પ્રમાણે વિચાર કરી તે પોતાના મનને શાન્તવન આપે છે.

પ્રકરણ ૩૯ મું.

અનાથનો નાથ.

એક બાળકને ઉછેરવામાં પડતી અસંખ્યાત મુસ્કેલીઓ, અને વિપત્તીઓ સહન કરવાનું સામર્થ્ય અવસ્ય કરીને માતાઓને પ્રાપ્ત થયેલું હોય છે. તેમનું પોષણ કરવું, રક્ષણ કરવું, મળમૂત્ર ઉઠાવવાં, હરેક રીત્યે તેમને રીઝવવાં એ સઘળું માતાઓ જ નૈસર્ગીક રીત્યે કરી શકે છે. પુરૂષોને તે કાર્ય દુઃસાધ્ય થઇ પડે છે. પુરૂષોને બાળકો ઉછેરવાની વેદના પુર્વના પાપકર્મોની શિક્ષારૂપ હોય છે.

સત્યસીંહ તેવી જ શિક્ષાને ભોગ થઇ પડયો હતો. વિશેષમાં તેનું આરબ્ધ પણ હાલ પ્રતિકૂળ હતું. જેમ એક નિર્ભાગી મનુષ્ય કોઇને ત્યાં દુધ લેવા જાય ત્યારે તેની ભેંશ મર્ણ પામે. અને દીવો કરવા જાય તેનું ઘર બળી જાય, તેમ સત્યસીંહને માટે હતું. એક ન્હાના બાળકને સાથે લઇ જ્યાં ત્યાં ફરવું-વારંવાર રડે ત્યારે છાનું રાખવું-ક્ષુધા લાગે ત્યારે દુધ પાવું-તૃષા લાગે ત્યારે પાણી પાવું—ઉદર નિર્વાહને માટે મજુરી કરવી- એ સર્વ કામો હવે સત્યસીંહ એકલાનેજ કરવાનાં હતાં. સૌથી વિશેષ મુસ્કેલી બાળકના પોષણમાટે હતી. તેને કોઇ ધવડાવનાર મળતું નહતું. અન્ય બાળકોના પોષણને માટે તેમની માતાઓના સ્તનમાં જગતનિયંતાએ પેદા કરેલ પયમાંથી હિસ્સો આપવાની ઉદારતા તેમનાં બચ્ચાંઓને ઉછેરવાના પ્યાર આગળ લય પામતી હતી. દુધ મેળવવામાં પણ અનેક વિઘ્નો આવી

પડતાં હતાં જેમ તેમ કેટલાક દિવસો તો તેણે વ્યતીત કર્યા પણ હવે તે બાળકને ઉછેરવું ઘણું કઠિન લાગ્યું. કેમકે પ્રતિદીન તે દુર્બળ થતું જતું હતું. સત્યસીંહે નિરૂપાય થઈ અન્ય માતાના સ્વાધિનમાં તે બાળકને સોંપવા વિચાર કર્યો. તે બાળક ઉપરનો સર્વ હક ઉઠાવી લેવા તૈયાર થયો. ઘણી સ્ત્રીઓને પ્રાર્થના કરી, અનેકનાં અપમાન સહન કર્યાં. પણ એવી કોઈ દયાળુ સ્ત્રી મળી આવી નહિ કે જે એક નિરાધાર બાળકને આશ્રય આપવા, પ્રાણ દાન આપવા તત્પર હોય. સત્યસીંહે પોતાની દ્રષ્ટિએ અસંખ્યાત શ્રીમંતો જોયા કે જેઓ ગાડી લાડી અને વાડીમાં નિરંતર મોજ માણતા હતા, પણ ગરીબોના દુઃખનું તેમને સ્વપ્નું નહતું. કેટલાક એવા અંધશ્રદ્ધાળુ હતા કે જેઓ પર-ભવમાં હજારગણું ફળ મળવાની આશાએ, શરીરે ખાખ ચોળી આંકેલા સાંઢની પેઠે અલમસ્ત થઈ ફરનારા, ગાંજાવડે ચક્ષુઓને રક્તપૂર્ણ કર-નારા પાખંડી સાધુઓને મિષ્ટાન્ન જમાડવામાં, અને ષટ્કર્મથી વિમુખ ટીલાંટપકાં કરનાર બ્રાહ્મણોને સંતોષવામાં હજારો રૂપીઆ દાન કરતા હતા પરંતુ નિષ્કામવૃત્તિથી અને નિઃસ્વાર્થ બુદ્ધિથી અનાથ, નિરાધાર માતાવિનાના બાળકોને આશ્રય આપવામાં પોતાનું કર્ત્તવ્ય સમજતા હોય એવા દયાળુ મનુષ્યો સત્યસીંહને મળી આવ્યા નહિ. સત્યસીંહે એવી સંખ્યાબંધ સ્ત્રીઓ જોઈ કે જેઓ કમ્મરે કોથળીઓ ઘાલી, પોતાના સ્વામિને શય્યામાં સુતેલો રાખી, દેવદર્શન નિમિત્તે દોડાદોડી કરતી હતી, પણ જ્યારે સત્યસીંહે તેમને એક બાળકને આશ્રય આ-પવાની પ્રાર્થના કરી ત્યારે તેઓ તે પ્રાર્થના સાંભળવાની દરકાર કર-વાને પણ ઉભી રહી નહિ. આથી સત્યસીંહને આ દુનિયા સ્વાર્થાન્ધ માલુમ પડી. વળી તેણે એવા અનેક અનાથોને દ્રષ્ટિ-ગોચર કર્યા કે જેઓ એક રોટલીના નાના ટુકડા માટે ટળવળતા હતા. અને જેઓ શ્રીમંતોની મ્હોટી હવેલીઓ પાસે, અને દેવને ભોગ ધરવા નીમીત્ત હજારો રૂપીઆની સ્વાદીષ્ટ સામગ્રી બનાવી પરસ્પરમાં વહેંચી લેતા—અને દ્રવ્ય પ્રાપ્તી માટે વેચી દેતા હૃષ્ટપુષ્ટ ભદ્રાઓના નિવાસ-સ્થાનોમાં, અને ધર્માચાર્યોના મંદિરોમાં, અથડાઈ ભુખને માટે હાય વરાળ કાઢતા—થોડું ઘણું મળવાની આશાએ મુખ વિકાસી રહેલા છતાં નિરાશ થતા—કદાવર પ્હેરેગીરોના ધક્કા અને ફટકા ખાતા જો-વામાં આવતા હતા.

સત્યસીંહને એ ચીત્ર જોતાં ઘણું આશ્ચર્ય લાગ્યું. મનુષ્યો પ્રતિની એવી બેદરકારી જોઇ તે નિરાશ થયો. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે "વૈભવમાં લુબ્ધ થયેલા માણસો ગરીબોના દુર્ભાગ્યને એક ગમ્મત માને છે. ખચીત્ત જ્યારે તેમના ઉપર સંકટ આવે છે ત્યારેજ તેમનામાં દયાનો જન્મ થાય છે. તેમના હૃદયની વજ્રતાને સંકટજ કોમળતા અર્પે છે. એશઆરામમાં અંધ થયેલા મનુષ્ય એમ જાણતા નથી કે સુખની પાછળ દુઃખ સરજાયેલું હોય છે. અને તેનું પરીણામ એ આવે છે કે જ્યારે તેઓને દુઃખ પડે છે ત્યારે તેમને દિલાસાની તંગી પડે છે. અને પછી તેમને સમજાય છે કે કુદરતની આગળ તેઓ બીજાઓના જેવાજ છે.

સત્યસીંહના હૃદયમાં પરોપકારની વૃત્તિ જાગ્રત થયેલી હતી, પણ તે પોતે જ હાલ આશ્રય મેળવવાની હાલતમાં આવી પડ્યો હતો અને જેઓની પાસે પરોપકાર કરવાનાં અનેક સાધનો હતાં તેમની તે વૃત્તિ શીથીલ થયેલી હતી. પરમાત્માની આ અકળિત કળા જોઇ સત્યસીંહ વિસ્મીત થયો.

" શું ત્યારે આ અનાથ બાળકના સંરક્ષણ માટે આ જગતમાં સ્થાનજ નથી ? સત્યસીંહના પ્રશ્નનો ઉત્તર કોણ આપે ?

જ્યારે સત્યસીંહની પાસે પુષ્કળ દ્રવ્ય હતું ત્યારે તેને પણ ગરી-બોના દુઃખનું સ્વપ્નું નહોતું. જો સત્યસીંહ એમ જાણતો હોત કે ભવિષ્યમાં એક દિવસ એવો આવનાર છે કે જ્યારે તેને પોતા-ને જ બીજાના આશ્રયની જરૂર પડવાની છે તો જરૂર તે એકાદ અનાથાશ્રમ ઉઘાડ્યા વિના રહેત નહિ. પણ દૈવની ગતિ વિચીત્ર છે. ધન મદમાં અંધ બનેલા શ્રીમંતો જંગલમાં પણ સોનુ પથ-રાયેલું જુએ છે. ભાવિના પડદા પાછળ કોણ ઉભું છે, તેનું તેમને ભાન નથી. અરે ઓ બુદ્ધિવાન શ્રીમંતો ! એક પળને માટે તમારો એશઆરામ દુર કરો અને કૃપા કરી સત્યસીંહના હૃદયનું નિરી-ક્ષણ કરો. તેમાંથી જો કોઇપણ ગ્રહણ કરવાનું મળે તો તે ગ્રહણ કરો, અને તમારા પોતાના ઉપરજ સંકટ આવી પડવાનું એમ માની થઇ શકે તેટલો પરોપકાર કરો. સત્યસીંહ હવે પોતાના પુત્રને લઇ જંગલમાં નિકળ્યો વળી તેને વિચાર થયો કે બાવળ વાવીને આમ્રફળની આશા શા માટે રાખવી. મેં જ્યારે જગતમાં કોઇના ઉપર પણ ઉપકાર

કર્યો નથી ત્યારે મારા ઉપર ઉપકાર કોણ કરે ? મેં જ્યારે જગતમાં કોઇના ઉપર દયા બતાવી નથી ત્યારે મારા ઉપર દયા કોણ દાખવે ?

ખચીત્ત સત્યસીંહે દ્રવ્યથી પરોપકાર કર્યો નહતો પણ વાણીથી પરોપકાર કર્યો હતો. અને તે પરોપકાર હાલ મહાન વૃક્ષના રૂપમાં ફાલી નિકળ્યો હતો.

આપણે જાણીએ છીએ કે સરોવર ઉપર તેને કાળા સીંહની સાથે મુલાકાત થઇ હતી. કાળો સીંહ જો કે તે ક્ષણે મહા જુલમી અને નરપીશાચ જેવો લાગતો હતો; પરંતુ તેનું હૃદય સ્ફટિકમણી જેવું હોવાથી સત્યસીંહનો ઉપદેશ તેને કારગર થઇ પડયો હતો. સત્યસીંહથી છુટા પડયા પછી તેણે પોતાના હૃદયથી ઘણો વિચાર કર્યો હતો અને છેવટે તેણે પોતાની જીંદગીનો કાર્યક્રમ બદલી નાંખ્યો હતો

જે કાળો સીંહ એક વખતે અસંખ્યાત મનુષ્યોનાં ખુન કરતો હતો તે હવે અસંખ્યાત મનુષ્યોને નવું જીવન આપતો હતો. જે કાળો સીંહ એક વખતે આખાં ગામનાં ગામ બાળી નાખી ઉજડ મેદાન કરતો હતો તે હાલમાં અનેક નામોથી નવીન ગામો વસાવતો હતો. જે કાળો સીંહ એક વખતે નરપીચાશ રાક્ષસના નામે ઓળખાતો હતો તે હાલમાં આકાશથી ઉતરી આવેલા દેવને નામે પુજાતો હતો. જે કાળા સીંહનું નામ સાંભળતાં રડતાં બાળકો છાનાં રહેતાં હતાં, તેજ કાળા સીંહની ગોદમાં આજે હજારો અનાથ અને નિરાધાર બાળકો લોટતાં હતાં.

કાળા સીંહે પરોપકારમાં પોતાનો જન્મ વ્યતિત કરવાનો નિશ્ચય કર્યો હતો. જે જંગલની ગુપ્ત ગુફાઓમાં તે રહેતો હતો તેજ જંગલના જંગલી ભીલોને પ્રથમ તેણે ખેતીનાં ઉદ્યોગ તરફ વાળ્યા. ડુંગરોમાંથી ચાલતા પાણીના પ્રવાહ તેણે નહેરના સ્વરૂપમાં ફેરવી નાંખ્યા. અને લુંટફાટ કરતા ભીલોને હજારો રૂપીઆની વાર્ષીક પેદાશ કરતા બનાવ્યા. તેમના બાળકોના શિક્ષણ માટે શાળાઓ સ્થાપી શારીરિક કેળવણી માટે કુસ્તીના અખાડા સ્થાપ્યા. માબાપ વિનાના બાળકોને ઉછેરવાનું કાર્ય પોતે હાથમાં લીધું. અને પોતાની પાસે જે અઢળક દ્રવ્ય એકત્ર થયું હતું, તે પ્રસ્તુત કાર્યોમાં ખર્ચ કરવા માંડયું. હજારો બાળક અને બાળકીઓનો તેણે ઉદ્ધાર કર્યો એક પશુની હાલતમાંથી તેમને મનુષ્યની પંક્તિમાં આણ્યાં. આ સઘળું સત્યસીંહના ઉપદેશનું પરીણામ હતું.

સત્યસીંહ નોહતો જાણતો કે ઘણી મુદતથી નબળા કામો માટે ટેવાલયો સીંહ એક પળના ઉપદેશથી આવી પુન્ય બુદ્ધિવાળો થશે. સત્યસીંહ નોહતો જાણતો કે તે ઉપદેશના પરીણામ રૂપે ઉત્પન્ન થયેલા વૃક્ષ નીચે તેને પોતાનેજ આશ્રય મેળવવો પડશે. પણ ઇશ્વરની ઇચ્છા બલવાન છે.

સત્યસીંહ જંગલમાં આવ્યો ત્યારે જેમ જંગલમાં ઉત્પન્ન થયેલ સુગંધિત વૃક્ષોની સુવાસ એની મેળે સત્યસીંહની ઘ્રાણેન્દ્રિય સમક્ષ આવી ઉભી રહી તેજ પ્રમાણે કાળા સીંહની સુકીર્તિ પણ તેના સાંભળવામાં આવી. અને તેજ વેળાએ સત્યસીંહ કાળા સીંહના ચરણમાં મસ્તક નમાવવાના ઉદ્દેશથી તેની પાસે ગયો.

પ્રિય પાઠક ! ચાલો આપણે ત્યાંજ જઇએ, કે જે પ્રદેશ હાલ ઘણો સુંદર અને શોભામય થયો છે. જ્યાં આનંદપૂર્ણ મનોહર વૃક્ષો ઉપર મિષ્ટ ફળો ઝુકી રહ્યાં છે. જ્યાં મીઠાં મધુર ઝરણો વહિ રહ્યાં છે. પાસે એક વિસ્તારવાળુ સપાટ ક્ષેત્ર છે. કે જે ક્ષેત્ર અનેક વૃક્ષો અને વેલાઓની ગુંથણીથી કુંજભુવનસમ કુદરતીરીતે બની ગયું છે. ચંપક, કદબ, જાઇ, ગુલાબ, વગેરે ફુલ ઝાડો આનંદથી ડોલી જગતને ડોલાવી રહ્યાં છે. પુષ્પો હસે છે. સુગંધી વર્તાવે છે. સમીપમાં મયુર મયુરી નૃત્ય કરેછે. હરણના બચ્ચાં ઠેકા ઠેક કરેછે. કુંજે કુંજે કોયલો કુંજી રહી છે. મેનાં પોપટ ઉડેછે, બેસેછે. પાછાં ઉડે છે. કોઇને પણ બીક નથી તમામ પશુ પંખી શાન્ત પ્રસન્ન અને ક્રીડાશીલ છે. કેમકે હાલ કાળો સીંહ મહાન શીકારી નથી, પણ પર્વતનો દેવતા છે.

કાળા સિંહની મુખમુદ્રા પર હાલ દયાનો પ્રભાવ છે કાળા સીંહની ચક્ષુઓમાંથી હાલ અમૃતનું ઝરણુ વહે છે. તેના મુખમાંથી પરોપકારનો વરસાદ વરસે છે. સેંકડો બાળક કાળા સીંહની કોટે વળગેલાં છે. સેંકડો પુષ્પ કાળા સીંહની સમક્ષ કલ્લોલ કરી રહ્યાં છે.

સત્યસીંહને દ્રષ્ટિએ દેખતાંજ કાળો સીંહ આનંદમાં નિમગ્ન થાય છે સત્યસીંહને તે ઘણા વહાલથી ભેટી પડે છે. કાળા સિંહની ઉદારવૃત્તિ જોઇ સત્યસીંહની આંખમાંથી પ્રેમનાં આંસુ સ્રવેછે. જાણે હજારો વર્ષથી વિયોગી થયેલ પોતાનો સહોદર મળ્યો હોય તેટલો તેને વ્હાલ ઉત્પન્ન થાય છે.

કાળાસીંહ, સત્યસીંહના કુટુંબનું આરોગ્ય પૂછે છે. સત્યસીંહ ઉત્તરમાં સઘળો વૃતાન્ત કહી સંભળાવે છે અને છેવટે પોતાના બાલ્ય પુત્રને કાળાસીંહના ચર્ણમાં સોંપે છે.

સત્યસીંહનું વૃતાન્ત સાંભળતાં કાળાસીંહને શોક થાય છે. ત્યાર પછી તે સત્યસીંહને યથાશક્તિ આશ્વાસન આપે છે અને ભાવી જીંદગી આશ્રમમાં વ્યતિત કરવાની પ્રાર્થના કરે છે.

સત્યસીંહ તેનો ઉત્તર આપતાં કહે છે,—"ભલા મિત્ર ! આપની પરોપકાર વૃત્તિ, સારા વિચારો, અને હાલની જીંદગીનું પરિવર્તન કોટિશઃ ધન્યવાદને પાત્ર છે. વળી આપ મારા બાલ્યપુત્રના સંરક્ષણનો ભાર વહન કરવાનું સ્વિકારો છો એ મ્હારા ઉપર મહદ્ ઉપકાર છે. માટે આપ મને આજ્ઞા આપો હું મ્હારા આત્મકલ્યાણ માટે પ્રવૃત્ત થાઉં.

કાળાસીંહે કહ્યું—હું આજ્ઞાનો દાસ છું. આપ આપની મરજીના મુખત્યાર છો. આપનો પુત્ર એ મ્હારો પોતાનોજ પુત્ર છે. હવે તેના સંરક્ષણ માટેની આપે કાંઇ પણ ચીંતા કરવી નહિ.

સત્યસીંહે પોતાના પુત્રને કાળાસીંહના હાથમાં સોંપ્યો. કાળાસીંહે તેને પોતાની છાતી સાથે દબાવી વ્હાલથી ચુંબન કર્યું. ઘણા સહવાસથી બાળક અને સત્યસીંહ વચ્ચે કુદરતી પ્યારનું અનુસંધાન થયું હતું, તેથી સત્યસીંહના હાથમાંથી છુટું પડનાર બાળક દયાજન્ય દ્રષ્ટિથી સત્યસીંહ સન્મુખ જોઈ રહ્યું. સત્યસીંહના હૃદયપર પણ એક વાર પ્રેમનું અને પછી દુઃખનું મોજું ઉછળી આવ્યું. એક બાળકનામાં પણ પરમાત્માએ કેવી આકર્ષક શક્તિ અને નિર્દોષ વાત્સલ્યતા મુકેલી છે તેનું સત્યસીંહને જ્ઞાન થયું. પણ હવે તે બાળકને પોતાનાથી વિખુટો પાડયા વિના છુટકો નહતો. તેથી બાળક પ્રત્યે ઉભરાતા પ્યારને, ઉત્પન્ન થતા દુઃખને—મનોબળથી દબાવી સત્યસીંહે પોતાના પુત્રને વ્હાલથી છેવટનું ચુંબન કર્યું, અને ગદ્‌ગદ્ કંઠે કહ્યું,—બેટા તું સુખી રહેજે. અરે ! આવો શુષ્ક આશીર્વાદ આપવા ઉપરાંત હાલ હું કાંઇ કરી શકું તેમ નથી. બેટા ! જ્યારે મ્હારી પાછળ આકાશ, અને પાતાળ બન્ને વૈર લઇનેજ ઉભાં છે ત્યારેજ તને મૂકીને ચાલ્યો જાઉં છું. ભલા મિત્ર કાળાસીંહ ! જ્યારે એક હલકી કિંમતના

નિર્જીવ રમકડાને ફેંકી દેતાં મનુષ્યનું દિલ દુઃખાય છે, ત્યારે મ્હારા પ્રારબ્ધમાં આવું એક સુંદર બાળક મારી છાતી આગળથી દૂર કરવાનું સરજાયું છે. ”

સત્યસીંહના આલ્હાદક ચુંબનથી તે મુંગું બાળક ખડખડ હસે છે, પણ તેનું નિર્દોષ હસવું, સત્યસીંહના હૃદયને કેટલું વ્યથિત કરે છે તે તે બિચારૂં નિર્દોષ બાળક જાણતું નથી. જાણતું નથી તેજ સારૂંજ છે.

સત્યસીંહ તે બાળકને તજી દઇ ખીન્ન હૃદયે ચાલતો થાય છે સત્યસીંહને જતો દેખી હંમેશ તેના ઉછરંગમાં રમતું, ખેલતું, આનંદ કરતું બાળક રડે છે, કલ્પાન્ત કરે છે. સત્યસીંહ વ્યથિત હૃદયે પાછો ફરે છે. સત્યસીંહની આંખમાંથી કેટલાંક અશ્રુ સરી પડે છે. પુનઃ તે બાળક પ્રતિ વ્હાલ બતાવતાં કહે છે. બેટા! હવે રડશો નહિ. તમને રડતાં છાનાં રાખવાનો મારો અધિકાર નષ્ટ થયો છે. હું હવે માત્ર ત્હારાથીજ છુટો થાઉં છું એમ નથી. આખા સંસારથી છુટો થાઉં છું. જે પોતાની માતૃભુમિથી—પોતાના દેશથી—પોતાના ગામથી—કુટુંબથી—સગાં સંબંધીથી અને મિત્રોથી વિખુટો પડયો છે. તે હવે હંમેશને માટે સર્વથી વિખુટો થનાર છે. હવે તેને કોઇ પ્રતિબંધમાં રાખી શકે તેમ નથી. સંસારમાં સમયનીજ કિંમત છે એક સમય એવો પણ હતો કે સંતાનની પ્રાપ્તિ માટે હું નિરંતર પરમાત્માની પ્રાર્થના કરતો હતો. આજે એવો પણ સમય છે કે હાથમાંના સંતાનને તજી દઇ ચાલ્યા જવું પડે છે. એમ કહેતાંજ તે કાળાસીંહને છેવટના પ્રણામ કરી ચાલતો થયો.

પ્રકરણ ૩૯ મું.

ચિત્રમય જગત.

સત્યસીંહનું હવે જગતમાં કોઇ નથી. છતાં આશ્ચર્ય એ છે કે હજુ પણ તે ધૈર્યશીલ છે. તે પોતાને હવે સ્વતંત્ર, અને સુખી સમજે છે. “ ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ. ” એ અર્થસૂચક કાવ્યનું તેને વારંવાર સ્મરણ થાય છે. તે પરમાત્માની

પ્રાર્થના કરે છે કે " હે દીનદયાળ ! બાહ્યદ્રષ્ટિથી જાણે મને અત્યંત દુઃખ પડયું હોય એમ દુનિયા માને છે, પણ વાસ્તવિક રીતે તો હું ત્હારી સમીપમાં આવેલો છું. ત્હારૂં પ્રિય નામ કે જે એક પળને માટે પણ મને યાદ આવતું નહતું તે હવે પ્રતિપળે યાદ આવે છે. દુઃખમા પણ કેવું ગર્ભીત સુખ—કેવો છુપો આનંદ—અને અલભ્ય લાભ સમાયેલા છે. તેની હવે મને પ્રતીતિ થાય છે.

સુખ અને દુઃખ સરખાં માનવાનો મહાન્ મંત્ર હજુ પણ સત્યસીંહ યાદ કરે છે, અને તે મંત્ર આપનાર પૂજ્ય માહાત્માને શોધી કાઢી તેમની સેવા અને સત્સંગમાં જીંદગી પુરી કરવાનો નિશ્ચય કરે છે. અને તે સંકલ્પની સિદ્ધિ અર્થે પર્યટન કરવા તે જંગલમાં વિચરે છે.

અનેક શહેરો, જંગલો, પર્વતો, અને ગુફાઓમાં પર્યટન કરી સત્યસીંહ મહાત્માની તપાસ કરે છે પણ મહાત્માનો પત્તો મળતો નથી. ગુફામાં સુતેલા સિંહથી સત્યસીંહ રતિમાત્ર ભય પામતો નથી. સત્યસીંહ હવે નિર્ભય છે. ભય એ વસ્તુજ હવે તેનાંથી દુર છે. સત્યસીંહ મૃત્યુને પણ આવકારદાયક, અને નિર્માણ થએલી વસ્તુ માને છે.

સત્યસીંહના તનમાં, મનમાં અને આત્મામાં મહાત્માનુંજ સ્મરણ છે. સત્યસીંહ માનસિક બળથી સંકલ્પ સિદ્ધિનાં આન્દોલન પ્રકટાવી આંતરિક ઇચ્છાનો સંદેશો મહાત્માને પહોંચાડવા યત્ન કરે છે, પણ હજુ મહાત્માનો મેળાપ તેને થઇ શકતો નથી.

સત્યસીંહના હૃદયમાં હવે બે પ્રકારની ભાવનાઓ જન્મ પામી છે. એક તો સન્યાસીને શોધી કાઢી તેમની સેવામાં જીવન અર્પણ કરવું, અથવા તો મિથ્યા જીંદગીનો અન્ત આણવો.

મહાત્માની શોધ માટે પર્યટન કરતાં સત્યસીંહને અનેક નામધારી સાધુઓનો સમાગમ થાય છે કે જેમની જીંદગી તેમના પોતાને માટેજ નહિ પણ આખા દેશને માટે શ્રાપરૂપ અને બોજારૂપ છે. જેઓ પૂર્વાશ્રમમાં એક ગરીબ ભિક્ષુક હતા, અને ન્હાની સરખી ઝુંપડીમાં રહેતા હતા, તેઓ હવે સંસારથી વિરક્ત થયા પછી વિશાળ મઠ બાંધી રહે છે. જેમને ઘેર પ્રથમ દુધ આપનારી ન્હાની સરખી બકરી પણ નહતી, તેઓએ આજે સંસાર છોડયા પછી ભરવાડની પેઠે પશુઓનું ટોળું એકત્ર કરેલું છે. પ્રથમ સંતતિનો અભાવ હતો, હવે

પુત્રને સ્થાને અનેક શિષ્યો એકત્ર કર્યા છે. પૂર્વાશ્રમમાં ભાગ્યે જ કોદરા બંટીનો સુકો અને લુખો રોટલો મળતો હતો, હવે પ્રાત:કાળમાં સ્વાદીષ્ટ દુધ, મધ્યાન્હે મીષ્ટાન્ન, અને સાયંકાળે ભાંગ પીવા મળે છે. પહેલાં ગાંજો પીતાં લોકો ગંજેરી કહેતા હતા, હવે મહાદેવની બુટ્ટીના નામે તે પ્રસિદ્ધપણે ફુંકી શકાય છે. પૂર્વાશ્રમમાં કોઇ તેમનો હિસાબ ગણતું નહતું, આજે હજારો મનુષ્ય હાથ જોડી પગમાં પડે છે. પહેલાં ગમ્મત રમત જોવાનું ભાગ્યે જ બની શકતું હતું, હવે ધર્મના પડદા નીચે અનેક પ્રકારના ખેલ તમાશા થઇ શકે છે—રંગરાગ ઉડી શકે છે. સત્યસીંહને સાધુઓની આવી નીતિ રીતિથી અત્યંત દીલગીરી પેદા થઈ. કારણકે સંસારથી તેમનું વિરક્ત થવું માત્ર નામનું જ હતું. વાસ્તવિકરીતે તેઓ એક ગૃહસ્થાશ્રમી કરતાં વધારે વૈભવી, અને સંસારની જંજાળમાં ગુંથાયેલા હતા. સત્યસીંહને તેવા સાધુઓ પ્રત્યે અભાવ ઉત્પન્ન થયો. વાસ્તવ તો તેને આખા સંસાર પ્રત્યે ધીઃકાર ઉત્પન્ન થયો હતો, કેમકે રાજાઓ પોતાના રાજ્ય ધર્મથી વિમુખ જણાતા હતા, પ્રજા કર્તવ્યભ્રષ્ટ ભાસતી હતી, અનેક પ્રકારના છળ પ્રપંચ, ઠગાઈ, વિશ્વાસઘાત અને અસત્યાચરણ એ જ સ્થળે સ્થળે જોવામાં આવતું હતું, અનેક પ્રકારના મતમતાન્તરો, પરસ્પરમાં કુસંપ, પિતા પુત્ર વચ્ચે વૈર, ભાઇભાઇ વચ્ચે વિશ્વાસઘાત, પુત્રિઓનું વેચાણ, બ્રહ્મચર્યનો અભાવ, વિષયવાસનાની વૃદ્ધિ, અનેક જાતનો અનાચાર, ગરીબોની પાયમાલી, મ્હોટાઓનો ગર્વ, પાખંડીનો પ્રચાર, આચાર્યની અનીતિ, વ્યાપારમાં દગો, ન્યાયમાં પક્ષપાત, ધર્મમાં અંધાધુની, ભકિતમાં અંધશ્રદ્ધા, અપાત્રે દાન, અનેક જાતના વ્હેમો, વગેરે વગેરે દુરાચારો દ્રષ્ટિએ પડતા હતા. ઉન્નતિના શિખર પર પહોંચેલો આર્યાવર્ત અવનતિના ગાઢ અંધકારભણી ઉતરતો હતો. જ્યાં ત્યાં સ્વાર્થની જ બાજી ખેલાતી હતી. ધર્મને નામે અસંખ્ય જીવોની હિંસા થતી હતી, કરોડો રૂપીયાનું દ્રવ્ય લુંટાતું હતું, ધર્મને નામે ધર્માચાર્યોની લુંટ, રક્ષણને નામે રાજાઓની લુંટ, વ્હેમને નામે પાખંડીઓની લુંટ, વેપારને નામે વૈશ્યોની લુંટ, જંગલમાં ભીલ અને ઠગ લોકોની લુંટ એજ હમેશનો જનસમાજનો કાર્યક્રમ પ્રતિત થતો હતો. સંપત્તિમાં એક સ્થળે પુરાઇ રહેલા સત્યસીંહને વિપત્તિમાં જ પર્યટનને લીધે સત્ય અનુભવ થયો. સંસારની વિચિત્રતા જોઇ તે

પોતાના મનમાં મુંઝાયો—ત્રાસ પામ્યો પછી તે પોતાના મનમાં જ કહેવા લાગ્યો:—

ગઝલ.

છે આ સંસાર કે સમશાન, છે શું તે ન સમજાતું;
નગર છે આ કે ભુતાલય, ન બુદ્ધિથી નક્કી થાતું.
મનુષ્યો છે કે દૈત્યો છે, આ વૈભવ છે કે સ્વપ્નું છે;
દીસે આ મહેલ મંદીરો, અરે કે પાપખાનું છે.
વહે છે પાણી સરિતામાં, અરે ના એ રૂધિર વહે છે;
થઇ શું મેઘની વૃષ્ટિ, નહિ એ આંસુ વરસે છે.
હતી જ્યાં ગૌતણી શાળા. દીસે છે ત્યાં કતલખાનાં;
ભણાતા વેદના મંત્રો, ગવાતાં ગીત નિંદાનાં.
હતી જ્યાં રોશની ઉજ્વળ, સુવિદ્યાની સકળ સ્થાને;
બળે ત્યાં આગના ભડકા, જણાવે દ્વેષ ઇર્ષાને.
ન'તી વ્યાધિ ઉપાધી જ્યાં, કરોડો છે દવાખાનાં;
હતી સ્ત્રીઓ શીયળવંતિ, વંધ્યા ગૃહ ત્યાં ગણિકાનાં.
હતો જ્યાં ધર્મ ને પરમાર્થ, ત્યાં છે સ્વાર્થ ઘાતકતા;
હતું જ્યાં સત્ય ને નીતિ, વધી બહુ ક્રૂર પાતકના.
છે આ સંસાર૦

ગીત પુરૂં થયું. પ્રત્યુત્તરમાં જ એક કાવ્ય સંભળાયું.

" સુખી થાય તે સંસારમાં,
સંકષ્ટથી ક્ષણુ ના ડરે. "

જંગલને ગજાવનાર કાવ્યનો ઘોર ધ્વનિ સત્યસિંહના કાનસાથે અથડાયો. અવાજ તરફ ધ્યાન આપ્યું. સામેથી એક ભગવાં વસ્ત્ર ધારણ કરેલા હૃષ્ટપુષ્ટ લાંબા પહોળા શરીરવાળા, સન્યાસીને આવતા જોયા. શું આ તેજ મહાત્મા ?" નહિ. એ તો વળી જૂદું જ કાવ્ય બોલતા હતા.

સન્યાસી સમીપ આવ્યા. ગંભીર મુખમુદ્રા, તેજસ્વી લલાટ સર્વાંગે વિભૂતિ, અને ભવ્ય શરીર જોઇ સત્યસિંહે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

સન્યાસીએ પૃછયું,—" કેમ વત્સ ! શું વિચારે છે ?

સત્યસિંહે સવિનય ઉત્તર આપ્યો.—" કંઇ નહિ. દેવ ! વિધાત્રીના ભંડારમાં ભરી રાખેલી સઘળી નિર્દયતા, મારા નબળા, દુઃખી અને કોમળ હૃદયપર વરસવા માંડી છે, તેથી હૃદયમાં ઉભરાતી ઉર્મીઓને સંગીતદ્વારા બહાર પ્રદર્શીત કરૂં છું.

સન્યાસીએ આશ્વાસન આપતાં કહ્યું,—" સહન કર ! સહન કર ! સહનશીલતાના પવિત્ર તંત્ર નાશ ન પામે તેમ કર. વિપત્તિજ માણુસની પરિક્ષાનું સાધન છે. વિપત્તિ જ મનુષ્યના સદ્દગુણોનું સાચું ધન છે. જો મનુષ્યનું હિંમતવાન મન છે, તો પરમાત્મા હમેશ તેના પર પ્રસન્ન છે. તું ધર્મશીલ છે માટે ધર્મ ત્હારો મદદગાર છે.

વત્સ ! ત્હારૂં કાવ્ય સાંભળતાં તને સંસારપરત્વે કંટાળો ઉત્પન્ન થયો હોય એમ લાગે છે.

સત્યસિંહે કહ્યું,—" હા, દેવ ! સંસાર મિથ્યા છે. એક સ્વપ્નું છે–દુઃખનો સાગર છે. મૂર્ખ મનુષ્યો તેની મિથ્યા જાળમાં ફસાઇ મારૂં ત્હારૂં કરતા જીવનને વ્યર્થ ગુમાવે છે. એવી હવે મ્હારી દૃઢ ખાત્રી થઇ છે.

સન્યાસીએ દૃઢ અવાજથી કહ્યું,—" નહિ, નહિ, હજુ પણુ તું ભૂલે છે. સંસારને મિથ્યા કહેનારાઓનું કથન જ મિથ્યા છે. કેમકે જો સંસારનો કર્તા સત્ય છે, તો તેની બનાવેલી વસ્તુઓ પણુ સત્ય છે. સંસારમાં જેનો અભાવ છે તેનું સ્વપ્ન કદી પણુ હોતુ નથી. ત્હારા કથન મુજબ સંસારની અધોગતિ થયાની વાર્તા સત્ય છે પણુ જે સંસારને તું દુઃખનો સાગર માને છે, તે જ સંસારમાં સ્વર્ગે પહોચવાની સુખરૂપ શ્રેણી પણુ છે. ફળની આસક્તિ રાખ્યા વિના નિષ્કામ વૃતિથી નિઃસ્વાર્થપણે સ્વકર્તવ્યપરાયણુ થવા જે મનુષ્યો નિયમીત આશ્રમ ધર્મ પાળે છે તેમનાથી દુઃખ હમેશાં દુર રહે છે, તેવાઓને માટે આ સંસાર દુઃખનો સાગર છે જ નહિ. જગત્‌નાં અન્ય મનુષ્યો જેને દુઃખ માને છે તેમાંથી પણુ આદર્શજીવન વ્યતિત કરનારાઓ સુખને શોધી લેછે.

સત્યસીંહ—પ્રભુ ! જયારે પ્રારબ્ધ પ્રતિકુળ હોય છે ત્યારે કર્ત્તવ્યપરાયણુ થવાનો પ્રયત્ન વૃથા છે કેમકે કાર્યસીદ્ધિનો મુખ્ય આધાર પ્રારબ્ધ ઉપર છે.

સંન્યાસી—વત્સ ! માત્ર પ્રારબ્ધપર નહિ પણ પ્રારબ્ધ અને પુરૂષાર્થ ઉભયપર છે. જો સંકલ્પ દૃઢ હોય, અને આશા નિશ્ચય, સાહસ, આસ્થા, તથા ભક્તિ સાથે તેની સાધના કરવામાં આવે તો નિર્વિવાદ પ્રયાસના પ્રમાણમાં તે સિદ્ધિ મેળવી શકે. પોતાની જાતિને પોતાના દેશને, અને પોતાના આત્માને ઉન્નત સ્થીતિપર પહોચાડી શકે.

સત્યસીંહ મહાત્મા ! વર્તમાનકાળે આર્યાવર્તમાં થયેલું પરીવર્તન દ્રષ્ટિગોચર કરતાં એક મનુષ્યથી કે એક વ્યક્તિથી તેવી ઉન્નતિ થવી અશકય છે.—અસાધ્ય છે.

સંન્યાસી—તેવી કલ્પના ભીરૂતામાંથી જન્મ પામે છે કેમકે મનુષ્યોને પોતાના આત્માના સામર્થ્યનું જ્ઞાન નથી તેથીજ તે એમ ધારે છે. પૂર્વે એક વ્યક્તિએજ નહિ પણ એક મનુષ્યે પોતાની બુદ્ધિથી, પોતાના જ્ઞાનથી અને પોતાના બળથી આ ભારતવર્ષને હલમલાવી નાખ્યું હતું. જેના અનેક દ્રષ્ટાન્તો ઇતિહાસોમાં અને પ્રાચિન ગ્રન્થોમાં સન્માનિત સ્થાન મેળવે છે. જેને આત્મશક્તિનું જ્ઞાન નથી, તેમજ કલ્પના પણ નથી અને કલ્પના હોય તો સંકલ્પો દૃઢ હોતા નથી, સંકલ્પ દૃઢ હોય તો આસ્થા નિશ્ચય કે હિંમત હોતી નથી તેઓ કદી પણ કાર્યસિદ્ધિ મેળવી શકતા નથી.

સત્યસીંહે કહ્યું, પ્રભૂ ! આપના વચનપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. હવે મ્હારે માટે તે સદુપદેશ સર્વથા નિરર્થક છે. મ્હારી ઇચ્છા જીવનાન્ત પર્યંત આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી પ્રભૂ ભક્તિમાં સમય વ્યતિત કરવાની છે. ભલે સંસાર સુખરૂપ હો યા દુ:ખરૂપ હો. હવે મ્હારો તેની સાથે કાંઇ સંબંધ નથી. હું તેનાથી હંમેશને માટે વિરક્ત થવા ઇચ્છું છું. હું કાલ્પનિક સુખને માટે ખરૂં સુખ તજી દઇશ નહિ. અને જેમાંથી મુક્ત થવામાં ખરૂં સુખ રહેલું છે તેવાં દુર્ભાગ્યો હવે હું ખરીદી લઇશ નહિ.

સંન્યાસીએ કહ્યું—“ જીવન પર્યંત કોઇ મનુષ્ય સંસારનો સંબંધ છોડી શકતો નથી. તું જે જ્ઞાન મેળવવા ચ્હાય છે, તે સંસારમાં રહીનેજ મેળવી શકાશે; અને તું જે પરમાત્માની ભક્તિ કરવા ચાહે છે તે માત્ર પરમાત્માના નામની માળા ફેરવવાથીજ નહિ, પણ પરમાત્માની આજ્ઞાઓનો અમલ કરવાથીજ થઇ શકે છે. મનુષ્ય જાતિના હિત કરતાં તમારા પોતાના હિતને વધારે પસંદ કરવાને માટે એકલપેટું

તત્વજ્ઞાન નિરંકુશ ભોગવવું, અને મનુષ્ય જાતિને સુખ આપવા કરતાં તમારે પોતેજ નિરાંત મેળવવાનું વધારે પસંદ કરવું શું યોગ્ય છે કે? નહિજ. માટે વત્સ ઐશ્વરિય ગુણોનું અવલંબન કરી વિપત્તિમાં મળેલા ડહાપણથી પ્રાણિમાત્રનું ભલું કરવા તત્પર થા. કાયરતાથી કંટાળેલો ઉદ્યમ કરવાને અસમર્થ, અન્ન વિના ભૂખે મરતો, અને જગત્‌માં પૂજાવાની લાલસાવાળો મનુષ્ય સંસારથી વિરક્ત થવાનું કહે તો તેનું વિરક્ત થવું ફાટી ગયેલા દુધ જેવું છે.

સત્યસીંહ—દેવ ! આપની વિદ્વતાને માટે જો કે મને અતિશય માન છે તથાપિ પ્રત્યેક મહાત્માની ભિન્નભિન્ન પ્રકારની માન્યતાઓથી મનુષ્યનું મગજ ભ્રમિત થાય છે.

સંન્યાસી—આશય સમજવાની આશક્તિથી તેમ કદાચ થતું હશે.

સત્યસીંહ—હું જે મહાત્માને મ્હારા ઈષ્ટ ગુરૂ માનું છું અને જેમના સદુપદેશથી હું સંસારની અનેક આફતો સામે ટકી શકયો છું અને હાલ પણ હું જેમની શોધમાંજ ભ્રમણ કરૂં છું તેમની માન્યતા આપના કરતાં વિલક્ષણ હતી.

સંન્યાસી—કેવી રીતે !

સત્યસીંહ—તેઓ વારંવાર એક એવું કાવ્ય કહેતા હતા કેઃ—

" નહિ જગતમાં સુખીયો મળે, દુઃખી સર્વ આ સંસારમાં,
રાજા દુઃખી, રૈયત દુઃખી, સૌ જન દુઃખી જગદ્વારમાં;
બાળક દુઃખી, યુવક દુઃખી, વૃદ્ધો દુઃખી નરનારમાં,
નિર્ધન અને ધનવાન સર્વે દગ્ધ દુઃખ અંગારમાં. "

સંન્યાસી—સત્યસીંહ ! તેં મને ઓળખ્યો નથી તે સંન્યાસી હું પોતેજ છું.

સત્યસીંહે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. દીર્ઘ સમય ગુરૂચરણુમાંજ પડી રહ્યો. મહાત્માએ તેને હાથ પકડી ઉભો કર્યો સત્યસીંહની આંખમાં આંસુ હતાં.

સંન્યાસી—સત્યસીંહ ! ત્હારી ધૈર્યતાને ધન્ય છે.

સત્યસીંહ—પ્રભુ ! મ્હારામાં જો કાંઇ પણ ધૈર્યતા હોય તો તે આપની કૃપારૂપ પ્રસાદી છે, પણ મેં આપને એટલાજ માટે ન ઓળખ્યા કે આપનું આજનું કાવ્ય તદ્દન જુદુંજ હતું. પ્રથમના કાવ્યથી ભિન્નજ હતું.

સંન્યાસી—પ્રથમનું કાવ્ય આર્યાવતની વર્તમાન સ્થીતિનું દર્શન કરાવનાર છે. એ ઉપરથી એમ સમજવાનું નથી કે હમેશ તે એ સ્થીતિમાંજ રહેવાને સરજાયેલું છે. જનસમાજની પ્રવૃત્તિનું ધર્મ માર્ગે પરિવર્તન થાય તો પુનઃ પુર્વવત્ સ્થીતિ પ્રાપ્ત કરી સ્વર્ગીય સુખને આનંદ મેળવી શકે. જો સાંભળ !

સુખી થાય તે સંસારમાં, સંકષ્ટથી ક્ષણુ ના ડરે,
આધી ઉપાધિ શસ્ત્ર સામે, ઢાલ ધીરજની ધરે;
સંકલ્પ બળને સાધવા, કર્તવ્યપર કાયમ રહી,
વિચરે સદા નીતિ ન્યાયથી, હિંમત અને દ્રઢતા ગ્રહી.

સત્યસીંહ—ભલે તેમ હોય પણુ હવે આ દીન સેવકને ગુરૂની ચરણુસેવા વિના અન્ય કાંઇ અપેક્ષા નથી.

સંન્યાસી—નહિ, સત્યસીંહ ! હજુ ત્હારે જગતમાં કરવાનાં કાર્ય વિશેષ છે. તે કર્યા પછી શેષ જીવન ખુશીથી મ્હારી સાથે ગાળજે.

સત્યસીંહ—પ્રભુ ! હું આપની આજ્ઞાને આધીન છું પણુ જગતનું કોઇ પણુ કાર્ય કરવા જેવું જ્ઞાન કે સામર્થ્ય મ્હારામાં નથી. હુ આપની આજ્ઞાનું પાલન કરવાને જગતમાં જઇશ પણુ ફરી દુઃખના ધાઢ અંધકારમાં અમુઝાઇશ.

સંન્યાસી—સત્યસીંહ ! દુઃખથી ભય પામીશ નહિ. ત્હારામાં જે જ્ઞાન અને અનુભવ છે. તે કર્તવ્યપરાયણુ થવાને પુરતું છે. મનુષ્યનામાં કદાચ જ્ઞાન ઓછું હોય પણુ નિર્મળ બુદ્ધિ, અને સદાચાર હોય તો તે યથાર્થ ધર્મ પાળી શકે છે.

સત્યસિંહે કહ્યું—“ પ્રભૂ ! હવે હું જગતમાં એકલોજ છું. સુમન, સરલા, સર્યુ એ સર્વ રત્નો સ્વર્ગે પહોચ્યાં છે. સગાસંબંધી મિત્ર, સ્નેહી, રાજા, પ્રજા સર્વ મ્હારાથી પ્રતિકુળ છે. હુ ધારૂં છું કે મ્હારી વિપત્તીનું સઘળું ચરિત્ર પ્રભૂને વિદીત હશે.

સન્યાસીએ કહ્યું—‘ હા, તે સઘળું મ્હારી જાણુમાં છે પણુ સંસારની સઘળી વિટંબનાઓ, હૃદયને વલોવી નાખનારી વ્યથાઓ, કડવાં વચનો, સઘળાં કષ્ટકર કૃત્યો, મનની તીવ્ર વેદનાઓ, સંસારની કટુતા ભરી નિરાશાઓ, એને તું સ્મરણુમાં આણીશ નહિ. પાછલા સઘળા બનાવો ભૂલી જા. શરીરને તેમજ મનના આરોગ્યનો આધાર

ભુલી જવા ઉપર છે. ભુલી જવાથી ત્હારો સ્વભાવ ખુશમીજાજી થશે. ભુલી જવાથી ત્હારા ચ્હેરાપર શાન્તિ, સંતોષ અને આરોગ્યની કાન્તિ દીપી નીકળશે. આ સંસાર એ આપણું કુટુંબ છે. ન્હાના હોય તેમને સંતાનો, સરખા હોય તેમને બંધુ, અને વૃદ્ધો હોય તેમને માતાપિતા માની લેજે. એટલે જગતમાં તું એકલો નથી પણ આખું જગત્ તારામાં છે એમ તને સમજાશે. જે રાજા પ્રજાને તું ત્હારાથી પ્રતિકુળ માને છે, તે ઉભય હાલ ત્હારૂં જ ચિન્તવન કરે છે. રાજા મુકુંદસીંહ તેની પોતાનીજ ગફલતથી દુઃખી થયો છે. પ્રજા ત્રાહેત્રાહે પોકારી રહી છે. માટે તું ત્યાં જા અને તેમને સહાય કર. ત્યાર પછી ત્હારે શું કરવું તે હું તને સમજાવીશ.

સત્યસિંહે પૂછ્યું,—" ત્યારે શું મેં તજી દીધેલાં હથીયાર મ્હારે ફરી ધારણ કરવાં પડશે ?

સન્યાસીએ ઉત્તર આપ્યો, " હા. અને તે રાજ્ય અને પ્રજા ઉભયના ઉદ્ધાર માટે ધારણ કરવાં પડશે. આર્યાવર્તની પ્રજા રાજાઓને હમેશથી પોતાનો પ્રભૂ માનતી આવી છે, અને તેના હિતને માટે તનમન અને ધનનો ભોગ આપવા તત્પર થનારી છે. વળી ત્હારો દેહ તો તેમના અન્નથી જ બંધાયેલો છે તે ત્હારો એક વખતનો સ્વામી છે. માટે ક્ષાત્રધર્મ, સેવકધર્મ અને દેશભક્તિ તને પુનઃ હથીયાર ધારણ કરવાની આજ્ઞા કરે છે. સત્યસીંહ ! વાસ્તવિક રીતે તો હિમ્મત એજ મનુષ્યનું મહત્વનું હથીયાર છે કે જે હથીયાર વિપત્તીના સાગરમાંથી એક અમુલ્ય જવાહિર જેવું તને પ્રાપ્ત થયું છે તે ત્હારા વિજયને માટે બસ છે.

રાજા મુકુન્દસિંહની દુર્દશાની સઘળી વાત સંન્યાસીએ સત્યસીંહને કહી સંભળાવી. વફાદાર સત્યસીંહનું રૂધીર તે વાર્તા સાંભળતાંજ ઉછાળા મારવા લાગ્યું. મહાત્માના ઉપદેશે તેને ઓર ઉત્તેજીત કર્યું. આજ્ઞા અને આશીર્વાદ મેળવી, સત્યસીંહ પોતાના માલીકની સહાય માટે નીકળી પડયો.

પ્રકરણ ૪૦ મું

રાયનો રંક.

શું રાજા મુકુંદસિંહના સંબંધમાં સંન્યાસીએ સત્યસિંહને કહેલું વૃતાન્ત સત્ય હતું ?

હા.

રાજા મુકુંદસિંહ જે મહેલમાં નિવાસ કરતો હતો તે મહેલમાંજ અબુધસિંહે તેને કેદ કર્યો હતો, અને તે મહેલની જોડના આવાસમાં, રાણી રહેતી હતી, તેને પણ ત્યાંજ કેદ કરવામાં આવી હતી.

અબુધસિંહનું લક્ષબિન્દુ પ્રથમથીજ રાજ્ય મેળવવા તરફ હતું. તેથી પ્રથમ તો તેણે રાજા વિમળસિંહ સાથે ગુપ્ત સંદેશા ચલાવી યુદ્ધ માટે ઉશ્કેર્યો હતો; યુદ્ધમાં મુકુંદસિંહનો પરાજય થાય તો રાજ્યકન્યા વિમળસિંહને આપવી અને રાજ્ય અબુધસિંહે લેવું એવા ગુપ્ત કરારો થયેલા હતા. પણ રાજ્યકન્યા તો વિમળસિંહને તાબે થતાં પહેલાંજ અબુધસિંહના હવાલામાંથી છટકી ગઇ, એટલે અબુધસીંહની તે યુક્તિ તો નિષ્ફળ નિવડી. આ કારણથી તેણે બીજો દાવ કર્યો.

પ્રથમ તો તેણે વક્તૃત્વ શક્તિ અને ખુશામતથી રાજાને પોતાના વિશ્વાસમાં લીધો. રાણીના હૃદય પર તો તેણે પ્રથમથીજ કાબુ મેળવ્યો હતો. ધીમે ધીમે રાજ્યનિયંત્રણાની મુખ્ય મુખ્ય લગામો અબુધસિંહે હાથ કરી. લશ્કરી બળ પોતાનું કર્યું, અને અગત્યની જગાઓ પર પોતાના વિશ્વાસુ માણસો નીમી દીધા. રાજાના ખાસ વિશ્વાસુ અને નિમકહલાલ નોકરોને યુક્તિપ્રયુક્તિથી દુર કર્યા. હવે સર્વ કાર્યમાં રાજાને અબુધસીંહ પર વિશ્વાસ રાખવાની ફરજ પડી.

અબુધસીંહ રાજાનો પિત્રાઇ ભાઇ હતો. તે મનુષ્યના દેખાવમાં મહાપાપી સેતાન હતો. બાહ્ય દેખાવમાં જાણે તે રાજાનો ગુલામ હોય એવી રીતે વર્તતો પણ અંદરખાને તે મહા લોભીષ્ટ, કૃતઘ્ની, અને નિર્દય હતો.

અબુધસીંહ સ્વચ્છંદી થયાની રાજાને કંઇક ખબર મળી હતી

પણ તેના હૃદય દૌર્બલ્ય, અને ગુંચવણભરેલી સ્થીતિથી તે કાંઇ પણ ઇલાજ કરી શકતો ન હતો. રાજા મુકુંદસીંહે હવે પોતાના વિશ્વાસુ માણસને અગત્યને સ્થાને મુકવાનો વિચાર કર્યો પણ તે વિચાર અમલમાં આવે તે પહેલાંજ અણુધસીંહે તેને કેદ કર્યો.

એક દીવસ મધ્યરાત્રીએ અણુધસિંહ રાજા મુકુન્દસીંહના મહેલમાં ગયો અને કેટલાક બળવાન સૈનિકોને તે મહેલની આસપાસ ગોઠવી દીધા. રાજા તે વખતે નિદ્રાધીન હતો તેથી મહેલનાં દ્વાર બહારથી બંધ કરી દેવામાં તેને કાંઇ પણ મુશ્કેલી નડી નહિ. રાણીનો આવાસ તેની જોડમાંજ હતો ત્યાં પણ અણુધસીંહે પહેરા મુકી દીધા. કોઇ પણ માણસ તેમની સાથે વાતચીત કરી શકે નહિ તેવી પહેરેગીરોને આજ્ઞા આપી. પહેરેગીરો અણુધસિંહના ખાસ વિશ્વાસુ માણસો હતા.

પ્રાતઃકાળ થતાંજ મુકુન્દસિંહે જાણ્યું કે પોતે પોતાના મહેલમાં કેદ થયો છે. રાણીને જાણ થતાં તે પણ ગભરાઇ ગઇ. રાજાએ મહેલની એક જાળી પાસે આવી પહેરેગીરોને મહેલનાં દ્વાર ઉઘાડવા કહ્યું. પહેરેગીરોએ તેમ કરવાની ના કહી. કારણ પુછતાં અણુધસિંહનો હુકમ છે એવો ઉત્તર આપ્યો. તે ઉત્તર સાંભળતાંજ રાજાનું મુખ ક્રોધથી લાલચોળ થયું, તે આશ્ચર્યચકિત થયો, અને કેટલોક વિચાર કર્યા પછી રાજાએ અણુધસીંહને બોલાવી લાવવા પહેરેગીરોને કહ્યું, પહેરેગીર ગયો, અને અણુધસિંહને બોલાવી લાવ્યો.

મુકુન્દ—અણુધસીંહ ! મારા મહેલનાં દ્વાર કોણે બંધ કર્યા છે, અને આ પહેરેગીરો કોણે ગોઠવ્યા છે ?

અણુધ—મેં.

મુકુન્દ—કારણ ?

અણુધ—કારણ આપના હિતનુંજ છે.

મુકુન્દ—એટલે.

અણુધ—તે જણાવવા માટે મધ્યરાત્રીએ હું આપની પાસે આવ્યો હતો, પણ આપ નિદ્રાધીન હતા તેથી, આ પ્રમાણેનો બંદોબસ્ત કરી હું પાછો ફર્યો હતો. મને એક ઘણીજ ચોંકાવનારી ખબર મળી છે કે રાજા વિમળસીંહ ક્ષાત્રધર્મ પ્રમાણે સન્મુખ યુદ્ધ કરીને

નહિ પણ એક બ્હારવટીયાની પેઠે દગાથી આપનું ખૂન કરવા ચાહે છે. તેણે આપના અંગરક્ષકોને દ્રવ્યબળથી ફોડી નાંખી પોતાના પક્ષમાં લીધા છે. આપની જીંદગી હાલ જોખમમાં છે તેથી આપની સલામતીને માટે આવો બંદોબસ્ત કરવાની જરૂર પડી છે.

મુકુન્દ—એમ! ઠીક! વારૂ, મને એવી પણ ખબર મળી છે કે રાણીની હાલત પણ મ્હારા જેવીજ કરવામાં આવી છે!

અબુધ—હા. વિમળસીંહની એક ઇચ્છા એવી પણ છે કે સુલોચનાને બદલે રાણીનું હરણ કરી તેને એક ગુલામના સ્વાધીન કરવી અને તેમ કરીને આપણા વંશજોની ચળકતી કીર્તિને કાળો ડાઘ લગાડવો. તે કીર્તિના રક્ષણને માટે અને મહારાણીના હિતને માટે મેં ઘટતો બંદોબસ્ત કર્યો છે.

મુકુન્દ—ખેર! કદાચ પ્હેરેગીરો મ્હારા રક્ષણને માટે મૂક્યા છે પરંતુ મહેલનાં દ્વાર બ્હારથીબંધ કરવાની શું મતલબ છે?

અબુધ—એજકે કોઇ દગાબાજ માણસ અંદર દાખલ થઇ આપનું ખુન કરી શકે નહિ. કેમકે મને આપના એકપણ માણસના ઉપર વિશ્વાસ નથી.

મુકુન્દ—આવી ખબર તને કોના તરફથી મળી છે?

અબુધ—મ્હારા એક વિશ્વાસુ માણસ તરફથી.

મુકુન્દ—પણ તે ખબર ખોટી છે.

અબુધ—નહિ. સત્ય છે.

મુકુન્દ—સત્ય હોય તો પણ તે સામે બચાવ કરવાની મ્હારામાં શક્તિ છે. માટે મેહેલનાં દ્વાર એકદમ ખુલ્લાં કરો. શું અમારી સલામતીને માટે અમને એક કેદીની માફક કેદ કરવા તે યોગ્ય ઇલાજ છે?

અબુધ—હા. આપને આપની આબરૂની દરકાર નથી પણ મને મ્હારી આબરૂની દરકાર છે મારા વંશજોની આબરૂનું મને અભિમાન છે.

મુકુન્દ—અબુધસીંહ! તું ચાલાકી જવા દે! ત્હારા પર મુકેલા વિશ્વાસનો દુરૂપયોગ ન કર. હવે તું કયાં સુધી આવા ભેદયુક્ત ઉત્તરો આપી ત્હારા દુષ્કૃત્યને છુપાવી રાખીશ.

અબુધ—ત્યારે શું આ મ્હારૂં દુષ્કૃત્ય છે? જયારે સારૂં કરતાં પણ મને આમ દોષિત ઠરાવવામાં આવે છે ત્યારે તો ભલે એમજ

માનો. અને આપનાથી જે કંઇ થઇ શકે તે સુખે કરો.

મુકુન્દ—અબુધસીંહ ! હું તને દોષિત ઠરાવી કાંઇ પણ શિક્ષા કરવા ઇચ્છતો નથી. આટલેથી પણ તું ત્હારી તોફાની વર્તણુંક ઉપરથી હાથ ઉઠાવીશ તો ત્હારી થયેલી ભૂલ માટે હું તને વગર સરતે ક્ષમા આપીશ.

અબુધ—આ અબુધસીંહ એવો ભોળો નથી કે માફી આપવાની સ્થીતિમાંથી માફી માગવાની સ્થીતિમાં આવે.

મુકુન્દ—ત્યારે શું તું મ્હારૂં કાસળ કહાડી રાજા થવા ઇચ્છે છે ?

અબુધ—પ્રથમતો મ્હારો તેવો વિચાર કિંચિત્ ન હતો પણ જ્યારે આપ એમજ માની બેઠા છો ત્યારે તો હું પણ તેને સત્યજ ઠરાવવા ઇચ્છુ છું. કેમકે િ ાહ તમારી નિર્બળતાનો લાભ લઇ આપનું રાજ્ય છીનવી લે ા કરતાં તો હું હજાર દરજ્જે યોગ્ય છું અને ખરો હકદાર છું.

મુકુન્દ—ન્યાયતો ઠીક કરી જાણે છે. મેં તને સમગ્ર સત્તા સોંપી દીધી તેનો ઠીક બદલો આપે છે ! મ્હારૂં હિત ઘણી સારી રીતે સંભાળે છે ! આનુંજ નામ વફાદારી ! આનુંજ નામ રાજ્યભક્તિ !

અબુધ—મેં જે કાંઇ કર્યું છે તે આપના હિતને માટેજ કર્યું છે, અને હવે પછી પણ હું જે જે કરીશ તે આપના મહારાણીના, રાજ્યના, અને પ્રજાના હિતને માટે જ કરીશ. હું સત્ય કહું છું કે વિમળસીંહ યુદ્ધની તૈયારી કરે છે. તે થોડાજ વખતમાં આ રાજ્યપર ચઢી આવવાનો છે. તેમ થશે તો હજારો અને લાખો મનુષ્યોના પ્રાણ જશે પ્રજાની દોલત લુંટાઇ જશે, દેશમાં અંધાધુની ફેલાશે, રાજ્યનો ખજાનો ખાલી થશે. આપનું કમકમાટ ભરેલી રીત્યે મૃત્યુ થશે. રાણીની બે આબરૂ થશે. એ સર્વનું હિત સંભાળવાને માટે હું કદાચ રાજા થાઉં તો તે કોઇ રીતે અનુચિત નથી.

મુકુન્દ—પરમાર્થ કરવાનો માર્ગ તો સ્તુતિપાત્ર શોધી કાઢ્યો છે. એટલે શું તું રાજા થઇશ તેથી તેવી હાની થતી અટકશે ?

અબુધ—હા, કેમકે વિમળસીંહને આપની સાથે શત્રુતા છે. જ્યારે તે એમ જાણશે કે મુકુન્દસીંહ હવે રાજા નથી, ત્યારે તેના વૈરની શાન્તિ થશે, અને જ્યારે તે મ્હારૂં નામ એક રાજા તરીકે સાંભળશે, ત્યારે તો સદંતર યુદ્ધનો વિચાર માંડી વાળશે.

મુકુન્દ—ત્યારે હવે તું અમારૂં શું કરવા ધારે છે ?

અબુધ—આપને આ રાજ્યમહેલમાં સંપૂર્ણ આરામ મળે, સહજ વાત કરવાની પણ કોઇ તકલીફ આપી શકે નહિ, ઘણા કાળની ઉપાધી પછી એકાન્તમાં પ્રભુભક્તિ કરવાની આપને તક મળે, ખાવા, પીવા અને પ્હેરવાની વસ્તુઓ નિરંતર નિયમીત રીતે મળતી રહે, એવો બંદોબસ્ત કરવા ધારૂં છું અને હું માનું છું કે તેવું સુખ, તેવી એકાન્ત અને તેવી નિશ્ચિંતતા યોગીઓને પણ ભાગ્યેજ પ્રાપ્ત થતી હશે.

મુકુન્દસીંહે ગદ્‌ગદ્ કંઠે કહ્યું, અબુધસીંહ ! સાહસ ન કર ! વિશ્વાસઘાતી ન થા ! પ્રભુનો ડર રાખ !

અબુધસીંહે ગંભીર થઇ ઉત્તર આપ્યો, હું ધારૂં છું કે આપને જ પ્રભૂપર શ્રદ્ધા નથી, જો શ્રદ્ધા હોતતો આટલું દુઃખ થાત નહિ. હું જે કાંઇ કરૂં છું તે પ્રભૂની ઇચ્છાથીજ કરૂં છું. પ્રભુની ઇચ્છા વિના એક પાનું પણ હાલતું નથી. હાલ સુધી જે થયું છે તે તેની ઇચ્છાથીજ થયું છે. હવે પછી જે થશે તે પણ તેની ઇચ્છા પ્રમાણેજ થશે. મનુષ્ય તો માત્ર નિમિત્તરૂપે છે. અબુધસીંહે જાણે વેદાંતનો સિદ્ધાન્ત સમજાવ્યો.

મુકુન્દસીંહે દીનમુદ્રાથી કહ્યું, અબુધસીંહ ! એક વખત મને ઠગી, હવે પરમાત્માને શામાટે ઠગે છે ? યાદ રાખજે કે તે જગત્-નિયંતા ત્હારા કુકર્મનો ખચિત્ત બદલો આપશે. મ્હારૂં તો જે થવાનું હશે તે થશે. પણ તું પાપ અને પશ્ચાત્તાપના અગ્નિમાં બળી મરીશ.

અબુધસીંહે અભીમાનમાં ઉત્તર આપ્યો, પણ તે જોવાને માટે તમે ભાગ્યેજ જીવતા રહેશો !

મુકુંદસીંહે વિસ્મય થઇ પૂછ્યું, એટલે ? શું તું મ્હારૂં મૃત્યુ કરીશ?

અબુધસીંહે મગરૂર થઇ કહ્યું,—" તેનો જવાબ થોડા વખત પછી મ્હારી તલવાર આપશે." આ ઉત્તર તેણે ઘણીજ કડકાઇથી આપ્યો, અને અભિમાનદર્શક તિરછી નજર કરી ચાલતો થયો.

મુકુંદસીંહ લમણે હાથ દઇ નિઃશ્વાસ નાખતો અબુધસીંહ પ્રતિની અંધશ્રદ્ધાને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. અબુધસીંહની દરેક વાત સત્ય માનવામાં, તેની સલાહ માન્ય કરવામાં, અને તેના ઉપર વિશ્વાસ રાખવામાં તે કેટલો ઠગાયો હતો, તેનું હવે તેને વાસ્તવિક

ભાન થયું. સત્યસીંહ, સુલોચના અને સુમનનું તેને સ્મરણ થયું; અને હવે તેને સમજાયું કે આજે તેઓ ઉપસ્થિત હોત તો ભાગ્યેજ અબુધસીંહ આવું કપટાચરણ કરવામાં ફત્તેહમંદ થાત. મુકુંદસીંહનું આજે જગતમાં કોઇ નથી. મુકુંદસીંહ આજે રાજા નથી, પણ એક કેદી છે. તેના અંગત નોકરો પણ હવે તેની સમીપ આવી શકતા નથી. એ બનાવથી તેનું હૃદય વિદીર્ણ થવા લાગ્યું. અબુધસીંહે નિર્લજ થઇ ઠંડે પેટે આપેલા ઉત્તરો અને હજુ પણ પોતાના દુષ્કૃત્યપર ઢાંક-પીછોડો કરવાના આડંબરનું તેને વારંવાર સ્મરણ થવા લાગ્યું. મુકુંદ-સીંહ એક વખતે હજારો મનુષ્યોનું પાલણપોષણ કરતો હતો, હજારોનો સ્વામિ હતો આજે તેની કોઇ સંભાળ લેતું નથી. અબુધસીંહ આજે સ્વતંત્ર છે, નિરંકુશ છે તેનીજ દયા ઉપર મુકુંદસીંહને જીવવાનું છે. આ બનાવથી તેનું હૃદય ચૂર્ણ થવા લાગ્યું. હજુ કોણ જાણે અબુધ-સીંહ કેવી હાલત કરશે તે સંબંધમાં તેને અત્યંત ચિંતા ઉત્પન્ન થઇ. છેવટના ઉત્તરે તેને વધારે ભયમાં નાખ્યો.

મુકુંદસીંહના જોડેના આવાસમાંજ રાણીને પણ કેદ કરવામાં આવી હતી. પરંતુ તેને કેદ કરવાની મતલબ વળી જુદીજ હતી.

રાણી અબુધસીંહને પ્રથમથીજ ચાહતી હતી. રાજ્યની સમગ્ર સત્તા તેને સોંપવામાં મુખ્ય હાથ તેણીનોજ હતો. તે પોતાના ભર-થારને ભોળો અને સાધારણ સમજશક્તિનો માનતી હતી. અને અ-બુધસીંહને કાબેલ, વિચિક્ષણ અને અસાધારણ બુદ્ધિશાળી ધારતી હતી. મુકુંદસીંહ કોઇ કોઇ વખત રાણીના વિચારથી જુદો પડતો હતો પણ અબુધસીંહ નીરંતર તેના વિચાર સાથે મળતો થઇ તે વિચારોને ઘણાજ મહત્વના અને ડહાપણ ભરેલા હોવાનું પોતાની વકતૃત્વશક્તિ થી સિદ્ધ કરી આપતો હતો. તેથી અબુધસીંહે રાણીના હૃદયમાં અ-ગત્યનું સ્થાન મેળવ્યુ હતુ.

રાજા મુકુંદસીંહ અને તેની રાણી વચ્ચેનું લગ્ન એ પ્રીતિલગ્ન નહતુ, પણ રાજાઓ જેમ પોતાની કન્યાને માટે એક સારો વર જોતા નથી પણ સારૂં રાજ્ય જુએ છે તે ન્યાયે રાણીનું લગ્ન મુકુંદસીંહ સાથે એક સારૂં રાજ્ય જોઇનેજ કરવામાં આવ્યું હતું કે જે લગ્ન પાછળથી નિષ્ફળ નિવડયું હતું. રાણીનું ધ્યાન નિરંતર સ્વામીની સેવા તરફ નહતું, પણ એક મહારાણી તરીકેનો પુરતો દમામ રાજ્યપરજ

નહિ પણ પોતાના સ્વામી સુદ્ધાન્ત પર પ્રદર્શીત કરવા તરફ હતું, તેની વૃત્તિ સદ્ગુણો સંપાદન કરી, વિનય જાળવી, પોતાનું ગૌરવ વધારવા તરફ નહતી, પણ સારા સારા અલંકારો ધારણ કરી મોજશોખ અને ભભકાથી પોતાનું પદ પ્રકાશીત કરવા તરફ હતી; અને તેથીજ તે ક્રમે ક્રમે સ્વચ્છંદી, ગર્વિષ્ઠ અને સત્ય કહેનાર પર ઇર્ષા દાખવનાર થઇ પડી હતી. મુકુંદસીંહ જો કે રાણીથી સંતુષ્ટ નહતો, તથાપી રાણીનામાં એવી અજબ મોહિની અને વિલક્ષણ સત્તા હતી કે જરૂર પડે તે રાજાને પોતાના પ્રેમપાસમાં જકડી લેતી, અને પોતાનું ધાર્યું કરવામાં જયવંત નિવડતી.

રાણી સ્વપ્ને પણ ધારતી નહતી કે એક દિવસ એવો પણ આવશે કે જે રાજમહેલમાં તે રમણવિલાસ કરતી હતી તેજ મહેલ તેને કેદી તરીકે રહેવાનું કેદખાનું થશે. જ્યારે તે પ્રાતઃકાળમાં ઉઠી ત્યારે તેણે જાણ્યું કે રાજા અને તે પોતે બંને કેદ થયાં છે. રાણીનો ગુસ્સો એકદમ પ્રકટી નિકળ્યો. પણ તે ગુસ્સો પરિણામે નિષ્ફળ નિવડયો. જ્યારે તેણે એમ જાણ્યું કે તેઓને કેદ કરનાર અબુધસીંહ છે ત્યારે તો તેની અજાયબીનો પાર રહ્યો નહિ. તેણે અબુધસીંહને બોલાવી લાવવા પ્હેરેગીરને કહ્યું. પ્હેરેગીર ગયો અબુધસીંહ મુકુંદસીંહની પાસે થઇને પછી રાણીની પાસે આવ્યો. અબુધસીંહને દેખતાંજ રાણીની આંખમાંથી આંસુની ધારા વહિ ચાલી. તેણે અબુધસીંહને આવતાંજ પૂછ્યું:—અબુધસીંહ ! આ શું ? મ્હારી આવી હાલત કરનાર તમેજ છો ?

અબુધસીંહે ઉત્તર આપ્યો,—"મેં જે કાંઇ કર્યું છે તે તમારા હિતને માટેજ કર્યું છે.

રાણીએ હાવભાવ બતાવતાં કહ્યું,—"તે તો હુ પણ જાણું છું કારણ કે મ્હારો તમારા પ્રતિ કેટલો સ્નેહ હતો અને રાજ્યની સમગ્ર સત્તા તમને સોંપાવવામાં મેં કેટલી મહેનત કરી હતી. તે હુ ધારૂં છું કે તમે તે ભાગ્યેજ ભૂલી ગયા હશો.

અબુધસીંહે પોતાનું મુખ પલકાવી કહ્યું,—"હુ જ્યારે મ્હારા શરીરને ભુલી જાઉં ત્યારેજ તમારા સ્નેહને વિસરી જાઉં મ્હારી હાલની સ્થીતિ તમારી મદદનેજ આભારી છે. હુ તેનો બદલો ઘણીજ કદરદાનીથી આપવા ધારૂં છું.

રાણીએ પોતાનું મસ્તક હલાવતાં કહ્યું,–" તે તો ઠીક ! પણ પહેલાં એતો કહો કે મને કેદ કરવાનું કારણ શું છે ?

અનુધસીંહે ધીરજ આપતાં કહ્યું,–"તે હું તમને જણાવવા માટેજ આવ્યો છું.

રાણીએ અધીર થઇ પૂછ્યું,–"ત્યારે જલ્દી કરો.

અનુધસીંહે ગંભીર થઇ કહ્યું,–"રાજકન્યા સુલોચનાના સંબંધમાં રાજા વિમળસીંહની સાથે તમારા કહેવાથી મેં જે પત્રવ્યવહાર કર્યો હતો તેની તમારા સ્વામિને જાણ પડી છે અને તેથી તેમનો ક્રોધ અનિવાર્ય વધી પડયો છે. મ્હારા અને તમારા પ્રત્યે તેમને એક જૂદીજ જાતનો શક ઉત્પન્ન થયો છે. અને તેથી મારી અને તમારી જીંદગી હાલ જોખમમાં છે.

રાણીએ ગભરાટ બતાવતાં પૂછ્યું,–"અનુધસીંહ શું તમે સત્ય કહો છો ? અરે મ્હારા સ્વામીને તેની ખબર કેવી રીતે મળી ?

અનુધસીંહે સત્યનો આડંબર કરી કહ્યું,–'રાજકન્યા સુલોચના મ્હારા હવાલામાંથી નાશી ગઇ તેથી વિમળસીંહે ગુસ્સે થઇ એક વખતે મ્હારૂં અપમાન કર્યું તે અપમાન મને સહન ન થવાથી મેં પણ તેને એક બે વાતો કહી સંભળાવી. તેમાંથી અમારા વચ્ચે વિરૂદ્ધતા વધી પડી તેથી મુકુન્દસીંહ પાસે માર્ કાસળ કઢાવવાના ઉદ્દેશથી તેણે સઘળી વાત પ્રકટ કરી દીધી.

રાણીએ હિંમત બતાવતાં કહ્યું,–" કંઇ ફીકર નહિ. હું મ્હારા સ્ત્રીચરિત્રથી મ્હારા સ્વામિને સમજાવી દઇશ. તે સંબંધમાં તમારે કાંઇ પણ ચિંતા કરવાની જરૂર નથી."

અનુધસીંહે પ્યાર બતાવતાં કહ્યું,–"મહારાણી ! તમે ભૂલો છો ! ઠગાઓ છો ! હાલનો મુકુન્દસીંહ જૂદોજ છે. હવે તે વિષથી ભરેલો કાળો નાગ છે. તે તમને અને મને છુપી રીત્યે દંશ દેવા ચાહે છે અને તે કાળના મુખમાંથી બચવા, અને તમને બચવવાને માટેજ મેં આ માર્ગ પસંદ કર્યો છે.

રાણીએ વિસ્મય થઇ પ્રશ્ન કર્યો, "તમારૂં કહેવું સત્ય હોય તો તેમાં મને કેદ કરવાનું કારણ શું ?

અનુધસીંહે પોતાનું માથું ધુંણાવતાં ઉત્તર આપ્યો,–"હું ધાર-

તોજ હતો કે તમે એ પ્રશ્ન કરશો. તમને કેદ કરવાનાં બે કારણો છે. એકતો એકે તમારા સ્વામિને કેદ કરાવવામાં તમારો હાથ છે, એવો કોઇને શક ઉત્પન્ન થાય નહિ, અને બીજું જો તમે છુટાં હોતો તમારે લોક મર્યાદા જાળવવાને તમારા સ્વામિની સંભાળ લેવા જવું પડે અને તેજ ક્ષણે તે તમારા પ્રાણની હાની કર્યા વિના રહે નહિ. અને તેમ થાય તો જે મ્હારા સ્નેહનું અમુલ્ય વૃક્ષ છે. જે મ્હારા વિશ્વાસનું કીંમતી સ્થાન છે, અને જે આખા રાજ્યનું રસીલું રત્ન છે, તેનો અકાળે અભાવ થાય અને હું નિરાધાર થઇ પડું.

રાણીએ વિસ્મય થતાં પૂછ્યું,–" અબુધસિંહ ! શું આ સઘળું સત્ય છે ?"

અબુધસીંહે ઠાવકા બની ઉત્તર આપ્યો,–" હાલ સુધી જેના ઉપર અત્યંત વિશ્વાસ હતો તેના ઉપર હવે અણવિશ્વાસ લાવવાનું કાંઇ કારણ છે ?

રાણીએ સ્મીતહાસ્ય કરી સંતોષ બતાવતાં કહ્યું,–" નહિ ! તમે વિચીક્ષણ છો, અસાધારણ બુદ્ધિશાળી છો ! તમારૂં પ્રત્યેક કાર્ય અને પ્રત્યેક યુક્તિ અનહદ સ્તુતિપાત્ર છે. પણ...હવે તમે આગળ શું કરવા ધારો છો ?

અબુધસિંહે પ્યાર બતાવતાં કહ્યું,–" તે વિષે પણ હું તમારીજ સલાહ લેવા માગું છું. કેમકે તમારા વિચારો ઘણાજ કિંમતી હોવાનો મને પ્રથમથી અનુભવ છે. હું મુકુંદસિંહ નથી કે વારંવાર તમારા વિચારોથી જૂદો થાઉં. જેમ સર્વ ઇન્દ્રિઓને પ્રેરનારૂં મન છે. તેમ મ્હારા મનને દોરનાર તમેજ છો. મ્હારા પ્રત્યે તમારો જે સ્નેહ છે. તેને દિપાવવાનો સમય હવેજ છે. એક રાજરાણી તરીકેનું સુખ કે જે તમે સ્વપ્નમાં પણ જોયું નથી. તે તો હવે પછીજ ભોગવવાનું છે.

રાણીએ થોડીવાર વિચાર કરી કહ્યું,—" અબુધસિંહ ! હાલ હું કાંઇપણ સલાહ આપી શકું તેવી સ્થીતિમાં નથી. પણ મને વિશ્વાસ છે કે તમે જે કાંઇ કરશો તે મ્હારા હિતનેમાટે યોગ્ય હશે તેજ કરશો.

અબુધસિંહે આશ્વાસન આપતાં અને દમ ભીડાવતાં કહ્યું,—" તેમાં શંકા લેવાનું કાંઇજ કારણ નથી. જો તમારે બદલે અન્ય કોઇ સ્ત્રી હોત તો ક્યારનીએ મેં તેને જહાનમમાં પહોચાડી દીધી હોત,

અથવા એક ગુલામડીની માફક જંગલમાં ભટકતી અને ભીખ માગતી કરી દીધી હોત પણ હું તો તમારો વેચાણ છું. હું કદાચ રાજા થઇશ તોપણ તે માત્ર નામનો જ છું. મારી સર્વશક્તિ, સર્વસત્તા અને રાજ્યની સમગ્ર દોલત એક મહારાણી તરીકેનું તમને સુખ આપવામાંજ વ્યય થવાની છે. રાજ્યની સર્વ લગામો તમારા હાથમાં જ રહેશે; અને જેવી રીતે એક પ્રધાન રાજાના હુકમ પ્રમાણે અમલ કરે છે તેમ હું તમારી આજ્ઞા પ્રમાણે જ રાજ્ય વ્યવસ્થા ચલાવીશ.

રાણીએ પૂછ્યું,—" જ્યારે તમે રાજા થશો ત્યારે મ્હારા સ્વામિનું શું થશે ? "

અબુધસિંહે શીઘ્ર ઉત્તર આપ્યો,—" તે શ્રમ વિનાનો આરામ અને ચિરનિદ્રા મેળવશે. "

રાણીએ શંકાશીલ થઈ પૂછ્યું,—" અબુધસિંહ ! તમે રાજા થાઓ અને હું મહારાણી તરીકેનું સુખ ભોગવું એમ શી રીતે બની શકે !

અબુધસિંહે રાણીને પટાવતાં કહ્યું,—" જેમ પ્રાચીનકાળમાં બનતું હતું તેમ. સાંભળો ! રાજા રાવણની સ્ત્રી સતી મંદોદરીએ શું કર્યું હતું ? રાજા વાલીની સ્ત્રી તારાએ શું કર્યું હતુ ?

રાણીએ થોડીવાર મૌન્ય રહી પૂછ્યું,—" પણ હવે તે સમય બદલાયો છે.

અબુધસિંહે તાત્કાળીક ઉત્તર આપ્યો,—" સમય બદલાયો છે, પણ શાસ્ત્ર બદલાયાં નથી. વાસ્તવીક રીતે હું તમારો દીયર છું; દીયરનો ખરો શબ્દ દેવર છે. અને તેનો અર્થ 'બીજો વર' એમજ થાય છે. એજ કારણથી રાવણની સ્ત્રી મંદોદરીએ તેના દીયર વિભીષણ સાથે લગ્ન કર્યું હતું. વાલીની સ્ત્રી તારાએ તેના દીયર સુગ્રીવ સાથે લગ્ન કર્યું હતું. વિભીષણ પરમાત્માનો પરમ ભક્ત, ધર્મીષ્ટ, અને નીતિમાન હતો. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે " **महाजनो येन मतस्सपन्था:** " મહાન પુરૂષો જે રસ્તે ગયા હોય તેજ રસ્તે પ્રયાણ કરવું જોઇએ. હું ધર્મથી ચલીત થવા માગતો નથી અને તમને પણ ધર્મનું ઉલંઘન કરવા કહેતો નથી, તર્કથી વિચાર કરતાં પણ તમને મ્હારૂં કહેવું યોગ્યજ જણાશે. સાંભળો તમારૂં લગ્ન તમારા પિતાએ

મુકુંદસિંહ સાથે શા માટે કર્યું ? મુકુંદસિંહ રાજા હતો માટે. કદાચ મુકુંદસિંહના સ્થાને હું હોત અને મારી જગાએ મુકુંદસિંહ હોત તો તમારૂં લગ્ન કોની સાથે થાત ? મ્હારી સાથેજ. કેમકે તમારા પિતાએ મુકુન્દસિંહને જોયો નથી, પણ એક સારૂં રાજ્ય જોયું છે. તમારો સંબંધ એક રાજાની સાથે થયો છે. નહિ કે મુકુન્દસિંહની સાથે, માટે જ્યારથી મુકુન્દસીંહ રાજા કહેવાતો બંધ પડે, ત્યારથી તમારો તેનાથી છેડા છુટકો થાય છે. જ્યાં સુધી રાવણ રાજા હતો ત્યાં સુધીજ મંદોદરી તેની સ્ત્રી હતી. જ્યારે વિભીષણ રાજા થયો ત્યારે તે તેને વરી. જ્યાં સુધી વાલી રાજા હતો ત્યાં સુધીજ તારા તેની સ્ત્રી હતી, તે પછી સુગ્રિવ રાજા થયો એટલે તે સુગ્રિવની પ્રિયતમા થઇ. મહારાણી ! હું જે વાત કહું છું તે મનસ્વી નથી પણ ઐતિહાસીક છે, કે જેને લોકો પોતાના ધાર્મીક ગ્રંથો તરીકે માન આપી તેનું પૂજન કરે છે. માટે બુદ્ધિ, તર્ક, ન્યાય, અને પ્રમાણ પ્રમાણે જીંદગીપર્યંત રાજ્યની રિદ્ધિસિદ્ધિ ભોગવવા હકદાર છો. હવે એક ગુલામડીની માફક એક સુકા રોટલાના ટુકડાને માટે ટળવળવાની સ્થીતિમાં આવવું કે પ્રથમના કરતાં પણ હજાર ગણું સુખ અને વૈભવ ભોગવવો તે તમારા અખત્યારમાંજ છે.”

એક માણસનામાં અસાધારણ વક્તૃત્વ શક્તિ હોય પણ તેના સંસ્કારો ધાર્મીક અને પ્રમાણિક ન હોય તો તે વક્તૃત્વ શક્તિ દુનિયામાં કેવો અનર્થ ફેલાવે છે તેનો અબુધસીંહ એક નમુનો છે. અબુધસીંહના લંબાણ ભાષણથી રાણીના હૃદયપર જાદુઇ અસર થઇ. મુળથીજ મોજશોખમાં ઉછરેલી અબળા ગુલામડીની સ્થીતિનું નામ સાંભળતાંજ કંપી ઉઠી. અબુધસીંહે આપેલા ઐતિહાસીક પ્રમાણોથી તેનું મન ફરી ગયું. અબુધસીંહની હોશિયારી આગળ પોતાનો સ્વામી નાલાયક સમજાયો. તેથી તેણે સ્મીત હાસ્ય કરતાં કહ્યું—તમારી વક્તૃત્વ શક્તિ કોઇપણ સ્ત્રીને મોહ પમાડે તેવી છે. પણ અબુધસીંહ ! તમે જે દ્રષ્ટાંતો બતાવ્યા તેમાં મને એક શંકા છે. કેમકે મંદોદરી અને તારાએ તેમના સ્વામીની હયાતીમાં તેમ નહોતું કર્યું.

અબુધસીંહે કાવત્રા થઇ ઉત્તર આપ્યો,—હા, તે સત્ય છે અને હું તમને પણ તમારા સ્વામિની હયાતીમાં તેમ કરવા કહેતોજ નથી.

રાણીએ અધીર થઇ પુછ્યું,—ત્યારે મારો સ્વામિ હયાત હશે

ત્યાં સુધી મ્હારૂં શું થશે?

અણુધસીંહે ક[illegible],—ધૈર્યતા ધારણ કરવી પડશે.

રાણીએ ઉદાસ થઇ પુછ્યું,—એટલે શું કેદખાનામાંજ સડવું પડશે?

અણુધસીંહે ધીરજ આપતાં કહ્યું.—"પણ મને લાગે છે કે મુકુંદસિંહ હવે ભાગ્યેજ વધારે વખત જીવતો રહેશે.

રાણીએ વિસ્મય થઇ પૂછ્યું,—"ત્યારે શું તમે તેમનું ખૂન કરશો? અણુધસિંહ! એવા સાહસિક થશો નહિ.

અણુધસિંહે ધન્યવાદ આપતાં કહ્યું,—"રાણી! ધન્ય છે તમને કે જે તમારૂં ખૂન કરવા ચ્હાય છે તેનાપર તમે એટલી દયા બતાવો છો! હું તેનું ખુન નહિ કરૂં, તો પણ આવી સ્થીતિમાં તે પોતેજ જીવવાનું પસંદ કરશે નહિ.

રાણીએ પૂછ્યું,—"ત્યારે શું તેઓ આત્મઘાત કરશે?

અણુધસીંહે ઠાવકા થઇ ઉત્તર આપ્યો,—"હું એમ ધારૂં છું પણ તેનો સઘળો આધાર તેમના આયુષ્ય ઉપર છે. આયુષ્ય પુરૂં થયું હશે તો કોઇ બચાવનાર નથી, અને શેષ હશેતો કોઇ મારનાર નથી. મનુષ્યો માત્ર અજ્ઞાનતાને લીધેજ મૃત્યુથી ડરે છે. અણુધસીંહે વળી સનાતન ધર્મનો ત્રીજો સિદ્ધાન્ત સંભળાવ્યો.

રાણીએ છેવટનું કહ્યું,—"અણુધસીંહ! હવે મ્હારો જેમ જલ્દી છુટકારો થાય તેમ કરજો

અણુધસીંહે જતાં જતાં કહ્યું,—' તેમાં મને કાંઇ શીખવવું પડે તેમ નથી" એમ કહી અણુધસીંહ ત્યાંથી વિદાય થયો.

અણુધસિંહ રાણીના નિવાસ ભણી ગયો છે તે મુકુંદસિંહ જાણતો હતો. તેથી રાણી અને અણુધસિંહની વાત સાંભળવાને તે રાણીના નિવાસ તરફની ભીંતે કાન દઇ ઉભો રહ્યો હતો, જેથી રાણી અને અણુધસીંહ વચ્ચેની સઘળી વાત તેણે સાંભળી હતી. રાણીના છેવટના ઉદ્દગારોએ તો રાજાના રોમ રોમમાં અગ્નિ પ્રકટાવ્યો હતો. પણ હાલ તે પાંજરામાં પુરાયેલો સીંહ કાંઇપણ કરવાને અશક્ત હતો. મુકુંદસિંહ નહોતો ધારતો કે આખી દુનિયા પલટાશે, તેની સાથે પોતાની સ્ત્રીપણ પલટાશે. મુકુંદસિંહને વર્તમાન સમય તેણે કદીપ નહિ કલ્પેલો, અને નહિ સાંભળેલો તેવો દ્રષ્ટિગોચર થયો. જગતમાં કોને વિશ્વાસપાત્ર માનવો, અને કોને દગલબાજ માનવો,

તે મુશ્કેલ થઇ પડયું. તેની આંખમાંથી આંસુની ધારા વહિ ચાલી હૃદયમાં અસહ્ય વેદના થવા લાગી. હવે શું કરવું તે તેને સુઝયું નહિ. સહજ અવાજ થતાં કે ખડખડાટ થતાં તે ભયભીત થવા લાગ્યો. ખચીત્ત જેઓ સંપત્તિમાં ઉદ્ધત હોય છે તેઓ વિપત્તિમાં ભીરૂ અને ભયભીત બને છે. જ્યારે તેમના પર સંકટનું વાદળ આવી પડે છે. ત્યારે તેઓ તદ્દન આભા અને નિરાશ બની જાયછે. જે પ્રમાણમાં તેઓ ગર્બીષ્ટ થયા હોય છે તેજ પ્રમાણમાં તેઓ ઢીલા અને વિન્હળ થાય છે સારાંશ કે તેઓ પળમાં એક છેડે જતાથી બીજે છેડે જતા રહે છે. મુકુંદસીંહની દ્રઢ ખાત્રી થઇ હતી કે અબુધસિંહ તેનું નિર્દય પણે ખુન કરશે. તે પોતાના પડછાયાથી પણ છળી મરતો. રમણીય મહેલ આજે તેને ભયંકર સ્મશાનવત્ જણાતો. તેથી તેણે કોઇપણ રીતે નાસી છુટવાનો વિચાર કર્યો, પણ અબુધસીંહે ચોતરફ પહેરા ગોઠવી દીધા હતા, તેથી તેને એક પણ માર્ગ મળ્યો નહિ. અંતે નિરાશ થઇ પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો,—" ઓ પ્રભુ ! સુખમાં મેં તને કદીપણ યાદ કર્યો નથી તેથી હવે દુઃખમાં ત્હારૂં સ્મરણ કરતાં હું શરમાઉં છું. ઓ દયાનિધિ ! સંપત્તીમાં મદાંધ થઇ દુઃખી મનુષ્યોપર મેં કદી દયા બતાવી નથી છતાં આજે હું ત્હારી દયા માગું છું. ઓ સર્વ શક્તિમાન પીતા ! એક વખતે હું રાજા તરીકે રંક મનુષ્યો પર અમલ ચલાવતાં મ્હારી સત્તાનો ગર્વ કરતો હતો આજે હું મ્હારા પોતાનાજ પડછાયાથી છળી મરી ત્હારી સ્હાયતા માગું છું. ઓ કૃપાસીંધુ મેં ત્હારા અનેક અપરાધો કર્યા છે. અનેક પાપ કર્મ કર્યાં છે. પણ હું ત્હારો દીન બાળક છું. ઓ પરમ પિતા ! મ્હારા પર દયા લાવ" એ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી પ્રભુએ તેની સ્મરણ શક્તિમાં સામર્થ્ય આપ્યું. મહેલના ભોંયરામાં એક ગુપ્તબારી હતી ત્યાં થઇને નાશી જવાનો માર્ગ હતો. તેનો ઉપયોગ જ્યારે પ્રાણાન્ત કષ્ટ આવી પડે ત્યારેજ કરવામાં આવતો હતો. મુકુંદસીંહે તે બારી પ્રથમ જોઇ નહતી. પણ તેના પિતાએ કોઇ પ્રસંગે વાર્તા કહેલી હાલ તેના સ્મરણમાં આવી હતી. તે ગુપ્તબારીમાં થઇને મુકુંદસિંહ બહાર નીકળી ગયો. પણ તે વાત વધારે વખત છુપી રહી શકી નહિ. કેમકે રાત્રિ ચર્ચા જોવાને માટે અબુધસીંહે ગુપ્તચરો રાખ્યા હતા. તેમણે મુકુંદસિંહ મહેલમાં નથી એવી ખબર અબુધસિંહને પહોચાડી. અબુધસિંહ ઘોડો દોડાવતો પગલે પગલે તેની પાછળ ગયો.

પ્રકરણ ૪૧ મું.

રાજ્યનો રિપુ.

સમય ત્હારી બલીહારી છે. એક સમય એવો પણ હતો કે જ્યારે મ્હારા હુકમથી પહાડોને પૃથ્વીમાં પેસી જવાની ફરજ પડતી. આજે મ્હારી પ્રાર્થના સાંભળનાર કોઇ નથી. એક વખત હું જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં મ્હારી પ્રબળ સત્તા વડે ધાઢ અંધકારમાં પણ પૂર્ણ પ્રકાશ પડતો, આજે આકાશમાં ઉદય પામેલો નિશાનાથ પણ પોતાનો દીવ્ય પ્રકાશ પાછો ખેંચી લઇ છુપાઇ જવાની કોશીશ કરે છે: એકવખત મખમલના ગાલીચા ઉપર ચાલતાં મને સહજ કઠોરતા પ્રતિત થતી હતી, આજે પગરક્ષકની મદદ વિના કંટક અને કંકરવાળી ભૂમિ ઉપર ચાલવું પડે છે. એક વખત હું આખી દુનિયાને મુઠીમાં લેવાનું અભિમાન રાખતો હતો, આજે હું મ્હારા પોતાના પડછાયાથીજ છળી મરૂં છું.

ખચિત જગત્માં આજે મ્હારૂં કોઇ નથી. શરીરે પહેરેલા વસ્ત્રમાં પણ શત્રુઓ છુપાઇ રહ્યા હોય એવો પ્રતિક્ષણે ભાસ થાય થાય છે. આ જંગલનાં મનોહર વૃક્ષો પણ જાણે ભયંકર રાક્ષસનું રૂપ ધારણ કરી મને ડરાવતાં હોય એમ લાગે છે. નિઃસંદેહ મ્હારી દુર્દશાનું કારણ હું પોતેજ છું.

ઓ પવિત્ર ભૂમિ! તું મ્હારી હતી, પણ હું ત્હારો નહતો. અને તેનીજ શિક્ષા આજે ભોગવું છું અને હજુ ભોગવીશ પ્રકાશમાં જન્મ્યો હતો, પ્રકાશમાં ઉછર્યો હતો, હવે ધાઢ અંધકારમાં જઇશ. દુઃખ અને ગરીબાઈ કે જેને સ્વપ્ને પણ ઓળખતો નહતો તેનો જાતે અનુભવ કરીશ. દયા અને રહેમ હું કવચીત્જ આપતો હતો. તે હું સઘળાઓની પાસે માંગીશ.

સર્વ શક્તિમાન પરમાત્માએ લાખોની વસ્તીને તેમના કલ્યાણને માટે મ્હારા હાથમાં સોંપી હતી, પણ મેં નિરભાગીએ પ્રજાનું સુખનું સુકાન એક પાપિષ્ટ, અધર્મી અને ધાતકી મનુષ્યના હાથમાં આપ્યું તેનું અનિષ્ટ પરિણામ મ્હારે ભોગવવુંજ જોઇએ. દુનિયાના રાજાઓ મ્હારા દ્રષ્ટાન્તથી પોતાનું કર્તવ્ય શીખશે તો તે મ્હારા પાપનું પ્રાયશ્ચિત ગણાશે.

રાજા મુકુંદસિંહ નિર્જન અરણ્યમાં પ્રવાસ કરતાં આ પ્રમાણે અનેક સંકલ્પ વિકલ્પ કરે છે. એટલામાંજ તેને દોડતા ઘોડાને પગરવ સંભળાય છે. પીઠ ભણી જોતાં અણુધસીંહ આવતો જણાય છે. જેમ મૃગની પાછળ પારધી દોડે તેમ અણુધસીંહ તેની પાછળ દોડે છે.

અણુધસીંહ સમીપ આવી પહોંચ્યો તેને જોઈ મુકુંદસીંહે નમ્ર અવાજે કહ્યું,—"અરે ઓ ચંડાળ ! રાજ્ય સંપત્તિ ત્હારા સ્વાધીન રહેવા દઇ હું મ્હારા પ્રાણુ બચાવવા અરણ્યમાં જાઉં છું ત્યાં પણુ મ્હારી પાછળ આવ્યો ?

અણુધસીંહે કહ્યું,—"હા. હું તમારા કલ્યાણુને માટેજ તમારી પાછળ આવ્યો છું. તમે એક મહાન રાજા થઇને ભિક્ષુકની હાલતમાં જ્યાં ત્યાં રખડતા ફરો, અને રોટલીના ટુકડા માટે જ્યાં ત્યાં ટળવળો એ જોવાને હું ખુશી નથી.

મુકુંદસીંહે પૂછ્યું,—"એટલે ? શું તું મને પાછો લઇ જવા ઇચ્છે છે ?

અણુધસીંહે કહ્યું,—હા.

મુકુંદસીંહે કહ્યું,—"ત્યાં લઈ જઇને શું કરીશ ?

અણુધસીંહે કહ્યું,—આપને મધુર શાન્તિ અને ચીર નિદ્રા મળે એવું કરીશ.

મુકુંદસીંહે નમ્ર વાણીથી કહ્યું,—"નહિ, અણુધસીંહ ! હવે હદ થઇ મને જવા દે. તું એવો ભય રાખીશ નહિ કે હું અન્ય રાજાની મદદ મેળવી ત્હારા ઉપર આક્રમણુ કરવાને પાછો આવીશ. મને આ રાજ્ય સંપત્તિ સળગતા દાવાનળ સમાન લાગે છે કેમકે તેમાં અનેક જાતના વિકારો, પ્રપંચો, અને દુર્ગુણો છુપાયેલા છે કે જેના પર કાબુ મેળવવાને દેવતાઇ બળ પ્રાપ્ત કરવું જોઇએ, જે હું પ્રાપ્ત કરી શક્યો નથી અને તેથી એક રાજકર્તા તરીકે તે સંપત્તિ ભોગવવાને હું નાલાયક સાબીત થયો છું, રાણી કે જેને હું મ્હારૂં હૃદય સમજતો હતો અને જેને પ્રસન્ન રાખવાને હું મ્હારી વ્હાલામાં વ્હાલી વસ્તુનો ભોગ આપતો હતો તે પણુ હવે મ્હારી નથી; એટલે હું પુનઃ પાછો આવું એવો ભય રાખીશ નહિ, તું સુખેથી પાછો જા. અને રાજા તરીકેની પદ્દી કેવી ભયંકર છે, તેનો જાતે અનુભવ કર.

અબુધસિંહ ઘોડાપરથી નીચે ઉતર્યો અને એક પત્ર કાઢી બતાવતાં કહ્યું—"બહુ સારૂ. આપનો એવો જ વિચાર હોય તો આ પત્ર નીચે આપની સહી કરો.

મુકુંદસિંહે પત્ર વાંચી જોયો જેમાં લખ્યું હતું કે—"હું રાજા મુકુંદસિંહ, આ લેખથી મને ઈશ્વરતુલ્ય માનનારી મ્હારી વફાદાર પ્રજાને આજ્ઞા અને પ્રાર્થના કરૂં છું કે હું દીર્ઘ સમય થયાં માનસિક વેદનાઓથી વ્યથિત થતો હતો જેમાંથી મુક્ત થવાને મેં એક ઇચ્છીત માર્ગ શોધી કાઢયો છે. જેનું પરિણામ એ થશે કે હું મ્હારી રાજ્યભક્ત પ્રજાથી હમેશને માટે વિભક્ત થઇશ. છતાં હું જ્યાં હઇશ ત્યાંથી મ્હારી પુત્રવત્ પ્રજાના કલ્યાણ માટે મધુર આશીર્વાદો વરસાવતો રહીશ. વળી મેં પ્રજાને સુખી કરવાના પરિપકવ વિચારથી મ્હારી વ્હાલી પ્રજાના સુખનું અને કલ્યાણનું સુકાન, એક એવા વિદ્વાન, બુદ્ધિવંત અને સદ્‌ગુણી મનુષ્યના હાથમાં સોંપ્યું છે કે જેણે રાજ્યની, પ્રજાની, અને મ્હારી તન મન ધનથી ઘણી કિમતી સેવા બજાવી પ્રમાણિક નિષ્ઠા—રાજ્યભક્તિ અને વિરત્વનું અમુલ્ય ઉદાહરણ જગત્‌ના ઇતિહાસમાં અંકિત કર્યું છે: કે જેનું નામ અબુધસિંહ છે, તે અબુધસિંહ આજથી મ્હારા રાજ્યનો અને પ્રજાનો કુલ માલીક ગણાશે. માટે મ્હારી સઘળી પ્રજાએ, રાણીએ, અને કર્મચારીઓએ હવેથી અબુધસિંહની આજ્ઞાને પ્રભુ આજ્ઞાતુલ્ય માન આપવું."

લેખ વાંચતાં જ મુકુદસીંહના રોમ રોમમાં અગ્નિ પ્રકટ થયો. દીર્ઘ સમયપર્યંત તેણે વિચાર કર્યો, "અબુધસિંહને આવો લેખ કરાવી લેવાનું શું કારણ હશે? સમજ્યો! રાજા ગમે તેવો નિષ્ઠુર હોય તોપણ આર્ય ભાવનાઓમાં ઉછરેલી પ્રજા પોતાના માલિક પ્રત્યે હમેશ ભક્તિભાવ ધારણ કરે છે, અને રાજાઓના અનેક દુર્ગુણોપર ઢાંકપીછોડો કરી તેના એક નામના સદ્‌ગુણને આગળ કરી તેની ઇશ્વરતુલ્ય પૂજા કરે છે. એ પ્રજા મ્હારા દુઃખનું સત્ય કારણ જાણી બળવો ન કરે તેવા ઉદ્દેશથી અબુધસિંહ આ લેખ કરાવે છે કે હવે મ્હારે શું કરવું! મ્હારી પાસે એક ન્હાનું સરખું હથિયાર હોત તો આ વખતે અબુધસિંહને હું ઠાર કરત અથવા તો મ્હારા દેહનો અંત આણત. અરે! પણ હું તદ્દન નિરૂપાય છું. સહી કરી આપવી એજ સલામતી ભરેલું છે.

મુકુંદસિંહે પ્રસ્તુત લેખમાં સહી કરી તે લેખ અણુધસિંહને સ્વાધીન કર્યો અને પોતાના મનમાં જ કહ્યું,–" ઓ પ્રભુ ! જગત પોતાની દૃષ્ટિએ જે કંઇ જુએ છે તે ભાગ્યેજ સત્ય જોતી હશે. પણ તું સર્વજ્ઞ છે. ત્હારા સર્વ શક્તિમાનપણાથી સત્યનો પ્રકાશ કરજે.

અણુધસિંહે પ્રસન્નમુદ્રાએ તે લેખ પોતાના ગજવામાં મૂક્યો, અને રાજાને કહ્યું, "હવે હું એ જાણવા માગું છું કે આપ અહીંથી ક્યાં જશો ?

મુકુંદસિંહે ચીડાઇને કહ્યું, " જ્યાં નરાધમ દુરાત્માઓ નિવાસ કરતા નહિ હોય ત્યાં."

અણુધસિંહે કટાક્ષ કરતાં કહ્યું,–" એવું સ્થાન તો એક જ છે. જે સ્વર્ગ કહેવાય છે, અને ત્યાં જવાની ઇચ્છા હોય તો હું આપને સત્વરે પહોચાડું.

મુકુંદસિંહે કહ્યું,–"અણુધ ! ત્હારી ઇચ્છા પ્રમાણે મેં તને લેખ કરી આપ્યો તે છતાં પણ શું તું મ્હારો અંત આણવા ઇચ્છે છે ?

અણુધસિંહે કહ્યું, " ક્ષત્રિઓ મરવાથી ડરતા હશે કે ? આપે જે લેખમાં સહી કરી તેમાં શું લખ્યું છે ? વળી આપના જેવા શાણા અને વિચારશીલ મનુષ્યે આવી હાલતમાં વધારે વખત જીવવું કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. હજારો અને લાખોની વસ્તી ઉપર એક વખત હકુમત ચલાવ્યા પછી બીજાની હકુમત નીચે રહેવું એ અપકીર્તિના સમુદ્રમાં બેશરમ થઈ ડૂબી મરવા જેવું છે, માટે આપે આપની જીંદગીનો અંત આણવો જ જોઇએ.

મુકુંદસિંહે ક્રુદ્ધ થઈ કહ્યું,–" અણુધ ! હવે તો ત્હારી નીચતાનો છેડો આવ્યો. જવા દે ! પ્રભુનો ભય રાખ ! સર્વશક્તિમાન પરમાત્મા ત્હારી નીચતા અને ક્રૂરતા જોઇ ક્રુદ્ધ થશે. કાં તો હમણાં જ આ આકાશ ત્હારા ઉપર તૂટી પડશે. કાં તો આ પૃથ્વી તને પોતાના પેટમાં ઉતારી દેશે. હું હમેશ ત્હારી ઇચ્છાઓને આધીન થતો આવ્યો છું. હવે સંતુષ્ટ થા. મ્હારી મૂર્ખાઇનું પ્રાયશ્ચિત કરવા થોડો વખત જીવવા દે.

અણુધસિંહે તલવાર તાણતાં કહ્યું [illegible] કલ્યાણ માટેનો કિંમતી માર્ગ કયો છે તેનું તમને જ્ઞાન જ નથી.

મુકુંદસીંહે દસ ડગલાં પાછળ હઠી કહ્યું,—સબુર કર! મને હવે સમજાય છે કે ક્ષત્રિઓએ મરવાથી ડરવું જોઇએ નહિ. મ્હારા હાથમાં એક હથિયાર આપ. હું મ્હારા ક્ષણભંગુર દેહનો અંત આણું.

અણુધસીંહે અભિમાનના આવેશમાં એક કટાર મુકુંદસીંહ તરફ ફેંકી. મુકુંદસીંહે તે પોતાના હાથમાં લીધી. અને પછી અણુધસીંહને પૂછ્યું,—અણુધ! શું આ કટારનો પ્રહાર મ્હારા શરીર ઉપર કરૂં?

અણુધસીંહે ઉત્તર આપ્યો,—હા.

મુકુંદસીંહે પૂછ્યું,—અણુધ! તને આ કટાર જોતાં કંઇ ભય લાગે છે?

અણુધસીંહે ઉત્તર આપ્યો,—ના.

મુકુંદસીંહે પૂછ્યું,—ત્યારે તેનો પ્રહાર ત્હારા શરીરપર કરૂં તેમાં ભય શાનો?

અણુધસીંહે વિસ્મય થઇ કહ્યું—મ્હારા શરીરપર? શું એટલી હિંમત તમારામાં છે?

મુકુંદસીંહે વિકાળદ્રષ્ટિ કરી કહ્યું,—હા, આ કટાર એક દર્પણ છે, તેમાં જ્યારે હું મ્હારી મુખમુદ્રાનું દર્શન કરૂં છું ત્યારે મને સમજાય છે કે હું એક ક્ષત્રી છું. ક્ષત્રીના હાથમાં હથિયાર આવ્યા પછી તેને પોતાના ગૌરવનું સ્મરણ થાય છે. આ વખતે તું પોતેજ મ્હારો ગુરૂ છે. તેં હમણાંજ મને એક પાઠ ભણાવ્યો છે કે ક્ષત્રિઓ શું મૃત્યુથી ડરતા હશે? ખચીત્ત હવે હું નહિ ડરૂં. હિંમત હોય તો આવી જા મ્હારી સામે!

મુકુંદસીંહ બદલાયો જાણી અણુધસીંહ યુદ્ધ કરવા તૈયાર થયો. તેઓ એક બીજા ઉપર હથીયાર ચલાવે તે પહેલાંજ પરસ્પર ટકરાયા દ્વંદ્વયુદ્ધ શરૂ થયું તેમાં અણુધસીંહનો વિજય થયો. મુકુંદસીંહ ભોંય પર પડ્યો. અણુધે તેની છાતી પર ઢીંચણ દઇ હાથમાં કટાર પકડી તેને પ્રહાર કરવા હાથ ઉંચો કર્યો.

પ્રકરણ ૪૨ મું

અપકાર ઉપર ઉપકાર.

નદીમાં વહેતા પાણીના પુરની પેઠે સમય વહેતો જાય છે. પાણીના પુરમાં નાખેલી વસ્તુઓ જેમ તેની સાથેજ તણાય છે, તેમ જગત્નાં મનુષ્યોનાં સુખ દુઃખ પણ સમયની સાથેજ વહેતાં જાય છે. સમયને કોઇ રોકી શકવા સમર્થ નથી, સમયને કોઇ કેદ કરી શકતું નથી. મનુષ્યનાં સુખ દુઃખ પણ હમેશાં બેસી રહેતાં નથી, વિધાતાના નિયમ પ્રમાણે તે રસ્તો કાપતાંજ જાય છે.

સંન્યાસી તરફની આજ્ઞા મળતાંજ સત્યસીંહ વેગપુર્વક ચાલતો, રાજા મુકુંદસીંહના નગર ભણી પ્રયાણ કરતો હતો, તેના હૃદયમાં અનેક વિચારોનું સામ્રાજ્ય ચાલતું હતું, માલિક પ્રત્યેની વફાદારી, સંકષ્ટના વખતે મદદ કરવાની ફરજ, ઉપયોગી થઇ પડવાની આકાંક્ષા બનેલા બનાવથી માહિતગાર થવાની ઈંતેજારી એ સઘળા સંજોગો સત્યસીંહને મુસાફરીનો શ્રમ ભૂલાવી, ક્ષુધા તૃષા વિસરાવી આગળને આગળ દોડાવતાં હતાં.

સત્યસીંહ ચાલતાં ચાલતાં એક વિકટ જંગલમાં આવી પહોંચ્યો. દૂરથી તેણે બે મનુષ્યોને આવતા જોયા તેમાંનો એક પગે ચાલતો હતો, બીજો ઘોડેસ્વાર હતો પગે ચાલનાર પોતાની પાછળ આવતા ઘોડેસ્વારને જોઈ, જેમ પારધીને જોતાં હરણી નાસે, તેમ શ્વાસભેર દોડતો હતો. સત્યસીંહે દુરથી આ બનાવ દૃષ્ટિગોચર કર્યો અને વિશેષ જાણવાની ઇચ્છાથી એક વૃક્ષને ઓથે છુપાયો જ્યારે મુકુંદસીંહ અને અણુધસીંહ વચ્ચેનો સંવાદ તેણે કર્ણગોચર કર્યો, ત્યારે તેની દૃઢ ખાત્રિ થઇ કે નાસી છુટનાર રાજા મુકુંદસીંહ છે અને શિકારીની પેઠે પાછળ પડનાર ઘોડેસ્વાર અણુધસીંહ છે.

અણુધસિંહ પાસે અનેક હથિયાર હતાં જ્યારે સત્યસિંહની પાસે કંઇજ નહતું. તેથી તે પ્રથમ તો અટકાયો પણ " હિંમત એજ મનુષ્યનું વાસ્તવિક હથિયાર છે " એવું મહાત્માનું મહાવાક્ય યાદ આવ્યું, તેથી તે પોતાના માલિકની મદદ માટે મેદાન પડયો. જેવો અણુધસિંહ મુકુંદસિંહની છાતીપર ચઢી બેસી વૃક્ષ સ્થળમાં કટાર

મારવા જાય છે, તેવોજ સત્યસિંહ તેનો કટારવાળો હાથ પકડી લેછે, અને મુકુંદસિંહને તેના પંજામાંથી મુક્ત કરે છે. અબુધસિંહ આશ્ચર્ય પામતા સત્યસિંહ સન્મુખ જોઈ પ્રશ્ન કરે છે, કોણ સત્યસિંહ ?

સત્યસિંહે કહ્યું—હા.

અબુધસિંહે કહ્યું—તું કોને બચાવે છે? જેણે તને સહકુટુંબ દેશનીકાલ કર્યો છે, જેણે ત્હારી સર્વ મિલ્કત લૂંટી લીધી છે, અને એક રાક્ષસ પણ પોતાના સેવક ઉપર ન કરી શકે તેવો જેણે હૃદય ભેદક જુલમ ગુજાર્યો છે, તેજ આ અન્યાયી મુકુંદસિહ છે. અરે તેણે તેવો જુલમ હજારો અને લાખો મનુષ્યોપર વરસાવ્યો છે અને તેથીજ હુ તેના પાપાચરણની શિક્ષા કરવા અહીં આવ્યો છું.

સત્યસીંહ—અબુધસિંહ ! તે જેવો છે તેવો પણ આપણો માલીક છે. આપણે તેમના સેવકો છીએ. સેવકનો ધર્મ સ્વામિનું કલ્યાણ ઇચ્છવું તે છે.

અબુધસિંહ—સત્યસીંહ ! તું ભુલે છે. તેના અન્યાયનો બદલો વાળવાની આવી તક તને કદિ ફરી નહિ મળે.

સત્યસીંહ—સ્વામિના અન્યાયનો બદલો વફાદારીથી વાળવો એજ સેવકનો ધર્મ છે.

અબુધસિંહ—બહાદુર પુરૂષો પોતાના અપમાનનું વૈર લેવાને કદી પણ ચૂકતા નથી.

સત્યસીંહ—ચંદન, પોતાના ઉચ્છેદકને પણ સુગધિજ આપે છે.

અ.બુધ—ત્હારા વિચારો કાયરતાના છે. તું હવે દુરથા, ફરી મને અટકાવીશ નહિ.

સત્યસિંહ—જ્યાં સુધી મ્હારા દેહમાં પ્રાણ છે, પ્રાણમાં ચૈતન્ય છે, ધડપર મસ્તક છે, મસ્તકમાં વફાદારીનું ઝનુન છે. શરીરમાં હૃદય છે, હૃદયમાં ભકિત છે. ત્યાં સુધી તુ કાંઇ પણ કરી શકનાર નથી.

અબુધ—એટલે શું તેના બદલામાં તું મૃત્યુ માગે છે ?

સત્યસીંહ—ત્યારે શું જીવન અને મૃત્યુનો નિર્ણય કરવાની સત્તા તારા હાથમાંજ છે ? એવું મ્હારૂં ભાગ્ય કયાંથી કે જેના અન્ન વડે આ દેહ બંધાયો છે તેના જ મારે તેનો અંત આવે. અરે ! તેના

કરતાં અન્ય જીંદગીનું સાર્થક કયું છે ?

" હા ત્યારે સંભાળ " એમ કહેતાંજ અણુધસિંહે તલવાર તાણી, પણ તેનો પ્રહાર કરે તે પૂર્વેંજ સત્યસીંહે તેને બાહુ બળથી પકડી જમીનપર પટકી દીધો. અને સર્વ હથિયાર છીનવી લઈ જમીન પર ફેંક્યાં. મુકુંદસિંહે તેમાંનું એક હથિયાર હસ્તગત કર્યું, અને અણુધસિંહને તે વડે ઠાર કરવા વિચાર કર્યો, પણ સત્યસિંહે રાજાને તેમ કરતાં અટકાવ્યો અને વિનતી કરી કે, "આખરે સત્યનો કેવી રીતે જય થાય છે તે જાણ્યા વિના તે મૃત્યુ પામશે તો હવે પછીની જીંદગી પણ તેના માટે તો પાપના સંસ્કારમયજ નિવડશે. માટે હાલ તેને કૃપા કરી જીવતો રાખવો જોઇએ. રાજા મુંકુંદસિંહે સત્યસિંહની માગણી માન્ય રાખી. તેથી સત્યસિંહે, અણુધસિંહને બંધનવડે જકડી લઈ કેદ કર્યો."

સત્યસિંહના હૃદયમાં આજેજ આનંદનો ઝાંખો ઝાંખો પ્રકાશ ઉદય પામે છે. દુઃખની અવધિ પુરી થઇ જાણે પુનઃ સુખની શરૂઆત થતી હોય એમ તેને જણાય છે, કારણ કે, જ્યારે તેને રાજા મુકુંદસિંહે રાણી અને અણુધસિંહના કપટથી દેશનિકાલ કર્યો હતો ત્યારે તે સ્વપ્ને પણ નહોતો ધારતો કે ભવિષ્યમાં એક દિવસ એવો પણ આવશે કે જ્યારે તે પોતાના માલીકની ફરી કૃપા મેળવવાને ભાગ્યશાળી થશે. આજે સત્યસિંહને વિકટ જંગલમાં તેજ રાજા મુકુંદસિંહનો આકસ્મિક મેળાપ થયો. એટલુંજ નહિ પણ તેને મૃત્યુના મુખમાંથી બચાવ્યો.

રાજા મુકુંદસિંહને સત્યસિંહનો ઉપકાર માનતાં પણ શરમ ઉત્પન્ન થઇ. તે સત્યસિંહના સન્મુખ જોતાં પણ લજ્જાયમાન થયો, તેના હૃદયમાં તો એટલું વ્હાલ ઉત્પન્ન થયું હતું કે તે સત્યસિંહને પોતાના સ્નેહી સહોદરની પેઠે ભેટયા વિના રહે નહિ, પણ પોતાનું સાહસ યાદ આવતાં તેની તેમ કરવાની હિંમત ચાલી નહિ. રાજાની આંખમાં—પ્રેમનાં—શરમનાં—કે પોતાના દોષનાં—કે ત્રણેનાં મિશ્ર આંસુ હતાં તે પૃથ્વી ભણી દ્રષ્ટિપાત કરતો હતો, સત્યસિંહ તેના સામે હાથ જોડી ઉભો હતો.

સત્યસિંહે પુછ્યું,— હવે સેવકને શી આજ્ઞા છે ?

મુકુંદસિંહને આ પ્રશ્નથી ઘણુંજ લાગી આવ્યું. હવે તેણે ઉત્તર આપવાની હિંમત ધરી—સત્યસિંહ ! તું મ્હારો સેવક નથી, મારા હૃદયનો બંધુ છે. મેં ત્હારા અનેક અપરાધ કર્યા છતાં હજી પણ ત્હેં વફાદાર રહીને મ્હારો પ્રાણ બચાવ્યો તેને માટે મ્હારે ત્હારો ક્યા શબ્દો વડે ઉપકાર માનવો તે સુઝતું નથી. અરે મ્હારામાં તેટલી બુદ્ધિજ નથી, જો બુદ્ધિ હોત તો ભાગ્યેજ મેં તને સંકટના સમુદ્રમાં ફેંકી દીધો હોત.

સત્યસિંહે ઉત્તર આપ્યો,–" પ્રભુ ! તેમાં દિલગીર થવા જેવું કંઇજ નથી, એક ઝુંપડીમાં રહેનારને ઉમરાવની પદ્વી સુધી પહોંચાડનાર આપજ હતા. ત્યાર પછી જે કાંઇ બન્યું છે તેમાં મ્હારા પ્રારબ્ધનો દોષ છે. વિધાતાનો નિયમ છે કે જગત્‌ના માણસોમાં સુખ દુઃખ ઉત્પન્ન કરવું, અને મોટી ઉથલપાથલ કરવી.

મુકુંદસિંહે સત્યસિંહના ઉત્તરથી વિશેષ આભાર માનતાં કહ્યું, " અપકારપર ઉપકાર કરનાર સદ્ગુણી મનુષ્યોમાં હંમેશ બીજાઓના દોષ ઢાંકવાની ઉદારતા હોય છે પણ હું સમજું છું કે મેં જગતમાં ત્હારા માટે પગ મુકવાનું સ્થાનપણ રાખ્યું નથી.

સત્યસીંહે તેનો પણ ઉપકારદર્શક ઉત્તર આપ્યો.–" પણ તેનો બદલો મને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે મળ્યો છે કેમકે જે સેવકને આપના હૃદયમાં સ્થાન મળ્યું છે તેને પગ મુકવા માટે જગત્‌ના સ્થાનની જરૂર નથી.

મુકુંદસિંહે અત્યંત વ્હાલ બતાવતાં તેને ભેટીને કહ્યું‘–" સત્યસિંહ ! હું તને મેળવતાં મ્હારૂં રાજ્ય મેળવવાની દરકાર પણ ભૂલી જાઉં છું.

રાજા અને સત્યસિંહ વચ્ચેનો સંવાદ અબુધસિંહ સાંભળે છે. સત્યસિંહની વફાદારી માટે અબુધસિંહના હૃદયમાં ઉચ્ચભાવ પ્રદીપ્ત થાય છે. અબુધસિંહ કે જે સત્યને, સદ્ગુણોને, અને વફાદારીને–માત્ર મનુષ્યને વ્હાલા થઇ પડવાના–કહેવા પુરતા શબ્દોજ માનતો હતો તેની હવે તેને કિંમત સમજાય છે. પરમાત્માની ઇચ્છાના સંબંધમાં તે વારંવાર જે મર્મયુક્ત શબ્દો ઉચ્ચારતો હતો, તેનું વાસ્તવિકપણું તેના લક્ષમાં આવે છે.

જે મનુષ્યને ઇશ્વર સંબંધી જ્ઞાનનો નિર્મળ પ્રકાશ કદી પણ થયો નથી. તે જન્મથીજ નેત્રહીન મનુષ્યના જેવો આંધળો છે. તે માને કે તેની આંખ દરેક વસ્તુને દેખે છે, પણ વાસ્તવિક રીતે તો તે કાંઈપણ દેખ્યા વિનાજ જીવે છે, મરે છે, અથવા ઘણુંમાં ઘણું તો ફક્ત અસ્થિર અને ભ્રાન્તિજનક અજવાળામાં વહિ જતા કેટલાક મિથ્યા દેખાવોનેજ જુએ છે.

રાજા મુકુંદસિંહ અણુધસિંહના ઘોડાપર સ્વાર થાય છે. સત્યસીંહ અણુધસિંહને એક કેદી તરીકે પોતાના સ્વાધિન લઇ સાથે ચાલે છે. નગરમાં પ્રવેશ કરતાં નાગરિકો અજાયબીમાં ગરકાવ થાય છે. રાજા મુકુંદસીંહની જય ઉચ્ચારે છે. સત્યસીંહ ઉપર તરૂણ સુંદરીઓ પુષ્પની વૃષ્ટિ કરે છે. અણુધસીંહને હવે સમજાય છે કે રાજા મુકુંદસીંહે તેને ઠાર કર્યો હોત, અને સત્યસીંહે તેને બચાવ્યો ન હોત તો ઘણું સારૂં હતું.

પ્રકરણ ૪૩ મું.

અસ્ત પછી ઉદય.

રાજા મુકુદસીંહ હવે પુનઃ રાજ્યની લગામ હાથમાં લે છે. આજના દિવસને તે જીંદગીનો પહેલો દિવસ માને છે. નગરમાં ઘેરે ઘેર આનંદોત્સવ થઈ રહ્યો છે. અબુધસીંહના નીચ કાવતરાથી ભયભિત થયેલી પ્રજા હવે નિશ્ચિંત થઈ છે. પ્રજા પોતાના ઉપરની એક મહાન આફત દૂર થયેલી માને છે. અબુધસિંહના મળતીઆ નોકરો પોતાની મેળેજ નાશભાગ કરવા લાગ્યા છે. તેમની જગોએ વિશ્વાસુ, પ્રમાણિક, અને વિદ્વાન મનુષ્યો સત્યસીંહની સલાહથી નિમાયા છે. નીતિના મજબુત પાયા ઉપર નવેસરથી રાજ્ય બંધારણ રચવામાં આવ્યું છે.

વીપત્તિએ રાજા મુકુન્દસીંહને અત્યંત ડહાપણ આપ્યું છે. દુઃખના પ્રસંગોએ તેના હૃદયમાં દયાનું બીજ વાવ્યું છે. દુઃખી અને નિરાધાર મનુષ્યોને દરેક જાતની સહાય આપવા તેણે પોતાના દ્રવ્યભંડાર ખુલ્લા મૂક્યા છે.

રાજ્યવિરૂદ્ધ રચાયેલ કાવતરાનાં બીજ નિર્મુળ કરવાના ઉદ્દેશથી અબુધસિંહના નિવાસ સ્થાનની તપાસ લેવાય છે. જેમાંથી ઘણા ભેદ પ્રકટ થાય છે. સત્યસીંહને રાજા મુકુન્દસીંહથી જુદો પાડવાનું શું પ્રયોજન હતું ? સાચાં મોતીને બદલે કાંજળ અને કાળાવાળ મુકવાને કેવી યુક્તિઓ કરવામાં આવી હતી, રાજ્યપુત્રનું મૃત્યુ શા કારણસર થયું હતું, અને રાજકન્યા સુલોચનાને રાજા વિમળસીંહ તરફ મોકલી દેવાનો શું ઉદ્દેશ હતો—એ સઘળા પ્રપંચો સૂર્યના પ્રકાશની પેઠે ખુલ્લા થાય છે. જેથી પૂર્વે થયેલી સઘળી ખટખટનાં આબેહુબ ચિત્ર રાજાની દ્રષ્ટિ સન્મુખ આવી ઉભાં રહે છે. તેનું મુખમંડળ શોક અને શરમની લાગણીથી નિસ્તેજ બને છે. પોતે પ્રપંચનાં વાદળોમાં કેવો ઘેરાયેલો હતો તેનું તેને ભાન થાય છે. ખુશામત અને અંધ વિશ્વાસથી તેણે પોતાનીજ ઉન્નતિપર કેવા પ્રહાર કર્યા હતા, તે હવે સમજાય છે.

સુલોચનાના પ્રત્યેક શબ્દોનું તેને સ્મરણ થાય છે. હૃદયપર આ-

ઘાતની પરંપરા થવાથી તે મુર્ચ્છિત થાય છે, સત્યસીંહ તેને અનેક ઉપચાર અને આશ્વાસનથી સાવધ કરે છે.

પ્રભુ ! હવે શોક કરવો વૃથા છે. ધીર અને ડાહ્યા મનુષ્યો બનેલા બનાવોપર પડદો નાંખી, ભાવિ જીવન સુધારવાને પ્રયત્નશીલ થાય છે. મનુષ્ય જાતની દુષ્ટતાની સામે પુરા પડવું તે મેરૂપર્વતને માથે ઉચકી ફરવા જેવું છે.

રાજાએ અદ્યાપી પર્યંત રાણીને કેદમાંથી મુક્ત કરી નથી તેથી તે ચિંતા કરે છે. તેનુ હૃદય ગુન્હેગાર હોવાથી તેને અનેક તર્ક વિતર્ક થયાં કરે છે, છતાં બાહ્ય દર્શનમાં તે હજુ પતિવ્રતા સ્ત્રીનો આડંબર રાખે છે. તે હજુ એમ માને છે મ્હારા ચારિત્ર્યનો પટ પ્રકટ થયો કે નથી, તેથી તે એક દાસીની સાથે સંદેશો કહાવે છે કે–" પાપી અનુધસિંહે મ્હારી અને આપની એકજ વખતે જે દુર્દશા કરી હતી, તેમાંથી આપ ઇશ્વર કૃપાએ મુક્ત થયા છો, પણ આપના દર્શનની અભિલાષી હજુ આપત્તિમાંજ સડે છે. તેની આપ સત્વરે સંભાળ લેશો, નહિ તો આપના વિયોગથી તે ટળવળીને મૃત્યુ પામશે." રાજા મુકુંદસીંહ તે સંદેશો સાંભળતાંજ ક્રુદ્ધ થયેલા સિંહની પેઠે ઝનુની સ્વભાવનો થઇ સમશેર હાથમાં લે છે, પરંતુ સત્યસીંહ તેને શાન્ત પાડી રાણીને એક એકાન્ત મહેલમાં પુરતા બંદોબસ્ત વચ્ચે રાખવાની યોજના કરે છે.

સત્યસીંહ દેશનિકાલ થયો તે પછીનું વૃત્તાંત જાણવાની જીજ્ઞાસાથી રાજા સત્યસીંહને કેટલાક પ્રશ્ન પુછે છે. સત્યસીંહ પોતાની વિપત્તીની સર્વ વાતો કહી સંભળાવે છે. જ્યારે તે જાણે છે કે વીર પ્રવર સુમને રાજ્યભક્તિના પરિણામમાંજ આત્મભોગ આપ્યો છે. ત્યારે તેને અત્યંત ખેદ થાય છે. તેની આંખમાંથી અશ્રુપ્રવાહ વહી ચાલે છે વળી જ્યારે તે જાણે છે કે સરલા પાણી પાણી કરતાં રણના મેદાનમાં મૃત્યુ પામી છે. ત્યારે તે સઘળી વિપત્તીઓનું કારણભુત પોતેજ હોવાનું માની અત્યંત શરમીંદો થાય છે. વળી જ્યારે તેણે જાણ્યું કે સતિ સાધ્વી સર્યુએ પોતાના પ્રિયતમનો પ્રાણ બચાવવા પોતાના પ્રાણનું બળીદાન કર્યું ત્યારે તે સર્યુને ધન્યવાદ આપે છે.

સોનું અને સુગંધ ઉભય ગુણો સત્યસીંહમાં છે એવી રાજાની

દૃઢ ખાત્રી થાય છે. સત્યસીંહના ઉપકારોનું તે વારંવાર ચિંતવન કરે છે. તેના ઉપકારનો બદલો વાળવાને પોતાની રાજ્યસંપત્તિ પણ ઓછી પ્રતિત થાય છે. છતાં સત્યસીંહની જેટલી મિલ્કત રાજ્ય તાબે લેવામાં આવી હતી તે કરતાં દસગણી મિલ્કત, એક સુશોભિત મહેલ અને પ્રથમના કરતાં ચારગણી ઉપજની જાગીર બક્ષીસ આપવામાં આવે છે.

સત્યસીંહને તેની જાણ પડતાં તે મહારાજાની પાસે આવી સવિનય વિનંતી કરે છે;—"પ્રભુ! હવે સર્વ સ્થળે શાન્તિ પ્રસરાઇ છે. મ્હારૂં કર્તવ્ય પુરૂં થયું છે. હવે હું મ્હારા આત્માના કલ્યાણઅર્થે કોઇ ઉચિત સ્થાને જવા આપની આજ્ઞા માગું છું.

સત્યસીંહના શબ્દો સાંભળતાંજ રાજા ગળગળો થઇ જાય છે. સત્યસીંહના ગળે વળગી પડે છે. અને આર્જવતાથી કહે છે. સત્યસીંહ! સત્યસીંહ! ઓ મ્હારા પવિત્ર બંધુ! શું તું મને તજી દઇ ચાલ્યો જઇશ? અરે પુનઃ ત્હારા મુખમાંથી એક શબ્દ પણ ઉચ્ચારીશ નહિ. નહિ તો વિશ્વાસઘાતી મનુષ્યોની દુષ્ટતાથી જીર્ણ થયેલા આ દેહને તું એક ક્ષણમાં પ્રાણ મુક્ત થયેલો નિહાળીશ. એમ કહેતાંજ રાજાની આંખમાંથી બે અશ્રુબિંદુ સરી પડયાં. સત્યસીંહની આંખપણ સુકી નહતી.

સત્યસીંહે સવિનય હાથ જોડતાં કહ્યું,—"પ્રભુ! મ્હારો સંસાર નષ્ટ પામ્યો છે. આખા કુટુંબને હૃદયમાં પચાવી હું માત્ર આપની ક્ષમા મેળવવાનેજ જીવતો રહ્યો છું. હવે મને સંસારપર અભાવ ઉત્પન્ન થયો છે. ધન દોલત, માલ મિલ્કત, જમીન જાગીર, મહેલ માળીયાં હવે મ્હારે માટે કડવાં ઝહેર થઇ પડયાં છે. મનુષ્યના રહેઠાણ કરતાં જંગલી પશુઓને રહેવાનાં જંગલો અને ગુફાઓ મને વધારે શાન્તિ અને નિરાંતનું પ્રદાન કરે છે, મહેનત કરવાને ટેવ પડી છે એવા મ્હારા હાથ, કુદરતે જેનું સન્માન કર્યું છે તેવો સાદો ખોરાક મને પુરો પાડે છે, તેથી મ્હારે કશાની તંગી નથી. જે વધારેમાં વધારે કિંમતી ગણાય છે. તેવી શાન્ત, સંપૂર્ણ, અને આનંદજનક સ્વતંત્રતા મને ત્યાંજ મળે છે. ત્યારે ફરીને મારે શામાટે મનુષ્ય જાતિમાં ભળવું જોઇએ, અને ફરીને તેઓના દ્વેષ કપટ અને તરંગોને લીધે દુઃખ

વઠતું જોઇએ? માટે હે મ્હારા પાળક પ્રભુ ! હવે મ્હારી ઇચ્છા ફક્ત આત્માનું કલ્યાણ કરવાનીજ છે અને તે ઇચ્છા આપની દયા અને આજ્ઞા હશે તોજ પરિપૂર્ણ થઇ શકશે.

મુકુંદસીંહે ઉત્તર આપ્યો,-" સત્યસીંહ એક વખત તારા ડહાપણના હાથે મને અગાધ સંકટના સમુદ્રમાંથી તાર્યા પછી શું તુંજ મ્હારા દુર્ભાગ્યનું કારણ થવા ઇચ્છે છે? શું મ્હારા અપરાધની હજુ પણ ત્હારા અંતઃકરણમાંથી ક્ષમા મળી નથી? મ્હારા મ્હાલા બંધુ સત્યસીંહ ! તું મ્હારૂં હૃદય ચીરીને તપાસી જો મારી પાસેથી રજા મેળવવાના ત્હારા શબ્દોએ કેવા કારી ઝખમ કર્યા છે.

આ પ્રમાણે વાર્તાલાપ થાય છે દરમ્યાન એક જાસુસ ખબર લઇને આવ્યો કે કુમાર વિકળસીંહ બળવાન લશ્કર લઈ ચઢી આવ્યો છે. અને થોડેજ અંતરે પોતાની છાવણી નાખી છે.

રાજા આ ખબર સાંભળતાંજ ભયભિત થયો. કેમકે અબુધસીંહના દુષ્કૃત્યથી થયેલી અવ્યવસ્થા હજી દુર થઇ નહતી, દરમ્યાન ઉક્ત ખબર આવી હતી.

રાજાની મુખમુદ્રાપર શોકનું ચિન્હ જોઇ સત્યસીંહે ધૈર્ય આપતાં કહ્યું,-" પ્રભુ ! એવા સો વિકળસીંહ ચઢી આવે તોપણ પરવા નથી ? યુદ્ધનો પ્રસંગ સમાપ્ત થતાં સુધી સેવક આપની સેવામાં હાજર રહેશે. અને સૈન્યના મોખરે રહી શત્રુઓનો પરાજ્ય કરશે કૃપા કરી આપ સઘળા સૈન્યને જરૂરની સામગ્રિ સહીત સજ્જ કરો હું શત્રુઓની આંતરિક હાલતનું નિરીક્ષણ કરી તત્કાળ પાછો આવું છું." એ પ્રમાણેની સુચના કરી સત્યસીંહ ગુપ્ત વેશે શત્રુઓની છાવણી તરફ ગયો.

પ્રકરણ ૪૪ મું.

હર્ષ અને શોક.

પાઠકગણ ! ચાલો આપણે પણ સત્યસીંહની સાથે કુમાર વિકળસીંહની છાવણીમાં પ્રવેશ કરીએ.

વિકળસીંહની છાવણી જાણે વસ્ત્રની ઇમારતોથી વસેલું મહાન શહેર હોય તેવી જણાય છે. હથિયારોના ખડખડાટ, ઘોડાઓના હણહણાટ, અને સૈનિકોના અવાજનો શોરબકોર ઘણે દુર સુધી સંભળાય છે. છાવણીની આસપાસ બળવાન સૈનિકોના પહેરા હોવાથી રાત્રિને સમયે અજાણ્યા મનુષ્યને છાવણીમાં જવું અતિ કઠિન છે.

સર્વ તંબુઓના મધ્યમાં એક વિશાળ, અને રમણીય તંબુ છે, તે તંબુની દિવાલો ચંદ્રના બચ્ચા જેવા દીપકના પ્રકાશથી આરસ પત્થરના જેવી જણાય છે. તંબુની મધ્યમાં રંગદાર પાયાવાળા બે લાંબા અને પહોળા ઘાટદાર ઢોલીયા છે. બિછાના ઉપરની શ્વેત ચાદરો જાણે મોગરાના પુષ્પોથી ગુંથેલી હોય એવી લાગે છે, અને તે ઉપર કદાવર બાંધાના બે વીર યુવાનો બેઠેલા છે. હાલ તેઓ પરસ્પર વાર્તાલાપમાં નિમગ્ન છે.

વિકળસીંહે પૂછ્યું,— પ્રિય મિત્ર ? હવે યુદ્ધના સમારંભ માટે સર્વ તૈયારીઓ શીઘ્ર થવી જોઇએ.

યુવાને ઉત્તર આપ્યો, આપની સર્વ આજ્ઞાઓનો સત્વરે અમલ કરવામાં આવશે

વિકળસીંહે કહ્યું.— હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે લડાઇ જાહેર કરતાં પહેલાં એક લશ્કરી ટુકડીને એકદમ રવાના કરી અબુધસીંહને કેદ કરવો, જેથી એક પાપી મનુષ્યના દુષ્કૃત્યની શિક્ષા અન્ય નિર્દોષ મનુષ્યોને ભોગવવી પડે નહિ.

યુવાને કહ્યું,— આપના વિચારો પ્રસંશનીય છે. કેમકે પૃથ્વી ઉપર બહોળા ફેલાયેલા એક કુટુંબની સમાન સઘળા મનુષ્યો છે,

અર્થાત્ કુદરતની દ્રષ્ટિએ સઘળા મનુષ્યો બંધુ સમાન છે. માટે નિર્દોષ મનુષ્યોના રૂધિરમાંથી કિર્તિ મેળવવાનું સુજ્ઞ મનુષ્યો પસંદ કરતા નથી, તથાપિ શત્રુને ચેતવણી આપ્યા વિના, તેને પરાજીત કરવો, એ વર્તન ક્ષાત્રધર્મની વિરૂદ્ધ છે.

વિકળસીંહે પૂછ્યું,— ત્યારે શું તમે તેને ચેતવણી આપવા ધારો છો ?

યુવાને કહ્યું,— હા, માત્ર ચેતવણીજ નહિ, પણ તેણે કરેલા અપરાધોની–પશ્ચાતાપ સાથેની–ક્ષમા મેળવવાની તક સુવાન્ત આપવી યોગ્ય ધારૂં છું. કેમકે અબુધસીંહ આખર તોપણ એક મનુષ્યજ છે. તેથી તેનાવડે ન્હાની મ્હોટી ભૂલ થવી સંભવિત છે. વળી રાજ્ય એ વસ્તુજ એવી મોહક છે કે નીચ ખવાસના એક મનુષ્ય ઉપર અણુઘટતી મહેરબાની બતાવવાથી અને તેને સ્વચ્છંદે વિચરવાની તક આપવાથી તે નિંદ્ય કર્મો કરવા તરફ પ્રેરાય છે.

અબુધસીંહ આટલા દરજાજે અધર્મના પંથ ઉપર નિરંકુશ થઇ ચાલ્યો ગયો. તેમાં તેનો જેટલો અપરાધ છે, તેટલોજ અપરાધ ખુદ મહારાજાનો છે.

વિકળસીંહે આશ્ચર્ય થઇ પૂછ્યું,—"તે શી રીતે ?

યુવાને ઉત્તર આપતાં કહ્યું,—,રાજાઓએ એકજ મનુષ્યની સલાહ ઉપર આંધળીઆં કરીને રાજ્યતંત્ર ચલાવવું, એ રાજ્યને અને પ્રજાને અવનતિના ગાઢ અંધકારમાં ફેંકી દેવા જેવું કૃત્ય છે. અને તેમાં પણ તે મનુષ્યના સદ્દગુણોની ખરી કસોટી કર્યા પહેલાંજ તેના ઉપર અંધવિશ્વાસ મુકી તેને સ્વતંત્રપણે વિચરવા દેવો એ તો પોતાના હાથેજ પોતાનું ખુન કરવા બરાબર છે. મિત્ર ! રાજા મુકુંદસીંહે તે પ્રમાણે કર્યું છે.

વિકળસીંહે પૂછ્યું,—" અબુધસીંહ જેવા એક અયોગ્ય માણસ ઉપર અંધવિશ્વાસ મુકતાં પહેલાં રાજા મુકુંદસીંહે કંઇ પણ કસોટી નહિ કરી હોય ?"

યુવાને ઉત્તર આપ્યો,—" એમજ લાગે છે અને તેમાં તેમનો વિશેષ દોષ કંઇજ નથી. કેમકે રાજ્યપદની એ પોતેજ એવી દુઃખદ સ્થિતિ છે. જ્યારે બીજા માણસો તેમના ચરણ આગળ ધ્રુજતા હોય એમ દેખાય છે, ત્યારે વાસ્તવિક રીતે તો રાજાઓ બીજા માણસોના

હાથમાં એક રમકડા જેવા થઇ પડેલા હોય છે, જેણે પોતાના કામ-કાજની સઘળી વ્યવસ્થા બીજાના હાથમાં સોંપી દીધી હોય છે. આવા નિર્બળ મનના પ્રમાદી રાજા ઉપર ખટપટીયા લોકોની કેટલી સત્તા હોય છે, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે."

વિકળસિંહે પૂછ્યું—"પણ શું અબુધસિંહના સ્વચ્છંદીપણાની અને તેની અધમ વૃત્તિઓની રાજા મુકુન્દસીંહને અંતપર્યન્ત કંઇ ખબર નહિ પડી હોય ?"

યુવાને ઉત્તર આપ્યો—"કદાચ પડી હશે, પણ તેથી શું ? જેને ઉપયોગી થઈ પડવાની કળા આવડે છે તેવા હિંમતવાન, અને કાવતરાખોર લોકોના કબજામાં જે રાજા અંધવિશ્વાસ રાખીને એક વખત જઇ પડે છે, તેણે તેનું નુકશાન ઉઠાવ્યા વિના છૂટા થવાની આશા રાખવી દુર્ઘટ અને દુર્લભ છે"

વિકળસિંહે પૂછ્યું—"ત્યારે શું એવો એક પાપી, નરાધમ, પોતાનું જીવન ટકાવી રાખવાને જો કદાચ ક્ષમા માગે તો શું તેને ક્ષમા આપવી વ્યાજબી ગણાશે ?"

યુવાને ઉત્તર આપ્યો—"તે સઘળું આપનાજ અખત્યારમાં છે; કેમકે રાજાઓએ જે સદ્ગુણો અવશ્ય ખેડવા જોઇએ, તેમાં ક્ષમા, અને દયા એ અગત્યના વિભાગો છે. અપરાધીને શિક્ષા કરવાનો હેતુ વૈરની શાન્તિ માટે નથી, પણ અપરાધીની સુધારણા અર્થે, અને તેની કુમાર્ગે વ્યય થતી જીંદગીપર દયા દર્શાવવા અર્થે છે. માટે જો કે અબુધસિંહ પાપી, નરાધમ, અને પીશાચ વૃતિવાળો છે, તથાપિ તે પોતાના સઘળા અપરાધ સ્વિકારી, કેટલે અંશે પોતાના પાપનો પશ્ચતાપ કરે છે તે જાણ્યા પછીજ તેનો નિર્ણય થઈ શકે."

વિકળસીંહે વળી એક પ્રશ્ન કર્યો—"કુમાર રાજાઓએ કયા ગુણો અવશ્ય ખેડવા જોઇએ ?"

યુવાને ઉત્તર આપ્યો, સદ્ગુણ પ્રત્યે પ્રેમ, ઇશ્વરનો ભય, જન-સમાજ પ્રત્યે લાગણી, સંપત્તીમાં ક્ષમા, વિપત્તિમાં ધૈર્ય, દરેક સ્થિ-તિમાં સત્ય બોલવાની હિંમત, અને ખુશામતનો વ્યાજબી ધિક્કાર !

વિકળસીંહે આભાર દર્શાવતાં કહ્યું—"મિત્ર ત્હારી સાથેના સ્નેહનું પવિત્ર બંધન તે ત્હારા સદ્ગુણો છે. કે જેની પવિત્ર રોશ-નીનાં કિરણો ત્હારા સત્સંગમાં રહેનારાઓને પણ ઉજ્વળ કરવાને શક્તિમાન છે."

આ પ્રમાણે નિશ્ચિંતપણે તેઓ વાર્તાલાપ કરે છે તેવામાં અચાનક તંબુની અંદર એક છીદ્ર પડે છે જેમાંથી કેટલાંક ચંદ્રકિરણો સુમનની પથારીપર દેખાવ દેછે. તે કિરણો દ્રષ્ટિગોચર થતાંજ યુવાન વિકળસીંહને કહે છે. કુમાર ! સાવધ થાઓ કોઈ ગુપ્તચર તંબુની આસપાસ ઉભો હોય એમ લાગે છે.

યુવાનનું અનુમાન સત્ય હતું. સત્યસીંહ તે ક્ષણેજ તંબુ સમીપ આવી પહોંચ્યો હતો. તેણે તંબુમાં વાર્તાલાપ કરતા બે યુવાનોને દ્રષ્ટિગોચર કર્યા હતા, તેમાંના વિકળસીંહને તેણે તત્કાળ ઓળખ્યો હતો. કીન્તુ બીજો યુવાન કોણ છે તેને માટે તે સશંક હૃદયે તીવ્ર દ્રષ્ટિથી તેના ભણી જોતો હતો.

પ્રથમ દ્રષ્ટિએજ તેને ઘણી અજાયબી સાથે એમ પ્રતીત થયું કે, એ તેનો પ્રિય પુત્ર સુમન છે. પણ વળી તેને વિચાર થયો કે, નહિ, નહિ, મારી દ્રષ્ટિમાં કંઇક દોષ છે. સુમન તો કયારનોએ ચીર નિદ્રામાં સુતો છે. એમ વિચારી તેણે પુનઃ ધ્યાનપૂર્વક જોયું અને કહ્યું. “ખચિત આ તો સુમનજ છે. આ શું ? શું આ સત્ય છે કે મિથ્યા ભ્રાન્તિ છે ? નહિ સુમનની હૃદયમાં સ્થાન પામેલી પ્રતિમા મને ભ્રમણામાં નાંખે છે.” એમ વિચારી તેણે પોતાનાં ચક્ષુઓ એક વખત બંધ કરી, ચોળી, મસળી, ધારી, નિહાળીને જોયું. હવે તેની દ્રઢ ખાત્રી થઈ કે નિર્વિવાદ એ સુમન છે.

પુત્ર પ્રત્યેનો વાત્સલ્યભાવ હૃદયમાંથી બહાર ઉભરાઇ આવ્યો તે એક ક્ષણના વિલંબ વગર સુમનને મળવા—ભેટવા—અધીર થયો. તે આનંદના આવેશમાં પોતાના મનમાંજ કહેવા લાગ્યો—“ અરે ! ઓ મારા વ્હાલા પુત્ર ! શું તારા શિરચ્છેદની ખબર મેં સાંભળી હતી, તે અસત્ય હતી ? અરે જો તું હયાત છે એવી ત્હારી માતાને ખબર હોત તો, ત્હારી પ્રેમાળમાતા કે જે વારંવાર ત્હારૂં સ્મરણ કરી હૃદયફાટ કલ્પાંત કરતી હતી, અને જે ત્હારા મૃત્યુની ખબર જાણી પ્રાણઘાતક આઘાતો સાથે સ્વર્ગે પહોંચી છે. તેને કેટલો આનંદ થાત ? કેટલી શાન્તિ થાત ? ખેર, એ ત્હારી હેતાળમાતા ત્હારા સ્નેહપર આંસુ વરસાવી ચાલતી થઇ છે પણ હું તને ફરી જોવાને ભાગ્યશાળી થયો એ પરમાત્માની મ્હારા પર મહદ્કૃપા છે. એમ વિચારી તે સુમનને પોતાના હૃદય સાથે ચાંપવાના ઉદ્દેશથી તંબુના દ્વારભણી ચાલ્યો

પણ તેટલામાંજ તેના વિચાર તરંગોનું એકાએક પરિવર્તન થયું. "સબુર સત્યસિંહ! ઉતાવળો થઈશ ના, તેને વ્હાલથી ભેટતાં પહેલાં ત્હારે એ જાણવું જોઈએ કે વિકળસિંહ કે જે મ્હારા માલિકના રૂધિરમાંથી કીર્તિ પ્રાપ્ત કરવાને આવ્યો છે, અને જે મ્હારા દેશબંધુઓના રૂધિરપાનથી પોતાના વૈરની તૃપ્તી કરવા ઇચ્છે છે. તેની સાથે સુમન શા માટે રહ્યો છે, અરે જેઓ એક વખતે એક બીજાના કટ્ટા દુશ્મન હતા તેઓ હવે કયા કારણને લઇ મિત્ર થયા છે? એ મ્હારે જાણવું જોઇએ. અલ્પ સમય વિચાર કરી પુનઃ તે પોતાના મન સાથે કહે છે,—ખચિત્ત! વિકળસિંહની મહેરબાનીનું, તેની સાથે યુદ્ધમાં સામેલ રહેવાનું એકજ કારણ સંભવિત લાગે છે અને તે એ કે—શિરચ્છેદની તૈયારી થતાં સુમન ભયાનક મૃત્યુની આગળ લાચાર થયો છે. તેની ક્ષણભંગુર જીંદગી બચાવવાના મોહમાં તે સ્વામિ ધર્મથી પતિત બન્યો છે. સંસારનું ક્ષણિક સુખ મેળવવાની લાલસામાં, સ્વર્ગની શ્રેણીરૂપ નેક વફાદારીનો તે કટ્ટો વિરોધી થયો છે. અરે તેની જીંદગી કલુષિત થયા પછી બેવફા સુમનને વિકળસિંહે પોતાનો અપવિત્ર હાથ આપી દ્રોહરૂપી દાવાનળમાં ઉભો રાખ્યો છે. અરે ઓ કુલાંગાર સુમન! શું તું ત્હારા માલિકની સામેજ હથિયાર ઉઠાવવા તૈયાર થયો છે? અરે ઓ ઝેરી નાગ! શું તું તને દુધ પાઇ ઉછેરનારનેજ ડંશ દેવા આવ્યો છે? શું તું અમારી પ્રતિષ્ટાને—અમારી નેકનામીને કલંકિત કરવા ચાહે છે? નહિ. એમ નહિ બને. આવતી કાલે રણસંગ્રામમાંજ ત્હારા પિતાના હાથે ત્હારૂં મૃત્યુ થશે. ત્હારી બેવફાઇનો બદલો મારી તલવારથી મળશે. પુત્રપ્રતિનો પ્રેમ સત્યસિંહને ધર્મના માર્ગ ઉપરથી, વફાદારીની રાહ ઉપરથી કદી વિમુખ નહિ કરે. અરે! હજુ પણ મ્હારી ભુલ થાય છે. પાળ તુટયા પછી પાણી વહિ જશે, ઘર સળગ્યા પછી કુવો ખોદવો નિરર્થક થશે. સુમન વિદ્રોહી થયો છે એટલી જ વાત અમારી પ્રતિષ્ટાને ધુળમાં રગદોળવા પુરતી થશે. અરે! સુમને સ્વામિધર્મને માટે કેવી બહાદુરીથી પ્રાણ આપ્યો છે તેને માટે મેં થોડા વખત પહેલાં જ મહારાજાને વાત કરેલી છે. હવે જયારે તેઓ જાણશે કે, તેમાં સો ટકા અસત્ય હતું ત્યારે મ્હારી પોતાની પણ કેવી દુર્દશા થશે? બસ! સુમન ગુન્હો કરે તે પછી તેને શિક્ષા કરવી તે કરતાં તેને ગુન્હો કરતાં અટકાવવો —તેની ચળકતી કીર્તિ પર કાળો ડાઘ લાગતાંજ અટકાવવો—એજ

શ્રેષ્ટ ઇલાજ છે. શું ત્યારે તે મ્હારા ઉપદેશથી સમજશે ? નહિ વિકળસિંહ તેમાં આડે આવશે. વિકળસિંહને આપેલા વચનથી તે ભ્રષ્ટ થશે. એક ગુપ્તચર તરીકે આ છાવણીમાં મ્હારૂં આવવું પ્રકાશિત થતાં અહીં આવવાના મ્હારા સર્વ હેતુઓ નિષ્ફળ થશે. ત્યારે હવે શું કરવું ?” થોડી વાર વિચાર કરી,—“ સુમન વિકળસિંહને આપેલા વચનથી ભ્રષ્ટ થાય નહિ, અને સ્વામિદ્રોહનો મહાન અપરાધિ થતો પણ અટકે, તેને માટે તો એક જ ઇલાજ જણાય છે, તે એ જ કે તેની જીંદગીનો અંત આણવો. અરે ! સારૂં થયું કે આ ભયાનક રાત્રિએ અનેક મુશ્કેલીઓને ભેદી હું અહીં આવી શકયો છું નહિ તો પ્રભાતમાં સુર્યના પ્રકાશની સાથે જ મારી અને તેની કીર્તિનો ચંદ્ર હમેશને માટે અસ્ત થઈ જાત.” એમ કહેતાં જ તેણે એક તમંચો સુમન તરફ તાકયો. સત્યસિંહનો હાથ કંપ્યો હૃદયમાંથી પ્રતિબંધક અવાજ આવ્યો,—“ અરે ! મ્હારો મજબુત હાથ આજે કેમ કંપે છે ? અરે ! ઓ મ્હારા પુત્ર જો તું કદીએ બુદ્ધિભ્રષ્ટ અથવા સદ્ગુણ વિ-મુખ થવાનો છે, એવી મને પ્રથમથી ખબર હોત તો જેમ બગીચા-નો માળી ખીલતા કોમળ ફુલને ચુંટી નાખે છે, તેમ ત્હારા આયુષ્યની દોરી મેં કયારનીએ તોડી નાખી હોત ! ઓ પ્રભુ ! ત્હારી કળા અ-કળિત છે. એક સમય એવો પણ હતો કે જયારે હું સુમનને દીર્ઘાયુષી કરવા પરમાત્માને પ્રાર્થના કરતો હતો. આજે હું મ્હારા પોતાના હાથે જ તેનો અંત આણવા તૈયાર થયો છું. અરે ! એક સમય એવા પણ હોત કે જયારે તેના મેળાપથી મ્હારા અને તેના હૃદયમાં હર્ષ ઉભરાઇ જતો હોત, આજે તેનો અચાનક સંયોગ થયા છતાં તેનાપર પ્રાણઘાતક હથિયાર ચલાવવા તત્પર થયો છું.

અરે ! જે કોહીનુર કરતાં પણ મને વધારે પ્રિય છે. તેને શું મ્હારે તેના લોહીમાં તરબોળ કરવો યોગ્ય છે ? ખચિત ! મનુષ્યની જીંદગીનું પહેલું સ્થાન પ્રતિષ્ટા છે. અરે ઓ અપવિત્ર પ્રેમ ! શું તું મ્હારી નેક વફાદારીનો પરાજય કરવા ઇચ્છે છે ? નહિ, સત્યસીંહના રોમરોમમાં રાજ્યભકિત, અને વફાદારીનું ઝનુન છે. તે પોતાની પ્રતિ-ષ્ટાને પોતાના પુત્ર કરતાં અગ્રસ્થાન આપશે.” એમ વિચારી પુનઃ તેણે પોતાનો પાસેનો તમંચો સુમનભણી તાકી તેનો શીઘ્ર પ્રહાર કર્યો.

પ્રકરણ ૪૫ મું.

છાનો દુશ્મન.

પાઠકગણ ? નરપતિ વિમળસિંહે સુમનનો શિરચ્છેદ કરવા હુકમ આપ્યો હતો અને તેને અમલ થઈ ગયાની ખબર એક સૈનિક દ્વારા જાતે સત્યસિંહને મળી હતી, છતાં આપણે સુમનને વિકળસિંહની છાવણીમાં દ્રષ્ટિગોચર કર્યો તેનું કારણ શું ? શું સત્યસિંહ માને છે તેમ મૃત્યુના ભયથી લાચાર થઈ તે પોતાના સિદ્ધાન્તથી વિમુખ થયો હતો? "નહિ,"

રાજા વિમળસિંહે જે વખતે સુમનનો શિરચ્છેદ કરવા હુકમ આપ્યો, તે વખતે તેણે સુમનના શૌર્યનું દીગ્દર્શન કર્યું હતું. વળી સત્યસિંહની બહાદુરીનાં વખાણ પણ તેણે ઘણી વખત સાંભળ્યાં હતાં તેથી આ શિક્ષા અમલમાં આણતાં સત્યસિંહ કેટલાં વિઘ્ન નાખશે, તેને માટે રાજાના હ્રદયમાં અનેક તર્ક વિતર્ક ઉત્પન્ન થયા હતા અને તેથી તેણે સત્યસિંહને રાજ્યની સિમા બહાર વિદાય કરવાની સૈનિકોને આજ્ઞા આપી હતી વળી તેણે એવી સુચના આપી હતી કે કદાચ સુમનના સંબંધમાં સત્યસિંહ પ્રશ્ન કરે તો ઉત્તર આપવો કે સુમનનો શિરચ્છેદ થઇ ગયો છે. એ કારણથી સૈનિકોએ શિક્ષાનો અમલ થઇ ગયાની ખોટી ખબર આપી હતી.

સત્યસિંહ તે રાજ્યની મર્યાદા બહાર ગયો તે પછી એક દિવસે સુમનને સખ્ત બંધન વડે બાંધી લઇ વધસ્થાન ભણી લઇ જવામાં આવ્યો. શિરચ્છેદનો હુકમ અમલમાં આણવા જલ્લાદોએ તલવાર તાણી. સુમન તે શિક્ષાને તાબે થવા અડગપણે ઉભો રહ્યો, પરમાત્માનું ધ્યાન ધરતાં પોતાના આત્માની તે દીનદયાલ સાથે એકતા કરી.

પરમાત્માના દરબારમાં જો સત્ય, અને નીતિની કાંઇ કિંમત ન હોય તો દુનિયાના મનુષ્યોમાંથી સત્ય અને નીતિનો તદન લોપ થઇ ગયા વિના રહે નહિ.

જલ્લાદોની તિક્ષણ તલવાર સુમનની ગરદનપર પોતાની સત્તા જમાવે તે પુર્વેજ રાજકુમાર વિકળસિંહ ત્યાં આવી પહોંચ્યો અને

બીજો હુકમ થતાં સુધી સુમનનો શિરચ્છેદ નહિ કરવાની આજ્ઞા આપી. પોતાના પિતાની પાસે ગયો. સુમન આ બનાવથી વિસ્મય પામ્યો.

રાજા વિમળસિંહ સાથે, સત્યસિંહ અને સુમનનો સંવાદ ચાલ્યો, તે વખતે વિકળસિંહની હાજરી ન હતી પણ ત્યાર પછી તેણે સર્વ વૃત્તાન્ત પોતાના એક કર્મચારીદ્વારા શ્રવણ કર્યું હતું. કર્મચારીએ તો તે વૃત્તાન્તને એક વધામણીનું સ્વરૂપ આપ્યું હતું. તથાપિ વિકળસીંહના હૃદયમાં તો તેથી દયાની લાગણી જન્મ પામી હતી.

વિકળસીંહ વસ્તુતઃ એક શાણો રાજકુમાર હતો. તેનું હૃદય પવિત્ર અને પ્રભાવશાળી હતું તે ડાહ્યો અને ગુણગંભીર હતો. ઉદાર અને કદરદાન હતો. તેના વિચારો ધર્મના પરિપક્વ રંગે રંગાયેલા હતા. સારાસાર અને સત્યાસત્ય જાણવાનું તેનામાં સામર્થ્ય હતું.

યદ્યપિ સુમને વિકળસિંહનું અસહ્ય અપમાન કર્યું હતું અને તે અપમાનનું વૈર લેવા તેના હૃદયમાં પ્રબળ આકાંક્ષા હતી, તદપિ તે વૈર રાજાના એક સૈનિક સાથે હતું. નહિ કે સુમનની જાત સાથે. એટલે જ્યારે તેણે જાણ્યું કે સુમનની અનિવાર્ય સેવાની કાંઇ કદર નહિ કરતાં મુકુંદસિંહે તેને દેશપાર કર્યો છે ત્યારે તેના પ્રત્યે તેને દીલસોજી ઉત્પન્ન થઇ, વળી જ્યારે તેણે જાણ્યું કે મુકુંદસીંહે એટલો અત્યાચાર કર્યા છતાં પણ સત્યસીંહ અને સુમન સ્વામીભક્તિના સિદ્ધાન્તપર અડગ રહ્યા છે ત્યારે તેને તેમના પ્રત્યે અસાધારણ માન ઉત્પન્ન થયું. અને તેટલા માટે શિક્ષાનો હુકમ મોકુફ રખાવી તે પોતાના પિતાની પાસે ગયો.

રાજાએ કુમારને દેખતાંજ કહ્યું—"કુમાર! સુમન કે જેણે ત્હારૂં અસહ્ય અપમાન કર્યું હતું અને જે સીંહ સમાન શૌર્યનો ગર્વ રાખતો હતો. તેનો શીરચ્છેદ કરવા મેં જલ્લાદોને હુકમ આપ્યો છે એ જાણી તું ખુશી થઇશ."

વિકળસીંહે કહ્યું—"હા, એ ખબર મેં ઘણાજ ખેદની સાથે સાંભળી છે.

રાજાએ વિસ્મય થતાં પૂછ્યું—ખેદની સાથે?

કુમારે કહ્યું "હા."

રાજાએ આતુર થઈ પૂછ્યું—કારણ?

કુમારે ઉત્તર આપ્યો—આપેજ મને એક દિવસ કહ્યું હતું કે સીંહને પાંજરામાં પુરી, તેના હાથપગ કાપી નાંખી તેનો શિકાર કરવો એ કંઇ શૌર્યતા નથી.

રાજાએ પૂછ્યું-વારૂ ત્યારે એ વિષયમાં તારો અભિપ્રાય શો છે?

કુમારે કહ્યું—મ્હારો અભિપ્રાય પ્રથમ દર્શનિક રીતે આપને વિચીત્ર લાગશે, છતાં આપની આજ્ઞાનું પાલન કરવા હું પ્રાર્થના કરૂં છું કે સુમનને એ ઘાતકી શિક્ષામાંથી બચાવો.

રાજાએ પૂછ્યું.—કેમ? સુમન પ્રત્યેના વૈરને તું સર્વથા ભૂલી ગયો છે?

કુમારે કહ્યું,—"પિતા! ખચિત સુમને મ્હારૂં અપમાન કર્યું છે એમાં કાંઇ શક નથી, તથાપી તે તેના ખાનગી વૈરની તૃપ્તિ માટે નહિ, પણ પોતાના માલિકની સેવા બજાવતાં કર્યું છે તેથી તે રહેમને પાત્ર છે. સુમન એક બહાદુર ક્ષત્રિરત્ન છે. તેની ગરદન ઉપર ચળકતી તલવારો ટમટમી રહેલી છતાં તે અકંપિત ઉભો છે. તે પોતાની આંખનો એક પલકારો પણ કરતો નથી. તેવા વીર યુવાનને ઉછરતી વયમાં નિર્મુળ કરવો એ કોઈ રીતે ઇચ્છવા યોગ્ય નથી! પિતા! હું સત્ય કહું છું કે સુમનનું ડહાપણ, અને સદ્ગુણો મ્હારામાં મિત્ર ભાવ ઉત્પન્ન કરે છે. તેની કદર કરવા યોગ્ય વફાદારી મ્હારા વૈરને શાન્ત કરી તેને બદલે પ્યાર ઉત્પન્ન કરે છે. તેના પ્રત્યેક શબ્દો સત્યથી સીંચાયેલા, અને ચમત્કારી છે. પરમાત્માએ તેના ડહાપણ જોડે તેના સદ્ભાગ્યને જોડેલું છે. માટે તેના ધીરોદત્ત ગુણને વધારે પ્રકાશિત થવા દેવા વધારે વખત જીવતો રહેવા દેવો ઉચિત છે.

રાજાએ પૂછ્યું,—કુમાર ત્હારી વક્તૃત્વ શક્તિ ગમે તેવાના વિચારોનું પરિવર્તન કરે તેવી છે. બહુ સારૂ, કહે જોઇએ સુમનને માટે કઇ શિક્ષા યોગ્ય ગણાશે?

કુમારે કહ્યું,—"સુમનને એવી શિક્ષા થવી જોઇએ કે જે તલવાર કરતાં વધારે તીવ્ર હોય. જે શિક્ષા સાંભળતાંજ તે જમીનમાં ઉતરી પડવાની ચેષ્ટા કરે, અને તે બનાવથી આપની કીર્તિનો સૂર્ય

વધારે પ્રકાશિત થાય, અને આપની ઉદારતા, અને કાર્યદક્ષતાના જય ગીત પ્રત્યેક સ્થળે ગવાય.

રાજાએ અજાયબ થતાં પૂછ્યું,—"એટલે શું તું સુમનને ક્ષમા આપવાની ભલામણ કરે છે?

કુમારે સવિનય કહ્યું,—હા, કેમકે ક્ષમા, એ શ્રેષ્ટ રાજ્ય કર્તાનો અમુલ્ય સદ્‌ગુણ છે. સુમન ક્ષમાને પાત્ર છે. તેની વફાદારી, તેનું ડહાપણ, શિક્ષા કરવાને લાયક નહિ, પણ કદર કરવાને લાયક છે. માટે તેની જીંદગી પાછી બક્ષી, આપણે આપણા પરિચારકોને દ્રષ્ટાન્ત આપવું જોઇએ કે વફાદાર અને નિમકહલાલ નોકરોની કદર કરવા માટે આપણે કેટલા મહત્વાકાંક્ષી છીએ.

રાજાએ કહ્યું,—ઠીક, ત્યારે જા, અને તે શિક્ષાનો અમલ ન થયો હોયતો તેની જીંદગી પાછી પ્રદાન કર.

વિકળસીંહની તજવીજથી સુમનને રાજાની સમક્ષ હાજર કરવામાં આવ્યો. સુમન હજુ પણ જેવોને તેવોજ નિર્ભય છે. રાજા વિમળસિંહે પોતાની ઇચ્છા સુમનને જણાવી દેવા પોતાના પુત્રને દ્દષ્ટિવડે કહ્યું તેથી કુમાર વિકળસિંહે પોતાનું મુખ સુમન ભણી ફેરવી બંધનમુક્ત કર્યા પછી વિનયયુક્ત વાણીથી બોલવું શરૂ કર્યું. બહાદુર મન! મ્હારા પિતાશ્રીએ તમારી દ્રઢતા, તમારી વફાદારી અને તમારી સત્ય-નીષ્ટની પરીક્ષા કરવા માટે તમને જે સંકટની કસોટીપર ચડાવ્યા હતા. તેમાં અંતે તમે વિજયી નિવડયા છો. મ્હારા પૂજ્ય પિતા અંતઃકરણથી માને છે કે તમારા જેવા વફાદાર અને પ્રમાણિક મનુષ્યો આ દુનિયાના ઉદાહરણને માટે વધારે વખત જીવતા રહેવાને પાત્ર છે. સુમન! તમને યાદ હશે કે એક વખત ત્હમે ક્ષત્રિધર્મની હદ કુદાવી મ્હારા પરાજયથી સંતોષ ન પામતાં મારૂં અપમાન કરવાને સાહસિક થયા હતા, તે ત્હમારૂં કૃત્ય કેટલુ હીણુસપતિ ભરેલું અને લાગણીકારક હતું, તેનુ તમને યથાર્થ સ્વરૂપ સમજાવવાને માટે મ્હારા પિતાશ્રીએ તમને શિક્ષા ફરમાવતી વખતે એ અપમાનકારક સ્થિતિનું ભાન કરાવ્યું હતુ, તે ઉપરથી તમે તે કૃત્યની ભયકરંતા સમજી શકયા હશો. અપરાધીને શિક્ષા થવી જોઇએ, એજ ન્યાય તો છે પણ એક કદરદાન રાજાનો પવિત્ર ન્યાય દયાને આધિન હોય છે

કે જે દયા એક કુપાત્ર, કુલાંગાર અને નિમકહરામ મનુષ્યના માટે કુદરતે સરજેલી નથી, પણ ત્હમારા જેવા એક આજ્ઞાપાળક અને રાજ્યભક્તિના મર્મને સમજનાર નિમકહલાલ મનુષ્યોના માટેજ પેદા થયેલી છે. તે આ વખતે તમારી વફાદારીપર વશીલો ચલાવી મ્હારા પિતાશ્રીના શુદ્ધ અંતઃકરણથી તમને ક્ષમાની બક્ષિસ અર્પણ કરાવે છે તમારા તરફથી કરવામાં આવેલા અપમાનનો બદલો તમારી પરિક્ષાને અર્થે કરવામાં આવેલી ઘાતકી શિક્ષાથી નહિ, પણ મારા પવિત્ર પિતાની કિર્તિને ઉજ્વળ કરે તેવી કદરદાનીથી આપવામાં આવે છે. આશા છે કે તેથી તમને સંતોષ થશે.

જેમ જેમ વિકળસિંહનું ભાષણ આગળ ચાલ્યું તેમ તેમ સુમન વધારે નમ્રશિલ થતો ગયો તેણે પોતાની દ્રષ્ટિ જમીન તરફ કરી, તે અંતરમાં પોતાની ભૂલને માટે પસ્તાવો કરવા લાગ્યો. વિક-ળસીંહની હોંશીયારી માટે, તેના ઉમદા ગુણો માટે, તે પોતાના હ્રુદયમાં તેની સ્તુતિ કરવા લાગ્યો.

સુમને વિકળસિંહના વિવેચનનો ઉત્તર આપતાં કહ્યું,—“ કદિ પણ ન ભૂલાય તેવા ઉપદેશથી અને ભૂલ કરનારથી કદી પણ ન વિસરાય તેવી ડહાપણ ભરેલી શિક્ષાથી, મારા હ્રુદયમાં કેવી દુઃખદાયક અસર અને પૂર્વે નહિ અનુભવેલી શરમ ઉત્પન્ન થઇ છે, તે આપને કહી સંભળાવવા જેટલું સામર્થ્ય પણ તે શરમથી આચ્છાદિત થયેલા હ્રુદયમાં રહ્યું નથી. મારી એક ભુલ થયા પછી તેને છુપાવવા બીજી હજાર ભુલો કરવા જેવો કૃતઘ્ન હું નહિ થાઉં. ખચિત્ત મ્હેં સુજ્ઞ મનુષ્યોમાં સામ્રાજ્ય ભોગવતા ડહાપણની હદ કુદાવીને વાસ્તવિક શાણપણને ઝાંખ લગાડે તેવું સાહસ કર્યું હતું, અને હવે મને સમજાય છે કે યુવાની કે જે મુર્ખાઇ ભરેલી રમતો અને ઉછાંછળાઇની વેદના વચ્ચે વિભક્ત થયેલી જીંદગીની દુઃખદ અને ઉન્માદ અવસ્થા છે, તેજ મ્હારી ભુલનું મધ્યબિંદુ છે. અરે જો તે વખતે મ્હારૂં માથું સફેદ કેશવાળું થઇ ગયું હોત, તો મૃત્યુની સ્થિતિ કરતાં પણ વધારે દુઃખદ જે શરમ ભરેલી નિર્બળતા હાલ મ્હારામાં જણાય છે, તેવો પ્રસંગ ભાગ્યેજ પ્રાપ્ત થાત.”

સુમનના ઉત્તરથી પિતા પુત્રને સંતોષ થયો. કુમાર વિકળસીંહની

સલાહ કેટલી કિંમતી હતી, તે રાજા વિમળસિંહને વિકળસિંહ સાથેની વાતચિતમાં નહોતી સમજાઇ તે પાછીથી વિકળસિંહના વિવેચનથી સમજાઇ તેને એમ પણ લાગ્યું કે તે પોતે આવી રીતે સુમનને ભાગ્યેજ શરમાવી શકયો હોત. વિકળસીંહની ચતુરાઇ માટે તેના પિતાને સંતોષ થયો. સુમનનો શિરચ્છેદ ન થતાં તેનો છેવટ ફડચો આ રીતે આવ્યો તેના માટે તે પોતાના અંતઃકરણમાં આનંદ પામ્યો.

સુમનને અતિથિ તરીકે રાજમહેલમાં જ રાખવાની મહારાજાએ આજ્ઞા કરી તેથી સુમન અને વિકળસીંહ મહારાજાને અભિવંદન કરી ત્યાંથી જવા લાગ્યા. દરમિયાન ઘણા મનુષ્યોનો ઘોંઘાટ સમીપમાં સંભળાયો. સુમન અને વિકળસીંહ તે અવાજભણી દોડયા.

પ્રકરણ ૪૬ મું.

અવિદ્યા એજ દુઃખનું ઉત્પાદક છે.

આપણા પ્રાચીન ઋષિ મુનીઓ અતિ ગંભીર વાણીથી ઉપદેશ આપી ગયા છે કે,—“ અવિદ્યા એજ દુઃખનું ઉત્પાદક છે.” આ કથન સર્વથા સત્ય છે. અસંખ્યાત મનુષ્યોનાં અકાળમૃત્યુ અનિવાર્ય ઉપાધિઓ અને અગણિત સંકષ્ટોને જન્મ આપનાર પ્રાધાન્ય કારણ અવિદ્યા છે. ભૂત, પ્રેત, મંત્ર, તંત્ર, અને જાદુ ઇત્યાદી વ્હેમો એ અવિદ્યાનાં આસુરી સંતાનો છે કે જે અસુરોએ અવિદ્યાના જમાનામાં આ પવિત્ર ભૂમિપર અનેક ઉલ્કાપાત કરેલા છે. અસંખ્યાત બુદ્ધિવાન ગણાતા મનુષ્યો પણ ભુત પ્રેતાદિ સત્ય હોવાનું માને છે. રાજા વિમળસીંહના પાટનગર વિમળપુરમાં આજકાલ ભુત પ્રેતની વાતો ચાલી રહી છે. કેટલાક પુરૂષો, કેટલીક સ્ત્રીઓ, અને કેટલાક બાળકો અચાનક ગેબ થઇ જાય છે. નાગરિકો માને છે કે એ કર્તવ્ય ભૂતોનું છે. રાજા વિમળસીંહને પ્રજાએ તે દુઃખમાંથી મુક્ત કરવા અનેક વખત પ્રાર્થના કરી, કિન્તુ રાજ્ય તરફથી તેનો કાંઇ બંદોબસ્ત થઇ શકયો નથી, આજે પુનઃ હજારો મનુષ્ય તે સંબંધમાં દાદ મેળવવાને રાજ્ય મહેલભણી આવતા હતા. જેનો ઘોંઘાટ ઘણો દુર સુધી સંભળાતો હતો.

પ્રજાના આગમનનું કારણ જાણી, સુમન અને વિક્રમસીંહ તે સ્થળે રોકાયા.

નાગરિકોએ રાજાને અરજ કરતાં કહ્યું કે, રાજન્! અદ્યાપિ અમો ભુત પ્રેતાદિના ત્રાસમાંથી નિવૃત થયા નથી, માટે આપ અમારૂં રક્ષણ કરો. અથવા નગર છોડી ચાલ્યા જવાની આજ્ઞા આપો!

રાજાએ સવિનય ઉત્તર આપતાં કહ્યું,—"ગૃહસ્થો! તમને જ્ઞાત છે કે એક મનુષ્યથી જેટલું થઇ શકે તેટલું મેં તમારા સંરક્ષણ માટે કર્યું છે, છતાં મ્હારે કહેવું જોઇએ કે તમને પીડા કરનાર જો કદાચ મનુષ્યો હોતતો હું એક પળમાં તેનો ઇલાજ કરત. તથાપિ ભુત પ્રેતો કે જેઓ અદ્રષ્ય અને ઈંદ્રજાલિક વસ્તુઓ છે તેમના ઉપર કાબુ મેળવવાને મ્હારે શું કરવું જોઇએ? તે તમે પોતેજ કહો. તમે જેમ કહો તેમ કરવાને હું તત્પર છું.

પ્રજાના આગેવાનો ઉત્તર આપે તે પહેલાંજ સુમને પ્રશ્ન કર્યો, "શું ભુત પ્રેતાદિનો આ નગરમાં ત્રાસ છે?

રાજાએ કહ્યું,—"હા, મ્હારા રાજ્યમાં ભુતપ્રેત ઇત્યાદી બલાઓનું બળ અનિવાર્ય વધી પડયું છે કે જેના લીધે પ્રજા ત્રાસ પામી રહી છે. પવિત્ર દેવો જેની મ્હારી પ્રજા અનન્યભાવે ભક્તિ કરે છે, તેઓ પણ જાણે તે સતાન દેવોથી ભય પામતા હોય તેમ મદદ કરી શકતા નથી.

સુમને કહ્યું,—"મહારાજા! જ્યારે દુનિયામાં અજ્ઞાનતાનું વાતાવરણ વધી પડે છે. ત્યારે અનેક પ્રકારના વ્હેમો, અનેક જાતનાં પાખંડો, અને અંધશ્રદ્ધાને જન્મ મળે છે. શારીરિક દરદો પણ તેવી જાતના વહેમોને ભોગ પડી પુન: આરોગ્યતા મેળવવાના વાસ્તવિક માર્ગપરથી મનુષ્યોને ઉથલાવી પાડે છે. ભુત, પ્રેત, અને જાદુના નામથી અનેક પાખંડીઓ, અને પાપી કૃત્યો કરનાર ઠગ લોકો અનીતિને માર્ગે દ્રવ્ય પ્રાપ્ત કરવામાં રચ્યાપચ્યા રહે છે. અજ્ઞાન અને ભોળી પ્રજા કાતો અંધશ્રદ્ધાથી કે અજાણપણે તેમની પાતકી જાળમાં ફસાઈ પડી, તનમન ધનની ખુવારી કરે છે.

રાજાએ પૂછયું—"ત્યારે શું ભુતપ્રેતની માન્યતાઓ કે જે હાલના સમયમાં મનુષ્યનાં હૃદયને ધ્રુજાવી રહી છે તે ખોટી છે?

સુમને કહ્યું,—"હા, સર્વથા અસત્ય છે આપ વિચાર કરી જોશો તો સહજ સમજાશે કે પરમાત્માના જે અઢળક નિયમોપર કુદરતનો ક્રમ રચાયેલો છે તેને બાધ આવે તેવીરીતે જગત્માં કાંઇપણ બની શકતું નથી. કુદરત પોતાના કાયદાને હંમેશાં માન આપે છે. જરાયુ, ઉદ્‌ભીજ, અંડજ, અને સ્વેદજ એ ચાર પ્રકારનાં દુનિયામાં પ્રાણી જન્મે છે. તેમની ઉત્પત્તિ માટે કુદરતમાં જે યોજના ઘડાયેલી આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ તેજ પ્રમાણે નિરંતર તેમની પેદાશ થતી જાય છે. ત્યારે શું લોકો ભુતપ્રેતને મનુષ્યના રૂપે પશુના સ્વરૂપે, અથવા કોઈ વિચીત્ર દેહે નિહાળવાની વાતો કરે છે, તેવી જાતનાં પુદ્‌ગલો કુદરતના ક્રમથી વિપરીતરીતે પેદા થવા, અને પળમાંજ નાશ પામવા, એ કોઈ રીત્યે સંભવે છે?

રાજાએ પૂછ્યું,—"ત્યારે કેટલાક મનુષ્યો ભુત પ્રેતને પ્રત્યક્ષ નિહાળવાનું કહે છે તે શું જુઠું હશે?

વિકુળસિંહે ઉત્તર આપ્યો, "તમામનું કહેવું અસત્ય છે એમ જો હું કહીશ તો તેને દુરાગ્રહ કે મમત્વ માની લેવામાં આવશે. તથાપિ હું ધારૂંછું કે તેઓ જે મનુષ્ય કે પશુના સ્વરૂપમાં ભૂત પ્રેતને માની લેછે, તે વાસ્તવીક રીત્યે મનુષ્ય કે પશુજ હોય છે. યદ્યપિ અગાઉ તેણે સાંભળેલી વાતો, અને તેવી વાતો સત્ય હોવા માટે થયેલી દ્રઢ માન્યતા, અને તે ઉપરથી ઉત્પન્ન થતો ભય, દષ્ટિગોચર થયેલા મનુષ્યને કે પશુને ભૂતરૂપેજ મનાવી લે છે. કેટલાક કમજોર હૃદયના મનુષ્યો—કે જેમના હૃદયમાં ભુત પ્રેત સંબંધી ભયાનક વાતો એ દીર્ઘ સમયથી ઘર કરેલું હોય છે; અને જેને લીધે તેમને તે વાતોનું ચીંતવન થયાં કરે છે. તેઓનું હૃદય દૌબલ્યતાથી કાંઇપણ વસ્તુ ન છતાં પણ માનસિક ઝાંખના કે સાંભળેલી વાતોના સ્વરૂપમાં કલ્પિત મનોરાજ્યની વસ્તુઓ નિહાળેછે, અને કેટલાક અર્ધદગ્ધ, અને દુનિયામાં ડાહ્યા, અને અનુભવીનો ડોળ કરનારા, તથા ભુત પ્રેતના નામથી ભોળા મનુષ્યોને ઠગી લેનારા મનુષ્યો, ભુત પ્રેતની માન્યતા આખા જગત્માં પ્રસરાવાનું સમર્થન કરવા, જાણી જોઇને અસત્ય વાતો પ્રકટ કરે છે.

રાજાએ પૂછ્યું,—" ત્યારે કેટલીક સ્રીઓનું ધુણવું કેટલાકનું,

ભૂતથી ભય પામી પ્રાણ મુક્ત થવું, કેટલાકનું મંત્રપ્રયોગથી સાજા થવું, એ બધું શું હશે?

સુમને કહ્યું,—"એ સર્વ મગજના અને હૃદયના રોગોનું પરિણામ છે. કેટલીક સ્ત્રીઓ જાણી જોઇને ઢોંગ કરે છે, ત્યારે કેટલીક એવી જાતના દરદવડે પીડાતી હોય છે અને એતો સ્વાભાવિક છે કે કોઇપણ ભયાનક બનાવ દ્રષ્ટિગોચર થતાં અથવા જેનાથી હૃદય ધ્રુજી ઉઠે તેવી ભયંકર વાતો સાંભળતાં, જેનું જેનું મનોબળ તે પ્રમાણે તેને અસર થાય છે. વ્હેમ એ પણ હૃદયમાં, અને મગજમાં એક પ્રકારની ભ્રમણા ઉત્પન્ન કરે છે કે જેમાંથી ક્રમે ક્રમે અનેક રોગો ઉત્પન્ન થાય છે. જ્યારે તે મનુષ્યની દ્રઢ ખાત્રી થાય છે કે જે કારણથી તે ભય પામ્યો હતો, અથવા તેને જે કારણથી વ્હેમ ઉત્પન્ન થયો હતો, તે કારણ કલ્પિત હતું; અથવા વજન આપવાને પાત્ર નહતું, ત્યારે અગર તે વ્હેમ અને તેને લીધે ઉત્પન્ન થયેલો ભય જ્યારે તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય તે રીત્યે દુર કરવામાં આવે ત્યારેજ તે વ્યાધિમાંથી મુક્ત થઇ શકે છે.

રાજાએ પૂછ્યું—"સુમન! ત્યારે મ્હારી પ્રજાનાં કેટલાંક મનુષ્યો કેટલાંક બાળકો, અને કેટલીક સ્ત્રીઓ કે જેમને ભુતો અને બ્રહ્મરાક્ષસો સદેહે ઉપાડી ગયા છે, અને જેમનો હાલ સુધી કાંઇ પત્તોજ નથી—અરે તેમનાં શબ પણ હસ્તગત થયા નથી—તેનું શું કારણ હશે?

સુમને કહ્યું,—"મ્હારી માન્યતા પ્રમાણે એવાં અધમ કૃત્ય કરનારી કેટલીક મંડળીઓ હોવી જોઇએ.

રાજાએ કહ્યું,—"સુમન! જે પ્રમાણે ત્હારૂં માનવું છે તેજ પ્રમાણે એક વખત એક વીરયુવાને મને કહ્યું હતું, અને તેથી મે તેનેજ એ કાર્યપર નિયત કર્યો હતો, ત્યારપછી તે યુવાન કેટલાક સૈનિકોની સાથે એક દેવીના મંદિરમાં ગયો હતો પરંતુ સૈનિકો કહે છે તે ત્યાંજ અદ્રશ્ય થયો હતો. આ બનાવ જ્યારથી બનવા પામ્યો. ત્યારથી તો વળી જે લોકો ભુત પ્રેતને કિંચીત્ માનતા નહતા તેઓ પણ દ્રઢતાથી માનવા લાગ્યા છે.

સુમને કહ્યું,—"બનેલો બનાવ કેવી રીતે બનવા પામ્યો તેનું સત્ય કારણ શોધી કાઢવાની જેમનામાં અશક્તી હોય છે, તેમને એમજ

લાગે એ સ્વભાવિક છે. વારૂ, પણ તે દેવિનું મંદીર ક્યાં છે તે હું જાણવા માગું છું.

રાજાએ કહ્યું,—"ગામથી થોડેજ અંતરે છે. તેને રક્તદાદેવીનું મંદીર કહેવામાં આવે છે. તેની પાસે એક વાવ છે. તે વાવમાં ભુત પ્રેતાદિનો નિવાસ છે. કે જેઓ રક્તાદેવીની તહેનાતમાં રહેનારા છે. પ્રસ્તુતદેવીના સંબંધમાં ઘણા લાંબા વખતથી એવી લોકવાયકા ચાલી રહી છે કે, "તે દેવીનું કામ પ્રબળ જાજવલ્યમાન છે, તેને રૂધિરપર અત્યંત પ્રીતિ છે, દેવિના ખાનપાનમાં રૂધિરજ વપરાય છે. તેની પૂજા પણ રૂધીરવડેજ કરવામાં આવે છે. દેવીના શરીરપર રૂધીર રેડવામાં આવે તો તેને તે વસ્ત્રાભુષણ સમાન માની લે છે. તે કોઇને પુત્ર કોઇને પુત્રિ, કોઇને દ્રવ્ય, કોઇને સત્તા એ રીતે ઇચ્છિત ફળ આપે છે. અને તેના બદલામાં માત્ર તે રૂધિરનુંજ દાન ઇચ્છે છે. જે લોકો દેવીને માનતા નથી તેઓ આંધળા, લુલા, અપંગ અને ખોડ ખાંપણવાળા નિવડે છે. દેવિને પોતાની ઇચ્છા પ્રમાણે રૂધીરનું ખાનપાન કરાવવામાં લોકો પ્રમાદી નીવડે છે તો દેવી તેની મેળે પણ ભોગ લઇ શકે છે. અથવા દેવીની તહેનાતમાં રહેનારા ભુત, પ્રેત, ચુડેલ, ખવીશ, અને બ્રહ્મરાક્ષસો દેવિની ઇચ્છા પૂર્ણ કરી આપે છે. રક્તદાદેવી માત્ર જાનવરોનોજ નહિ પણ હવેતો મનુષ્યોનો પણ ભોગ લેવા મંડી છે. અને તેનું એ કારણ જણાવવામાં આવે છે કે જે જાનવરો દેવી અને તેનાં વાહનોજ માટેજ સરજાયેલાં છે તેમનો ઉપયોગ મનુષ્ય કરે છે માટે હું તે જાનવરોની ખોટ મનુષ્યોથી પુરી કરૂં છું." આ પ્રકારની વાતો લોક સમુહમાં પ્રસરાયેલી છે. જ્યારે દેવીને કાંઇ કહેવું હોય છે ત્યારે તે એક માણસના શરીરમાં આવીને કહે છે.

સુમનને રાજાની વાર્તા સાંભળી સહજ હસવું આવ્યું તેણે સવિનય કહ્યું–રાજન્ ! એ સર્વ વાતો કલ્પિત છે. વામમાર્ગીઓની નીચ તૃષ્ણાની તૃપ્તી અર્થે ભોળા લોકોને ઠગવાની એ એક યુક્તિ છે. મને આજ્ઞા આપો. સત્ય શું છે તે શોધી કાઢવા હું યત્ન કરૂં.

રાજાએ કહ્યું—સુમન ! આવીજ માગણી એક વખત વિકળસીંહે કરી હતી પણ મે તેને સંમતી આપી નહતી. કેમકે મનુષ્યની શક્તિ તેવા મલિન દેવો આગળ કંઈ વિસાતમાં નથી એવી મ્હારી માન્યતા

છે. અને તેટલા માટે હું તને મ્હોતના મુખમાં ફેંકી દેવા ઇચ્છતો નથી.

સુમને કહ્યું,—રાજન્ ! અસંખ્યાત મનુષ્યોના કલ્યાણને માટે, અને સત્યના સંશોધન માટે જ્યાં ફરજ લઇ જાય ત્યાં ભય અને વિઘ્નોને ગણકાર્યા વિના જવુંજ જોઇએ, માટે મ્હારી પ્રાર્થના છે કે આપ શુદ્ધ અંતઃકરણથી આજ્ઞા અને આશીર્વાદ આપો.

રાજાએ કહ્યું,—સુમન ! ત્હારા હૃદયમાં એવી તીવ્ર ઇચ્છા છે તો ખુશીથી જા. વિજય કર મ્હારો આશીર્વાદ છે.

સુમન રાજાને નમન કરી રસ્તે પડયો.

પ્રકરણ ૪૭ મું.

દેવી રક્તદા અને ભુતની ભ્રમણા.

કેટલાક દિવસની છુપી તપાસ પછી આજે સુમન રક્તદાદેવીના મંદિરમાં આવ્યો છે. એક શેરખાં નામના સિપાઇને સાથે લાવ્યો છે. પાઠકગણ ! ચાલો આપણે પણ સુમનની સાથે તે દેવિના મંદિરની મુલાકાત લઇએ.

દેવિનું મંદિર ન્હાનું છે, પણ તેની બાંધણી અને ઉઠવાણ ઉત્તમ છે. તેની જીર્ણ હાલત ઉપરથી તે પ્રાચીન વખતનું બંધાયેલું જણાય છે. તેના ઉપર એક ગોળાકાર ઘુમટ વાળેલો છે. તેની બહારની દિવાલો ઉપર અનેક પ્રકારનાં ચિત્ર કોતરવામાં આવેલાં છે. પણ તે ચિત્ર અત્યંત અશ્લીલતા અને બિભત્સતાનું દર્શન દે છે. ઘણાંખરાં દેવળોમાં તેવાં નગ્ન અને લજ્જાસ્પદ ચિત્ર આલેખેલાં હોય છે. એક ધાર્મીક દેવળમાં આ પ્રકારની અનીતિ શા માટે અખત્યાર કરવામાં આવતી હશે તે અટકળી શકાતું નથી.

હવે ચાલો આપણે દેવળની અંદર પ્રવેશ કરીએ હવા અજવાળાને માટે જાળી કે બારી ન હોવાથી દિવસે પણ તેમાં અંધાર હોય છે. અંદર પ્રવેશ કરતાંજ ધુપદીપની સુવાસ આવવાને બદલે

મદીરાની દુર્ગંધ આવે છે સુમનને સહજ લાગી આવે છે. " શું આતે દેવળ છે કે દારૂની દુકાન છે. " દેવળ હાલ નિર્જન છે અંદર માત્ર એક મુર્તિ છે પણુ તે નગ્ન હાલતમાં છે. મુર્તિ તેના પુર્વ સ્વરૂપમાં તો શ્વેત પત્થરનીજ હશે, પણુ હાલ તે રક્ત વડે રંગાયેલી છે. દિપકના પ્રકાશ વડેજ તે મુર્તિનું દર્શન થઇ શકે છે. સુમન ગુપ્ત ફાનસની મદદથી અંદર તપાસ કરે છે. મહારાજાએ તેને કહ્યું હતું કે " આ દેવળમાંજ પ્રથમ એક વિરયુવાન અદ્રશ્ય થયો હતો " એ વાર્તા સુમનને યાદ આવે છે. તે ઉપરથી દેવળની નીચે ભોંયરૂં હોવું જોઇએ એવું સુમનને અનુમાન થાય છે. પગ ઠોકી તપાસ કરતાં તે અનુમાન સત્ય પ્રતિત થાય છે. સુમન યુક્તિથી તે ભોંયરાના દ્વારની તપાસ કરે છે. પણુ તેમાં તે નિષ્ફળ નિવડે છે. થોડો વખત અંદર કોઇ મનુષ્ય કે ભુતપ્રેતના નામથી ઓળખાતી વસ્તુ આવે છે કે નહિ તેની તે માર્ગ પ્રતિક્ષા કરે છે.

દેવળની બહાર કેટલેક છેટે શેરખાં ઉભેલો છે. સુમને તેને લાંબો પહોળો અને કદાવર મનુષ્ય હોવાથી સાથે રાખેલો છે. રસ્તામાં તેણે સુમનને પોતાની બહાદુરીની ઘણી વાતો કહી સંભળાવેલી છે. પણુ વાસ્તવિક રીતે તે મીયાં એવા ડરપોક હતા કે જો સુમન રક્તદા દેવિના મંદિર તરફ જાય છે એવી તેને પ્રથમથી ખબર મળી હોત તો તે સાથે આવવાનું સ્વીકારત નહિ. પણુ હવે તેનો ઈલાજ નહતો.

રક્તદાદેવીનું મંદિર દ્રષ્ટિગોચર થતાંજ શેરખાંના હોશકોશ ઉડી ગયા. તે ક્રોધપૂર્ણ દ્રષ્ટિએ સુમનપ્રતિ જોવા લાગ્યો. પરંતુ સુમનનું વિરત્વ જોઇ પ્રકટ રીત્યે બોલી શકયો નહિ. તે પોતાના મનમાંજ બડબડયો. " ઓ ખુદા ! મેરા કયા હોગા. "

દેવીનું મંદિર સમીપ આવ્યું. સુમન અંદર ગયો શેરખાં મુસલમાન હોવાનું કારણુ બતાવી કેટલેક અંતરે બહાર ઉભો રહ્યો. પરંતુ તેનો આત્મા સ્થીર નહોતો. શેરખાંએ દેવીના ત્રાસની અંને ભુતપ્રેતના પ્રકોપની વાતો પૂર્વે સાંભળી હતી. તે વાતો હાલ તેની દ્રષ્ટિ સન્મુખ તરવરતી હતી.

શેરખાં ભયભીત દ્રષ્ટિએ ચોતરફ જોવા લાગ્યો. કોણુ જાણે ભુત કઇ દીશામાંથી આવશે ? અને મ્હારૂં શું થશે ? એ પ્રશ્નોએ

તેને ચગડોળ ચડાવ્યો, તેવામાં વળી સુમને મંદીરમાં રહીને ગુપ્ત ફાનસનો પ્રકાશ શેરખાં તરફ ફેંકયો તે પ્રકાશ દ્રષ્ટિગોચર થતાંજ શેરખાંનો આત્મા તરફડવા લાગ્યો. તે પ્રકાશને તેણે ભુતની ચળકતી આંખ માની લીધી. શેરખાંના સંકટની સીમા રહી નહિ. તેણે પહેરેલો ઇજહાર કોણ જાણે શા કારણથી ભીંનો થયો. તેણે મૃત્યુનો નિશ્ચય કરી ખુદાની પ્રાર્થના કરી. "ઓ પરવરદીગાર ! અબ મેરી કજા આઇ."

વળી પવનના ચાબુકથી વૃક્ષપલ્લવોએ ખડખડાટ શરૂ કર્યો, હવે તો શેરખાંની હાલતનું પુછવુંજ શું ? શેરખાંએ દયામણી વાણીથી ભુતની પ્રાર્થના કરી,–" ઓ મેરે પીર ! ઓ મેરે વાલીદ ! રહમ કર મેં તેરા શુક્રયા અદા કરૂંગા."

શેરખાં બહાર ઉભો છે, એવી ખાત્રી થયા પછી સુમને જ્યારે પ્રકાશ પાછો ખેંચી લીધો, ત્યારે શેરખાંના દેહમાં પ્રાણનો પુનઃ સંચાર થયો.

શેરખાંએ સુમનના જીવનની આશા છોડી દીધી તેણે નિશ્ચય કર્યો કે, જે ભુતની માત્ર એક ભયાનક આંખે મને આટલે દુર હંકાવ્યો, તે ભુત સુમનને તો કયારનોએ સ્વાહા કરી ગયો હશે. એમ વિચારી તેણે પોબારા કરવાનો નિશ્ચય કર્યો, પણ તેટલામાંજ સુમન ત્યાં આવી પહોચ્યો.

શું સુમનને જોયા પછી તેનો ભય દુર થયો ? નહિ. શેરખાંએ પુર્વે સાંભળ્યું હતું કે ભુત જે મનુષ્યનો ભોગ લે તે મનુષ્ય પુનઃ ભુત યોનીમાં જન્મ લઇ તેના અસલ સ્વરૂપમાં દેખાવ દે છે. એ કથા તેને યાદ આવતાંજ તે સુમનને ભુતના વેશમાં આવેલો માની ભયથી કાંપવા લાગ્યો. તેણે અનુમાન કર્યું કે " ખચીત, સુમન તેના મુળ સ્વરૂપમાં નથી, પણ મૃત્યુ પામ્યા પછી ભુત સ્વરૂપે મ્હારો પ્રાણ લેવા આવ્યો છે, એમ વિચારતો તે હૃદયફાટ રૂદન કરવા લાગ્યો।

સુમને આશ્વાસન આપતાં કહ્યું,—' શેરખાં ! શેરખાં ! કેમ રડે છે ?

શેરખાં હતોજ કયાં ? તે તો જીવ વગરનું જડવત પુતળું હતું. સુમન શેરખાંને હિંમત આપવા સમીપ ગયો, એટલે શેરખાંએ દસ

ડગલાં પાછળ હઠી બુમ પાડી કે–" એ ખુદા અબ મ્હોત આઈ ! સુમન જેમ જેમ તેની સમીપ ગયો તેમ તેમ શેરખાં પાછળ હઠતો ગયો, હજુ પણ તેના મનમાં એજ નિશ્ચય હતો કે, સુમન મૃત્યુ પામ્યા પછી ભુતના વેશમાં મ્હારો પ્રાણ લેવા પાછો આવ્યો છે.

શેરખાંની નાદાનીયત જોઇ સુમને સહજ ગુસ્સો પ્રદર્શિત કર્યો, એટલે તો શેરખાંના બાર વાગીજ ગયા. તે "એ ખુદા ! એ રહીમ" એ શબ્દો વડે સુમનને વિનવવા લાગ્યો. સુમનના પગે પડયો. ધુળમાં આળોટયો. અને મૃત્યુના કિનારે આવી પહોચ્યો.

હવે સુમનની દ્રઢ ખાત્રી થઇ કે શેરખાં અનિવાર્ય ભયના પંઝામાં ફસાઇ પડયો છે. માટે તેને આગ્રહપુર્વક અહીં રાખવાથી તે મૃત્યુ પામશે." એમ વિચારી શેરખાંને ઘેર જવાની રજા આપી, અને પોતે વિશેષ તપાસ કરવાના ઉદ્દેશથી મંદીર સમીપની વાવ તરફ ગયો.

હવે શેરખાંના હૃદયમાં નવું ચૈતન્ય આવ્યું, ભુતના પંઝામાંથી પોતાનો છુટકારો થયો એમ તેણે માન્યું, વળી સુમનને જ્યારે વાવની અંદર ઉતરતાં જોયો ત્યારે તેની દ્રઢ ખાત્રી થઇ કે " સુમન મૃત્યુ પામ્યા પછી ભુત થયો છે એ વાત નક્કી છે. " તે પોતાની વિચક્ષણ બુદ્ધિ માટે પોતાના મનમાં ફુલાયો. " ગોયા મેરે શિવાય ઔર કોઇ ઇનશાન હોતા તો જરૂર ધોખેમે ગીર પડતા, "

શેરખાં પોતાની બુદ્ધિની પ્રસંશા કરતાં આગળ વધે છે તેવામાં વળી તેની કમનસીબીનું એક ચીત્ર તેની દ્રષ્ટિ સન્મુખ આવી ઉભું રહ્યું. એક મહાન રાક્ષસ જમીનપર સુતેલો આમતેમ આળોટતો દ્રષ્ટિગોચર થયો. એક ડગલું પણ આગળ વધવાની શેરખાં હિંમત કરી શકયો નહિ. તેણે પોતાની આસપાસ ગોળ કુંડાળું કરી તેમાં તે ઉભો રહ્યો. એક માણસે તેને કહ્યું હતું કે કુંડાળાની અંદર ભુત આવી શકતો નથી.

કેટલોક સમય વ્યતિત થયો પણ જમીનપર સુતેલો ભુત અદ્રષ્ય થયો નહિ. નિર્જન જંગલ, રાત્રીનો સમય, વિકાળ પ્રાણીઓનો ભય, એવા ભયાનક પ્રદેશમાં શેરખાં એકલો કયાં સુધી ઉભો રહે. ભયથી ત્રાસી તેણે ઇશ્વરની પ્રાર્થના કરી કે—" એ ખુદા ! મેરી બલાબલા દુર કર "

શેરખાં જે ભુતને ભોંયપર સુધ રહેલો માનતો હતો તે વસ્તુતઃ વૃક્ષનાં ડાળાં જે પ્રમાણે હાલતાં હતાં, તે પ્રમાણે તે છાયા પણ હાલતી હતી. પરંતુ જે મનુષ્યો એક વખત વ્હેમના આધિન થયા હોય તેમની સ્થિતિ આવી દયાજનક હોય છે.

આટલેથીજ શેરખાંના ભયનો, અને સંકટનો અંત આવ્યો નહિ. ઘણે દુરથી એક ભયાનક ભુત તેના તરફ આવતો તેણે જોયો. જેની ચક્ષુઓમાંથી અગ્નિના તણખલા ઉડતા હતા. જેનો રંગ કાળો કાજળ જેવો હતો. આ ભયાનક ચિત્ર દ્રષ્ટિગોચર થતાં શેરખાંની કેવી હાલત થઇ હશે તેનું અનુમાન વાચકોએજ કરી લેવું.

એક વિદ્વાને કહ્યું છે કે મનુષ્ય આ જગત્‌માં જે કંઇ જુએ છે તે પોતાની ચક્ષુઓ વડે નહિ, પણ હૃદય વડે જુએ છે અને તેથી મનુષ્યનું હૃદય જેવા રંગે રંગાયેલુ હોય તેવા રંગે આ જગત્‌ને અંકિત થયેલું જુએ છે. શેરખાંની આવીજ હાલત હતી, તેના હૃદયમાં જેવા સંસ્કારો સ્થાપિત થયેલા હતા, તે સંસ્કારો પ્રમાણે જગત્‌ની સત્ય વસ્તુઓને કલ્પિત વસ્તુઓના સ્વરૂપે જોતો હતો.

વસ્તુતઃ ઘણે દુરથી એક રબારી આવતો હતો, તેણે પોતાના શરીર ઉપર કાળા રંગનો કામળો આચ્છાદિત કરેલો હતો. તેના માથાના વાળ કાળા હતા, અને તેની છુટી લટો હવામાં ઉડતી હતી, હાથમાં એક હુકો હતો, અને તેમાંનો અગ્નિ અંધકારમાં વધારે પ્રજ્વલિત જણાતો હતો. બીજા હાથમાં એક સળગતુ છાણું હતું. તેમાંથી અગ્નિના તણખલા ઉડતા હતા.

રબારી પોતાનું એક ઘેટું ગુમ થયું હતું. તેની તપાસ માટે નિકળ્યો હતો, જ્યારે તે શેરખાંની સમીપ આવ્યો ત્યારે શેરખાંએ પોતાની આસપાસ કુંડાળું કરી બુમ પાડતાં કહ્યું, રહમ કર ! ઓ મેરે પયગમ્બર રેહમ કર !

રબારી સમજ્યો કે ખચિત્ત ઘેટાનો ચોર એ પોતેજ છે અને તેટલા માટે તે દયા માગે છે. પણ ચોરને તો શિક્ષા કરવી જોઇએ. એમ વિચારી તેણે પોતાની ડાંગ હવામાં ઉંચી કરી.

જ્યારે ભય નજીક આવે ત્યારે તેમાંથી મુક્ત થવાને માણસ

દોડી જવું પસંદ કરે છે. શેરખાંએ તેમજ કર્યું. હવે રબારીની ૬૯ ખાત્રી થઇ કે ખચિત ચોર તે પોતેજ છે, અને તેથી નાશી જાય છે. રબારી કંઈ દોડવામાં પછાત નહતો. શેરખાંને થોડે જતાંજ પકડી પાડયો. શેરખાં જમીનપર બેસી ગયો, અને પોતાની બન્ને આંખ્યો પર હાથ દઇ તેણે આર્તનાદ કર્યો,—“ મર ગયા મેરે બાપ ! એ ખુદા ! એ રહીમ !

શેરખાંની દીનતા જોઇ રબારીને દયા આવી. તેણે કાંઇ પણ શિક્ષા કરી નહિ. માત્ર ઘેટું આપી દેવા શેરખાંને કહ્યું. શેરખાં સમજ્યો કે તે મારા બદલે ઘેટાનો ભોગ લેવા ઇચ્છે છે. શેરખાંએ ઘેટું આપવા કબુલ કર્યું. અને ઘેર જઇ એક ઘેટું રબારીને સ્વાધિન કર્યું, રબારી ઘેટું લેઇ રવાના થયો.

રબારીના ગયા પછી મીયાં પોતાની બીબી આગળ ફુલાયા,— “દેખ મેરા જેસા સારી જહાંમાં કોઇ આલીશાન ઇનશાન હય ! મેં ઔર એક રાજપુતકા લડકા ભુતકી તપાસમેં નીકલા, એ લડકા બીચારા મારા ગયા, ઔર મેને ઘેટા દે કે ભુતકુ ફુસલાયા ”

બીબીએ મીયાંનાં ઓવારણાં લઇ કહ્યું. વાહ મેરે મીયાં !

પ્રકરણ ૪૮ મું

હિંમત એજ હથીયાર.

પ્રિય પાઠક ! ચાલો આપણે હવે સુમનના શૌર્યની કસોટી કરવા તેની પાછળ જઇએ.

સુમન એક વાવની અંદર ઉતર્યો છે, વાવ ઘણી ઉંડી છે. અને ઘાઢ અંધકારને લીધે તે ઘણી ભયાનક લાગે છે. આપણા પોતાના અવાજનો તેમાં પ્રતિધ્વનિ થાય છે. કેટલાંક આગીયાં પતંગીયાં આમતેમ ઉડે છે.

સુમન આસ્તે આસ્તે અંદર ઉતર્યો, અને દીવાલોમાંથી અંકુર ફુટીને કેટલાંક વૃક્ષો ઉગેલાં તેના એક ડાળપર ચઢી ગયો. મૌનવ્રત ધારણ કરી અલ્પ સમય બેસી રહ્યો. ભુતપ્રેત જેવું કંઈ દ્રષ્ટિગોચર થયું નહિ. સુમને હવે ગુપ્ત ફાનસનો પ્રકાશ કર્યો. વાવની તમામ બાજુઓ તપાસી, તેણે ઘણી અજાયબી વચ્ચે વૃક્ષની ડાળીઓ પાછળ એક બારણા જેવું જોયું.

બારણું ખુલ્લુ જ હતું. એક ઝરૂખામાં થઇને તે બારણામાં જઇ શકાતું હતું.

ઝરૂખા ઉપરના અને કમાનદાર બારણા ઉપરના ઉચ્ચ પ્રકારના કોતરકામથી સુમનને પ્રથમ તો એવું અનુમાન થયું કે વાવની રમણીયતાને માટે જેમ કેટલેક સ્થળે ગોખ રાખવામાં આવે છે તેમ આ બેઠક વાવની શોભા અર્થે બનાવવામાં આવી હશે. એમ વિચારી સુમતે કમાનદાર બારણામાં દાખલ થયો. અંદર જઇ તેણે જોયું તો બીજી એક ભીંતપર કોતરેલી કમાન હતી, તે કમાનવાળા ભાગમાં વળી એક ખીંટી બેસાડવામાં આવી હતી. સુમનને તે ખીંટી જોતાં અત્યંત અજાયબી ઉત્પન્ન થઇ કારણકે તે સ્થળે તે ખીંટી બેસાડવાનું પ્રયોજન જણાતું નહતું. સુમને ખીંટીપર ધીમેથી હાથ ફેરવ્યો, તો તે તેને વધારે સુંવાળી લાગી. વળી તેને એમ પ્રતિત થયું કે આ ખીંટીનો નિરંતર ઉપયોગ થતો હોવો જોઇએ. સુમને તે ખીંટીને

બળપૂર્વક હલાવી, ત્યારે તે હાલવા લાગી અને વિશેષ બળ કરતાં બહાર નિકળી ગઇ. અને તેની સાથે જ જે પત્થરના ચોરસામાં તે ખીંટી બેસાડવામાં આવી હતી તે ચોરસું નીચે સરી ગયું. અને બારણું ખુલ્લુ થયું. સુમન વિસ્મય થયો. અને અંદર પ્રવેશ કર્યો અંધારૂ વિશેષ હતું. અને સ્થાન અપરિચીત હતું પણ સુમન ભય-ભિત થયો નહિ. 'ફરજ જયાં બોલાવે ત્યાં જવું જોઇએ' એ મહાવાક્ય તેના સ્મરણમાં આવ્યું. ગુપ્ત ફાનસના પ્રકાશવડે તેણે અંદર પ્રવેશ કર્યો. તત્કાળ નીચે ઉતરવાનાં પગથીયાં દ્રષ્ટિગોચર થયાં. પગથીયાં ઘણાં જ સાંકડાં છતાં લીસાં હતાં તે ઉપરથી તેણે ચોક્કસ અનુમાન કર્યું કે, આ સ્થળે કોઇની અવર જવર હોવીજ જોઇએ. જ્યારે તે કેટલાંક પગથીયાં નીચે ઉતર્યો, ત્યારે અંદર એક વિશાળ ઓરડો આવ્યો. ઓરડો ચોરસ હતો. ઉપર પત્થરની પાકી છત હતી. સુમનને સમજાયું કે આ ઓરડાના ઉપર જ દેવિનું મંદિર હોવું જોઇએ. ઓરડો ખાલી હતો, અંદર કેટલાંક ચામડાનાં બીછાનાં પાથરેલાં હતાં સુમનની ખાત્રી થઇ કે આ સ્થળે એકાદ મંડળી એકત્ર થતી હોવી જોઇએ. સુમને એક આસનપર બેઠક લીધી ફાનસ પોતાની આગળ મુકયું. હવે પછી તેણે શું કરવું તેને માટે તેણે અનેક સંકલ્પ વિકલ્પ કર્યા. વળી તેણે પરમાત્માની પ્રાર્થના કરી કે હે સર્વશક્તિમાન પ્રભુ મ્હારા પ્રયત્નમાં મને વિજય કરવો એ ત્હારાજ અખત્યારમાં છે. વળી તેણે ભૂતપ્રેતોને સંબોધી કહ્યું કે,—“ હે ભૂત પ્રેતો ! જો દુનિયામાં કે અંતરિક્ષમાં તમારી હયાતી હોય, તો આજે હું તમારી વ્હાલપૂર્વક મુલાકાત લેવા ઇચ્છું છું. તમારામાં જે દૈવત હોય, જે શક્તિ હોય, જે ચમત્કારો હોય તે પ્રત્યક્ષ નિહાળવા હું તત્પર છું. તમો જે દેવતા-ઓના સ્વાધિનમાં હોઓ તેમના સોગંદ આપી હું તમને કહું છું કે તમે પ્રત્યક્ષ થાઓ. ” અચાનક એક ભયંકર અવાજ થયો. જેને લીધે તે ઓરડો ગાજી ઉઠયો. સુમન તે અવાજ સાંભળી વિસ્મય થતો પોતાનાં હથિયાર સંભાળી ઉભો થયો, અને તે અવાજ કઇ દીશામાંથી આવ્યો તે શોધી કાઢવાને પોતાના મનમાં ચીંતવન કરવા લાગ્યો, તેટલામાંજ એક બીજો ધ્વની થયો. અને તેની સાથે જ જે ઓરડામાં સુમન ઉભો હતો, તે ઓરડાનું એક ગુપ્ત દ્વાર-કે જે અદ્યાપિપર્યંત સુમને જોયું નહતું, તે ખુલ્લુ થયું. સુમને તે બારણા ભણી દ્રષ્ટિ કરી, તો એક બિહામણા દેખાવનો ભૂત દ્રષ્ટિગોચર થયો. જેની મુખમુદ્રા

તદ્દન શ્યામ હતી, અને તેમાં ચળકતી બે ચક્ષુઓ—જાણે અંદરથી લોહી ટપકતું હોય તેવી—રક્તવર્ણની જણાતી હતી. જીભ મુખની બહાર દર્શન દેતી હતી. માથા ઉપરના કેશ ઘણાજ લાંબા, અને શરીર ઉપર વિખરાયેલા હતા. હાથમાં એક મજબૂત ગદા પકડેલી હતી. શરીરપર છેક ઘુંટણ સુધી શ્યામ રંગની કફની પહેરેલી હોય એમ જણાતું હતું. અને હાથમાંની ગદા પોતાના મસ્તકની આસપાસ ફેરવી વિચિત્ર પ્રકારે તે નૃત્ય કરતો હતો.

સુમન આ બિહામણી મૂર્તિને જોતાંજ અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યો. શું આ ખરેખાત ભૂત હશે કે કોઇ મનુષ્ય હશે? ઠીક. હું તેને પૂછી જોઉં. “અરે એ બિહામણી મૂર્તિ! શું તું કોઇ ભૂત છે? ભૂત હોયતો મ્હારી પાસે આવ. અને તું જે ચમત્કારો જાણતો હોય તે મને કરી બતાવ. ત્હારા ભયાનક દેખાવથી કે ચક્ષુઓ મ્હોટી કરવાથી, અથવા ગદા ફેરવવાથી મ્હારા હૃદયમાં એકરતિ માત્ર ભયનો સંચાર થાય એમ ત્હારે માનવું નહિ. સુમન પોતાનું બોલવું પૂરૂ કરી રહ્યો તે પહેલાંજ એકદમ આગનો ભભૂકો ગયો. ને તેની પાછળજ એક ઘોરનાદ સંભળાયો. સુમને જોયું તો વળી એક વિચિત્ર આકારની મૂર્તિ દ્રષ્ટિગોચર થઇ. કે જેના બન્ને હાથ રૂધિરથી ખરડાયેલા હતા. જેના કપાળમાં સીંદુરનું ત્રીપુંડ કરેલું હતું. શરીરપર કાળી કફની પ્હેરેલી હતી. તેના મુખમાંથી અગ્નિના તણખા નિકળતા હતા. તેના હાથમાં ખુલ્લી તલવાર હતી જે તલવાર તે ઘણીજ બાહોશીથી પોતાના શરીરની આસપાસ ફેરવતો હતો. વળી જાણે તે પોતાના શરીરના અવયવો કાપી નાંખતો હોય, અને પુનઃ તે નવીન ઉત્પન્ન થતા હોય એવો દેખાવ કરતો હતો. સુમન ઘણીજ અજાયબીથી આ દેખાવ નિહાળી રહ્યો. તેટલામાં જ તેની આગળ એક છુટો હાથ આવીને પડયો. ત્યાર પછી બીજો હાથ આવ્યો, વળી એક પગ આવ્યો, પછી બીજો પગ આવ્યો, સુમન પ્રત્યેક અવયવ પોતાના હાથમાં લઇ તેનું નિરીક્ષણ કરવા લાગ્યો. ખરેખાત તે અવયવો કૃત્રિમ નહિ પણ કુદરતી પ્રતિત થતા હતા. સુમન આશ્ચર્ય થતો વિચાર કરવા લાગ્યો,—“ શું હું આ સત્ય દેખુ છું કે મિથ્યા ભ્રમણા છે? નહિ સત્ય છે. ત્યારે શું ભૂત પ્રેતની વાતો કે જેને હું અસત્ય માનતો હતો તે તદ્દન સાચી છે? નહિ, બુદ્ધિ તેમ માનવાની મનાઈ કરે છે.

ત્યારે હું આ પ્રત્યક્ષ દેખુ છું તેનું તાત્પર્ય શું ? આંખ દેખે તે માનવું, કે બુદ્ધિ કહે તે માનવું ? ગમે તેમ હોય પણ જો કદાચ તેઓ ભુત પ્રેત છે તો મ્હારી આગ્રહપૂર્વક યાચના છતાં મારી સમિપ કેમ આવતા નથી ! શું તેઓ મ્હારાથી ભય પામે છે ? એ પ્રમાણે અનેક તર્કવિતર્ક કરી તેણે તે ભયાનક મૂર્તિને સંબોધી કહ્યું. "અરે ઓ જુલમગાર ! આવી અધમ ચેષ્ટાઓ કર્યા વિના હામ હોય તો મ્હારી સામે આવ." એમ કહેતાં જ પુનઃ આગના બે ભભુકા થયા. અને તે મૂર્તિ પણ અદ્રષ્ય થઈ ગઇ. ત્યાર પછી એક તોપના જેવો પ્રચંડ ધ્વનિ થયો. અને વળી એક ત્રીજી ભયાનક મૂર્તિનું દર્શન થયું, કે જેને માથુંજ નહતું, અને જાણે તેના ધડ ઉપરથી લોહીની ધારાઓ નીકળી આખા શરીર ઉપર ફેલાતી હોય એમ જણાતું હતું. તેના ઉભય હાથમાં ચળકતી ફરસીયો હતી, અને જાણે તે ફરસીગો વડે રાસ રમતો હોય તેમ ગોળાકારમાં ફરતો હતો, અને એક ફરસીને બીજી ફરસી જોડે બળ પૂર્વક પટકતો હતો. સુમને તે મસ્તિક હિન મૂર્તિને પણ સાગ્રહ નિમંત્રણ કર્યું. યદ્યપિ સુમન જે ઓરડામાં ઉભો હતો તે ઓરડામાં તેણે ચંચુ પ્રવેશ પણ કીધો નહિ. અને પુર્વવત્ આગના ભભુકા સાથે અદ્રષ્ય થયો. ત્યાર પછી એક ઘંટ વાગ્યો, અને સિંહ ગર્જના થઇ. સુમને પ્રકાશની મદદ વડે જોયું તો સિંહ ઉપર એક સ્ત્રીની સ્વારી થયેલી દ્રષ્ટિગોચર થઇ. કે જેનું માથું ખુલ્લુ હતું, કેશ છુટા હતા. ભાલપ્રદેશ પ્રકાશિત પદાર્થવડે ચકચકિત થતો હતો. હાથમાં એક નગન તલવાર હતી કે જે ગાઢ તિમીરમાં વિદ્યુતસમાન ચમકારા મારતી હતી. એક પછી એક ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક દેખાવોનું દર્શન થતાં સુમન અત્યંત અજાયબીમાં ગરકાવ થયો. તથાપિ તે યત્કિંચિત્ ભય પામ્યો નહિ. નિડર પણે તેણે શાન્તિથી જોયા કર્યું. ખચિત્ત સુમનને બદલે જો કોઈ અન્ય ભીરૂ મનુષ્ય હોત તો તેઓના પ્રાણની મુક્તિને મારે આ બિહામણા દેખાવો જ પુરતા હતા. અને સુમન પણ જો કદાચ તે દેખાવોથી ભય પામ્યો હોત તો તેનું મૃત્યુ સમીપ જ હતું.

જે દેખાવો સુમને દ્રષ્ટિગોચર કર્યા, તે દેખાવો તેને ભય પમાડવા અર્થેજ કરવામાં આવ્યા હતા. જ્યારે સુમન અંતપર્યંત દ્રઢ અને નિડર રહ્યો ત્યારે એક ગદાધારી મૂર્તિ કે જેનુ સૌથી પ્રથમ

દર્શન થયું હતું, તે સુમનની સમક્ષ આવી ઉભી રહી. તેણે પોતાની મુખમુદ્રા વધારે ભયાનક કરી. સુમને તેની વાણીનું શ્રવણ કરવા કેટલાક પ્રશ્નો પૂછ્યા. પરંતુ તેણે એક પણ ઉત્તર આપ્યો નહિ. અને ઘણા બળથી સુમનના શીરોભાગપર ગદાનો પ્રહાર કર્યો. સુમન યુદ્ધકળામાં નિપૂણ હતો. તેણે તે પ્રહારને ઘણીજ કાબેલીયતથી ચૂકાવ્યો. અને પ્રત્યુત્તરમાં એક તલવારનો પ્રહાર કરી ગદાવાળો હાથ કાપી નાખ્યો. શત્રુનો પરાજય થયો, અને સુમને ગદાનો કબજો લીધો. તેટલામાંજ એક બીજો ધ્વની થયો. અને તેની સાથે જ જેની આસપાસ અગ્નિનું કુંડાળું ફરતું હતું એવા દેખાવનો એવો કદાવર રાક્ષસ ઉપસ્થિત થયો. તેણે સુમનને ભય પમાડી નસાડવાના અનેક યત્નો કર્યા, તથાપિ સુમન તેની વિચીત્ર ચેષ્ટાઓથી કિંચિત્ ભય પામ્યો નહિ.

તે પૂર્વવત્ શાન્ત ચીત્તે અડગ ઉભો રહ્યો. વળી તે ભયાનક રાક્ષસે બળપુર્વક પોતાની તલવાર સુમનપર ચલાવી, તથાપિ તે પ્રહાર પણ સુમને પોતાના હાથમાંની ગદાપર ઝીલી લીધો, ગદાપર તલવારનો પ્રહાર એટલા જોરથી વાગ્યો કે સુમનના હાથમાથી તે ગદા છટકીને જમીન શરણ પડી. જે એક શત્રુએ ઉપાડી લીધી હવે બન્ને શત્રુઓએ એકજ વખતે સુમનને પોતાની વચમાં ઘેર્યો. એકે ગદા ઉપાડી, બીજાએ તલવાર ઉગામી, બહાદુર સુમને એક હાથે તમંચાનો અવાજ કર્યો. બીજા હાથે તલવારનો પ્રહાર કર્યો. ગદાવાળાનો ડાબો હાથ પણ કપાઇ ગયો. અને બીજો રાક્ષસ પણ જમીન ઉપર ચિર નિદ્રામાં પડયો. એક ક્ષણમાં ત્રીજી આકૃતિ આવી તેણે અચાનક સુમનને કમરમાંથી પકડી નીચે પછાડયો, અને તેની છાતીપર પગદઇ ચઢી બેઠો. તેટલામાંજ સુમને કટારવતી તેનું પેટ ચીરીનાખી તેને જમીનપર પટકયો. સુમનનું આખું શરીર અને પહેરેલાં વસ્ત્ર રૂધીર વડે રંગાઇ ગયાં હતાં, તેની મુખમુદ્રા વિકાળ બની ગઇ હતી, શ્રમવડે તે શ્વાસ ઘુંટતો હતો, ઘાયલ થયેલી લાસો લોહીમાં તરબોળ થઇ તરફડતી હતી. સુમન હવે સિંહ ગર્જના કરતો કહેવા લાગ્યો "અરે ઓ ભૂતપ્રેતના નામથી ઠગનાર નર પિશાચો! હવે શા માટે છૂપાઓ છો! આવો તમારૂં સામર્થ્ય અજમાવો! કોઇ આવ્યું નહિ. સુમન ફાનસ હાથમાં લઇ ગુપ્ત આવાસમાં ગયો. અંદર મુડદાંનો

અંધાર હતો. તેણે દરેક મુડદાં તપાસ્યાં અંદરથી એક સ્ત્રી અને એક પુરૂષ જીવતાં મળી આવ્યાં. સ્ત્રી તેજ હતી કે જેણે દેવીનો સ્વાંગ ધારણ કરી સિંહાકૃતિ પર સ્વારી કરી હતી, અને પુરૂષ તેજ હતો કે જેણે સિંહનું સ્વરૂપ ધારણ કરી સ્ત્રીને પોતાની પીઠપર બેસાડી હતી, સુમનનું તેમણે શરણ માગ્યું, તેથી તેમને જીવતાંજ પકડી લીધાં, અને મજબુત બંધનવડે બાંધી લઇ સુમન બહાર નીકળ્યો.

પ્રકરણ ૪૯ સું.

શૌર્યની મહત્તા.

સુમન ભુતાલયની તપાસ કરવા ગયો, ત્યારથી નગરમાં શાન્તિ છે, સુમનની કિર્તીનાં કેટલાંક કિરણો શહેરમાં પ્રકટી નિકળ્યાં છે. પ્રભુ! સુમનને વિજયી કરો એવા અસંખ્યાત આશીર્વાદો વરસે છે. રાજા વિમળસીંહ પણ આજે સુમનનીજ ચીંતા કરતો દરબારગઢમાં બેઠો છે. સુમન ક્યાં છે? તેની કોઇને માહિતી નથી. રાજા સુમનની હયાતી માટે અનેક શંકાઓ કરે છે. વિકળસીંહ પણ સુમનના આગમનની આતુરતાથી માર્ગપ્રતિક્ષા કરે છે. સુમને વિકળસીંહને કહ્યું હતું કે કાં તો કાર્યસિદ્ધિ કરીને પાછો આવીશ, અથવા તો આ ક્ષણભંગુર દેહનો અંત આણીશ. આ પ્રતિજ્ઞા સ્મરણમાં આવતાં કુમારને સુમનની હયાતિ માટે શંકા ઉત્પન્ન થાય છે. સુમન સંબંધી કંઇક પણ ખબર મેળવવાને તે ઘણો ઉત્કંઠિત થાય છે. તેવામાં શેરખાં ત્યાં આવી પહોંચે છે. શેરખાંએ ભપકાદાર પોશાક ધારણ કરી, ઢાલ તલવાર શરીરની સાથે કસી દીધાં છે. કમર બાંધી તેમાં કટારને અલંકૃત કરેલી છે. શેરખાં આજે મુખોપર તાર દેતો દરબારમાં આવેલો છે. શેરખાં સુમનની સોબતમાં હતો એ વાત કુમારને જ્ઞાત હતી. શેરખાંની મુખમુદ્રાપર ફતેહનાં કિરણો જોઇ કુમારને સહજ આનંદ થયો, પોતાની જીજ્ઞાસાને તૃપ્ત કરવા કુમારે આતુરમુદ્રાએ પ્રશ્ન કર્યો,—કેમ મીયાં ફતેહ?

"હા ખાવીંદ! મેરીતો ફતેહ લેકીન ઓ લડકા બીચારા મારા ગયા" શેરખાંએ હર્ષ અને શોકની મીશ્ર લાગણી બતાવી કહ્યું.

કુમારે વિશેષ આતુર થઇ પૂછ્યું. મારા ગયા ? કયું ? કયા હુવા ?

"ક્યા કહું ? ઉસકી કમનસીબકા પડદા ખુલ ગયા. સેતાનકી ટોલીને ઉસકુ અપના શિકાર બનાયા !" શેરખાંએ ગંભીરતા બતાવી ઉત્તર આપ્યો.

કુમારે સહજ આંખ ચડાવી કહ્યું,—ફીર તુમ જીતે કયસેં આયે ?

શેરખાંએ ડંફાસ મારતાં કહ્યું,—મેંને બડી અકલકે સાથ કામ લીયા. ભુતબી સાલે સમજેંગે કે કોઇ બહાદર સીપાહી મીલાથા.

કુમારે વિસ્મય થતાં પૂછ્યું,—સુમનને કુચ્છ બહાદરી કી ?

શેરખાંએ ઉત્તર આપ્યો,—ઓ બિચારા લડકા કયા કર શકતા હય મેરે માલીક ! વો તો ભુતાંકુ દેખતેહિ ડર ગયા ! ઔર પાનીકી તરહ કાંપતાહિ મર ગયા ?

કુમારે કંઇક શંકા કરતાં કહ્યું—કયા તુમને તમારી આંખોસેં દેખા !

શેરખાંએ ઠાવકા થઇ કહ્યું,—મેરી કયા આબાદ કે મેં એક લફ્જ માલીકકે સામને જુઠ બોલું.

રાજા અને કુમાર આ દુઃખદાયક ખબર સાંભળી શોકમાં નિમગ્ન થયા. ઘડી પહેલાનો આનંદ શોકના સ્વરૂપમાં પરિવર્તન પામ્યો. અનેક પ્રશ્નોએ રાજાના હૃદયમાં સ્થાન મેળવ્યું. સુમનની મોહક મૂર્તિ તેમની દ્રષ્ટી સન્મુખ વારંવાર તરવરવા લાગી. જાણે પોતાની એકાદ પરમપ્રિય વસ્તુ કુદરતે બળજોરીથી છીનવી લીધી હોય, એમ તેમને લાગ્યું. આ વાર્તા એક ક્ષણમાં આખા શહેરમાં પ્રસરી ગઇ. સર્વ સ્થળે દુઃખનું વાદળ છવાઇ ગયું. નગરજનો ચીંતાની આગમાં પુનઃ તરફડવા લાગ્યા. તેમણે નિશ્ચય કર્યો કે હવે આ શહેર ખાલી કર્યા વિના અન્ય ઉપાયજ નથી. આ ખબર રાજાને મળતાં તે દુઃખ અને શોકની લાગણીથી લેવાઇ ગયો. રાજાના હૃદય ઉપર પ્રબળ આઘાત થયો. "શું આવું મનોહર શહેર આજે વિકટ વેરાન થશે ? શું મ્હારી સમૃદ્ધિવાન પ્રજા અહીંથી ચાલી જશે? એમ થશે તો હું રાજા કોનો ? એ પ્રશ્નોએ રાજાને અત્યંત વ્યાકુળ કર્યો. રાજાએ પોતાના મનોરાજ્યમાં પોતાનું પરમપ્રિય રાજ્ય હાથમાંથી

જતું જોયું. તેણે વિચારદર્પણમાં પોતાની પ્રતિષ્ઠાનું દ્રવ્ય લુંટાતું જોયું. ચીંતાઓના ભારથી તે શિથીલ થઇ ગયો એટલામાંજ તેણે એક મહાન્ ઘોંઘાટ સાંભળ્યો. રાજાની દ્રઢ ખાતરી થઇ કે નગરજનો શહેર છોડી ચાલ્યા જાય છે. તેથી તેણે કુમારને ગદ્‌ગદ્ કંઠે કહ્યું,—કુમાર ! સત્વરે જાઓ, અને નાશી જતી પ્રજાને કહો, કે જરા ધૈર્ય રાખો. જ્યાં તમે જશો ત્યાં હું પણ તમારી સાથેજ આવીશ. રાજાના ઉદ્‌ગારો સાંભળી કુમાર ભયભિત થયો. કુમારની આંખમાંથી કેટલાંક અશ્રુબિન્દુ સરી પડ્યાં તે ત્યાંથી ઉઠ્યો અને બહાર ગયો તેટલામાં તો લોકોનો શોર બકોર સમીપ આવતો સંભળાયો. કોઇ કહે એક બહાદુર માણુસ બે ભુત પકડીને આવે છે. લોકો તે સાંભળીને નાસા નાસ કરવા લાગ્યા. કોઇ કહે ભુતના નામે ઉલ્કાપાત કરનાર હરામખોરો પકડાઈ ગયા. નગરજનો તે સાંભળી આનંદ પામ્યા. સુમનના શૌર્યની કદર કરનારા સજ્જનોએ સુમનના નામપર જયધ્વની કર્યો. કેટલીક સન્નારીઓએ ઘરની બારીઓ અને ઝરૂખાઓમાંથી પુષ્પવૃષ્ટિ કરી. સુમન આ પ્રમાણે પ્રજાના સત્કારને માન આપતો બે અપરાધીઓને પકડી દરબારગઢ ભણી આવ્યો. વિકળસીંહે તેને દુરથી જોઇ સુમનના આગમનની રાજાને વધામણી આપી. રાજાના આનંદની અવધિ થઇ. તેના હૃદયમાં નવીન જાગ્રતિ આવી. નવું ચૈતન્ય આવ્યું.

શેરખાંના પગ ભયથી ધ્રૂજવા લાગ્યા, તે બુમ પાડી કહેવા લાગ્યો,—માલીકે મુલ્ક ! આપ ધોખા ખાઓગે. સુમન ભુત હુઆ હે ઔર ભુતોકું સાથ લેકે આયા હય મેરી રાહમેં ઉસકુ ગોલીસેં ઠાર કરના ચહીએ.

શેરખાંની મૂર્ખાઇ પર સૌને હસવુ આવ્યું. સુમને દરબારગઢમાં પ્રવેશ કર્યો, રાજાએ ઉભા થઇ સન્માન કર્યું. વ્હાલભર્યા શબ્દોથી સાબાશી આપી. રાજાની ફરમાશથી સુમને બનેલું વૃતાન્ત વિદીત કર્યું. તે સાંભળી રાજાને અનિવાર્ય આનંદ થયો. રાજાએ સુમનના શૌર્યની પોતાના હૃદયમાં સ્તુતિ કરી.

અનેક અમીર ઉમરાવો, અને પ્રજાના આગેવાનો પ્રસન્ન મુદ્રાથી દરબારગઢમાં આવી પહોંચ્યા. સર્વની દ્રષ્ટિ સુમન ઉપર સ્થિર થતી હતી. સર્વ કોઇ સુમનને ધન્યવાદ આપતું હતું.

માહારાજાની આજ્ઞાથી સુમને અપરાધીઓની તપાસ લીધી, પ્રથમ પુરૂષ અપરાધીને પૂછ્યું,

તમારૂં નામ શું ?

મારૂં નામ દયાશંકર.

તમારૂં નામ દયાશંકર છતાં આવું નિર્દય કામ કેમ કર્યું ?

વગર શ્રમે દ્રવ્ય મેળવવા.

તમારી ટોળીમાં કેટલા માણુસો સામેલ છે ?

આશરે બસો માણુસ.

ભયાનક પોશાક ધારણુ કરી જેણે પ્રથમ મ્હારી સાથે યુદ્ધ કર્યું, અને મ્હારી તલવાર વડે જેના હાથ કપાઇ ગયા તે કોણુ હતો ?

એક બહાદુર બહારવટીઓ પ્રબળસીંહ.

જે શરીરના કાપેલા અવયવો મારી તરફ ફેંકતો હતો તે કોણુ હતો ?

એક ભાંડ હતો.

જેના ધડપર મસ્તક નહતું અને જેમાંથી લોહીની ધારાઓ નીકળતી હતી, છતાં મારી સાથે સંગ્રામમાં ઉતર્યો હતો તે કોણુ હતો ?

એક બીજ હતો.

જેણે સિંહ ઉપર સ્વારી કરી હતી અને દેવીનું સ્વરૂપ ધારણુ કર્યું હતું તે કોણુ હતી ?

ઉત્તર—એક ગણીકા હતી.

પ્રશ્ન—અને સિંહ કોણુ થયું હતું ?

ઉત્તર—હું પોતેજ. કેમકે મને સિંહ ગર્જના કરતાં આવડે છે.

પ્રશ્ન—ભયંકર અવાજ શાથી થતા હતા ?

ઉત્તર—અમારી પાસે એક એવી વસ્તુ છે કે જેના ઉપર પત્થર ધસતાં તોપના જેવો અવાજ થાય છે.

પ્રશ્ન—આગના ભડકા શાથી થતા હતા ?

ઉત્તર—રાળથી.

પ્રશ્ન—કાપેલા હાથ પગ મારી પાસે ક્યાંથી ફેંકવામાં આવતા હતા,

ઉત્તર—મુડદાંના.

પ્રશ્ન—લોહીની ધારાઓ શી રીતે ઉડતી હતી ?

ઉત્તર—પોથીના રંગથી.

પ્રશ્ન—દેવીના મંદિરમાં પેસતાંજ મનુષ્યો અદ્રશ્ય કેવી રીતે થતા હતા ?

ઉત્તર—દર્શન કરતી વખતે જ્યાં ઉભા રહેવાની જગા છે ત્યાંજ પાંજરૂં છે ભોંયરા ઉપર ઢાંકેલા બારણાને એક ચાંપ લગાડેલી છે, જ્યારે માણસને ભોંયરામાં ઉતારી દેવો હોય ત્યારે ચાંપ દબાવવાથી તે નીચે ઉતરી પડે. પછી તેની જે હાલત કરવી હોય તે અમે નિર્ભયપણે કરી શકીએ.

પ્રશ્ન—ત્યારે શું ભુત પ્રેતના નામથી જે માણસો ગુમ થતાં હતાં તેમાં કારણભુત તમેજ હતા ?

ઉત્તર—હું એકલો નહિ પણ અમારી સાથે ઘણાં માણસો આવેલા હતા.

પ્રશ્ન—એ ટોળીના માણસોને તમે ઓળખાવશો ?

ઉત્તર—હા,

પ્રશ્ન—તમારી આ ભયંકર ટોળી ઉત્પન્ન કેવી રીતે થઇ.

ઉત્તર—સાહેબ અમે બધા એકજ ધર્મના અનુયાયી છીએ. અમારૂં મંદિર શાક્તસદનના નામે ઓળખાય છે. પાંચ મકાર એ અમારા મુખ્ય મંત્રો છે. જે મદ્ય, માંસ, મીથુન ઇત્યાદિ નામે ઓળખાય છે. અમારો ધર્મ સર્વ ધર્મો કરતાં ઉત્કૃષ્ટ ગણાય છે, કારણ કે અમારા ધર્મના અનુયાયી ગમે તેવું દુષ્કર્મ કરે, અનાચાર સેવે,તથાપિ ઇશ્વરના દરબારમાં તે અપરાધિ મનાતો નથી. આનંદ એજ અમારૂં સ્વર્ગ છે. દુનિયાની સઘળી વસ્તુઓ આનંદ ભોગવવાજ સરજાયેલી છે, છતાં જગતના મનુષ્યો વર્તનની મર્યાદા બાંધી તેના બંધનમાં પડે છે. અમે તે બંધનમાંથી મુક્ત થયા છીએ. જગતમાં જે કંઇ વસ્તુઓ દ્રષ્ટીગોચર થાય છે, તે મુખ્યત્વે અમારા આનંદને માટેજ સરજાયેલી છે. માટે જે વસ્તુઓ અમને પ્રિય હોય તેના ઉપર સંકુચિત બુદ્ધિથી કોઈ માણસ પોતાનો એકલાનો

જ હક દાવો કરે તો તેને અમે અમારા શત્રુ માનીએ છીએ. અને એવા શત્રુઓનો પરાજય કરવો, તેને અમે અમારા ધર્મનું ખાસ કર્તવ્ય માનીએ છીએ. એ કર્તવ્યપરાયણતાનું પરિણામ તે હાલની દુર્દશા છે.

સુમને કહ્યું,—સત્ય છે. ધર્મની અધોગતિ એજ દેશની દુર્દશાનું મુખ્ય કારણ છે અને તેટલા માટે દેશનું ભલુ ઇચ્છનારાઓએ લોકોને સત્યધર્મની શ્રેણીપર ચઢાવવા પ્રથમ દરજજે પ્રયત્ન કરવો આવશ્યક છે.

સુમને હવે સ્ત્રી અપરાધીને પૂછ્યું.—તું કોણ છે?

સ્ત્રીએ ઉત્તર આપ્યો,—હું એક અબળા છું.

સુમને પૂછ્યું,—તું શા માટે આવા અધમ કાર્યમાં સામેલ રહી?

સ્ત્રીએ નિર્ભયતાથી કહ્યું,—સાહેબ! એ પ્રશ્ન હિંદુ સંસારને પુછો. હિંદુ સંસારમાં સ્ત્રીઓ હાલ કેવી દુર્દશા ભોગવે છે, તેનો સૌથી પ્રથમ તપાસ કરો, અને તેમાં પણ વિધવાઓની સંખ્યા કેટલી છે? તેમની વય કેટલી છે? તેઓ હાલ પોતાનું જીવન કેવી રીતે વ્યતિત કરે છે? તેનું નિરીક્ષણ કરો. નગર સંરક્ષકોના હાથમાં વારંવાર તુરતનાં જન્મેલાં બચ્ચાં કયા કારણસર આવે છે? તે તેમને પૂછી જુઓ. સ્ત્રીઓની પ્રસ્તુત પાયમાલી કયાં કારણોને આભારી છે? એ શોધી કાઢવાને આપની બુદ્ધિને કામે લગાડો. અને પછી મને પુછો કે તું શા માટે અનીતિના કાર્યમાં સામેલ થઇ.

બાળ લગ્ન, વૃદ્ધ લગ્ન, બહુ લગ્ન, અને કન્યા વિક્રય, કરનારાઓ શું નીતિનો પાઠ ભજવે છે? અને શું અનીતિમય લગ્નમાંથી નીતિનાં ફળ ઉત્પન્ન થવાં સંભવિત છે? કુમાર સાહેબ મેં અનેક દુષ્કર્મ કર્યાં છે, અને તેને માટે મને જે શિક્ષા કરવામાં આવે તે સહન કરવાને હું તત્પર છું. તથાપિ આપે સ્મરણમાં રાખવું જોઇએ કે અમારા કૃત્યોને માટે અધમ રૂઢિઓનું સમર્થન કરનારાઓ પ્રથમ દરજજે જવાબદાર છે. આથી વિશેષ કાંઇપણ કહેવાને હું ખુશી નથી.

સુમને કહ્યું,—"સત્ય છે. હિંદુ સંસારને લાગેલો સડો જ્યાં સુધી દુર નહિ થાય ત્યાં સુધી, પ્રજાને સદાચાર અને સદ્ગુણોની બક્ષીસ મળવી દુર્લભ છે.

અપરાધિઓની તપાસ પુરી થઇ. ભુતાલયનો સર્વ ભેદ પ્રકાશમાં આવતાં પ્રજાના વ્હેમની નિવૃતી થઇ. પકડાયેલા અપરાધીઓને દેહાંત દંડની સીક્ષા કરવા મહારાજાએ પોતાની ઇચ્છા સુમનની આગળ વ્યક્ત કરી. સુમને પ્રાર્થના કરી કે પ્રજાના વ્હેમની તદન નિવૃત્તિ થવાના હેતુથી આ બનાવના સ્મારક માટે તેમને અન્ય પકડાયેલ જંગલી પશુઓની જોડે એક જુદા પાંજરામાં પુરી રાખવાં જોઇએ. માહારાજાએ સુમનની પ્રાર્થના સ્વિકારી.

પ્રકરણ ૫૦ મું.

ભુલનું ભયંકર પરિણામ.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ભુતાલયને સંબંધકર્તા કાર્ય સમાપ્ત થયા પછી વીકળસીંહ સુમનને પોતાના મહેલમાં લઇ ગયો. ત્યાં ભોજન સામગ્રી તૈયારજ હતી. સુમન અને વિકયળસીંહ સાથેજ તેને ઇનસાફ આપવાને બેઠા.

વિકળસીંહે વાત ઉપાડી,—“ બહાદુર સુમન ! જ્યારે એક માણસની બહાદુરી અનેક માણસોના દુઃખનું કારણ થઇ પડે છે, ત્યારે એકની બહાદુરી અનેક મનુષ્યોના સુખનું સાધન થઇ પડે છે. તમારી બહાદુરી મ્હારી પ્રજાને અનંત સુખનું પ્રદાન કરવામાં કીર્ત્તિવંત નિવડી છે, તેને માટે તમને ધન્યવાદ ઘટે છે. ”.

સુમને ઉત્તર આપ્યો,—“ મેં મ્હારી ફરજ ઉપરાંત વિશેષ કાંઇ કર્યું નથી. અને તે ફરજ અદા કરવાની તક મુખ્યત્વે આપની ભલાઇને આભારી છે.

કુમારે કહ્યું,—“ એક લાયક અને સદ્‌ગુણી માણસનો કદાચ અપરાધ થાય તો પણ તેનું અતિસ્ત્વ કાયમ રાખવાથી કોઇ વખત તેનું કેવું સુફળ પ્રાપ્ત થાય છે. તેનું તમોએ જનસમાજને ઉમદા—દ્રષ્ટાંત આપ્યું છે. અને મ્હારા પિતાશ્રીએ તમારી કરેલી કદરનો તમોએ ઘણી ત્વરાથી યોગ્ય બદલો આપ્યો છે.

સુમને કહ્યું,—“ કુમારશ્રી ! તમારી પોતાની ભલાઇનું માન તમારા

પિતાને આપવાની તમારી શ્રેષ્ટ નીતિ તમારી ઉચ્ચ ભાવનાઓને વધારે દેદીપ્યમાન કરે છે.

કુમારે કહ્યું,–" સુજ્ઞ સુમન ! હું તમને બીજી એક ખુશ ખબર આપવા ઇચ્છું છું.

સુમને વિસ્મય થઇ પૂછ્યું,–" ખુશ ખબર ?

કુમારે કહ્યું,–" હા "

તે શું ?

રાજકન્યા સુલોચનાના સબંધમાં.

એટલે ?

તે અહીંજ છે.

કયાં ?

મ્હારા મહેલમાં.

અહીં કયાંથી ?

" પ્રભુની કૃતિને કોઇ પાર પામ્યું નથી, એક વખતે મેં તેનું હરણ કર્યું છતાં હું તેને મ્હારા મહેલમાં લાવવા ભાગ્યશાળી થયો નહતો, પણ જ્યારે તે જગતનિયંતાની ઇચ્છા બળવત્તર થઇ ત્યારે વિના પ્રયત્ને તેનાં પવિત્ર પગલાં અહીં થવા પામ્યા છે. વીકળસીંહે લંબાણુ ઉત્તર આપ્યો.

આ હકીકત જાણીને સુમનના હૃદયમાં ઉંડો ચીરો પડયો. પણ તેણે પોતાની મુખમુદ્રા ઉપર જેવીને તેવી ગંભીરતા જાળવી રાખી દેવામાં એક દાસી ત્યાં આવી ઉભી રહી. દાસીના હાથમાં એક પત્ર હતો. વિકળસિંહે તેને દેખતાંજ તે પત્ર પોતાના હાથમાં લીધો અને દાસીને કહ્યું–" બહુ સારૂ જા ! દાસી ગભરાતી મુંઝાતી ત્યાંથી ચાલી ગઇ. વિકળસિંહે પત્ર વાંચ્યો. એક વખત બે વખત ત્રણ વખત ફરી ફરીને વાંચ્યો. વાંચ્યા પછી તેણે ઘણો વખત વિચાર કર્યો.

સુમને પૂછ્યું,—" વીર કુમાર ! શું કંઇ એ પત્રમાં અગત્યની ખબર છે ? "

વિકળસિંહે તેનો કાંઇપણ ઉત્તર ન આપતાં તે પત્ર સુમનના હાથમાં આપ્યો. અને કહ્યું,—" સુમન ! તમને અત્યંત શ્રમ થયો માટે આ સ્થળે નિશ્ચિંત નિદ્રા લ્યો. તે પછી હું તમને રાજકન્યા સુલોચનાની મુલાકાત કરાવીશ." એમ કહી વિકળસિંહ ત્યાંથી ચાલતો થયો.

સુમને પત્ર હાથમાં લીધો. મોતીના દાણા જેવા સુલોચનાના હસ્તાક્ષર જોઈ આશ્ચર્ય પામ્યો. પત્રની નીચે સુલોચનાએ પોતાના દસ્કત પણ કર્યા હતા. સુમનના રોમરોમમાં દુઃખની જ્વાળા પ્રકટ થઇ "શું સુલોચના મને વિસરી ગઇ ? શું તે બેવફા થઇ ? શું તેણે પોતાની પ્રતિજ્ઞાપર પગ દીધો ? પોતાના વચનનો ભંગ કીધો ? આખર તોપણ તે સ્ત્રીજ છે. સ્ત્રીની બુદ્ધિ પાનીએ હોય છે. પત્ર વાંચી જોઉં તેમાં તેણે શું લખ્યું છે ?

" પ્રિયપ્રાણેશ ! "

" પ્રેમની માળા હાથમાં લઇ પરમાત્માની પેઠે હું આપનું નિરંતર ચિંતવન કરૂં છું, માટે ઓ મ્હારા દેવાંશી પ્રાણાધાર ! એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આપની પ્રેમસુંદરીની સંભાળ લેશો.

લી૦ આપની

હૃદયવલ્લભા

સુલોચના.

પત્રની પ્રત્યેક લીટી, પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક વર્ણ સુમનને એટલો તો હૃદયભેદક લાગ્યો કે ભાગ્યેજ તેટલા શસ્ત્ર પ્રહારોથી તેને તેવું દુઃખ થયું હોત. સુમનના હૃદયસાગરમાં અનેક વિચાર તરંગો ઉદ્ભવ્યા. શું વિકળસીંહ ત્હારો પ્રિય પ્રાણેશ ? ત્યારે શું મ્હારા પ્રત્યેનો ત્હારો સ્નેહ બજારમાં વિક્રય થતી વસ્તુઓના જેવો હતો ? ખચીત ! હું ત્હારૂં ચીંતવન કરવામાં ઠગાયો છું. અરે ! જ્યારે હવે તું અનેક સંકટો સહન કરીને તેના દર્શનાર્થે અહીં આવી છે, ત્યારે પહેલાં તેં વિકળસીંહનો તિરસ્કાર શા માટે કર્યો હતો ? હા, પણ તે વખતે હું વૈભવમાં લોટતો હતો એટલે તું મ્હારામાં લોભાણી હઇશ. અને હવે હું એક ભિક્ષુકની હાલતમાં ભટકું છું એટલે મને છોડી દઇ વિકળસીંહમાં લોભાણી

હઇશ. સુલોચના ! ત્હારો પ્રેમ આવો સ્વાર્થી છે એવું જો મેં પ્રથમ-જ જાણ્યું હોત, તો ત્હારા સ્મરણથી મને જે દુઃખ થતું હતું તે શાને થાત ? અરે ! ત્હારા બેદીલ થયા પછી પણ મ્હારા પ્રારબ્ધમાં તો દુઃખજ સરજાયેલું છે. પ્રથમનું દુઃખ ત્હારા સ્નેહમાં તિરોભાવ પામતું હતું, હવેનું દુઃખ શોકની લાગણી સાથે મ્હારા પ્રાણનો અંત લાવશે.

વિકળસીંહ મને હાલથીજ બાળવા ઇચ્છે છે. સુલોચના તેના મ્હેલમાં આવી તેની ખબર મને એક ખુશખબર તરીકે સંભળાવે છે સુલોચના તેના ઉપર કેવા પ્યાર ભરેલા શબ્દોથી પત્ર લખે છે, તે મને વંચાવી ખીજવવા માગે છે, દાસી વિકળસીંહને પત્ર આપીને ગઇ, ત્યાર પછી તે પણ ત્વરાથી ઉઠયો છે અને હાલ તે ત્યાંજ હશે.

વિકળસીંહ ! શું તું સુલોચનાથી સુખી થઇશ ? કદી નહિ, જે સ્ત્રી પ્રેમના રહસ્યને જાણતી નથી, જેનો પ્રેમ સ્વાર્થના રંગે રંગાયેલો છે, પવનની પેઠે જેના વિચારો આમથી તેમ ડોલે છે, તે સ્ત્રી પોતાના ભરથારને કદી પણ સુખી કરી શકતી નથી. માટે ઓ વિકળસીંહ ! તું એ કામાક્ષીથી ઠગાઇશ નહિ તે દેખાવમાં રંભા સમાન ખુબસુરત જણાય છે અને તેનું નામ પણ મોહક અને આકર્ષક છે, તથાપી તેના હાવભાવથી જેમ હું ઠગાયો; તેમ તું ઠગાઇશ નહિ. તેના ચીત્તહર વાકચાતુર્યથી તું ચેતતો રહેજે. ગુલાબના ઢગલા નીચે છુપાયેલા સર્પની સોબતથી તું સાવધ રહેજે. યુવાનિના ગુમાનમાં ખીલેલી એ નાજુક વેલીમાં રહેલા ગુપ્ત વિષથી તું વેગળો રહેજે.”

સુમને ફરી પત્રના સામું તિરસ્કારની દ્રષ્ટિથી જોયું. “શું તું વિકળસીંહની શરણાગત પ્રિયતમા ? એ ત્હારો દેવાંશી પ્રાણાધાર ? અરે ! હું આ શું વાંચુ છું ? પરમાત્માએ મને આ પત્ર વાંચતાં પહેલાં સુરદાસ કર્યો હોત તો કેવું સારૂં ? અરે મેં તે સર્વ વિનાશીનિનું સ્મરણ કર્યું તેટલુંજ પરમાત્માનું સ્મરણ કર્યું હોત તો કેટલું સારૂં ? અરે ઓ પાપી રાજબાળા ! ત્હારા લીધે તો મ્હારા આખા કુટુંબની પાયમાલી થઇ છે તેનું પણ તને વિસ્મરણ થયું છે ! અરે હું મ્હારી અયોગ્યતાનો સ્વિકાર કરી મને ભુલી જવા તને કેટલી વખત વિનવતો હતો ? તે છતાં પણ તેં યુવાનિના મદમાં માન્યું નહિ, અને હવે મ્હારી કીર્ત્તિપર કાળો ડાઘ લગાડવા ચ્હાય છે !

નહિ. એમ નહિ બને. જે કીર્તિને માટે મેં મ્હારા પ્રાણની પણ દરકાર કરી નથી, તેને હું અખંડિત જાળવી રાખીશ. અરે ! એ પીશાચણી ! મ્હારી કીર્ત્તિના મહાન યજ્ઞમાં ત્હારા પ્રાણનું બળીદાન આપીશ. સુમન એકદમ ઉશ્કેરાઇ ગયો. તે ઝનુનમાં આવી દીવાનખાનામાં આમથી તેમ ફરવા લાગ્યો. તે રાત્રીના શ્રમને પણ ભૂલી ગયો. વળી તે પોતાના મનમાંજ બડબડવા લાગ્યો–"બસ ! તે વિષવેલી પાસે જાઉં, અને આખા જગત્‌ને ઝેરી બનાવનાર તે વેલીને મુળમાંથીજ છેદી નાખું." એ પ્રમાણે બોલતો, દાંતને કચડતો, નસકોરાં ફુલાવતો, લલાટને સંકુચતો, સુમન સુલોચનાના નિવાસભણી જવા નિકળ્યો. અને કેટલાક પ્રયત્ને અંદર દાખલ થયો. સુલોચના જમીનપર નાખેલી એક ગાદીપર સુતેલી હતી. શરીરપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તે જાણે કોઇની રાહ જોતી જોતી અસ્તવ્યસ્ત સ્થિતિમાં નિદ્રાધીન થઇ હોય એમ જણાતું હતું. એક દીવો ઝાંખો ઝાંખો બળતો હતો, સમીપમાં એક બીજી બાળીકા સુતેલી હતી.

કરમાયેલા કમળ જેવું સુલોચનાનું મુખ હજુ પણ શોભા આપે છે. હજુ પણ તેમાં એક પ્રકારની ચીત્તાકર્ષક જ્યોતિ જણાય છે, એક પ્રકારની અલૌકિકતા દર્શન દે છે. હજુ પણ તે સુંદીર જણાય છે.

સુમન તેના ચંદ્રવદનની મનોહરતા નિહાળી એક વખત તો શિથીલ થાય છે. તેના મુખ ઉપરની નિર્દોષતા જણાતાં તેનો ઝનુન કંઇક શાન્ત થાય છે.

બાલ્યકાળની રમતો–બગીચાનો પ્રેમ–સરોવરપરનો સંવાદ–રાજમહેલની સેવા–એ સર્વ પ્રસંગોનું સ્મરણ થાય છે. સુલોચનાના રૂધિરમાં તરબોળ કરવા કાઢેલી કટાર સુમન એકદમ પાછી ખેંચી લે છે." અરે ! હું આ કેવું અઘોર સાહસ કરૂં છું. શું આ મનોહર કુસુમ આવી ક્રુર સજાને પાત્ર છે ? શું એ સૌન્દર્યની મુર્તિ મ્હારી ક્ષમાને પાત્ર નથી ? નહિજ, એ સૌન્દર્યજ મને ભોળવવામાં મુખ્ય ગુન્હેગાર છે. એ કુસુમ જ મ્હારા સર્વ વિનાશનું પ્રાધાન્ય કારણ છે. વિકળસીંહના કહેવા પ્રમાણે તે તેના પિતાની ઇચ્છા વિરૂદ્ધ અહીં આવી છે. માટે તેને કલંકિત થતાં બચાવવી એ પણ જરૂરનું છે. એ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરતો સુમન, ખુલ્લી કટાર હાથમાં લઇ ઉશ્કેરાયેલી હાલતમાં રાજકન્યા સુલોચનાની સમીપ જાય છે. પરંતુ

દૈવયોગે જોડે સુતેલી બાળીકાના શરીર સાથે તેનો પગ અથડાય છે. બાળીકા એકદમ જાગી ઉઠે છે અને સુમનનો હાથ પકડી લઇ કંપિત સ્વરે કહે છે,–"ના મારશો ? નિર્દય ના થશો ?

સુમન કાંઇપણ ઉત્તર આપ્યા વિના ઉશ્કેરાયેલી હાલતમાં બાળિકાનો હાથ બળપૂર્વક તરછોડે છે. તેની પ્રાર્થનાનો અનાદર કરે છે.

પ્રકરણ ૫૧ મું.

સૌન્દર્યમાં માધુર્ય.

" નયન શું થાય છે ?" એક બાળાએ યુવકને પુછ્યું.

" માળા ગુંથાય છે."

" કોના માટે ?

નયનની સુખ છબીપર આ પ્રશ્નથી વિષાદની રેખા અંકિત થઇ તેની આંખમાંથી બે મુક્તાફળ સરી પડયાં. તે કાંઇ ઉત્તર આપી શક્યો નહિ.

વાત કરનાર સુંદરી કઇંનું કંઇ સમજી તેણે મર્મમાં પૂછ્યું. " એતો હું સમજી નયન ! વારૂ નયન ! હું માગું તે મને આપશો ?

નયને પોતાની પાસેનાં પુષ્પ બતાવતાં કહ્યું, " મ્હારી પાસે તો આ પુષ્પ છે."

" લાવો ત્યારે પુષ્પ આપો."

નયને કેટલાંક પુષ્પ સુંદરીને આપ્યાં. પુનઃ સુંદરીએ પૂછ્યું, " નયન ! આ પુષ્પે પોતાની સુવાસ કોઇને પ્રદાન કરી છે કે ?

નયને તે પ્રશ્નનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે પોતાના મનમાંજ ચીંતવન કરવા લાગ્યો.

બાળીકા જેવી સૌન્દર્યવતી છે, તેવીજ કોમેલ જણાય છે.

બાળાએ વળી એક પ્રશ્ન કર્યો, નયન ! માળા જોતાં તમે માળીનું કામ જાણતા જણાઓ છો.

" ઠીક ઠીક."

" વારૂ નયન ! મ્હારા બગીચાના માળી તમે થશો કે ?

વળી તમારો બગીચો કયો ?

નયન ! ત્હારી આકૃતિ જોતાં તું સઘળું સમજે છે. પણ જેવું ત્હારૂં વદનકમળ કોમળ છે. તેવું હૃદય નથી. હૃદય તો પત્થર કરતાં એ વધારે કઠિન છે, કેમ ખરૂંને નયન ?

નયન બાળીકાની મનેચ્છાને પામી ગયો. તેણે વાતમાં રસ લેતાં પૂછ્યું. મુગ્ધા ! મને પાષાણુ હૃદયી શા માટે કહ્યો ? શું મ્હારો કંઇ અપરાધ થયો છે ?

"હા."

"તે શું ?"

"તમારા મુખઉપર રૂપ જ્યોતિ અનિવાર્ય છે. પણ હૃદયમાં પ્રેમની સુંદરતા નથી તે.

નયને હૃદયમાં એક ગાઢ નિઃશ્વાસ નાંખતાં કહ્યું, કોણુ કહે છે કે મ્હારા હૃદયમાં પ્રેમની સુંદરતા નથી ? મ્હારૂં હૃદય તો જાણે છે તેજ જાણે છે ?

કોણુ જાણે છે નયન ? હું તો કહું છું કે હજુ તમે પ્રેમના મર્મમાં કંઇ સમજતા નથી. હજુ તમે કોઇની ખાતર દીવાના થયા નથી, ત્યાંસુધી પ્રેમમાં શું સમજો ?

નયને પોતાના મનમાંજ કહ્યું,–"બીચારી ભોળી બાળા મ્હારા હૃદયનું દુઃખ ક્યાં જાણે છે ?" તેણે પ્રકટ કહ્યું,–"મુગ્ધા ! એ બધી વાતો જવા દો સત્ય કહો તમારે શું જોઈએ છે ?

"શું જોઇએ છે ? હું તમનેજ પૂછું છું કે કમળને શું જોઇએ છે ?

"ભ્રમર, પણુ તેતો તેની કોમળ પાખડીમાં બીડાઇ મરવા માટે."

"દીપકને શું જોઇએ છે ?"

"પતંગ પણુ તેની રૂપજ્યોતિમાં પડી બળવા માટે નહિ વારૂ ?

"નયન ! તું મને વાતોમાં ઉડાવે છે. પાષાણુ હૃદયનો થઇ નાહક તરસાવે છે."

"ત્યારે સ્પષ્ટ કહો તમારે શું જોઇએ ?"

શું સ્પષ્ટ કહેવુંજ પડશે ? લ્યો ત્યારે સાંભળો. જીવનની આશા ! જીવનની દોરી ! જીવનનો આનંદ ! અને જીવનનો સાથી ! હવે સમજ્યા ?"

પ્રિય પાઠક ! આ નવીન પાત્રો કોણ છે તે જાણવાને તમે ઉત્કંઠિત હશો, અને તેટલા માટે તમને કહેવું જોઇએ કે નયન એજ સુલોચના હતી.

સુલોચના લુંટારૂઓના ત્રાસમાંથી નિવૃત્ત થયા પછી પુરૂષનો પોશાક ધારણ કરી રસ્તે પડી અને વિમળપુર આવી પહોંચી, શહેરમાં પ્રવેશ કરતાં એક સુંદીર બગીચો આવ્યો. સુલોચના જળપાન કરવા નીમીત્ત ત્યાં ગઇ. અને જળપાન કર્યું, તેવામાં બગીચાનો માલીક ત્યાં આવી પહોંચ્યો કે જે રાજ્યનો પ્રતિષ્ઠિત ઉમરાવ હતો. તેણે સુલોચનાને અજાણ્યો મુસાફર જાણી કેટલીક પુછપરછ કરી. સુલોચનાએ નયનસીંહના નામથી એક ક્ષત્રી તરીકેની ઓળખાણ આપી. વિશેષ વાર્તાલાપ થતાં ઉમરાવને નયન પ્રત્યે સાહજીક સ્નેહ ઉદ્ભવ્યો અને તેથી તેને પોતાના નિવાસમાંજ વિશ્રામ કરવા આગ્રહ કર્યો, નયને ઉમરાવના આમંત્રણને માન આપી ત્યાંજ નિવાસ કર્યો.

અતુલ સૌન્દર્ય, મીઠી વાણી, મધુર હાસ્ય, આકર્ષક અભિનયો વિસ્તીર્ણ જ્ઞાન, વખાણવા યોગ્ય વિનય, અને અલૌકિક પ્રભાવ, ઇત્યાદી સદ્‌ગુણોથી નયન ઉમરાવના સમગ્ર કુટુંબમાં માનીતો થઇ પડયો. દુધમાં જેમ સાકર ભળે તેમ તે તેમાં ભળી ગયો.

ઉમરાવને હૃદયદીપક સમાન એક પુત્રી હતી, જેના ઉપર તે અત્યંત પ્યાર રાખતો હતો. પુત્રીના સુખ અને કલ્યાણને માટે તે પોતાની સઘળી સંપત્તી તુચ્છ માનતો હતો. બાલીકાનું સૌન્દર્ય અતુલનીય હતું, હાલ તેણે યૌવનપ્રદેશમાં પ્રવેશ કર્યો હતો. પ્રેમની વિચીત્ર શ્રેણીપર પગ મુકયો હતો. બાળીકાના સર્વે અંગ પ્રત્યંગ ખીલી નીકળ્યાં હતાં. તે હવે પોતાના જીવનનો એક મનોહર સાથી શોધતી હતી, પરંતુ એક દિવસ તેણે ઘણુંજ ખેદની સાથે સાંભળ્યું કે બાલ્યકાળમાં તેનો સંબંધ એક ક્ષત્રીપુત્રની સાથે નક્કી થયેલો છે. માત્ર લગ્ન થવું બાકી છે

આ ખબર જાણી બાળીકાને ઘણું આશ્ચર્ય લાગ્યું. કેમકે તેના પિતા પ્રત્યેક વસ્તુને માટે તેની પસંદગી પૂછતા હતા. ત્યારે આ અગત્યના વિષયમાં તેમણે કેમ પોતાનીજ મરજી અખત્યાર કરી હશે ? મારા ગુણ કર્મ સ્વભાવ ને ક્યો પતિ અનુકુળ થશે તેમાં પિતાજી શું જાણે ?

અનેક વિચારો પછી બાળીકાએ સંતોષ ધારણ કર્યો એવી આશાથી કે ખચીત્ત પિતાશ્રીએ મારા સુખ અને કલ્યાણને માટે એક યોગ્ય સાથી શોધી કાઢયો હશે.

કેટલાક દિવસો પછી બાળીકાની તે આશા નિરાશાના સ્વરૂપમાં ફેરવાઇ ગઈ. એક દિવસ કાર્યવશાત્ પોતાના ભાવિ પતિનું ત્યાં આગમન થયું, અને દૈવયોગે ઉભયનો એકાન્તમાં મેળાપ પણ થયો. પણ તે મેળાપ બાળીકાની ભાવિ ઉમેદોને જમીનદોસ્ત કરનાર નિવડયો. આકૃતિ ઉપરથીજ બાળીકાએ તેના ગુણોની પરીક્ષા કરી અને વિશેષ જાણવાના ઉદ્દેશથી કેટલાક પ્રશ્નો પૂછી તેને પરીક્ષાની કસોટી પર ચડાવ્યો. અને બરાબર કસી જોયો; તે ઉપરથી તેની દ્રઢ ખાત્રી થઇ કે પોતાનો ભાવી ભરથાર અજ્ઞાન, મૂર્ખ, વ્હેમી, અને બુદ્ધિહીન છે, પ્રેમની કિંમત જાણવાને અસમર્થ છે.

બાળીકા પોતાના મનમાંજ બડબડી—“ આના કરતાં તો પિતાએ મને વિષ દીધું હોત તો વધારે સારૂં હતું. શું મ્હારા પરમ પ્રિય પિતા કે જેઓ મને સહજ દુઃખ થતાં મારા સુખને માટે પ્રાણ આપવાને તત્પર થાય છે; તેઓ મને હમેશને માટે દુઃખના દરિયામાં પટકી દેશે ? કદી નહિ. હું દીનતાથી પીતાને પગે પડીશ, તેમની દયા માગીશ. આટલું જાણ્યા પછી તો જરૂર હું મારા પિતાની પિતાની પાસે મારા ભાવિ સુખની ભીક્ષા માગીશ. અજાણતાં થયેલી ભુલ સુધરાવીશ. જ્યાં સુધી મારૂં લગ્ન થયું નથી ત્યાં સુધી પિતાને મારૂં જીવન સુધારવાની તક છે. ઇત્યાદિ સંકલ્પ વિકલ્પ બાદ બાલીકા કંઇક સ્વસ્થ થઇ. અને તેવામાંજ નયનસીંહ (સુલોચના) નું ત્યાં આગમન થયું, નયનની વાકપટુતા, સૌન્દર્યતા, અને સદ્ગુણશીલતાએ બાળિકાને પરવશ બનાવી. નયનને જોયા પછી અને તેનો પરીચય કર્યા પછી બાળીકાનાં હૃદયમાંથી પ્રેમના અંકુરો ફુટી નીકળ્યા. બાળીકાએ નયનનેજ પોતાના જીવનનો સાથી કરવા નિશ્ચય કર્યો. પણ નયન તેનો પ્રેમ સ્વિકારશે કે નહિ તે માટે તેને સંદેહ હતો. અને તેટલા માટે આજે તે નયનને પ્રેમનું અમૃત પાવા બગીચામાં આવી હતી.

બાળીકા અને નયન એક તરફ મધુર વાણીની આપ લે કરવામાં નિમગ્ન હતાં; બીજી તરફ બાળીકાના વ્હેમી પીતાએ તેમને સંદેહની દ્રષ્ટિથી જોયાં, ચોમાસાના પુરની પેઠે તેના હૃદયમાં અનિવાર્ય ક્રોધ ઉદ્ભભવ્યો. ક્રોધ મનુષ્યનો પ્રબળ શત્રુ છે અને તે શત્રુ શરીરમાં

પ્રવેશ કરતાંજ, બુદ્ધિનો પરાજય કરે છે, સારાસારનું ભાન ભુલાવે છે. બાળીકાનો પિતા પોતાની શાન્તિ ગુમાવી બેઠો. સત્યાસત્યનો તપાસ કર્યા વિનાજ નયનને પકડી ન્યાયાધીશીમાં લઇ જવા હુકમ આપ્યો.

"પકડો." "પકડો" ના અવાજનો પ્રતિધ્વની થયો. એક પળમાંજ નયન પરકેદ થયો, બાળીકાએ પિતાને અનેક પ્રાર્થનાઓ કરી પણ ક્રોધવશ થયેલ પિતાએ પુત્રીને પણ ધીઃકારી કાઢી.

નયને ન્યાયાધીશીમાં પોતાનું નિર્દોષપણું ઘણી નમ્રતાથી વ્યક્ત કર્યું, પણ મનુષ્યનો ન્યાય અતિ અપૂર્ણ છે. સત્ય ઢંકી ગયું. વ્હેમનો વિજય થયો. નયન ન્યાયાધીશની સખત શિક્ષાને ભોગ પડયો. જેલ યાત્રાની તૈયારી થઇ. હવે નયનને પોતાનું સત્ય સ્વરૂપ પ્રદર્શીત કરવાની ફરજ પડી.

જ્યારે ન્યાયાધીશની દ્રઢ ખાત્રી થઇ કે નયન વસ્તુતઃ પુરૂષ નથી પણ સ્ત્રી છે અને તેનું ખરૂં નામ સુલોચના છે. ત્યારે તેની અજાયબીનો પાર રહ્યો નહિ. આ વીચિત્ર વાર્તા આખા શહેરમાં પ્રસરી, અને કુમાર વિકળસીંહને પણ કર્ણગોચર થઇ.

સુલોચનાનું નામ સાંભળતાંજ કુમાર ત્યાં આવી પહોચ્યો અને તેને સન્માનપૂર્વક રાજમહેલમાં મોકલવા પ્રબંધ કર્યો.

પ્રકરણ પર મું.

આશાનું અવલંબન.

કેદખાનામાં જવા કરતાં કુમાર વિકળસીંહના મહેલમાં જવું, સુલોચનાને પ્રાણઘાતક લાગ્યું. એક પછી એક આવતી નવી આફતોને લીધે તેની જીંદગી કંટાળા ભરેલી થઇ પડી; તેથી તેણે દ્રઢ નિશ્ચય કર્યો કે પોતાના દેહનો અંત આણવાથીજ દુઃખનો પણ અંત આવશે. એમ વિચારી તે આત્મઘાત કરવાના નિશ્ચય ઉપર આવી. પણ વળી તેને વિચાર થઇ આવ્યો કે "શું વિકળસીંહ બળપૂર્વક મને રોકી રાખશે? શું તે મ્હારી સ્વતંત્રતાને છીનવી લેશે? શું તે પાતકી થઇ અત્યાચાર કરશે? શું મને એકલી જાણી રીબાવશે? નહિ, રાજપુત રમણી, એવાં વિઘ્નોને તુચ્છ ગણી પોતાની પવિત્રતા જાળવશે. કુમા-

રના અવિચારનો શબ્દ તેને હંમેશની નિદ્રામાં સુવાડશે. શુરવીર સીંહણને છંછેડવામાં તે સહજ ફાવી શકશે નહિ." સુલોચના આ પ્રમાણે તર્ક વિતર્ક કરે છે; તેવામાં કુમાર ત્યાં આવી પહોચ્યો. સુલોચનાને જોતાંજ તેણે વિનયતા, અને ગાંભીર્યતા ધારણ કરી ઘણા મૃદુ શબ્દોથી તેણે કહ્યું કે,—" અમારા કામદારોની અલ્પજ્ઞતાથી તમારા જેવી એક ખાનદાન બાળાને જે સહન કરવું પડયું છે તેને માટે મ્હારા હૃદયમાં અત્યંત દુઃખદાયક લાગણી પેદા થઇ છે, અને હું માનું છું કે તેથી તમને પણ અત્યંત દુઃખ ઉત્પન્ન થયું હશે પણ હું આશા રાખું છું કે જ્યાં અલ્પજ્ઞતા છે ત્યાં ભુલ થવી સંભવિત છે એ ન્યાયે તમે ક્ષમા આપશો.

સુલોચનાએ તેનો કાંઇપણ ઉત્તર આપવાની દરકાર કરી નહિ. હજુપણ તેના મુખ ઉપર દ્રઢતા, હિંમત, અને નીડરતા પ્રકટ આલેખાયેલી હતી.

કુમારે ફરી કહ્યું,—" હું જાણી શકું છું કે તમને અમારા મહેલમાં આવતાં અનેક પ્રકારની શંકાઓ અને અત્યંત ખેદ ઉત્પન્ન થયો હશે, પરન્તુ તમને અહીં બોલાવવાનો હેતુ તમારી કોમળ લાગણીને દુઃખ આપવાનો નથી, તેની તમે દ્રઢ ખાત્રી રાખજો. હું પ્રતિજ્ઞાથી કહું છું કે એક રાજવંશી બાળાને જ્યારે આવી દુઃખદ હાલતમાં આવી પડયાની જાણ એક અન્ય રાજવંશીને થાય, ત્યારે તેણે ફરજની રૂઇએ જેવો સત્કાર કરવો આવશ્યક છે, તેવો સત્કાર કરવાના ઉદ્દેશથીજ હું તમને મ્હારા મહેલમાં લાવ્યો છું.

વિકળસીંહે સુલોચનાના ઉત્તરની રાહ જોઇ પણ તેણીએ મૌન્ય રહેવુંજ પસંદ કર્યું. સુલોચનાની છાતી શ્વાસથી ઉછળતી હતી.

વિકળસિંહે વિશેષ કહ્યું,—" અલબત્ત ! તમને મારા કહેવા ઉપર જોઇએ તેવો વિશ્વાસ નહિજ આવે કારણ કે હું યુવાન પુરૂષ છું અને મેં એક વખતે પ્રાચિન પદ્ધતિનું અનુકરણ કરીને તમારૂં હરણ કર્યું હતું, તેથી તમને હાલની નિરાધાર સ્થીતિમાં મ્હારા પ્રત્યે અનેક શંકાઓ ઉત્પન્ન થતી હશે, અને સ્વાભાવિક રીત્યે તે થવીજ જોઇએ; તે છતાં પણ હું મ્હારા કિંમતી શબ્દો વડે તમને ખાત્રી આપું છું કે તમોએ મારૂં જે અપમાન કર્યું હતું તે હું ભુલી ગયો છું અને તમારી દ્રઢતા, અને હિંમત જોઈ ઘણો પ્રસન્ન થયો છું. વીરાંગના !

તમારી તેવી દ્રઢતાનો મને એક વખત અનુભવ થયા પછી હું તમને પુનઃ તમારી મરજી વિરૂદ્ધ ફસાવવાના પ્રયત્ન માટે સાહસ કરૂં, અને તમારી સ્વતંત્રતા ઉપર ત્રાપ મારવા માટે કુદી પડું, તેવો હું અવિચારી અને વિષયાંધ નથી. મેં પહેલાં તમને કહ્યું છે, અને હજુ પણ કહું છું કે તમારા જેવી એક સૌન્દર્યની મૂર્તિ, અને ગુણવાન કુમારિકા પ્રત્યે એક જીજ્ઞાસુ કુમારના હૃદયમાં જે કુદરતી અભિલાષા ઉત્પન્ન થવી જોઇએ તેનો મ્હારામાંથી તિરોભાવ થયો છે, એવું અસત્ય કહીને તમારા વિશ્વાસને ઠગવા અને પ્રભુનો ગુન્હેગાર થવા હું ચાહતો નથી, તેમજ તેવી અભિલાષાને તમારા ક્રોધરૂપી વિષમાં રગદોળી ઝેરીલી બનાવવા પણ ઇચ્છતો નથી. એમ હું મ્હારા વર્તનથી તમને થોડા વખતમાં સિદ્ધ કરી આપીશ, અને જો મ્હારા તેવા સદ્વર્તનથી હું તમારો પ્રેમ જીતવાને ભાગ્યશાળી થઇશ અથવા તમે પોતેજ મને તમારા પ્રેમનું પાત્ર ગણવાને યોગ્ય ધારશો, તોજ તમારી ઇચ્છાને હું તાબે થઇશ.”

વિકળસિંહ સુલોચનાના મુખમંડળમાં થતા પરિવર્તનનું નિરીક્ષણ કરી તેના ઉત્તરની માર્ગપ્રતિક્ષા કરવા લાગ્યો પણ જ્યારે સુલોચનાએ ઉત્તર આપવાની દરકાર કરી નહિ ત્યારે તેણે પુનઃ કહ્યું,—“ શું મ્હારી સાથે એક શબ્દ પણ નહિ બોલવાનો તમે નિશ્ચય કર્યો છે ? જો તેમ હોય તો પણ હું તમારા નિશ્ચય પરથી તમને ખસેડવા ઇચ્છતો નથી, પણ તમારી મૌન્યતાથી મને એવો શક ઉત્પન્ન થાય છે કે કદાચ તમે મ્હારા મહેલમાં એક પળ પણ રહેવાને ખુશી નહિ હશો. જો તેમ હોય તો તમને મ્હારા તરફનો કાંઇપણ પ્રતિબંધ છે એમ સમજશો નહિ. તમે તમારા પિતા પાસે જવાને ખુશી હોઓ તો હું તમને ઘણાજ આરામ અને સન્માનથી ત્યાં પહોચાડવાને તૈયાર છું.

રાજબાળાને હવે કંઇક ઉત્તર આપવાની ઇચ્છા થઇ. શું કહેવું તે તાત્કાલીક સુઝયું નહિ. તેથી વિકળસિંહે વિશેષ કહ્યું—“હા, પણ હું જાણું છું કે તમારા પિતાએ અનુપસિંહની ખટપટથી તમને અહીં મોકલી આપવાની તજવીજ કરી હતી, અને રસ્તે આવતાં અનુપસીંહના હવાલામાંથી યુક્તિ પૂર્વક તમે છટકી ગયાં હતાં—વાસ્તવિક રીતે તો તે બનાવ મ્હારા ગેરલાભમાં બન્યો હતો, તે છતાં પણ તમને આવી હાલતમાં બળાત્કારે ફસાવી લાભ મેળવવા, અને મ્હારા સદ્વ-

ચારને કલુષિત કરવા હું ચાહતો નથી. મને લાગે છે કે અનુધર્મી-હના હવાલામાંથી મુક્ત થવા છતાં ફરી તમને અહીંજ ઘસડી આણુ-વામાં તમારૂં ભાગ્ય, અને પ્રભુની ઇચ્છા ઉપરાંત, પણ તમારા હૃદયનું એક મહત્વનું કારણ હોવું જોઇએ, અને હું માનુ છું ત્યાં સુધી તે કારણ સુમન સાથે સંબંધ રાખનારૂં હોવું જોઇએ. સુમનને મ્હારા પિતાશ્રીએ કેદ કર્યો હતો, અને તેનો શીરચ્છેદ કરવાનો જલ્લાદોને હુકમ આપ્યો હતો—એ વાત કદાચ તમે જાણી હશે, અને તેથી તો તમને અમારા પ્રત્યે એટલો તિરસ્કાર પેદા થયો હશે કે ભાગ્યેજ તમે અમારૂં નામ સાંભળવાને પણ ખુશી થાઓ. તે છતાં જ્યારે તમે એમ જાણશો કે સુમન જે વિકળસિંહને પોતાનો કટ્ટો દુશ્મન માનતો હતો, તેજ વિકળસીંહે તેને તે મ્હોતની શિક્ષામાંથી બચાવ્યો હતો અને હાલ તે તદ્દન સુખશાન્તીમાં છે, ત્યારે તમારી દિલગીરી આનંદના રૂપમાં ફેરવાઈ જઇ મારા વર્તન પ્રત્યે સદ્દભાવ ઉત્પન્ન કરાવશે.

સુલોચનાની હવે વાચા ખુલી થઈ " શું તમે સત્ય કહો છો ? સુમન સુખ શાન્તિમાં છે ? ત્યારે કહો તે ક્યાં છે ?

વિકળસીંહે ઉત્તર આપ્યો—" હું ધારતોજ હતો કે તમે એ જાણવાને અધીર થશો. મારી સાથે ન બોલવાના નિશ્ચય ઉપરથી તમે ન ડગ્યાં હોત તો પણ હું તે તમને કહી સંભળાવ્યા વિના રહેત નહિ. સુમન હવે મ્હારો મિત્ર થયો છે. તે હાલ મ્હારી પ્રજાને સંકટ મુક્ત કરવાના પરોપકારાર્થે ભુતાલયની તપાસમાં ગયો છે તે ક્યારે આવશે તે નક્કી કહી શકાય નહિ, પણ પોતાના પ્રયત્નનું પરિણામ જણાવ-વાને તે અવશ્ય અહીં આવશે, તેમાં કોઇ પણ જાતનો શક નથી. જો તમે તેને મળવા ઇચ્છતાં હો, અને મેં જે તમારી આગળ લં-બાણ વિવેચન કર્યું છે તે પર તમને વિશ્વાસ હોય તો તે આવે ત્યાં સુધી મારા મહેલના એક વિભાગમાં તદ્દન સ્વતંત્રતાથી રહો. નહિ તો તમે જે નિર્ણય ઉપર આવ્યાં હો તે કહી સંભળાવો. કે તે પ્રમાણે હું પ્રબંધ કરૂં.

સુલોચનાએ વિકળસિંહના તમામ શબ્દો ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. તે શુદ્ધ અંતઃકરણથી કહેતો હોય એમ તેની બોલવાની ઢબ ઉપરથી સમજાતું હતું, છતાં કદાચ સુમનને મળવાની લાલચ બતાવી

રખેને તે ફસાવવા ઇચ્છતો હોય એવો તેને શક ઉત્પન્ન થયા વિના રહ્યો નહિ. કારણ કે મનુષ્યના હૃદયની ગુપ્ત ઇચ્છા, અને મનની દુ-ષ્ટતા જાણવા માટે ગમે તેવા બુદ્ધિવાન મનુષ્યની બુદ્ધિ કાંઈ કામ લાગતી નથી.

વિક્રળસીંહે સુલોચનાના મનોભાવને જાણી લઇ કહ્યું—" તમે શું વિચાર કરો છો તે હું સમજી શકું છું. સુમનને મ્હોતની શીક્ષા-માંથી બચાવ્યાની વાર્તા—અને તે લોક કલ્યાણાર્થે ભુતાલયની તપાસમાં નિકળ્યો છે એ વાર્તા—એવા પ્રકારની છે કે તે મેં સત્ય કહી છે વા અસત્ય તે પરોક્ષ રીત્યે જાણવાને તમને કાંઇ પણ વિલંબ લાગશે નહિ, અને જો તે અસત્ય જણાશે તો હું જે મારા પ્રત્યે તમારો સદ્દભાવ કરાવવાની કોશીષ કરૂં છું તેમાં હું કેટલો નિષ્ફળ થઇશ તે પણ સમજવા જેટલી બુદ્ધિ મારામાં છે, વળી તમે એક બહાદુર ક્ષત્રાણી છો. શું સત્યાસત્ય જાણતાં સુધી તમારા નિશ્ચયનું અખંડિતપણું જાળવવાનું તમારામાં સામર્થ્ય નથી ?

વિક્રળસિંહના ઉક્ત વિવેચનથી રાજબાળાનું હૃદય દ્રવિત થયું. કુમારના નિખાલસપણા માટે તેને કંઇક શ્રદ્ધા ઉત્પન્ન થઇ, અને તેથી તે ઉચ્ચ ગુણોથી વિભુષીત રાજબાળા વિક્રળસીંહના મહેલના એક સ્વતંત્ર દિવાનખાનામાં વિશ્રામ લેવા ગઇ, જ્યાં તેણે એક અપ-રીચિત બાળાને દ્રષ્ટિગોચર કરી. સુલોચનાની અજાયબીનો પાર રહ્યો નહિ. બાળિકા સુલોચનાની કોટે વળગી પડી. સુલોચનાનો ખભો આંસુવડે ભીંજાઇ ગયો.

પ્રકરણ ૫૩ મું.

સરલ હૃદયની સરલા.

પ્રિય પાઠક ! શું તમારા હૃદયમાં એ જાણવાની ઇચ્છા છે કે એ બાળિકા કોણ હતી ?

હશેજ, અને તેથી તમારી જીજ્ઞાસા તૃપ્ત કરવાને અમારે વિના વિલંબે કહેવું જોઇએ કે તે સરળ હૃદયની સરલા હતી, જેને કુમાર વિક્રળસીંહે જળસીંચનથી બચાવી પોતાના મહેલમાં આણી હતી.

વિક્રળસીંહ પોતાના સહોદર સુમનનો દુશ્મન છે, અને તેના

પિતાએ સુમનનો શીરચ્છેદ કર્યો છે, એ બીના સરલાથી અજાણી ન હતી. અને તેથી તે વિકળસીંહના મહેલમાં એક પળ પણ રહેવા ખુશી ન હતી, તથાપી હાલ તે અશક્ત અને નિરાધાર હોવાથી તેને ત્યાં રહેવાની ફરજ પડી હતી, કુમારે અને અન્ય પરીચિત દાસદાસીઓએ સરલાના આપ્તજનોનું નામ જાણવા ઘણો યત્ન કર્યો હતો પણ સરલાએ ઇરાદાપૂર્વક પોતાની ખરી ઓળખાણ આપી ન હતી.

કેટલોક સમય વ્યતીત થયા પછી સરલાએ ઘણી સહેલાઇથી જાણ્યું કે સુમનને શીરચ્છેદની શિક્ષામાંથી વિકળસીંહે બચાવ્યો છે ત્યારે તેને ઘણો આનંદ થયો, અને વિકળસીંહપ્રત્યે સદ્દભાવ ઉત્પન્ન થયો. વળી જ્યારે સરલાએ જાણ્યું કે સુમન રાજ્યના એક મહત્વના કાર્ય માટે ગયો છે, અને તે કાર્ય સમાપ્ત થયા પછી પાછો અહીં આવનાર છે ત્યારે સરલાને નિશ્ચિંતતા થઇ.

સરલા પોતાના હૃદયમાં મુંઝાય નહિ, તેને તે સ્થાન અપરીચિત લાગે નહિ, તેનો સઘળો સમય આનંદમાં અને શાન્તિમાં વ્યતીત થાય, તેને માટે કુમારે અતિ ઉત્કૃષ્ટ બંદોબસ્ત કર્યો, અને તેનું પરિણામ એ થયું કે સરલાનો કુમાર પ્રતિનો સદ્ભાવ વૃદ્ધિ પામ્યો.

જ્યારે જ્યારે સરલા વિકળસીંહની છબી સામું જોતી ત્યારે ત્યારે તેને સ્મરણ થતું કે,–"તેણેજ મને નવું જીવન આપ્યું છે,– તેણેજ મને કાગડા અને ગીધ પક્ષીઓના ભક્ષમાંથી બચાવી છે, તેણેજ મ્હારા પ્રેમાળ બંધુનો પ્રાણ બચાવ્યો છે, તેણેજ એક રાજવંશીની પેઠે મ્હારી સંભાળ રાખી છે, ત્યારે હું તેના ઉપકારનો બદલો ક્યારે વાળીશ ? હું એક રંકબાળા એવા એક રાજકુમારના ઉપકારનો બદલો શી રીત્યે આપી શકું ? એ પ્રકારના વિચારતરંગો તેના હૃદયસાગરમાં થઇ આવે છે. વારંવારના સ્મરણથી તેને સ્વપ્નમાં પણ વિકળસીંહજ દર્શન દે છે. કોઇ કોઇ વખતે તેને એવું સ્વપ્ન આવે છે કે જાણે વિકળસીંહે તેને પોતાના ખોળામાં લીધી છે–હાથ રૂમાલ વડે પવન નાંખે છે–ધીમે ધીમે પાણી સીંચે છે–સરલા જાગી ઉઠે છે. વિકળસીંહ નથી–કોઇ નથી–આતો મિથ્યા ભ્રાન્તિ છે. નીશદીનના ચિન્તવનથી તેને વિકળસીંહપર પ્યાર ઉત્પન્ન થાય છે.

સરલાના હૃદયમાં બીજી એક ભાવના પોતાના પ્રિય બંધુને મળવા વિષે છે તેને ખબર મળી છે કે પોતાનો વીરબંધુ ભુતાલયના

તપાસમાં ગયો છે અને તે તપાસ પુરી થયાથી પાછો આવવાનો છે, તેથી સરલા તદ્દન સાજી થયા પછી પણ સુમનની રાહ જોવાને માટે ત્યાંજ રોકાય છે અને વારંવાર તે દ્વારપ્રતિમાર્ગપ્રતિક્ષા કરતી તેની રાહ જુએ છે.

સરલા જેવી એક બાલિકા અજાણ્યા આ વાસમાં અને અપરિચીત માણસોમાં મુંઝાય નહિ તેટલા માટે વિકળસીંહની આજ્ઞાથી તેની દાસીઓ સરલાને આનંદમાં રાખવા અનેક ગંમતની વાતો કરે છે, પણ તેને તો વિકળસીંહની વાતોમાંજ રસ પડે છે. કોઇ કોઇ વખતે તેની પાસે સંગીત જાણનાર દાસીઓ આલાપ સાથે મધુર કંઠે ગાન કરે છે પણ સરલાને તો વિકળસીંહનાંજ ગુણ ગાન સાંભળતાં બહુ ગમે છે હવે સરલા તેમની પાસે સંગીતનું જ્ઞાન મેળવે છે, અને અલ્પ સમયમાં વીણાપર તે પોતાનો કાબુ મેળવે છે. વિકળસીંહ તે બાલીકાની ચાતુર્યતા અને તીવ્ર બુદ્ધિ જોઈ આશ્ચર્ય પામે છે.

સરલા જેવી સાદી છે તેવીજ શાણી છે, જ્યારે બોલ્યા વિના નજ ચાલે ત્યારે તે બોલે છે, પણ જ્યારે તે બોલે છે ત્યારે તેની વાણીમાં એવી મીઠાશ અને એવું સામર્થ્ય રહેલું હોય છે કે સાંભળનારને તેથી વ્હાલ ઉત્પન્ન થયા વિના રહેજ નહિ. જ્યારે માન અને ધ્યાન સહીત તેનું બોલવું સાંભળવામાં આવે છે, ત્યારે તે શરમથી સજવાઈ જાય છે. જ્યારે તે પોતાની વીણાને અત્યંત કોમળ રાગ ઉતારવાને જાગ્રત કરે છે, ત્યારે તે વીણા જેવી રીતે તેના સ્પર્શને ઉત્તર આપે છે તેવીજ રીતે તે સાંભળનારાઓના હૃદયને તાબે કરી લે છે.

સરલાની મુખાકૃતિ અતિ સુંદિર છે. તેના લલાટનું તેજ ચંદ્રમાની પેઠે પ્રકાશિત છે. મોતીની છીપો જેવા તેના સુશોભિત કર્ણ, મૃગના જેવી ચક્ષુઓ, કામદેવના ધનુષ્યના જેવી છટાદાર પાંપણો, મુખમુદ્રાની અનુપમ વિભુતિરૂપ અધરો, ગુલાબી કપોળ, અને સુંદિર કાળાવાળ, તે સૌન્દર્ય દેવિના મુખની રમણીયતામાં વિશેષ વધારો કરે છે. સરલાની ઉપર્યુક્ત ઉત્કૃષ્ટતા તરફ વિકળસીંહનું અનિચ્છાએ ધ્યાન ખેંચાય છે.

સરલા જ્યારે વિણા હાથમાં લઇ કોમળ સુરથી આલાપ કરતી ગાય છે, ત્યારે જાણે સરસ્વતી દેવી મનુષ્યરૂપ ધારીને પૃથ્વિ ઉપર

ઉતરી આવી હોય નહિ એમ જણાય છે. તેના મુખનું પ્રકાશિત શરમાળપણું—તેની મૌન્યયુક્ત નમ્રતા—મધુર સંકોચ—પોતાના સૌન્દર્ય વિષે તેની તદ્દન ઉપેક્ષા—પોતાના રૂપ વિષેનું તેનું અજાણપણું—હૃદયની નિર્મળતા—ઉપકાર કરનાર પર પ્રાણ ફીદા કરવાની શ્રેષ્ટતા—એ સર્વ ગુણો, અને સર્વ ભાવનાઓ વિકળસીંહને તેના ઉપર મોહ ઉત્પન્ન કરે છે.

દુનિયામાં સંગીતને કોણ ચાહતું નથી ? પારણામાં ઝુલતાં બાળકોને પણ સંગીત પ્રિય છે. મધુર મોરલીના નાદથી નાગપણ ડોલે છે. કોમળસ્વરના મોહમાંજ હરિણ પોતાનો પ્રાણ આપે છે. સંગીતમાં એક એવી અજબ મોહિની છે કે મનુષ્ય માત્રનું મન તે તરફ આકર્ષાય છે. વિકળસીંહના હૃદયને સરલાના સંગીતે આકર્ષ્યું છે. વિકસિંહ સરલામાં દીન પ્રતિદીન વિશેષ સૌંદર્યતા નિહાળે છે. પ્રતિદીન તેનામાં કંઇક નવું નવું જોવામાં આવે છે. સરલા વારંવાર વિકળસીંહની છબી સન્મુખ અનિમેષ દ્રષ્ટિથી જોઇ રહે છે એ વાત કુમારના કાનપર આવે છે ત્યારે તેને અનેક પ્રકારના તર્ક વિતર્ક થાય છે. જ્યારે લાગણી અને આશાના ઉચ્ચ શીખર પર મન લાગેલું હોય છે, ત્યારે અણધારેલો નાનામાં નાનો બનાવ પણ કલ્પનાને સતેજ કરી વિચારમાળાને વિજળીનો પ્રવાહ પ્રેરે છે. વિકળસીંહના હૃદય સાગરમાં વિચાર પરંપરા ચાલી રહી છે. "શું તે મુગ્ધ બાળિકા મને ચાહતી હશે ? ચાહતી હોય તો કેવું સારૂં ? શું સુલોચના કરતાં સૌન્દર્યમાં તે કનિષ્ટ છે. નહિજ, મને તો તે ઘણી મોહક લાગે છે. સુલોચના એક રાજકન્યા છે, અને આ બિચારી કોઇ ગરીબ કુટુંબની છે, તેથી શું ? કમળ કિચડમાં ઉત્પન્ન થાય છે તેને કોણ ચાહતું નથી ? બાળિકામાં અમીરી ગુણો પ્રતિત થાય છે, બસ ! હું તેને અમીર બનાવીશ. એ ઉમદા જવાહિરને હું મ્હારા હૃદયમાં જડાવીશ. ત્યારે એ બાળિકાને હું સઘળું પુછી જોઉં ? આ પ્રમાણે અનેક તર્ક વિતર્ક કરતો વિકળસીંહ એક દિવસ સરલાની પાસે જવા તત્પર થાય છે. પણ પુનઃ તેના વિચારનું પરિવર્તન થાય છે." અરે ! હું આ કેવું સાહસ કરૂં છું ? મારે તેની પાસે શા માટે જવું જોઇએ ? તે મુગ્ધ બાળાની સ્વતંત્ર ગમ્મતમાં મારે શા માટે અવરોધ કરવો જોઇએ ? હા, તે સુંદીર છે, પણ તેની સુંદીરતાનાં મારે શા માટે વખાણ કરવાં

જોઇએ ? વિહ્વળ મન ! તું એક વખત સુલોચના પર લોભાયું,–તેની સૌન્દર્યતા પર આકર્ષાયું; પણ પરિણામે તું પોતેજ દુઃખી થયું. ત્યારે હવે તું આ નિર્દોષ બાળિકા તરફ શા માટે વિકારયુક્ત દ્રષ્ટિથી જુએ છે ? તે સરળ હૃદયની સરલા બાળિકા ભાવથી સહજ મારી છબી સન્મુખ જોતી હશે તેથી શું ? હે દુષ્ટ મન ! શું એ ત્હારે શરણે પડી છે તેથી તે પ્રસંગનો ગેરલાભ લેવા ચ્હાય છે ? નહિ, હવે હું ત્હારો દોરાયો નહિ દોરાઉં ! મ્હારી સુકીર્તિના વહાણનો સુકાની હું તને નહિ બનાવું !" આવા વિચારોમાં કુમાર વિકળસીંહનું મન પરિક્રમણ કરે છે તેવામાંજ તે સરલાનું વિણાના સ્વર સાથેનું મધુર ગીત સાંભળે છે. ગીત નીચે પ્રમાણે હતું.—

થયું પુષ્પ તરૂવરથી વિખુટું, ઉડી પડયું રણમાં......
અવિરલ તાપે તે કરમાતું, લય થાતું ક્ષણમાં......
પ્રાણ જતાં અંતે પ્રભુની, ઇચ્છા પ્રકટિ પળમાં,......
દેશે દેશ દુષ્કાળ પડયો, જળ વરસ્યું જંગલમાં ......
મળ્યો માળી મન મોહન વનમાં પુષ્પલીધું કરમાં,......
જળ સીંચ્યું મુખમાં અતિ દુઃખમાં સ્હાયકરીપળમાં.
લાવીને રોપ્યું રઢિયાળે, તે નીજ મંદિરમાં,.........
સંભાળ્યું પાળ્યું આનંદે ધરી પ્રીત અંતરમાં..
મધુ વરસાવે, વળી પ્રસરાવે, પરિમલ ભૂતલમાં
ના સુંઘે, નવ સંભાળે, ફરી રગદોળે રણમાં.

વિકળસીંહે ધ્યાનપૂર્વક પ્રસ્તુત ગીત શ્રવણ કર્યું. તેણે દીર્ઘ સમયપર્યંત એક મજબૂત કિલ્લાની પેઠે પોતાની ધૈર્યતાનું સ્વહૃદયમાં રક્ષણ કર્યું હતું, યદ્યપિ ઉક્ત કાવ્ય શ્રવણ કરતાં તે કિલ્લાની દિવાલ તુટી ગઇ, અને તેના પરિણામે–સરલાની બરાબર બરદાસ્ત થાય છે કે નહિ તે જોવાના મિષથી–તેના ભુવનમાં ગયો.

સરલા આ વખતે આનંદમાં નિમગ્ન થયેલી હતી. આશાના પ્રદેશમાં સુખનાં સ્વપ્ન જોતી હતી. સંગીતના સ્વર સાથે તેના હૃદયની એકતા થયેલી હતી. તેની બરફના જેવી શ્વેત આંગળીયો વિણાપર નૃત્ય કરતી હતી. વિકળસીંહે સરલાને દુરથી જોઇ,–" આ શું ? સૌન્દર્યનો આવો પવિત્ર ભાવ ? દ્રષ્ટિની આવી કલંક વિનાની કોમળતા ? લજ્જાની આવી માધુર્યમય શીથીલતા ?" અલ્પ સમય વિકળસીંહ અપ્રકટ ચિકિત્સા કરી પ્રકટ થયો.

સરલા કુમારને દેખતાંજ શરમાઈ ગઇ. વીણાને નીચે મુકી એક તરફ મૌન પણે ઉભી રહી તેના મુખ ઉપર વિચીત્ર પ્રકારની લાલાશ ફરી વળી. દ્રઢ ભક્તિવાળું ધ્યાન ખેંચી રહેલી આકૃતિ વિક્રસીંહ સામે સ્થીર દ્રષ્ટિથી જોઇ શકી નહિ.

વિકળસીંહે વિનીતભાવે પ્રશ્ન કર્યો—" શું મ્હારા આગમનથી તમને ક્ષોભ થયો ? ખચિત્ત ! મેં અહીં આવવામાં ભુલ કરી છે. તમારી નિર્દોષ અને સ્વતંત્ર ગમ્મતમાં મેં વિક્ષેપ કર્યો છે.

સરલાએ બાલિકાભાવથી, અને ક્ષણ દ્રષ્ટિથી કુમાર સન્મુખ જોયું, અને ઉત્તરમાં માત્ર સ્મિતહાસ્ય કર્યું.

વિકળસીંહના હૃદયમાં સરલાને કેટલાક પ્રશ્ન પુછવાની આકાંક્ષા હતી, પણ સરલાને કદાચ ક્ષોભ થાય એમ ધારી તેણે વિશેષ કાંઇ પૂછ્યું નહિ. અલ્પ સમય ઉભયનું મૌન્ય સંગીત ચાલ્યું. એકવાર દ્રષ્ટોદ્રષ્ટ મળી. કુમારે વધુ વખત ત્યાં રોકાવું ઉચિત ધાર્યું નહિ તેથી અનિમેષ દ્રષ્ટિથી પુનઃ સરલાને નિરખી તે ચાલ્યો ગયો. કુમારના ગયા પછી સરલાની રૂપરેખાપર સ્વાભાવિક વિષાદની છાયા પથરાઇ, તેને એમ લાગ્યું કે કુમાર દીર્ઘ સમય ત્યાં ઉભા રહ્યા હોત તો વધારે સારૂં.

આ પ્રમાણે ઉભય પાત્ર પોતાની માનસિક ઇચ્છાની રંગભુમી ઉપર નૃત્ય કરી રહ્યાં છે તેવામાં આકસ્મિક સુલોચનાનું આગમન થાય છે. સરલા રાજકન્યાને દ્રષ્ટિએ દેખતાંજ વળગી પડે છે. સરલાના હૃદયમાં આનંદનું પુર વહિ ચાલે છે. સરલાને જોઇ સુલોચનાને પણ અત્યંત આશ્ચર્ય થાય છે. આ બનાવને તે પોતાના ભાવિ વિજયની શુભ શરૂઆત માને છે. પોતાના પ્રિયતમનું સત્યવૃત્તાન્ત સરલા પાસેથી અવશ્ય મળશે એવી આશાથી, તેના હૃદયમાં આનંદનો પ્રકાશ થાય છે. સુલોચના તે વૃત્તાન્ત જાણવાને અતિ અધીર થાય છે.

પ્રકરણ ૫૪ મું.

પ્રેમનું કૌશલ્ય.

"બ્હેન સરલા ! તમે અહીં ક્યાંથી? તમારા બંધુ ક્યાં છે ? સુલોચનાએ અધીર થઇ સરલાને પ્રશ્ન કર્યો.

ઉતરમાં સરલાએ પોતાનો સઘળો વૃત્તાન્ત કહી સંભળાવ્યો અને કુમાર વીકળસીંહની પરમાર્થ બુદ્ધિનાં, સદ્ગુણી સ્વભાવના વિનયશીલતાનાં અને ધાર્મીક હૃદયના સ્નેહ ભરેલા શબ્દોથી વખાણ કર્યા. રાજબાળાને તો મુખ્યત્વે સુમનનું વૃત્તાન્ત જાણવાની જીજ્ઞાસા હતી. તે હજુ તૃપ્ત થઈ નહી તેથી પુનઃ તેણે સુમનના સંબંધમાં કેટલાક પ્રશ્નો પુછ્યા ઉતરમાં તેણે વિકળસીંહની ઉદારતાનાં, અને દાનાઇનાં વખાણ કર્યાં. અને તે બચાવ કોણે કર્યો ? તેનું વૃત્તાન્ત કહી સંભળાવ્યું. તેમજ સુમન રાજયના એક મહત્વના કામે ગયેલા છે, અને પુનઃ તે પાછો આવનાર છે, તે પણ કહી સંભળાવ્યું સુલોચનાને તે વૃત્તાન્ત સાંભળી કંઇક સંતોષ થયો, પણ સુમનને મળવાની ઇચ્છાતો વધારે બળવત્તર થઇ.

સરલાએ વારંવાર વિકળસીંહના વખાણ કર્યાથી રાજબાળા ને અત્યંત અજાયબી થઇ, સરલાનું હૃદય ઘણું સરળ અને પ્રેમાળ છે એવી પ્રતીત થઇ. કંઇક વિશેષ જાણવાની ઇચ્છાથી સુલોચનાએ સરલાને પુછ્યું, સરલા બ્હેન! ત્યારે તમારા કહેવા પ્રમાણે તો કુમાર વિકળસીંહ ઘણો શાણો કુમાર જણાયછે નહિ વારૂ ?

સરલાએ નિર્દોષ ભાવે ઉત્તર આપ્યો; હા, તેમનામાં ગાંભીર્યતા ઔદાર્યતા, નિર્મળતા, ઠરેલપણું મર્યાદા અને કુદરતી મોટાઇ છે; તેમની આંખમાં કીર્તીની પ્રકાશીત પ્રભાછે. નૈસર્ગીક પ્રેમ, અને ક્ષમાયુક્ત દયા છે. પોતાના ગૌરવનું અભિમાન, અને બીજાઓને દાબી દેવાની પ્રબળતા છે.

સુલોચનાએ વળી એક પ્રશ્ન કર્યો, સરલા બ્હેન ! શું એ કુમાર ની સાથે વાર્તાલાપ કરવાનો તમને કોઇ વખત પ્રસંગ મળ્યો છે ?

સરલાએ શુધ્ધ બુધ્ધિથી કહ્યું, હા, મેં તેમની મધુરી વાણી સાંભળીછે, જેમાં અલૌકિક મીઠાશ છે. ઉત્તમ વિચારોનો નિવાસ છે, નીર્દોષ રમુજ છે, ખરેખાત તેમની વાણીમાં અજબ પ્રકારનું વશીકરણ, અને જાદુઇ ભભકછે. બીજાઓને નીશ્વાસમાં લેવાનું, અને પ્રસન્ન કરવાનું બળછે.

કુમાર વીકળસીંહનાં વખાણ કરતી વખતે સરલાને એટલું પણ ભાન રહ્યું નહી કદાચ સુલોચનાને પોતાની વર્તણુંક માટે શક પેદા

થશે. ખરેખાત સરલા સરલ હૃદયની હતી અને તેની વાણી પણ સરળ હતી. વીકળસીંહને તે ખરા હૃદયથી ચાહતી હતી. અને તેથી નીષ્કપટ ભાવે તે વીકળસીંહના વખાણ કરતી હતી પ્રેમની ચમત્કૃતી એવી અજબ છે કે તે પોતાના પ્રેમીને માટે પાતાળમાં રહીને પણ પોકાર કરી ઉઠે છે.

સુલોચના સરલાના ભાવને સહજમાં પામી ગઇ, તોપણ વીશેષ જાણવાના ઉદ્દેશથી વળી એક પ્રશ્ન કર્યો ? સરલા બ્હેની શું ખરેખાત કુમાર વીકળસીંહને તમે પ્રત્યક્ષ જોયાછે ?

સરલાએ સત્યનો પ્રભાવ પ્રદર્શીત કરતાં કહ્યું, હા, તેમનું મુખ અત્યંત રસીક અને રહીયાળું છે, તેના ઉપર પોતાની ટેક સાચવવાનું બળછે, મર્દાનગીની છાપછે, અને નીર્દોષ આનંદ છે.

સુલોચનાએ વળી વ્યંગમાં એક પ્રશ્ન કર્યો,—" ખરેખાત ! ત્યારે તો કુમાર વિકળસીંહ એક સૌન્દર્યવાન કુમાર છે નહિ વારૂ ?

સરલાએ આનંદના ઉમળકાથી ઉશ્કેરાઇ કહ્યું,—" હા, તે એવો સૌન્દર્યવાન છે કે તેને જોતાંજ આપણું મન ઠરી જાય, જેને વારંવાર જોયા છતાં આપણી આંખ્યો તૃપ્ત થાય નહિ. તેને જોતાંજ આપણા હૃદયમાં પ્રેમના ફુણગા ફુટી નીકળે એવો તે મોહક, સદ્ગુણી અને મર્તબાવાળો છે.

સુલોચનાએ સ્મિત હાસ્યમાં ટકોર કરતાં કહ્યું,—" સારૂં બ્હેન, ! હવે ઘણું થયું. હવે કોઇ ભોળી ભાલી બાળા આગળ તેમનાં આટલાં બધાં વખાણ કરશો નહિ. નહિતો તમારી કવિત્વ શક્તિથી તે બિચારી તેના પ્રેમમાં ફસાઇ પડશે, અને તમને નિરાશા મળશે.

સરલા હવે પોતાની ભુલ સમજી ગઈ, અને એકદમ શરમાઇ ગઇ. અરે મેં કેવી ભુલ કરી ? સુલોચના મારા હૃદયનો ભાવ જાણી ગઇ, ખેર જે બન્યું તે ખરૂં, સરલાએ વાર્તાનો વિષય બદલવા એક પ્રશ્ન કર્યો,—" ઠીક ! પણ મ્હારા ભાઈ સુમન પાછા અહીં આવે ત્યાં સુધી તમે અહીંજ રહેશો ને ?

સુલોચનાએ કહ્યું,—હા,

સરલાને એ ઉત્તર આલ્હાદજનક લાગ્યો.

પ્રકરણ ૫૫ મું.

વિકળસીંહની વિકળતા.

સુલોચનાનું મન કોઇ રીતે દુભાય નહિ, તેમજ તેની સ્વતંત્રતામાં કોઇ જાતનો વિક્ષેપ થાય નહિ, તેની કાળજીથી કુમાર વિકળસીંહે તેની બરદાસ્ત માટેનો બંદોબસ્ત કર્યો છે. સુલોચનાની માત્ર એક દ્રષ્ટિ હુકમની પુરતી ગરજ સારે છે. તેને નારાજ કરવાની કોઇને ઇચ્છા ન હોવાથી દરેક દાસીઓ તેની આજ્ઞાને માન આપે છે.

સુલોચનાની સુંદરતાને તેનો સાદો પોશાક કોઇ રીતે છુપાવી શકતો નથી. વિકળસીંહ જ્યારે તેની મનોહર આકૃતિનું અવલોકન કરે છે, ત્યારે સુલોચનાને ભુલી સરલા તરફ વળેલું પોતાનું વિકળ મન સુલોચનાની ચિન્તવન જાળમાં ગુંચાય છે.

વળી જ્યારે તે સરલાને જુએ છે ત્યારે સુલોચના કરતાં તેનામાં કંઇક અલૌકિકતા—નવિનતા દર્શન દે છે, જ્યારે તે સુલોચનાનાં ખીલી નીકળેલાં અંગ પ્રત્યંગ જુએ છે ત્યારે તેનું હૃદય તેના તરફ આકર્ષાય છે, અને જ્યારે તે સરલાની બાલ્ય ચેષ્ટાઓનું અવલોકન કરે છે, ત્યારેજ તેનું મન સરલાના ચિંતવનમાં ચકડોળ પર ચડે છે. સુલોચના જ્યારે બોલે છે ત્યારે તેના મુખમાંથી નિકળતા શબ્દો કુમાર વિકળસીંહને અમૃત કરતાં પણ અધિક મીઠા લાગે છે અને જ્યારે સરલા ગાય છે ત્યારે તેના કોમળ કંઠમાંથી નીકળતો મધુર સ્વર તેને દેવતાઇ પ્રસાદ કરતાં પણ વધારે મધુર લાગે છે. વિકળસીંહ કોઇ કોઇ વખત વિચાર કરે છે કે સુલોચના અને સરલા ઉભયમાં સુંદર કોણ? પ્રેમાળ કોણ? ચાહવા લાયક કોણ? કુમારથી તેનો કંઇ નિર્ણય થઇ શકતો નથી. સુલોચના અને સરલા બન્નેના નામની ઘટમાળ તેના હૃદયકુપમાં ફરતી રહે છે, તે છતાં પણ તે બન્નેમાંથી એકની સાથેજ પ્રીતિ લગ્ન કરવા ઇચ્છે છે. યૌવનની શ્રેણીપર ચઢેલું કુમાર વિકળસીંહનું ઉત્સુક મન હાલ જૂદીજ જાતના વ્યાપારમાં પડેલું છે.

વિકળસીંહને એક વખત એમ લાગે છે કે જ્યારે સુલોચના મને ચાહતી નથી ત્યારે મારે તેની વ્યર્થ આશા શા માટે રાખવી જોઇએ? પણ બીજીજ પળે તેનો તે વિચાર બદલાય છે.

"શું સુમન હવે સુલોચનાની સાથે લગ્ન કરશે ? કદી નહી, કેમકે તેના પિતાએ તેને દેશનિકાલ કર્યો છે અને એક વખત રાજાની સાથે વિરૂદ્ધતા થયા પછી મહારાજાની મરજી વિરૂદ્ધ તેની સાથે લગ્ન કરવાના કાર્યને તે અયોગ્ય પગલું ગણશે. વળી હાલની તેની ગરીબાઇ એવી એક રાજપુત્રીને તેના લાયકનું સુખ આપવાને—સમૃદ્ધિ પુરી પાડવાને—અસમર્થ નિવડશે, જેના મનમાં પોતાના માતાપિતાની શોધ કરી તેમની સેવા કરવાની ઇચ્છા રમી રહીછે તે આવી અસ્થિર હાલતમાં એ રાજરત્ન ખરીદવાનું પસંદ કરશે નહિ, તેમજ પોતાના સ્વાર્થને માટે તે એક રાજવંશી બાળાને રંક હાલતમાં દુઃખી કરવાનું અઘોર પાપ પણ પોતાના શીરપર લેશે નહિ. મને લાગે છે કે તે પોતે રાજી ખુશીથી સુલોચનાને તેના લાયકનું યોગ્ય સ્થળ શોધી લેવાની સલાહ આપશે, અને ત્યારે તે ખચીત હું તેનો હાથ મેળવવાને ભાગ્યશાળી થઇશ. સુમન હવે મારો મિત્ર થયો છે અને મારા સ્વભાવનો તેને પુરો પરિચય થયો છે; માટે તે બીજાઓના કરતાં મારા હિતને પહેલું અનુમોદન આપશે.

એમ વિચારી તેણે સુલોચનાને પોતાના સદ્વર્તનની પરોક્ષ સાબીતીઓ આપવા ઉપરાંત સુલોચનાના મનોવિકારોને ઉત્તેજીત કરવા, અનેક લાલચોથી લલચાવવા, અને તેના અંતરમાં મોજશોખનો અનુરાગ ઉત્પન્ન કરવા અનેક યુક્તિઓને યોજવા લાગ્યો.

કુમાર વિકળસીંહ વરસતા મેઘનું જળ પીવાને આતુર ચાતકની પેઠે રાજબાળાની તરફ જોઇ રહેતો પ્રેમના, વખાણના, નમ્રતાના અને આર્જવતાના શબ્દોનો કોઇ કોઇ વખત વર્ષાદ વર્ષાવતો. પણ રાજબાળાના મુખમાંથી એક પણ પ્રેમનો શબ્દ તે સાંભળવાને ભાગ્યશાળી થતો નહિ.

સુલોચના હમેશ સાદાં વસ્ત્ર ધારણ કરતી, ભોંય સુઇ રહેતી, અને કટાર નિરંતર પાસેજ રાખતી. સંક્ષેપમાં તે ઘણુંજ સાદું જીવન વ્યતીત કરતી. ચોમાસાના દહાડામાં દોડતી નદી જ્યારે શાન્ત થાય છે, ત્યારે તેનો જેવો દેખાવ હોય છે—તેવોજ દેખાવ તે ધારણ કરતી, સુલોચનાની મુખમુદ્રાપર લેશ માત્ર ચંચળતા નથી. સંપૂર્ણ ગંભીરતા જણાય છે. જાણે તે કોઇ એકજ ભાવના કરી રહી છે !

સુલોચનાના આવ્યા પછી હવે કુમાર વિકળસીંહની દ્રષ્ટિ તેના તરફજ વળે છે તેથી સરલાના મનમાં દુઃખ થાય છે તે નિરાશ થઇ મનમાં વિચાર કરે છે.—" એમાં એમનો કાંઇજ દોષ નથી, દોષ મ્હારા પ્રારબ્ધનો છે, એતો એક રાજકુમાર છે. મ્હારા જેવી એક ગરીબ બાળા કરતાં એક રાજકન્યાજ તેમના માટે સરજાયેલી છે. જો મ્હારા પ્રારબ્ધમાં રાજરાણી થવાનું સરજાયું હોત તો મ્હારી અને મ્હારાં માતપિતાની દુઃખદ સ્થીતિ શાને થાય ? " એ પ્રમાણે અનેક વિચાર તરંગોનું સરલાના હૃદયમાં આવાગમન થાય છે.

એક દિવસ સરલાએ સુલોચનાના મનોભાવને જાણી લેવા પ્રશ્ન કર્યો,—" રાજબાળા ! હવે મ્હારે તમને શું કહીને બોલાવવાં ?

સુલોચનાએ ઉત્તર આપ્યો,—" કેમ પહેલાં શું કહીને બોલાવતાં હતાં ?

સરલાએ કહ્યું,–" તે તમે જાણો છોજ તો ?

સુલોચના—ત્યારે હવે પુનઃ પૂછવાનું કારણ શું ?

સરલા—" કારણ એજ કે હવે તો તમે અહીં આવ્યાં છો. તમારા ઉપર વિકળસીંહનો અનહદ પ્યાર છે, તે તમારા પ્રેમને કોઇ પણ રીતે જીતી લેવા યત્ન કરે છે, ત્યારે કોણ જાણે તેનું શું પરિણામ આવશે તે કાંઇ કહી શકાય નહિ.

સુલોચનાએ ઉત્તર આપ્યો,–" હા ! વિકળસીંહનો મ્હારા પ્રતિ પ્રેમ તો છે પણ તે તેના મનોવિકારોનો આંધળો વેગ છે. બ્હેન સરલા ! પ્રેમતો એકજ છે અને તે જ્યાં ઢોળાવાનો હતો ત્યાં ઢળી ગયો છે ? હું રાજપૂત રમણી છું. મ્હારી પ્રતિજ્ઞા અવિચલીત છે.

સરલાને આ ઉત્તરથી સંતોષ થયો પણ તે સંતોષે તેના હૃદયમાં એક જૂદોજ ઉછાળો આણ્યો, તેણે પોતાના મનમાંજ વિચાર કર્યો. " એમ તો મ્હારો પ્રેમ પણ જ્યાં ઢોળાવાનો હતો ત્યાં ઢળી ગયો છે પણ તેથી શું ? હું કાંઇ થોડીજ રાજકન્યા છું. "

હવે સુલોચનાએ વાત ઉપાડી,—બ્હેન સરલા ! હું આવી ત્યારે તમે કોનું ચિત્ર આલેખતાં હતાં ?

સરલા શરમાય છે. અને કહે છે,–એ તો હું અમસ્તી રમત કરતી હતી.

" હા હા, હશે તો રમતજ પણ તે રમત કઇ આકૃતિ સાથે કરતાં હતાં તે તો કહો ?

સરલા હવે વિશેષ શરમાય છે,-એવું એવું શું પૂછો છો ? એમાં તો કંઈજ માલ જેવું નથી.

"શેમાં? એ ચીત્રમાં કે એ ચિત્ર જેનું છે તેમાં ?"

સરલા ઉત્તર આપ્યા વિના શરમાઇ નીચું ઘાલે છે, સુલોચના કહે છે,-બ્હેન શરમાશો નહિ, લાવો લાવો; જોઇએ તમને ચીત્રકળા કેવી આવડે છે ?

સરલા કંપિત હાથે તે છબી આપે છે.

સુલોચનાએ પૂછ્યું,—બ્હેન ! તમે આ કળા કયાંથી શીખ્યાં ?

"મારી મેળેજ" સરલાએ સ્મિત હાસ્યથી ઉત્તર આપ્યો.

"મોતીના મૂલ્યને જેમ છીપ જાણતું નથી તેમ તમારી આ કળાને હું ધારૂં છું કે આ ચિત્ર પણ નહિ જાણતું હોય કેમ વારૂં ?

"પણ મ્હારે તે જણાવવાની જરૂર શી છે ?" સરલાએ સહજ ચીડાઇને કહ્યું.

"કેમ જરૂર શી છે? મહેનત કરીએ ત્યારે તેનો બદલો ન મેળવીએ ?"

"મેં કંઇ બદલો મળવાની ઇચ્છાથી આ ઉદ્યોગ કર્યો નથી."

"તે તો હું પણ જાણું છું. સંસારમાં એક એવી અવસ્થા હોય છે કે જ્યારે ઉદ્યોગ પણ એની મેળેજ થઇ જાય છે, અને તેનો બદલો પણ એની મેળેજ મળી જાય છે."

સરલા સ્મિત હાસ્ય કરતી પાછું જોતી ત્યાંથી દુર નાસી જાયછે.

સુલોચના કહે છે,—સરલા બ્હેન ! મ્હારા સમ, અહીં આવો ચીડાશો નહિ.

"ત્યારે તમે મ્હોટાં થઇ એવું એવું કેમ બોલો છો ?

"ત્યારે જગતનાં ઘણાં ચિત્રોમાંથી ફક્ત આ ચિત્ર આલેખવાનું તમે શાથી પસંદ કર્યું ?"

ભોળી સરલાએ ઉત્તર આપ્યો,—"બીજાં ચિત્રો કરતાં આ ચિત્ર આલેખવું મને વધારે સહેલ પડયું"

ખરેખર ! બહારનાં ચિત્રો કરતાં અંદરનું ચિત્ર આલેખવું વધારે સહેલ પડે છે.

"કેમ વળી અંદરનું ?" સરલા ફરી ખીજવાઇ.

"આપણે જેને હમેશ જોઇએ, હમેશ જેનું ચિન્તવન કરીએ

હંમેશ જેનાં વખાણ કરીએ, જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તેનું ચિત્ર હ્રદયમાં કોતરાયેલું હોય છે એટલે તેને બાહ્ય આલેખતાં વીલંબ થતો નથી."

"જાઓ જાઓ! તમે તો મને નાહક બનાવો છો! લાવો લાવો એ છબી હવે સૂઝી દઉં?

"ધીરજ રાખો. એ તમારી છબી તમનેજ મળશે. હું નહિ લઉં, ફીકર રાખશો નહિ.

સરલા સુલોચનાની કોટે વળગી પડી. તેની આંખમાં શરમનાં પ્રેમનાં—કે બાળચેષ્ટાનાં આજે આંસુ હતાં.

પાઠકગણ! ચાલો હવે સુલોચનાને મારતાં સુમનને અટકાવનાર બાળીકા કોણ હતી તે આપણે જાણી લઈએ.

પ્રકરણ ૫૬ મું.

પ્રેમીની ભુલ, અને તેનો ઇન્સાફ.

સૌન્દર્યનીધિ સુમન વિના આખું બ્રહ્માંડ સુલોચનાને શુન્ય લાગે છે. તેનું શરીર, તેનું મન, તેનો આત્મા હાલ સુમનની ભક્તિમાંજ તદ્રુપ થએલ છે. દુઃખમાં અને વિયોગમાં પ્રેમ વિશેષ બળવત્તર થાય છે એજ તેનામાં એક વિશિષ્ટ ખુબી છે.

તરસ્યું પંખી શુદ્ધ જળની ભાવના કરતું ગગનમાં ઉડી પોતાના સરોવરને શોધવા લાગ્યું. સદ્‌ભાગ્યે તેને સરોવરની શોધ લાગી. ઉત્સાહમાં ઉડતું પંખી સરોવર સમીપ આવી પહોંચ્યું. પણ તે શુદ્ધ સરોવર માન ખાઈ છેટે ગયું. કહો બિચારા પંખીની કેવી દુર્દશા!

બુલબુલ ભુખ્યું થયું. મધુર ફળનો આ સ્વાદ લેવા નંદનવનમાં ગયું. પણ તે ફળ ઉડી આકાશે પહોંચ્યું. સ્નિગ્ધ દ્રષ્ટીએ બુલબુલે આકાશ ભણી જોયા કર્યું પણ ફળ દ્રષ્ટિગોચર થયું નહિ, કહો તે બુલબુલના કેવા હાલ?

સુલોચનાનું હ્રદય હાલ કેટલું વ્યથીત છે? સુમનને મળવા તે કેટલી આતુર છે. ક્ષણે ક્ષણે તેના હ્રદયમાં કેવા ભાવ, કેવી આશા, કેવી નિરાશા, અને કેવા સંકલ્પ વિકલ્પ થાય છે, તે તેના વિના અન્ય કોણ જાણી શકે?

મ્હારા પ્રાણોના પ્રાણ, અને જીવનો જીવ તું છે. સુંદર તું છે. આ જગત્ તું છે. જગત્ તારામાં છે. સકળ સૌંદર્યની બનેલી પ્રતિમા તું છે એવુંજ ચિંતવન જેના હૃદયમાં પ્રતિક્ષણે થતું હોય તે એક પળનો પણ વિરામ કેમ પામે ?

પ્રેમ એ દૈવિ વસ્તુ છે, અને તેથી તેની પીડાનું વર્ણન કરવાને માનુષભાષામાં શબ્દોજ નથી. તેનું ચીત્ર આલેખવાને ચિતારાની પાસે પીંછી નથી, તેનું સ્વરૂપ સમજાવવાને જગતમાં કોઇ દર્પણ નથી.

સુર્યના ઉદયની ઇચ્છા સમગ્ર પ્રાણીઓને હોય છે. મેઘની વૃષ્ટિ થતી જોવા સૌ કોઈ આતુર હોય છે. સુમનનું આગમન સાંભળવા પણ આજે ધણાઓ ઇન્તેજાર છે. સરલા અને વિકળસીંહ પણ સુમનને માટે કાકદ્રષ્ટિથી માર્ગપ્રતિક્ષા કરે છે. તેઓ ભિન્ન ભિન્ન ભાવનાઓથી પોતાની ઇચ્છાના પંથ ઉપર નૃત્ય કરી રહેલાં છે.

પરમાત્મા દયાળુ છે, મનુષ્યની ઇચ્છાઓ પવિત્ર હોય તો તેને તે પરિતૃપ્ત કરે છે. સુમન વિજયની નોબત ગડગડાવતો ત્યાં આવી પહોંચે છે.

સુમનના આગમનની ખબર જાણી સુલોચનાને કેટલો આનંદ થયો હશે તે કહેવાની ભાગ્યેજ જરૂર હોય. સુમન હજુ દરબારગઢમાં છે પણ જાણે હજાર કોશને અંતરે હોય એમ રાજબાળાને લાગે છે. સુમનને મળવાને ઉત્કૃષ્ટ ઇચ્છા અધિરતાનાં આભુષણ પહેરી તે પ્રેમાળ બાળાને આકુળવ્યાકુળ કરે છે.

સુમન હવે કુમાર વિકળસોહની સાથે સમીપના મહેલમાં આવે છે. સુલોચનાના હૃદયમાં અનિવાર્ય તન્મનાટ થાય છે. " હું ત્યાં દોડી જાઉં કે પ્રિયતમને અહીં બોલાવું. " એમ વિચારતી રસીક બાળા શુદ્ધિ અને બુદ્ધિને વિસરી જઇ, પ્રેમઘેલાપણાથી પોતાના નિવાસમાં આમથી તેમ આવાગમન કરતી હતી, જાણે પ્રેમનું જાદુઈ નૃત્ય.

મર્યાદશીલ બાળાએ પોતાના પ્રિયતમને પોતાના આવાસમાજ આમંત્રવાનો નિશ્ચય કરી એક પત્ર લખ્યો. અને એક દાસી મારફતે મોકલ્યો. દાસી સુમનના આવાસમાં ગઇ પણ વિકળસીંહ ત્યાં ઉપસ્થિત હતો. દાસીની ઇચ્છા સુમનનેજ પત્ર આપવાની હતી, પણ વિકળસીંહે તે પત્ર પોતાનો સમજી તેની પાસેથી લઇ લીધો.

દાસી તે પત્ર તેની પાસેથી પાછો લઇલેવા જેટલી હિંમત બતાવી શકી નહી. અને જ્યારે વિકળસીંહે તેને જવાનું કહ્યું ત્યારે તેને ત્યાંથી ચાલ્યા જવાની ફરજ પડી. આ વૃતાન્ત દાસીએ ઠપકો મળવાના ભયથી સુલોચનાને વીદિત કર્યું નહિ.

વિક્રળસીંહે તે પત્ર પોતાનો સમજી દ્રષ્ટિ સન્મુખ ધર્યો, તથાપી તેને ઘણી સહેલાઈથી સમજાયું કે તે પત્ર સુલોચનાએ સુમન ઉપર લખેલો છે તેથી થયેલી ભુલને માટે હૃદયમાં પશ્ચાતાપ કરી પ્રસ્તુત પત્ર તેણે સુમનના હાથમાં આપ્યો. અને મર્યાદાની ખાતર વિક્રળસીંહ ત્યાંથી ચાલ્યો ગયો.

અહીં સુલોચનાએ અને સરલાએ સુમનની અત્યંત માર્ગપ્રતિક્ષા કરી, પણ તે આવ્યો નહિ તેથી અત્યંત શ્રમ, ચીંતા, આતુરતા, વ્યગ્રતા, ઇત્યાદિનું હૃદયપૂર દબાણુ થયું, અને તેથી તેઓ સુમનનુંજ ચીંતવન કરતી ભોંયપર અસ્તવ્યસ્ત હાલતમાં પડી રહી અને નિદ્રાદેવીએ તેમનો કબજો લીધો.

ત્યારપછી સુમન ત્યાં કેવા વિચારથી આવ્યો હતો, અને ત્યાં આવી તેણે શું કર્યું તે આપણે જાણીએ છીએ. યદ્યપિ પાઠકગણ ! ચાલો પછી શું થયું ? તેનું આપણે નિરીક્ષણ કરીએ.

સુમનને કટારનો પ્રહાર કરતાં અટકાવનાર બાલિકા સરલા હતી. જ્યારે સરલાએ સુમનને વાર્યા છતાં સુમને તેને તરછોડી કહાડી ત્યારે સરલાએ ક્રુદ્ધ થઇ કહ્યું—અરે ! શું તું મારો પ્રિયબંધુ સુમન જ છે, કે ભુતાલયમાં જઇ આવ્યાપછી ભુતોની ટોળીમાં દાખલ થયેલો કોઇ ભુત છે ?

કોણ સરલા ? સુમને આશ્ચર્ય થઇ પુછ્યું.

હા.

તું અહીં કયાંથી ?

તે તો હું પછીથી કહીશ પણ પહેલાં એ તો કહો કે આ તમને શું સુઝયું છે ? તમે જાણો છો કે આ તો રાજબાળા સુલોચના છે.

હા, હું જાણું છું પણ તે દગાબાજ વિશ્વાસઘાતીની છે, તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થવા ઇચ્છે છે.

અરે ! આવું તને કોણે કહ્યુ ?

તેના હૃદયે.

જૂઠું છે.

ત્યારે તે અહીં શા માટે આવી છે ?

તમને મળવા.

સર્વથા અસત્ય.

નહીં, નહીં, સુમન ! હું કહું છું તે સત્ય છે. અમે તમારી રાહ જોતાંજ ઉંઘી ગયાં છીએ.

શું તે હજુ મને ચાહે છે? હું અહીં આવ્યો છું તેની તેને ખબર છે?

હા, અને તેટલા માટેજ તેણે અધીરા થઈ તમારા ઉપર એક પત્ર લખી એક દાસી સાથે મોકલ્યો છે.

શું એ પત્ર મારા ઉપર હતો!

હા.

ત્યારે દાસીએ તો વિકળસીંહને આપ્યો હતો.

"તે કોણ જાણે પણ હું ખાત્રીથી કહુંછું કે તે શુદ્ધ છે, પવિત્ર છે, એ તમનેજ પોતાનો ઇષ્ટદેવ માને છે. તે રાત્રિએ અને દિવસ તમારૂંજ ચિન્તવન કરે છે. અને તે તમને મળવાની આશાથીજ પોતાનું જીવન ટકાવી રહી છે."

સુમને ઉંડો નિશ્વાસ નાખતાં હાથમાંની કટાર ભોંય ફેંકી દીધી. તે પોતાના અપરાધને માટે અત્યંત વિમાસણ કરવા લાગ્યો. જાણે આખી દુનિયાના મનુષ્યો કરતાં પોતે અધમ હોય, બેઅક્કલ હોય, સ્વાર્થી હોય, અને સુલોચના જેવી એક પવિત્ર અને પ્રેમાળ બાળા સાથે સ્નેહ સાંધવા માટે તો શું પરંતુ તેને મોં બતાવવાને પણ નાલાયક હોય એમ તે માનવા લાગ્યો.

સરલાએ સુલોચનાને જાગ્રત કરવા સ્પર્શ કર્યો. તત્કાળ સુલોચના જાગી ઉઠી, જાણે સરલા તેજ સુમન હોય તેમ અર્ધ જાગ્રત સ્થીતિમાં તે રોષભરી દ્રષ્ટિથી ઠપકો દેવા લાગી, જાઓ, જાઓ! આવા વજ્ર હૃદયના કયાંથી થયા? પુરૂષનું હૃદય પરમાત્માએ આવું કઠોર શાથી બનાવ્યું હશે? અમે સ્ત્રીઓ તો નામ સાંભળતાંજ પહાડ પરથી કુદી પડીએ."

સુલોચનાના શબ્દો સાંભળી સુમન પૃથ્વી સામે જોઇ રહ્યો, અને ધરતી માતાને પોતાના અંતરપટમાં સમાવી દેવા પ્રાર્થના કરતો હોય-તેવો દેખાયો. તે કંઇજ બોલી શકયો નહિ.

"સુમન આશું? હું નહોતી ધારતી કે મ્હારા મેળાપથી તને શોક થશે. શું મ્હારા પિતાશ્રીની ક્રુરતાથી તને મ્હારાપર કંઇ ખોટું લાગ્યું છે? સુમન! પણ તેમાં હું શું કરૂં? તેઓ વચન ભંગ થયા છે, પણ હું મ્હારી પ્રતિજ્ઞાપરથી ચલીત થઇ નથી. અને થવાની નથી. મ્હારા પર શક લાવીશ નહિ. સુમન! તું ઉંચે જો. ત્હારૂં પ્રસન્ન વદન મને એક વખત જોવા દે! સુમન! વ્હાલા સુમન! તું આમ નિર્દય ન થા!

સુમનની છાતી ભરાઇ આવી. આંખમાંથી કેટલાંક મુક્તાફળ સરી પડ્યાં. તેણે હાથરૂમાલવતી પોતાનુ મુખ ઢાંકી દીધું. અને ગમગીન થઇ બેસી ગયો.

જો સરલા ત્યાં હાજર ન હોતતો સુલોચના સુમનને સ્પર્શ કરી બળાત્કારે મનાવી લેત, પણ મર્યાદશીલ બાળાએ તેવું સાહસ કર્યું નહિ. પોતાના બંધુનું હિત ચાહનાર સરલાએ પણ સુમનનો અપરાધ સુલોચનાને જણાવ્યો નહિ.

ખરેખાત સુલોચનાનું મન વિહ્વળ બનીજઇ સુમનના પ્રેમનું તરસ્યુ બની ગયું હતું. સુલોચના હવે તો વધારે અધીરી થઇ પોતાના હૃદયમાં ઉદ્‌ભવેલા પ્રેમને બળે પોતાના પદ—ગૌરવને ભૂલી ગઇ તેણે કંઇક રોષમાં અને કંઇક વ્હાલમાં કહ્યું,—" સુમન ! ત્હારા અને મ્હારા વચ્ચે દુર્ભાગ્યનો એક મહાન્ સમુદ્ર જણાય છે. તું જ્યારે ત્યારે આમજ કરે છે. શું તને મ્હારાપર કાંઇ દયા નથી આવતી? અરે જેમ ઘણા કાળનો તરસ્યો મુસાફર પાણી જોતાં તે પીવા મંડી જાય, એમ તને જોતાં હું ત્હારૂં ચંદ્રવદન જોવા આતુર થઇ છું; ત્યારે તુંતો તારૂં મુખ બતાવતાં પણ માન ખાય છે. સુમન ! ત્હારા આવા વર્તન માટે મ્હારે હવે શું સમજવું ?

સુમને હવે ઘુંટણે પડી હાથ જોડી કહ્યું,—" ઓ પવિત્ર દેવી ! હવે ક્ષમા કરો ! તમારા જેવું એક કિંમતી ઝવાહિર આ પત્થર સાથે ન પટકો. તમે પ્રેમાંધ થઈ આ મૂર્ખ સુમનને બુદ્ધિશાળી ન માનો. આ અભાગીયો સુમન કેવો નિર્દય-બેકદર—અને જુલ્મી છે તે જાણ્યા વિનાજ તમે મને ભૂલી જાઓ.

સુલોચનાએ હવે નાસીપાસ થતાં આકાશ સામે જોઇ કહ્યું,—"ઓ પ્રભુ ? તું જગતના મનુષ્યોને કેવા કેવા નાચ નચાવે છે, જે મને ચ્હાય છે તેને હું ચાહતી નથી, અને જેને હું ચાહું છું તે મને ચાહતો નથી.

સરલાએ તેમાં પુષ્ટી આપી,-" ખચીત્ત પરમાત્માના ત્યાં હડહડતો અન્યાય છે." એમ કહી સરલાએ વિકળસિંહની છબી સામું જોયું.

સુમને કહ્યું,—"દેવી ! ખરેખાત તમને જે ચહાય છે તે ચાહવાને લાયકજ છે. મારા કરતાં તે તમારા માટે વધારે પાત્ર છે. મારામાં જેટલી સાહસિકતા છે તેટલીજ તેનામાં ગંભીરતા છે. મ્હારામાં જેવી વૈર લેવાની તીવ્રતા અને ઉગ્રતા છે. તેવીજ તેનામાં ક્ષમા

શીલતા છે. મ્હારામાં જેટલી સત્યાસત્ય જાણવાની બેદરકારી છે તેટલીજ તેનામાં જીજ્ઞાશા છે.

સુમનના મુખે વિકળસિંહનાં વખાણ સાભળી સરલા ફુલાઇ ગઇ, જાણે પોતાની ઇચ્છા વિજયના પંથે પ્રયાણ કરતી હોય એમ માનવા લાગી. તો પણ કદાચ તે વખાણ સાંભળીને સુલોચનાનું મન રખેને ફરીજાય તેથી પણ તેને ચિન્તા ઉત્પન્ન થયા વિના રહી નહી.

સુલોચનાએ સુમનને કહ્યું,–" ત્યારે શું જેમ દમયંતીની પાસે તેના પ્રેમની યાચના કરવા ઇંદ્રની તરફથી તેણીનો પ્રાણાધાર નળ આવ્યો હતો તેમ તું મ્હારી પાસે વિકળસિંહના દુત તરીકે આવ્યો છે ? જો એમ હોય તો હું પણ એ બાબતમાં દમયંતિની શિષ્યા છું "

સુમને કહ્યું,—અરે ! જો હું વિકળસીંહના દુત તરીકે આવ્યો હોત તો ભાગ્યેજ આટલો પશ્ચાતાપ કરતો હોત, દેવી ! હું મ્હારા અપરાધને છુપાવી તમને ઠગવા માગતો નથી ખરી રીતે તો હું એક જલ્લાદનું કામ કરવા આવ્યો છું. જુઓ પેલી કટાર સામું જુઓ !

સુલોચના કટાર જોઇ ભયભીત થઇ. તે વિસ્મય થતી પૂછવા લાગી—એટલે ? કટાર શાની ? શું જલ્લાદનું કામ ? સુમન ! હું કાંઇ પણ સમજી શકતી નથી.

તે સઘળું તમને સરલા કહી સંભળાવશે. કેમકે તે સઘળું જાણે છે, અને તેણેજ તમારો પ્રાણ બચાવ્યો છે. અને તેણેજ મારી કીર્તિનું સંરક્ષણ કર્યું છે. જ્યારે તે વૃતાન્ત તમે જાણશો ત્યારેજ મારી અધમતાનું તમને જ્ઞાન થશે, અને હું ખાત્રીથી માનુ છું કે તમે મને હંમેશને માટે ભૂલી જશો. મને ભૂલી જવામાંજ તમને સુખ થશે. સુમને શોકમુદ્રાથી ઉતર આપ્યો.

સરલાએ સુલોચનાને બધો વૃતાન્ત કહ્યો. સુલોચનાએ તે ઉપરથી સુમનને કહ્યું,—સુમન ! હવે આ શરીર ત્હારૂંજ છે. તેના ઉપર ત્હારો સર્વ અધિકાર છે. તું ચાહે તો તેને ત્હારા પ્રેમની વિભુતિથી પ્રકાશિત પણ કરી શકે, અને કટારથી ચીરી તેને રક્તમાં તરબોળ પણ કરી શકે. સુમન ! ત્હારી એવી ભુલ એ ત્હારૂં સાહસિકપણું મારી દ્રઢ પ્રતિજ્ઞાનું મૂલ્ય ઓછું કરવામાં નહિ ફાવી શકે, સુમન ! ત્હારા સાહસની વાત જાણતાં તો મને શોક થવાને બદલે ઉલટો હર્ષ થાય છે. કેમકે તું મને ત્હારી પોતાની માને છે, એ મારૂં ધન્યભાગ્ય છે.

આ પ્રમાણે વાત થાય છે તેવામાંજ વિકળસીંહ ત્યાં આવે છે અને આવતાંજ કહે છે,—તમને અગાઉથી ખબર આપ્યા વિના મ્હારે અચાનક અહીં આવવું પડયું છે, તેને માટે મને ક્ષમા કરશો. હું રાજબાળાને ઘણીજ દીલગીરી ભરેલી ખબર આપવા આવ્યો છું. તેમના પિતા મુકુંદસીંહ તથા તેમનાં રાણીને દુષ્ટ અણુધસીંહે કેદ કરી રાજ્ય તાબે લીધું છે.

આ ખબરથી સુલોચનાના હૃદયપર આઘાત થાય છે,-"શું એ ખબર વજનપાત્ર છે? હશેજ. એ તો મેં કયારનુંએ ભવિષ્ય ભાખ્યું હતું. નિચ બુદ્ધિના મનુષ્યોની સોબત પ્રાણઘાતકજ હોય છે. અરેરે! પણ પરમાત્માએ તેવા પાપી મનુષ્યને તેની અનીતિનું ફળ એવું લાભદાયક કેમ આપ્યું હશે? હાય! હવે તેમને મદદ કરનાર પણ કોઇ નથી. જેઓ તેમના પ્રત્યે વફાદાર હતા તેઓને તો તેમણે પ્રથમથીજ નારાજ કર્યા છે! પ્રભુ! હવે તો મ્હારા પિતાના કલ્યાણનો આધાર માત્ર ત્હારી દયા અને ત્હારી સહાય ઉપરજ છે."

સુમનના નેત્રોમાંથી જાણે અગ્નિના કણ વર્ષતા હોય એવો તેનાં આરક્ત નેત્રોને જોતાં ભાસ થવા લાગ્યો. એકદમ તેના હૃદયમાં ક્રોધાનલ અને શોકાનલ પ્રકટી નીકળ્યો.

'શું એ અણુધસીંહ અમારા રાજ્યપિતાને કેદ કરી સુખે રાજ ભોગવશે? અરે જે નર્કના ગુલામ થવાને પણ પાત્ર નથી તે શું રાજ્યનો અધિપતી થશે'? સુમન ઉશ્કેરાઇ જઇ બોલી ઉઠયો.

વિકળસીંહે ગંભીરતાથી કહ્યું,—જો રાજબાળાની આજ્ઞા હોય તો હું પણ મ્હારા બળવાન્ સૈન્ય સાથે મહારાજાની મદદમાં જવા તૈયાર છું.

સુલોચનાએ ઉત્તર આપ્યો,—એક રાજાએ બીજા રાજાની—એક ક્ષત્રીએ બીજા ક્ષત્રીની મદદ કરવી એ જો ફરજ હોય અને પાપીઓને શિક્ષા કરવી એ જો નીતિ હોય તો એમાં આજ્ઞાની કે પ્રાર્થનાની કાંઇ જરૂર ન હોવી જોઇએ."

વિકળસીંહ અને સુમન ત્યાંથી જવાને તત્પર થયા. જતાં જતાં સુમને સરલાના મસ્તકપર હાથ ફેરવ્યો,—બ્હેન! પણ તું અહીં કયાંથી? એ તો હું તને પુછવુંજ ભૂલી ગયો.

વિકળસીંહે આશ્ચર્ય થઇ પૂછયું,—શું સરલા તમારી બ્હેન છે?

સુમને કહ્યું,—હા.

સરલાએ નીચે ઢાળેલી પદ્મના પત્ર જેવી આંખ્યો ધીમેથી ઉંચી કરીને વિકળસીંહ તરફ એક વખત સ્થીર કરી, અને સુમન પ્રતિ કહ્યું—ભાઇ! એમણેજ મને જીવિતદાન આપ્યું છે એમ કહી સંક્ષેપમાં હેવાલ કહી સંભળાવ્યો.

સરલાના આ શબ્દોએ વિકળસીંહના હૃદયમાં એક વિલક્ષણ વેગ ઉત્પન્ન કર્યો.

સરલાનું મુખ પ્રફુલિત અને આંખ્યો નિર્દોષ હાસ્યથી પૂર્ણ હતી. તે વારંવાર ઉત્સુક નયને વિકળસીંહને જોઇ લેતી હતી. સરલાની બોલવાની ચાતુર્યતા, નિર્ભીક ભાવ, મધુર વચનો, આટલી બાળક અવસ્થામાંથીજ પ્રાપ્ત થયેલા ઉચ્ચ વિકારો જોઇ કુમાર છક થઇ ગયો. બાલિકાની અમૃતમયી મધુરી વાણી સાંભળી આનંદમાં નિમગ્ન થઇ ગયો.

સુમન અને વિકળસીંહ ત્યાંથી ચાલ્યા ગયા. રાજા વિમળસીંહની આજ્ઞા મેળવી, સૈન્યને સજ્જ થવા હુકમ આપ્યો. સુમન તૈયાર થઇ સુલોચનાપાસે વિદાયગીરી લેવા પાછો આવ્યો.

સુમન વિર યોદ્ધો છે, તે લશ્કરી પોશાકમાં સજ્જ થયેલો હોવાથી હાલ તે ઘણોજ આકર્ષક લાગે છે, તેના રોમરોમમાં પ્રકટ થયેલો જુસ્સો, વિજય મેળવવાની આકાંક્ષા, અને વિજય મળે તો રાજબાળાના પિતાના હસ્તેજ પોતાનું લગ્ન થવાની જીજ્ઞાસા, એ સંજોગોએ હાલ તેનામાં નુતન ચંચળતા ઉત્પન્ન કરેલી છે. પોતાના પ્રિયતમને યુદ્ધની તૈયારીમાં જોઈ સુલોચનાનું હૃદય હર્ષથી ભરાઇ આવેછે.

સરલા સુમનને દેખતાંજ પૂછે છે, 'વિરચુડામણી સુમન! શું મને અને મ્હારાં ભાભીશ્રીને તમારી સાથે નહિ લઈ જાઓ?

સુમન ભાભી શબ્દ સાંભળતાંજ સંકોચ પામે છે સુલોચના પણ તેથી શરમાય છે.

સુમને કહ્યું'—ત્યાં ગયા પછી અને એક વખત ત્યાંની હાલતનું નિરિક્ષણ કર્યા પછી અનુકુળતા હશે તો તમને ત્યાં તેડાવી લઇશું.

સુલોચનાએ સરલાને બોલાવી કંઇક કાનમાં કહ્યું. સરલા ત્યાંથી ગઇ. સુમને સુલોચના સામું જોયું. સુલોચના શરમાઇ ગઇ. સુમન તેની પાસે ગયો. કંઇક ખચકાયો, તેને કંઇક કહેવાની ઇચ્છા હતી પણ કહી શકાયું નહિ. આ પ્રેમી યુગલની આ વખતની એકાન્ત: બંન્નેની આંખમાંથી વરસતો પ્રેમપ્રવાહ એવો અલૌકિક હતો

કે સુમન પાછલી સર્વ વાતોને ભૂલી ગયો. ચંદ્રકિરણોની પેઠે મુખ ઉપર મનોહર જ્યોતિ ફેલાયેલી છે આંખોમાંથી અખંડ ધારાએ શાન્તી અને પ્રેમ ઝરે છે. શરીરમાંથી અમૃતબીંદુની પેઠે કરૂણાની ધારા વહે છે. સુલોચનાનું સ્મીતહાસ્ય પ્રેમાળ દૃષ્ટિ, અતુલ સૌન્દર્ય તેનું શરમાળપણું તેમાં રહેલું અલૌકિક રહસ્ય એ સર્વ સંજોગો સુમનને વિહ્વળ બનાવવામાં એવા તો સાધનભૂત થયા કે તે મૌન ક્ષમા યાચના કરતો તેની સમીપ ગયો.

ઘડી પહેલાં વાક્ધારા ચલાવનાર સુલોચના હવે શરમને આધીન થઈ. પ્રેમ અને શરમ એ બે ભાઈબ્હેન છે. શરમને લીધેજ પ્રેમ મધુર જણાય છે. અને શરમને લીધેજ પરસ્પર હૃદયોદધિમાં પ્રેમનાં પ્રબળ મોજાં ઉછળી આવે છે. પ્રણયિનીને પ્રેમનું દાન કરતાં રોકનાર લજ્જા એક નાનકડી નણંદનું કામ કરે છે. પણ લજ્જાનો તેવો પ્રતિબંધ, સ્નેહનું બંધન સજ્જડ કરવાનુંજ પરિણામ આણે છે.

યુદ્ધક્ષેત્રમાં વિચરતો વિર યોદ્ધો સુમન કે જે પળ પહેલાં સુલોચનાની વિનયશીલ પ્રાર્થનાપર ધ્યાન આપવાને વજ્ર હૃદયનો થતો હતો, તે આ ક્ષણે અવર્ણનિય ઉલ્લાસમાં આવી જઈ કંપતા હાથે, પોતાની પ્રિયતમાનો નાજુક હાથ હાથમાં લીધો. કંઈક વ્હાલથી દબાવ્યો. હૃદયે હૃદયનો ઇસારો આપ્યો. ચારે આંખનું મળવું થયું બંનેનું હૃદય પ્રેમથી ઉભરાઈ જતું હતું. પ્રિયા પ્રિતમ પરસ્પર જોવા લાગ્યાં. કોઈના પણ મુખમાંથી વાચા નિકળતી નહતી. નયનદ્વારા પ્રેમ ચેષ્ટા નૃત્ય કરી રહી હતી. આ પ્રેમચેષ્ટાનો સાક્ષી નભોમંડળમાં અમૃતની મુશલધારા વરસાવી રહ્યો હતો.

" હૃદયેશ્વરી ! વિદાયગીરી આપો. "

" સુખે પધારો, વિજય કરો. "

" દીર્ઘ સમયના વિયોગ પછી થયેલો સંયોગ અલ્પ સમય પણ ન રહ્યો. " સુમને કહ્યું.

" હા ! ન રહ્યો, પણ અંતરીક્ષમાં રહી ન્યાયદૃષ્ટિથી નિરંતર નિહાળનાર જગદાધાર ત્હારી પક્ષમાં છે. આ યોગને હું વિયોગ નહિ પણ સુયોગ માનીશ. "

" કોણ જાણે હું પુનઃ કયારે આ ચંદ્રવદન નિહાળવાને ભાગ્યશાળી થઈશ. "

" પ્રાણાધાર ! તે સમય નજીક છે. "

" સુંદરી ! તમારે સમજવું જોઇએ કે હું યુદ્ધમાં જાઉં છું."

" હું સમજું છું. અને તે યુદ્ધ એવા પ્રકારનું હોય છે કે કાંતો આ સંસારમાં વિજયદેવી કીર્ત્તિમાળ પહેરાવે છે કાંતો સ્વર્ગની અપ્સરા વરમાળ આરોપે છે." પણ તે અપ્સરા ભાગ્યેજ તમારા જેવી પ્રેમાળ, ક્ષમાશીલ અને દૃઢ પ્રતિજ્ઞાવાળી હશે.

" વિર સુમન ! યુદ્ધમાં જતાં તું આમ વિહ્‌વળ ન થા, મ્હારા પર વિશ્વાસ રાખ, સંસારમાં અને સ્વર્ગમાં હું ત્હારી સાથેને સાથે જ છું."

પ્રેમી યુગલની વાર્તા પુરી થતાં પહેલાંજ સરલા ત્યાં આવી પહોંચી. તેના હાથમાં એક રૂપાનો થાળ હતો તેમાં પુષ્પની માળાઓ અને કુંકુમની કંકાવટી હતી. સુલોચનાએ સુમનને તીલક કર્યું. પુષ્પમાળા પહેરાવી.

સુમનને વિલંબ થયો તેથી વિકળસીંહ લશ્કરી પોશાકમાં સજ્જ થઇ ત્યાં આવ્યો; " સુમન ! મ્હારા પિતાશ્રીની આજ્ઞા છે કે જતી વખતે આપણે તેમને મળીને જવું."

સુમનને પુષ્પમાળ ધારણ કરેલી જોઇ વીકળસિંહને કંઇક લાગ્યું છે એમ સુલોચનાને સમજાયું તેથી તેણે સરલાને કહ્યું—" સરલા બ્હેન ! કુમારને તીલક કરી પુષ્પમાળ પહેરાવો. કેમકે એક કુમારિકાનો માંગલિક આશીર્વાદ યુદ્ધક્ષેત્રમાં વિચરતા વિર યુવાનને ફળદાયી થઇ પડે છે." સુમને તેમાં સંમતી આપી. સરલાએ શરમાતાં શરમાતાં કુંમકુમનું તીલક કુમાર વીકળસિંહને કર્યું. અને પુષ્પમાળ પહેરાવી. વીકળસિંહ તેના મનોહર મુખચંદ્રમાં ચળકતા બે તારા જેવા નેત્રો સામુ સ્થીર દ્રષ્ટિએ જોઇ રહ્યો.

સુલોચનાએ વિદાયગીરી આપતાં કહ્યું, તમે બંન્ને વીર છો, આર્યધર્મના રક્ષક છો. પવિત્ર ભૂમિમાં જનમ્યા છો. જેના બાહુમાં બળ છે તેજ બળવાન છે. જેનામાં વિરત્વ છે તેનેજ વિજય મળે છે. તમારી સમશેરને હવે જમામર્દી બતાવવાનો સમયરંગ આવ્યો છે. રણસંગ્રામમાં એક શુરવીરને છાજતું પરાક્રમ બતાવવા, અને ક્ષત્રિય ગૌરવ પ્રકાશિત કરવા માટેજ ક્ષત્રીને જન્મ આપતી વખતે વિધાતા વીર કંકણ બાંધે છે. ક્ષત્રીઓની નામના, કીર્ત્તિ, અને જ્ઞાનશીલતા યુદ્ધકળાની નિપૂણતા સાથે જોડાયેલી હોય છે તોપણ ધૈર્ય ધારીને સર્વ કાર્ય કરજો, યુદ્ધક્ષેત્રમાં વિચરતા વિર યોદ્ધાઓને અમે

ક્ષત્રિબાળાઓ એથી વિશેષ શું કહી શકીએ ! પરમાત્મા ! તમારા શુભ કાર્યમાં સહાનુભુતી કરે ! ”

સુલોચનાના શૌર્યોત્તેજક વાકયોથી સંતોષ પામી બંન્ને વિરયુવાન ત્યાંથી વિદાય થયા. અમારા વાચકોને કહેવું જોઇએ, કે તેઓ માહારાજા વીમળસિંહની મુલાકાતે ગયા, ત્યારે સરલા અને સુલોચનાને સાથેજ રાખવાની આજ્ઞા કરી હતી અને તેથી તે બંન્ને ઉત્સુક રમણિયો પણ તેમનો સાથેજ પ્રયાણમાં સઉમંગ સામેલ થઇ હતી.

પ્રકરણ ૫૭ મું.

અંધકાર પછી પ્રકાશ.

પાઠકગણ ! ચાલો આપણે ફરીથી વિકળસીહની છાવણીમાં જઇએ. અને સત્યસીહે છોડેલી ગોળી સુમનને વાગી હતી કે નહિ તેની તપાસ લઇએ ?

વાચક બંધુઓ ! આવો ખુશી મનાવો ! નેક વફાદારી પર શ્રદ્ધા લાવો, નિર્દોષ મનુષ્યોનું રક્ષણ કરનાર શ્રી હરી છે માટે તેના ગૂણ ગાન ગાઓ. કેમકે સુમન ! હજુ જીવતો છે. તે પોતાના તિર્થસ્વરૂપ પિતા પાસે હાથ જોડી ઉભો છે. પિતાના ચરણ કમળમાં પોતાનું શીર નમાવી રહ્યો છે.

સદ્‌ભાગ્યે સત્યસીહના કંપિત હાથે છુટેલી ગોળી સુમનને નહિ વાગતાં તેના મસ્તક પર ગણગણાટ કરતી ચાલી ગઇ હ . અવાજ સાંભળીતાંજ સુમન અને વિકળસીહ હથિયાર સહિત તંબુની બહાર નિકળી પડયા હતા. પ્રહાર કરનાર માણસ તંબુની બહાર અડગ ઉભો હતો વિકળસીહે તેને જોઈ કહ્યું,—“ સુમન ! એતો એજ આપણો કાળ શત્રુ અણુધસીહ ! અરે નીચ ! મુકુંદસીહ જેવા ભોળા અને વિશ્વાસુ માણસને દગો દઇ એક નીચ બહારવટીયાની પેઠે અમારૂં પણ ખુન કરવા આવ્યો છે ? લે સંભાળ ? આ લેનો તાત્કાળીક બદલો ।

વિકળસીહને પ્રહાર કરતો અટકાવી સુમને કહ્યું,—“ નહિ ! કુમારશ્રી ! એ અણુધસીહ ન હોય ! જો તે હોતતો કયારનોએ પલાયન થઈ ગયો હોત. આતો કોઇ વીરનરને છાજતી રીત્યે મૃત્યુના સામે અડગ ઉભો છે. માટે કોઇ બહાદુર પુરૂષ જણાય છે. બને ત્યાં સુધી તેને જીવતો પકડવો જોઇએ.

વિકળસીંહના શબ્દો સાંભળી સત્યસીંહ આશ્ચર્યમાં અને વિચારમાં નિમગ્ન થયો. 'અરે શું અબુધસીંહ તેમનો કાળ શત્રુ ? ત્યારે શું તેઓ અબુધસીંહની સહાય માટે આવેલા નથી ?'

વિશેષ ખાત્રી કરવાને માટે સત્યસીંહ તેમની નજીક ગયો. અને કડક અવાજે કહ્યું,—"સુમન ! મેં તને ઓળખ્યો છે.'

સુમને હર્ષમાં આવી જઇ કહ્યું,—"કોણ મ્હારા પુજ્ય પિતા ?

સત્યસીંહે કહ્યું,—"હા. ઉભો રહે મને અડકીશ નહિ. એક પુત્ર તરીકે ભેટતાં પહેલાં હું એ જાણવા ઇચ્છું છું કે તું અહીં વિકળસીંહની સાથે શા માટે આવ્યો છે ?

સુમને ઉત્તર આપ્યો,—"આપણા રાજ્યપિતાની મદદમાં પિતાશ્રી ? કેટલાક દિવસો ઉપર અમને ખબર મળી કે નરાધમ અબુધસીંહના નિચ કાવતરાથી રાજ્ય અને પ્રજા મહાન આફત નીચે આવી પડયાં છે. તે ખબર સાંભળતાંજ હું અને કુમાર વિકળસીંહ સહાય અર્થે આવી પહોંચ્યા છીએ.

સત્યસીંહે દીલગીરી થતાં કહ્યું,—"અરે ! ત્યારે તો મેં અસાધારણ ભૂલ કરી.

સુમને પિતાના ચરણમાં મસ્તક નમાવી હસ્તવડે તેના ઘુંટણ વળગી સવિનય કહ્યું,—"ઓ મ્હારા વ્હાલા પિતા ! અરે એમની શોધ કરવાને માટે મ્હારૂ હૃદય એક પળ પણ વિરામ પામતું નહતું તેમનો મેળાપ આવી રીત્યે થયો ? પિતા ! શું મ્હારાપર ગોળીબ્હાર કરનાર તમે પોતેજ હતા ?

સત્યસીંહે કહ્યું,—"હા.

સુમને પૂછયું,—"ત્યારે શું આપે મને ઓળખ્યો નહતો ?

સત્યસીંહે ઉત્તર આપ્યો,—"ઓળખ્યો હતો. પણ મ્હારા એક શત્રુ તરીકે—એક કુલાંગાર તરીકે—ઓળખ્યો હતો. પુત્ર ! ત્હારી વફાદારી પર શક આવ્યાથી તને કલંકિત થતાં પહેલાંજ મેં ત્હારો અંત આણવાનો વિચાર કર્યો હતો. અરે હવે મને સમજાય છે કે ત્હારો ખુલાસો પૂછવા જેટલું પણ ડહાપણ મેં ન વાપર્યું. તે મ્હારી ભયંકર ભૂલ થઇ હતી. જો તે ભુલના પરિણામે કદાચ ત્હારૂં મૃત્યુ થયું હોતતો સત્યવાત સમજાયા પછી મ્હારી કેવી હાલત થાત ?

સુમને કહ્યું,—"પિતા ! તેમાં દિલગીર થવા જેવું કાંઇજ નથી. જે માબાપો પોતાનાં સંતાનોની ભૂલ તરફ આંખ મીંચામણું કરે છે તેઓ

તેમના હિતચિન્તક નહિ પણ કટ્ટા હિતશત્રુ માનવા જોઇએ. મ્હારી વર્તણુંક પ્રત્યે માત્ર આપને શક ઉત્પન્ન થયો તે કંઇ મ્હારી ઓછી કસુર નથી. હા. એ વાત સત્ય છે કે સાંભળેલી વાતો ઘણે ભાગે અસત્ય હોય છે. અને કેટલીક વખત તો પ્રત્યક્ષ દેખાતી વાતો પણ ભુલ ખવાડનારી થઇ પડે છે. અને તેટલાજ માટે ઇનસાફને ચાહનાર જ્ઞાની પુરૂષો અપરાધીનો ખુલાસો પૂછવાની અગત્ય વિચારે છે. પિતાશ્રી ! આવું જ્ઞાન ઘણું ખરૂં અનુભવથીજ પ્રાપ્ત થાય છે. મહારાજા મુકુંદસીંહે આપણને તેવો ખુલાસો પૂછવાની તક આપી નહતી. તેને માટે આપણે કેટલા દિલગીર થયા હતા ? પણ હવે સમજાય છે કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. મેં પોતેજ થોડા વખત ઉપર તેવી ભૂલ કરી હતી. સારૂં થયું કે તે ભૂલનું ભયંકર પરિણામ આણતાં પહેલાંજ બ્હેન સરલાએ મને અટકાવ્યો.

સત્યસીંહ વચમાંજ બોલી ઉઠયો,-" કોણે સરલાએ ? શું તે હયાત છે !

સુમને ઉત્તર આપ્યો,-"હા, તેને જીવતદાન આપનાર આ ધૈર્યશીલ કુમાર વિકળસીંહ પોતેજ છે. પિતાશ્રી ! કુમાર વિકળસીંહ એ એક બાહોશ રાજકર્તા છે. તેમના અથાગ ડહાપણને લીધેજ હું શીરચ્છેદની ભયંકર શિક્ષામાંથી બચ્યો છું. મ્હારા તરફથી થયેલા તેમના અપમાનનો બદલો તેમણે ઘણોજ દાનાઇથી આપ્યો છે.

સત્યસિંહે આભાર દર્શાવતાં કહ્યું " આહા ! મનુષ્ય જે કાંઇ સારૂ કરેછે તેનુ ફળ કદીપણ જતુ નથી. એવી આજે મને સંપૂર્ણ પ્રતિતી થાયછે. કેટલાક અધીર મનુષ્યો તાત્કાળીક ફળ નહી મળ્યાથી દિલગીર થાયછે તેમને આ બનાવ સુવર્ણ અક્ષરે અંકિત કરવા સમાનછે. કુમાર વિકળસીંહ તમને ધન્યછે! રેતીના મહાન રણમાં તૃષા વડે તમારો કંઠ સુકાઇ ગયા હતો, ત્યારે મેં તમને જળપાન કરી બચાવ્યા ન હોતતો મારી સરલા પણ આજે ભાગ્યેજ જીવતી હોત.

વિકળસીંએ આશ્ચર્ય થઇ પૂછયું. શું ત્યારે મ્હારો પ્રાણ બચાવનાર તમે પોતેજ હતા? અરે! ત્યારે મ્હારો ઉપકાર શા માટે માનવામાં આવેછે? અરે જેમણે મ્હારો પ્રાણ બચાવ્યો તેમના પુત્રનો મ્હારા રાજ્યમાં શીરચ્છેદ થયો હોતતો જગતમાં અમારા માટે મોં બતાવવાનું સ્થાનજ નહતું. સત્યસીંહજી વાસ્તવિક રીતે તો ધન્યવાદ તમનેજ ઘટેછે કારણકે તમારા પુત્રનો મ્હારા પિતાએ શીરચ્છેદ કર્યોછે

એમ તમારા જાણવામાં, છતાં આપે મ્હારો પ્રાણ બચાવવાની પ્રભુતા બતાવીછે.

સુમને કહ્યું—પ્રભુની કોઇ એવીજ ઇચ્છા છે કે આપણો પરસ્પરનો સંબંધ વધારે નિકટ કરવાના કારણો ઉત્પન્ન કરવાં.

સત્યસીંહે અધીર થઇ પૂછ્યું—વ્હાલા સુમન! ત્યારે ત્હારી તે હેતાળ બ્હેન સરલા ક્યાંછે?

સુમને કહ્યું—રાજબાળા અને સરલા બંન્ને અહીં સાથેજછે.

સત્યસીંહે આશ્ચર્ય થઇ કહ્યું—કોણ રાજબાળા સુલોચના!

સુમન સુલોચનાનું નામ સાંભળી શરમાઇ ગયો વિકળસીંહે સુલોચનાનું સર્વ વૃતાન્ત કહી સંભળાવ્યું. સત્યસિંહે તેમને બોલાવવા વિકળસિંહને કહ્યું, ત્યાર પછી થોડીવારમાંજ સરલા અને સુલોચના ત્યાં આવી પહોંચ્યાં. પણ તેમની સાથે એક ત્રીજી સ્ત્રી હતી. સરલા પિતાની કોટે વળગી પડી. અને સુમન તે ત્રીજી સ્ત્રીના પગમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતો પડયો.

તે ત્રીજી સ્ત્રી કોણ ?

પ્રકરણ ૫૮ મું.

જો હુકમી.

પાઠકગણ! સર્યુ પોતાના વ્હાલા ભરથારને નવું જીવન પ્રદાન કરવાના પવિત્ર ઉદ્દેશથી નદીમાં પડી હતી, અને જગતની પતિવ્રતા સ્ત્રીઓની હારમાળામાં પોતાનું નામ અમર કર્યુ હતું એટલું આપણે જાણીએ છીએ, તથાપિ તે પતિત પાવની પવિત્ર સરીતાએ તે પતિવ્રતા સાધ્વીનો કેવો સત્કાર કર્યો તેનાથી આપણે અજ્ઞ છીએ.

પ્રિય પાઠક! અદ્યાપિપર્યંત આપણે સત્યસીંહના સંકટો પ્રતિ દિલસોજી બતાવતા આવ્યા છીએ, આજે તેમનો પુનઃ ભાગ્યોદય સાંભળી ખુશી થઇએ.

સર્યુ નદીમાં પડી, તેના પ્રવાહમાં તણાણી; ડુબી, પણ આખરે આખા જગતની મલીનતાને દુર કરનાર તે પવિત્ર નદીએ સર્યુને પોતાની છાતીપર લઇ આશ્વાસન આપ્યું.

સરિતા, અને તેનો ઉદ્ધાર ભરથાર સમુદ્ર— કે જે અસંખ્યાત

વહાણો, અને નૌકાઓને હમેશ પોતાની વિશાળ છાતીપર નૃત્ય કર-વાની સંમતી આપે છે. તે સરીતા શું એક પતિવ્રતા સ્ત્રીને પોતાનો ભક્ષ બનાવે ?

જંગલનાં મનોહર વૃક્ષો કે જેઓ પોતાના જીવનકાળમાં, મધુર ફળો પ્રદાન કરીને, શાન્ત અને શીતળ છાયા અર્પણ કરીને, અને અવસાન પછી અગ્નિમાં પોતાની કાય સમર્પીને નિરંતર પરોપકારની વૃષ્ટિ કરે છે, એવી જડવસ્તુઓને પણ જ્યારે સરિતાઓ અને સાગરો, અગાધ જળમાં નહિ ડુબાવતાં 'પોતાની છાતી ઉપર તરતું રાખે છે, ત્યારે સર્યુ કે જે જગતની સ્ત્રીઓને દ્રષ્ટાન્તરૂપ હતી તેને શું તે પવિત્ર સરીતા નિર્દય થઇ પોતાના પગ નીચે કચડે ?

નહિજ, કેટલોક સમય નદીના પ્રવાહમાં ખેંચાયા પછી તેને એક તરતા કાષ્ટનું અવલંબન મળ્યું, અને તેના આશ્રયથી સર્યુ નદીના પટ ઉપર નૃત્ય કરવા લાગી. અને વળી પ્રભુકૃપાએ ખલાસી-ઓની સહાય મળી અને તેથી સર્યુ સહીસલામત બહાર નીકળી.

અત્યંત જળપાન કરવાથી અને શક્તિ ઉપરાંત શ્રમ થવાથી, સર્યુ કેટલોક સમય બિછાનાવશ પડી, યદ્યપિ ખલાસીઓની ઉત્તમ પ્રકારની સારવારથી પુનઃ તેને આરોગ્ય પ્રાપ્ત થયું.

સર્યુ જાણે કોઇ સ્વર્ગની પરિ હોય, અથવા કોઇ પવિત્ર દેવી હોય, અને જગતનો ઉદ્ધાર કરવાનેજ જન્મી હોય, એવો ભાવ ખલાસીઓના હૃદયમાં જન્મ પામ્યો અને તેથી તેમણે સર્વ રીતે સર્યુની આધિનતા સ્વિકારી, અને સર્યુના સુખ અને આનંદમાટે પ્રાણુ પણ ફીદા કરવાની ઔદાર્યતા પ્રદર્શીત કરી.

સર્યુને પોતાનું તન મન, ધન, આત્મા આ સર્વસ્વ પોતાનો પ્રિયતમજ હતો. તેથી તેણે પોતાના ભરથારની પાસે પહોચાડવાની ખલાસીઓને પ્રાર્થના કરી. ખલાસીઓએ સર્યુની પ્રાર્થનાનો સ્વિકાર કર્યો.

કેટલાક દિવસ પ્રયાણ કર્યા પછી તેઓ સત્યસીંહની ઝુંપડી સમીપ આવી પહોચ્યા. પણ ત્યાં કોઇ નહતું. ઝુંપડી આત્મા વગરના દેહ સમાન શુન્ય હતી. સર્યુ અત્યંત નિરાશ થઇ તેણે પ્રભુને પ્રાર્થના કરી કે;—" ઓ પ્રભુ ! જ્યારે મને મ્હારા સ્વામિથી વિખુટી પાડવી હતી, ત્યારે મને બચાવી શા માટે ? હે જગતના સુત્રધાર ! શું મુને અત્યંત દુઃખી કરવામાં તને ગમ્મત પડે છે ? "

સર્યુએ આસપાસ જોયું. આંગણામાં સ્વામિના પગના તળીયા

નો આકાર પડેલો હતો. સર્યુએ તેમાંની રજ લઈ મસ્તકે ચડાવી ચક્ષુએ અડાડી ! સર્યુની આંખમાં આંસું હતાં, હૃદયમાં સ્વામિનું ચિન્તવન હતું. આખરે તેણે નિશ્ચય કર્યો કે પ્રત્યેક ગામ, જંગલે જંગલ અને પર્વતે પર્વત પ્રયાણ કરી સ્વામિને શોધી કાઢવા. એજ મ્હારી તીર્થયાત્રા;–એજ મ્હારી જીવનયાત્રા–ખલાસીઓને સર્યુએ ખુશીથી વિદાય થવા કહ્યું. પણ તેમણે સમીપનાં ગામોમાં શોધ કરતાં સુધી સાથે રહેવાની ઇચ્છા જણાવી, અને એકપછી એક અનેક ગામોમાં પર્યટન કર્યા છતાં સત્યસીંહનો પત્તો લાગ્યો નહિ. હજુપણ તેમનું પર્યટન ચાલુજ હતું તેવામાં કેટલાક સૈનિકોએ તેમને એક કેદીની હાલતમાં પકડી લીવાં. ખલાસીઓ ગભરાઇ ગયા, પણ સર્યુએ હિમત રાખી પૂછ્યું;—" ભાઇઓ ! તમે અમને ક્યાં પકડી જાઓ છો ?"

સૈનિકે મીજાજમાં ઉત્તર આપ્યો,—" અમારી ખુશી હોય ત્યાં."

સર્યુએ પૂછ્યું,–" શું અમારો કંઇ અપરાધ છે ?"

સૈનિકે ઉત્તર આપ્યો,–" અરે ચાલ અપરાધવાળી એમ કહેતાંજ તે સૈનિકે એક ફટકો ઉગામ્યો. પણ ખલાસી વચ્ચે પડ્યો તેથી તે ખલાસીને વાગ્યો. સર્યુ પાનાંની પેઠે ધ્રુજવા લાગી, પોતાના હિનભાગ્ય પર આંસુ વરસાવવા લાગી.

કેટલેક દૂર ગયા પછી એક લસ્કરની છાવણી દૃષ્ટિગોચર થઇ. સર્યુને તેથી વધારે ભય ઉપસ્થિત થયો. છાવણીમાં ગયા પછી તેમને સમજાયું કે તેઓ કોઇ અપરાધના કારણથી પકડાયાં નથી પણ સત્તાવાળાઓના સુખને માટે ગરીબોના પ્રારબ્ધમાં જે વેઠ અર્થાત્ ગુલામગીરી સરજાયલી છે, તે વેઠ કરવાને માટે પકડાયેલાં હતાં.

જ્યારે જ્યારે લશ્કરી છાવણીઓ અથવા સત્તાવાળાઓની સ્વારીઓ એક સ્થળેથી બીજે સ્થળે પ્રયાણ કરતી, ત્યારે ત્યારે તેમનો સામાન ઉપાડવાને માટે, તથા તેમનું કામ કરવાને માટે રસ્તે જતા માણસોને પકડી લેવામાં 'આવતા હતા. પકડાયેલા માણસો કદાચ ભૂખ્યા હોય, રોગી હોય, અથવા કામ કરવાને અશક્ત હોય, તોપણ તેમની પાસેથી બળાત્કારે કામ લેવામાં આવતું હતું. છતાં મહેનતાણા બદલ તેમને એક દમડી પણ આપવામાં આવતી નહતી. જ્યારે જાથુ રોકવામાં આવતા, ત્યારે માત્ર ખાવા પૂરતું અનાજ આપવામાં આવતું હતું. સત્તાના બળથી મદાંધ થયેલા સૈનિકો તે કામ કરનારાઓને સહજ કારણે કે વિનાકારણે નિર્દયપણે માર મારતા હતા. ગરીબોના દુઃખને

તો તેઓ એક સ્વર્ગનુંજ સમજતા હતા. જાણે તેઓ તેમના સુખ વૈભવ અર્થેજ સરજાયાં હોય એમ તેઓ માનતા હતા.

સર્યુના જેવી અનેક ગરીબ સ્ત્રીઓ અને ખલાસીઓ જેવા અનેક પુરૂષો વેઠમાં પકડાયા હતા, તે તમામ સૈનિકોના જુલમથી હૃદયભેદક સંકટ ભોગવતા હતા. સર્યુને ગરીબોની દુર્દશા પ્રત્યે અત્યંત દયા ઉત્પન્ન થઇ. તેને ગરીબોના જીવનપર એકંદર વિચાર કરતાં સમજાયું કે માત્ર સૈનિકોનોજ નહિ પણ આખા જગતનો ભાર ગરીબોના શિર ઉપરજ ટકેલો છે. એક રાજાના હુકમનો અમલ કરવાનું પણ છેવટમાં છેવટ ગરીબના ઉપરજ આવી પડે છે એક ધનપતિ શેઠની સાહેબીનો બોજો પણ તેના ચાકરો ઉપરજ હોય છે.

દુનિયાની અંદર જે કાંઇ સમૃદ્ધિ અને વૈભવ જોવામાં આવે છે તેમાં અગત્યનો હિસ્સો આપનાર મુખ્ય કરીને ગરીબોજ છે. ગરીબોની દોલત, ગરીબોની શક્તિ અને ગરીબોની સહનશીલતા ઉપરજ જગતનો સમાજ જીવે છે.

સર્યુ વેઠ કરવાને માટે સૈન્યના એક અમલદારના હવાલામાં સોંપાઇ. પાણી ભરવું, વાસણ માંજવાં, કચરો કાઢવો, કપડાં ધોવાં, પથારી કરવી, સામાન ઉચકવો એ સર્વ કામો મરજી નહિ છતાં સર્યુનેજ કરવાં પડતાં હતાં.

સૈન્ય જ્યારે શ્રીનગર તરફ આવી પહોંચ્યુ, ત્યારે સર્યુને પોતાની માતૃભૂમિ પ્રત્યે સ્વાભાવિક પ્યાર ઉત્પન્ન થયો. તેને પૂર્વના વૈભવનું સ્મરણ થતાં દુઃખ થયું અને અવિરલ અશ્રુધારા વહિ ચાલી. હૃદયમાં આલેખાયલી સ્વામીની છબી દ્રષ્ટિ સમક્ષ ખડી થઇ. તેણે પ્રાર્થના કરી કે “ઓ પ્રભુ ! હવે સહાય થાઓ. આ ગુલામગિરીમાંથી મને બચાવો.”

એક વખતે રાત્રીને સમયે સૈનિક અમલદારે સર્યુને પોતાની પાસે બોલાવી અને કહ્યું. “ખલાસણી ! પાણી લાવ” સર્યુએ પાણી પાયું.

હુક્કો ભરી આપ. સર્યુએ હુક્કો ભરી આપ્યો “હવે મને પંખો નાંખ” સર્યુ મૌનપણે ઉભી રહી. અમલદારે પુછ્યું—કેમ આજે તારી તબિયત સારી નથી ?

સર્યુએ કહ્યું—હા.

અમલદારે કહ્યું—જોઉં ત્યારે તારો હાથ બતાવ.

સર્યુએ ઉત્તર આપ્યો—હું પરપુરૂષના હાથમાં મારો હાથ આ પતી નથી.

અમલદારે પૂછ્યું—કારણ.

સર્યુએ ઉત્તર આપ્યો—તે બીજાને અપાઇ ગયો છે.

અમલદારે કહ્યું—ઠીક ત્યારે હવે પગચંપી કર.

સર્યુએ કહ્યું—એ કામ મારાથી નહી બને.

અમલદારે કહ્યું—કેમ.

સર્યુએ ઉત્તર આપ્યો—એ કાર્ય સતિ ધર્મથી વિરૂદ્ધ છે.

અમલદારે કહ્યું—ત્હારે વળી ધર્મ શાનો ?

સર્યુએ કહ્યું—ધર્મ તો સર્વને માટે એક સરખોજ છે.

અમલદારે કહ્યું—મ્હને લાગે છે કે તું મોત માગે છે.

સર્યુએ કહ્યું—ધર્મને માટે તો હું મૃત્યુને પણ વધાવી લઇશ.

અમલદારે ક્રોધમાં આવી જઇ સર્યુને એક ચાબુક લગાવી દીધી. સર્યુએ તેથી એક કારમી ચીસ પાડી તે ચીસ સુલોચના અને સરલાના તંબુ સુધી સંભળાઇ. સ્વર ઉપરથી તે પોકાર દુઃખી સ્ત્રીનો હોવાનું તેમણે જાણી લીધું તેથી તેઓ તેની મદદ માટે ત્યાં આવી પહોંચ્યાં જ્યારે તેમણે એક દુઃખી સ્ત્રી તરીકે સર્યુને જોઇ ત્યારે તેમને એકજ પળમાં, આશ્ચર્યની, શોકની અને આનંદની લાગણીઓ થઇ આવી. કોણ સરલા ! અરે મ્હારી વ્હાલી દીકરી ! શું તું ખરેખાત જીવતી છે ? સરલા અને સર્યુ ઉભયની આંખમાં આંસુ હતાં. સર્યુ આ બનાવથી ક્ષણ પહેલાંની આફતને ભૂલી ગઇ. સરલા સર્યુની કોટે વળગી પડી.

સર્યુને એક ખલાસણ જાણી તેની પાસે ગુલામગીરી કરાવનાર અમલદાર તો આ બનાવ દ્રષ્ટિગોચર કરતાંજ હકબક થઇ ગયો અને સ્હવાર થતાં પહેલાંજ છાવણીને નમસ્કાર કરી. પોબારા ગણી ગયો.

સર્યુ સહર્ષ રાજબાળાના તંબુમાં ગઇ. સર્વેએ પોતપોતાનો વૃત્તાન્ત સંક્ષેપમાં કહી સંભળાવ્યો. ત્યારે સર્યુએ જાણ્યું કે પોતાનો વ્હાલો પુત્ર સુમન પણ સૈન્યના અધિપતી તરીકે આ છાવણીમાંજ છે ત્યારે તો તેના આનંદની સીમા રહી નહિ. તે હર્ષઘેલી થઇ ગઈ અને પોતાના મનમાં વિચાર કરવા લાગી કે—શું હું ગાંડી થઇ ગઇ છું કે આ સઘળા જાદુઈ ચમત્કારો છે. તે પોતાના પુત્રને મળવાના ઉલ્લાસથી સરલાને કહેવા લાગી,—અરે જેને હું મૃત્યુ પામેલો માનુ છું,

અને જેને લીધે મ્હારા હૃદયમાંથી રૂધીર અને આંખમાંથી આંસુ વહે છે તે મ્હારી આંખનો તારો જો જીવતોજ હોય તો સરલા ! જલદી કહે તે મ્હારી આંખનો તારો કયાં છે ? મને તેની પાસે લઇ જા કે તેને મારી પાસે બોલાવી લાવ. આ પ્રમાણે સર્યુ અધીર થઇ છે તેવામાં સરલા અને સુલોચનાને બોલાવવા માણસ આવ્યો તેથી તેઓ સર્વે સુમનના તંબુમાં ગયાં. તંબુમાં પગ દેતાંજ તેણે વળી પોતાના ભરથારને જોયો.

સરલા, સુમન અને પોતાના સ્વામિને એકી વખતે જોવાથી સર્યુને કેટલો હર્ષ થયો હશે અને તે હર્ષ પાચન કરવાને તેને કેટલું દ્રઢ થવું પડયું હશે તેનો ચિતાર ભાગ્યેજ આલેખી શકાશે. અમને વિશ્વાસ છે કે અમારા સુજ્ઞ વાચકો પોતાની દીવ્ય બુદ્ધિના પ્રકાશમાંથી તેનું સત્ય રહસ્ય પામી જશે.

સુમને માતાને દંડવત પ્રણામ કર્યા. માતાએ આનંદનાં અશ્રુથી આશીર્વાદ આપ્યો.

સત્યસીંહ પણ પોતાની સહભાગી સર્યુના અચાનક મેળાપથી હર્ષીત થયો, તે પરમાત્માની અકળકળા માટે હૃદયમાં તે દયાનિધીના ગુણગાન ગાવા લાગ્યો. તેણે આજના દિવસને જીંદગીનો એક ચીર સ્મરણીય દિવસ માન્યો.

સર્યુએ પોતાના સ્વામિને બાળપુત્ર વિષેની ખબર પૂછી, સત્યસીંહે તેને લગતો સર્વ વૃતાન્ત કહ્યો.

સુમને પોતાની માતા સર્યુની હકીકત સાંભળી સૈનિકોના જુલમ માટે કોપી ઉઠયો. તત્કાળ સુમને તે ગરીબ માણસોને યોગ્ય મહેનતાણું આપી ગુલામગીરીમાંથી મુક્ત કરવા વિકળસીંહને વિનંતી કરી. વિકળસીંહે તે પ્રમાણે બંદોબસ્ત કર્યો, અને હવે પછી કોઇને પણ મરજી વિરૂદ્ધ મજુરી કરવાની ફરજ નહિ પાડવા સૈનિકોને આજ્ઞા આપી.

રાજબાળા સુલોચનાએ સત્યસીંહ પાસેથી પોતાના પિતાનું સર્વ વૃતાન્ત સાંભળ્યું. તેથી તેને અત્યંત આનંદ થયો. કુમાર વિકળસીંહ તથા સુમન પણ તેથી સંતોષ પામ્યા.

રાત્રિનો સમય તેમણે એક બીજાની વાતો કહેવામાં અને સાંભળવામાંજ વ્યાતત કર્યો. પ્રાતઃ થતાં સર્વે પ્રસન્ન વદને મહારાજા સુકુંદસીંહના રાજમહેલમાં ગયા.

પ્રકરણ ૫૯ મું

સત્યનો પુનઃ મધ્યાન્હ.

એટલું તો નિર્વિવાદ સાબીત થયુંકે બીજાઓના કરતાં ચઢીયાતી દોલતથી, અથવાતો શ્રેષ્ટ પ્રકારની સત્તાથી કોઇ મનુષ્ય મહાન થઇ શકતો નથી, પણ સદ્ગુણી, સદાચારી, અને કર્તવ્યનીષ્ટ મનુષ્યજ મહાન થઇ શકેછે. હું એક રાજા હતો, સત્યસીંહ એક ભિક્ષુક હાલતમાં આવી પડયો હતો છતાં જેને જોતાંજ ધન્યવાદની લાગણી જન્મ પામે એવું પદ તે પ્રાપ્ત કરી શકયોછે, એ બીના જગતનાં મનુષ્યોને માટે શીક્ષણીયછે.

તે દીવસનું મને બરાબર સ્મરણ છે કે જે દીવસે સત્યસીંહની ઝુંપડી પાસે એક સંન્યાસીએ "નહી જગતમાં સુખીઓ મળે દુખી સર્વ આ સંસારમાં" એ કાવ્ય કહ્યું હતું તે ઘણું અર્થસુચક હતું. પણ હું એવું અભિમાન રાખતો હતોકે એક રાજા ધારેતો તે અન્યને સુખી કરી શકેછે. પરંતુ હવે મને સમજાયછે કે કર્તવ્યનીષ્ઠ મનુષ્ય જગતમાં જેટલાં સુખનાં સાધનો વસાવી શકે તેટલાં એક રાજાતો શું પણ ચક્રવર્તી માહારાજા પણ માત્ર ગર્વની લાગણીથી વસાવી શકે નહિ.

સત્ય છે. બીજાઓના મુકાબલે રાજાઓની સ્થીતિ ઘણી દયાજનક હોય છે. કેમકે ગરીબોના નિર્મળ હૃદય ઉપર શીખામણની છાપ ઘણી ત્વરાથી પડે છે. અને તેથી તે જનસમાજના પવિત્ર માર્ગમાં કંટક રૂપ થઇ પડતા અટકે છે, પરંતુ રાજપદ્વીની સાથે સંલગ્ન થયેલ અહંકાર અને બેપરવાઇને આધીન થયેલ રાજાઓનાં મસ્તિષ્ક જ્યારે મજબુત દિવાલ સાથે ટકરાય છે. અને તેની સખ્ત વેદના તે અનુભવે છે, ત્યારેજ તેને સત્યની કાંઇક ઝાંખી થાય છે. આ સિદ્ધાન્તની સાબીતીમાં હું પોતેજ એક દ્રષ્ટાન્ત છું.

પ્રજાની સઘળી દોલત મારા સુખ અને આરામ માટેજ સરજાયેલી છે. તેમના રૂધિરમાંથી ગમ્મત મેળવવાનો મને હક છે. મ્હારા હુકમથી પહાડોએ પણ પૃથ્વિમાં ઉતરી જવું જોઇએ. આ સઘળા વિચારો મારી નાદાનીયતમાંથીજ જન્મ પામ્યા હતા. છતાં આશ્ચર્ય એ છે કે જયારે હું તે સઘળાં કુકર્મની વ્યાજબી શિક્ષા ભોગવવાની સ્થીતિમાં આવી પડયો ત્યારે તેજ પ્રજા મારા માટે આંસુ સારતી હતી. એવી વફાદાર અને ગૌરવશાળી પ્રજાના કલ્યાણને માટે જે રાજા એક

પળ પણ નિરર્થક વ્યતિત કરે છે. તે ખચીત પોતાને માટે રૈરવ નર્કમાં રહેવાનું સ્થાન ખરીદે છે.

ઉપયુક્ત વિચારોનું વાતાવરણ આજકાલ રાજા મુકુંદસિંહના હૃદયમાં રમી રહ્યું છે. સત્યસીંહની સુચના મુજબ યુદ્ધની વ્યુહ રચના તૈયાર કરી રાખી છે. સૈનિકો ને સજ્જ કરેલા છે પ્રજાના સંરક્ષણનો સબળો બંદોબસ્ત કરી રાખ્યો છે હવે માત્ર સત્યસીંહની કાકદ્રષ્ટિથી માર્ગપ્રતિક્ષા થાય છે.

રાહ જોવામાં કેટલોક સમય વ્યતિત થયા પછી રાજાએ સત્ય-સીંહને સામેથી આવતો દ્રષ્ટિ ગોચર કર્યો. અને તેથી તેના હૃદયમાં આનંદનો પ્રવાહ ઉછળી આવ્યો, અને જ્યારે સત્યસીંહની સાથે સુમન, વિકળસીંહ, સુલોચના, સરલા, અને સર્યુને જોયાં ત્યારે તો તેના આશ્ચર્યની સીમા રહી નહિ. અને હૃદયમાં આનંદનું અને આ-શ્ચર્યનું એટલું પુર આવ્યું કે શું આ સત્ય છે કે મિથ્યા ભ્રમણા છે. એવી શંકા રાજાના હૃદયમાં ઉપસ્થીત થઈ.

સુલોચનાએ રાજાને દંડવત પ્રણામ કર્યા. રાજાએ તેનો ઉત્તર આનંદના આંસુથી આપ્યો.

રાજા મુકુંદસીંહે કુમાર વિકળસીંહના આગમનનું કારણ જાણી સંતોષ પ્રદર્શીત કર્યો, અને જ્યારે તેમણે વિકળસીંહના શાણપણની, અને સદાચારની વાતો સાંભળી ત્યારે તો તેના પ્રતિ અત્યંત સદ્‌ભા-વની લાગણી ઉદ્‌ભવી.

આજનું મંગળ પ્રભાત આજનો ચીરસ્મરણીય દિવસ આખા શહેરમાં આનંદની રોશની પ્રકટાવનાર થઈ પડ્યો. ઘેર ઘેર હર્ષનાં ગીત ગવાયાં.

સુર્ય પણ આજે ખુશકારક કિરણોથી નગરને દીપાવતો હતો. રાજા મુકુંદસિંહ સુલોચનાને દેખી હર્ષઘેલો થતો હતો. સુલોચના પિતાને સંકટમુક્ત થયેલા જોઇ આનંદિત થતી હતી. સુમન પળમાં માતા પાસે જઇ પ્રસન્ન વદને મધુર વાણીથી વિનોદ કરતો હતો, પળમાં સરલાના મસ્તકપર હાથ ફેરવી તેને આનંદિત કરતો હતો, સુમનને જોઇ સર્યુ ગાંડી ઘેલી થતી હતી. તેની બહાદુરીને માટે પોતાના મનમાં મલકાતી હતી. સરલાની બાલચેષ્ટાઓ હજુ જેવીને તેવીજ હતી. તે ઉમંગે માતાના ખોળામાં બેસી ગેલ કરતી હતી, સર્યુ તેને લાડ લડાવતી હતી. સત્યસિંહ તો હજુ પણ ગંભીરજ હતો

તે આ આનંદને પણ એક સ્વપ્નુંજ સમજતો હતો, જગતનિયંતાની અદ્‌ભુત લીલા માનતો હતો.

ઉપર પ્રમાણે રાજા મુકુંદસિંહના મહેલમાં જ્યારે આનંદઉત્સવ પ્રવર્ત્યો હતો અને સત્યસિંહનુ દુઃખયાત્રા ભોગવી આવેલું કુટુંબ આજે આનંદના સાગરમાં થનથન નૃત્ય કરતું હતું, તે વખતે મહેલના નીચે ઘણાં બાળકો એકત્ર થઇ એક ગીત ગાતા હતા તેનો સ્વર તેમના સાંભળવામાં આવ્યો.

" અરે ઓ સુખિયા લોકો,
દુઃખીને ના ભૂલી જાશો. "

ગાયનની પહેલી લીટી સાંભળતાંજ સત્યસિંહ અને તેનું આખું કુટુંબ મહેલના ઝરૂખા પાસે દોડી આવ્યું. કેટલાક સૈનિકો તે છોકરાઓને ગીત ગાતા અટકાવી તેમને દૂર ખસેડવા યત્ન કરતા હતા. સત્યસિંહે તેમને તેમ કરતાં અટકાવ્યા, અને તે બાળકોએ પોતાનું ગીત ગાવું શરૂ કર્યું.

" અરે ઓ સુખિયા લોકો, દુઃખીને ના ભૂલી જાશો;
મનુષ્યની પદ્રી પામીને, ન રંકોને ભૂલી જાશો. અરે૦
કર્યાં સદ્‌કર્મ જે પુર્વે, સુફળ તેનું સ્વિકારીને;
હવે સુખમાં થઇ શોખીન, દુઃખીને ના ભૂલી જાસો.
થયા શ્રીમંત કે રાજા, પ્રભુની તે દયા જાણો;
પ્રભુ આજ્ઞા ઉથાપીને, દુઃખીને ના ભૂલી જાશો.
અવિદ્યાથી દુઃખી લાખો, અનંતો ભૂખથી ભટકે;
પીડાતા સેંકડો દરદે, દુઃખીને ના ભૂલી જાશો.
ખીલેલું પુષ્પ ખરવાનું, જે આવ્યું તે જવાનું છે;
કર્યું હાથે જ તે સાથે, દુઃખીને ના ભૂલી જાશો.
તમે છો શ્રેષ્ટ રંકોથી, પ્રભૂ છે સર્વથા મ્હોટો;
નહિ કદીએ ભૂલે તમને, દુઃખીને ના ભુલી જાશો.
ઉદયને અસ્ત છે સૌનો, કરે અભીમાન મુરખાઓ;
છે ભરતી ઓટ લક્ષ્મીની, દુઃખીને ના ભુલી જાશો.
જો દુઃખીને ભુલી જાસો, પ્રભુ તમને ભુલી જાશે;
ગજબ થાશે આ દુનીયામાં, દુઃખીને ના ભુલી જાશો.

ઉક્ત ગીત કહેનાર કાશીસીંહના અનાથાશ્રમમાં ઉછરનાર કેટલાક માબાપ વિનાના અનાથો હતા.

પાઠકગણ ! આપણે જાણીએ છીએ કે સત્યસીંહે પોતાના બાલ્યપુત્રને કાળાસીંહના અનાથાશ્રમમાં મુકયો હતો અને તે વૃતાન્ત સર્યુંને કહી સંભળાવ્યું હતું. બાલ્યપુત્રને જોવા સર્યું જ્યારે અધીર થઇ હતી ત્યારે સત્યસીંહે વિકળસીંહની છાવણીમાંથી એક ઘોડેસ્વાર મોકલી કાળાસીંહને આમંત્રણ કર્યું હતુ. તે આમંત્રણને માન આપી કાળોસીંહ એક અનાથ મંડળી સહીત હાલ ત્યા આવી પહોચ્યો હતો અને કાળાસીંહની આજ્ઞાથી અનાથોએ પ્રસંગાનુકુળ ગીત ગાયું હતું.

કાળાસીંહને દ્રષ્ટગોચર કરતાંજ સત્યસીંહ સત્કાર અર્થે સામો ગયો. બંધુત્વ ભાવે તેને ભેટયો. અને સન્માનપુર્વક તેને મહેલમાં આણ્યો. રાજા મુકુંદસીંહની સાથે મુલાકાત કરાવી સંક્ષેપમાં કેટલુંક વૃતાન્ત વિદીત કર્યું. તે સાંભળી રાજાને અત્યન્ત આનંદ થયો.

સત્યસીંહનો બાલ્યપુત્ર સર્યુંને જોતાંજ તેની કોટે વળગી પડયો સર્યુંએ તેને પોતાની છાતી સાથે દબાવ્યો, સુમન સરલા અને સુલોચના પણ તે સૌન્દર્યવાન ન્હાના કુસુમને પોતાની પાસે લેવાની દોડાદોડ કરવા લાગ્યાં. આ બનાવથી વળી આનંદની વૃષ્ટિમાં એકદમ વૃદ્ધિ થઇ.

સત્યસીંહે મનુષ્યકર્તવ્યની ભુમકા તરફ સર્વનું ધ્યાન ખેંચતાં કહ્યું,—"સ્વાનુભવ એજ મનુષ્યનો ખરો શિક્ષક છે. વિપત્તી એજ મનુષ્યને ખરૂં ડહાપણ પ્રદાન કરે છે. પ્રબળ સત્તા કે ધન સંપત્તીમાં લુબ્ધ થયેલા માણુસોની ભાગ્યપાટીપર વિધાતાએ લખેલા લેખ ઉપર એક મજબુત કાળો પડદો હોવાથી તેઓ પોતાનું ભવિષ્ય જાણી શકતા નથી એ સત્ય છે .તથાપિ જગતમાં બનતા બનાવો જોવાને મનુષ્યો પોતાની આંખ ખુલ્લી કરે તો તેમને સમજાય કે બીજા મનુષ્યોના જેટલાંજ સંકટો અને વિપત્તીઓ તેમના શીર ઉપર પણ અવશ્ય લટકતી હોય છે. અને તેટલા માટે સુજ્ઞ મનુષ્યોએ સુખ ભોગવવાની સાથે સઘળાં સંકટો સહન કરવાની પણ તૈયારી કરી રાખવી જોઇયે. બીજી તરફ તે સંકટોને ભોગ પડતાં જ્યાંથી પોતાને અથવા પોતાના કુટુંબને સુખ મળી શકે તેવાં સાધનો ઉપસ્થીત કરી રાખવાં જોઇએ, એટલુંજ નહી પણ તે સાધનોના ચીરસ્થાઇપણા માટે બની શકે તેટલા દ્રવ્યનો ભોગ આપવો જોઇએ. હું જ્યારે પ્રબળ સત્તા અને અખુટ સંપત્તીમાં લોટતો હતો, ત્યારે નહોતો જાણતો કે એક દીવસ એવો પણ આવશે કે જ્યારે મારા પુત્રને પગ દેવાનું જગતમાં સ્થાનજ

નહી હોય પણ વીપત્તીએ મને જ્ઞાન આપ્યું કે જ્યારે આપણે સુખમાં નીમગ્ન હઇએ ત્યારે દુખી મનુષ્યો તરફ જેટલી બેદરકારી રાખીયે છીએ તેટલુંજ દુખ પરીણામે આપણે પોતે ભોગવીએ છીએ, અને તેટલા માટે અનાથાશ્રમ જેવી સંસ્થાઓમાં પરમાર્થ અને અદૃષ્ય સ્વાર્થ ઉભય તત્વનું મીશ્રણ છે.

રાજા મુકુંદસીંહે અનાથાશ્રમને રાજ્યના એક વીભાગ તરીકે કબુલ રાખ્યું. અર્થાત્ તે આશ્રમનું સઘળું ખર્ચ રાજ્ય તરફથી આપવાને સ્વીકાર્યું.

પ્રકરણ ૬૦ મું.

અંતિમ આહુતિ.

કુમાર વિકળસીંહ હજુ રાજા મુકુંદસીંહના મહેલમાં અતિથી તરીકે રહેલો છે. કુમારની બરદાસ્તને માટે રાજ્ય તરફથી સ્તુતિપાત્ર પ્રબંધ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત સુલોચના ખાસ દેખરેખ રાખે છે. અતીથી સત્કાર માટે સુલોચનાની કુશળતા જોઈ કુમારને અત્યંત આનંદ થાય છે. સુલોચના કુમાર પ્રતિ બંધુત્વ ભાવે અત્યંત પ્રેમ પ્રદર્શીત કરે છે. કુમારની હવે દૃઢ ખાત્રી થઇ છે કે તેને માટે વીરપ્રવર સુમન એજ યોગ્ય પાત્ર છે. પરંતુ તેના હૃદયમાં સૌંદર્યનીધી સરલા હજુ પ્રબળ વેગથી નૃત્ય કરી રહી છે. પણ તે ઇચ્છા કોની આગળ વ્યક્ત કરવી તેને માટે તે પોતાના હૃદયમાં અનેક સંકલ્પ વિકલ્પ કરે છે.

એક દિવસ સુલોચનાએ વિકળસીંહના હાથમાં એક છબી આપતાં કહ્યું—કુમાર! આપનો હમારા ઉપર ઘણો ઉપકાર થયો છે તેની યાદમાં નજીવી ભેટ સ્વિકારશો?

વિકળસીંહે તે છબી દૃષ્ટિગોચર કરી કહ્યું—આ તો મ્હારી પોતાનીજ છબી છે રાજકન્યા?

રાજબાળાએ કહ્યું—હા, તે આપનીજ છે.

વિકળસીંહે કહ્યું—હું તે સાભાર સ્વિકારૂં છું.

રાજબાળાએ કહ્યું—પણ મારે કહેવુ જોઇએ કે તે છબીનું અહીં પુજન થાય છે.

વિકળસીહની આશ્ચર્યસીમાનું ઉલ્લંઘન થયું " શું પૂજન થાય છે ! રાજબાળા ! મ્હારી છબીનું પુજન કરનાર અહીં કોણ?

રાજબાળાએ કહ્યું,"તે એક મનુષ્યજ છે.

વિકળસીહે કહ્યું,–"એમ હોય તો આ છબી સુખેથી અહીં રાખો.

રાજ બાળાએ કહ્યું,–"નહી ભેટ આપેલી વસ્તુ લેવાય નહી.

વીકળસીહે પૂછ્યું,–"ત્યારે તેનો ઇલાજ બતાવો.

રાજબાળાએ કહ્યું,–"ઉત્તમ ઇલાજતો એજ છેકે પુજકને સાથે રાખવી."

વિકળસીહે પૂછ્યું,–"શું તે મ્હારી સાથે આવવા ખુશીછે?

રાજબાળાએ કહ્યું,–"હા, જો તેને અધીકાર આપશે તો જરૂર સાથે આવશે.

વિકળસીહે વિસ્મય વાણીથી પૂછ્યું–પણ તે કોણ છે.

રાજબાળાએ કહ્યું,–"જેણે તે છબી આલેખીછે. અને જેના અંતરમાં પણુતે કોતરાયેલીછે તેજ.

વિકળસીહે પૂછ્યું,–"પણ તેનું નામ હશેને?

રાજબાળાએ ભેદ પ્રકટ કરતાં કહ્યું,–"તેનું નામ સરલા છે કે જેને આપે જીવીતદાન આપ્યુંછે.

સરલાનું નામ સાંભળતાંજ વિકળસીહની મુખ મુદ્રાપર આનંદની અને શરમની મિશ્ર છાયા પથરાઈ ગઇ.

રાજબાળાની માગણી કુમાર વિકળસીહે સ્વિકારી અને જે દિવસે સુમનનું લગ્ન સુલોચના સાથે થયું, તેજ દીવસે સરલાનું લગ્ન કુમાર વિકળસીહ સાથે થયું. સર્વ સ્થળે આનંદની રેલમછેલ થઇ.

આપણે જાણીએ છીએ કે રાજા મુંકુંદસીહને પુત્ર નહતો. અને સુલોચનાનું સુમન સાથે લગ્ન થાયતો પોતાના મૃત્યુ પછી રાજગાદી નો વારસ સુમનને ઠરાવવા રાજાએ પ્રથમ સુલોચનાને વરદાન આપેલું હતું તે કાર્ય પોતાની હયાતીમાંજ પુર્ણ કરવાની મહારાજાને ઉત્કંઠા થઇ તેથી સુમનને રાજ્યાભિષેક કરવાનો માંગલિક દિવસ નકી કરવામાં આવ્યો.

જે દિવસે સુમનને રાજ્યાભિષેક થવાનો હતો, તેજ દીવસે સત્યસીંહના પુજ્ય ગુરૂ સંન્યાસી મહાત્માનું આગમન થયું તેથી સર્વને હર્ષ થયો અને તેમનાજ હાથે રાજ્યનો તાજ પહેરાવવાનું નકી થયું.

રાજ્યાભિષેક વખતે સુમનને ઉપદેશ આપ્યો કે,-" સુમન ! રાજ્ય એ અનહદ જવાબદારીવાળી સ્થિતિ છે. પ્રજા એ રાજાના હાથમાં કિંમતી અનામત છે. રાજાની એક નાની ચૂકથી આખી પ્રજામાં દુઃખ ફેલાય છે. રાજાને માત્ર ખોટું કરવાથી દૂર રહેવું એટલુંજ બસ નથી, સારૂં કરવામાં પોતાની સમગ્ર શક્તિ તેણે વાપરવી જોઇએ. જે મનુષ્ય પોતાના મનની સાથે ટક્કર ઝીલવાને શક્તિમાન હોય, જે પોતાના મનોવિકારોને કબજે રાખવા, અને ખુશામતને દૂર કાઢવાનું સામર્થ્ય ધરાવતો હોય, તેજ રાજ પદ્દવિને યોગ્ય ગણાય છે; કે જેવું સામર્થ્ય ઘણા ઓછા મનુષ્યોમાં હોય છે. તું હજુ યુવાન છે, અને રાજપદવિ એ એક ઠગનારી વસ્તુ છે. જે રાજાઓ, પ્રજાની પાસેથી મેળવેલો પૈસો માત્ર મોજ, શોખ અને વૈભવ ભોગવવામાં ઉડાવેછે, તે પ્રજાના વાસ્તવિક સુખોની લૂંટ ચલાવે છે એમ માનવું જોઇએ. માટે તું ખાનગી બાબતોમાં એક સામાન્ય માણસ કરતાં વધારે ડિમાક તથા દેહાભિમાન તરફ વલણ રાખીશ નહિ. રાજા બીજા સઘળા મનુષ્યો-માંથી વિશાળ મહેલો, અધિક દોલત, અથવા પોતાના સુખોપભોગની વિવિધતાથી નહિ; પણ ચઢીયાતા ડહાપણથી, ધીરોદત્ત ગુણથી અને વધારે પ્રકાશિત સુકીર્તિથી જૂદો ઓળખાઇ આવવો જોઇએ; કારણ કે રાજ્યવૈભવનો બહારનો ચળકાટ માત્ર મૂર્ખ, અને મિથ્યાભિમાની નેજ મોહ પમાડે છે. રાજાઓને પ્રાપ્ત થએલી રાજ્યસત્તા ન્યાયબુદ્ધિની આજ્ઞા પ્રમાણે વર્તી પ્રજાના કલ્યાણને માટે અમલમાં આણવાની છે. પ્રજાનું પાલન કરવું, સંરક્ષણ કરવું, તેની વૃદ્ધિ અને આબાદી માટે યોગ્ય ઇલાજ કરવા,-એ તેમનું મુખ્ય કર્તવ્ય છે.

પ્રજાનું પાલન કરવા માટે રાજાઓએ મુખ્યત્વે એવા ઇલાજ લેવા જોઇએ કે જેથી તેમને વિદ્યા, બળ અને દ્રવ્યની પ્રાપ્તિ પૂરતી અનુકૂળતા મળે; કેમકે જનસમાજની ઉન્નતિને માટે એ ત્રણ વસ્તુઓ અગત્યની છે. પ્રજાના બાળકો એ મુખ્યત્વે રાજ્ય મીલકત છે, અને તેનાથી ઉતરતે દરજ્જે તેમના માબાપની મિલકત છે. તેમને પ્રદાન કરવાની વિદ્યા શુષ્ક એટલે માત્ર લખવા વાંચવા અને વસ્તુને ઓળખવા પુરતીજ નહિં, પણ અનેક હુનર-કળાઓનું સંશોધન કરી શકે, અને વસ્તુઓને જાતે બનાવવાનું સામર્થ્ય બક્ષે તેવી હોવી જોઇએ. શારીરિક બળને હાની કરનારા રિવાજો નાબુદ કરી, કસરત શાળાઓ

અને કુસ્તિના અખાડા સ્થાપી, તેમનાં શરીર મજબુત બનાવવાં જોઇએ; પરન્તુ તેઓ પોતાના બળનો દુરુપયોગ કરે નહિ તેટલા માટે તેમના મનમાં સદ્‌ગુણ અને કીર્તિ વિષે પ્રેમપ્રદિપ્ત થાય એવું તેમને શીક્ષણ આપવું જોઇએ. તેઓ અધૈર્ય વિના દુ:ખ સહન કરી શકે અને ભય પામ્યા વિના મહોતને માટે તૈયાર રહે તેવા, તેમને દ્રઢ બનાવવા જોઇએ.

દ્રવ્ય વ્યાપાર, ખેતી, અને નોકરી એ ત્રણ પ્રકારના ઉદ્યમથી પ્રજાને પ્રાપ્ત થઇ શકે છે માટે વ્યાપારને ઉત્તેજન મળે, ખેતીનાં સાધનો ઓછાં થવા પામે નહિ, અને નોકરીમાં ન્યાતજાતના ભેદ વિના પ્રમાણિકપણું અને ન્યાયશિલતાની મુખ્ય કદર કરવામાં આવે તે માટે ખાસ લક્ષ રાખવું જોઇએ.

પ્રજામાં સલાહસંપ જાળવવા માટે રાજાએ પ્રજાના આગેવાનો, અને પોતાના પ્રધાનોની સાથે મસલત કરી વધુમતે દેશકાળને અનુસરી જરૂર પડે તેમ કાયદા બાંધવા જોઇએ, અને તે પ્રમાણે પોતે ચાલી પોતાની પ્રજાને ચલાવવી જોઇએ.

સુખદાયક રાજનીતિ અને ન્યાયનું બંધારણ પ્રજાની વૃદ્ધિ અને આબાદીનો અકસીર ઇલાજ છે. રાજાઓએ તેમની પાસેથી લેવાના કર જેમ ભ્રમર પુષ્પને બચાવતાં તેમાંથી રસ ગ્રહણ કરે છે તેમ પ્રજાને નિચોવ્યા વિના લેવો જોઇએ; બગીચાના માળીની પેઠે વૃક્ષમાંથી ફુલ લેવાં, પણ કોલસા કરનારની પેઠે વૃક્ષને મુળમાંથી કાપી નાખવાં નહિ, જે રાજા પ્રજાના કલ્યાણમાંજ પોતાનો મોક્ષ માની ન્યાયનીતિ સદાચારથી વર્તી પ્રજોન્નતિના વિચારને પોતાના હૃદયમાં પ્રથમ સ્થાન આપે, અને રાજાપ્રજા વચ્ચે કોઇપણ પ્રકારનો અણવિશ્વાસ કે અશ્રદ્ધા ઉત્પન્ન થાય તેવા કામથી દુર રહે તે રાજા હમેશાં પ્રફુલ્લ, નિર્ભય, અને સુખી રહે છે.

સન્યાસીનું ભાષણ સત્ય અને ડહાપણના પ્રવાહ જેવું હતું કે જે પ્રવાહ એક રોશની સ્વરૂપે સુમનના હૃદયમાં દાખલ થવા પામ્યો હતો.

રાજ્યાભિષેકની ક્રિયા પુરી કરવામાં આવી.

ઉપસંહાર.

(૧) સુમને સન્યાસીના ઉપદેશને પોતાના કર્તવ્યની ભુમિકા માની, ન્યાયબુદ્ધિની આજ્ઞા પ્રમાણે વર્તી, પ્રજાને સુખી કરી, અને એક આદર્શ મહિપતી તરીકે નામ અમર કર્યું.

(૨) સુલોચનાએ રાજા સુમનની રાણી તરીકે આ સંસારમાંજ સ્વર્ગનું સુખ ભોગવ્યું.

(૩) સરલાની મનકામના પૂર્ણ થઇ. વિક્રળસીંહ જયારે વિમળપુરનો રાજા થયો ત્યારે સરલા મહારાણી થઇ. હજુ પણ તે નિર્દોષ ગમ્મતો વડે પોતાના ભરથારને પ્રસન્ન કરતી હતી,

(૪) રાજા મુકુદસીંહ સર્વ ઉપાધીઓમાંથી મુક્ત થઇ અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરવામાંજ પોતાનો સમય વ્યતિત કરવા લાગ્યો.

(૫) સત્યસીંહ સંકષ્ટ સમયે જેવો ધૈર્યશીલ હતો, તેવોજ હાલ પણ ગંભીર અને નીરાભિમાની છે. હવે તે પોતાનો સઘળો વખત જનસમાજના કલ્યાણાર્થેજ વ્યતિત કરેછે.

(૬) સર્યુ હજુ પણ એક આદર્શ આર્યપત્ની છે. સ્ત્રીઓના જીવન ઉન્નત કરવા માટે તે તન મન ધનથી યત્ન કરેછે. સર્યુનું એક પતિવ્રતા સતિ સાધવી સન્નારી તરીકે પૂજન થાયછે.

(૭) કાળોસીંહ હજુ પણ નિરાધારનો આધાર થઇ પોતાનું જીવન વધારે પ્રકાશિત કરેછે. સેવા ધર્મનેજ તે પોતાનું કલ્યાણ, અને પોતાનો મોક્ષ માનેછે. હજુ તે સત્યસીંહના ઉપદેશનું સ્મરણ કરેછે.

(૮) ઇશ્વર જેવી સર્વોત્તમ શકિતને પણ જે અબુધસિંહ એક વખત હિસાબ વગરની સમજતો હતો તે હં પોતાના અઘોર કુકર્મનો પૂર્ણ પશ્ચાતાપ કરી ઇશ્વરની દયા માગતાં પણ શરમાય છે. અને સ્વહસ્તે પોતાના દેહનો અંત આણેછે.

(૯ રાજા મુકુદસીંહની રાણી પણ પોતાનાં દુષ્કર્મ માટે પશ્ચાતાપ કરી જીંદગીનો અંત આણેછે.

(૧૦) પરમ પવિત્ર સંન્યાસી મહાત્મા હજુ પણ સમસ્ત જગતના કલ્યાણ માટે પોતાના નિર્મળ હૃદયમાંથી મધુર આશીર્વાદ વર્ષાવે છે કે

શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિ ર્ભવતુઃ ! !

આકાશમાંથી એક ગેબી ધ્વનિ થાયછે કે

" તથાસ્તુ "

वैद्य प्रभुराम जीवनराम अनंत औषधालय.

THE ANANT PHARMACY.

શાસ્ત્રસિદ્ધ આર્ય ઔષધો તૈયાર કરતું ઔષધાલય.

આર્ય વૈદ્યકશાસ્ત્રમાં જણાવેલી વિધિ પ્રમાણે દરેક દવા ઘણી
સંભાળથી તૈયાર કરવામાં આવે છે.

ઘણાજ લાભકારક નવા પ્રયોગો.

कनक KANAK.

શુદ્ધ સોનાનો આર્યવૈદ્યકવિધિ પ્રમાણે તૈયાર કરેલો રસ.

ક્ષય, નબળાઇ, ઝીણો તાવ, ઉધરસ, દમ, સંગ્રહણી વિગેરેમાં અતિશય ઉપયોગી

કિંમત શીશી ૧ માસ એક ચાલે તેટલી—રૂ. ૫)

અડધી શીશી—રૂ. ૩)   પા શીશી—રૂ. ૨)

स्थंभक STHAMBHAK.

હરસમાંથી પડતું લોહી બંધ કરવાનો તાત્કાલીક ઉપાય.

બેથી ત્રણ વખત લેવાથી તદન બંધ થઈ જાય છે.

કિંમત શીશી ૧ નો રૂ. ૧.

अमृत AMRAT.

લોહી સુધારવા, શક્તિ આપવા, ઝાડો સાફ લાવવા અને શરીરની ગરમી
ઓછી કરવા માટે બળવર્ધક ચાટણ. આ ચાટણ લાંબો વખત
ચાટવાથી શરીરમાં નવું જીવન આવે છે અને ઘણોજ
સંતોષકારક ફેરફાર થાય છે.

કિંમત ડબી ૧ ના રૂ. ૨).

પત્રવ્યવહાર:—

મેનેજર, અનંત ફાર્મસીને નામે કરવો.

Address:—વૈદ્યભુવન, ભુલેશ્વર, મુંબઇ.

ANANT PHARMACY,

VaidyaBhuwan, Bhuleshwer, BOMBAY.

રામગુણ ગીતા.

રામાયણનો સુપ્રસિદ્ધ ગ્રન્થ જનસમાજના કલ્યાણાર્થે કેવો ઉપયોગી છે. તે કહેવાની ભાગ્યેજ જરૂર હોય. તથાપી તે ગ્રંથ વાંચવાની જેટલે અંશે જરૂર છે. તે કરતાં તેમાં પ્રકાશતું અમુલ્ય રહસ્ય મનુષ્ય માત્રના હૃદયમાં સ્થાપવાની વિશેષ અગત્ય છે અને તેમાં પણ વિદ્યાર્થીઓ કે જે ભવિષ્યના શહેરીઓ છે તેમને આદર્શ રત્નો બનાવવાને તે રહસ્ય ઘણું ઉપયોગી છે. તેટલા માટે એ ઉદ્દેશ ધ્યાનમાં રાખી 'રામગુણ ગીતા' નામક પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે માટે પોતાના પ્રિય સંતાનોનું ભલું ઇચ્છનાર ધાર્મીક માબાપોએ, તેમને વસ્ત્રાલંકારો આપતાં પહેલાં આ પુસ્તક આપવાની ખાસ જરૂર છે એટલુંજ નહિ પણ તેનો પાઠ કરવાની તેમને ભલામણ કરવી હિતાવહ છે.

કિંમત—કાચું પુઠું રૂ. ૦-૬-૦, પાકું પુંઠું રૂ. ૦-૮-૦

ચુનીલાલ પુંજીરામ મણીઆર.

વડનગર [ગુજરાત]

આગળ વધો.

વિદ્યા મેળવવામાં, ઉદ્યોગ કરવામાં, ધનવાન બનવામાં અને પરોપકારની પ્રવૃત્તિમાં આગળ વધો એમ આપણને ભલામણ થયા કરે છે, પણ જો આપણું શરીર નબળું અને આપણા જ્ઞાનતંતુઓ ચીમાળાયેલાં છે, તો આપણે આગળ કેવી રીતે વધી શકીએ ? માટે યાદ રાખવું જોઇએ કેઃ—

પ્રખ્યાત,

આતંકનિગ્રહ ગોળીઓ

શરીરને બળવાન બનાવે છે, અને જ્ઞાનતંતુઓને પ્રફુલ્લિત કરે છે પાચનશક્તિને સુધારે છે અને લોહી તથા વીર્યને સુધારે વધારે છે.

કિંમત—ગોળી ૩૨ ની ડબી ૧ નો

રૂપીયો ૧) એક.

અસંખ્ય સરટીફીકેટો મળ્યાં છે અને મળવાં ચાલુ છે. ૩૪ વર્ષ થયાં તેની ચડતી જતી ફતેહ તેના ચમત્કારિકપણાનો સાચો પુરાવો મોજુદ છે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય

જામનગર—કાઠીયાવાડ.

બુકકીપીંગ અને એકાઉન્ટન્સી.

આ શાળાને સરકાર તરફથી મંજુરી મળી છે.

શિક્ષણ પત્રદ્વારા અપાય છે. ગમે તે ધંધો કરતા હો તો પણ આ શિક્ષણ અમુલ્ય માલમ પડશે.

હર માસે રૂ. ૫૦ અગર તેથી વધુ રકમ કમાવા માગતા હો તો એકાઉન્ટન્સીનું શિક્ષણ લ્યો.

કોર્સ.

તમે એવું એક પણ ખાતું જોશો નહીં કે જેમાં હિસાબી કામની જરૂર ના પડે.

ઇંગ્રેજી જાણતા ઉમેદવારો આ શિક્ષણ લેવાને લાયક ગણાય છે. ઉમ્મરની હદના સંબંધમાં કાંઈ પણ શરત નથી તેમ અમુક સર્ટીફીકેટ જોઈએ એવું નથી.

ફી ઘણી થોડી છે.

એક માસ સુધી અમુક છુટ આપવામાં આવશે.

આ શિક્ષણ લેવાથી પ્રોમોશન જલદીથી મેળવી શકાય છે.

માટે ઢીલ કર્યા વગર પ્રોસ્પેકટસ માટે નીચેને સીરનામે લખવું:—

સી. સી. એજ્યુકેશન ઓફીસ,
પુના સીટી.

In the press. Will be out in January 1915.

A most useful reference book for the trade and offices

DIRECTORY OF MERCHANTS AND MANUFACTURERS IN INDIA.

(Including Kathiawar States' Directory)

Enables traders to communicate through the World-Market.

-o-

This directory contains inland and foreign addresses of **Manufactures & Dealers** in each class of goods, and various important informations for the trade, besides being the only directory of **Native States** and **Talukas** of **Kathiawar**, the important province of western India.

Royal octavo. Pages more than 500.

Royal Edition containing photographs of the ruling chiefs and citizens of Kathiawar & Gujerat	Subscribed Price Rs. 5 Published Price Rs.10
People Edition	Subscribed Price Rs.1/8 Published Price Rs. 3

Postage Extra.

Laxmichand Dossabhai & Brothers.
Rajkot, Kathiawar. INDIA.

પ્રાતઃકાલ.

સર્વ માસિકોમાં અગ્રણી ગણાતું, તથા તત્ત્વવિચાર, સાહિત્ય, યોગ, માનસશાસ્ત્ર, વિજ્ઞાન, આરોગ્ય તથા સામાજીક વિષયોને કોઈ વિલક્ષણ શૈલીથી ચર્ચતું આ નામનું માસિક આજ તેર વર્ષથી પ્રસિદ્ધ થાય છે. વાર્ષિક લવાજમ ભેટ સાથે માત્ર રૂ. ૧-૮-૦ છે, નમુનાનો અંક બે આનાની ટીકીટ મોકલતાં મોકલવામાં આવે છે, જે બે આના ગ્રાહક થનારને અથવા અંક પાછો મોકલનારને મજરે આપવામાં આવે છે.

પ્રગતિ—આ નામનું પુસ્તક ૧૯૭૦ ની સાલમાં ભેટ આપવા માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું અને તે એટલું તો લોકપ્રિય થયું હતું, કે તેની પહેલી આવૃત્તિ પાંચજ મહીનામાં ખપી ગઈ હતી.

આ પુસ્તક વાંચનાર સુતો હોય છે, તો ઉઠીને દોડવા માંડે છે, એટલો તેનામાં તે ઉત્સાહ અને બળ જાગ્રત કરે છે. કીં. રૂ. ૦ાા

મહત્ત્વાકાંક્ષા અને તેની સિદ્ધિ—આ નામનું અદ્‌ભુત પુસ્તક ૧૯૭૧ ની ભેટ આપવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તક એવા તો વિલક્ષણ શબ્દ સામર્થ્યવાળું છે કે, તેને વાંચીનાર ગમે તેવી નિકૃષ્ટ સ્થિતિવાળો હોય છતાં તેને તે મહત્વાકાંક્ષ કરે છે, અને તેને તેની સિદ્ધ કરાવે છે. છુટક મૂલ્ય ૦-૧૨-૦

ઠેકાણું—વ્યવસ્થાપક પ્રાતઃકાલ—વડોદરા.

ગીતામાં ઈશ્વર વાદ.

૭ દર્શનની સાથે ગીતાની તુલના કરી ગીતાની ઉત્કૃષ્ટતા દર્શાવનાર ઉત્તમ તાત્ત્વિક બંગાળી ગ્રંથનું શુદ્ધ ગુજરાતી ભાષાન્તર મૂલ્ય રૂ. ૨) પોસ્ટેજ જુદું.

દામોદર વખતચંદ શાહ.
જસદણ.

મદ્રાસી સામાન પુરૂ પાડનાર—

ગંજાવર ખાતુ.

વધુ વિગત માટે લખો, અને અમારૂં કેટલોગ મંગાવો—

ધી ગુજરાત એજન્સી,
૪૫૬, મીન્ટ સ્ટ્રીટ
પાર્કટાઉન—મદ્રાસ.

જાહેર ખબર.

ડાક્ટર જી. બી. ની ઔષધીઓમાંથી બનાવેલી ખુશબોદાર તપખીર.

ડાક્ટર જી. બી. ની લોકપ્રસિદ્ધ સુગંધીદાર તપખીર બહાર પડયા બાદ હજારોમાં એનો ઉપયોગ થઈ સંખ્યાબંધ યોગ્યતા પત્ર મળેલા છે. એ જગજાહેર તપખીર પીનસ, આદાસીસી, માથાના સણકા, આંખને લગતા રોગો, જળદોષથી થતી વ્યાધીઓ, દાંતનું દુઃખ વીગેરેનેજ નહી પણ કંઠ સુધીના ૯૬ રોગોને તેમજ મગજને લગતી વ્યાધીઓને મટાડે છે. એટલી સસ્તી, એટલી સરતી, એટલી પ્રસીદ્ધ ને મજકુર વ્યાધીઓને હઠાવનારી કોઇ પણ દવા મળશે કે ? ! નહીંજ !! નહીંજ !!



સાધારણ તમાકુની તપખીર દશ પંદર વખત વાપરવા કરતાં નીચલી કંપનીની તપખીર ફક્ત એજ વખત વાપરવાથી ઘણોજ ફાયદો થાય છે. ત્રણ પૈસાની સાધારણ તમાકુની તપખીર સાથે સુગંધ વાળી તપખીર એક ચપટી ભેળવવાથી આખી તપખીર સુવાસીત બની જાય છે. અનેક અમીરો પોતાના ઘરમાં કુટુંબ ઔષધ તરીકે એનો ઉપયોગ કરે છે. સાધારણ તપખીરની પેઠે આની સુગંધ કે ખાર કંઈ પણ બે ત્રણ દીવસમાં ઉડી જતું નથી.

નમુનો મફત મોકલવામાં આવશે.

કીમત શીશી એકના ૪ આના. વી. પી. ના ૩ આના.
એક ડઝનના રૂ. ૧—૮—૦. વી. પી. ના ૬ આના.

એજન્ટ—

ધી ગુજરાત ટ્રેડીંગ કંપની. ઠેકાણું-ગુરૂબસવાની કું.
રીચીરોડ—અમદાવાદ. શાહુકારપેઠ—મદ્રાસ.



અમેરિકન અકસીર ઇલાજ.

પ્રો. જેમ્સની

વિજળીક શકિતની ગોળીઓ.

ભયંકર રોગોને નષ્ટપ્રાય કરવાનો સારામાં સારો ઈશ્વરી ઇલાજ છે હવે પછી કોઇ પણ માણસોએ પોતાનાં દરદોની વેદના ખમવી નહિ જોઇએ. એ ગોળીઓ સ્વપ્નામાં અને પેશાબમાં જતી ધાતુને બંધ કરી શરીરને શકિત આપે છે. જ્ઞાનતંતુની નબળાઈ, ધાતુનું પાતળાપણું, અજીરણ, ખોરાક ન પચવો, હાથ પગનું દુખવું. મગજે ચકરી આવવી, યાદશકિત ગુમ થવી, જુવાનીમાં બુઢાપાની હાલત, મનની ચિંતા, ઉદાસી, કોઇ પણ કામ પર ચિત્ત ન લાગવું, ખાવાપર અરૂચિ, છાતીનો ધબકારો, હરસ, દમ, આંખે અંધારાં આવવાં, ચહેગની ફીકાશ, જુવાન વિદ્યાર્થીનું અભ્યાસના બોજાને લીધે નબળું પડી ગશેલું મગજ, તેમજ વકીલ; બારીસ્ટરો, અને કલાર્કો, સ્કુલ માસ્તરો અને બીજાઓ કે જેમને રાત દિવસ મગજ કસવું પડે છે તેમને એ ગોળીઓ વિજળીક ઈલાજથી થોડી મુદતમાં અજબ જેવા ગુણ કરે છે તેમ જે સ્ત્રીઓને હદ બહાર માસિક બીમારીથી શરીર લેવાઈ જાય છે અને હીસ્ટીરીઆ, કમરનો દુઃખાવો, પ્રદર, ભુખ મરી જવી, વીગેરે રોગો થાય છે, તે ઉપર આ ગોળીઓ ઘણીજ ફાયદાકારક છે, ખરીદતી વખતે પ્રો. જેમ્સ ઇલેકટ્રો ટોનીક પર્લ્સ બરાબર વાંચીને લેવી. કારણ કે નકલી દવાથી ફાયદો થવાને બદલે નુકશાન થાય છે.

કીમત ૨૫ ગોળીની શીશીનો રૂ.૧-૪-૦ ૪૦ ગોળીની શીશીના રૂ.૨ બહારગામથી મંગાવનારાઓને વી. પી. ખર્ચ જુદો પડશે, ૦-૪-૦

નીચલી સર્ટીફીકેટ વાંચો.

મી. નંદલાલ જમનાલાલ લોલાડા કાઠીઆવાડથી લખે છે કે અગાઉ મંગાવેલ પ્રો. જેમ્સની વીજળીક શકિતની ગોળીઓનો ઉપયોગ કરતાં તે બહુ ફાયદાકારક માલમ પડી છે અને કારકુનો વગેરે જેઓને કામના બોજાઓને લીધે કંટાળો આવતો હોય તેઓને તો એક ખાસ મદદગાર થઈ પડે છે. મારા મિત્રોને પણ આ સંબંધના ખબર લખ્યા છે અને બીજી બે બાટલી વી. પી. થી મોકલશો.

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કમ્પની,

જુમામસીદ—મુંબઈ.

નરમ-સુંવાળા-ચકચકીત કરચલીદાર બાલ

કઇ સ્ત્રીને યા કયા ભરથારને નહીં ગમશે ?

એવા બાલ બનાવનારૂં એકજ તેલ અને તે જગપ્રસિદ્ધ

કામીનીઆ ઓઇલ

છે.



સ્ત્રીના શણગાર માટે જેટલુ જરૂરનું છે તેટલુંજ મગજમારી કરનારા પુરૂષો અને અભ્યાસી વિદ્યાર્થીઓ માટે અગત્યનું છે. આ તેલ લગાડતાંજ તપેલું માથું ઠંડુ ગાર થાય છે-માથાનો દુખારો દફે થાય છે વાળ ખરી પડતા અટકે છે અને ખોડાની પીડા રહેતીજ નથી. ઉત્તમ વસાણુઓની બનાવટનું છે:—અને આખા દેશમાં પ્રસીધ્ધ છે.

તા. ૩—૭—૧૧

ઇડરથી-ગોસાઇ શંકરભરજી મોહનભરજી લખે છે કે—આપના તરફથી અગાઉ આવેલ કામીનીઆ ઓઇલ મારા કુટુંબમાં વાપરી હું સંતોષ પામ્યો છું; એ ઘણુંજ સુગંધીદાર છે; તેની સાથે મગજને સારી ઠંડક આપે છે. માટે બીજી ત્રણ બાટલી વી. પી થી મોકલી આપશો.

કીંમત બાટલી ૧ નો રૂ. ૧—૦—૦. ૩ બાટલીના રૂ. ૨—૧૦—૦

વી. પી. જુદું.

અડધા આનાની ટીકીટ મળ્યાથી નમુનો મફત મોકલવામાં આવશે.

ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું,

જુમામસજીદ—મુંબાઇ.

બસો રૂપૈઆમાં અન્નદાન

સાથે અમર નામ.

અન્નદાન એ સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન છે અને તેવાં દાન આપવાનું ઉત્તમ સ્થાન હિંદુ અનાથાશ્રમ નડીઆદ છે, જેમાં તમામ હિંદુ જાતનાં અનાથ બાળકોનું અને અપંગોનું પોષણ થાય છે.

માટે

ધર્મધુરંધર સજ્જનો! અનાથોની પ્રાર્થના ધ્યાનમાં લઈ આપના ઉદાર હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો! આનું નામ અન્નદાન અને સાથે અમર નામ!! જે કોઈ દાતા ગૃહસ્થો એકી વખતે રૂ. ૨૦૦ (બસો) દાનમાં આપશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે દર તીથી એક દીવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખતી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ આ માન રૂપ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખો:—

(ટુંક સમયમાંજ ૬૦ અન્નદાન આપનાર દાતા મળી ગયા છે.)

મંત્રી—હિન્દુ અનાથાશ્રમ.

નડીઆદ.